# ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૭૩ • વર્ષ - ૨૦૧૭



કિંમત રૂ. ૪૦



"નાદબ્રહ્મ"
- ડૉ. અશોક પટેલ

# ગુજરાત

## દીપોત્સવી અંક


વિક્રમ સંવત - ૨૦૭૩ • વર્ષ - ૨૦૧૭

**તંત્રી**
નલિન ઉપાધ્યાય

**સહતંત્રી**
અરવિંદ પટેલ

**સંપાદક**
પુલક ત્રિવેદી

**ઉપસંપાદક**
આર. આર. તુરી

**સહસંપાદકો**
જગદીશ આચાર્ય
ઉર્વી રાવલ

**વિતરણ વ્યવસ્થા**
ઇશ્વર ઠાકોર, જયેશ દવે, કીર્તિ પરમાર,
રમેશ પરમાર, પ્રકાશન શાખા, ગાંધીનગર
તથા જિલ્લા માહિતી કચેરીઓ

**પ્રકાશક**
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રોસેસિંગ અને મુદ્રણ**
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

**વેબસાઇટ**
www.gujaratinformation.net

**કિંમત : રૂ. ૪૦/-**



આ અંકમાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત
થયેલા વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં.

सत्यमेव जयते

## ગુજરાતને કલ્યાણ રાજ્ય બનાવી નવી ઊંચાઈએ લઈ જવા સંકલ્પબદ્ધ બનીએ...

પ્રગતિશીલ ગુજરાતના મારા હૃદયસ્થ ગુજરાતી બાંધવો,

ગુજરાતના મારા વ્હાલા ભાઈઓ-બહેનો અને બાળકોને આ દીપાવલિના પર્વ પ્રસંગે તમને સૌને મળવાનો મંગળ અવસર છે. જ્ઞાન અને પ્રકાશ સાથે વિકાસનો સમન્વય સાધી આનંદની ત્રિવેણીનો આ અવસર છે. આપ સૌના પ્રેમ અને આશીર્વાદ ગુજરાતની પ્રગતિનું ચાલકબળ છે.

ઋગ્વેદમાં કહ્યું છે કે, 'દીપાખ્ય જ્યોતિ પ્રકાશો...' આપણે દીવડાઓની જ્યોતિ બનીને જ્ઞાનપૂંજનો દેદિપ્યમાન પ્રકાશ રેલાવીએ. દિવાળીનું પર્વ આપણા સૌ માટે અનેક રીતે મહત્ત્વપૂર્ણ છે. ભુતકાળમાંથી શીખીને આવનાર ભવિષ્યકાળની નવીનતાનું સ્વાગતનો અવસર છે. વીતેલા વર્ષમાં પાછું વળીને અવલોકન કરવાની વેળા, તો સાથે સાથે નૂતન વર્ષે આગામી નવલા વર્ષ માટે જીવન-કિતાબના નવા પ્રકરણનું આલેખન કરવા માટે આયોજન કરવાનો અદ્‌ભુત અવસર એટલે દીપોત્સવ. આપણા સૌની ગતિ ઊર્ધ્વગામી પ્રકાશ તરફની બની રહો.

ગત તા.૭મી ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ દૃઢ રાજકીય ઈચ્છાશક્તિ સાથે સૌનો સાથ, સૌના વિકાસના મંત્રને લઈને ગુજરાતની શાસનધૂરા આ સરકારે સંભાળી. ગુજરાતની પ્રગતિનો સંકલ્પ પરિપૂર્ણ કરવા અને ગુજરાતના વિકાસને નવી ઊંચાઈઓ ઉપર લઈ જવાના સંકલ્પો સિધ્ધિ સુધી પહોંચાડવાની નિષ્ઠાપૂર્વકની યાત્રાના આપ સૌ સાક્ષી છો. સને ૨૦૧૪માં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે રહેલા સમગ્ર દેશના લોકલાડીલા નેતા અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકે દેશની શાસનધૂરા સંભાળી ત્યારે તેઓ જે પ્રગતિશીલ ગુજરાત દોડતું - ધબકતું આપીને ગયા છે, એ ગુજરાતને વધુ પ્રગતિશીલ બનાવવા માટે આપણે સૌ સહિયારો પુરુષાર્થ કરી રહ્યા છીએ. ગુજરાતની સાડા છ કરોડ ઉપરાંતની જનતા જનાર્દનને વિજયપથ ઉપર સાથે લઈને આગળ ચાલવા માટેના સંકલ્પનો આ અવસર છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની આગવી સૂઝ અને દીર્ઘદ્રષ્ટીથી સને ૨૦૦૧થી ગુજરાતને તમામ ક્ષેત્રે અગ્ર હરોળમાં મૂકી આપ્યું છે, તેના સાક્ષી માત્ર આપણે સૌ જ છીએ એવું નથી, ગુજરાતની પ્રગતિની નોંધ આખી દુનિયાના વિવિધ દેશોએ પણ લીધી છે. ગુજરાતી હવે તો વિશ્વવાસી અને વિશ્વપ્રવાસી બન્યો છે. પ્રત્યેક ગુજરાતી બાંધવને ગર્વ થાય એવી વાત છે કે, આજે ગુજરાતી જ્યાં જાય છે, ત્યાં વિશેષ માન અને આદરની નજરે જોવામાં આવે છે.

ગુજરાતની જન જનના ઉત્કર્ષની યાત્રાએ દેશ અને દુનિયામાં હકારાત્મક ચર્ચા જગાવી છે, એનો આપણને સૌને આનંદ છે. દૃઢ રાજકીય ઈચ્છાશક્તિ, સાતત્યપૂર્ણ સરકાર અને જનશક્તિના સાક્ષાત્કારના સમન્વયથી ગુજરાતે તમામ ક્ષેત્રે નવતર સીમાચિહ્ન પ્રસ્થાપિત

કર્યા છે. વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ની અભૂતપૂર્વ સફળતાથી ઔદ્યોગિક વિકાસની સાથે સાથે રોજગાર મેળાના નવતર વિચાર સાથે દસ લાખ ઉપરાંત યુવાનોને ખાનગી ક્ષેત્રોમાં રોજગારી આપવામાં આવી છે. ફી નિયંત્રણ ધારો અને સ્વાવલંબન યોજનાઓના નક્કર અમલીકરણ દ્વારા શિક્ષણ શુદ્ધિકરણનો મહાયજ્ઞ આપણે આરંભ્યો છે.



મા નર્મદાના જળ ઘરે ઘરે પહોંચે અને ખેતરોમાં રેલાઈને મબલખ પાક ખેડૂત મિત્રો ઉતારે એ હવે શક્ય બન્યું છે. ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બનતાની સાથે બંધની પૂર્ણ ઊંચાઈની મંજૂરી ગુજરાતને પ્રાપ્ત થઈ. 'સુજલામ - સુફલામ' અને 'સૌની' યોજના દ્વારા ગુજરાતના ગામેગામ પાણી પહોંચી રહ્યા છે.

આપણે મહિલા સશક્તિકરણ, આરોગ્ય અને તબીબી સેવાઓ, આંતરમાળખાકીય સુવિધાઓ, કૃષિ, સિંચાઈ, વીજળી, કાયદો અને વ્યવસ્થા વગેરે અનેકવિધ ક્ષેત્રે નવતર પરિણામ હાંસલ કરીને વધુ બહેતર, નવતર પરિમાણ સર્જ્યાં છે. આ સરકાર ગરીબોની, વંચિતોની, ખેડૂતોની, યુવાનોની, મહિલાઓની, ગ્રામજનો-શહેરીજનોની સૌ કોઈની સરકાર છે. ઈમાનદારીથી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને આ સરકારે ૩૬૫ દિવસમાં પોણા પાંચસો ઉપરાંત જનહિતલક્ષી નિર્ણયો લઈ એકે એક ક્ષણ ગુજરાતને આગળ ધપાવવા માટે સમર્પિત કરી છે. આ સરકારનો ગુજરાતની જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે વહીવટમાંથી અનિર્ણાયકતા દૂર કરી ઝડપી નિર્ણયો સાથે પારદર્શક, નિર્ણાયક અભિગમ  રહ્યો છે.

સેવા-સેતુ, પ્રગતિ-સેતુ, દરિદ્રનારાયણની સેવામાં જેનેરિક દવાઓના સ્ટૉર, મુખ્યમંત્રી અમૃતમ્ યોજનાનો વ્યાપ વધારાયો, સરકારી ભરતીમાં પારદર્શિતા, નર્મદા ડેમ સાઈટની પૂર્ણ કક્ષાની કામગીરી તથા ડેમ સાઈટ પર તમામ ૩૦ દરવાજાનું ફિટિંગ, શ્રમિક અન્નપૂર્ણા યોજના, રાજ્યના કર્મયોગીઓ માટે સાતમા પગાર પંચનો અમલ, શ્રવણ તીર્થદર્શન યોજના, જમીન એન.એ.ની સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને ટાઉન પ્લાનરને સત્તાઓ, સૌરાષ્ટ્ર-કચ્છને નર્મદાનાં નીર પહોંચાડતી સૌની યોજનાની પ્રગતિકારક કામગીરી, અનુસૂચિત જાતિ, જનજાતિ, વંચિતો, આદિવાસી તથા વિકલાંગો અને આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો વગેરે માટે વિશેષ યોજનાકીય લાભ, ગુટખા પ્રતિબંધ બાદ રાજ્યમાં હુક્કા બાર પ્રતિબંધ અને દારૂબંધી વિષયક કડક સજાનો કાયદો, વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં ઉપયોગ હેતુ ટેબ્લેટ યોજના વગેરે જેવા અનેક અસરકારક અને પારદર્શક પગલાંઓથી 'ફાસ્ટટ્રેક ગુજરાત' આપ સૌની નજર સમક્ષ છે.

સૌને દિવાળી પર્વ પ્રસંગે હૃદયપૂર્વક પુનિત, પાવન શુભકામનાઓ સાથે નૂતન વર્ષાભિનંદન...

જય જય ગરવી ગુજરાત...

આપનો,

(વિજય રૂપાણી)
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



सत्यमेव जयते

# દીપ પ્રાગટ્ય એટલે શુભત્ત્વ, શાંતિ અને સૌમ્યતા...

ઉત્સવો અને પર્વો વૈવિધ્યસભર જીવનનો નવઉન્મેષ છે. પ્રકાશનું એક નાનકડું કિરણ ઘોર અંધકારને ભેદવા માટે પૂરતું છે. કરોડો ક્ષણો, કલાકો, હજારો દિવસો, સેંકડો મહિનાઓ અને વર્ષોથી બનેલી જિંદગીના આકાશમાં તહેવારો મજાના ટમટમતા તારલાઓ છે. પ્રત્યેક તહેવારોનું આગવું સૌંદર્ય હોય છે. તહેવારો સંદેશો આપતા હોય છે કે, જીવન ખૂબ સુંદર અને અણમોલ ઐશ્વરીય ભેટ છે, એને ભરપૂર માણો.

દીપોત્સવનું પર્વ એટલે પ્રકાશના સત્કારનું પર્વ. અંધારું દૂર કરી અજવાળું ફેલાવવા દીપાવલીનો તહેવાર આશા, શ્રદ્ધા અને શક્તિના સ્વીકારનો અવસર આપે છે. પ્રત્યેક ગુજરાતી અને ભારતવાસીઓની ઊર્મિઓના તંતુ જેની સાથે જોડાયેલા છે એવા દીપોત્સવના તહેવારો નવી તાજગી અને નવી ચેતનાનો સંચાર લઈને આવે છે. દીપ પ્રાગટ્યના પવિત્ર કાર્યમાં શુભત્ત્વ, શાંતિ અને સૌમ્યતાનો સંદેશ છે.

નવા વર્ષના આગમનની છડી પોકારતા, કતારબદ્ધ મલકાઈ રહેલા દીપોત્સવના દીવડાઓના પ્રકાશ દિવાળીની રાતમાં આનંદનો અજવાશ લઈને ઊભા હોય છે. નવા વર્ષનો આશાભર્યો આનંદ જીવનને આગળ વધારવા શુભસંકલ્પ માટે દીપશીખા સજ્જ કરવાનું કામ કરે છે. સંબંધો સાચવવા અને સજાવવા નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવવા મન હિલોળે ચડે છે. નવા નવા સંબંધોની કૂંપળો આ સમયે ફૂટતી હોય છે.

વર્ષ બદલાઈ રહ્યું છે. વિક્રમ સંવતના બાગમાં ૨૦૭૪નું વધુ એક વર્ષનું ગુલાબ ખીલવા જઈ રહ્યું છે. જિંદગીમાં વધુ ૩૬૫ દિવસનો ગુલદસ્તો બારશાખ ઉપર આસોપાલવના તોરણ પાછળથી મલકાતો અને મહેંકતો પ્રવેશ લઈ રહ્યો છે. પરિવર્તન એ જ જીવન છે. પરિવર્તનના સ્વીકારનો આનંદ અદ્‌ભુત હોય છે. પરિવર્તન જીવનને ભવ્ય બનાવી દિવ્યતા ભણી લઈ જાય છે. દીપોત્સવ અને નવલું વર્ષ સંબંધોના સરવાળા સજાવતું સંગીત છે. જીવન ખળ ખળ વહેતી નદી જેવું હોય છે. એ બંધિયાર ન હોઈ શકે. સમય સાથે વહેતા વહેતા સપના અને સંકલ્પો સજાવવાનું પર્વ એટલે દીપોત્સવનું પર્વ.

સંવેદનશીલતાપૂર્વક, પારદર્શકતાથી વહીવટી સચોટ નિર્ણાયકતા સાથે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જનહિત કાર્યોના સંકલ્પોને સિદ્ધિ સુધી પહોંચાડી પ્રગતિશીલ ગુજરાતનો જન જનને સાક્ષાત્કાર કરાવ્યો છે.

રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષની આગવી પરંપરા અનુસાર સાહિત્ય, કલા, ઈતિહાસ, સાંસ્કૃતિક વિરાસત, સંસ્કાર વારસાને ગુજરાત દીપોત્સવીના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે છે. ગુજરાત દીપોત્સવી-૨૦૭૩માં ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચકમિત્રોનું મન પ્રફુલ્લિત બનશે એવી મને શ્રદ્ધા છે. દીપોત્સવની શુભેચ્છા સાથે વિક્રમ સંવતના આવનારા નવલા વર્ષની ઉષાનું પ્રથમ કિરણ સૌ કોઈ ગુજરાતીના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને પ્રગતિ લઈને આવે એવી મંગળમયી શુભકામનાઓ સાથે નવા વર્ષની શુભેચ્છાઓ...

(અશ્વિની કુમાર) આઈ.એ.એસ.

સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ



# પ્રકાશના ઉજાશને આવકારીએ...

ઉત્સવનો આનંદ એટલે હૃદયના ઊંડાણમાંથી ઘુઘવતો ઉત્સાહનો સાગર. ભારતીય સંસ્કૃતિ અનેક પ્રકારના ઉત્સવોના વૈવિધ્યથી શોભે છે. સ્વાભાવિક રીતે જ પર્વો આનંદ અને ઉલ્લાસના કેન્દ્રસ્થાને છે. ઉત્સવોની વિવિધતા એકધારા જીવનને વધુ રમણીય અને આનંદમયી બનાવે છે.

દીપાવલી મહાપર્વ છે. ગુલાબ, સુરજમુખી, કમળ વગેરે પુષ્પોથી બનતા ‘પુષ્પગુચ્છ’ની જેમ દીપાવલી એટલે વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, નૂતનવર્ષ, ભાઈબીજ, લાભપાંચમ જેવા એક સાથે વિવિધ તહેવારોનો ‘તહેવારગુચ્છ’. ઉત્સવો બંધ બારણે ઉજવવા માટે નથી હોતા. ઉત્સવો અને તહેવારો તો મિત્રો, સગાઓ, સંબંધીઓ સૌની સાથે માણવાના હોય. બધાની સાથે ઉત્સવનો આનંદ બેવડાય.

કેલેન્ડરમાં એક એક દિવસનું ખાનું પૂરીને દિવાળી નથી આવતી, દીપોત્સવની દીપમાળાને હર્ષોલ્લાસથી વધાવવા આખેઆખું એક વર્ષ આતુરતાપૂર્વક રાહ જોવાની હોય છે. અમાસે આવતી દિવાળી એટલે અંધકારને ફેંડવા દીપ પ્રાગટ્ય કરી પ્રકાશના ઉજાશના સત્કારનો સ્વીકાર.

આપણાં શાસ્ત્રોમાં **‘તમસો મા જ્યોતિર્ગમય’** ગવાયું છે તેની પાછળ ઊર્ધ્વગામી વિકાસના પ્રકાશ ભણી આગળ વધવાનો અજબનો દૃઢતાપૂર્વકનો ટંકાર છે. ઘરે ઘરે ટમટમતા પ્રત્યેક કોડિયામાં સાત્ત્વિક આનંદવિશ્વનું અનેરું આકાશ ઉપસતું હોય છે.

નિર્મળ અને શુદ્ધ ભાવનાથી અભિવ્યક્ત થતી શુભેચ્છાઓથી કરવટ બદલતો કાળખંડ વધુ ઉત્સાહપ્રેરક અને આનંદમયી વાતાવરણ ખડું કરે છે.

‘ગુજરાત’ દીપોત્સવી એટલે ગરવા ગુજરાતીની સાહિત્ય સૃષ્ટિને શબ્દોથી સજીવન કરી સંસ્કાર દીપને પ્રજ્જવલિત રાખવાની પરંપરા. એમાં માનવીય સંવેદનાની ભીનાશની સાથે સાથે હૃદયોર્મિને વિહરવા મોકળાશ આપતું વિશાળ ગગન છે, વળી એમાં ગુજરાતના ખૂણે ખૂણાના ધબકાર સાથે પ્રગતિનો ઘુઘવાટ છે. ગુજરાત દીપોત્સવી - ૨૦૭૩માં ગુજરાતી પ્રજાની ખુમારીની ખમીરી વરતાય અને પ્રત્યેક ગુજરાતીના જીવનનો ઝંકાર એમાં સંભળાય એવો અમારો પ્રયાસ રહ્યો છે.

ગુજરાત દીપોત્સવી - ૨૦૭૩માં સાહિત્યાકાશમાં ચિંતનાત્મક વિચારો, વાર્તાઓ, વિનોદિકાઓ, કાવ્યો, નાટિકાઓ, ચિત્રો અને તસવીરોના સાત સૂરો છેડી સુજ્ઞ સૌ વાચકમિત્રોને ગમતી વાચનસામગ્રી પીરસવાનો અમે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. દીપાવલીની શુભેચ્છા તથા વિક્રમ સંવત - ૨૦૭૪ના નવા વર્ષે આનંદ અને ઉલ્લાસ સાથે આપ સૌની પ્રગતિ થાય એવી અંતઃકરણપૂર્વકની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન...

**(નલિન ઉપાધ્યાય)** આઈ.એ.એસ.
**માહિતી નિયામક**

# અનુક્રમણિકા

## અભ્યાસલેખ સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | હિમાલય એ જ શિવાલય | - ગુણવંત શાહ | ૧ |
| ૨. | ગુજરાતી અસ્મિતાનાં તેજ નક્ષત્રો | - વિષ્ણુ પંડ્યા | ૧૧ |
| ૩. | લોકસંસ્કૃતિ : તત્ત્વ અને તંત્ર | - બળવંત જાની | ૧૭ |
| ૪. | ભારત : એક સનાતન ઉત્સવ... જય હો, પ્રિય હો ! | - જય વસાવડા | ૨૩ |
| ૫. | મીડિયાની દુનિયા : જૂનાં માધ્યમો વત્તા નવાં માધ્યમો બરાબર વિકસતાં માધ્યમો | - કૃષ્ણકાંત ઉનડકટ | ૩૫ |
| ૬. | ધનની અને લક્ષ્મીની પૂજા અલગ કેમ ? | - ભવેન કચ્છી | ૩૯ |
| ૭. | જામસાહેબનું જામનગર | - ડૉ. નરોત્તમ વાળંદ | ૪૧ |
| ૮. | ક્ષિતિજે ડોકાઈ રહ્યું છે રોગરહિત, વૃદ્ધત્વરહિત જીવન ! | - યશવંત મહેતા | ૪૭ |
| ૯. | મહાન વ્યક્તિઓની જીવન ફિલોસોફીની બોધકથાઓ | - ડૉ. ભરત ગરીવાલા | ૫૧ |
| ૧૦. | સંસ્કૃતિ અને ઇતિહાસની વિસ્તરતી ક્ષિતિજો | - ડૉ. રસેશ જમીનદાર | ૫૫ |
| ૧૧. | અર્વાચીન ઇતિહાસ લેખન અને શ્રી મધુસૂદન ઢાંકી | - નરોત્તમ પલાણ | ૬૧ |
| ૧૨. | લુપ્ત થઈ રહેલા લોકવાણીનાં ઘરેણાંસમ કૃષિસંસ્કૃતિના તળપદ શબ્દો | - જોરાવરસિંહ જાદવ | ૬૫ |
| ૧૩. | લોકમહાકાવ્યોના વાહકો | - હસુ યાજ્ઞિક | ૬૭ |
| ૧૪. | એક દિવ્ય પળ જીવનનો યુ-ટર્ન બની જાય ત્યારે ...! | - ભદ્રાયુ વછરાજાની | ૭૧ |
| ૧૫. | આદિવાસી લોકમંત્રોનું સ્વરૂપ | - ડૉ. ભગવાનદાસ પટેલ | ૭૫ |
| ૧૬. | સૌરાષ્ટ્રના રાજવીઓ : જામનગર | - યાસીન દલાલ | ૭૯ |
| ૧૭. | પ્રજા પરસ્ત રાજા સર સયાજીરાવ ગાયકવાડ | - દોલત ભટ્ટ | ૮૫ |
| ૧૮. | ચારણી સાહિત્યમાં વ્યંગવાણી | - શિવદાન ગઢવી | ૮૯ |
| ૧૯. | કવિતાનો આસ્વાદ | - પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૯૫ |
| ૨૦. | આધુનિક વિજ્ઞાનથી વિકાસ !! | - પરમાનંદ મા. ગાંધી | ૧૦૧ |
| ૨૧. | ઐતિહાસિક અમદાવાદ | - ડૉ. માણેક પટેલ 'સેતુ' | ૧૦૩ |
| ૨૨. | ગાંધીજીના સ્વપ્નનું ભારત | - કિશોર મકવાણા | ૧૦૫ |
| ૨૩. | સતજુગિયા માનવીઓનો પ્રદેશ : દેવકો પંચાળ | - ભૂપેન્દ્ર મો. દવે | ૧૧૫ |
| ૨૪. | મહિલા સશક્તિકરણને સમર્પિત કર્મયોગિની : સેવામૂર્તિ દિવ્યાબહેન મારવાડી | - નટુભાઈ પરમાર | ૧૨૧ |
| ૨૫. | વાર્તાકાર ચેખોવ | - વિજય શાસ્ત્રી | ૧૨૭ |
| ૨૬. | સૌરાષ્ટ્રની સંતવાણીનું સર્વાંગી દર્શન | - લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી | ૧૩૧ |
| ૨૭. | ગુજરાતી બાળસાહિત્યનો નવો યુગ ક્યારે ? અપેક્ષાઓ અને અવરોધક પરિબળો | - સોમાભાઈ વિ. પટેલ | ૧૩૫ |
| ૨૮. | જન્મતારીખ વિનાનું શહેર - સુરત | - અજય મો. નાયક | ૧૩૯ |
| ૨૯. | ધીરુભાઈ ઠાકર : જ્ઞાનમાર્ગના કર્મઠ ઉપાસક | - વી એસ. ગઢવી | ૧૪૩ |
| ૩૦. | ગીતા એક મહાજ્ઞાન | - ડૉ. અશોક નારાયણ | ૧૪૬ |
| ૩૧. | આત્મજ્ઞાનથી ભરપુર સંતોનાં નિજાનંદી પદો.... | - કાકડિયા મનુસખ વી. | ૧૪૭ |
| ૩૨. | સીતાજીની શોધ - રામસેવક હનુમાન | - શિવશંકર ડી. દવે | ૧૫૩ |
| ૩૩. | મૌર્યકાળનું ઘાતક શસ્ત્ર : વિષકન્યાઓ | - ડૉ. ટીના દોશી | ૧૫૭ |

# અનુક્રમણિકા

નવલિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | શંખધ્વનિ | - ભગવતીકુમાર શર્મા | ૧ |
| ૨. | દીવાલમાં ચણાયેલો માણસ... | - મોહમ્મદ માંકડ | ૫ |
| ૩. | પુનર્લગ્ન | - ડૉ. દિનકર જોશી | ૯ |
| ૪. | વેડિંગ એનીવર્સરી | - વર્ષા અડાલજા | ૧૩ |
| ૫. | સાત ભવનો | - મોહનલાલ પટેલ | ૧૭ |
| ૬. | દીવા હેઠ... | - ઊજમશી પરમાર | ૨૧ |
| ૭. | હાજરી | - કેશુભાઈ દેસાઈ | ૨૩ |
| ૮. | વંદે માતરમ્ | - ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૭ |
| ૯. | અદૃશ્ય દીવાલ | - રમેશ ર. દવે | ૩૧ |
| ૧૦. | રેઈડ | - ઉત્પલ ભાયાણી | ૩૪ |
| ૧૧. | સનેડો | - રાઘવજી માધડ | ૩૫ |
| ૧૨. | પીસ પેલેસ | - નસીર ઇસમાઈલી 'ઝુબિન' | ૩૯ |
| ૧૩. | હાજરાહજૂર | - સુમંત રાવલ | ૪૧ |
| ૧૪. | મત્સ્યાખ્યાન | - રમેશ ત્રિવેદી | ૪૫ |
| ૧૫. | વિટમણા... | - ભી. ન. વણકર | ૪૭ |
| ૧૬. | ભ્રમસુખ | - નીતિન ત્રિવેદી | ૫૧ |
| ૧૭. | પોઝિટિવ... નેગેટિવ | - નટવર પટેલ | ૫૩ |
| ૧૮. | આ રીતે અવાતું હશે...? | - દશરથ પરમાર | ૫૫ |
| ૧૯. | મરતાં પહેલાં... | - અલતાફ પટેલ | ૫૯ |
| ૨૦. | કસબ...! | - અતુલકુમાર વ્યાસ | ૬૩ |
| ૨૧. | સંસ્કાર બોલે છે... | - નટવર ગોહેલ | ૬૭ |
| ૨૨. | આંસુની ઓળખ... | - નીલમ દોશી | ૬૯ |
| ૨૩. | શાંતિ બંગલો | - અવિનાશ પરીખ | ૭૧ |
| ૨૪. | અછૂત | - માવજી મહેશ્વરી | ૭૫ |
| ૨૫. | ચરિત્ર ચિતરણ | - ડૉ. સુરમ્યા જોશી | ૭૭ |
| ૨૬. | છેલ્લી બસ | - ડૉ. સ્વાતિબહેન નાયક | ૮૧ |
| ૨૭. | "કલ્યાણી" | - રેખાબા સરવૈયા | ૮૫ |
| ૨૮. | ગોદડી | - દર્શના ભગલાણી | ૮૯ |
| ૨૯. | નારિયેળ પાણી | - સંજય થોરાત | ૯૩ |
| ૩૦. | કહે કોઈ આનાથી કેમ છુટાય... | - કુંતલ નિમાવત | ૯૫ |

# અનુક્રમણિકા

## વિનોદિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | પાંચ દશ્યો | - વિનોદ ભટ્ટ | ૧ |
| ૨. | “આ જિંદગી પણ ક્રિકેટની રમત જ છે...” | - ડૉ. ઈન્દ્રદેવ આચાર્ય | ૩ |
| ૩. | બોરીસાગર ઇન વન્ડરલેન્ડ | - રતિલાલ બોરીસાગર | ૫ |
| ૪. | વિનોદ ભટ્ટ સાથે અલગારી રખડપટ્ટી | - નિરંજન ત્રિવેદી | ૭ |
| ૫. | છબલો - એક હળવી ચરિત્ર કથા | - હરિકૃષ્ણ પાઠક | ૯ |
| ૬. | મોબાઈલના ફાયદા | - કલ્પના દેસાઈ | ૧૧ |
| ૭. | ...તો બહુ રાજી ન થવું ! | - ડૉ. નલિની ગણાત્રા | ૧૩ |
| ૮. | કૃતિઓની કરૂણ કથાઓ | - પરાગ ત્રિવેદી | ૧૫ |
| ૯. | અડધી સદીનાં ઓવારણાં... | - ડૉ. જગદીશ ત્રિવેદી | ૧૯ |
| ૧૦. | પહેલું સુખ તે જાતે નર્યા | - નિપુણ સી. ચોક્સી | ૨૩ |
| ૧૧. | ષષ્ટિપૂર્તિ સમારોહ | - નગીન દવે | ૨૬ |
| ૧૨. | કોર્ટની રમૂજ | - મધુકર દિ. ધ્રુવ | ૨૯ |
| ૧૩. | બકવાસ પ્રેમ | - કૃષ્ણ પંડિત | ૩૧ |
| ૧૪. | “નવરી બજાર ફિલ્મના ચક્કરમાં” | - જીતેન્દ્ર ઠક્કર | ૩૩ |
| ૧૫. | બઢતી કા નામ દાઢી | - કિશોર અંધારિયા | ૩૫ |
| ૧૬. | રોડ લેસ ટ્રાવેલ્ડ | - અધીર અમદાવાદી | ૩૭ |
| ૧૭. | બાબુ, વરસાદ અને બૉસ ! | - હર્ષદ પંડ્યા ‘શબ્દપ્રીત’ | ૩૯ |
| ૧૮. | બુધાલાલ : કમાલ - ધમાલ - બબાલ ! | - પ્રવીણ દરજી | ૪૧ |
| ૧૯. | પ્રસન્ન દામ્પત્ય યાને સુખી જોડી | - પ્રદ્યુમ્ન આચાર્ય | ૪૩ |
| ૨૦. | જબ ‘અર્પણ’ તુમ્હેં ભી ડરાને લગે... | - દિલીપ શાહ | ૪૭ |


## નાટિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | જસમા ઓડણ એક પ્રેમકથા | - રવીન્દ્ર ઠાકોર | ૧ |
| ૧. | જીદની જીત | - પ્રકાશ લાલા | ૭ |
| ૨. | છેલ્લી બાજી ..., | - વિનોદ સી. દવે. | ૧૧ |
| ૩. | ઝીરો વેસ્ટ પાર્ક | - શૈલેષ ટેવાણી | ૨૧ |

# અનુક્રમણિકા

કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | ઉઘાડી રાખજો બારી | - રઘુવીર ચૌધરી | ૧ |
| ૨. | ઘટનાં ગોરસ ધરું ! | - ચંદ્રકાન્ત શેઠ | ૨ |
| ૩. | ક્યાં છે ગીતાનો ગાનાર ? | - ભાનુપ્રસાદ ત્રિવેદી | ૨ |
| ૪. | કોઈ એનાં જેવું... | - રાજેન્દ્ર શુક્લ | ૩ |
| ૫. | નામ વગર | - જલન માતરી | ૩ |
| ૬. | તાઓનાં સૂત્રો... | - માધવ રામાનુજ | ૪ |
| ૭. | દીપક ના ડોલતા દેખું ?! | - ભાનુપ્રસાદ પંડ્યા | ૪ |
| ૮. | આંખસમેત... | - મનોહર ત્રિવેદી | ૫ |
| ૯. | ને તેથી ઘર કર્યું | - રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ૫ |
| ૧૦. | 'એક બપોરે' - પછી | - મણિલાલ હ.પટેલ | ૬ |
| ૧૧. | કેવું તળાવ ! | - ધીરેન્દ્ર મહેતા | ૬ |
| ૧૨. | હું મારામાં મોજ કરું છું | - નીતિન વડગામા | ૭ |
| ૧૩. | પાંચ ફૂલ | - યોગેશ જોષી | ૭ |
| ૧૪. | ના આવડ્યું | - ધૂની માંડલિયા | ૮ |
| ૧૫. | અજવાળું કંઈ બોલે ? | - દલપત પઢિયાર | ૮ |
| ૧૬. | સૂર્યને કરફ્યું | - કિશન સોસા | ૯ |
| ૧૭. | શું ? | - રમણીક સોમેશ્વર | ૯ |
| ૧૮. | ખોબો ઝાકળ | - જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૧૦ |
| ૧૯. | પ્રેમ ગુલાલે | - મુસાફિર પાલનપુરી | ૧૦ |
| ૨૦. | ફરી જાશે... | - હર્ષદ ચંદારાણા | ૧૧ |
| ૨૧. | તો કહેજો તમે... | - શિવજી રૂખડા | ૧૧ |
| ૨૨. | વતન - ગીત | - બકુલેશ દેસાઈ | ૧૨ |
| ૨૩. | વિશ્વાસમાં આવ્યો... | - મનીષ પરમાર | ૧૨ |
| ૨૪. | પડઘાયું હતું... | - હર્ષ બ્રહ્મભટ્ટ | ૧૩ |
| ૨૫. | અનરાધાર વરસાદ પછી... | - ભાગ્યેશ જહા | ૧૩ |
| ૨૬. | ગઝલ | - અંકિત ત્રિવેદી | ૧૪ |
| ૨૭. | શહેર વિશે | - દિલીપ જોશી | ૧૪ |
| ૨૮. | રેલાતાં રહે ઝાંઝવાં... | - ફિલિપ કલાર્ક | ૧૫ |
| ૨૯. | અલપ-ઝલપ અંધાણી | - ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૧૫ |
| ૩૦. | ચાહતની સોગાત | - મીરા આસીફ | ૧૬ |

# અનુક્રમણિકા

કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૩૧. | તીરથ વસે ! | - ગોવિંદ દરજી 'દેવાંશુ' | ૧૬ |
| ૩૨. | ભૂલ | - કૃષ્ણ દવે | ૧૭ |
| ૩૩. | સંવાદ... | - રાધેશ્યામ શર્મા | ૧૭ |
| ૩૪. | "ગુલાલ જેવો છું..." | - દિનેશ દેસાઈ | ૧૮ |
| ૩૫. | કાગડો તો મેશનું ટપકું | - રમેશ આચાર્ય | ૧૮ |
| ૩૬. | સાજણ આંખો ધોઈ નાખો... | - પ્રશાંત કેદાર જાદવ | ૧૯ |
| ૩૭. | હા... હું ગુજરાત છું. | - રમેશ ઠક્કર | ૧૯ |
| ૩૮. | ગઝલ | - અનિલ ચાવડા | ૨૦ |
| ૩૯. | કલરવ... | - ભાવેશ ભટ્ટ | ૨૦ |
| ૪૦. | એક દીવો પ્રગટાવી દે ને | - હરદ્વાર ગોસ્વામી | ૨૧ |
| ૪૧. | ચાદર | - અશોક ચાવડા 'બેદિલ' | ૨૧ |
| ૪૨. | લઈ આવો તમે... | - રઈશ મનીઆર | ૨૨ |
| ૪૩. | એક છોકરી... | - અઝીઝ ટંકારવી | ૨૨ |
| ૪૪. | "જીવીએ જીવાડીએ !" | - નયના જાની | ૨૩ |
| ૪૫. | કરું | - દર્શક આચાર્ય | ૨૩ |
| ૪૬. | શબ-વાહિનીના ડ્રાઈવરની વ્યથા | - ચંદ્રશેખર પંડ્યા | ૨૪ |
| ૪૭. | સ્મરણનો ભેદ | - ઉર્વીશ વસાવડા | ૨૪ |
| ૪૮. | ગઝલ | - કિશોર જીકાદરા | ૨૫ |
| ૪૯. | ગોકુળના રૂદિયામાં રૂમઝુમતી ગાય છે... | - ભરત કવિ | ૨૫ |
| ૫૦. | વાત કરો... | - સૉલિડ મહેતા | ૨૬ |
| ૫૧. | નિર્મમ કર્મ | - પ્રદીપ રાવલ 'સુમિરન' | ૨૬ |
| ૫૨. | રાંદલમાનું દેરું | - સ્નેહી પરમાર | ૨૭ |
| ૫૩. | ગુલછડી | - નટવર આહલપરા | ૨૭ |
| ૫૪. | હું ગુજરાતી... | - ડૉ. ઈશ્વર સુથાર 'શિલ્પી' | ૨૮ |
| ૫૫. | ક્યાંક દૂર | - પ્રફુલ્લ રાવલ | ૨૮ |
| ૫૬. | લીલી કૂંપળ મોકલે ! | - રમેશ પટેલ | ૨૯ |
| ૫૭. | ગઝલ | - રમેશ પટેલ 'ક્ષ' | ૨૯ |
| ૫૮. | ગીત | - ડૉ. મનહર ઠાકર | ૨૯ |
| ૫૯. | સાંજ થતા પહેલાં | - પ્રીતમ લખલાણી | ૩૦ |
| ૬૦. | ધામા નાખ્યા | - રક્ષા શુક્લ | ૩૦ |
| ૬૧. | એક અંગત ગીત | - જયંતી ધોકાઈ | ૩૧ |
| ૬૨. | તારા ગામની | - પારસ એસ. હેમાણી | ૩૧ |

# અનુક્રમણિકા

કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૬૩. | ઈશ્વર છે એ... | - ડૉ. મનોજ જોશી ''મન'' | ૩૨ |
| ૬૪. | વળગણનું લાકડું | - એસ. એસ. રાહી | ૩૨ |
| ૬૫. | બારી ના ખોલો... | - તેજશ દવે | ૩૩ |
| ૬૬. | એ તું જ છે... | - અનંત પટેલ | ૩૩ |
| ૬૭. | અલખ ઓટલે ગાન | - દીપક ત્રિવેદી | ૩૪ |
| ૬૮. | પલાયન... | - ભાવિન બી. ગોપાણી | ૩૪ |
| ૬૯. | શું કહેવું તને... | - અલ્પ ત્રિવેદી | ૩૫ |
| ૭૦. | મારી ભીતર... | - ડૉ. ધૈવત શુક્લ 'આનંદ' | ૩૫ |
| ૭૧. | અષાઢીલું ચોમાસું | - યોગેશ પંડ્યા | ૩૬ |
| ૭૨. | મધમીઠાં સપનાં... | - પ્રિતેશભાઈ શાહ | ૩૬ |
| ૭૩. | પામી લઈએ | - શ્રીમતી જયશ્રી ભટ્ટ દેસાઈ | ૩૭ |
| ૭૪. | આ ગાંધીનગર છે... | - કનૈયાલાલ ભટ્ટ | ૩૭ |
| ૭૫. | રન્ના દે ! | - કરસનદાસ લુહાર | ૩૮ |
| ૭૬. | યોગદ્વંશ | - પ્રવીણ ગઢવી | ૩૮ |
| ૭૭. | પ્રેમ નગરે પહોંચી ગયો... | - ડૉ. પ્રદીપ આઝાદ | ૩૯ |
| ૭૮. | હરિને હાથવગા હું રાખું... | - હર્ષિદા દીપક ત્રિવેદી | ૩૯ |
| ૭૯. | સ્નેહપત્ર | - સ્નેહલ જોશી | ૪૦ |
| ૮૦. | અવસર | - ધરમાભાઈ શ્રીમાળી | ૪૦ |
| ૮૧. | એવો છું | - ડૉ. મુકેશ જોશી | ૪૧ |
| ૮૨. | બેઘર | - પ્રજ્ઞા ડી. વશી | ૪૧ |
| ૮૩. | અંતિમ સ્નાન | - રીના મહેતા | ૪૨ |
| ૮૪. | કોણ આવી પોંખશે ? | - ઉમેશ જોશી | ૪૩ |
| ૮૫. | ...તરફ છે જવાનું | - વિનોદ ગાંધી | ૪૩ |
| ૮૬. | સૂર્યનું ડૂબવું ! | - મહેશ દેસાઈ | ૪૪ |
| ૮૭. | બારણાં | - સંસ્કૃતિરાણી દેસાઈ | ૪૪ |
| ૮૮. | નારીગર્જના | - ચંદ્રાબહેન શ્રીમાળી | ૪૫ |
| ૮૯. | નર્મદા | - નટવર હેડાઉ 'વનવિહારી' | ૪૫ |
| ૯૦. | ખાલીપો | - ભાનુપ્રસાદ પુરાણી | ૪૬ |
| ૯૧. | મહા રાસ | - પ્રકાશ જોશી | ૪૬ |
| ૯૨. | ગામ | - ભસ્માંગ માંકડ ''સમ્રાટ'' | ૪૭ |
| ૯૩. | દોસ્ત તું આભાસી જીવે છે... | - દ્રોણ મોદી | ૪૭ |
| ૯૪. | કૃષ્ણ-લીલા | - પ્રજ્ઞા પટેલ | ૪૮ |
| ૯૫. | વખતનો વેપારી | - પ્રતાપસિંહ હ. રાઠોડ 'સારસ્વત' | ૪૮ |

# ફોટોગ્રાફ્સ અને ચિત્રો

જયસિંહ પગી
હેતલ દવે
આનંદ પટેલ
વિનય પંડ્યા
મનહર કાપડિયા
નરેશ લિંબાચિયા
રસિક ગલચર
રક્ષા ભટ્ટ
અંજલિ મહેતા
અવનિ દવે
નરેન અંધારિયા
મુકેશ પંડિત
પશાભાઈ મકવાણા
જયમીન કાપડિયા
કલ્યાણ શાહ
દશરથ પરમાર
હર્ષદ થાપા
ડૉ. વિવેક ટેઈલર
ભૌમિકકુમાર પગી
જિજ્ઞેશ ઠાકર

પ્રશાંત પટેલ
દીપક ઝાલા
કિશોર પીઠડીયા
એન. પી. વૈશ્યક
હરિભાઈ ટંડેલ
અમુલ પરમાર
રાજેન્દ્ર ભાવસાર
દામોદર ગજ્જર
પિયુષ પટેલ
ધ્યાન ત્રિવેદી
ભૂમિકા ભાવસાર
હેમલ ઠાકર
હાર્દજ્ઞ વોરા
ડૉ. દર્શન શાહ
શૈલેષ રાવલ
જાવેદ રઝગ શેખ
વિપુલ પટેલ
જગદીશ મેવા
હેમંત પંડ્યા
ડૉ. અશોક પટેલ

રમેશ હાલારી
વી. એલ. નીમાવત
દેશલ પગી
બળવંત જોષી
ધનરાજ કોઠારી
એ. એચ. જામી
પ્રિયા પરિયાણી
નટુભાઈ પરીખ
વિક્રમ પગી
બનવારી રાજપૂત
સવજી છાયા
ડૉ. વિમલ હેમાણી
ડૉ. તેજશ દોશી
એન. સી. પટેલ
ભાટી એન.
જયદીપ ઠાકર
દુર્ગેશ ઉપાધ્યાય
કનુ પટેલ

**: મુખ પૃષ્ઠ - ૧ :**
**ભાર્ગવી આર. ભટ્ટ**

**: મુખ પૃષ્ઠ - ૨ :**
**ઉષા રામનારાયણ પાઠક**

**: રેખાંકન :**
**સવજી છાયા**



"જુગલબંધી - સૂરખાબનું ઉડ્ડયન"
વી. એલ. નીમાવત



"મયુર આનંદ"
દેશલ પગી

# અભ્યાસલેખ સંપુટ

ગુણવંત શાહ
વિષ્ણુ પંડ્યા
ડૉ. બળવંત જાની
જય વસાવડા
કૃષ્ણકાંત ઉનડકર
ભવેન કચ્છી
ડૉ. નરોત્તમ વાળંદ
યશવંત મહેતા
ડૉ. ભરત ગરીવાલા
ડૉ. રસેશ જમીનદાર
નરોત્તમ પલાણ
જોરાવરસિંહ જાદવ
ડૉ. હસુ યાજ્ઞિક
ભદ્રાયુ વચ્છરાજાની
ડૉ. ભગવાનદાસ પટેલ
યાસીન દલાલ

દોલત ભટ્ટ
શિવદાન ગઢવી
પ્રસાદ બ્રહ્મભટ્ટ
પરમાનંદ મા. ગાંધી
ડૉ. માણેક પટેલ 'સેતુ'
કિશોર મકવાણા
ભૂપેન્દ્ર મો. દવે
નટુભાઈ પરમાર
વિજય શાસ્ત્રી
લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
સોમાભાઈ વિ. પટેલ
અજય મો. નાયક
વી. એસ. ગઢવી
ડૉ. અશોક નારાયણ
કાકડિયા મનસુખ વી.
શિવશંકર દવે
ડૉ. ટીના દોશી



**“પરસાય”**

બળવંત જોષી

# હિમાલય એ જ શિવાલય

– *ગુણવંત શાહ*

**પ**ર્વતનું પિતૃત્વ અને ખીણનું માતૃત્વ એકબીજાંમાં ઓતપ્રોત બની રહે ત્યારે નદી વહેતી થાય છે. લાઓ ત્ઝુ ખીણના ખાલીપણાને માતાના ગર્ભ સાથે સરખાવે છે. સંસ્કૃતિ ખીણમાં પાંગરે છે. નદીના જીવનમાં ચડતીપડતી નહીં, માત્ર પડતી જ આવે છે. ખડકને સમજાવીપટાવીને રસ્તો કરનારાં નમ્ર જળ નીચાણ તરફ વહે તેથી મહાનતા પ્રાપ્ત કરે છે. નદીને નિમ્નગા કહે છે. લાઓ ત્ઝુ કહે છે કે, નદી ઝરણાંઓ કરતાં નીચી સપાટીએ વહે છે તેથી ઝરણાં એમાં ભળી શકે છે. નદી નથી વહેતી, સાક્ષાત નમ્રતા વહે છે.

પ્રત્યેક પર્વત શિવનું લિંગસ્વરૂપી પ્રતીક છે. સાક્ષાત શક્તિનું ઉપસ્થાન છે. શિવને શક્તિનાથ કહે છે. પર્વતને આલિંગીને પડખે સૂતેલી ખીણ પાર્વતીનું પ્રતીક છે. 'ખીણ' શબ્દ મૂળે 'ક્ષીણ' પરથી આવ્યો છે. ખીણ સતત ધસમસતા જળપ્રવાહને કારણે ઘસાઈ ઘસાઈને ઊંડી થતી રહે છે. પાંદડાંનો આહાર પણ છોડી દઈને તપ કરનારી પાર્વતીને અર્પણા કહી છે.


હિમાલયનું નામ કાને પડે એટલે આપણા મનમાં જાણે સદીઓ-જૂનાં સંવેદનો સળવળી ઊઠે છે. હિમાલય જગતનું સૌથી મોટું શિવાલય છે. હિમાલયની ઊંચાઈ પ્રચંડ ગુરુત્વશક્તિને સાચવી રાખે છે. હિમાલય માત્ર દ્રવ્ય(મેટર)નો વિપુલ જથ્થો નથી, સાક્ષાત ઊર્જાનો વિરાટ પુંજ પણ છે. સાવ સ્થૂળ વ્યવહારની રીતે જોઈએ તો હિમાલય સમગ્ર ભારતીય ઉપખંડની અક્ષયપાત્ર સમી વિરાટ, દિવ્ય અને ભવ્ય એવી જીવનદાયિની ઓવરહેડ ટેન્ક છે. નીચાણ તરફ ધસમસતાં જળમાંથી જળવિદ્યુત મળે અને ઉપરવાસથી નીચે વહેતી ગંગા સેંકડો જોજનો વટાવીને દૂરદૂરનાં ખેતરોમાં પહોંચે તે પણ પ્રતાપ હિમાલયની ઊંચાઈનો. હિમાલય પર વરસાદ પડે તે જ ગંગાવતરણ અને એના ઢોળાવો પર ઊગેલાં જંગલો એ જ શિવજીની જટા. સદીઓ અને નદીઓ તો સદાય વહેતી જ રહે છે.

'જેને પૂરી કરવાની શક્તિ તમને આપવામાં આવી ન હોય એવી કોઈ આકાંક્ષા તમને આપવામાં આવતી નથી.' રિચાર્ડ બેકની આ વાતના મિજાજમાં કહું તો હિમાલય મારી અતૃપ્ત આકાંક્ષાનું સ્મારક છે. શિવસહસ્રનામમાં શિવનાં કેટલાંક નામો ખાસ ગમી ગયાં છે :

ૐ અચલાય નમઃ (શિવ અચલ છે)
ૐ અકૃત્રિમાય નમઃ (શિવ અકૃત્રિમ છે)
ૐ અનાકુલાય નમઃ (શિવ અનાકુલ છે.)
ૐ ગંગાધરાય નમઃ (શિવ ગંગાને ધારણ કરનારા છે)
ૐ જલનિધયે નમઃ (શિવ જળનિધિ છે)
ૐ નિષ્પ્રપંચાય નમઃ (શિવ નિષ્પ્રપંચ છે)
ૐ મહાકોશાય નમઃ (શિવ શક્તિ અને દ્રવ્યના મહાકોશ છે)
ૐ મહૌષધાય નમઃ (શિવ મહાન ઔષધ છે)
ૐ મેઘાય નમઃ (શિવ મેઘસ્વરૂપ છે)
ૐ લોકનાથાય નમઃ (શિવ લોકનાથ છે)
ૐ વૃક્ષાકારાય નમઃ (શિવ વૃક્ષસ્વરૂપ છે)
ૐ શિવાલાયાય નમઃ (શિવ એ જ શિવાલય છે.)

આમ મારે મન હિમાલય કોઈ પર્વત, યાત્રાધામ કે સુંદર સ્થળ નથી; એ તો મારે મન ઘટનાતીર્થ, ઝંખનાતીર્થ અને સ્મરણતીર્થ છે. વિષ્ણુસહસ્રનામમાં વિષ્ણુનું એક નામ अनुकूलः છે. જ્યારે શિવસહસ્રનામમાં શિવનું નામ છે : अनाकुलः જીવનમાં જે અનુકૂળતા મળે તે વિષ્ણુપ્રિયા છે. જ્યારે સાધનાને અંતે જે અનાકુળતા (સ્વસ્થતા) પ્રાપ્ત થાય તે શિવપ્રિયા છે. ક્યારેક ઘરના બાગમાં બેઠો હોઉં ત્યારે હિમાલય પરથી વહીને શીતળ પવન મને સ્પર્શી રહ્યો હોય એવો ભાવ જાગે છે.

હરદ્વાર આગળ વેગપૂર્વક વહેતી રમ્યઘોષા ગંગાના જળમાં પગ ઝબોળીને કલાકો સુધી બેસવાનું થયું ત્યારે અચેતન મનમાં નિરાંતે પડી રહેલી અનેક સદીઓ પ્રવાહમાં વહી રહી હોય એવો ભાવ જાગ્યો. નગાધિરાજની શીતળતાને ગંગા દૂર દૂર માનવીઓ, પશુપંખીઓ અને જીવજંતુઓ સુધી વહેવડાવે ત્યારે સૃષ્ટિનો તરસધર્મ અને તૃપ્તિધર્મ જળવાઈ જાય છે. પરાપૂર્વન સંસ્કારોને કારણે હિમાલયમાં કોઈ અનોખા વાયુમંડળનો અનુભવ થયા કરે છે. અહીંના ભાવાવરણમાં અસંખ્ય સાધુમહાત્માઓની તપશ્ચર્યાનાં આંદોલનો (વાઈબ્રેશન્સ) સચવાયાં છે. આલ્પ્સ કે કિલિમાંજારો માટે આવું નહીં કહી શકાય. ભારતનો લોકાત્મા હિમાલય અને ગંગા પ્રત્યે કેવો આર્દ્ર છે તે સુન્દરમ્‌ની પંક્તિઓમાં વર્તાય છે.



*વહે સમર્પણ ગંગા*
*જલજલ છલછલ સ્થલસ્થલ ભરતી*
*વહો પ્રમત્તતરંગા ... વહો*
*અહો, પરમપ્રભુ ચરણ થકી ઓ*
*પ્રગટી પ્રેમલધારા*
*શિવ સરખે નિજ ધરી,*

*તેં સ્પર્શ્યા ભૂમિ-કિનારાઉ*
*પાવક પુણ્યતરંગા ... વહો.*

કાંતિલાલ કાલાણી સાથે કેદારનાથ જતી વખતે અવનવા વળાંકો લેતી બસમાંથી દેખાતી ભવ્યાતિભવ્ય 'શિખર પરિષદ' જોતાં મનને ધરવ જ ન થાય. સૂર્યસ્નાન કરી રહેલી, નયનાભિરામ દૃશ્યાવલિઓ (લૅન્ડસ્કેપ્સ) હૃદયને પ્રસન્નતાથી ભરી દે છે. મંદાકિની અને અલકનંદા ખડકો વચ્ચેથી માર્ગ કાઢીને વહ્યા કરે છે. ગંગાની આ બાલ્યાવસ્થા મુગ્ધ કરનારી છે. એ સમુદ્રને પામવા અધીરી છે, પરંતુ ધ્યેયસિદ્ધિ માટે ક્યારેક સાવ ઊંધી દિશામાં વળીને પણ છેવટે તો સમુદ્રગા જ બની રહે છે. ગંગા હરદ્વાર પહોંચે ત્યાં સુધીમાં તો માર્ગમાં કેટલાંબધાં સંગમતીર્થો રચાયાં છે ! દેવપ્રયાગ આગળ અલકનંદા અને ભાગીરથી, રૂદ્રપ્રયાગ આગળ અલંકનંદા અને મંદાકિની, સોનપ્રયાગ આગળ સોનગંગા અને આગળ અલકનંદા અને મંદાકિની અને વિષ્ણુપ્રયાગ આગળ વિષ્ણુગંગા છે. દેવપ્રયાગ પછી ગંગા કુમારિકા બનીને વહેતી રહે છે.હરદ્વાર આગળ વહેતી ગંગા સૌષ્ઠવયુક્ત નવયૌવના જેવી દીસે છે અને મહાપ્રયાગે (અલ્લાહાબાદ) યમુનાને મળ્યા પછી પ્રૌઢી પ્રાપ્ત કરીને સ્વસ્થતાપૂર્વક પોતાના જીવનધ્યેય તરફ આગળ વધતી રહે છે.

**ગંગાની આ બાલ્યાવસ્થા મુગ્ધ કરનારી છે. એ સમુદ્રને પામવા અધીરી છે, પરંતુ ધ્યેયસિદ્ધિ માટે ક્યારેક સાવ ઊંધી દિશામાં વળીને પણ છેવટે તો સમુદ્રગા જ બની રહે છે. ગંગા હરદ્વાર પહોંચે ત્યાં સુધીમાં તો માર્ગમાં કેટલાંબધાં સંગમતીર્થો રચાયાં છે ! દેવપ્રયાગ આગળ અલકનંદા અને ભાગીરથી, રૂદ્રપ્રયાગ આગળ અલંકનંદા અને મંદાકિની, સોનપ્રયાગ આગળ સોનગંગા અને આગળ અલકનંદા અને મંદાકિની અને વિષ્ણુપ્રયાગ આગળ વિષ્ણુગંગા છે**

હિમાલયના સંતો વિષે અનેક અવનવી વાતો સાંભળેલી એટલે મનમાં ઉત્કંઠા રહ્યા કરતી હતી કે બધાં વળગણોને ગંગામાં પધરાવી દઈને વૈરાગ્યના પંથે પડેલા કોઈ અલગારી સંતને મળવું છે. હિમાલયના ઉદાસીન ભાવને આત્મસાત્ કરીને દુનિયાનો ખેલ સાક્ષીભાવે જોનારા સંત પાસે થોડીક ક્ષણો વિતાવવાની ઝંખના રહ્યા કરતી હતી. કેદારનાથ જતી વખતે મંદિરમાં જઈને પૂજા કરવાની વૃત્તિ કરતાં તો જેણે પોતાના અસ્તિત્વને મંદિરમય બનાવી દીધું હોય એવા કોઈ મહાત્માને મળવાની આકાંક્ષા વધારે પ્રબળ હતી. સદ્‌ભાગ્યે એ આકાંક્ષા ફળી.

ખચ્ચર પર બેસીને ગૌરીકૂંડથી કેદાર ભણીના ચઢાણ પર પંથ કાપતી વખતે સતત સાથે વહેતી મંદાકિનીનો સંગાથ સંતર્પક જણાય છે. સમર્પણની ઉતાવળમાં હોય એ રીતે વેગપૂર્વક નીચે ધસી જતી મંદાકિનીના પ્રવાહમાં ભળી જતાં અનેક પર્વતીય ઝરણાંઓ રસ્તે મળતાં રહે છે. રસ્તે એક સુંદર જગ્યા આવે છે જેને ગરુડચટ્ટી કહે છે. કશ્યપ અને વિનતાનો પુત્ર ગરુડ વિષ્ણુનું વાહન છે. અહીં ગરુડના ઉડ્ડયનને નિહાળવાનું બન્યું. એના ટેઈક ઓફ અને લેન્ડિંગને જોયા પછી થાય કે વિષ્ણુનું વાહન તો ગરુડ જ હોઈ શકે. ઉડ્ડયનની ગરિમા કોન્કોર્ડ વિમાન જેવી. ગતિ વધારે પણ સ્વસ્થતા અકબંધ. સંતની સ્વસ્થતાનું રહસ્ય એમની સંવાદિતા (કૉન્ડોર્ડ)ને સંકોરતી જીવનરીતિમાં સમાયેલું હોય છે. આવા એક સંત મળ્યા એમનું નામ મહેન્દ્રપુરીજી.

કેદાર ગામની પોસ્ટ ઑફિસ આગળ ત્રણ ફૂટ પહોળી અને પંદરેક ફૂટ લાંબી ઓરડીની બહાર ચોકમાં પડતી બંધ બારી આગળ જઈને અંદર સંભળાય એવા અવાજે 'ૐ નમો નારાયણ' શબ્દો ઉચ્ચાર્યા. અંગ્રેજીમાં 'મે આઈ કમ ઈન સર' કહેવાના વિવેકનો આ ભારતીય વિકલ્પ સંતની અદબ જાળવવામાં મદદરૂપ થાય છે.

થોડીવારે બારી ખૂલી. મારા પ્રણામના જવાબરૂપે પાછલા દરવાજેથી અંદર આવવાની અનુમતિ મળી ગઈ. ગરમ કામળો ઓઢીને બેઠેલા સંતને વંદન કરીને હું સામે બેસી ગયો. શાંત ચહેરા પર કરોડો રૂપિયા ખર્ચતાંય ન મળે એવી પ્રસન્નતાને કારણે કોઈ શહેનશાહ સામે બેઠો હોઉં એવી લાગણી થઈ. ઘણી વાતો થઈ. બધી નોંધી લીધી હોત તો સારું થાત, પરંતુ થોડીક ક્ષણો માટે પ્રાપ્ત થયેલા સુયોગને હું કાગળ-પેન્સિલના રવાડે ચડાવવા માગતો ન હતો. જે થોડાક વિચારો સ્પર્શી ગયા તે અહીં યાદદાસ્ત પરથી રજૂ કરું છું.

'એડીથી તે માથા સુધી આપણી અંદર અને બહાર સર્વત્ર ભગવાનનો વાસ છે. એ જ બધું ચલાવે છે, તોય આપણો અહંકાર આપણને ઠરીને બેસવા દેતો નથી. આપણી અને ભગવાનની વચ્ચે જે પડદો છે તે માયા છે. આપણે કશુંક કરી રહ્યાં છીએ એવો ભાવ અહંકાર છે. અહંકાર છે ત્યાં સુધી શાંતિ ન મળે. જંગલમાં જવાથી કે ભગવાં પહેરવાથી સાધુ નથી બનાતું. ઘણા સંસારીઓ દુનિયામાં રહીને સાધુની માફક જીવે છે અને ઘણા સાધુઓને સંસારનું વળગણ ભારોભાર હોય છે. આ જગતમાં સર્વત્ર પરમેશ્વરને જોવાની ટેવ પડે એ જ સાધના. આવી સાધના માણસ જ્યાં પણ હોય ત્યાં રહીને કરી શકે.'

આ વાતો એમણે હળવા સ્મિત સાથે સાવ સહજભાવે કહી. ચિંતક પર સવાર થઈ જતું ઘુવડગાંભીર્ય એમના વદન પર ન હતું. એમની હાજરી એટલી પ્રભાવક હતી કે, આપણું મન આપોઆપ શાંત થઈ જાય અને પ્રશ્નો સૂરજના તડકામાં સુકાઈ જઈને વેલ પરથી ખરી પડતાં ગલકાંની માફક આપોઆપ ખરી પડે. પરંતુ છેવટે ઊઠતી વખતે મારાથી એક પ્રશ્ન પુછાઈ ગયો. વર્ષોની ટેવ એમ કંઈ છેક ટળે ખરી ? પૂછ્યું : 'સ્વામીજી ! હિમાલયમાં રહેતા મહાત્માઓમાં કેટલાક તો ચારસો, પાંચસો

કે હજાર વર્ષની ઉંમરના હોય છે એવું ઘણી વાર સાંભળ્યું છે, વાંચ્યું છે. સાચી વાત કે ?' થોડાક ગંભીર બની ગયા પછી ખૂબ જ ઓછા શબ્દોમાં મહેન્દ્રપુરીજીએ જવાબ આપ્યો : 'હું હિમાલયમાં પચાસેક વર્ષોથી છું પરંતુ મને હજી સુધી આવા કોઈ મહાત્મા મળ્યા નથી.'

મારે કારણે સંતની શાંતિમાં વધારે ખલેલ ન પહોંચે એવી સભાનતા સાથે હું ઊઠયો. એ સ્થિતપ્રજ્ઞની પ્રસન્નતામાંથી ચપટીક પ્રસન્નતા પામ્યો હતો તેથી મારા આનંદનો પાર ન હતો. કેદારનાથના મંદિરની પાછળ થોડેક છેટે આદિ શંકરાચાર્યનું સ્થાનક આવેલું છે, ત્યાં આગળ મંદાકિની એવી રીતે વહે છે જાણે ગતિશીલતાની હૃદયંગમ કવિતા ! શંકરાચાર્યની ભવ્ય મૂર્તિની પછીતે દીવાલ પર લખ્યું છે :

प्रज्ञानं ब्रह्म
प्रत्यक्ष फलं तु
ब्रह्मस्मैकत्वविज्ञानम् ।

અહીંથી મેરુની પૂર્વમાં આવેલો પુરાણપુરાતન પર્વત ગંધમાદન દેખાય છે. સુંગધીદાર જંગલોવાળા આ પર્વતની તળેટીમાં ઊભાં હોઈએ એવું લાગે ત્યારે દરિયાની સપાટીથી અગિયાર હજાર ફૂટની ઊંચાઈએ ઊભાં છીએ એ વાત જ વીસરાઈ જાય. એ બરફીલી સવારે ઉગમણી કોરેથી સૂરજનાં કિરણોનું એક મોટું ધાડું ચડી આવ્યું તોય ગંધમાદનનું મૌન ન જ પીગળ્યું. છેક નીચે વહેતી મંદાકિની સુધી અધીરું બનીને ઢાળ પર દોડી આવતું ઝરણું અધવચ ઠંડીમાં થીજી ગયું. કાળા ડિબાંગ વાદળો ન તો ગરજી શક્યાં ન તો વરસી શક્યાં. પર્વતના ઢાળ પર અધવચ થીજીને ઠરી ગયેલાં કેટલાંય ઝરણાં જોવા મળ્યાં. ગંગામૈયાનાં આવાં તો કેટલાંય પિયરિયાં મળ્યાં. વિચાર આવી ગયો, ઘરે પાછો ફરું અને રોજ ઑફિસે જવા માંડું પછી મને હિમાલય થકી મળેલી આ હંગામી પ્રસન્નતાનું શું થશે ? રોજરોજ નપાસ થવાની અને ક્યારેક તો અધવચ થીજી જવાની હવે ટેવ પડી ગઈ છે. હિમાલયનો એમાં શું વાંક ?

★ ★ ★

સ્વામી આનંદે આજથી લગભગ પાંચ દાયકા પહેલાં બરફઘાટ ઓળંગીને ગોમુખથી બદરીનાથ પહોંચેલી 'એક મુફલિસ સાધનવિહોણી સાધુટોળી'ની વાત પોતાના 'બરફરસ્તે બદરીનાથ' પુસ્તકમાં કરી છે. પગમાં પગરખુંય પહેર્યા વગર માત્ર બે કામળાભેર 'દો રોટી એક લંગોટી'ના ધણી એવા છ સાધુઓ દલીપસિંઘ નામના ભોમિયા સાથે છ દિવસમાં બદરીનાથ પહોંચેલા તેની દિલચસ્પ કહાણી સ્વામી આનંદની શૈલીમાં એવો ઉઠાવ પામી છે કે, કોઈ ગુજરાતી યુવાનને તે ન વાંચવાનું પોસાય જ નહીં. આ છ સાધુઓમાં એક હતા અવધૂત પરમાનંદ દિગંબર, જેઓ વર્ષો સુધી ગંગોત્રી રહ્યા અને પછી બદરીનાથ રહેલા. સ્વામી હિમાલયને 'હિન્દુઓનો આદિ વડવો' કહે છે. બદરીનાથમાં એ પરમાનંદજી અવધૂતને મળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. એમણે તો અન્ય સાધુઓની માફક કામળો પણ ઓઢેલો નહીં. આખો પ્રવાસ દિંગબર અવસ્થામાં જ કરેલો. 'ગીનીઝ બૂક ઓફ રેકોર્ડઝ'માં આ નોંધાયું નથી.

બદરીનાથ આગળ વહેતી અલકનંદા એટલે હજારો જોજન દૂર આવેલા સમુદ્રને મળવા માટે અધીર બનીને ધસમસતી વિયોગિનીના ધમપછાડાની તાંડવલીલા. પર્વતને અચલ કહ્યો છે. ગીતાના બીજા અધ્યાયમાં સાગરને પણ अचलप्रतिष्ठ કહ્યો છે. આ બે અચલાયતન વચ્ચે સેતુ રચાય ત્યારે નદી વહેતી થાય છે. પર્વત સાગરને મળવા આતુર છે, પરંતુ એ પોતાનું સ્થાન છોડી શક્તો નથી. સમુદ્ર પણ લાચાર છે. પ્રત્યેક પર્વત નદી દ્વારા સાગરને પામતો રહે છે. વિહ્વળતા જ્યારે ધ્યેયસિદ્ધિ માટે મરી ફીટવા તૈયાર થાય અને જે ઉત્કટ ગતિશીલતા તથા સમર્પણ ભાવના પામે તેને 'અલકનંદા' નામ આપી શકાય. અલકનંદાનું ખરું સૌંદર્ય પામવું હોય તો બદરીનાથના મંદિર આગળ એકઠી થતી ભીડથી બચવું પડે અને ખલેલ ન પહોંચે એવી જગ્યાએ બેસીને એનું મંદ્રગાન સાંભળવું પડે.

**બદરીનાથ આગળ વહેતી અલકનંદા એટલે હજારો જોજન દૂર આવેલા સમુદ્રને મળવા માટે અધીર બનીને ધસમસતી વિયોગિનીના ધમપછાડાની તાંડવલીલા. પર્વતને અચલ કહ્યો છે. ગીતાના બીજા અધ્યાયમાં સાગરને પણ** अचलप्रतिष्ठ **કહ્યો છે. આ બે અચલાયતન વચ્ચે સેતુ રચાય ત્યારે નદી વહેતી થાય છે. પર્વત સાગરને મળવા આતુર છે પરંતુ એ પોતાનું સ્થાન છોડી શક્તો નથી**

કોઈ અકળ કારણોસર મને એવા સાધુઓ પ્રત્યે ખેંચાણ રહ્યું છે જેઓ અસ્તિત્વના ઉત્સવમાં સામેલ થઈને સત્, ચિત્ અને આનંદની એકાદ ઝલક પામ્યા હોય. કૃપા પામવા કે ઉપદેશ સાંભળવા માટે નહીં, પરંતુ મહાત્માની ઉપસ્થિતિમાં મળતી શીતળ સ્વસ્થતાની અનુભૂતિ માટે તક મળે ત્યારે લોભિયાની માફક ઝડપી લેવાની ઈચ્છા મને રહે છે. કેદારમાં પરમાનંદજી અવધૂત સાથે સત્સંગ થયો ત્યારે આવી તક મળી.

સૂર્ય ક્યારનો ઊગી ચૂક્યો હતો. દસ હજારથી વધારે ફૂટની ઊંચાઈએ સૂર્યનાં કિરણો ડાહ્યાંડમરાં લાગે. સાવ જ અનાક્રમક તડકો હિમાલયની શીતળતાનો મલાજો પાળે ત્યારે બહુ વહાલો લાગે. એ ગરમાટો આપે તેય કડકડતી ઠંડીની પરવાનગી લીધા પછી આપતો હોય એવું લાગે. વળી તડકાને જોરથી હડસેલો મારીને વાદળ ઓચિંતુ ક્યારે વરસી પડે તે કહેવું મુશ્કેલ એટલે તડકાનાં માનપાન ઓર વધી જાય. બદરીનાથનાં ચરણ પખાળતી અલકનંદા અહીં વહેતી રહે છે.

છેક નીચે વહેતી અલકનંદાની એક ઊંચી ભેખડિયા ધાર

પર વસતીથી થોડેક દૂર એક ઝૂંપડીમાં પરમાનંદજી અવધૂત રહેતા હતા. સીસમ જેવી કાયા, ઘડપણને ગૌરવ અપાવે એવી શ્વેત દાઢી અને ધ્યાનસ્થ મુદ્રાના પ્રભાવને કારણે ખાલી ઝૂંપડી પણ ભરેલી ભરેલી લાગે. ચહેરા પર ગરિમા એવી કે આખી પૃથ્વીનું સામ્રાજ્ય જાણે એમના ચરણોમાં આળોટતું ન હોય !

વાતો તો ઘણી થઈ પરંતુ એકે નોંધી નથી. અમૃતનું આચમન કરતી વખતે કલમની કડાકૂટમાં ક્યાં પડવું ? પછી તો દિવસો વહી ગયા પણ એ અંગે લખવાનું ન બન્યું. આજે અવધૂતનું સ્મરણ વધારે તીવ્રતાપૂર્વક થયું અને જે કંઈ યાદ આવ્યું તે લખવા બેઠો. આવું લખતી વખતે 'ભૂલચૂક લેવીદેવી' એમ પણ કોને કહેવું ! એમણે ઉપદેશ પ્રાપ્ત કરવાની પાત્રતા પર ભાર મૂકીને કહ્યું :

'સમ્રાટ કશુંક ભિખારીને આપવા તૈયાર હોય તેથી શું ? મિષ્ટાન્ન પણ આપણા પાત્રમાં મૂકી શકાય તે પહેલાં એ પાત્ર ખાલી હોય અને વળી સ્વચ્છ હોય એ ખૂબ જરૂરી ગણાય. પાત્રમાં અનેક નકામી ચીજો ભરેલી હોય અને વળી મિષ્ટાન્ન પણ હોય ત્યારે વાત જામતી નથી. ઈશ્વરને પામવો છે સૌને, પરંતુ પોતાની કોઈ પણ સગવડ કે સામગ્રી ગુમાવ્યા વગર પામવો છે. છાબડીમાં પુષ્પો પણ મૂકવાં છે અને સાથે તમાકુનાં પાન પણ મૂકવાં છે. આપણા ગોરખધંધા પણ ચાલતા રહે અને વળી ઈશ્વર પણ મળતો હોય તો દોનો હાથમેં લડુ ! લગભગ આવી હોંશિયારીથી લોકો ઈશ્વરને ભજે છે.'

આટલું બોલીને અવધૂત થોડી વાર શાંત થઈ ગયા. મને સંબોધી રહ્યા હોવા છતાં એમની આંખો ઝૂંપડીની બહાર દેખાતા આકાશ ભણી મંડાયેલી હતી. પ્રકૃતિમાં પરમ શાંતિ હતી અને અલકનંદાના રમ્યઘોષ સિવાયનો અન્ય કોઈ ધ્વનિ સંભળાતો ન હતો. વાતનો તાર મેળવીને એમણે ફરી બોલવાનું શરૂ કર્યું :

'એક વાર પાંચસાત માણસો મને મળવા આવ્યા. મને એમણે ઉપદેશ આપવાની વિનંતી કરી. તેઓએ વાતવાતમાં મને જણાવ્યું : 'અમે આજે જ બદરીથી હરદ્વાર જવા રવાના થવાના હતા પરંતુ બસ ચૂકી ગયા. બીજી બસ ઊપડવાને હજી ઘણી વાર છે તેથી થયું, મહાત્માને મળી આવીએ.' લોકો ભગવાનને આટલી જ ગંભીરતાથી લેતા હોય છે. એક વાર મોદી ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા લોકો મને મળવા આવ્યા. મેં કહ્યું : સન ૧૯૬૫માં અમેરિકાના પ્રમુખ કોણ હતા તે ખબર છે? કોઈને ખબર ન હતી. અને સાચું કહું તો મને પણ ખબર ન હતી. અમેરિકાના પ્રમુખ અડધી પૃથ્વીના ધણી જેવો વટ ભોગવે છે. થોડાંક જ વર્ષોમાં એનું નામ પણ યાદ ન રહ્યું તો આપણે તે કઈ વાડીના મૂળા ? આટલું યાદ રહે તો પરમ સમ્રાટ આપણા ખાલી પાત્રમાં કશુંક મૂકી શકે.'

**એક એવા ગામની કલ્પના કરો જ્યાં આસપાસ ક્યાંય ક્ષિતિજરેખા જોવા ન મળે. ઉત્તરકાશી આવું એક ગામ છે. ચારે તરફ હિમાલયની પહાડીઓ અને વચ્ચે ખળખળ વહેતી ભાગીરથીને કાંઠે આવેલાં ઊંચાનીચાં ઘર. સૂર્યોદય થાય પછી છેક અગિયારેક વાગે સૂર્ય ઉદયાચળ પર જોવા મળે. એ સમયસર સવારે જોવો હોય તો તમારે પહાડી ઉપર પહોંચવું પડે**

કટુતા વગરના કટાક્ષ તથા હળવા વિનોદ અને વ્યંગથી શોભતી સત્યપૂત વાણી અલકનંદાની માફક એકધારી વહી રહી હતી. ઘડીભર બધા પ્રશ્નો ખરી પડ્યા. અલકનંદા આખરે ક્યાં પહોંચવા માટે આટલી અધીરી થઈને દોડી રહી હતી ? કેટલી સદીઓથી એ અહીં આ પ્રમાણે વહેતી રહી છે ? હજી કેટલી સદીઓ સુધી એ આમ વહેતી રહેશે ? ઊંડે ઊંડે એવું લાગ્યા કરતું હતું કે અલકનંદા સાથેની યુગોજૂની ઓળખાણ તાજી કરવા માટે જ હિમાલય જવાનું બન્યું હતું.

બદરીનાથમાં થોડેક દૂર ગણેશગુફા અને વ્યાસગુફા પાસે ભીમપુર આગળ સરસ્વતી એવી રીતે વહે છે જાણે ખડકોને ડરાવતી ન હોય ! અહીં પણ સરસ્વતી અને અલકનંદાનું સંગમતીર્થ રચાયું છે. વળી પાતાળગંગા અને ઋષિગંગા નામનાં નિર્ઝરો પણ અહીં અલકનંદામાં આત્મવિલોપન કરે છે. હિમાલયની આવી તો અસંખ્ય અમૃતધારાઓ ભેગી થઈને ગંગા, યમુના, સિંધુ, બ્રહ્મપુત્રા અને સતલજ જેવી લોકમાતાઓને વહેતી રાખે છે.

મૂળ વતન જઈ આવ્યાની લાગણી સાથે હિમાલયથી ઘરે પાછા ફરવાનું થયું. વર્ષો વીતી ગયાં તોય એ તો હૃદયમાંથી ખસવાનું નામ જ નથી લેતો ! આવું મૂલગામી આકર્ષણ ભ્રમ હોય તોય એ ભ્રમ જીવનભર જળવાઈ રહે એવી આકાંક્ષા રહે છે. આવી આકાંક્ષા જ ભારતના ખૂણેખૂણેથી લાખો લોકોને હિમાલયની યાત્રાએ ખેંચી જતી હશે ને !

કેદારમાં મહેન્દ્રપુરીજી અને બદરીમાં પરમાનંદજી અવધૂત સાથે સત્સંગ થયો તેથી હિમાલયની યાત્રા સાર્થક થઈ. તીર્થયાત્રા વિચારયાત્રા અને ભાવયાત્રા બનીને સાર્થક થાય તો જ કામની. અંધશ્રદ્ધા અને કૃપાકાંક્ષાના ઉપદ્રવો તીર્થસ્થાનોમાં ઓછા નથી હોતા. મથુરાની ગંદકી પવિત્ર નથી હોતી. ગંગાજળ પર તરતો કચરો પાવક નથી હોતો. ભારતમાં સ્વચ્છ અને શાંત તીર્થસ્થાન મળવું દુર્લભ છે. હિમાલય જઈ આવ્યા પછી છેક તેવા ને તેવા રહેવાનું માનીએ તેટલું સહેલું નથી.

એક એવા ગામની કલ્પના કરો જ્યાં આસપાસ ક્યાંય ક્ષિતિજરેખા જોવા ન મળે. ઉત્તરકાશી આવું એક ગામ છે. ચારે તરફ હિમાલયની પહાડીઓ અને વચ્ચે ખળખળ વહેતી ભાગીરથીને કાંઠે આવેલાં ઊંચાનીચાં ઘર. સૂર્યોદય થાય પછી

છેક અગિયારેક વાગે સૂર્ય ઉદયાચળ પર જોવા મળે. એ સમયસર સવારે જોવો હોય તો તમારે પહાડી ઉપર પહોંચવું પડે.

જે દિવસે ઉત્તરકાશી પહોંચ્યા તે જ દિવસે 'ધ હિંદુસ્તાન ટાઈમ્સ'માં સમાચાર તરીકે એક વાત વાંચવા મળી. ઉત્તરકાશીના વિસ્તારમાં પ્રચલિત પહાડી બોલી ઈન્ડો-આર્યન ભાષાઓમાં સૌથી પ્રાચીન છે અને સંસ્કૃત કરતાંય પહેલાંની છે. આ તારણ એક જર્મન વિદ્વાનનું છે. આવી સિનિયરમોસ્ટ તપોભૂમિમાં સાત દિવસ રહેવાનું બન્યું.

આવી મળેલી જથ્થાબંધ નવરાશ ખૂબ જ વહાલી લાગી. ખાનગી વાત કહું તો નવરાશ મારી પ્રિયતમા છે ને કાર્યપરાયણતા મારી પત્ની છે. છતી પત્નીએ મારી રહીસહી હિંમત એકઠી કરીને કહું છું કે હું પણ આખરે માણસ છું અને તેથી મને મારી પ્રિયતમા પ્રત્યે છાનો પક્ષપાત છે. પત્ની સતત સાથે હોય છે તેથી એની પ્રતીક્ષા નથી કરવી પડતી. પ્રિયતમાનું સઘળું સૌંદર્ય પ્રતીક્ષામાં રહેલું છે. પ્રત્યેક પત્નીએ પોતાની પ્રતીક્ષા કરવી પડે એવી તક પતિને પૂરી પાડવી જોઈએ. પતિએ પણ પત્નીને આવો લહાવો આપવો જોઈએ. નવરાશની ભવ્યતામાં ઉમેરો થાય એવું ઘણું બધું ઉત્તરકાશીમાં હતું. ત્યાં પહોંચ્યા પછી જાણ્યું કે લોકશિક્ષક મોરારિબાપુની કથા ચાલી રહી હતી.

હિમાલયની પહાડીઓમાં વાદળોનો સત્સંગ થયો. રતિલાલ 'અનિલ'ના શબ્દોમાં કહું તો એ 'પાણીપોચાં અને પેટછૂટાં' વાદળો મને નવરાશ જેટલાં જ વહાલાં લાગ્યાં. પહાડના ખભા પર કલાકો સુધી એક વાદળ બેસી રહે અને પછી મન થાય ત્યારે ભોળી મુગ્ધાની માફક વરસી પડે. એ મોકળે મને છૂટી પડે ત્યારે દેવદારને પાંદડે પાંદડે મોતી ! પ્રત્યેક ટીપું મહાસાગરનો પુનર્જન્મ થયો એ વાતની પ્રતીતિનું કાવ્ય ગણાય. પ્રતીક્ષાથી તે પ્રતીતિ સુધીની જીવનયાત્રાનો મર્મ પામવા માટે એકવાર ઉત્તરકાશી જવા જેવું છે. કશુંક મૂલ્યવાન પામવામાં મળેલી નિષ્ફળતાનું પણ મૂલ્ય છે.

**ઉત્તરકાશીથી પણ વધુ ઊંચાઈએ ગંગોત્રી આવેલું છે હિમાલયનાં ઉત્તુંગ શિખરોમાંથી ઊતરી આવતા એક વિશાળ હિમપ્રવાહમાં સમુદ્રની સપાટીથી ૧૩ હજાર ફૂટ ઊંચે ભારતની પવિત્ર લોકમાતા ગંગાનું મૂળ છે. વિરાટ હિમરાશિની વચ્ચે એક નાનકડા સ્ત્રોતરૂપે વહેતી થતી ગંગાનું એ પ્રાક્ટ્યસ્થાન ગંગોત્રી પ્રત્યેક ભાવિક હિંદુના હૃદયમાં અનોખી ભક્તિ પ્રેરે છે**

મહાસાગરનું અવતારકૃત્ય કલાકો સુધી જોતાં રહીએ અને પાંદડા પરથી ટીપું ખરી પડે ત્યારે થાય કે ગંગાવતરણ થયું. હિમાલય એ જ શિવાલય છે એવી પ્રતીતિ થાય ત્યારે માંડ સમજાય કે પ્રત્યેક વૃક્ષને પાંદડે પાંદડે થતું ટીપાં-અવતરણ એટલે જ ગંગા-અવતરણ. હિમાલય હોય અને ગંગા-યમુના હોય એ દેશમાં ગરીબી પણ હોય એ વાત જ ગળે ન ઊતરે તેવી છે.

રામાયણની કથા સાંભળવાનો લહાવો મળ્યો. રોજ રાત્રે શ્રી મોરારિબાપુ સાથે વાતો થઈ. અનાયાસ અહીં બે સુંદર પ્રવાહોમાં સ્નાન કરવાનો સુયોગ પ્રાપ્ત થયો. એક તો ભાગીરથીનો જળપ્રવાહ અને બીજો રામાયણનો કથાપ્રવાહ. બંને ચિત્તને પ્રસન્નતા આપનારા અને મનને શીતળતા આપનારા.

ઉત્તરકાશીથી પણ વધુ ઊંચાઈએ ગંગોત્રી આવેલું છે હિમાલયનાં ઉત્તુંગ શિખરોમાંથી ઊતરી આવતા એક વિશાળ હિમપ્રવાહમાં સમુદ્રની સપાટીથી ૧૩ હજાર ફૂટ ઊંચે ભારતની પવિત્ર લોકમાતા ગંગાનું મૂળ છે. વિરાટ હિમરાશિની વચ્ચે એક નાનકડા સ્ત્રોતરૂપે વહેતી થતી ગંગાનું એ પ્રાક્ટ્યસ્થાન ગંગોત્રી પ્રત્યેક ભાવિક હિંદુના હૃદયમાં અનોખી ભક્તિ પ્રેરે છે. ગઢવાલની પર્વતમાળામાં છેક ઉત્તરે હિમાલયની ભારતીય બાજુએ અને સતલજ, સિંધુ તથા બ્રહ્મપુત્રાના મૂળથી લગભગ સોએક માઈલ દૂર આવેલા આ સ્થાનની યાત્રાની ઊંડી અભિલાષા ભારતવાસીઓના હૃદયમાં સદીઓથી રહેતી આવી છે. અહીં ગંગા ભાગીરથીના નામથી ઓળખાય છે.

એક દિવસ અને રાત ગંગોત્રી રહેવાનું બન્યું. જે દિવસે અમે ત્યાં પહોંચ્યાં તે જ દિવસે ગંગા-દશહરાનો મેળો હતો તેથી ભીડનો પાર નહીં. ભીડથી બચવા ગોમુખ જવાનું ગોઠવ્યું. ગંગોત્રીથી ગોમુખ જતી વખતે ભેખડની ધારે ધારે ચાલતી વખતે એક બાજુ પર્વતનું પિતૃત્વ અને બીજી બાજુ ખીણનું માતૃત્વ એકસાથે જોવા મળે. પ્રાણવાયુનું પ્રમાણ ઓછું તેથી થાક જલદી લાગે. મિત્રની તબિયત લથડી તેથી ગોમુખ જઈ ન શકાયું. નાનકડા રસ્તા પર ચાલતી વખતે થોડાંક અધ્ધર થઈને ખીણ પર છવાયેલા આકાશમાં ઊડું ઊડું થઈ રહ્યાં હોઈએ એવો ભાવ જાગે. મનમાં વિચારો ઊભરાય અને વાસ્તવિકતા તો ખીણને તળિયે દૂર નીચે રહી જાય. ઈલા વ્હીલર વિલોક્ષ સાચું કહે છે : વિચારોને પણ પાંખો હોય છે. આવું બને ત્યારે પ્રવાસને યાત્રાનો દરજ્જો પ્રાપ્ત થાય. હિમાલય જુદાં જુદાં સ્થળોએ જૂજવાં રૂપ ધારણ કરે છે. બદરી-કેદારમાં એ ઋષિમુદ્રા ધારણ કરે છે. ઉત્તરકાશીમાં એ સાધકમુદ્રા ધારણ કરે છે, ગંગોત્રી-જમનોત્રીમાં એ માતૃમુદ્રા ધારણ કરે છે, કુલુ-મનાલીમાં એ ગૃહસ્થમુદ્રા ધારણ કરે છે, મસૂરી તથા સિમલામાં એ મહાજનમુદ્રા ધારણ કરે છે અને કૈલાસ-માનસરોવર આગળ એ શિવમુદ્રા ધારણ કરે છે. જેવી આપણી શ્રદ્ધા તેવી એની મુદ્રા !

★ ★ ★

અંગ્રેજોના ઉચ્ચારદોષોએ ઘણા સુંદર નામો મચડી નાખ્યાં. 'તાપી' જેવું જોડાક્ષર વગરનું નામ પણ તેઓની જીભે

ન વળગ્યું તેથી 'ટાપ્ટી' બની ગયું. 'ગંગા'ને 'ગેન્જીસ' કહેવામાં ઉચ્ચારની સરળતા વધી કે ઘટી ? આ મર્યાદાને કારણે શતદ્રુ નદી સતજ તરીકે, વિતસ્તા જેલમ તરીકે, ઈરાવતી રાવી તરીકે, ચન્દ્રભાગા ચિનાબ તરીકે અને વિપાશા બીઆસ તરીકે જાણીતી બની. આવી પાંચ હિમાલય કન્યાઓનો પ્રદેશ તે પંચનદ એટલે કે પંજાબ. મનાલીમાં પાંચ દિવસ બીઆસની ધાર પર આવેલી હોટેલમાં રહેવાનું બન્યું. બીઆસ એટલી નજીક કે ઝરૂખામાંથી એમાં ઝંપલાવી શકાય. વિચાર આવે કે ઝડપભેર વહી જતાં આ જળબિંદુઓને ખબર પણ નહીં હોય કે પોતે ભારતમાં રહેશે કે પાકિસ્તાનમાં. જળબિંદુની રાષ્ટ્રીયતા હોઈ શકે ? તરસને વળી નામ, રૂપ અને રાષ્ટ્ર સાથે શી લેવાદેવા ! સરિતા એટલે ખળખળ વહેતી કવિતા.

પર્વત જ્યારે હિલસ્ટેશન બની જાય ત્યારે એનું પર્વતપણું થોડુંક નષ્ટ થાય છે. મનાલીમાં નાની નાની ઓરડીઓમાં વીડિયો ફિલ્મના ચારચાર શો ચાલે છે. એ ફિલ્મમાં પણ પર્વત અને ઝરણાં જોવાનાં મળતાં હશે ને ! બહાર ચોવીસે કલાક વિપાશાની (બીઆશની) તરંગલીલા અને નાદસમાધિ ચિત્તને સ્વસ્થતા અર્પે. ચારે બાજુ હિમાલયનાં શિખરો દેખાયાં કરે. જ્યાં આગળ લીલેરો ઢાળ પૂરો થાય ત્યાં ઠેઠ ઊંચે હિમાચ્છાદિત શ્વેતશિખરો ડોકું કાઢે. બરફના સામ્રાજ્ય પર સૂરજનાં કિરણો પડે અને વળી વાદળોના પડછાયા પણ ખસતા રહે. આવા એક શ્વેતશિખર પર મોટરમાર્ગે પહોંચવાનું થયું ત્યારે સુંદરતા સાથે શિખરના ઢાળ પર પડેલી કડકડતી વાસ્તવિક્તાનો પરચો પણ મળ્યો.

**બીઆસ એટલી નજીક કે ઝરૂખામાંથી એમાં ઝંપલાવી શકાય. વિચાર આવે કે ઝડપભેર વહી જતાં આ જળબિંદુઓને ખબર પણ નહીં હોય કે પોતે ભારતમાં રહેશે કે પાકિસ્તાનમાં. જળબિંદુની રાષ્ટ્રીયતા હોઈ શકે ? તરસને વળી નામ, રૂપ અને રાષ્ટ્ર સાથે શી લેવાદેવા ! સરિતા એટલે ખળખળ વહેતી કવિતા. પર્વત જ્યારે હિલસ્ટેશન બની જાય ત્યારે એનું પર્વતપણું થોડુંક નષ્ટ થાય છે**

ઘણા ગુજરાતીઓ અહીં આવે છે. હજારો કિલોમીટર વટાવીને અહીં આવેલો ગુજરાતી પોતાની સાથે સામાનની પેટીમાં થોડું થોડું અમદાવાદ-સુરત-વડોદરું લેતો આવે છે. અહીં પણ એ ઠરીને બેસતો નથી. દાણચોરીની ઘણીબધી ચીજો અહીં સસ્તી મળે છે. અહીંની બજારમાં તિબેટી લોકો ઊનની બનાવટો અને ચીની વસ્તુઓ વેચતા હોય છે. લોકો ઊનનો ધાબળો અહીં કેટલો સસ્તો પડ્યો તેની ચર્ચામાં એટલો વખત બગાડે કે પડખે વહેતી વિપાશાને કાન માંડીને સાંભળવાનું બાજુએ રહી જાય છે. ગમે તેવા રમણીય સ્થળે આપણે આપણી રોજિંદી ગંદકી લઈને પહોંચી જઈએ છીએ. આવી રોજિંદી ગંદકીનું એક લોકપ્રિય પ્રતીક ટ્રાન્ઝિસ્ટર છે. વળી ઘરાકીની ખાતરી મળે તો વેપારીઓ એવરેસ્ટની ટોચ પર પણ ભેળપુરીની દુકાન માંડે. અહીંની પહાડી પ્રજાને પણ હવે આપણા મેદાની ચસકાઓ લાગી ચૂક્યા છે. અહીંથી પાછો ફરતો કોઈ અમદાવાદી પોતાની સાથે થોડુંક મનાલી લઈ જતો હશે ખરો ? હિમાલય અહીં હિલ-સ્ટેશન બની ગયો છે.

વિપાશાને ઉગમણે કાંઠે લેહ જતાં માર્ગ પર વસિષ્ઠ નામનું ગામ આવેલું છે. થોડે દૂર ગરમ પાણીના ઝરામાં લોકો સ્નાન કરવા જાય છે. વસિષ્ઠ ગામ તરફ જતી સડકની ધાર પર શક્તિ ઢાબામાં રોટી, આલુ-પરાઠે, ચેવટી દાળ, ખીર, ભાત, રાજમા, આલુમટર, દૂધ, દહીં, ચા અને કૉફી સાવ સસ્તા દરે મળે છે. ઢાબાનો માલિક કહો, રસોઈયો કહો, ગલ્લા પર બેસી પૈસા લેનારો મેનેજર કહો કે પાણીના ગ્લાસ અને ડિશ આપનારો તથા ધોનારો નોકર કહો - જે કહો તે હરિનામ. હિમાલયના ખોળે જન્મીને આધેડ વયે પહોંચેલો હરિનામ પહાડી ખમીર ધરાવતો સીધોસાદો અને માલિકથી ડરનારો ઈન્સાન છે.

આ નાના અમથા ઢાબામાં દુનિયાના બધા દેશોનાં યુવક-યુવતીઓ ખાવા માટે આવે છે. હિપ્પી યુગલો ખાખી બીડી સાથે ચરસનો દમ મારી રહ્યાં હતાં. હિપ્પીઓમાં 'યુગલ' શબ્દનો અર્થ 'પતિપત્ની' થતો નથી. ઢાબામાં માથું ફાડી નાખે એવી વાસ ફેલાઈ ગઈ. એ લોકો ગયા પછી ત્યાં બેઠેલા શંકરે અમને પોતાનો જાત-અનુભવ કહ્યો. 'સાબ! નશા ઐસી ચીઝ હૈ કિ આદમી ભૂલ જાતા હૈ, અપની મા કૌન ઔર અપની બહન કૌન ! ચરસ કી બાત ઔર હૈ. વો લેને કે બાદ તીન આદમી એક સાથે દિખાઈ દેતે હૈ. આદમી કો માલૂમ નહીં રહેતા વો કહાં હૈ ઔર ક્યા હો રહા હૈ.'

હરિનામે છેલ્લાં ત્રણ વર્ષથી આલુ-પરાઠેના ભાવમાં વધારો કર્યો ન હતો. અમે એને કહ્યું કે એકને બદલે બે રૂપિયા ખુશીથી લઈ શકાય. એણે હાથ જોડીને કહ્યું : 'દેખિયે સાબ ! દિનભર કઈ મહેનત કે બાદ જો મિલતા હૈ વો કાફી હૈ. જ્યાદા કમાને કી જરૂરત ક્યા હૈ ?' મુંબઈ-દિલ્હીની તાજ કે ઓબેરોય હોટેલને છેક બીજે છેડે આવેલી આ હોટેલ (ઢાબા)માં મળતી વાનગીઓ સ્વાદમાં કેવી? જવાબ : બહારનો દેખાવ, બહારની સ્વચ્છતા અને લઘરા દેખાતા હરિનામને ભૂલી જઈએ તો દેશની કોઈપણ મોંઘી હોટેલ કરતાં સ્વાદમાં શક્તિ ઢાબાની વાનગીઓ ચડી જાય.

મિત્ર નવનીત દવે સાથે એક સાંજે વિપાશાના પુલ પર મગફળીના દાણા ફાકતો બેઠો હતો ત્યાં એક મસ્ત ફકીર જેવા આવારા આદમીએ અમને સાદ પાડ્યો. એનું નામ ભૂપેન્દ્ર જાગીરદાર. સામાને પ્રભાવિત કરે એવું કશુંય આ માણસ પાસે નથી. ગુજરાતમાં સમાજવાદી પક્ષ સ્થપાયો ત્યારે એ આદમી લોહિયાના રંગે રંગાયો અને પછી ઈંદુલાલ યાજ્ઞિકના

રવાડે ચડેલો. અમદાવાદમાં વકીલાત કરેલી. પરંતુ પત્નીના દેહવિલય પછી 'ભલુ થયું ભાંગી જંજાળ' જેવા શબ્દો ઓચર્યા વગર એ હિમાલયઘેલો બની ગયો. નિષ્ઠાવાન નાસ્તિક હોવાને કારણે એની હિમાલયપ્રીતિમાં ભક્તિનું તત્ત્વ સદંતર ગેરહાજર, પણ અલગારી રખડપટ્ટીનો રાખોડી રંગ એવો કે સાધુઓએ પણ વળગણમુક્તિના પાઠ એની પાસે શીખવા પડે. દોઢિયાની કમાણી નહીં અને ઢગલાબંધ ફુરસદ !

આવારા મસીહા જેવા આ મસ્તરામની જરૂરિયાત આટલી ઓછી કે કોઈને ભારે ન પડે. કોઈ મિત્ર સો રૂપિયા આપવા તૈયાર થાય અને જો જરૂરિયાત પચાસની હોય તો એ ભાઈ પચાસ પાછા વાળે, વ્યસનમાં દાંતે છીંકણી ઘસવાની ટેવ ખરી, પરંતુ રામ ભરોસે હિંદુ હોટેલ (ઢાબા)માં એક રૂપિયાના આલુ-પરાઠા સાથે મફત મળતી ફુદીનાની ચટની ખાઈને દિવસ ખેંચી કાઢે. પગે ચાલવામાં આળસ કે થાક શું તેનો એને ખ્યાલ જ નથી. જરૂર પડે તો હિમાલયના કોઈ ખડકને ખોળે કામળો ઓઢીને રાતે પડી રહેવાની તૈયારી. ગરીબો પ્રત્યેની હમદર્દી એવી કે શોષકોને અંગત દુશ્મનો ગણીને ભાંડે. દુનિયામાં ખરેખરા સામ્યવાદી બે જ થયા : એક સ્મશાનભસ્મ ચોળીને હિમાલયમાં નિવાસ કરનારા શિવજી અને બીજો હિમાલયમાં અલગારી રખડપટ્ટી માણતો ભૂપેન્દ્ર જાગીરદાર, માર્ક્સવાદને ખરેખર સમજવો હોય તો આ આદમીને જોઈ લેવો.

મેલખાઉ પહેરણમાં પડેલી નાની અમથી ડાયરીમાં હિમાલયની ગોદમાં વસતી પ્રજાઓની વિશિષ્ટતાઓ એણે નોંધી છે. કશુંક વ્યવસ્થિત લખવાનું એને ન ફાવે. જો એ ધારે તો હિમાલયની ખૂબીઓ પર એક અધિકૃત ગ્રંથ આપણને મળે. લેકિન વો દિન કહાં કી ભૂપેન્દ્ર કે પાંવમેં...

એણે અમારી સાથે વાતો માંડી. અહીંની પહાડી પ્રજા કદી ચોરી ન કરે, કોઈની વાડીમાંથી સફરજન પણ ન ચોરે. આ અર્ધરખડું અને મેલાઘેલા લોકો શિયાળામાં નીચે મેદાનમાં રહેવા ચાલી જાય અને ઉનાળામાં પાછા ઉપરવાસ જઈને ઘરે રહે. જ્યારે નીચે રહેવા જાય ત્યારે ઘરે તાળું ન મારે તોય કોઈ ચીજ જાય નહીં. આ લોકો ચોખામાંથી બનતું તાડી જેવું પાણી પીએ જેને 'લુગડી' કહે છે. ચંબા વિસ્તારમાં ગદી જાતિના લોકો રહે, કિન્નોર વિસ્તારમાં કિનારા જાતિના લોકો રહે અને બંને વિસ્તારમાં ગુજ્જર મુસ્લિમો રહે, એમ ત્રણ મુખ્ય જાતિઓ અહીં વસે છે. કિન્નોર વિસ્તારની સ્ત્રીઓ દેખાવે અત્યંત સુંદર અને સ્વર્ગના દેવોને લોભાવે તેવી. સ્વર્ગની કિન્નરીઓ, આ જ પ્રદેશની હશે ! ગુજ્જર મુસ્લિમો માત્ર ભેંસ અને ઘોડા પાળે છે. જોન સાર બાવર(ઉત્તરકાશી જિલ્લો) પ્રદેશમાં માત્ર મોટો ભાઈ જ પરણે અને એની પત્ની દ્રૌપદીની માફક બધા ભાઈઓની સંયુક્ત પત્ની ગણાય છે. એ પ્રદેશમાં દુર્યોધનની પૂજા આજે પણ થાય છે. મનાલીમાં હિડમ્બાનું મંદિર પણ છે.

લાહોલની સ્ત્રીઓ જ્યારે બનીઠનીને કુલુના મેળામાં આવે ત્યારે પતિ એની સેવામાં ખડે પગે હાજર રહે. એ પ્રદેશનો સમાજ માતૃપ્રધાન છે. પહાડી વિસ્તારોમાં કેટલાક આદિવાસી સમાજો એવા કે લગ્નનાં બંધન સાવ ઢીલાં ! પતિ છૂટો પડે અને પત્ની એને ખોરાકીરૂપે જે રકમ આપે તેને 'મામલા' કહે છે. વિવાહ માટેનો શબ્દ છે 'કુડમાઈ'. 'કુડમાઈ (આપણા ડાંગ પ્રદેશમાં જેને 'બૉલપેન' કહે) દીકરાને ઘરે દીકરા થયા પછી પણ થઈ શકે. અહીંના રિપુત પ્રદેશમાં તો હજી રાંધવાનું શરૂ જ નથી થયું. જવને શેકીને, ખાંડીને, પાણી સાથે ભેળવીને ચાટવાની વાનગી આ લોકો આરોગે છે. એ વાનગીનું નામ 'ત્લાંપા' છે.'

હિમાલયની ખૂબીઓ એટલી છે કે એક જીવન ઓછું પડે. આજકાલ લોકો ટ્રેકિંગ અને માઉન્ટેનિયરિંગમાં ખાસો રસ લેતા થયા છે. ગુજરાતીઓ આમ સુંવાળા અને પોચટ ગણાય, પરંતુ બીજાં રાજ્યોની સરખામણીમાં ગુજરાતનાં યુવક-યુવતીઓ ટ્રેકિંગ માટે વધારે મોટી સંખ્યામાં આવે છે. ભૂપેન્દ્ર જાગીરદાર આમાં ખૂબ જ ઉપયોગી બની રહે છે કારણ કે, પહાડી રસ્તાઓ અને પહાડી મિજાજનો એ જાણતલ છે. વાતવાતમાં મેં પૂછ્યું : 'મહિનાઓ સુધી અહીં રખડવાનું થાય તે દરમિયાન ગુજરાતમાં રહેતી દીકરીઓને કાગળ લખવાની ટેવ ખરી ?' સ્મશાનની ભસ્મ ચોળીને રવડતા બાવાને છાજે એવો જવાબ મળ્યો : 'હું ગુજરાત પાછો ફરું એટલે દીકરીઓ જાણી જાય કે બાપુજી હજી જીવે છે.' પહાડી લોકો દેવીને નરબલિ ચડાવે ત્યારે ક્યારેક વહેમને કારણે પણ અજાણ્યા આદમીને મારી નાખે છે. ભૂપેન્દ્ર જાગીરદાર બે વખત મરતો બચ્યો. કુલુ-મનાલીમાં હિમાલયની પર્સનાલિટી જરા જુદી છે. અહીંની મસ્તીનો રંગ ગેરુઓ નથી. અહીંની મસ્તીનો રંગ છે, 'દમ મારો દમ.'

★ ★ ★

પ્રત્યેક શહેરના સુખી લોકોને પોતાની તાણના ઉત્સર્ગ માટે કો'ક હિલ-સ્ટેશનની ગરજ રહે છે. શહેરી હવામાં ધુમાડાનો ભેગ હોય છે અને ઉનાળાના ઉકળાટમાં ધુમાડો વધારે અસુખ પેદા કરે છે. વળી ધનનો સ્વભાવ પણ ઉષ્ણતા પેદા કરવાનો હોય છે. ઉનાળામાં ઉકળાટમાં પૈસાની ગરમી ભળે ત્યારે મોંઘાદાટ હિલ-સ્ટેશનનોની શીતળ હવા આવકવેરો ભરવાનું ટાળીટાળીને થાકી મરતા જીવોને થોડીક રાહત પહોંચાડે છે.

બે દિવસ મસૂરીનાં વાદળોની વચાળે રહેવાનું બન્યું. હિલ-સ્ટેશનો પર 'સિઝન' શબ્દનો અર્થ બદલાઈ જતો હોય છે. ત્યાં માત્ર બે જ ઋતુઓ હોય છે : એક આંધળી કમાણીની ઋતુ અને બીજી ઝાઝી કમાણી વગરની ઋતુ. એપ્રિલ કે મે મહિનામાં મસૂરી જવાનું સૌને ન પોસાય. સામાન્ય સ્થિતિના માણસોએ જુલાઈ કે ઑગસ્ટમાં મસૂરી જવું, જેથી ઓછા પૈસે વાદળો સાથેની મૈત્રી નિરાંતે માણી શકાય. અહીંની ઊંચી

ટેકરીઓના લીલા ઢાળ પર વાદળોના સીધા સંપર્કમાં કલાકો સુધી રહી શકાય. વરસાદ આપણને પલાળી મૂકે છે. વાદળમાં વીંટળાયેલા હોઈએ ત્યારે પલળી નથી જવાતું તોય મન ભીંજાઈ જાય છે. સામે શુભ્રવસ્ત્રાવૃતા ખીણમાં ઊભેલાં વાદળભીંજ્યાં વૃક્ષોના આકાર પણ નિરાકાર બનીને ધુમ્મસિયા આકાશમાં ઓગળી જતા જણાય છે. વાદળમાં આપણે પ્રવેશતાં નથી, વાદળ આપણને પોતાનામાં સમાવી લે છે.

સવાર પડી તોય સૂરજનું એકાદ રડ્યુખડ્યું કિરણ પણ હજી આ બાજુએ ફરક્યું નથી. દૂર હિમાલયનાં શિખરોને પોતાના પાલવમાં ઢાંકી દેનારાં વાદળોમાં નાનું બાકોરું પાડીને સૂરજે થોડોક તડકો મોકલી આપેલો એ માંડ થોડીક મિનિટો દેવદારનાં વૃક્ષો પર બેઠો, ત્યાં તો બધાં વાદળોએ ભેગાં મળીને એને તગેડી મેલ્યો. પછી તો એ વાદળો એવાં તો વરસી પડ્યાં કે રોપવે પર બેસીને ગનહિલ પૉઈન્ટ પર પહોંચ્યા ત્યાં તો વાદળો વાચાળ બનીને તૂટી પડ્યાં.

અંગ્રેજોના જમાનાની મુદ્રા સાચવીને વિકાસ પામેલું મસૂરી પ્રમાણમાં સ્વચ્છ જણાયું. અહીંની બજાર વચ્ચે આવેલું લક્ષ્મીનારાયણનું મંદિર પણ સ્વચ્છતાને કારણે જુદું પડી આવે છે. આપણાં તીર્થસ્થાનોમાં ગંદકી ખાસી નિરાંત ભોગવે છે. કેદારનાથનાં મંદિરમાં ભોંયતળિયાં એટલાં ચીકણાં કે સરી પડાય. મસૂરીમાં હિમાલયનું ભાવાવરણ ગેરહાજર છે. ધુમ્મસના સામ્રાજ્ય પર જ્યારે અંધારું ઊતરી આવે ત્યારે દહેરાદૂનના દીવાઓ દેખાય છે. મકરન્દ દવેના શબ્દોમાં કહીએ તો રાત્રે દહેરાદૂન અહીંથી 'બત્તીઓના ખેતર' જેવું દેખાય છે.

મસૂરી જેવો જ ઘાટ સિમલાનો થયો છે. હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીના ગેસ્ટહાઉસમાં સમરહિલ પર ત્રણ દિવસ રહેવાનું થયું. પચાસ મીટર છેટે રાજકુમારી અમૃત કૌરનો બંગલો આવેલો છે, જ્યાં ગાંધીજી સિમલા આવતા ત્યારે રહેતા. અહીં ભારતના વાઈસરૉયનું નિવાસસ્થાન(વાઈસરીગલ લૉજ) અત્યંત ભવ્ય ટેકરી પર આવેલું છે. હવે તો ત્યાં ઈન્સ્ટિટ્યુટ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝ ચાલે છે, જ્યાં ભારતના વિદ્વાન પ્રાધ્યાપકોને અભ્યાસ અને સંશોધન માટેની બધી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ મહાલયમાં બર્માનાં જંગલોનું ટીકવૂડ વપરાયું છે. ભારતના ભાગલાનો ઐતિહાસિક નિર્ણય સૌપ્રથમ આ મહાલયના એક ઓરડામાં લેવાયેલો. વળી ઈન્દિરા અને ભુટ્ટો વચ્ચેના સિમલાકરાર પણ આ જ મહાલયમાં થયેલા. સિમલામાં ભીડ વધી પડી છે, પરંતુ આ એક એવી જગ્યા છે, જ્યાં હિમાલયની ભવ્યતા અને ગુલામીના ઈતિહાસની ગંધ સચવાયેલી છે.

પૂરા ત્રણ દિવસ બધી સગવડ સાથે આસપાસનાં સુંદરતમ સ્થળોએ ઘૂમવાનું બન્યું. પરંતુ પરિતોષ ન થયો. હિમાલય હોવા છતાં અહીં કશુંક ખૂટતું જણાયા કરે. ભવ્યતા ઘણી પરંતુ દિવ્યતાના અણસારવાળી ભવ્યતાની મહેક હૃદયને વધારે ભાવે છે. મસૂરી, સિમલા અને કુલુ-મનાલીમાં હિમાલય ખરો પણ એને હિલ-સ્ટેશનની નજર લાગી ગઈ હોય એવું લાગ્યા કરે. કદાચ આ મારા મનની ગ્રંથિ પણ હોઈ શકે.

આપણા દેશના શ્રદ્ધાળુ હિંદુઓને મન તો હિમાલય એટલે બદરી, કેદાર, ગંગોત્રી, જમનોત્રી, જોશીમઠ અને ઉત્તરકાશી જેવાં તીર્થસ્થાનો. વળી ઘણાં લોકો હિમાલયને કેવળ ભારતનો જ મહાન પર્વત ગણે છે. વાસ્તવિક્તા સાવ જુદી છે. માઉન્ટ એવરેસ્ટ, કાંચનજંગા, માઉન્ટ મકાલુ, ધવલગિરિ અને અન્નપૂર્ણા જેવા હિમાલયના ઉત્તુંગ પર્વતબંધુઓ નેપાળમાં આવેલા છે. કાલિદાસે જેને પોતાનાં કાવ્યોમાં સુંદર રીતે પ્રગટ કર્યો તે કૈલાસ પર્વત (માનસરોવર સહિત) તિબેટમાં છે. માઉન્ટ ચુમલહારી ભુતાનમાં છે. નામચા બરવા ગુરલા માંધાતા અને ઉલુઘ મુસ્તાઘ તિબેટમાં છે અને તેથી ચીનમાં છે. હિંદુકુશ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં છે. દિલ્હીથી મોસ્કો વિમાનમાર્ગે જઈએ તો છેક ગઝની અને કાબૂલ સુધી હિંદુકુશનો સંગાથ મળતો રહે છે. મહાબાહુ હિમાલયની વિસ્તરેલી ભુજાઓ રાષ્ટ્રીય સરહદોને ગાંઠતી નથી. હિંદુકુશ એટલે હિમાલયનો પિતરાઈ ભાઈ.

હિમાલય પાસે એવું તે શું છે જે આલ્પ્સ કે કિલિમાંજારો પાસે નથી ? રશિયાના સ્ટેલિના પીક અને લેનિના પીક પર અલાસ્કાના મૅક કીનલે પર, ફ્રાન્સના માઉન્ટ બ્લેન્ક (મો બ્લાં) પર, ચીલીના તુપુન્ગાટો પર, પેરુના યેરૂપાજા પર, આર્જેન્ટિનાના એકાન્કાગ્વા પર પર્વતપણું નથી શું ? જવાબ ઝટ જડતો નથી. હિમાલય સાથેનું અભિસંધાન (કન્ડિશનિંગ) કદાચ આપણને ઠાલા સાંસ્કૃતિક અભિમાન ભણી તાણી જઈને ગેરમાર્ગે દોરે. એક વાત ખરી, હિમાલયમાં તપસ્વીઓએ પોતાનાં હાડ ગાળ્યાં છે. દુનિયાના અન્ય કોઈ પર્વત સાથે પવિત્રતા, શુચિતા અને સાધના સદીઓથી જોડાઈ હોય એવું જાણવા મળતું નથી. પોતાના અસ્તિત્વનો અર્થ ખોળવાનાં ફાંફાં મારનારને હિમાલય મદદરૂપ થાય છે.

પ્રત્યેક પર્વતને પોતીકો મિજાજ હોય છે, પોતીકું રહસ્ય હોય છે. પૃથ્વીની કુલ સપાટીનો ચોથો ભાગ પર્વતો રોકે છે. માનવની વિચારયાત્રા અને વિકાસયાત્રામાં પર્વતનો ફાળો ઘણો કારણ કે સંસ્કૃતિઓ નદીકિનારે પાંગરી, આદિમાનવે પર્વતની અને અગ્નિનું વમન કરનારા જ્વાળામુખીની પૂજા કરી. જગતની પ્રજાઓએ પર્વતોને જુદી જુદી દૃષ્ટિએ જોયા છે. તિબેટનાં લોકોને મન એવરેસ્ટ માતૃદેવી (ગૉડેસ મધર) છે. ગ્રીક લોકોએ પોતાના દેવોને માઉન્ટ ઓલિમ્પસમાં સાચવ્યાં. હિંદુઓએ હિમાલયને શંકરનું નિવાસસ્થાન ગણ્યું. નોહાનો આર્ક(કમાન) માઉન્ટ અરારટમાં સચવાયો છે. મોઝિઝને એનાં દસ ફરમાનો (ટેન કમાન્ડમેંટ્સ) માઉન્ટ સિનાઈમાં પ્રાપ્ત થયાં. ઈસુનો ઉપદેશ 'સર્મન ઓન ધ માઉન્ટ' આપણને સૌને

સ્પર્શી જાય છે. નેપાળ અને તિબેટના આદિવાસીઓ આજે પણ હિમાલયને વાનર જેવા એક પ્રાણીનું નિવાસસ્થાન ગણે છે, જેને તેઓ 'યેટી' કહે છે. પશ્ચિમના લોકો હિમાલયને 'એબોમિનેબલ સ્નોમેન' એટલે કે 'ખરાબ હિમમાનવ' તરીકે ઓળખાવે છે.

માનવજાતનો ઇતિહાસ પર્વતો તરફથી પ્રાપ્ત થયેલા આશીર્વાદની વાર્તા જેવો જણાય છે. પર્વત પરથી વહેતી સાક્ષાત કરુણાને નદી કહે છે. ઉત્તરના પ્રદેશો તરફથી થતાં આક્રમણોથી રોમન સામ્રાજ્યનું રક્ષણ કરવામાં આલ્પ્સનો ફાળો રહ્યો છે. નાનકડા સ્વિટ્ઝર્લૅન્ડને પર્વતોનું રક્ષણ મળ્યું તેથી, બે વિશ્વયુદ્ધો દરમિયાન એ દેશ પોતાની તટસ્થતા જાળવીને યુદ્ધમુક્ત રહી શક્યો. 'નગર' શબ્દની વ્યુત્પત્તિ 'नगैः रक्षितम् इति नगरम्' (પર્વતોથી રક્ષાયેલું તે નગર) થાય છે. ભારતની વાયવ્ય સરહદે પર્વતોની ચોકીપહેરો હતો, પરંતુ ખૈબરઘાટ અને બોલનઘાટ જેવા માર્ગોને કારણે સમગ્ર ભારતીય ઉપખંડનો ઇતિહાસ વારંવાર પડખું ફેરવતો રહ્યો; એની ભૂગોળ ભરડાતી રહી અને એની સંસ્કૃતિ વમળાતી-અમળાતી રહી.

બધા પર્વતો સ્વભાવે સરખા નથી હોતા. કેટલાક ગીચ જંગલોથી ઢંકાયેલા હોય છે અને કેટલાક માણસના માથાની ટાલ જેવા વેરાન હોય છે. ઓરિઝોનાના રણપ્રદેશમાં આવેલા પર્વતો શિયાળામાં બરફથી છવાયેલા અને ઉનાળામાં સાવ રેતાળ હોય છે. પર્વતોમાં વસનારાં પશુપંખીઓનું વૈવિધ્ય પણ મનોહર હોય છે. સાહસવીરો, વેપારીઓ, પ્રવાસીઓ અને સાધુઓને પર્વતો સદાય આમંત્રણ આપતા રહ્યા છે. માર્કોપોલો પર્વતો ખૂંદીને પ્રવાસ કરતો જ રહ્યો. સ્કૉટલૅન્ડનો પ્રકૃતિપ્રેમી થોમસ થોમસન તો લગભગ પર્વતમિત્ર બની રહ્યો. અમેરિકન સાહસવીર એલેકઝાંડર ગાર્ડિનર જીવનભર પર્વતો ખૂંદતો રહ્યો. એને 'મેડ મિશનરી'નું બિરુદ મળ્યું. જાણીતા ધર્મપ્રચારક જૉસેફ વોલ્ફે હિંદુકુશ પર્વત સાવ નગ્ન દશામાં પસાર કરેલો. તેનસિંગ અને હિલરી એવરેસ્ટના વિજેતા તરીકે ઓળખાયા, પરંતુ વાસ્તવમાં તો તેઓ એવરેસ્ટના લાડકા પર્વતપુત્રો ગણાય. આ સંદર્ભે વપરાતો 'વિજય' શબ્દ હિમાલયની ઊંચાઈ આગળ વામણો અને છીછરો લાગે છે.

પર્વતો પર અનેક પુસ્તકો લખાયાં. કાકાસાહેબ કાલેલકરે 'હિમાલયનો પ્રવાસ'માં હિમાલયને જાણે જીવતો કર્યો છે. ગુજરાતી ગદ્યને પોતાની પ્રવાસપ્રીતિથી સમૃદ્ધ કરનારા મિત્ર ભોળાભાઈ પટેલે પણ 'દેવાત્મા હિમાલય' અને 'કાંચનજંઘા' પુસ્તકો આપ્યાં છે.

પર્વતો એટલે કાલદેવતાના લાડકા પુત્રો, ઇતિહાસમાં ડોકિયું કરીએ તો સમજાય કે ઘણીખરી ઐતિહાસિક ઘટનાઓનો 'આંખો દેખા હાલ' પર્વતો પાસે સચવાયો છે. સિકંદર ભારત આવ્યો તે પર્વતો વટાવીને આવ્યો. પછી તો ઘણા બધા આવ્યા: મહંમદ ગઝની, મહંમદ ઘોરી, ઝહીરુદ્દીન બાબર, નાદિરશાહ અને બીજા અનેક. પર્વતો પ્રકૃતિની લીલાને અને માણસજાતના ઇતિહાસને સાક્ષીભાવે જોતા રહ્યા છે. તેઓ પ્રકૃતિની લીલામાં પરોવાય છે અને છતાંય એમ્પાયરની માફક પોતાની તટસ્થતા જાળવી રાખે છે.

એક રીતે જોઈએ તો પર્વતો માણસ જેવા હોય છે. તેઓ જન્મે છે, ઘરડા થાય છે અને છેવટે મરી પણ જાય છે. કોઈ અકળ કૉસ્મિક પરિબળોને કારણે તેઓ ધરતીમાંથી ઊપસી આવે છે અને ખડકોનો વિપુલ દ્રવ્યરાશિ મોટા વિસ્તારમાં પથરાઈ જાય છે. બ્રહ્મા ધરતીનું લીંપણ કરવા બેઠા ત્યારે અનેક જગ્યાએ છાણની મોટીમસ દડકીઓ પડી ગઈ અને પર્વતો બન્યા. પવન, વરસાદ અને બરફ કાળક્રમે ખડકાળા પર્વતોને ધીમેધીમે દળતા રહે છે. પર્વતો પર ઘસારો(ડેન્યુડેશન) થાય છે અને મેદાનોમાં નવરચના (ડિપોઝિશન) થાય છે. પર્વતો ધીમે ધીમે ક્ષીણ થતા રહે છે અને માટીમાં એકરૂપ થતા રહે છે. ખડકોમાંથી શિલાઓ બને છે અને શિલાઓ ગબડીને ટોચ પરથી તળેટીમાં નાના પથરાઓ રૂપે પહોંચે છે ત્યારે સાથે માટી પણ લેતી જાય છે. અંગ્રેજીમાં જેને 'લેન્ડસ્લાઈડ' (એવેલાન્સે) કહે છે તે વાસ્તવમાં તો પર્વતનું અહંવિસર્જન હોય છે. પ્રતિક્ષણ આ પ્રક્રિયા ચાલતી જ રહે છે. લોકો કહે છે કે ભેખડ ધસી પડી.

કેટલાક પર્વતો બાલ્યાવસ્થામાં હોય છે, કેટલાક આધેડ વયના હોય છે અને કેટલાક ખાસા ઘરડા હોય છે. સ્કૉટલેન્ડના ઉચ્ચપ્રદેશો વિશાળ પર્વતમાળાના અવશેષો ગણાય છે. કહે છે કે એક કાળે એ પર્વતમાળા આટલાન્ટિક મહાસાગરને બાથમાં લઈને ઊભી હતી. આ પર્વતોની ઉંમર ચાળીસ કરોડ વર્ષની માંડવામાં આવે છે. અમેરિકાની એપલેશિયન પર્વતમાળા અને રશિયાની યુરલ પર્વતમાળા પચ્ચીસ કરોડ વર્ષની ઉંમર ધરાવે છે. કારાકોરમ, હિંદુકુશ અને હિમાલયની પર્વતમાળાની ઉંમર માંડ સાત કરોડ વર્ષની ગણવામાં આવે છે. હિમાલય વિશ્વનો સૌથી મોટો અને સૌથી ઊંચો પર્વત ખરો, પરંતુ ઉંમરની દૃષ્ટિએ તો એ બાળક જ ગણાય. એના કરતાં વયમાં ગિરનાર, વિંધ્યાચલ અને અર્બુદાચલ (આબુ) મોટા ગણાય.

પર્વતની ટોચ પર મહાપ્રયત્ને પહોંચેલો માણસ આકાશના પરિચયમાં આવે છે. પૃથ્વીતત્ત્વ લગભગ ખરી પડે છે અને વાયુતત્ત્વ, તેજતત્ત્વ અને આકાશતત્ત્વ રહી જાય છે. અપરિચયના પ્રદેશમાં બસ એક છલાંગ (એ લીપ ઈન ટુ ધ અનનોન) અને પરિચયનો પ્રદેશ ખતમ ! પ્રતિક્ષણ હિમાલય પીગળતો રહે છે, પ્રતિક્ષણ ઝરણાં વહેતાં રહીને નદીમાં આત્મસમર્પણ કરતાં રહે છે અને પ્રતિક્ષણ મહાસાગરનું ઊર્ધ્વગમન-આકાશગમન થતું રહે છે. આ જ છે, તરસની કવિતા અને કવિતાની તરસ !

કૈલાસ-માનસરોવર જવાનું થયું નથી. 'મેઘદૂત'માં મહાકવિ કાલિદાસે પૂર્વમેઘમાં કૈલાસ અને માનસરોવરને

સંભાર્યા છે. રામગિરિ પર્વત પર પત્નીના વિયોગે વ્યાકુળ બનેલો યક્ષ મેઘને નીચે પ્રમાણે કહે છે :

- દેવાંગનાઓના દર્પણસમા કૈલાસ પર્વતનો તું મહેમાન થજે. (कैलासस्य त्रिदशवनिता दर्पणस्यातिथिः स्याः)

- કૈલાસ એટલે બધી દિશાઓમાંથી એકઠું થયેલું શિવનું અટ્ટહાસ્ય. (राशीभूतः प्रतिदिशमिव त्र्यम्बकस्याट्टहासः)

- ઘીમાં કાલવેલા સુંવાળા અંજનની આભાવાળો તું જ્યારે તેના (કૈલાસના) શિખર પર બેસીશ ત્યારે તાજા છેદેલ હાથીદાંત જેવા ગૌર પર્વતની શોભા, હળ ઊંચકનારા બલરામે પોતાના ખભા પર ધારણ કરેલા શ્યામ વસ્ત્ર જેવી, સ્થિર નયને નીરખવા જેવી થશે.

- તે ક્રીડા પર્વતમાં સર્પોનાં કંકણનો ત્યાગ કરી, શંભુએ આપેલો હાથ (शंभुनादत्तहस्ता) ઝાલી, જો પાર્વતી પગલાં ભરતી વિહાર કરે તો તું જલનો ધોધ અંતરમાં કે તારા શરીરને ઊંચુંનીચું એવી રીતે ગોઠવજે કે તેને મણિશિખર ઉપર ચડવાની સીડી તું આગળથી બનાવી શકે.

- સોનેરી કમળ ખીલવતું માનસરોવરનું જળ તું પીજે. ઐરાવતના મુખ પર થોડો વખત વસ્ત્ર બનીને છવાઈ રહેજે.

- વાયુ જેમ રેશમી વસ્ત્ર લહેરાવે તેમ તું કલ્પવૃક્ષની કૂંપળોને હલાવજે. પ્રિયતમા જેવા (प्रणयिन इव) તે (કૈલાસ) ના ખોળામાં સરી પડેલા ગંગારૂપી વસ્ત્રવાળી અલકાનગરીને જોઈને...

માનસરોવરની શોભા કેવી હશે ? મૈસુર યુનિવર્સિટીના કેમ્પસનું મજાનું નામ છે. : 'મનસગંગોત્રી' કૈલાસ અને ગંગા આપણા ભાવજગતમાં અનેરું સ્થાન ધરાવે છે. દુનિયાના અનેક કૂવાઓનાં અને દુનિયાની અનેક નદીઓનાં પાણી પીધાં પછી કહેવાનું પ્રાપ્ત થાય છે કે હરદ્વારમાં ગંગાના પાણીની જે મધુરતા છે તે અનન્ય છે. હરદ્વાર જાઉં ત્યારે એ પાણી હું લગભગ સ્વાદિષ્ટ પીણું પીતો હોઉં એ રીતે પીઉં છું. ગંગા તેરા પાની અમૃત !

ભારતના લોકો સદીઓથી કૈલાસ પર્વતને શિવનું નિવાસસ્થાન ગણતા આવ્યા છે. શિવને કૈલાસપતિ પણ કહે છે. પર્વતને 'ક્ષિતિધર' એટલે કે 'પૃથ્વીને ધારણ કરનારો' ગણવામાં આવે છે. પૃથ્વી પર પાંગરેલા જીવનનું ધારણપોષણ પર્વત પરથી વહેતી જીવનધારાને કારણે થતું રહે છે. કૈલાસનું વાયુમંડળ શિવત્વથી ભરેલું છે. ત્યાં ખાસ વિસા લઈને જઈ આવેલા મિત્રોની વાતો સાંભળવાનો લહાવો લીધો છે. ફોટાઓ જોયા છે. અધૂરી રહી ગયેલી ઈચ્છા પણ જ્યારે ભવ્યતા અને દિવ્યતા સાથે જોડાયેલી હોય ત્યારે મનને ઊંચે લઈ જનારી બનીને સાર્થક થાય છે. કૈલાસ-માનસરોવર નથી જઈ શકાયું તેનો રંજ નથી. કરોડો ભાવિક ભક્તજનો માટે 'કૈલાસ' કોઈ પર્વતનું નામ નથી પરંતુ શિવનું આલય છે, શિવનું આલય(શિવાલય) જ નહીં, મૂર્તિમંત સાક્ષાત્ ભગવાન શિવ પોતે છે. દુનિયાની બીજી કોઈ સંસ્કૃતિમાં પર્વતમાં પરમેશ્વરનું દર્શન આટલું જીવંત બન્યું હશે ખરું ?

ભારતવર્ષ પર અનેક રાજાઓ, સમ્રાટો, મહારાજાઓ અને નવાબો રાજ્ય કરી ગયા. અહીં પરદેશી શાસકો પણ આવ્યા અને ગયા. કંઈ કેટલાયે રાષ્ટ્રપ્રમુખો અને વડાપ્રધાનો આવશે અને જશે. કાલદેવતાની લીલા ચાલ્યા જ કરશે. ઋતુઓનાં આવર્તનો થતાં રહેશે. સમુદ્રનો સળવળાટ અને નદીઓની ગતિશીલતા નિરંતર જીવંત રહેશે. રાજ્યશાસનની એટલે કે લોકશાસનની ઊથલપાથલ, સત્તાની ફેરબદલી અને પ્રજાની ચડતીપડતી થયા કરશે. આ બધી પ્રમાણમાં નાની ઘટનાઓની વચાળે પણ એક ઘટનાને ખાસ અસર નહીં પહોંચે. આ વિશાળ ઉપખંડના જીવનસમગ્ર પર નગાધિરાજ હિમાલયનો પ્રભાવ સદાય રહેશે.

પરમ કલ્યાણકારી એવા અચલ, અકૃત્રિમ, અનાકુલ, નિષ્પ્રપંચ, વૃક્ષાકાર, મેઘસ્વરૂપ ભગવાન શિવની સત્તા (સત્ + તા) અને શક્તિ (ઊર્જા -એનર્જી)ની કૃપા અનંત કાળ સુધી ભારતવર્ષને પ્રાપ્ત થતી રહેશે. હિમાલય ખરા અર્થમાં 'લોકમહેશ્વર' છે અને એ જ એની લોકપ્રિયતાનું અને એના પ્રત્યેના ભક્તિભાવનું રહસ્ય છે. એની યાત્રા કર્યા વગર મરવાનું ન પાલવે. યાત્રાની ફલશ્રુતિ બાલમુકુન્દ દવેની પંક્તિઓમાં વ્યક્ત થતા ભાવને પુષ્ટ કરે છે :

***આપણે તે દેશ કેવા, આપણે વિદેશ કેવા***
***આપણે પ્રવાસી પારાવારનાં હે....જી***
***સંતરી સૂતેલ ત્યારે આપણે અખંડ જાગ્યા***
***કોટડાં કૂદીને ભાગ્યાં,***
***આપણે કેદી ના કારાગારનાં હે...જી***
***આપણે પ્રવાસી પારાવારનાં હે...જી***
***આપણે પંખેરું પ્યાસી ઊડિયાં અંધાર વીંઝી***
***પાંખનો પ્રકાશ ભીંજી,***
***આપણે પીનારાં તેજલ ધારનાં હે...જી***
***આપણે પ્રવાસી પારાવારનાં હે...જી***
***આપણે ભજનિક ભારે,***
***આપણે તે એકતારે રણકે છે રામ***
***જ્યારે આપણા આનંદ અપરંપારના હે...જી***
***આપણે પ્રવાસી પારાવાનાં હે...જી.***

---

*'ટહુકો'. ૧૩૯. વિનાયક સોસાયટી,*
*જુના પાદરા રોડ, વડોદરા,*
*ફોન નં. ૦૨૬૫-૨૩૪૦૬૭૩*

# ગુજરાતી અસ્મિતાનાં તેજ નક્ષત્રો

*– વિષ્ણુ પંડ્યા*

**'ગુ**જરાતની અસ્મિતા' એ કંઈ સામાન્ય સૂત્ર નથી, આપણી ઓળ ખાણનો ટૂંકામાં ટૂંકો 'ચાર્ટર' છે, ઘોષણાપત્ર છે અને તેમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. ગુજરાતના સંઘર્ષ-સામંજસ્ય - સંવાદ અને સિદ્ધિ શિખરની મહાગાથા. ગુજરાતી ભાષા, સાહિત્ય, સમાજશૈલી, સ્થાપત્ય, ચિત્રકલા, ગીત-સંગીત અને રાજનીતિ - રાષ્ટ્રનીતિનું કલેવર બંધાયું તે વ્યક્તિ, સમુહ અને સમાજ - ત્રણેના પુરુષાર્થનું પરિણામ છે.

ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વમાં એવા અસ્મિતા-નાયકોની એક દીર્ઘ પંક્તિ છે નર્મદ, કરસનદાસ મૂળજી, નવલરામ, નરસિંહરાવ, કનૈયાલાલ મુનશી, ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, કાન્ત, કલાપી, નંદશંકર મહેતા, આચાર્ય આનંદશંકર ધ્રુવ, ધૂમકેતુ, રમણલાલ દેસાઈ, હરિશ્ચંદ્ર ભટ્ટ, ઉમાશંકર જોશી, સુરેશ જોશી, જયંતિ દલાલ, અમૃતલાલ શેઠ, શામળદાસ ગાંધી, રવિશંકર મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક, સ્વામી આનંદ, મહાદેવ દેસાઈ, કૃષ્ણલાલ શ્રીધરાણી, સુંદરમ્, બળવંતરાય ઠાકોર, નિરંજન ભગત .. આ યાદી પણ અધૂરી છે જેમણે સાહિત્ય અને પત્રકારત્વમાં સાંસ્કૃતિક પિંડ બાંધ્યો હતો.

**જ્ઞાનનાં ગુરુ શિખર તરફનું આરોહણ કરનારને બ્રાહ્મણ કહેવાતો હોય અને બ્રહ્મ-ત્વને બ્રહ્મતત્ત્વ થકી આચરનારને બ્રાહ્મણ કહેવાતો હોય તો આ બંને સવાયા બ્રાહ્મણો હતા. સાહિત્યનો શબ્દબ્રહ્મ સંગોપવાની બંનેની કોશિશ રહી. બંનેને માટે સાહિત્યના વિભિન્ન માર્ગો જીવનના આરાધ્યની યાત્રા માટે રહ્યા. 'એકમ સદ્ વિપ્રા બહુધા વંદતિ' મા કહેવાયેલો વિપ્ર - બ્રાહ્મણ આ બંનેમાં સદેહે દેખાય છે.**

આમાંના જ બે સાહિત્યકારો એટલે ઝવેરચંદ મેઘાણી અને જયભિખ્ખુ. આ સાહિત્યકારોએ સર્જકતાનું મેઘધનુષ તો આપ્યું પણ તેની પાછળ બીજા કેટલા બધા રંગ દેખાયા વિનાના રહી ગયા ! રોજિંદા જીવન માટે અસ્તિત્વનો સંઘર્ષ, એક જગ્યાએથી બીજી જગ્યાએ રઝળપાટ (છતાં મેઘાણી તેને 'પરિભ્રમણ' અને 'સોરઠના તીરે તીરે' જેવું રળિયામણું નામ આપે છે) ઓછી - અધૂરી દવા અને અપાર પરિશ્રમ સાથે બંધાયેલી બિમારી, આર્થિક અભાવ, ઘરના આંગણે જ પ્રિય સ્વજનની આત્મહત્યા...આ તેમની 'અંધકારે લડાયેલી' કહાણી છે. પણ આ બંનેએ જરૂર લાગી એટલું જ બોલ્યા/લખ્યું... એવું ઘણું હતું તે ગોપિત રહ્યું, રહેવા દીધું.

આપણે જે મેઘાણી- જયભિખ્ખુને જાણીએ છીએ તે તો નદીની સપાટીએ દેખાતી હિમશિલા છે... પુત્રોને - કુમારપાળ દેસાઈને, વિનોદ મેઘાણીને, મહેન્દ્ર મેઘાણીને - પિતાનાં જીવનચરિતની સામગ્રી એકત્રિત કરતાં આવો જ અનુભવ થયો હશે, એટલે "થોડામાં ઝાઝું" નો સંતોષ તેમણે માન્યો.

મારે માટેય આ મૂંઝવણ હતી અને છે કે આ બે સાહિત્યકારોના જીવનના કયા સંઘર્ષની વાત કરીશું ? કઈ રીતે તેમનું મૂલ્યાંકન કરીશું ? દેખીતી રીતે તો બંને વણિક હતા. અક્ષત્રિય હતા, પણ તેમની કલમે તો પારાવારની લડાયક બુલંદીનો અહેસાસ કરાવ્યો હતો ! હમણાં કર્નલ જી. ડી. બક્ષીએ સુભાષબાબુનું જીવનચરિત લખ્યું તેને શીર્ષક આપ્યું છે - 'ધ ગ્રેટ સમુરાઈ'. જાપાની પરંપરામાંથી પ્રગટેલો આ 'સમુરાઈ' શબ્દ જગતભરના વીરનાયકોનો, સંઘર્ષશીલોનો પરિચય બની ગયો છે. શું મેઘાણી અને જયભિખ્ખુ ગુજરાતી સાહિત્યના સમુરાઈ નહોતા ?

બંને અ-બ્રાહ્મણ પણ હતા ! પણ જ્ઞાનનાં ગુરુ શિખર તરફનું આરોહણ કરનારને બ્રાહ્મણ



કહેવાતો હોય અને બ્રહ્મ-ત્વને બ્રહ્મતત્ત્વ થકી આચરનારને બ્રાહ્મણ કહેવાતો હોય તો આ બંને સવાયા બ્રાહ્મણો હતા. સાહિત્યનો શબ્દબ્રહ્મ સંગોપવાની બંનેની કોશિશ રહી. બંનેને માટે સાહિત્યના વિભિન્ન માર્ગો જીવનના આરાધ્યની યાત્રા માટે રહ્યા. 'એકમ સદ્ વિપ્રા બહુધા વંદતિ' મા કહેવાયેલો વિપ્ર - બ્રાહ્મણ આ બંનેમાં સદેહે દેખાય છે.

સ્થળ વિશેષને તમે સ્થૂળતાનો આધાર માનો ભલે, પણ ક્યાંક - કેટલીકવાર સ્થળ પોતે એક ચમત્કાર બનીને આવતું હોય છે. બીજા ઘણા પ્રભાવો અને પરિમાણો ભલે હોય પણ એક યશસ્તંભ ખોડાય છે સ્થળની છાતી પર. નડિયાદમાં આટલા બધા સાક્ષરો કેમ પાક્યા હશે ? કાઠિયાવાડના દરેક ગામડે પાળિયા અને દરેક પાદરે સત્‌નો ઝંકાર સુણાવતી કથાઓની એક દીર્ઘ પંક્તિ કેમ હશે ? કેમ ગિરનારને આપણે સમગ્ર અધ્યાત્મના રંગધનુષનું સ્થાન માનીએ છીએ. કચ્છમાં આટલા બધા, મનુષ્ય સેવા માટેના સંતો કેમ પાક્યા ? પાટણ જ ગુજરાતની અસ્મિતાનું કેંદ્ર શાને કહેવાયું ? ગાંધી સાબરમતીથી માત્ર દાંડી કેમ પહોંચ્યા ? સરદારનું કૌવત બારડોલી સાથે જ કેમ જોડાયું ? આ સવાલોના જવાબ આપણી પાસે નથી પણ એટલું નક્કી કે દરેક સ્થળ વિશેષનો મહિમા છે.

**અને મેઘાણી ? 'મુંબઈ મારી મા ન બની શકે' એમ કહીને તેમણે બોટાદની પ્રીતિનો ઘેરો અંદાજ આપ્યો. આ બોટાદે તેમને જિંદગીની તમામ તડકી છાંયડી દેખાડી. પ્રિય પત્ની દમયંતિ સાથેના જીવનસંસારની સાથે પરિભ્રમણનો પત્રકાર ઘડાયો. દમયંતીબેનને ખોવાં પડ્યાં તો બાળકોની મા બનીને તેવા અનહદ વિષાદની પૂર્તિ કરવાનો પ્રયાસ કર્યો**

મેઘાણી-જયભિખ્ખુને સમજવા માટે આપણે બોટાદને યાદ રાખવું પડે ! આ નાનકડાં ગામમાં બંને જુદા જુદા સમયે રહ્યા હતા. બોટાદના નાગલપરા ઝાંપે બાલાભાઈના શૈશવને તેમનાં માસીએ ઉછેર્યું ત્યાં જ જયભિખ્ખુમાં પરિવાર ભાવનાનાં બીજ વવાયાં હતાં. આ માસીના પતિદેવ સટ્ટો ખેલતાં નારાજ થયા ત્યારે જીવનધર્મના પગલાંને અજવાળતા માસીએ અભાવના સંઘર્ષને વેઠીને, સ્વ-ઉદ્યમના સાથિયા પૂર્યા તે બાળક જયભિખ્ખુનાં ચિત્તમાં સુસ્થાપિત થઈ ગયા. પછીથી તેમણે જે વાર્તાઓ લખી, નવલકથા અને નિબંધો, તેમાં તેનો સુંદર પડછાયો પડ્યો છે.

★ ★ ★

અને મેઘાણી ? 'મુંબઈ મારી મા ન બની શકે' એમ કહીને તેમણે બોટાદની પ્રીતિનો ઘેરો અંદાજ આપ્યો. આ બોટાદે તેમને જિંદગીની તમામ તડકી છાંયડી દેખાડી. પ્રિય પત્ની દમયંતિ સાથેના જીવનસંસારની સાથે પરિભ્રમણનો પત્રકાર ઘડાયો. દમયંતીબહેનને ખોવાં પડ્યાં તો બાળકોની મા બનીને તેવા અનહદ વિષાદની પૂર્તિ કરવાનો પ્રયાસ કર્યો. પુત્રવધુને મુંબઈ છોડીને બોટાદમાં વસવાથી વસવસો તો નહીં થાય ને ? એનો વલોપાત કર્યો. અહીં "કવિનું મકાન" બને એવીયે તેમની ઇચ્છા ! પણ, તત્કાલીન સાહિત્ય અને પત્રકારત્વમાં આર્થિક સદ્ધરતાનો કોઈ ક્રમ જ નહોતો, છેલ્લે ક્રમે ય તે નહોતી આવતી. પંચોતેર રૂપિયાથી એકસો પચીસ સુધીના "વૈભવ"માં તેમણે રાત-દિવસ પરિશ્રમ કર્યો, બિમારીને નોતરું આપ્યું, નવલકથાઓ, ભેટ પુસ્તકો લખ્યાં... લખતા જ રહ્યા, અને છેલ્લે થીજી ગયેલાં આંગળાં, પગને જકડી લેતો સંધિવા, હરસમાં ટપકતું લોહી, નીચું લોહીનું દબાણ... આવા રોગમાં ઘેરાયા, અંતિમ શ્વાસ લીધા, બોટાદમાં !

આ બોટાદની જેમ જ તેમણે રાણપુરને સ્થળ વિશેષનો ઝળહળાટ આપ્યો. 'સૌરાષ્ટ્ર' અખબાર એ માત્ર અખબાર ના રહ્યું, 'મિશન' ના ધ્વજધારી પત્રકારત્વની સંજ્ઞા બની ગયું. આ પત્રકારત્વે ગુજરાતના સાંપ્રતને એક અનોખી ભાષા આપી. છાપાંઓ- અને તેના લેખો કે કાર્ટુનો પણ - પ્રતિબંધની સામગ્રી બની રહે છે તેવી તવારિખ રચી આપી. મેઘાણીએ અહીં એક બપોરે 'સૌરાષ્ટ્ર' અખબારનાં પાનાં માટે 'છેલ્લો કટોરો' કવિતા લખી હતી. બળવંતરાય ઠાકોર જેવા દુર્ઘર્ષ વિવેચકે સંપાદિત કરેલી 'આપણી કાવ્ય સમૃદ્ધિ'માં મેઘાણીની 'ઝંખના' કવિતાનો સમાવેશ કર્યો ત્યારે તેમણે જે કહ્યું તે રમૂજ હતી, વિનમ્રતા હતી કે પૂણ્ય પ્રકોપ ? એ તમે જ નક્કી કરો. તેમણે લખ્યું હતું : 'એમને મારી એ કૃતિ મારું પૂર્ણ પ્રતિનિધિત્વ કરતી લાગી. ખેર ! એ કૃતિ 'સૌરાષ્ટ્ર'ના એક અંક પર મૂકવા, ગુરુવારે સાંજે ૧૨ વાગે - એટલે કે પ્રેસ પર છેલ્લી ક્રિયા કરવા ટાણે- ફક્ત દસ મિનિટમાં છેકછાક વગર લખીને છાપામાં મૂક્યું એટલે મારું સર્જન 'છાપાળવું' કહેનારા વિવેચકો નીકળ્યા !'

એમ તો મેઘાણી અને જયભિખ્ખુને સર્જક ગણવામાં ક્ષોભ અનુભવવાનું વિવેચકો માટે ક્યાં નથી બન્યું ? એ સાચું છે - કવિમિત્ર ચંદ્રકાન્ત શેઠના શબ્દોમાં - કે "આ જયભિખ્ખુ,

ઝવેરચંદ મેઘાણી, દૂલા ભાયાકાગ, ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય જેવા સાહિત્યકારોના ઘરાનાના સર્જક. જે કંઈ તેમણે લખ્યું તે માનવધર્મ, લોકધર્મ અને સ્વધર્મથી પ્રેરાઈને લખ્યું.''

પણ આટલું જ ? તેમનો 'ધર્મ' 'મિશન' સાથે જોડાયેલો રહ્યો. મિશન માટે હું 'સેવાવ્રત' શબ્દ પ્રયોજું છું. તેમાં જીવનસમગ્રને કરુણા તરફ વાળતી સેવાનો સંસ્પર્શ છે અને અડગ-અચલ-અથાગ સંકલ્પોની સાથે જોડાયેલું વ્રત પણ છે તે માર્ગ સરળ નથી. ઉબડખાબડ જમીન પર સાથે-સંગાથે કે એકલા ચાલતા, દોડતા રહેવું, પગમાં છાલાં પડી જાય તોયે પરિભ્રમણ કરવું : એવી કઠોર આરાધના છે. 'જયભિખ્ખુ'ની જિંદગીનાં પાનાંઓ પર એનો અંદાજ મળે છે. પિતાની ભૌતિક સંપત્તિનો વારસો તેમણે ન સ્વીકાર્યો. અભાવોમાં યે અડીખમ રહ્યા. દુવિધાના અરણ્યમાંથી તેમણે પાર થવાનું હતું. શિવપુરી ગુરુકુળની 'તર્કભૂષણ' પદવી પ્રાપ્ત કર્યા પછી ભાવિ જીવનને કઈ તરફ લઈ જવું તેના પ્રશ્નાર્થો પછી યે તેમનાં ચિત્ત પર ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા સંકલ્પે જ ગતિ આપી! લક્ષ્મીના સ્થાને સરસ્વતીની ઉપાસના. જીવનચરિતકાર પુત્ર કુમારપાળ દેસાઈ એ દિવસને ય નોંધે છે : ૧૭ જુલાઈ ૧૯૩૩. વિક્રમ સંવત ૧૯૮૯, સોમવાર, 'જયભિખ્ખુ'ની આ સંકલ્પભૂમિ અમદાવાદ હતી, બોટાદની જેમ તેનો યે પ્રભાવ !! તેમાં, તેમના જ શબ્દોમાં ''કાળી કસોટી થઈ પણ અંતે તેના પર ફૂલ આવ્યાં...'' મકાન-માલિક વૃદ્ધ માજીએ આ મંગલ પ્રારંભ માટે ચોખા આપ્યા અને કહ્યું કે દીકરા, તું રસોડું શરૂ કરે છે તો આ ચોખા તને આપું છું...'' દક્ષિણ ભારતમાં ચોખાના દાણા વિશે એક દ્રવિડ લોકગીત છે - આ તો મારો સંકલ્પનો દાણો! આપણે ત્યાં યે કંકુ અને ચોખાનું ક્યાં ઓછું માહાત્મ્ય છે ?

**આ રાણપુર જ મેઘાણી- અમૃતલાલ શેઠનું સમર્થ પત્રકારત્વનું સ્થાન ! મેઘાણી- જયભિખ્ખુનો પ્રારંભ જે રીતે પત્રકારત્વથી થયો તેની યે સરસ કથા કહાણી છે. ઝવેરચંદ મેઘાણી એલ્યુમિનિયમના કારખાનાના અધિકારી, આગળ વધવાની ઘણી બધી સંભાવનાઓ. પણ પેલા 'અણદીઠા સાદનું શું '?**

આની સાથે જ રાણપુર સ્થળવિશેષને બેઉ રીતે યાદ કરીએ, જયભિખ્ખુના લગ્ન રાણપુરના શેઠ કુટુંબમાં પુત્રી વિજયાબહેન સાથે થયેલાં... અને લો, આ 'જયભિખ્ખુ' ઉપનામનું રહસ્ય પણ જાણીએ. મૂળ નામ ભીખાલાલ, પત્ની વિજયા. આમાંથી 'જય' અને 'ભિખ્ખુ' શબ્દ ઉપાડીને પોતાનાં સર્જક જીવનનો સંજ્ઞાચંદ્રક નિર્માણ થયો.

આ રાણપુર જ મેઘાણી- અમૃતલાલ શેઠનું સમર્થ પત્રકારત્વનું સ્થાન ! મેઘાણી- જયભિખ્ખુનો પ્રારંભ જે રીતે પત્રકારત્વથી થયો તેની યે સરસ કથા કહાણી છે. ઝવેરચંદ મેઘાણી એલ્યુમિનિયમના કારખાનાના અધિકારી, આગળ વધવાની ઘણી બધી સંભાવનાઓ. પણ પેલા 'અણદીઠા સાદનું શું '? ૧૮ સપ્ટેમ્બર ૧૯૨૧ના તેમણે લખેલો પત્ર -'જયભિખ્ખુ'ને પત્રકારત્વના પ્રાંગણમાં દોરી જનારાઓમાં એક ઉમાકાંત પંડ્યા હતા. 'રવિવાર' અને 'કિસ્મત'માં તેમના લેખો છપાયા તે 'સજીવ' અને 'આદર્શ'નો આયનો હતા. આ 'કિસ્મત-તંત્રી'ને છેક ૧૯૬૫ની આસપાસ માણાવદરમાં મળ્યાનું આ વક્તાને સ્મરણ છે, ત્યારે એ પાકટ અનુભવી તંત્રી-સંપાદક અને હું તો કૉલેજનો છાત્ર. તેમની ઈચ્છા મુંબઈ લઈ જવાની. પણ 'જયભિખ્ખુ' બનવાનું આપણું વળી ભાગ્ય શાનું ? 'રવિવાર'માં તેમણે લખેલી 'ભાગ્યવિધાતા' નવલકથા વિક્રમાદિત્ય હેમુનું પાત્ર અને ઊર્દુના ઊંડા અભ્યાસ બંનેનો સરસ અંદાજ આપે છે.. ઇતિહાસ પ્રત્યેનો તેમનો અભિગમ કનૈયાલાલ મુનશીએ આલેખેલા ઉદયન મહેતા અને હેમચંદ્રાચાર્યનાં પાત્રો સાથે સંગત રાખી ન શક્યો. તેમને લાગ્યું કે મુનશીએ બંને પાત્રોને ભારે અન્યાય કર્યો છે. પણ પોતાના જ જૈન સમાજ વિશે આકરી આલોચના કરવામાં જયભિખ્ખુ અચકાતા નહીં. તેમણે લખ્યું : ''આવા સમાજમાં સાક્ષરો, કવિઓ, વિદ્વાનો જવલ્લે જ કેમ પાકે છે તે હવે સમજાયું.. આ સમાજ દંભ, નિર્મમ વ્યવહાર, ખોટા રિવાજો અને હીન નિંદામાં જીવે છે ને જિવાડે છે !''



જયભિખ્ખુના જીવનધર્મ પત્રકારત્વ અને સાહિત્ય બંનેમાં આગવી સક્રિયતા અર્પી. ચિત્રથી ચલચિત્ર, સાધુથી વીરનાયક, જીવનચરિતથી નવલિકા - નવલકથા ... આ તેમના લેખન પડાવ છે અને જીવનશૈલીના યે વળાંકો છે. 'ગુલાબ' અને કંટક', 'ઉપવન' 'માદરે વતન'માં તેમની રચનાઓ વિસરાતા ઈતિહાસના રંગોની પુરણી કરે છે. શિવપુરીમાં અધ્યયન સમયે તેમણે તાત્યા ટોપેની સમાધિ નિહાળી અને તેમનો ઈતિહાસ જાણ્યો તે પછી ભારતના સાચુકલા ઈતિહાસ પ્રત્યે તેમનો ભાવ સાહિત્યમાં સ્થિત થઈને રહ્યો. ભગવાન ૠષભદેવ, ચક્રવર્તિ ભરતદેવ, રાજવિદ્રોહ જેવી નવલકથાઓમાં જયભિખ્ખુનો અભ્યાસ, આગ્રહ અને ઈતિહાસપ્રેમ - ત્રણેય અનુભવાય છે.

મેઘાણીની ઘર-વાપસી કે વતન-વાપસી પણ અદ્‌ભુત કથા છે. કોલકતામાં માતબર નોકરી છતાં અજંપ અનુભવતા ઝવેરચંદ મેઘાણી તેમનાં ઐતિહાસિક બની ગયેલા પત્રમાં લખે છે : અંધારું થતું જાય છે. ગોધૂલિનો વખત થઈ ગયો. વગડામાંથી પશુઓ પાછાં આવે છે. એના કંઠની ટોકરીનો ગંભીર અવાજ કાને પડે છે, મંદિરમાં ઝાલર વાગવા લાગી. હું પણ પાછો આવું છું. ધરાઈને આવું છું. જીવનની આ ગોધૂલિના સમયે, અંધકાર અને પ્રકાશની મારામારીને વખતે, મારો ગોવાળ મને બોલાવી રહ્યો છે. હું રસ્તો નહીં ભૂલું. એના સાદને હું ઓળખું છું.

**શિવપુરીમાં અધ્યયન સમયે તેમણે તાત્યા ટોપેની સમાધિ નિહાળી અને તેમનો ઇતિહાસ જાણ્યો તે પછી ભારતના સાચુકલા ઇતિહાસ પ્રત્યે તેમનો ભાવ સાહિત્યમાં સ્થિત થઈને રહ્યો. ભગવાન ઋષભદેવ, ચક્રવર્તિ ભરતદેવ, રાજવિદ્રોહ જેવી નવલકથાઓમાં જયભિખ્ખુનો અભ્યાસ, આગ્રહ અને ઇતિહાસપ્રેમ - ત્રણેય અનુભવાય છે**

અને -

"ઘણુંય થાય છે કે મારી વાતને હું બોબડી ભાષામાં સ્પષ્ટ કરું. શણગાર બધા અળગા કરી નાખું. 'આજ લખ્યા જ કરું.' મારા જીવનની એક નાની સરખી લીટી ઉલ્ટાવી પલટાવીને લખ્યા જ કરું, પણ સ્પષ્ટ કરી નહીં શકું. હું જુદા દેશની વાણી બોલું છું."

હવે આ પીડાનો અહેસાસ કરો.

હું અકાળે વૃદ્ધ બની રહ્યો છું ત્યારે બીજી બાજુ યુગનો મિજાજ મને યૌવન તરફ ખેંચે છે. આ એક સમરાંગણ બન્યું છે. હાર-જીત તો ગમે તેની થાય પણ ઈચ્છાબળે યૌવનને જ ભજતાં રહેવું અને યૌવનપક્ષે ઝઝૂમી લોહીલોહાણ બનવું, વાર્ધક્યના ઝપાટાનો સામનો કરતાં રહેવું એ પણ **બહુ થોડાંને ખબર પડે** એવી જીવન લહાણ છે. (તા. ૨૯-૬-૧૯૪૪)

"હું તો શરીર ગુમાવી બેઠો. કંઈ ભરોસો જ નથી છતાં સમાપ્તિ તો Singing a song, Marching along !

*ગાતો ગુલાબી તોરથી...*
*એ મિજાજમાં જ જવાનું રાખ્યું છે."*

(તા. ૨૬.૯.૧૯૪૪)

કેવો હતો તેમનો આ 'કસુંબલ રંગ' સરખો મિજાજ ? તેમનું પત્રકારત્વ 'મિશન'ની 'મિટ્ટી કી ગાડી' ચલાવતું અને અનેક પ્રશ્નો પણ થતા. તેમણે 'ગેરકાનૂની' ગણાતા 'ભૂગર્ભ પત્રકારત્વ' (જેને સામ્યવાદી રશિયામાં 'સેમિઝદાત' નામે લડાયક ભૂમિકા ભજવવાની આવી હતી.) નો યે પ્રયોગ કર્યો. હસ્તલિખિત 'સિન્ધુડો' પ્રતિબંધિત થયેલી ગીત-પુસ્તિકા હતી.

મૃત્યુ પૂર્વે (આઠમી માર્ચ, ૧૯૪૭) તેમણે 'કલા સાહિત્યનો મૂળાક્ષર પણ ન સમજનાર માણસ' (રાજનેતા)ની આલોચના કરી. વસંત-રજબને અંજલિ આપનારાઓને ઠમઠોર્યા : 'આવી પોકળ અંજલિથી શું વળે ?' પોતાની પાસે એક તમંચો હતો, લાયસન્સ સાથેનો અસહકારના સત્યાગ્રહ વખતે સરકારે તે જપ્ત કર્યો હતો, તે પાછો મેળવવા માટે પણ લડત આપી. ૧૯૪૦માં બોટાદ રેલવે સ્ટેશને એક ગૂંડા- અસામાજિકની સાથે બાથંબાથી કરીને ભોંય ભેગો કર્યો, અને લખ્યું : સ્વમાન અને નૈતિક હિંમત વિનાના જીવતરમાં આપણને સો રસ રહેત ?

૧૯૪૧માં અમદાવાદના કોમી રમખાણો દરમિયાન પોલીસ - કારવાઈ સામે પ્રશ્નો છંછેડતું કાર્ટુન જાતે દોરીને છાપ્યું તો તેમના પર 'કોમી ઉશ્કેરણી ફેલાવવાનો' કેસ પણ થયો !

તેમણે સોરઠી બહારવટિયાઓની કથાઓ એટલા માટે આપી કે નવા યુગના સૂર્યોદય સમયે પાછલા સમયનો નૈતિક મૂલ્યોનો સંઘર્ષ સાથે રાખવો જરૂરી લાગ્યો હતો. છેવટે સત્યાગ્રહ અને આઝાદીજંગ પણ એક નૈતિક બહારવટું જ હતા ને ? અરે, ઈંગ્લેન્ડ-વિરોધી આર્યલેન્ડની લડતે સાવરકર - સુભાષને ય પ્રેરણા આપી હતી, એટલે ૧૯૩૧માં ‘સળગતું આર્યલેન્ડ’ પુસ્તક પણ લખ્યું !

ગાંધીજીની ચળવળ અને સાહિત્ય પરિષદ (પરિષદના સાહિત્ય વિભાગના અધ્યક્ષ તરીકે તેમણે રાજકોટ અધિવેશનમાં વ્યાખ્યાન આપ્યું હતું.) વિશેના તેમના અભિપ્રાયો ધારદાર હતા.

“હું એક જ રંગની ગાંધીટોપીઓના અણગમતા પ્રદેશમાંથી છૂટીને કાંઈક રંગપ્રેમી પ્રદેશમાં પ્રવેશ કરી રહ્યો છું... રંગબેરંગી સુરેખ મિલાવટવાળી છોગલિયાળી પાઘડી અને ઓઢણીઓથી લચકતી સીમ !”

(રવીન્દ્રનાથ)

“હું પરિષદમાં રસ નથી લેતો. પરિષદના ભાગ્યવિધાન સાથે મને નિસબત નથી. સાહિત્યના ઉત્કર્ષમાં પરિષદ કોઈ સક્રિય વધારો કરી શકી નથી. પરિષદ એક અથવા બીજા માણસનો કુટુંબ મેળો બને છે, કાં તો કુરુક્ષેત્ર બને છે ને કાં નિબંધલોચનના ચોરાની ગરજ સારે છે.” (૧૯૩૫)

“મને વધુ આશ નથી. એમની આસપાસ પણ એકાદ સંપ્રદાયની ભભક વિટંળાઈ વળશે... આવી મારી ભીતિ છે.”

(ગાંધીજીને માટે)

“સેગાવના હાડપિંજરો જોઉં છું ત્યારે તમારું સાહિત્ય મને રેઢિયાળ લાગે છે.”

સરજાઈ રહેલા સાહિત્યને આ ઉદ્ગારો અન્યાય કરનારા છે. આવું ઉચ્ચારનાર ભલે સાક્ષર ન હોય તો ભલે પણ નવા સાહિત્યબળોનો માહિતગાર તો હોવો જોઈએ ને ? કયું સાહિત્ય તેમને રેઢિયાળ લાગે છે ? ગુજરાતનું કયું સાહિત્ય એમણે વાચ્યું છે કે જોયું છે ? એક ચૈતન્ય વિધાતા તરીકે એમની પાસે રચનાત્મક - ખંડનાત્મક વિવેચનાની આશા રાખી ન શકીએ?” (તા.૬.૧.૧૯૩૭)

**સરજાઈ રહેલા સાહિત્યને આ ઉદ્ગારો અન્યાય કરનારા છે. આવું ઉચ્ચારનાર ભલે સાક્ષર ન હોય તો ભલે પણ નવા સાહિત્યબળોનો માહિતગાર તો હોવો જોઈએ ને? કયું સાહિત્ય તેમને રેઢિયાળ લાગે છે ? ગુજરાતનું કયું સાહિત્ય એમણે વાચ્યું છે કે જોયું છે ? એક ચૈતન્ય વિધાતા તરીકે એમની પાસે રચનાત્મક - ખંડનાત્મક વિવેચનાની આશા રાખી ન શકીએ?**

લેખકની આખરી ઈચ્છા કેવી હતી ?

“મારી ઈચ્છા રાણપુરમાં પત્રકારત્વની શાળા ખોલવાની છે પણ નાણાં નથી, સાધન નથી.” (૧૯૩૭)

- અને તીવ્રતા :

‘કેટલીક વાર તો મને લાગે છે કે અનાથ તો હું છું !’ (તા.૩૦.૮.૧૯૪૮)

એકવાર તેમણે લખ્યું :

Voice of the Desert

Voice of the Sea

Voice of the mountain

એ સૂરો હું સાંભળ્યા કરું છું. ત્રણે સુર - સોરઠી કંઠસ્થ સાહિત્યના પ્રાણમાં ફૂંકાય છે.

રાત્રિએ તો આકાશનો મહાગ્રંથ જ વાંચવો.” તા.૧૯.૯.૧૯૪૩

અને -

‘મહાન ચૂપકીદી વગર મહાસર્જન નહિં થાય.’

(તા.૨૬.૩.૧૯૪૧) વળી પાછું -

“કેવળ સાંસ્કારિક અને સાહિત્યકીય સ્વરૂપનું એક ફક્કડ સાપ્તાહિક ચલાવીએ એવું થાય છે. પણ હું બની ગયો જંજાળગ્રસ્ત. અને સામયિક તો એકપત્નીવ્રત માંગી લેતી ઉપાસના છે, એ પ્રવૃત્તિને શોકયપણુ સહન નથી એટલે આ જન્મે તો રામરામ. (તા.૨૯.૬.૧૯૪૪)

બીજાં કેટલાંક મનોમંથનો :

‘કોઈપણ માણસને - ખાસ તો સ્ત્રી સ્વભાવવાળા માણસને - એની ઉંમરની યાદ આપતાં એનું દિલ ઝખમાય છે. સારું થયું કે કોઈએ ‘કાકા’ કહીને ન સંબોધ્યો નહિ તો આપઘાત કરવાનું મન થાત !’ (તા.૧૭.૭.૧૯૪૪)

‘મારી જીવનસ્મૃતિ લખું તો PARODY જેવું બને. જીવનનું ઘણું ખરું સ્મરવાને બદલે વીસરવાને યોગ્ય હોય છે...’

‘કામની શોધમાં છું જે ઘેર બેઠાં થઈ શકે.’ (તા.૭.૯.૧૯૪૪)

‘બ.ક.ઠા એ આપણી’ કવિતા સમૃદ્ધિ સંગ્રહી તેમાં મારું ‘ઝંખના’ લીધું. એમને એ કૃતિ મારું પૂર્ણ પ્રતિનિધિત્વ

કરતી લાગી. ખેર ! એ કૃતિ 'સૌરાષ્ટ્ર'ના એક અંક પર મૂકવા ગુરુવારે સાંજે છ વાગે - એટલે કે પ્રેસ પર છેલ્લી ક્રિયા કરવા ટાણે ફક્ત દસ મિનિટમાં છેકછાક વગર લખી છાપામાં મૂકવા લખ્યું, એટલે મારું સર્જન છાપાળવું કહેનારા વિવેચકો નીકળ્યા. પણ મારી સર્વમાન્ય અને બહુ લોકપ્રિય તેટલી જ વિદ્વત્પ્રિય થયેલી કાવ્યકૃતિઓનો સ્થૂળ દેહ તો આમ એક પ્રકારે જ બંધાયો છે. એ જો કોઈ સામયિકમાં કે પરબારુ ગ્રંથરૂપે આવત તો છાપાળવું ન કહેવાત ! (૯.૧૦.૪૧)

'સર્જનની સૃષ્ટિમાં અકસ્માતો થઈ શકતા નથી. પ્રેરણા જ એકાએક અજવાળાં કરી આપતી નથી. પુષ્પના પ્રાક્ટયની ક્રિયા પ્રકૃતિના તાલબદ્ધ, નિયમબદ્ધ, મહાપ્રયત્નને અધીન હોય છે પણ પ્રકૃતિ પોતાની મુઠ્ઠીમાંનું એ રહસ્ય કોઈની કને ઉઘાડતી નથી.

પરિશ્રમ મેં કર્યો છે. કદી પણ દિલચોરી રાખી નથી. હું જાણું છું કે સાહિત્યકારોનું અને પત્રકારોનું કશું જ લોકો શ્રીપૂરાંતે રાખતા નથી.'' (તા.૯.૧૦.૪૪)

'મુંબઈ મારી મા બની શકે નહીં.' (તા. ૨૧. ૧૨.૧૯૪૪)

''મારું જીવન અહીંની બોટાદ, સૌરાષ્ટ્રની ભૂમિમાં જ ઠર્યું છે. અહીં જ મારું શરીર છેવટે સૂવે એવી ભાવના છે.'' (તા.૧૬.૨.૧૯૪૫)

''ગુજરાત યુનિ.ના સર્જકોને મારી ભલામણ છે કે પ્રત્યેક વિદ્યાર્થીને પદવી આપતાં પહેલાં એક શરત મૂકજો : ગુજરાતના એકાદ ચોક્કસ પ્રદેશનું પર્યટન તેણે કર્યું હોવું જોઈએ.''

''પગને આંખો હોય છે. અંધારી રાત્રે ચાલવાનો આનંદ છે. કોઈ દેખે નહિ સંપૂર્ણ એકલતા. ચાલતાં આંખો ઊંઘતી હોય તો યે પગ ચાલતા રહે. કદી ભૂલો પડું નહીં.'' (તા.૨૪.૩.૧૯૪૫ રવિશંકર મહારાજ સાથે)

'ભજન સૂર સંભળાવી દેવા ''એકાદ જખ્મી હૃદયનો સંગ ઈચ્છું છું.'' (તા. ૨૧.૫.૧૯૪૫).

તા.૨૫ જાન્યુઆરી, ૧૯૪૭ના દિવસે તેમણે પહેલવેલી વિમાનયાત્રા કરી. કવિહૃદય મેઘાણીએ લખ્યું : ''જન્મધરીને એકાવન વર્ષે પહેલી જ વાર આ પૃથ્વી માતાનું વિરાટ દર્શન કરીને પાવન થયો.''

માર્ચ, ૧૯૪૭માં બોટાદનાં ઘરેથી એક ખેવના વ્યક્ત કરી : ''હજુ તો મેરૂ જેવડું કામ બાકી છે. 'કાળચક્ર' નવલકથા તો ભય છે કે એના નામનું સાર્થક્ય થશે !

મેઘાણી સાચા પડ્યા ! 'કાળચક્ર'માં નેતાજી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજની સાચુકલી કથા આપણા 'ફિક્શન'માં પરોવાઈ હોત. (પછીથી મનુભાઈ પંચોળી 'દર્શક'થી 'ઝેર તો પીધાં છે.. ના છેલ્લા ભાગમાં વર્ણન કરાયું તે એકાંગી છે. મેઘાણીની નવલકથામાં એવું દુર્ભાગ્ય દેખાયું ના હોત.)'

મેઘાણીના અંતિમ દિવસો ભજનવાણી સાથે જોડાયેલા રહ્યા. અને 'પ્રભુ પધાર્યા' પછી ત્રણ વર્ષે જે મહાનવલ લખવાના ઓરતા હતા તે અધૂરા રહ્યા. તેમના જ શબ્દોમાં 'બીજું વિશ્વયુદ્ધ, ફૂગાવો, કાળા બજાર, બેંતાળીસની લોકક્રાંતિ, આઝાદ ફોજ વગેરેનું વાતાવરણ અંતરમાં ઘોળાતું હતું...''

૧૯૪૬ના જુલાઈમાં તેમણે લખવાની શરૂઆત પણ કરી. ૧૯૪૭ના માર્ચ સુધીમાં આઠ હપતા લખાયા.

... અને ૯ માર્ચ, ૧૯૪૭ના રોજ મેઘાણીએ આંખો મીંચી લીધી. છેક ૧૯૨૭થી શરૂ કરેલા લોકગીત પરિચયનું બીજ વૃક્ષ બન્યું, ત્યારે ૧૯૪૬માં તેમણે એક સા...વ સહજસરળ ગીત નોંધ્યું હતું :

***અમે અમારા ઘેરે જાશું***
***બેનો રામરામ છે !***
***બોલ્યું ચાલ્યું કરજો માફ***
***રે બેનો રામ રામ છે !***

ગુજરાત-ગુજરાતી 'બેની'ને આ 'રામરામ' તેમણે કર્યા, અને ભીતરમાં પડેલી જીવનની આગ-જ્વાળામાંથી થોડાકનું શબ્દરૂપ પ્રયોજ્યું.

---

*ગુજરાત સાહિત્ય અકાદમી,*
*અભિલેખાગાર ભવન,*
*સેક્ટર-૭, ગાંધીનગર.*
*મો. ૯૪૨૭૮૦૪૭૨૨*

# લોકસંસ્કૃતિ : તત્ત્વ અને તંત્ર

– *બળવંત જાની*

**લો**કસંસ્કૃતિનું તત્ત્વ અને તંત્ર સમજવું કે સમજાવવું કપરું છે. લોકસંસ્કૃતિ વ્યાપક રૂપે અને વિસ્તૃત રીતે સમાજમાં પ્રચલિત હોય છે. સમાજનિરીક્ષણને અનુષંગે એની ઓળખ-પરખ પ્રસ્તુત કરવાના પ્રયત્નો જયમલ્લ પરમાર, મેઘાણી, ખોડીદાસ પરમાર, જોરાવરસિંહ જાદવ અને હસુ યાજ્ઞિક આદિએ કર્યા છે. મેં અહીં મારાં નિરીક્ષણો અને અભ્યાસને આધારે, કેળવાયેલી મારી સમજને આધારે પરંપરા સાથેનું તીવ્ર જીવંત-અનુસંધાન, લોકધર્મસ્થાનકો અને લોકસંતોનું તંત્ર, સંઘભાવના-સમૂહજીવનનો પડઘો પાડતું લોકસાહિત્ય અને લોકમેળાઓ જેવા ચાર ઘટકોને અનુષંગે લોકસંસ્કૃતિનાં તત્ત્વ અને તંત્રનો પરિચય કરાવવા ધાર્યો છે.

**પરંપરા સાથેનું જીવંત અનુસંધાન :**

વિશ્વખ્યાત ભાષાવિજ્ઞાની ડૉ. હરિવલ્લભ ભાયાણીએ એમનાં દાદીમા સવારના પ્રહરમાં દળણું દળતી વખતે ગાતાં હતાં તથા પૂજા-સ્નાન દરમિયાન ગાતાં હતાં એ ધોળ કીર્તનો એમને સ્મરણમાં હતાં એને એકત્ર કરેલા સંપાદનમાં એમાં ખૂટતી કડીઓ, પાઠ નિરંજન રાજ્યગુરુએ અને મેં પૂરાં પાડેલાં. એના ઢાળ-ગાન-રાગને આધારે ડૉ. હસુ યાજ્ઞિકે સ્વરાંકન કરેલું. પ્રકાશન 'હરિવેણ વાય છે રે હો વંનમાં' શીર્ષકથી થયેલું. એનું વિમોચન મકરંદભાઈના હસ્તે નંદિગ્રામમાં એક 'ભજનશિબિર'માં હું, નિરંજન રાજ્યગુરુ, નાથાલાલ ગોહિલ, ભાયાણીસાહેબ, હસુભાઈ, મનોજ રાવલ અને તખતદાન આદિ હતા ત્યારે થયેલું. પુસ્તકનું વિમોચન કરીને મકરંદભાઈએ પુસ્તક ભાયાણીસાહેબને બદલે તખતદાનને આપ્યું. તખતદાન પણ ભારે મરમી. 'હરિવેણ વાય છે રે હો વંનમાં' ધોળના ઢાળનું એ પદ ગાયું. એમાં નિરંજન સમેત ભાયાણીસાહેબ પણ જોડાયેલા. એક સેવકે ક્યાંકથી મંજીરાનો તાલ આપવાનો આરંભ કરેલો...બધાની આંખમાં આંસુ હતાં. મકરંદભાઈ ભાયાણીસાહેબને કહે 'પૂજ્ય બાને સંદેશો પહોંચી ગયો. એમના આપણને સહુને આશીર્વાદ....'

મૂળ વાત પરંપરિત વાતાવરણ કે જેમાં લોકપરંપરાનો પડઘો સંભળાય. સંપાદનો તો ઘણાં થાય છે પણ મૂળ ઢાળ-ઢંગ જે જૂના સમયમાં પ્રચલિત હતા એ નંદિગ્રામમાં જીવંત થયા. શહેરમાં હોત તો સભાગૃહ, ટેબલ-ખુરશી, સંચાલન, ઉદ્‌બોધન. જ્યારે અહીં તો એક પાટ ઉપર ભાયાણીસાહેબ, મકરંદભાઈના સાંન્નિધ્યમાં બેઠેલા. અમે સહુએ સામે એક શેતરંજી ઉપર આસન-સ્થાન જમાવેલું. તખતદાનના ગાન પછી ભાયાણીસાહેબે કહેલું તે શબ્દશઃ તો નહીં પણ એનો ભાવ મને બરાબર રીતે સ્મરણમાં છે. તેઓ બોલ્યા કે 'જ્યાં પરંપરાનુસાર જીવનશૈલી જળવાઈ છે જેમાં જુનવાણી રીત રિવાજો જીવંત છે, જેમાં પેઢી દર પેઢી વારસાગત રીતે સચવાયું છે એને અંકે કરવું એટલે લોકસંસ્કૃતિની પૂજા. આજે વલોણાં કે ઘંટીનો અવાજ-ધ્વનિ લુપ્ત થઈ ગયો છે, તેમ આ ઢાળ-ઢંગ અને ગાવાની હલક પણ સ્મૃતિશેષ થઈ જશે. તખતદાનના ગળાની ખરજ સાંભળતા મને મારી માનું ગળું યાદ આવી ગયું. એ 'હો'વનમાં જે ભારથી ગાતા એને સ્વરાંકનમાં ઢાળી ન શકાયેલ પણ તખતદાન તો હલક ઉપરાંત હાથના ઉલાળા પણ મારી માની માફક લેતા હતા.' તખતદાને વચ્ચે કહેલું; 'મારી મા પણ હાથના લટકા આમ કરતી હતી.' લોકસંસ્કૃતિનો તાદશ પ્રત્યક્ષ પરિચય કરાવનારું એ જીવંત દૃશ્ય, ઘટના મારી સ્મૃતિમાં અકબંધ છે.

લોકસંસ્કૃતિનો તાત્ત્વિક અર્થ 'જુનવાણી-પરંપરિત વ્યવહાર અને વર્તન' થાય. ભાયાણીસાહેબનાં દાદીમા પાસે વારસાગત સંસ્કારધન રૂપે જ સચવાયેલું. ભાયાણીસાહેબે યત્‌કિંચિત સાચવ્યું. આંશિક રીતે લુપ્ત થવું, લય પામવું એ લોકસંસ્કૃતિની નિયતિ છે, પણ એની જાળવણી, સમજણ મેળવવી એ પ્રત્યેક નાગરિકની ફરજ છે. નગરમાં કે ગામમાં નિવાસ કરવાથી માત્ર નાગરિક્તા નથી પ્રાપ્ત કરાતી. ખરું નાગરિકત્વ તો રાષ્ટ્રના-લોકસંસ્કૃતિક વારસાનું સંરક્ષણ આપણા દ્વારા પ્રાગટ્ય થાય, એમાંથી આપોઆપ એની ઓળખ મળે. જે-તે રાષ્ટ્રના ખરા વારસદાર ત્યારે કહેવાઈએ જ્યારે આપણા દ્વારા આપણી પરંપરિત લોકસંસ્કૃતિનું પ્રાગટ્ય થાય. આપઓળખ એમાંથી મળતી હોય છે. આપણી લોકસંસ્કૃતિની અસ્મિતા પણ આખરે તો એ જ છે.

★ ★ ★

મોરબીમાં મારા પિતરાઈ ભાઈ હરિભાઈ પંચોલીને ત્યાં વર્ષો પહેલાં મહેમાન હતો. બધા ઓસરીમાં બેઠા હતા. પડોશમાંથી એક બહેન લોટો ભરીને દૂધ અમારાં ધનીબહેનને આપી ગયાં. દૂધનો લોટો લેતાં- ખાલી કરતાં બોલેલા કે અરે અમાસ આવી ગઈ, મહિનો ક્યાં ગયો ખબરેય ન પડી. 'મે કુતૂહલવશ પૂછેલું કે 'મેમાન છે એટલે દૂધ પડોશમાંથી આવી ગયું ?' કહે 'ના, ના, રાણીબહેન મતવાને ત્યાંથી-' 'એ લોકો પશુપાલક, પણ અમાસને દિવસે દૂધ-છાશ-દહીં વેચે નહીં. આડોશ-પાડોશમાં વહેંચી દે અને ઢોર-વાછરડાંને પાઈ દે. દર અમાસે આપણને લોટો ભરીને દૂધ આપી જાય. આમાંથી અર્ધું

મહાદેવને ચડાવીશ, ને બીજું મેળવી દઈશ. દહીં બનશે.'

ભરવાડમાંથી ધર્માંતરણ પામીને મુસ્લિમ સમાજમાં મતવા જ્ઞાતિ અસ્તિત્વમાં આવી. એમણે એમનું પરંપરિત પૂર્વજોના સમયથી ચાલ્યું આવતું - વલણ અપનાવ્યું અને જાળવ્યું. તેઓ ગાયને ચાંદલો કરે. દૂધ નીચે ઢોળાયું હોય તો એને માથે ચઢાવે. તેઓ એક ચુસ્ત જૂથમાં વર્તુળમાં બદ્ધ રહ્યા. એથી અન્ય સભ્યતાનો પ્રભાવ ન ઝીલ્યો અને પરંપરા સાચવી. જ્યારે મૂળ હિન્દુ સમાજ, ભરવાડ,રબારી, પશુપાલકોમાંથી આ દૂધ વહેંચવાની, ગાયને પૂજવાની, દૂધ માથે ચઢાવવાની લોકસંસ્કૃતિ લુપ્ત થઈ ગઈ. એમના દ્વારા પ્રસ્તુત થતો મણિયારો- રાસ મને યાદ આવી ગયો. તખતદાન કહેતા કે મણિયારાના ખરા લહેકા મતવાએ સાચવી, જાળવી રાખ્યા છે. જયમલ્લ પરમારે પણ આ નિરીક્ષણ પ્રગટ રહેલું છે. લોકપરંપરાનો મહિમા ઘટાડનારાં પરિબળોમાં એક પરિબળ રૂપે અન્ય સભ્ય સમાજનો સંપર્ક ગણાય છે. લોકસંસ્કૃતિ, લોકસંસ્કાર અને લૌકિક્તાને ત્યજીને તમે સભ્ય બનો છો અને સુસંસ્કૃત કહેવાઓ -ગણાઓ છો. આ શિષ્ટ સભ્યતા-માન્યતા લોકસંસ્કૃતિની ઘાતક છે. લોકસંસ્કૃતિની જાળવણી ન થઈ શકવાનું કારણ અરણ્ય, ગ્રામજીવન તરફથી નગરજીવન તરફની દોટ-દોડ છે. લોકસંસ્કૃતિને જાળવનારાને અસંસ્કૃત કે અસભ્ય માનવાનું-ગણવાનું વલણ પણ એ રીતે ઘાતક ગણાય. લોકસંસ્કૃતિની પરખ પ્રજા છે, લોક છે, પરંપરાને જાળવનારા અલ્પસંખ્યકો છે.

**લૌકિક પરંપરાની જાળવણી જેવું લોકસંસ્કૃતિનું બીજું ઘટક લોક ધર્મસ્થાનકો અને લોકસંતો છે. લોક ધર્મસ્થાનકો લોકસંસ્કૃતિની નીપજ છે. કોઈ પ્રાચીન ભારતીય દેવી-દેવતાને બદલે સત્યને રસ્તે ચાલનાર, દીન-દુઃખિયા કે અવગણના પામેલા ત્યજાયેલા માટે માનવસેવાના દૃષ્ટિકોણથી એમને આશ્રય આપનાર, ભોજન આપનાર લોકધર્મસ્થાનકો લોકસંસ્કૃતિને જાળવનારાં સંસ્થાનો છે**

**લોકધર્મસ્થાનકો અને લોકસંતો :**

લૌકિક પરંપરાની જાળવણી જેવું લોકસંસ્કૃતિનું બીજું ઘટક લોકધર્મસ્થાનકો અને લોકસંતો છે. લોકધર્મસ્થાનકો લોકસંસ્કૃતિની નીપજ છે. કોઈ પ્રાચીન ભારતીય દેવી-દેવતાને બદલે સત્યને રસ્તે ચાલનાર, દીન-દુઃખિયા કે અવગણના પામેલા ત્યજાયેલા માટે માનવસેવાના દૃષ્ટિકોણથી એમને આશ્રય આપનાર, ભોજન આપનાર લોકધર્મસ્થાનકો લોકસંસ્કૃતિને જાળવનારાં સંસ્થાનો છે. પરબવાવડીના સંત દેવીદાસ હોય, અમરમા હોય, સતાધારના આપા ગીગા હોય કે વીરપુરના જલારામબાપા હોય. આવા લોકધર્મસ્થાને હરિભજન અને હરિહર-ભોજન, ગોસેવા, અતિથિસત્કાર, આ આપણી ખરી લોકસંસ્કૃતિ છે. ૫દ, જ્ઞાતિ કે જાતિના ભેદભાવ વગર એક પંક્તિએ ભોજન. આવા ધર્મસ્થાનક ઉપર લોકોને શ્રદ્ધા પણ અપાર હોય છે. આવા લોકસંતોનો લોકધર્મ માનવીય દૃષ્ટિકોણ-માનવસેવા એ જ પ્રભુસેવામાં માનવા પરત્વે હોય છે. મૂળ ધર્મસ્થાનો કરતાં પણ આવા લોકસંતો દ્વારા સ્થાપિત લોકધર્મના સ્થાને ખરી લોકસંસ્કૃતિનાં દર્શન થાય છે. ખરો ભાવ તો અતિથિસત્કારનો. આંગણે આવેલાને ભોજન મળે, ગોસેવા થાય, પશુ-પંખીને દાણા-પાણી મળી રહે.

લોકસંત, લોક એટલે સામાન્ય સાવ છેવાડાનો પ્રતિનિધિ. એ નિરાશા નથી અનુભવતો, ભાંગી નથી પડતો. મંદિરો તૂટ્યાં, લૂંટાયાં તો ભાગ્યને ભાંડીને લોક-સંત બેઠા ન રહ્યા. એણે તંબૂર, મંજીરાં લીધાં. સમાજમાં ઘૂમ્યા, કીર્તન ભજન, લોકગીતો દ્વારા સમાજને આનંદની અનુભૂતિ કરાવી બળ પૂરું પાડ્યું.

નિસ્વાર્થભાવે સમાજમાં સામંજસ્ય, સમરસતા અને સમભાવ-સદ્ભાવ પ્રગટાવવો એ લોકસંસ્કૃતિની દેણગી છે. ઓળખ-પરખ પણ છે. એમાં તત્ત્વરૂપે સદ્ વ્યવહાર, સદાચાર અને સદ્ગુણ નિહિત છે.

બંધુત્વભાવને પ્રગટાવનારા- પરિચય કરાવનારાં કેટલાંક ક્રિયાકાંડો હવે રહ્યાં છે. શુભલગ્ન પ્રસંગે ચાક વધાવવાનો, ઢોલ-ઢોલીને વધાવવાના પ્રસંગો આપણી સહનાવવતુ સંસ્કૃતિના પોતક છે. સમાનતા અને સહભાગિતા લોકસંસ્કૃતિનું પાયાનું તત્ત્વ છે. તત્ત્વના અર્થ વગર તંત્ર ચાલુ રહ્યું છે. ક્રિયાકાંડ- રીતરિવાજની રીતે સમાનતા અને સમરસતા સચવાઈ છે, આવા સમરસ લોકવ્યવહાર, ક્રિયા-વિધિમાં અને લોકસમાં ધર્મસ્થાનકોમાં અવલોકવા મળે છે.

આવા લોકધર્મ, સ્થાને ભજનકીર્તનગાન થાય, એમાં અઢારેય વરણના લોકોની સહભાગિતા હોય. ભજનગાન કરનારા નિમ્નવર્ણના વર્ગના હોય. સાજિંદાઓ પણ મુસ્લિમ, કોળી જેવી કોઈ પણ જ્ઞાતિના હોય. ભજનમંડળીમાં સાજિંદા તરીકે લગભગ વિશેષ પ્રમાણમાં મુસ્લિમો જોવા મળે છે. પ્રાણલાલ વ્યાસ સાથે હાજી રમકડું હોય જ. એ મસ્તીથી ભજન સાંભળે. બધા એનો બોધ સાંભળે. દાસીજીવણ હરિજન હતા પણ એ સવર્ણને કંઠી બાંધનારા- ગુરુપદને પામનારા હતા. દેવળદે, લોયણ, તોરલ, રૂપાંદે જેવી અનેક સ્ત્રીઓ પણ ગુરુપદ પ્રાપ્ત કરનારી હતી. મીરાંબાઈના ગુરુ રૈદાસ, રવિસાહેબના શિષ્યોમાં નાત-જાતના ભેદભાવ ન હતા. લોકસંતો ભાણસાહેબ, મીઠા ઢાઢી કેવી જુદી જુદી ઉચ્ચ-નીચ જ્ઞાતિના હોવા છતાં સમભાવની સંસ્કૃતિની સોડમ ફેલાવતા રહ્યા. લોકસંસ્કૃતિમાં જ્ઞાતિ, ધર્મ કે જાતિની વાડાબંધી નથી. એકત્વ છે. ભેદ નથી પણ સમાનતા-સહભાગિતા છે.

**સંઘભાવનાનો પડઘો પાડતું લોકસાહિત્ય :**

સંઘજીવન, સમૂહજીવન, કુટુંબ-પરિવાર એ લોક-સંસ્કૃતિની ઓળખ કરાવતું ત્રીજું ઘટક છે. લોકસંસ્કૃતિમાં સમાનજીવનની સમરસતા જ માત્ર પડઘાતી નથી, એમાં કુટુંબજીવન અને પરિવારજીવનના પારાવાર પ્રસંગો પણ છે. એમાં પંડ્યનાં જણ્યા સંતાનો કરતાં પણ ભાણેજ-ભત્રીજા કે ભાણેજડી-ભત્રીજીનો અપાર મહિમા છે. લોકગીતની પંક્તિમાં તો ત્યાં સુધી ગવાયું કે 'ભાણેભત્રીજાને બેસાડાય, તમે તમારાં સંતાનોને બદલે ભાણેજ-બહેનના સંતાનને અને ભત્રીજા-ભાઈના સંતાનને તમારી થાળીમાં સાથે બેસાડીને તમે જમતા હો એને જમાડતા હો- કુટુંબજીવનમાં હેત-પ્રીત, એમના માટે જાન ન્યોચ્છાવર કરી દેવાની ભાવનાનું દર્શન આપણી લોકસંસ્કૃતિ છે. આપણો લોકસમાજ છે.' ભાંડરડાઓ- ભાઈ બહેનના સ્નેહનાં અનેક હૃદયસ્પર્શી દૃષ્ટાંતો લોકકથાઓ કે લોકગીતમાંથી પ્રગટતા હોય છે. જિવાતા મૂલ્યનિષ્ઠ જીવનના લોકસાંસ્કૃતિક-સંસ્કારવારસાને જ લોકસાહિત્યમાં સ્થાન સાંપડતું હોય છે.

★ ★ ★

લોકસાહિત્યમાં લોકસંસ્કૃતિનો પડઘો સાંભળવા મળે. એમાંથી પીડાને બદલે પ્રસન્નતા પ્રગટે. આનો અર્થ એવો નથી થતો કે સમાજમાં પ્રસન્નતા, પરમાનંદ અને પૂરી સંવાદિતા જ છે. છે તો પારાવાર દુઃખ, વેદનશીલ અવસ્થિતિ છતાં દુઃખનો ઉદ્‌ગાર નહીં, પણ સુખની અનુભૂતિની વાત ગાવાની-કહેવાની. એ રીતે લોકનો હકારાત્મક દૃષ્ટિકોણ પ્રગટે. લોકસંસ્કૃતિમાંથી મળે છે દુઃખ, પીડાને બદલે જે નથી તે સુખ અને સંવાદિતા. ગુજરાતના લોકગીતોમાં અને દૃષ્ટાંતો જડી આવે. લોકનારીને તો કંઈ આરામ આનંદ નથી. એને તો સતત શ્રમ, મહેનત છે. થાક લાગે, અંગ ટૂટે. પણ થાક ભૂલવા, શ્રમકાર્યમાં વાતચીતથી વિક્ષેપ ન પડે એ માટે આપસમાં વાતચીત નહીં પણ સહિયારાં ગીતો ગવાય.આ આપણી લોકસંસ્કૃતિ છે. કાર્યમાં સમર્પણ રહે, થાક લાગે નહીં એટલે સંગીતનો આશ્રય લેવાય, ગીતો ગાય. દળવાના, ખાંડવાના અને ખેતરમાં કામ કરતાં-કરતાં ગવાતા ઘણાંબધાં શ્રમહારી લોકગીતો જયમલ્લ પરમારે ચર્ચેલ છે. એમાંનું 'દેરાણી-જેઠાણી ખાંડે ધાન મેં સાંભળ્યું' તું કાનોકાન' ટેકથી આરંભાતું લોકગીત લોકસંસ્કૃતિનું જ વ્યંજક છે. ખરું પરિચાયક છે.

લોકસંસ્કૃતિ પડઘાય છે લોકમાં અને લોક પડઘાય છે લોકગીત કે લોકકથામાં. દેરાણી-જેઠાણીનું શ્રમહારી ગીત ઘણું જૂનું છે. એમાંની કથનભાત-કથનવર્ણન શ્રેણીને ભાયાણીસાહેબ શામળ સુધી લંબાવે છે. એની લૌકિકકથાઓમાં જે વર્ણનશૃંખલા હસ્તપ્રતમાં જળવાઈ છે, લોકસંસ્કૃતિમાં કંઠસ્થ પરંપરામાં પણ એ સાવ સહજ રીતે ઝિલાઈ છે. એ કેટલી અર્થપૂર્ણ અને હૃદયસ્પર્શી છે એના પૂરા પરિચય માટે આપણી લોકસંસ્કૃતિને ઉદ્‌ઘાટિત કરતી લોકગીતની રચનામાંથી લોકસંસ્કૃતિના ઘટકોનો પરિચય પ્રાપ્ત થાય છે.

લોકગીતમાંનો ઢાળ, લય તો શ્રમહારી છે જ. એમાં ખાંડતાં-ખાંડતાં ગાવાની વાત છે. એટલે ખાંડવાના અવાજમાં દેરાણી-જેઠાણીની વાત કોઈ ન સાંભળી જાય એની ચીવટ નિહિત છે. પણ બીજી કોઈ નારીએ પોતે પોતાના કાનોકાન સાંભળ્યું છે. વાત છૂપી રહેતી નથી. પિયુને કરવાનો-કરેલો કે કરવા ધારેલો સંવાદ સખી તુલ્ય દેરાણી-જેઠાણી પરસ્પર કથે છે અને વાત પ્રસરી જાય છે, વહેતી થઈ જાય છે. વાતને કહેવાની-મૂકવાની કળા, અંતઃકરણની પીડા અને પિયુ સાથેની સંનિકટતા લોકસંસ્કૃતિની પોતક છે. એ રચના અવલોકીએ..

*'દેરાણી-જેઠાણી ખાંડે ધાન, મેં સાંભળ્યું'તું કાનોકાન....*
*(ટેક)*

*મેં ચૂંટી ચંપાની કળી, તો દસ મહિના પેચૂટી ટળી,*
*મારા પિયુજીને પૂછું એમ, કે ખડ વાઢે ઈ જીવે કેમ.*
*દેરાણી-જેઠાણી....(૧)*
*મારા માથે ફૂલનો દડો, મેં જાણ્યું પાણીનો ઘડો,*
*મારા પિયુજીને પૂછું એમ, કે પાણી ભરે ઈ જીવે કેમ.*
*દેરાણી-જેઠાણી...(૨)*
*મેં પહેર્યાં'તાં હીરનાં ચીર, ને તોય છોલાણાં મારાં ડિલ,*
*મારા પિયુજીને પૂછું એમ, કે જાડાં પહેરે ઈ જીવે કેમ.*
*દેરાણી-જેઠાણી...(૩)*
*મેં તો ખડી સાકરનો શીરો કર્યો, તોયે ન મારે ગળે ઊતર્યો*
*મારા પિયુજીને પૂછું એમ, કે ખીચડી ખાય ઈ જીવે કેમ.*
*દેરાણી-જેઠાણી...(૪)*
*મારી પાડોશણ દાળ છડે, ને મારા હાથમાં ભંભોલા પડે,*
*મારા પિયુજીને પૂછું એમ, કે દરણા દળે ઈ જીવે કેમ.*
*દેરાણી-જેઠાણી...(૫)*

વિધિની વક્રતા તો જુઓ, ચંપાની કળી ચૂંટતાં, માથે ફૂલનો દડો રાખતાં, હીરના ચીર ધારણ કરતાં કે ખડી સાકરનો શીરો ગળે ઉતારતાં કે લોકનારીને શ્રમિતપણાનો - થાકનો અનુભવ થાય છે એવી નારી આ બધી વાતડિયુંને ધાન ખાંડતાં ખાંડતાં કથી રહી છે. આવી શ્રમજીવી લોક-કન્યાઓના સંવાદને જાતે જેણે સાંભળ્યો છે એણે આ વાત ગાઈ છે. અહીં ગાનાર કથક નારી, બીજી નારી પાસેથી સ્વકર્ણે સાંભળેલ વાતને કહી રહી છે, ગાઈ રહી છે. ધાન એટલે ખીચડી પણ નહીં, પરંતુ ઘણાં બધાં કઠોળનું મિશ્ર રૂપ ખીચડો. ખીચડી તો કંઈક સારી પણ ખીચડો- ધાન પ્રમાણમાં રુક્ષ-ખરબચડું. એને એવા રુક્ષ ખાદ્ય પદાર્થને ખાંડતાં-ખાંડતાં કેવા ઋજુ ભાવને આલેખ્યા છે. આ વિરોધાભાસ કે જકસ્ટાપોઝ પ્રકારની અભિવ્યક્તિ પણ કથનકલાનો જ એક ભાગ બની રહે છે. લોકગીતની કથનકલાનું

આવું રૂપ વિગતે તપાસવા જેવું છે. લોકસંસ્કૃતિની વિશિષ્ટતા એ છે કે એમાં કોઠાસૂઝથી - સહજ રીતે અભિવ્યક્તિ થતી હોય છે.

લોકનારી શ્વશુરગૃહે કોને પૂછી શકે ? નણંદ, સાસુ, સખી કે દેરાણી-જેઠાણીને નારી હોવા છતાં નારી કશું કહી શક્તી નથી. કારણ કે લોકસંસ્કૃતિમાં, લોકવ્યવહારમાં આ અજુગતું ગણાય. અશિસ્ત આચર્યું કહેવાય. ઘરની-મોટાં ખોરડાની વગોવણી ગણાય. એટલે અહીં પોતાના પિયુજી સામે પ્રશ્નો ઠાલવ્યાં છે. જવાબ મળતા નથી. પ્રિયતમ-સ્વામી ભલે સહાયભૂત ન થઈ શકે પણ ખરી સહાનુભૂતિ તો આ પ્રિયતમ-પિયુજી પાસેથી જ મળે છે. લોકસંસ્કૃતિમાં એને ભારે લાડ લડાવાયા છે. લોકગીતોમાં પ્રિયતમની પણ ઘણી બધી મર્યાદા હોય, પણ છતાં એને જ પેટની વાત કહેવાની, લોકસંસ્કૃતિમાં જાતને ઉપાડી શકાય એવું સ્થાન મા-બાપ કે સખી નહીં પણ માત્ર પ્રિયતમ છે, પતિ છે, એવી શીખ પણ આ લોકગીત દ્વારા લોકસંસ્કૃતિ સંદર્ભે મળે છે.

નારીની નાજુકતાની પરાકાષ્ઠા તો પાંચમી કડીમાં છે. પોતે શ્રમ ન કરે પણ કોઈ કરતું હોય એના થડકારાનો પણ એ થાક અનુભવે છે.

લોકગીતોમાં આવતા આવા બધા પ્રસંગો ભલે નર્યા તળપદા અને પ્રદેશ-સાપેક્ષ કે પ્રાસંગિક લાગે પણ આખી પરંપરા છે. શામળની 'વૈતાળ પચ્ચીસી'ની ચૌદમી વાર્તામાં અત્યંત કોમલાંગી સાત રાણીઓના પ્રસંગો વર્ણવાયેલા છે એમાં મળે છે. એક રાણી ઉપર સૂર્યનું કિરણ પડ્યું તો એ દાહનો અનુભવ કરવા લાગી, બીજી રાણી વાદળમાંથી વર્ષાજલનાં બિન્દુ પડવાથી એમાં તણાવાનો અનુભવ કરવા લાગે છે. ત્રીજી રાણી પવનની ઝાપટથી આકાશમાં તણખલાની માફક ઊડવા લાગી. ચોથીને શય્યાસ્થાને પલંગથી જમીન પર પગ મૂકતાં ફોડલા થયા. પાંચમીના માથા ઉપર જૂઈ-ચમેલીનું ફૂલ મૂકતાં જ એ જમીનમાં ઊતરવા લાગી. છઠ્ઠીએ માત્ર ખસ-ખસનો દાણો ખાધો ત્યાં પેટ ભરાઈ ગયાનો અનુભવ કર્યો અને સાતમીએ પોતાના રાણીવાસથી સાતમા ઘરે ચોખા ખાંડવાનો અવાજ સાંભળ્યો ત્યાં પોતાના હાથમાં ફોડલા-ચાંદા થયાનો ભાવ અનુભવ્યો. લિખિત પરંપરાની લૌકિક કથાનકની વાર્તામાંના આ બધા પ્રસંગો હકીકતે કંઠસ્થ પરંપરાની સામગ્રીમાં કથનમાં કેવી સહજથી ગોઠવાઈને ચિરંજીવ બની જતા હોય છે. એનું પણ આ લોકગીત ભારે મહત્ત્વનું ઉદાહરણ છે. આ લોકગીત એ રીતે ઓછામાં ઓછું એટલા સમય જેટલું તો જૂનું છે જ. શ્રમહારી લોકગીતોને આમ એના લોકસાંસ્કૃતિક-સામાજિક સંદર્ભમાં અને પરંપરાના સંદર્ભમાં તપાસવા જેવાં છે. એ રીતે તપાસીએ તો પરંપરાની ખરી ગરિમા ખૂલશે.

નાજુક હૃદયની લોકનારીને કેવા સહનશીલ થઈને કેવા શ્રમમાં વ્યસ્ત રહેવાનું છે એનું ઘેરું કરુણ ચિત્ર અહીં ગોપિત છે. આપણે સાહિત્યમાં ગોપનનો મહિમા કરીએ છીએ એમ અહીં તો ભારે મર્યાદાથી-વિવેકથી બધું ગોપવીને રાખ્યું અને છતાં જે કહેલું છે તે તો કહ્યું જ છે. આવાં બધાં કારણે લોકગીતો કલાનુભવ કરાવનારાં જણાયાં છે. પણ આ તો એનું સરફેઝ સ્ટ્રક્ચર થયું. ડીપ સ્ટ્રક્ચરમાંથી તો લોકસંસ્કૃતિમાંની સહનશીલતાના સમુચિત સ્થાને વાત મુકાવતા અને કઠોર પીડાને જીવીને પ્રસન્નતા પ્રગટાવતી લોકનારીનું વ્યક્તિત્વ ઊઘડે છે, ખૂલે છે.

★ ★ ★

એક લોકકથાના કથાનકમાં 'પુત્રવધૂ વાડીએ ભાતું દેવા જતી હોય છે એટલે સાસુજી કહે છે 'ડોકમાંથી ઘરેણાં કાઢી નાંખ્ય, રસ્તામાં તારો બાપ બહારવટિયો લૂંટી લેશે.' ઘરેણાં કાઢ્યા વગર સન્નારી તો ભાથ દેવા નીકળી પડે છે. બહારવટિયા સામા મળે છે. ઘરેણાં કાઢી આપવાં અને ભાથું આપી દેવા આદેશ કરે છે. સન્નારી સાસુએ કહેલાં વચન દોહરાવે છે કે મને મારાં સાસુજીએ કહેલું પણ મેં ન કાઢ્યા. બહારવટિયાને આશ્ચર્ય થાય છે અને પૂછી બેસે છે કેમ ? સન્નારી કહે સાસુજી બોલેલાં કે 'તારો બાપ બહારવટિયો' એટલે મને થયું કે બહારવટિયો બાપ હોય તો એ દીકરીને થોડી લૂંટે ? આ શ્રદ્ધાનો રણકો બહારવટિયાને ચલિત કરી દે છે. 'ના બેટા, હાર ભલે ડોકમાં રહ્યો. દીકરી મારું કડું તને દાપામાં આપું છું.' કહીને પોતાના કાંડામાંથી ચાંદીનું કડું કાઢી આપ્યું. 'બાપુ, તમારા માટે પણ હું ભાથ થોડું વધારે લાવી છું. લ્યો બપોરા કરી લ્યો.' બહારવટિયો કહે 'બાપલિયા દીકરા, મારી પાછળ તો મને પકડવાવાળાએ ઘોડા દોડાવ્યા છે. બપોરા કરવાની વેળા નથી પણ લાવ બે બટકા ખાઈ લઉં, નહીંતર અપશુકન થાશે.' બહારવટિયાએ ખાધું. દીકરીએ દુઃખણાં લીધાં.'

લોકસંસ્કૃતિમાં- લોકજીવનમાં આવા વિરલ દૃષ્ટાંતો ગામે-ગામથી મળી આવે. લોકની હિંમત, લોકનારીની શ્રદ્ધા અને લુંટારા-બહારવટિયાઓની પણ જીવનમૂલ્યોની માવજત આવી લોકકથાઓ દ્વારા પ્રગટતી જોવા મળે છે. મૂળભૂત રીતે જીવનમૂલ્યો, શ્રદ્ધા અને અડગ મનોબળવાળો લોક લોકસંસ્કૃતિનો પરિચાયક છે. એની પ્રતીતિ આવાં દૃષ્ટાંતો

**લોકની હિંમત, લોકનારીની શ્રદ્ધા અને લુંટારા-બહારવટિયાઓની પણ જીવનમૂલ્યોની માવજત આવી લોકકથાઓ દ્વારા પ્રગટતી જોવા મળે છે. મૂળભૂત રીતે જીવનમૂલ્યો, શ્રદ્ધા અને અડગ મનોબળવાળો લોક લોકસંસ્કૃતિનો પરિચાયક છે. એની પ્રતીતિ આવાં દૃષ્ટાંતો દ્વારા મળી રહે છે. લોક એટલે નિર્માલ્ય, બીકણ ભાગેડું નહીં. મજબૂત મનોબળ, દૃઢ માન્યતાઓ અને અપાર શ્રદ્ધા ધરાવતી વ્યક્તિમત્તા તો લોક.**

દ્વારા મળી રહે છે. લોક એટલે નિર્માલ્ય, બીકણ ભાગેડું નહીં. મજબૂત મનોબળ, દૃઢ માન્યતાઓ અને અપાર શ્રદ્ધા ધરાવતી વ્યક્તિમત્તા તે લોક. લોકસંસ્કૃતિ કેવી પરિપક્વ, પ્રભાવક અને આજે પણ પ્રસ્તુત છે એનો આલેખ આવાં દૃષ્ટાંતોમાંથી મળી રહે છે. લોકસંસ્કૃતિના ઘટકોના પ્રસરણ પ્રચલન લોકને ઘડે છે. એનું ઘડતર આવા લોકસાંસ્કૃતિક સામાજિક સંદર્ભોથી થાય છે. બાહ્ય-સ્થૂળ દૃષ્ટિએ આપણો ગણાતો લોક ખરી રીતે તો ઘડતર પામેલો છે. એનું આવું ઘડતર ભારે મહત્ત્વનું છે નાનાભાઈ ભટ્ટ જેવા લોકશિક્ષકે ઘડતર અને ચણતરની જે પરિભાષા પ્રયોજી છે એ લોકસંસ્કૃતિના સંદર્ભથી સુસ્પષ્ટ થાય છે.

લોકસંસ્કૃતિનું તત્ત્વ પરંપરાથી પોષિત છે. એ પરંપરાના જાળવનારાઓ લોકસંસ્કૃતિના વાહકો છે. લોક સંસ્કૃતિનાં પરિબળો અને પરિમાણો આમ ભારે વ્યાપક અને વિસ્તૃત છે. એની ઊંડાઈ અને ઊંચાઈ ઉભય તત્ત્વો પરંપરાની જાળવણીમાં નિહિત છે. એનું તંત્ર લોકસમાજ, લોકધર્મ અને લોકસાહિત્ય દ્વારા રક્ષિત છે. લોકસંસ્કૃતિને જાળવનારું, લોકસંસ્કૃતિનું જતન અને સંરક્ષણ કરનારું આ તંત્ર લોક સંસ્કૃતિની ઓળખ પણ છે. તંત્રમાં તત્ત્વ નિહિત છે, પ્રવાહમાન છે. તત્ત્વથી એ રીતે તંત્ર સંયુક્ત છે, એમાં રેળાઈ ગયું છે. એના મય, તન્મય બનેલું ભળેલું તત્ત્વ અને તંત્ર એક છે. અદ્વિતીય લોકસંસ્કૃતિની ઓળખ, આલેખ અને પરખરૂપ તત્વ અને તંત્ર અમૂર્ત છે, અદ્વિતીય છે અને અદ્વૈત છે. એને જયમલ્લભાઈ પરમારે વડલો અને વડવાઈ કહ્યાં છે. ડોલરરાય માંકડ જેવા પ્રાચ્યવિપના તજજ્ઞ સરિતા અને વીરડો કહે છે. આપણી તરસને છિપાવનાર જ નહીં, આપણને વાહક બનવા પ્રેરનારું પરિબળ છે. તાકાત અર્પે, તૃપ્ત કરે.

**લોકસંસ્કૃતિનું તત્ત્વ પરંપરાથી પોષિત છે. એ પરંપરાના જાળવનારાઓ લોકસંસ્કૃતિના વાહકો છે. લોકસંસ્કૃતિનાં પરિબળો અને પરિમાણો આમ ભારે વ્યાપક અને વિસ્તૃત છે. એની ઊંડાઈ અને ઊંચાઈ ઉભય તત્ત્વો પરંપરાની જાળવણીમાં નિહિત છે. એનું તંત્ર લોકસમાજ, લોકધર્મ અને લોકસાહિત્ય દ્વારા રક્ષિત છે**

લોકસંસ્કૃતિ આંશિક રીતે લય પામે કે લુપ્ત થાય એની પ્રકૃતિ છે. પણ લોકના લોહીમાં એ લુપ્ત પ્રવાહ સરસ્વતી નદીની માફક વહેતો રહે છે. લોકભરત, લૌકિક ખાણાં, અને લોકબોલી રૂપે તળપદી સંસ્કૃતિ એથનિક કલ્ચર રૂપે પુનઃ જીવિત થઈને પુનઃ સ્થાપિત થાય છે. લોકસંસ્કૃતિ માટે વિષ્ણુ પંડ્યા ઉચિત રીતે કહે છે કે લોકબળ, લોકમાનસ, પડકાર ઝીલનારી લોકપ્રકૃતિ શાહમૃગ નથી કે એ છુપાઈ જાય, મોઢાને સંતાડી દે, એ તો દેવહુમા છે. રાખમાંથી પાછું પ્રગટ થાય અને બમણા બળથી ક્રિયાશીલ રહે. લોકસંસ્કૃતિનાં અમર બેસણાં, અમરતેજ કાયમ તેજ પ્રસરાવતા રહેતાં હોય છે. એ તેજ દાહક નહીં પણ દિશાદર્શક હોય છે. લોકસંસ્કૃતિની સાદી, સરળ અને સહજ મુદ્રા તેનું તત્ત્વ અને તંત્ર છે...

**લોકસંસ્કૃતિનું પ્રગટરૂપ લોકમેળાઓ :**

હકીકતે આ લોકમેળાઓ ભારતીય લોકસંસ્કૃતિનું પ્રાચીન રૂપ છે. લોકસંસ્કૃતિ અહીં પ્રગટપણે મહોરી ઊઠતી અવલોકવી અનુભવવા મળે. લોકસંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. આપણી લોકસંસ્કૃતિ 'સહનૌભુનક્તુ'ની સંસ્કૃતિ છે. સાથે-સાથે હળવાનું-મળવાનું અને મજા માણવાનું તત્ત્વ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. એકાકીપણું, એકલપેટું અહીં આવકાર્ય નથી. એ દુર્ગુણ ગણાય છે. સહિયારાપણાની-મજિયારાપણાની ભાવના ભારતીય લોકસંસ્કૃતિને વિશ્વ સંસ્કૃતિમાં આગવી-અનોખી ઓળખ અપનાવે છે સાથે-સાથે માત્ર સુખ જ ભોગવવાનું નથી. દુઃખમાં પણ સાથે-સાથેનો ભાવ છે. સુખ-દુઃખ સહિયારું ભોગવવાનું છે. આપણું આવું અનોખું વલણ આપણને એક આગવી પ્રજા તરીકેની ઓળખ અપાવે છે. સમૂહભાવનાનો ભાવ પ્રેમભાવ અને સહનશક્તિ તરફ દોરી જાય છે. અન્યને અનુકૂળ થવું, કોઈને અગવડ ન પડે એવી ખેવનાને જન્માવે છે. તમામ એકબીજાની સગવડતાનો વિચાર કરે એટલે સહજ રીતે બંધુત્વભાવ પ્રગટે. લોકસંસ્કૃતિ નિહિત રહેલી આ બંધુત્વભાવના આપણી આગવી વ્યક્તિમત્તા તરીકે ઓળખાય છે.

લોકસમૂહ એટલે મેળાવડો. બધા કોઈ એક સ્થાને કોઈ ચોક્કસ તિથિએ મળે-હળે-ભળે એ મેળો. માનવમેળો આ કારણે માનવ મહેરામણ તરીકે ઓળખાય છે. સમુદ્ર જેવી ભરતીનું રૂપ જોવા મળતું હોય છે લોકમેળાઓમાં. આ મેળાઓ માટેનું નિયત સ્થાન, નિયત તિથિ આપણી લોકસંસ્કૃતિ સાથે સંકળાયેલ હોય છે. મોટેભાગે વર્ષાઋતુમાં કે વસંતઋતુમાં મેળા યોજાય છે. આપણે પ્રકૃતિથી કેટલા નજીક છીએ એનો પરિચય આમાંથી મળી રહે છે. વરસાદથી ધરતી પરિતૃપ્ત હોય, બધે લીલીછમ્મ વનરાજી છવાઈ ગઈ હોય, કશાંક ઉજ્જવળ ભાવિનો સંકેત ઊગીને વૃદ્ધિ પામી રહેલ ધન-ધાન્ય પાકસૃષ્ટિમાંથી મળતો હોય. સ્વાભાવિક છે કે માનવજીવ આવા કારણે કોળી ઊઠે, મહોરી ઊઠે, પોતાની આંતરિત પ્રસન્નતાનો ભાવ એ અંગત રીતે ન માણે પણ બધા એકઠા મળે, ખાય, નાચે, કૂદે, હળે, મળે અને સુંદર વસ્ત્રો પહેરીને પોતાનો આનંદભાવ પ્રગટ કરવા મેળામાં એકત્ર થાય. લોકમેળામાં ખૂન, કજીયા, કંકાસ કે મારામારી

થયાનું કોઈ ઉદાહરણ મળતું નથી. બદદાનત કે દુરિતના મનને પણ આવું પ્રસન્નતા પ્રગટાવતું વાતાવરણ પલાળી નાખતું હોય છે. એ રીતે લોકમેળા ખંડિત ચિત્તને કે વિચારને પલટાવનારું પર્વ છે.

લોકમેળાનું સ્થાન ભારે ખુલ્લું અને પ્રાકૃતિક સંપદાથી સંપન્ન હોય છે. સહેલાઈથી પહોંચી શકાય, અને પાછું વળી શકાય એટલા અંતરવાળું હોય છે. જૂના સમયમાં તો વનસ્થલી અથવા સરિતાતટની પસંદગી મેળાસ્થાન માટે થતી. ત્યાં ઋષિકુમારોનું શ્લોકગાન, મલ્લના અંગકસરતના દાવ અને લોક-રાસનૃત્ય દ્વારા જનમનરંજન થતું. ક્યારેક મદારી હોય, નટ-બજાણિયા જેવી લોકમનોરંજનની જાતિઓની ઉપસ્થિતિ આબાલવૃદ્ધ માટે ભારે આનંદપ્રદ બની રહેતી હોય. વળી, જ્યોતિષી મહારાજ પણ હોય અને લોક-આયુર્વેદિક વિપના જાણકારો પણ હોય, જે લોકરુચિને અનુકૂળ-અનુરૂપ શ્રેયકર-પ્રેયસ્કર વિગતો પીરસતાં હોય. બળદગાડા દોડ, અશ્વ દોડ જેવી હરીફાઈઓ પણ યોજાય. ગાય, ભેંસ, અને અન્ય પશુ-પ્રાણીની લે-વેચ પણ થાય. ચટાકેદાર વાનગીઓ અને ભાવતાં ભોજન સમૂહ આરોગે, સ્ત્રીઓને માટે આભૂષણના વિવિધ પ્રકારો પણ હાજર હોય. ચકરડીમાં માત્ર બાળકો જ નહીં આબાલવૃદ્ધ સૌ કોઈ મહાલે, હળે-મળે ત્યારે વિખૂટા હોય એનો મેળાપ થાય અને પ્રેમી હૈયાં એની લાગણી વ્યક્ત કરીને હળવાં થાય. વેપારીઓ રાહ જોતા હોય મેળાની એના આવકના સ્ત્રોત તરીકે. જ્યારે  સમસ્ત પ્રજા રાહ જોતી હોય મેળાની, એના આનંદભાવની અભિવ્યક્તિ અર્થે. આ લોકમેળાઓ આમ માનવચિત્તની પ્રસન્નતાની અભિવ્યક્તિ માટેનું લોકસંસ્કૃતિક પર્વ ગણાય છે. એનું માહાત્મ્ય સવિશેષ છે લોકમનમાં. મેળામાં ઊમટેલું માનવજૂથ હકારાત્મક રીતે આનંદ, પ્રેમ અને સંસ્કારને પ્રગટાવતું હોય છે.

**લોકમેળાનું સ્થાન ભારે ખુલ્લું અને પ્રાકૃતિક સંપદાથી સંપન્ન હોય છે. સહેલાઈથી પહોંચી શકાય, અને પાછું વળી શકાય એટલા અંતરવાળું હોય છે. જૂના સમયમાં તો વનસ્થલી અથવા સરિતાતટની પસંદગી મેળાસ્થાન માટે થતી. ત્યાં ઋષિકુમારોનું શ્લોકગાન, મલ્લના અંગ કસરતના દાવ અને લોક રાસનૃત્ય દ્વારા જનમનરંજન થતું**

લોકમેળા મોટેભાગે ખુલ્લામાં પણ નદીતટે કે મંદિરની સમીપમાં યોજાયા હોય છે. આપણી લોકસંસ્કૃતિ સાથે પ્રકૃતિ અને ધર્મ ભારે દૃઢ રીતે જોડાયેલાં છે. ત્યાં પ્રસ્તુત થતાં રાસડા, ભજનો અને દુહા આપણી સમૃદ્ધ લોકસંસ્કૃતિનો-લોકસાહિત્યનો પરિચય કરાવે છે. પ્રજાની કલાશક્તિ, પ્રજાની સાહિત્યરુચિ અને પ્રજાના લોકસંસ્કારોનું પ્રગટીકરણ આવા લોકમેળા છે. અહીં પ્રજા માત્ર મળવા માટે, રખડવા માટે નથી આવતી પણ પ્રસ્તુત થવા માટે આવે છે. કેટલી બધી કળાઓને પોતાનામાં સંગોપીને આ પ્રજા જીવે છે એનો ખરો ખ્યાલ લોકમેળાના માધ્યમથી આવી શકે. લોકહૃદય કેટલું તીવ્ર રીતે અને પ્રબળ રૂપે લોકસંસ્કારો ઝીલે છે તેનો ખરો પરિચય પણ આવા લોકમેળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ છે. આ બધો લોકસંસ્કારવારસો જોઈને યુવાનો-તરુણો બધું આપોઆપ શીખે. કલાને પોતીકી બનાવવાની, શીખવાની ભારે મોટી શક્તિ પણ આ પ્રજામાં પડી છે. એ માત્ર દ્રષ્ટા નથી હોતી પરંતુ એ શબ્દો, એ ઠેકા અને એ છટા પોતાના હૃદયમાં સ્થિર કરીને સ્થાપતી હોય છે. બાળકોનું લોકકળાશિક્ષણ આવા લોકમેળાની લોકસાંસ્કૃતિક પ્રવૃત્તિઓ છે. સમૂહમાં રહેતા શીખે એટલું જ નહીં પણ બોલચાલની છટા, રહેણીકરણીની આગવી પ્રભાવક રીતે, હાલવા-ચાલવાનું રૂપ પણ એટલું જ મોહક હોય છે. એ પણ લોકમેળામાં પ્રગટતું હોય છે એટલે એનો પ્રભાવ પણ નૂતન પેઢી ઉપર પડે છે. માણસ સમૂહમાં રહીને, સમૂહ પાસેથી જેટલી ઝડપથી, જેટલું વિશેષ માત્રામાં શીખે છે એટલું અન્ય ક્યાંયથી શીખતો નથી. એ રીતે લોકમેળા એ કે ઘડતરની લોકપાઠશાળા છે. લોકસંસ્કૃતિનું પ્રગટરૂપ લોકમેળા આવા કારણથી લોકસંસ્કૃતિનું ભારે મહત્ત્વનું ઘટક તત્ત્વ છે.

★ ★ ★

ભારતીય વિચારધારાનું, જીવન મૂલ્યોનું એન્જિન ગણાય છે લોકસંસ્કૃતિ. એ હકીકતે વાહક છે. લોકસંસ્કૃતિ લય પામે છે કે સાવ નષ્ટ પામે છે એવું નથી. એ શાશ્વત છે. કલામાં, સાહિત્યમાં એ અંતર્નિહિત છે. આવા કારણે લોકસંસ્કૃતિ એકાત્મબોધ, એકાત્મતા અને એકત્વની અનુભૂતિ કરાવનાર તત્ત્વ ગણાય છે. લોકમત અને લોકમન એના પાયામાં છે. લોકહિત, લોકમંગલ અને લોકભાવનાનો પુરસ્કાર કરાવનારું ઘટક છે લોકસંસ્કૃતિ, લોકનાં સુખદુઃખ સાથે સમાજ પોતાની સહભાગિતાનો અનુભવ કરે છે એનું કારણ એની સાથે લોક તદ્રુપતા-તલ્લીનતા અને એકાકાર થઈને સંકળાયેલ હોય છે. વ્યક્તિથી સમષ્ટિ સુધીની લોકસાંસ્કૃતિક સફર માંગલ્યની વાચક હોય છે.

લોકસંસ્કૃતિના આ ચારેય ઘટકો પરંપરા સાથેનું જીવંત અનુસંધાન, લોકધર્મસ્થાનકો અને લોકસંતો, સંઘભાવનાનો પડઘો પાડતું લોકસાહિત્ય અને લોકમેળાઓ, લોકસંસ્કૃતિને પ્રગટાવતાં પરિબળો છે. એનું તત્ત્વ અને એનું તંત્ર એમાંથી પમાય છે. લોકસંસ્કૃતિની ઓળખ કરાવતાં તત્ત્વો અને એને પ્રગટાવતા તંત્રને અનુષંગે લોકસંસ્કૃતિની ઓળખ, લોકસંસ્કૃતિનો સાક્ષાત્કાર શક્ય બનતો હોય છે.

---

*તીર્થ, ૨૭૪, જનકપુરી,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫,*
*મો - ૯૪૨૮૨૦૭૦૦૦*

# ભારત : એક સનાતન ઉત્સવ... જય હો, પ્રિય હો !

– જય વસાવડા

એક બૂંદ મિલી, એક બૂંદ ગિરી,
ફિર બૂંદો કી બરસાત હુઈ
કબ દિન બીતા કુછ પતા નહીં,
કુછ જ્ઞાત નહીં કબ રાત હુઈ
મૌસમ બીતે ફિર યુગ બીતા,
ફિર બીતને કી શુરૂઆત હુઈ,
સબ બીતે યે અટલ રહા,
યે અજબ અનોખી બાત હુઈ.

મૈં એક મુસાફિર હૂં -
મૈં દેખતા હું નૃત્ય
ભરતનાટ્યમ, કુચિપુડી
કત્થક ઔર મણિપુરી
ઔર ના જાને ક્યા ક્યા ?
સબકે અલગ રૂપ, અલગ રંગ
અલગ પ્રભાવ, અલગ ઢંગ,
પર એક સૂત્ર સે જુડે હુએ સે-
વહી નવ રસ, વહી ભાવ
વહી ઉદ્વેલન, વહી બહાવ.
મૈં હર તરીકે મેં છિપા
ઈતિહાસ ગુનતા હૂં
હજારોં સાલોં કી પરંપરાએં હૈં
- સુનતા હૂં.
ઔર મનમે યહ સોચ ઉઠતી હૈ
કિ કિતના ઉન્નત સમાજ હૈ,
કિતની ઉન્નત સંસ્કૃતિ હૈ -
જિસને ઐસી
વિવિધ અભિવ્યક્તિ પાયી હૈ,
જો સમય કે સાથ ઔર
નિખરતી આઈ હૈ.

મૈં એક મુસાફિર હૂં -
મૈં દેખતા હૂં ધર્મ
ઔર ફિર કહીં દેખને કિ
જરૂરત નહીં રહ જાતી
કોઈ ભી સમ્પ્રદાય ઐસા નહીં,
જિસકી કથાએ યહાં નહીં પાયી જાતી.
ઔર જબ પલટતા હૂં
પન્ને ઈતિહાસ કે
તો હિલ જાતે હૈં
મેરે માપદંડ વિશ્વાસ કે
હિન્દુત્વ કા આધાર ભી,
ઈસ્લામ કા ભી જ્ઞાન હૈ
નાનક કા હૈ, મહાવીર કા
ઔર બુદ્ધ કા સ્થાન હૈ
આરતી ભી હૈ, અજાન ભી
અવિશ્વાસ ભી, ગુરુજ્ઞાન ભી
ફિર ભી લગતા હૈ
માનો એક હી પરિવાર હૈં
પ્રેમ કા અનુબંધ હો
તો ક્યા અલગ આચાર હૈ ?

ઈતની અનોખી વિધિયાં,
ઈતને અજબ ત્યૌહાર હૈં
કભી દીપો કી માલાએં હૈં,
કભી રંગો કી બૌછાર હૈં
ઈદ કા ઉત્કર્ષ ભી
દુર્ગાપૂજા કા હર્ષ ભી
ક્રિસમસ ભી, નવ વર્ષ ભી.
અજબ ગજબ કે રીત હૈં
જન્મ હો યા શાદી હો -
સબકે લિએ ગીત હૈં.
'કજરી' હૈ બરસાત મેં,
'વિરહા' હૈ જજબાત મેં
કુછ ભી લેકિન વ્યર્થ ના,
કોઈ બાત હૈ હર બાત મેં.
મુહર્રમ કી આહ હો,
યા હોલિકા કા દાહ હો
ઈક ના ઈક અદ્‌ભુત કથા,
છિપી હૈ સબકે મૂલ મેં
ભક્તિ યહાં બસતી રહી હૈ -
પત્થરોં મેં, ધૂલ મેં.

*મૈં એક મુસાફિર હૂં !*
*લગતી મુઝે જબ ભૂખ હૈ,*
*મન સોચતા ક્યા ખાયેગા ?*
*લાખોં કિસ્મ કે ભોગ હૈં,*
*કુછ ન કુછ બચ જાએગા.*
*ભોજન કા કોઈ સ્વર્ગ હો,*
*તો ઐસા બેમિસાલ હો*
*સૈંકડોં તરહ કી રોટિયાં,*
*હજારોં તરહ કી દાલ હો.*
*મીઠા ભી હો, તીખા ભી હો,*
*ખટ્ટા મસાલેદાર હો*
*ચૂરન ભી હો, ચટની ભી હો,*
*પાપડ ભી હો, અચાર હો.*
*હો ભાત ભી, ડોસા રહે,*
*બાટી રહે ફિર દાલ કી*
*પાવ વડે કે સંગ હો,*
*લિટ્ટી ભી હો કમાલ કી.*
*મેવા ભી હો, મિષ્ઠાન ભી*
*કત્થે લગાયા પાન ભી.*
*જિંદગી લગ જાયેગી,*
*ખાને જો બૈઠે હમ યહાં*
*ઈતની વિવિધ રસોઈયાં,*
*મિલ પાએગી લેકિન કહાં ?*

*મૈં એક મુસાફિર હૂં -*
*મૈં દેખતા હૂં ભાષાયેં*
*સૌ મીલ પર બદલે યહાં*
*સૈંકડો ભાષાએં હૈ,*
*હૈં હજારો બોલિયાં*
*હર બોલી કા ઔચિત્ય હૈ,*
*હર ભાષા કા સાહિત્ય હૈં*
*રહીમ, ખુસરો, મીર હૈં -*
*તુલસીદાસ, કબીર હૈં.*
*ગુરુદેવ કી ગીતાંજલિ,*
*દોહે કવિ રસખાન કે*
*યે આસ્થા કે ફૂલ હૈં,*
*યે ગીત હૈં સમ્માન કે*
*ગાલિબ કી હર ગજલ યહાં*
*અકબર યહાં, બીરબલ યહાં*
*જો પ્રેમ કા પ્રતિરૂપ હૈ -*
*વો તાજ ભી ઉજ્જવલ યહાં.*
*હો શિલ્પ યા મૂર્તિ કલા,*
*ઉત્તમ સા શોભાયમાન હૈ*
*મંદિરો કી ભિત્તિયાં,*
*અજન્તા કી ગુફાઓં પર*
*ખુદ કલા કી દેવી કો,*
*હોતા રહા અભિમાન હૈં.*

*મૈં એક મુસાફિર હૂં -*
*મૈં સુનતા હૂં સંગીત*
*મૈં સુનતા હૂં સંગીત*
*તો બિન નાચે રહ નહીં સકતા*
*કૌન હૈ જો*
*રાગોં કે બૈરાગ મેં બહ નહીં સકતા?*
*સિતાર કે ઝંકાર મેં ડૂબના*
*બાંસુરી કી તાન મેં ઉતરના*
*તબલે કી તિરકિટ પે થિરકના*
*પખાવજ કી ધપધપ પે મચલના*
*ઘંટી કી ટુન ટુન મેં પિઘલના*
*શહનાઈ કી આવાજ સે બિલખના*
*સંતૂર કી સતરંગી આવાજ*
*વીણા કી મધુમયી લાજ -*
*સબ મેં આનંદ કી*
*ઐસી અનુભૂતિ હોતી હૈ -*
*કિ કહ નહીં સકતા*
*મૈં સુનતા હૂં સંગીત તો*
*બિન નાચે રહ નહીં સકતા.*

*ફિર બઢતા હૂં મૈં જ્ઞાન કી ઓર,*
*જિસકા કોઈ ઓર ના છોર*
*વાત્સ્યાયન કે કામસૂત્ર સે,*
*પતંજલિ કે યોગ સૂત્ર તક*
*ધન્વન્તરી કે આયુર્વેદ સે,*
*ચાણક્ય કે અર્થશાસ્ત્ર તક*
*ઉપનિષદોં કે ગૂઢ મંત્ર સે,*
*ભરતમુનિ કે નાટ્ય શાસ્ત્ર તક*
*બિછી ભી હૈ, લમ્બી ચૌડી -*
*જ્ઞાન કી એક ચારપાઈ*
*શૂન્ય ભી જિસમે,*

*જ્યોતિષ ભી, તારોં કી ગતિ સમાઈ.*
*જહાં ભિખારી ભી*
*સાહિત્યિક ભજન ગાતે હૈં*
*જહાં યોગ કે સાધક,*
*હર નુક્કડ પે મિલ જાતે હૈં*
*જ્યામિતિ કી પહલી રેખા,*
*વાસ્તુશાસ્ત્ર કા પહલા લેખા -*
*સબ કુછ જહાં સમાયા,*
*મૈં વો દેશ ઘૂમ કે આયા.*
*મૈં એક મુસાફિર હૂં,*
*ઈક અદ્‌ભુત દેશ ઘૂમ કે આયા.*
*ચરણ ભી જિસકે ઈતને પાવન,*
*કૈસે કરું ઉસે પ્રણામ ?*
*ભારત - નહીં મહજ એક દેશ,*
*નહીં મહજ એક નામ !*
*ભારત - એક ધામ !*

★ ★ ★

હિન્દીના બેહદ ઉમદા યુવાકવિ વિકાસ કુમારની આ અદ્‌ભુત કવિતા છે. કવિતા જરૂર લાંબી છે, પણ દેશ ક્યાં વળી નાનો છે ! માંડ આ તો જસ્ટ થોડાક લસરકા એની મેઘધનુષી રંગોળીના ઝિલાયા છે. પણ એ ચાડી ફૂંકે છે, ભાતીગળ, ભવ્યતાની, હજારો વર્ષોમાં આ દેશનો દીવો ઝાંખો થયો છે, ધ્રૂજ્યો છે, પડ્યો છે, તૂટ્યો છે - પણ હજુ ય ઓલવાયો નથી. વિશ્વની કોઈ સંસ્કૃતિનું આયુષ્ય આટલું લાંબુ નથી. અને ભારતનું છે એટલે કે વહેતી નદીની જેમ એમાં પાણી બદલાતું રહ્યું છે. ધોતિયાને બદલે જીન્સ સહજભાવે સ્વીકારાતું રહ્યું છે. આત્મતત્ત્વ જરાક જાગૃત હોય તો લાગણીભીના હોશમાં રહી સંસારના માયાલોકની લીલાથી ભાગવાનું નથી, પણ બહુ ખેંચાઈને એના ગુલામ થયા વિના એને માણતા રહી એમાંથી પસાર થવાનું છે. - આ ભારતનું દર્શન છે.

અને આ કવિતા એટલે જ તીર્થોની ભીડને બદલે, આ દેશને; એની રહેણીકહેણી- આચારવિચાર - ખાનપાનને અને એની સર્જનાત્મકતાના લોકવારસાને તીર્થ ગણે છે. અને આ દેશના સામાન્ય માનવીના દિલમાંથી નીકળતી સતરંગી ઓળખમાંથી પસાર થવું, એની ભૌગોલિક અને સામાજિક વિવિધતાને પારખવી અને સમજવી. એની મોહકમધુર કળાઓને જાણવી અને માણવી તથા એના માનવતા-અધ્યાત્મ-શિક્ષણ-સંશોધન-પ્રકૃતિના જ્ઞાન પર વિસ્મયમંડિત (ક્યુરિયોસિટી કોટેડ !) ચિંતન કરી એની અનુભૂતિ કરવી... એ જ સાચી ચાર ધામની યાત્રા છે. પેલી ધક્કામુક્કી વાળી જાત્રા જેટલી અહીં ભીડ નથી, પણ જ્યારે આ દેશની સાચી યાત્રા કરનારા મુસાફરો વધશે, ત્યારે જ તો તેની સ્વતંત્રતા વિશ્વ માટે પર્વ બનશે !

આજની માફક મધ્યયુગમાં પણ ખ્રિસ્તી-ઈસ્લામિક ટક્કરની ક્રુસેડસનો એ દૌર હતો. ઈતિહાસના પાને અમર બની ગયેલા બે મહાન યોદ્ધાઓ સલાદ્દીન અને રિચાર્ડ ધ લાયન હાર્ટ સામસામે ભીડાઈ ગયા હતા. કિંગ આર્થરની જાદૂઈ તલવારનો વારસો લઈને આવેલા રિચાર્ડ ધ લાયન હાર્ટે પોતાની 'સ્ટ્રેઈટ સ્વૉર્ડ' ઉંચકી અને એક લોખંડના સળિયાના ફક્ત તલવારના એક ઝાટકે બે ટૂકડા કર્યા.

સલાદ્દીન આ જોઈને હસ્યો. એણે એક પાતળું રેશમી વસ્ત્ર હવામાં ઉછાળ્યું. પોતાની ઝાંખા ભૂરા રંગની પાતળી વાંકી તલવારને એણે હવામાં આતશબાજીના તેજલિસોટાની જેમ ફેરવી ! અહો આશ્ચર્યમ્ ! હવામાં તરતું વસ્ત્ર સફાઈદાર રીતે બે ટૂકડામાં કપાઈ ચૂક્યું હતું ! પહેલેથી વૈજ્ઞાનિક મિજાજના માહૌલવાળા યુરોપિયન રિચાર્ડને ભરપૂર નવાઈ લાગી. જેમાં 'સ્ટેડી રેઝિસ્ટન્સ' (સ્થિર અવરોધ) ન હોય એવી લિસ્સી અને લહેરાતી સપાટીને આવી રીતે કાપવી લગભગ અસંભવ ગણાય. પણ એશિયાની અજાયબ તલવારે એ ચમત્કાર સર્જ્યો હતો ! સર વોલ્ટર સ્કોટે આ આખા પ્રસંગને એમની કથા 'તાલિસ્માન'માં મૂક્યો છે.

જાદૂ તલવારમાં નહિ, એની ધાતું અને ધારમાં હતો. સંશોધકો એને 'દમાસ્કસ સ્ટીલ' તરીકે ઓળખતા. ઈતિહાસકારોએ એને જગતનું પહેલું હાઈ કાર્બન સ્ટીલ ગણ્યું છે. પણ એ બનાવટ દમાસ્કસની હતી ?

જી ના, એ ભારતની હતી ! કન્નડમાં 'ઉક્કુ' કહેવાતા એ પોલાદની તલવારો એ વખતે છેક પર્શિયા (ઈરાન) અને અરેબિયા પહોંચતી એની શોહરત એવી તો મજબૂત હતી કે આરબ વિશ્વમાં સમશીર માટેનો શબ્દ જ હતો : 'મુહન્નાદ' ! મતલબ, ફ્રોમ હિન્દ ! હિન્દુસ્તાનથી આવેલું !

ટેક્સટાઈલ જેવા હુન્નર અને જાદૂના ખેલ કે હાથી-મોર-સિંહ ઉપરાંત ધાતુવિજ્ઞાન પણ ભારતની પહેચાન હતી. તાંબા

**કન્નડમાં 'ઉક્કુ' કહેવાતા એ પોલાદની તલવારો એ વખતે છેક પર્શિયા (ઈરાન) અને અરેબિયા પહોંચતી એની શોહરત એવી તો મજબૂત હતી કે આરબ વિશ્વમાં સમશીર માટેનો શબ્દ જ હતો : 'મુહન્નાદ' ! મતલબ, ફ્રોમ હિન્દ ! હિન્દુસ્તાનથી આવેલું ! ટેક્સટાઈલ જેવા હુન્નર અને જાદૂના ખેલ કે હાથી-મોર-સિંહ ઉપરાંત ધાતુવિજ્ઞાન પણ ભારતની પહેચાન હતી**

સાથે ગરમ કરીને પણ ૨૮% થી વધુ ઝિંક ભેળવી ન શકાય, ત્યારે છેક ઈસ્વિસન પૂર્વે ચોથી સદીમાં તક્ષશિલા ખાતે મળેલા ધાતુપાત્રોમાં ૩૪ ટકાથી વધુ જસતની હાજરી પ્રયોગશાળામાં પુરવાર થઈ ! મતલબ, ઝિંક મેટલર્જીની ટેકનિક ભારતીયોને હસ્તગત હતી. નિષ્ણાતોએ રાજસ્થાનના ઝાવર ખાતે માટીની 'કૂલ ચેમ્બર'માં જસતનો કાર્બન મોનોકસાઈડની હાજરીમાં અર્ક કાઢવાની પ્રક્રિયા શોધી કાઢી ! એવું માનવામાં આવે છે કે જસત છૂટું પાડવાની આ ક્રિયા ભારતની વાયા ચીન થઈને યુરોપ પહોંચી. ઈ.સ. ૧૭૩૫ સુધી યુરોપમાં ઝિંક કોપર વિના છૂટું ન પડે, એવું જ મનાતું. પણ 'અલ્કેમી' (અરેબિક રસશાસ્ત્ર)ના ગ્રંથોના અભ્યાસ પછી ઈ.સ. ૧૭૩૮માં વિલિયમ ચેમ્પીયન નામના સંશોધકે જાતમહેનતે એ છૂટું પાડીને ઝિંક મેટલર્જીની પેટન્ટ પોતાના નામે અંકે કરી !

વિલિયમની જે પ્રોસેસ જગતભરમાં જાણીતી બની એ જ ભારતીય રસશાસ્ત્રના પ્રાચીન ગ્રંથ 'રસરત્નસમુચ્ચય'માં હાજરાહજૂર છે ! એવું તો શું ઉમેરવામાં ભારતીયો સફળ થયા હતા કે જસત સીધે સીધું છુટું પડે ? વેરી સિમ્પલ, નમક ! ૧.૫ ટકા જેટલું મીઠું !

ત્રિભુજસ્યા ફલા શરીરમ સમદાલોક્તિ ભુજર્ધ સમવર્ગ : ...ભેજાં ઘુમ ગયા ? પણ આ કોઈ તંત્રસાધના કે પ્રભુપ્રાર્થના નથી. કવિ એમ કહેવા માંગે છે કે 'મલ્ટીપ્લિકેશન ઓફ પરપેન્ડિક્યુલર એન્ડ બેઝ ઈન હાફ રિઝલ્ટસ ઈન ટ્રાયેંગલ્સ એરિયા !' હજુ ઉપરથી ગયું ? ત્રિકોણનો કુલ વિસ્તાર માપવા માટે ટોચથી આધાર સુધીની લંબ રેખા યાને ઉંચાઈને પાયા સાથે ગુણીને અડધી કરી નાંખવી ! આ ગણિતનું સૂત્ર સંસ્કૃતમાં કોણે લખ્યું ? આર્યભટ્ટે !

**બારમી સદીમાં ભાસ્કરાચાર્ય આવ્યા. જેમણે પૂર્વસૂરિ (ફોર્મર વેટરન્સ) જેવા આર્યભટ્ટ અને બ્રહ્મગુપ્ત બંનેનો સંતુલિત અભ્યાસ કરી વધુ મહત્ત્વ બ્રહ્મગુપ્તને આપી 'સિદ્ધાંત શિરોમણી' જેવો ગ્રંથ આપ્યો. અને આધુનિક ગણિત સાથે ભારતને એક રીતે જોડી દીધું. કેરળમાં જો કે, આર્યભટની અમુક સિદ્ધાંતો માનનારાની મોજુદગી રહી હતી**



માત્ર ૨૩ વર્ષની ઉંમરે કુસુમપુરા (પાટલિપુત્ર, મગધ યાને આજનું બિહાર)માં આર્યભટ્ટે ૫મી સદીમાં ગ્રંથ લખેલોઃ

આર્યભટીયમ, નાનકડી પણ નક્કર કિતાબ. એના પહેલા ખંડનું નામ દશાગીતિકા. (દસ ગીતો) જેમાં યુગો, કલ્પ, મન્વંતરની કાળગણનાની ચર્ચા, સૂર્ય-ચંદ્ર અને વિવિધ ગ્રહો-ભ્રમણકક્ષાઓ, સંજ્ઞાચિહ્નોની વાત હતી. બીજો ખંડ હતો : આર્ય અષ્ટ શતમ્ ૧૦૮ શ્લોકો. જેમાં ત્રણ પ્રકરણ હતાં. ગણિત, કાલક્રિયા (સમયને લગતું ચિંતન) અને ગોલપાદ (દ્રશ્યમાન બ્રહ્માંડ).

એ સમયમાં મેથેમેટિક્સ કોઈ સ્કૂલનો સબ્જેક્ટ તો હતો નહિ. આજના અંકગણિતના જગજાણીતા ચિહ્નો સરવાળાની વત્તા, બાદબાકીની લીટી, ગુણાકારની ચોકડી ભાગાકારના લીટીની ઉપર નીચે બિંદુ એ તમામ સાઈન્સ તો પંદરમી સદી પછી વર્લ્ડવાઈડ પોપ્યુલર બની. માટે ભારતના જૂના ગ્રંથોમાં ગાણિતીક સમીકરણો શબ્દોથી લખવામાં આવતા ત્રિભુજ એટલે ત્રિકોણ, શરીરમ એટલે એરિયા, ભુજર્ધ એટલે ભુજ (હાથ) નું અડધું, હાફ ધ બેઝ, એવું બધું ઉપર લખેલા સૂત્રમાંથી તારવવું પડે.

આર્યભટ્ટનું પુસ્તક એકદમ પોઈન્ટેડ અને કોમ્પેક્ટ હતું. ગ્રહણ કેમ થાય છે પૃથ્વી-સૂર્યચંદ્રને લીધે એનું વર્ણન એમાં હતું. આર્યભટ્ટના જ સમકાલીન વરાહમિહિરે વળી બૃહત્સંહિતા નામનો મોટો ગ્રંથ રચેલો. આર્યભટ્ટે કેવળ ટેકનીકલ વિગતો જ લખી છે.પણ વરાહમિહિર તો રસિકજન હશે, એવું લાગે છે. એમના લખાણમાં હાસ્ય અને શૃંગાર પણ છે.

કોરું ગણિત નથી. જો કે, એમનો ગ્રંથ એસ્ટ્રોનોમી (ખગોળશાસ્ત્ર) કરતાં એસ્ટ્રોલોજી (જ્યોતિષ)નો વધુ હતો. એમનો ખોવાયેલો ગ્રંથ પંચ સિદ્ધાંતિકા તો ગ્રીક ખગોળશાસ્ત્રીઓ સાથેના સંવાદને પણ સમાવતો હોવાનું મનાય છે. વરાહમિહિરે તો 'સ્ત્રી પ્રશંસા' પણ લખેલું અને વળી પરફ્યુમ્સથી ચહેરા પરના પિમ્પલ્સ (ખીલ)ની ય ચર્ચા કરેલી.

આર્યભટ્ટ-વરાહમિહિરની એકાદ સદી પછી ગુજરાતી મનાતા બ્રહ્મગુપ્તની એન્ટ્રી થઈ. ગણિત-વિજ્ઞાનમાં બહુ સહજ પ્રક્રિયા ગણાય એમ એણે આર્યભટ્ટની આગળની અમુક

ગણતરીઓ ખોટી સાબિત કરી, અમુક નવી થિયરીઝ આપી. (આર્યભટની પિરામીડનું કદ માપવાની ફોર્મ્યુલા ખામીયુક્ત હતી. જે બ્રહ્મગુપ્તે સુધારી) બારમી સદીમાં ભાસ્કરાચાર્ય આવ્યા. જેમણે પૂર્વસૂરિ (ફોર્મર વેટરન્સ) જેવા આર્યભટ્ટ અને બ્રહ્મગુપ્ત બંનેનો સંતુલિત અભ્યાસ કરી વધુ મહત્ત્વ બ્રહ્મગુપ્તને આપી 'સિદ્ધાંત શિરોમણી' જેવો ગ્રંથ આપ્યો. અને આધુનિક ગણિત સાથે ભારતને એક રીતે જોડી દીધું. કેરળમાં જો કે, આર્યભટની અમુક સિદ્ધાંતો માનનારાની મોજુદગી રહી હતી.

આ યાત્રામાં ભારતે શૂન્યની શોધ કરી, દશાંશ પદ્ધતિનો અમલ કર્યો. 'જયામિતિ' પર કામ કર્યું, જે 'જયોમેટ્રી' થઈ ગયું. આર્યભટ્ટે તો ત્રિકોણમીતિના ટેબલ્સ પણ સાઈન એન્ડ કોસ જેવી મેથેમેટિક્સ ફોર્મ્યુલા સાથે બતાવેલા. 'પાઈ'ના મૂલ્ય શોધવાની કસરત પણ કરી. વર્ગમૂળ-ઘનમૂળના સિદ્ધાંતો આપ્યા. ખ્રિસ્તી-ઈસ્લામિક ધર્મગ્રંથોથી ઉલ્ટું, અનુલોમગતિનૌસ્થ : પશ્યત્યચલં વિલોમગં યદ્વત, અચાલિનિ ભાનિ તદ્વત સમચલા પશ્ચિમગાનિ લંગ્યામ જેવા શ્લોકમાં ગોળાકાર પૃથ્વી ધરી પર ફરે, એવું તારણ પણ કાઢ્યું !

**પાછળથી હિન્દુ નામથી પરદેશીઓએ ઓળખેલો ધર્મ કોઈ એક પુસ્તક, પ્રચારક, પરમાત્માના ખૌફથી ચાલતી સિસ્ટમ નથી. એ મુક્ત વિચારનું અનોખું જયગાન છે, સ્વતંત્ર જીવનશૈલીનું વિજયી સન્માન છે. સત્યમેવ જયતે, સા વિદ્યા યા વિમુક્તયે, આનતુ ભદ્રાઃ, ઓમ, પૂર્ણમિત પૂર્ણમદઃ... એકમ સદ્ વિપ્રા બહુધા વદન્તિ... જેવા મંત્રો જે જીવનવિચારના પાયામાં છે, એ ભારતીય આધ્યાત્મિકતા માટે ચિંતન (ફિલોસોફી) શબ્દ ટૂંકો એટલે પડે છે કે એ તો છે દર્શન !**

આ બધી ચર્ચા તો ખાસ્સી લાંબી છે. એમાં અન્ય શાસ્ત્રો અને વિદ્યાઓ પણ આવી જાય ! વગર ટેલીસ્કોપનું એક્યુરેટ ભારતીય પંચાંગ, (જેની તિથિઓ ખ્રિસ્તી કેલેન્ડરનું નવું વર્ષ વખોડનારા ય વ્યવહારમાં અમલમાં મૂકતા નથી.) પણ આર્યભટ્ટ કે ભાસ્કારાચાર્ય કે બ્રહ્મગુપ્તના મેસેજીઝ ફોરવર્ડ થતા નથી. પૃથ્વી બ્રહ્માંડનાં કેન્દ્રમાં નથી, દિવસ રાત એના ધરી પર ફરવાથી અને વર્ષ એના સૂર્ય ફરતે ફરવાથી થાય છે, પૃથ્વી ફરતે વાતાવરણ છે, વર્ષ-દિવસની કાળગણના, સૂર્યથી અન્ય ગ્રહોના અંતર, ગ્રહણ એવું બધું જગતે શોધ્યું, એની પહેલા ભારતે એના પર પાયાનું કામ કરેલું.

★ ★ ★

**ભારત...**

એક દેશ જ નથી. એ છે કે એક પરીકથા. વિશ્વનો સૌથી જૂનો ગ્રંથ ઋગ્વેદ અહીં રચાયો, ત્યારે જગતમાં બહુ ઓછી જગ્યાએ અક્ષરજ્ઞાન હતું અને ઋગ્વેદ તો પ્રકૃતિની પૂજાનું કાવ્ય ! 'એપિક' અને મહાગાથા જેવા કાવ્યોના સ્વરૂપે વિશ્વની સૌથી પ્રાચીન સાહિત્યિક સરવાણી પણ ભારતમાં જ ફૂટી. 'રામાયણ' એવું તો પ્રભાવશાળી મહાકાવ્ય બન્યું, કે એના પાત્રો કૃતિમાંથી બહાર આવીને સાક્ષાત ઈશ્વર બની ગયા ! વેદ-ઉપનિષદોમાં જેમની પૂજા નહોતી, એ રામ-કૃષ્ણ-સીતા-રાધા- જનજનના માનસ પર આજે ય રાજ કરે છે, એ ભારતવર્ષની અભૂતપૂર્વ સાંસ્કૃતિક સિદ્ધિ છે ! ભગવતગીતામાં ઉપનિષદોનું દોહન તો થયું જ, પણ દૃષ્ટિ અને સંશોધક ઋષિઓના ઉપનિષદોમાં, સાંખ્ય-ન્યાય દર્શનોમાં અદ્ભુત આધ્યાત્મિક ચિંતન પીરસાયું.

ભારત કેવળ એક સરહદી રાષ્ટ્ર નથી. એ સનાતન ચિરંજીવ યાત્રા છે, અમૃતસ્ય પુત્રાં ગણાયેલ માનવજાતની ચૈતન્યજયોતિની ! પાછળથી હિન્દુ નામથી પરદેશીઓએ ઓળખેલો ધર્મ કોઈ એક પુસ્તક, પ્રચારક, પરમાત્માના ખૌફથી ચાલતી સિસ્ટમ નથી.

એ મુક્ત વિચારનું અનોખું જયગાન છે, સ્વતંત્ર જીવનશૈલીનું વિજયી સન્માન છે. સત્યમેવ જયતે, સા વિદ્યા યા વિમુક્તયે, આનતુ ભદ્રાઃ, ઓમ, પૂર્ણમિત પૂર્ણમદઃ... એકમ સદ્ વિપ્રા બહુધા વદન્તિ... જેવા મંત્રો જે જીવનવિચારના પાયામાં છે, એ ભારતીય આધ્યાત્મિકતા માટે ચિંતન (ફિલોસોફી) શબ્દ ટૂંકો એટલે પડે છે કે એ તો છે દર્શન ! પ્રજ્ઞા અને શીલથી રસઝરતું બહુરંગી ચરિત્રનિર્માણ થાય, ત્યારે આપોઆપ અને પોતાની જ ભીતરની જાગૃતિનું દિવ્ય દર્શન થાય ! એટલી હદે કે ભારતના આદ્ય મનીષીઓએ કોઈ એક ઈશ્વરીય દૂત કે સ્વરૂપ, એક ચોક્કસ ચોકઠામાં ભવિષ્યની અનંત સંભાવનાઓને બાંધી દેતા ધર્મપુસ્તક કે વિધિવિધાનથી ધર્મ ધારણ કરવાની બાલિશ પરંપરાની ઓળખનો જ અસ્વીકાર કર્યો ! ધર્મથી વિશેષ મહત્ત્વનું ગણ્યું કર્મ, જે ધર્મની વ્યાખ્યા આપોઆપ કરે. સ્વયંના ધર્મના નિયમ કે નામના પણ મોહનો ત્યાગ કરી માનવતાનું મુક્તિગાન રચ્યું.

આ એ દેશ છે, જેમાં ભગવતગીતા જેવી વિશ્વની સર્વપ્રથમ 'મૉટીવેશનલ સ્પીચ' અપાઈ, જેમાં કેવળ સાતસો જેટલા શ્લોકમાં એક સંગ્રામથી ભાગતા શિષ્યસખાને સારથી માર્ગદર્શક પ્રેરણાથી બેઠો કરે છે. પણ એમાં બીજ છુપાવ્યું લોકશાહીની પસંદગીની સ્વતંત્રતાનું 'યથેચ્છસિ તથા કુરુ...' હું કહું છું માટે કરવાની વડીલશાહી ભાવનાને બદલે તને મરજી પડે એમ કર ! અંદરથી તારો નિર્ણય નહિ હોય તો એનો પ્રભાવ નહિ પડે ! પાછળથી વર્ણવ્યવસ્થાની વિચિત્ર વાડાબંધી ભલે આવી હોય, પણ દરેક મનુષ્યમાં રહેલી પ્રાણતત્ત્વની આત્મજયોતિને

વંદન કરતા ભારતમાં ગુણકર્મની વાત તો ઠીક, પ્રાચીન મહાકાવ્યોના સર્જકોમાં જ જન્મ આધારિત વર્ણાશ્રમ લાગુ પડતો નથી. બ્રાહ્મણ ઋષિ પરાશર અને માછીમારપુત્રી મત્સ્યગંધા સાથેના સંબંધથી માંસાહારી માછીમારની કૂખે જન્મેલા વેદવ્યાસ મહાભારત રચે છે. ભીલ વાલિયામાંથી જ્ઞાનના તપથી મહર્ષિ વાલ્મીકિ રામાયણ રચે છે. બંને કથાનકોમાં જ રચયિતાનો આ પરિચય છે. મત્સ્યગંધાનો તો સત્યવતીરૂપે રાજા શાંતનુ પણ સ્વીકાર કરે. યોગેશ્વર જગદગુરુ ગણાયેલા કૃષ્ણ તો જાંબવતી યાને રીંછ યાને વનવાસીની પુત્રીને પત્ની બનાવે ને અસુરપુત્રી ઉષાને પૌત્રવધૂ ! એ જ વનવાસી શબરીના એંઠા બોર રામ ખાય ને હનુમાનને સ્વજન બનાવે ! એ હનુમાન, જે વિખૂટા પડેલા બે પ્રેમીઓ વચ્ચે પ્રેમદૂત બનીને જાય. !

**આ ભૂમિએ ઉજવ્યો વિશ્વમાં પહેલી વખત વિસર્જનનો ગણેશોત્સવ. અહીં રચાય છે, જગતનો નવરાત્રિ જેવો સૌથી લાંબો સોંગ એન્ડ ડાન્સ ફોક ફેસ્ટિવલ કમ કાર્નિવલ. અહીં સૌંદર્યના સોળ સણગાર સોળ સંસ્કારથી સમાંતર ઘડાયા. સેક્સોલોજીનું નામ પણ નહોતું સાંભળ્યું કોઈએ એ પહેલા અહીં કામસૂત્ર અને અનંગરાગ રચાયા. અહીં બધું છોડીને ત્યાગમૂર્તિ બન્યા. તીર્થંકરો, ને અહીં જ ઈશ્વર વિના જ ભક્તિસંઘ રચ્યો બુદ્ધે !**

પ્રેમતત્ત્વનો તો ભારતે એવો સ્વીકાર કર્યો કે એક પણ ઈશ્વરની કથા ય પ્રેમવિહીન નથી. રુકિમણી કૃષ્ણને સંસારનો પહેલો પ્રેમપત્ર લખે અને ‘ગીત ગોવિંદ’થી રાધાકૃષ્ણના પ્રણયનો સાર્વત્રિક સાંસ્કૃતિક સ્વીકાર થાય. પ્રેમલગ્નના મહેણાથી મૃત પત્ની સતીના મૃતદેહને ખભે લઈને શિવ તાંડવ નૃત્ય કરે, જેમાંથી અંબાજી જેવી શક્તિપીઠો રચાય! અને પાર્વતી તથા શિવના મિલન માટે દાનવને બદલે દેવ ગણાયેલા ‘કામદેવ’ પ્રવૃત્ત થાય પાંચ ઈન્દ્રિયોના પાંચ બાણ લઈને ! લિંગ પૂજાના સામાજિક સ્વીકાર થકી જીવનઊર્જાના શિવતત્ત્વને નમસ્કાર કરવાથી વિશેષ આધુનિક અભિગમ કેટલો જોઈએ ? જ્યાં મોક્ષની વાત કરતી ગીતામાં પણ એ કહેનાર પોતે વસંત અને કંદર્પ હોવાની મોરપીંછ-મુરલી મઢી રસિકતા ન છોડે !



પશ્ચિમી દેશોમાં કાર્ડ-ગિફ્ટ કંપનીઓના જોરે વેલેન્ટાઈન્સ ડે છવાયો, એની સદીઓ અગાઉ ભારતમાં વસંતપંચમીથી વસંતોત્સવ ચાલુ હતો. વસંતોત્સવમાં પ્રેયસી બનેલી યુવતીના પગના અંગૂઠાનો ‘અશોક’ વૃક્ષને ‘સ્પર્શ’ કરાવાતો, જેથી એ યુવતીનો ઉન્માદ અશોકમાં પ્રસરે .. અને એ વૃક્ષને નવી કૂંપળો અને ફૂલો આવે ! વેલેન્ટાઈન્સ ડે હજુ આવી કાવ્યમય ઊંચાઈએ પહોંચ્યો નથી ! સ્ત્રી-પુરુષના ‘મેટિંગ કોલ’ના ઉત્સવની ખૂબસુરત કલ્પના જગતભરમાં પહેલા ભારતે કરી. ટેક્સાસ યુનિવર્સિટી કહે છે કે ચુંબનની શોધ ભારતમાં થયેલી. આ દેશે વિશ્વને જાહેર લિંગયોનિપૂજા અને રતિક્રીડાનો ઈરોટિક રોમાંસ શીખવાડ્યો - રચ્યો. અને દંભી ડરપોક બની આજે એ વિલાસવારસો વખોડવા લાગ્યો !

આ દેશે પેદા કર્યા પતંજલિ અને નાગાર્જુનને. ઈતિહાસમાં સૌ પ્રથમ પ્રાણીકથાઓની ફેન્ટેસી ભારતે પંચતંત્ર અને હિતોપદેશથી રજૂ કરી. અહીં શ્વાસ લીધો ગોરખનાથ અને વલ્લભાચાર્યે. અહીં અનાહત નાદનું અનુસંધાન કર્યું શંકરાચાર્ય અને નરસિંહે ! અહીં ગૂંજ્યા કબીર ને મીરાંના ગીત. અહીંની ભૂમિ પર પેદા થઈ જગતના ચાર - ચાર ધર્મવ્યવસ્થા બૌદ્ધ, જૈન, શીખ અને હિન્દુ. અને અહીં સ્વીકારવામાં આવ્યા ઉદારતાથી ઈસ્લામ, ખ્રિસ્તી, પારસી, યહૂદી ધર્મને પણ ! ભારત પ્રચલિત અર્થમાં ધાર્મિક રાષ્ટ્ર નથી કારણ કે, રેશનલ છે. કૃષ્ણ, નચિકેતા, ધ્રુવ, પ્રહલાદ બધા જ વડીલશાહી આજ્ઞાઓ સામે પડકાર ફેંકે છે. એ આયાતી સેક્યુલર દેશ પણ નથી. કારણ કે, અહીં કણ કણ અને ક્ષણ ક્ષણમાં આસ્થા છે. નદીઓ અને પર્વતો, ચાંદા અને સૂરજને પણ મહોબ્બત થાય છે. ઘર-પરિવારના સભ્ય જેવું સ્થાન તુલસીના ક્યારે કે ગાયને અપાય છે.

આ ભૂમિએ ઉજવ્યો વિશ્વમાં પહેલી વખત વિસર્જનનો ગણેશોત્સવ. અહીં રચાય છે, જગતનો નવરાત્રિ જેવો સૌથી લાંબો સોંગ એન્ડ ડાન્સ ફોક ફેસ્ટિવલ કમ કાર્નિવલ. અહીં સૌંદર્યના સોળ સણગાર સોળ સંસ્કારથી સમાંતર ઘડાયા. સેક્સોલોજીનું નામ પણ નહોતું સાંભળ્યું કોઈએ એ પહેલા અહીં કામસૂત્ર અને અનંગરાગ રચાયા. અહીં બધું છોડીને ત્યાગમૂર્તિ બન્યા. તીર્થંકરો, ને અહીં જ ઈશ્વર વિના જ ભક્તિસંઘ રચ્યો બુદ્ધે ! જીવન કાંટા અને પુષ્પ, પાણી અને પથ્થર, પ્રકાશ અને અંધકાર, નર અને નારી જેવા અસંખ્ય પરસ્પર વિરોધી લાગતા

તત્ત્વોમાં વ્યક્ત થાય છે. એ 'મલ્ટી મિલિયન એક્સપ્રેશન્સ' આવા વિરોધાભાસોના સસ્મિત સ્વીકારમાં ભારતે જોયા.

અહીં રચાયા ચિત્રો અને શિલ્પો. અહીંથી આવી વિશ્વની 'ઈન એકશન' એવી જડ સ્થિરતાને બદલે બ્રહ્માંડ જેવી ચેતનવંતી નટરાજની પ્રતિમા. વગર ટેલીસ્કોપે અહીં રચાયું એકદમ અકસીર પંચાંગ જેની તિથિઓ તો માત્ર મેસેજમાં સંસ્કૃતિપૂજક થઈ જતાં લોકોય યાદ રાખી નથી શકતા, એવી સૂક્ષ્મ કાળગણના એમાં છે.

ગ્રહો, સૂર્ય, ચંદ્ર, પૃથ્વીની ગતિઓની ખોજનું ખગોળશાસ્ત્ર વૃક્ષ નીચે બેઠાં બેઠાં વિકસાવ્યું ભારતે ! અહીં શોધ થઈ ડિજિટલ વિશ્વના પાયા જેવા શૂન્યની, અને અંકોની! પાઈનું મૂલ્ય હોય કે ત્રિકોણમિતિ, ભૂમિતિ, કલનગણિત ! ગ્રેનાઈટનું સૌથી મોટું બૃહદેશ્વરનું મંદિર ૧૧મી સદીમાં તમિલનાડુમાં બંધાયું ને મોટેરા -કોણાર્કના અભૂતપૂર્વ સૂર્યમંદિરો ગુજરાત - ઓરિસ્સામાં રચાયા ! બેલૂર - હળેબીડ-હમ્પીના ખંડેરો જુઓ તો ખ્યાલ આવે કે વિજયનગર જેવા સામ્રાજ્યોનો શું દબદબો હતો ! મૈસૂરનો વિરાટ નંદી કે રામેશ્વરમના દરવાજા, મીનાક્ષી ગોપુરમ કે જગન્નાથનો રથ !

હિન્દુસ્તાનની ધરતી પરથી મારવાડી અશ્વની ફૌલાદી ઔલાદો નીકળી અને કાઠિયાવાડી ઘોડાઓની ધરતી ધમરોળતી ટાપો ! હાથી અને સિંહ પશ્ચિમે તો કદી ભાળ્યા જ નહોતા ! ખાંડ, તેજાના ને મરીમસાલાનો ચટાકો ભારતે દુનિયાને કરાવ્યો ! આજે ય જગતમાં સૌથી વધુ વાનગીઓનું વૈવિધ્ય ભારતમાં છે. મોંહે જો દરો કે હડપ્પા કે લોથલમાં સુઆયોજીત સ્નાનાગાર હોય કે હીરા-સોનાની ખાણો ને આભૂષણો, મિટ્ટી તો હિન્દુસ્તાની જ પહેલા પ્રારંભમાં હતી. ચેસ ઉર્ફે શતરંજ (ચતુરંગ)ના ખેલથી શરૂ કરીને કલારિપટ્ટુ જેવી દક્ષિણ ભારતની માર્શલ આર્ટસ જે સીમાડા વટાવીને ચીન-જાપાનમાં કરાટે બની ગઈ !હા, એવું નહોતું કે બધું જ ભારતમાં જ હતું. જેમ જેમ બહારનો સંપર્ક થયો એમ નવું નવું ઉમેરાતું ગયું અને ભારત એ એની લાક્ષણિક અદામાં અપનાવતું ગયું. ટમેટાં-બટેટાં હોય કે સમોસા - બરફી, કાગળ હોય કે આ વાંચો છો એ માટેનું છાપકામ કેટકેટલું ય અરબથી અમેરિકા, ચીનથી આફ્રિકા જેવી આખી દુનિયામાંથી ભારતે શીખીને સ્વીકાર્યું છે.

ને એ લવચીકતા ઉર્ફે ઈલાસ્ટિસિટીને લીધે ભારતીય સંસ્કૃતિ જગતમાં સૌથી લાંબો સમય જીવતી સંસ્કૃતિ બની, બનારસ જેવું શહેર આજે ય ફૂલી - ફંકશનનીંગ હોય એવું પુરાતન છતાં જીવંત શહેર રહ્યું ! તાજમહાલ કે વિક્ટોરિયા હાઉસ જેવી નવી ભવ્યતાઓ ઉમેરાઈ. સંસ્કૃત ભારતની છે, તો ઘણા ભૂલી જાય છે કે ઉર્દૂ પણ ભારતની જ ભેટ છે, જગતમાં ક્યાંયથી એ શોધીને આવી નથી. આજે હાઈટેક આઈટી કે અંગ્રેજી માધ્યમમાં ભણી એનઆરઆઈ થવામાં ય ભારત સરટોચ પર છે. આ ભારતની બ્યુટી છે, લાયાબિલિટી નથી !

★ ★ ★

'ભા' એટલે વિદ્યાનો પ્રકાશ, 'રત' એટલે સંલગ્ન. જે જ્ઞાનતેજમાં જોડાયેલું છે એ 'ભારત' !

**ભારતીય વેદોમાં ઉષસસૂક્ત, નદીસૂક્ત, પર્જન્યસૂક્ત વગેરેમાં પ્રકૃતિના વર્ણનો છે અને કાલિદાસનું 'ઋતુસંહાર'પણ. પણ ઋતુઓનું નયનરમ્ય વર્ણન વિશ્વમાં પહેલી વખત વાલ્મીકિ રામાયણમાં જોવા મળે છે. વર્ષા, શરદ, વસંતનું કિષ્કિધાકાંડમાં સર્ગ જેટલું વર્ણન છે. સંસ્કૃત એક અદભુત ભાષા છે. એવી ભાષા છે, જેમાં શબ્દ કરતાં પણ ધ્વનિનું આગવું મહત્ત્વ છે**

ભારતીય વેદોમાં ઉષસસૂક્ત, નદીસૂક્ત, પર્જન્યસૂક્ત વગેરેમાં પ્રકૃતિના વર્ણનો છે અને કાલિદાસનું 'ઋતુસંહાર'પણ. પણ ઋતુઓનું નયનરમ્ય વર્ણન વિશ્વમાં પહેલી વખત વાલ્મીકિ રામાયણમાં જોવા મળે છે. વર્ષા, શરદ, વસંતનું કિષ્કિધાકાંડમાં સર્ગ જેટલું વર્ણન છે. સંસ્કૃત એક અદભુત ભાષા છે. એવી ભાષા છે, જેમાં શબ્દ કરતાં પણ ધ્વનિનું આગવું મહત્ત્વ છે. કશું સમજાય નહિં, તો પણ ઉચ્ચારણના વજન માત્રથી કે સંગીતમય નાદમાત્રથી પ્રભાવિત થઈ શકાય, એ રીતે સંસ્કૃતનું સ્પેશ્યલ સ્થાન છે. આ એના ધ્વનિનો પ્રભાવ છે. એવું જ ભારતમાં શોધાયેલી ઉર્દૂનું પણ છે.

પ્રાર્થના, પૂજા કે ભક્તિ જગતના તમામ દેશોની પ્રાચીન સંસ્કૃતિઓના અભિન્ન અંગ છે. પણ, ભારતીય સંસ્કૃતિની 'સ્પેશ્યાલિટીઝ' એનું તત્ત્વદર્શન (જેને વિદ્વાનોએ કોયડો બનાવી પ્રજાને ભ્રમમાં રાખી છે) અને સૌંદર્યદષ્ટિ (એસ્થેટિક સેન્સ) છે. જે પૃથ્વી પરની બીજી કોઈ પરંપરામાં નથી. ભારત એક જ એવી ભૂમિ છે, જ્યાં શૃંગાર અધ્યાત્મ સાથે એકાકાર છે ! જગતભરમાં શૃંગારરસનું ઉદ્‌ગમસ્થાન જ ભારત છે ! કામસૂત્ર તો એક ગ્રંથનું નામ છે. આપણા પ્રાચીન સાહિત્ય, શિલ્પ, ચિત્ર અરે ધર્મ અને ધાર્મિક કૃતિઓમાં પણ ભરપૂર અને કળાત્મક શૃંગાર ઠાંસીઠાંસીને ભર્યો છે. સત્યમ્ શિવમ્ સુંદરમ્ ! ભારત એક વિશિષ્ટ ભૂમિ છે, જ્યાં ચૈતન્યતત્ત્વ કે ઈશ્વર માત્ર પુરુષ જ નહી, સ્ત્રી પણ હોઈ શકે એ સંકલ્પના યુગો જૂની છે. એમાંથી આવ્યો 'માતાજી'ના પૂજનનો ધારો...પણ આ નારીના દેવીસ્વરૂપની આરાધનાના અનેક રંગો છે : સનાતન ગણાતા

ધર્મથી લઈને રહસ્યમય ગણાતા તંત્ર સુધી !


ભારત તો સ્ત્રીના અસ્તિત્વને જ આનંદ, ચૈતન્ય અને સૌંદર્ય ગણે છે. ભારતીય અધ્યાત્મનો અર્ક મૂળભૂત વૃત્તિઓને પ્રમાણભૂત ઊર્જામાં પરિવર્તિત કરવાનો છે ! ભારતીય અધ્યાત્મમાં દ્વૈતથી ભક્તિપરંપરા છે. અર્ધનારીનટેશ્વર ! જેમ સ્ત્રી-પુરુષ મૈથુનમાં એકમેકમાં એકાકાર થઈ જાય છે, એમ જીવ શિવમાં, આત્મા-પરમાત્મામાં લીન થઈ જાય છે.

જગતનું સૌથી પ્રાચીન ધાતુશિલ્પ મૂળ ભારતીય ભૂમિના મોહેં જો દરોના ઉત્ખનનમાંથી નીકળેલી ‘નર્તકી’નું છે. જે આશરે ચાર હજાર વર્ષથી પ્રાચીન છે. પછી એવું જ પ્રસિદ્ધ છે ચોલકાળનું ‘નટરાજ’ ગ્રીસમાં પહેલી ‘મૂવીંગ’ પ્રતિમા બની, પણ પહેલી ‘ડાન્સિંગ’ પ્રતિમા નટરાજની છે ! જે અને રાસ-ગરબા પણ સતત વિસ્તરતાં બ્રહ્માંડમાં અને શરીરની ભીતરનાં લોહીમાં ચાલતા પ્રોટોન, ઈલેક્ટ્રોન કે રકતકણ, શ્વેતકણનાં પરિભ્રમણને નિરુપે છે !

**ઈજીપ્તમાં જોવા જેવા માત્ર પિરામીડ જ બચ્યા છે, છતાં પૃથ્વીલોકના બચ્ચેબચ્ચાં એનું ચિત્ર જોઈને ઈજીપ્તને ઓળખી જાય છે. ભારતમાં તો રાજ્યે રાજ્યે આવા સ્થાપત્યો પથરાયેલા છે. યાને ‘લેન્ડ ઓફ એમેઝિંગ આર્કિટેકચર !’ ઈલોરાના કૈલાસ મંદિર : ૭,૦૦૦ કારીગરો, ૬ પેઢી, ૧૫૦ વર્ષ અને એક જ ટેકરીમાંથી કોતરાયેલી અજાયબી ! નો એક્સપેન્સ, નો મેડિસીન્સ... જસ્ટ યોગા !**

પ્રાચીન ભારતીય મંદિરોમાં ઈશ્વરીય તત્ત્વની પ્રાણપ્રતિષ્ઠા મંદિર વિરાટ હોય તો પણ સાંકડા ‘ગર્ભગૃહ’માં કરવામાં આવતી. કારણ કે, હિન્દુ તત્ત્વદર્શન મુજબ તો સમૂહપ્રાર્થના (જે ખ્રિસ્તી, ઈસ્લામિક અસર છે !)ને સ્થાન નથી. આત્મજ્ઞાન સાક્ષાત્કાર કે કેવળજ્ઞાન વ્યક્તિલક્ષી છે. વન ટુ વન કોમ્યુનિકેશન છે. આત્મા-પરમાત્માની કોન્ફરન્સમાં ટોળાંને નહિ, એકાંતને સ્થાન છે. ગર્ભમાં ફક્ત બાળક જ પ્રવેશે, બીજું કશું જ નહિ !

હિન્દુ મંદિરોમાં પ્રાચીન મહાત્મય પરિક્રમાનું પણ રહ્યું છે. બ્રહ્માંડ આખું ચક્રગતિમાં નિરંતર ગતિશીલ છે. અને ઊર્જાનો નાનામાં નાનો એકમ પરમાણુ લો, એમાં ય નાભિ (ગર્ભગૃહ)ના પ્રોટોન ફરતે ઋણ વીજભાર ધરાવતો ઈલેક્ટ્રોન પ્રદક્ષિણા ફરે છે. એનર્જી હોય ત્યાં પરિક્રમા થયા કરે. ભારતીય સ્થાપત્યવિધાન મુજબ ‘હોરિઝોન્ટલ’ પરિક્રમામાં ભૌતિક સંસારના દશ્યો રચતાં રમણીય શિલ્પો/ ચિત્રો નજરે પડવાં જોઈએ, અને ગર્ભગૃહમાં દેવી/દેવતાની પ્રતિમા પરનું શિખર ‘વર્ટિકલ’ હોવું જોઈએ. જેથી ‘માયા’થી ‘મોક્ષ’ની ધરીનો ત્યાં ‘છેદ’ રચાય ! અને તીર્થ એ કે જ્યાં મેક્ઝીમમ નેટવર્ક સ્પિરિચ્યુઅલ સિગ્નલ્સનું મળે ! રવીન્દ્રનાથ ટાગોર કહેતા એમ.. ઈન્ડિયા ઈઝ લેન્ડ ઓફ મેડિટેશન ... વ્હેર આઈઝ ક્લોઝડ, એન્ડ માઈન્ડ ઓપન !...



દિવાળી સિવાય આપણને વિક્રમ સંવંત યાદ નથી રહેતી. આપણા પંચાંગ ઉપર ૧૪મી સદીમાં શોધાયેલું ગ્રેગેરિયન કેલેન્ડર છવાઈ ગયું છે ખબર છે ? મોન્સૂન શબ્દ ભલે અંગ્રેજીમાં વપરાતો હોય... પણ હિંદ મહાસાગર એ અરબ સાગરના મોસમી પવનો પરથી એ આવ્યો છે. દુનિયાની ૬૫% વસતિ વરસાદી પ્રદેશોમાં રહે છે. ઓસ્ટ્રેલિયાથી આફ્રિકા સુધી બધે મોન્સૂન ક્લાઈમેટ છે. જે ઘડવામાં પેસિફિક કે એટલાન્ટિક સમુદ્રો કરતાં પણ વધુ ફાળો હિન્દ મહાસાગરનો છે. ભારત જેવું ચોમાસું અને એને લાગતાં કળાસર્જનો જગતમાં બેજોડ છે.

હિન્દુ પુરાણો મુજબ અષાઢની દેવપોઢી અગિયારસથી કારતકની દેવઊઠી અગિયારસ સુધી વિષ્ણુ શયન કરે છે. રક્ષાબંધન, જન્માષ્ટમી, દિવાળી, ગણેશોત્સવ, નવરાત્રિ... મોટાભાગના ઉત્સવો મોન્સૂન સીઝનમાં હોય છે. એક સમયે ચોમાસાના ચતુર્માસ દરમિયાન નવપરણીત નારીઓ પિયર જતી. એમાંથી તો ‘સાવન’માં પિયાના વિરહના લોકગીતોનો ખજાનો બન્યો ! પછી રાધાકૃષ્ણના વિરહ- મિલનના શૃંગાર ગીતો રસતરબોળ કરી દે તેવાં રચાયાં.

ક્વોલિટીમાં આગળ હોવા છતાં બાકીનું એશિયન સિનેમા સાઈઝમાં ભારતીય ફિલ્મોદ્યોગ સામે ઊભું રહી શકે તેમ નથી. હોલીવુડ પછી સિનેમા જેના લોહીમાં હોય એવી પ્રજા પૃથ્વી પર ભારતની જ છે. બાહુબલી ફિલ્મે સાબિત કર્યું કે આપણા વારસામાં વાર્તાઓનો કેવો અફાટ રત્નાકર ઘૂઘવે છે. આ તો આખો દેશ જ કહાનીઓનો ખજાનો છે. ભારત એક જ એવો દેશ છે, જ્યાં સંગીતના સાત સૂરની ઊંડાઈ છે. પાશ્ચાત્ય સિમ્ફનીમાં માત્ર ચાર સૂર જ હોય છે. વાત માત્ર શાસ્ત્રીય સંગીતની જ નથી. મૂળભૂત

રીતે ભારતીય લોકસંગીતમાં પણ કાનમાંથી હૃદય સોંસરવી નીકળી જાય એવી મધુર મેલોડીઝનો અક્ષયપાત્ર જેવો ખજાનો છે. એટલા જ અર્થપૂર્ણ શબ્દો પણ આપણા ગીતોમાં કવિઓએ ઠાલવ્યા છે. અને એવા જ અનુપમ નૃત્યો !

હજુ ય ઘણા અંગ્રેજીમાં 'બ્રિટન-અમેરિકામાં ઈન્ડિયન કરીનો ક્રેઝ' એવું વાંચીને એમ માને છે કે ફોરેનમાં બધાંને ભારતીય 'કઢી'નું ઘેલું લાગ્યું છે. 'કરી' શબ્દ એટલે લીમડાવાળી કઢી નહિ, પણ મસાલેદાર, ચટાકેદાર તીખીતમતમતી ભારતીય વાનગીઓથી મઘમઘતા ભોજનને 'કરી' કહેવાય છે. મોટા ભાગના જગતને તો હજુ વેજીટેરિયન ફૂડ કેટલું સ્વાદિષ્ટ અને વૈવિધ્યપૂર્ણ હોઈ શકે, એનો અંદાજ જ નથી !

હા, આપણા દાર્જીલિંગની ચાયપત્તી પણ બેનમૂન છે. ભારતે દુનિયાને 'ચાયપીતી' કરી. સિકન્દરે પહેલી વાર ભારતમાં ખાંડ જોઈ અને મધને બદલે સ્વીટનર તરીકે 'શર્કરા' ગઈ એમાંથી સ્યુગર શબ્દ આવ્યો ! ભારતના મસાલા માટે તો અડધું પશ્ચિમ ભારતનો નકશો શોધવા મચી પડેલું ! ગળીના વાદળી રંગ માટે તો શબ્દ આજે ય છે. 'ઈન્ડીગો' ! અને ફીણવાળા પાણીની 'ચંપી'માંથી ફ્રાંસમાં શબ્દ આવ્યો 'શેમ્પૂ' !

ફેશનની ગંગોત્રી જ્યાંથી નીકળી એ વિકસિત પશ્ચિમી દેશોમાં કપડાં એટલા કલરફૂલ નથી. બોરિંગ અને ડલ બ્લેક, બ્રાઉન, ગ્રેની બોલબાલા છે. ભારતીય વસ્ત્રોને સજાવીને રજૂ કરો તો વધુ ઉન્માદક તો છે જ (ચણિયા ચોળી, ફોર એક્ઝામ્પલ) પણ કેવા રંગબેરંગી છે! લાલ, પીળો, નારંગી, પોપટી, લીલો, વાદળી, ગુલાબી, જાંબલી... આ રંગોનું વિશ્વ કપડાં, મકાનની ડિઝાઈન, તહેવારો બધે જ ભારતમાં ઝગમગે છે. રસોઈ પણ રંગીન, મીઠાઈ પણ. અને લગ્ન કે પૂજાની વિધિઓ પણ મલ્ટીકલર !

**હિન્દુત્વ કંઈ હિન્દુઓનો જ વારસો નથી - ભારતના પ્રત્યેક રહેવાસીની એ ઓળખ છે... અને હિન્દુસ્તાની મિટ્ટી એક ઝનૂન છે.. છોડવાનું મન ન થાય એવું ચુંબક છે ! રોજે રોજની પારાવાર તકલીફો સામે ચૂપચાપ બાથ ભીડતો હિન્દુસ્તાની નાગરિક કંઈ સુપરહીરોથી કમ નથી ! ભારત એમ કંઈ ઝૂકે તેમ નથી. વગર આંદોલને વિદેશી ટીવી ચેનલોની સિરિયલ્સને ભારતે કેવી સ્વદેશી બનાવી દીધી છે**

ઈજીપ્તમાં જોવા જેવા માત્ર પિરામીડ જ બચ્યા છે, છતાં પૃથ્વીલોકના બચ્ચેબચ્ચાં એનું ચિત્ર જોઈને ઈજીપ્તને ઓળખી જાય છે. ભારતમાં તો રાજ્યે રાજ્યે આવા સ્થાપત્યો પથરાયેલા છે. યાને 'લેન્ડ ઓફ એમેઝિંગ આર્કિટેકચર !' ઈલોરાના કૈલાસ મંદિર : ૭,૦૦૦ કારીગરો, ૬ પેઢી, ૧૫૦ વર્ષ અને એક જ ટેકરીમાંથી કોતરાયેલી અજાયબી ! નો એક્સપેન્સ, નો મેડિસીન્સ... જસ્ટ યોગા ! વિશ્વનાં સૌથી ઊંચા ૩૦માંથી ૨૯ શિખરોનું ઘર... ભારત ! અને ગૃહસ્થીની કલ્યાણકારી ફેમિલી ફીલિંગમાંથી આવતો સેવાભાવ !

સવા અબજ લોકો, ૧૮ ભાષા, ૧૬૦૦ બોલીઓ ! કથકલીની ૫૦૪ હસ્તમુદ્રાઓ અને ૫૮ આંખની મુદ્રાઓવાળું પરંપરાગત નૃત્ય જ્યાં દરેક હિલચાલને એક અર્થ છે ! 'લેન્ડ ઓફ ફેસિનેટિંગ ફેસ્ટિવલ્સ' યાને ભારત ! જ્યાં જગન્નાથપુરીની રથયાત્રામાંથી મહાવિરાટને દર્શાવતો અંગ્રેજી શબ્દ 'જગરનોટ' આવ્યો. ઈન્ડિયા ઈઝ લેન્ડ ઓફ ટાઈમલેસ ટ્રેડિશન્સ, લેમ્પ ઓફ કોસ્મિક હાર્મની એન્ડ એ લેન્ડ ઓફ ફિલોસોફિકલ ક્રાફ્ટસમેનશિપ ! ૧૩મી સદીના કોણાર્ક મંદિરનું ચિત્ર છે : જેમાં ૨૪ પૈડાં, ૭ ઘોડા દ્વારા ખેંચવામાં આવતાં શિલ્પ મોજૂદ છે - ૨૪ બાય ૭ના ટાઈટલવાળી ચેનલો આવી એની શતાબ્દીઓ અગાઉ 'દિવસ'ની કળાત્મક રજૂઆત ! આપણો તાજમહાલ આજે ય વિશ્વની સાત અજાયબીઓમાં મગરૂર છે. આપણા 'મહાભારત'માં હીરો અને વિલનના ગ્રે શેડ્સ હવે હોલીવુડ ફિલ્મોમાં આવે છે !

ભારત પ્રત્યે નવેસરથી પ્રેમમાં પડવાનો આ અવસર છે. આ એ દેશ છે જ્યાં ચિંતનને દર્શન કહેવાયું, જ્યાં હજારો વર્ષોથી માત્ર સત્યની સનાતન શોધ ખાતર પ્રબુદ્ધો ફના થઈ ગયા... જ્યાં સંસ્કૃતિના પ્રેમને બદલે પ્રેમની સંસ્કૃતિ વિકસી.. જ્યાં જગત સુરક્ષિત રહે એ માટેનું જ્ઞાન સુરક્ષિત રહ્યું... કંગાલ ભારત પાસે પણ એ છોડવાનું મન ન થાય એવો અણમોલ ખજાનો છે. વૈજ્ઞાનિક રીતે જૈવિક સંપદા (બાયોડાઈવર્સિટી) અને વૈચારિક રીતે વૈવિધ્યસભર ભારતીયતાનો !

હિન્દુત્વ કંઈ હિન્દુઓનો જ વારસો નથી - ભારતના પ્રત્યેક રહેવાસીની એ ઓળખ છે... અને હિન્દુસ્તાની મિટ્ટી એક ઝનૂન છે.. છોડવાનું મન ન થાય એવું ચુંબક છે ! રોજે રોજની પારાવાર તકલીફો સામે ચૂપચાપ બાથ ભીડતો હિન્દુસ્તાની નાગરિક કંઈ સુપરહીરોથી કમ નથી ! ભારત એમ કંઈ ઝૂકે તેમ નથી. જુઓને, વગર આંદોલને વિદેશી ટીવી ચેનલોની સિરિયલ્સને ભારતે કેવી સ્વદેશી બનાવી દીધી છે. ક્રિકેટના સ્કોરબોર્ડ પણ વિદેશી ચેનલો હિન્દીમાં બતાવવા લાગ્યા છે ! ક્રિકેટ અને એ સિનેમા એ ભારતમાં રહેલા સ્વતંત્ર રાષ્ટ્રો છે !

બીજે ક્યાં મળશે બોલીવૂડની ફિલ્મો જોઈને તાળી પાડવા તરસતા હાથોની ખંજવાળ ? ક્રિકેટના આઉટ સ્વીંગર પર ખાટલામાં ઠેકડા મારવાની મોજ ? ધોધમાર વરસાદે ખુલ્લી ફુટપાથ પર તળાતાં ચટાકેદાર ભજીયાં ? પરોઢિયે સંભળાતા

ભજનના સ્વરને તાલ દેતા મંજીરાનો રણકાર ? દુનિયાભરના તત્ત્વજ્ઞાનને ધાણાકાથી- વરિયાળી બનાવે એવી ઉપનિષદ-દર્શન ગ્રંથની ફિલસૂફી ? ધાવણની જેમ ઘૂંટડે ઘૂંટડે પિવાતાં ફિલ્મગીતો અને સાડીમાં સિસકારા બોલાવી દેતી સુંદરીઓ ? લજ્જાથી ઢળતી આંખો અને ગુરુજનોના ચરણસ્પર્શમાં ઢળતી કેડ ? પાન ખાવાની આદત અને પબ્લિક પ્રોપર્ટીને રમકડું માની લેવાની વીઆઈપી ટ્રીટમેન્ટની ગમ્મત ? રંગીન લગ્ન સમારંભોની કંકોત્રીમાં ઘૂંટાયેલો આવકાર અને આજીવન એક કમરામાં સૂઈ રહેતો પ્યારો પરિવાર ? રમણલાલ સોની કે જીવરામ જોશીની બાળવાર્તાઓ અને ઝવેરચંદ મેઘાણી કે હરિવંશરાય બચ્ચનની કવિતાઓ ? સબસે તેજ ટીવી ચેનલો અને ‘બારે મેઘ ખાંગા’વાલા અખબારો ? અડધી રાત્રે દોડી આવતા દોસ્તો.

યે નાઝ, નખરે, યે અદા હૈ હિન્દ મેં... જો હમ ઉસકી ગુસ્તાખીયોં પે ભી કુરબાન હોતે હૈ !

★ ★ ★

પ્રેઝન્ટેશન આપણી મૂળભૂત નબળાઈ રહી છે. સાહસ બધું પરલોકમાં મોક્ષપ્રાપ્તિના તપમાં જ વેડફાઈ જાય. જન્મ આધારિત જ્ઞાતિવાદે કર્મ આધારિત સમાજવ્યવસ્થાની જગ્યા લીધી, અને એમાં આપણે વિજ્ઞાનીઓ -ગણિતજ્ઞો પેદા કર્યાં. પણ ખાનપાનની ધાર્મિક મર્યાદા નડતી હોય કે સંતુષ્ટિ વહેલી થતી હોય, મહાન પ્રવાસીઓ પેદા ન કર્યા જેમને ગ્લોબલ એમ્બિશન્સ એન્ડ સ્ટાન્ડર્ડસ હોય.

**નક્કર, ઠોસ અને દરેક પરિસ્થિતિમાં સાબિત થાય એવા વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાબિત કરવા પડે. જ્ઞાન કોઈ લૂંટી જાય એ આક્ષેપ નીચે આપણી નબળાઈઓ ક્યાં સુધી સંતાડીશું ? આપણે સાયન્સને ‘એપ્લાય’ કરતા નથી, ભૂતકાળની ગૌરવગાથામાં મસ્ત રહેવાને બદલે વર્તમાનમાં કશુંક નવું શોધવાનું શીખતા નથી**


એટલે યુરોપ સુધી આ જ્ઞાન આરબ પ્રવાસીઓ સુધી પહોંચ્યું ! હજુ આજે ય આપણે એની પશ્ચિમ જેવી ભવ્ય અને રસપ્રદ રજૂઆત કરી શકતા નથી. આર્યભટ્ટ કે વરાહમિહિરના ચિત્રો ય જાણે કોઈ ધર્મગુરુ હોય એવા સાવ ટિપિકલ મુંડન-ચોટલીવાળા કે જટા-દાઢીવાળા જ દોરવામાં આવે છે ! રાજાઓ કે રાજકારણીઓના જ નામ ને પૂતળાં જાહેર સ્થળોએ હોય છે. ઈન્ડિયન મેથેમેટકિસ કે સાયન્સનું કોઈ ચકાચક હાઈટેક મ્યુઝિયમ પણ બનાવવાની દરકાર કોઈને નથી. એકાદ મંદિર ઓછું બને તો એનાં બજેટમાં આ કામ થાય, જે પશ્ચિમમાં ગામેગામ હોય છે.

જગતમાં ધર્મસ્થળો અને ધાર્મિકો, પણ આપણા જેવા સભાસરઘસોના એકધારા તમાશા નથી. પ્રમાદી એવું ધાર્મિક પ્રવચનોનું સતત શ્રવણ નથી. વગર લક્ષ્મીપૂજને ફોરચ્યુન ફાઈલ હન્ડ્રેડ કંપનીઓ છે. વગર ગણેશ સ્થાપનાએ રિદ્ધિસિધ્ધિની છોળો ઉડાડતો વિકાસ છે. વગર સરસ્વતીપૂજને નવી નવી ક્રિએટિવ પેટન્ટસ છે. મ્યુઝિકથી મૂવીઝ, બૂક્સથી બ્યુટીફિકેશન સુધીના આઈડિયાઝ છે. આપણે ખાલી ભૂતકાળના વખાણ કરતા રહી ગયા અને ભવિષ્ય કંડારવા તરફ ધ્યાન જતું નથી.

આપણી સાયન્સ-કોન્ફરન્સમાં આપણે ત્યાં વિમાન કેવું ઉડેલું એની પુરાતન ડિસ્કશન્સ જ થયા કરે છે. પણ બોઈંગ ને એરબસ જેવી જેટ પ્લેન બનાવતી કંપની બનાવવાની વાત નથી. એમાં સાયન્સ એક સબ્જેક્ટ જ છે, એટીટ્યુડ નથી. બીજી એક ગરબડ એ પણ છે કે આપણા મોટાભાગના ગર્વ અનુભવવા જેવા પ્રાચીન ગ્રંથોમાં સીધાં તારણો જ છે. કારણો નથી. આ આધુનિક દુનિયામાં નોંધ લેવડાવવા માટે અગત્યનું પરિબળ છે. વિજ્ઞાન એટલે જ કોઝ-ઈફેક્ટ રિલેશનશિપ. કાર્યકારણનો સંબંધ.

જેમાં સિદ્ધાંતને માન્ય ગણાવવા એની સમજૂતી અનિવાર્ય છે. મહામેધાવી ગણિતશાસ્ત્રી, શ્રીનિવાસ રામાનુજનને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં આ જ સમસ્યા નડેલી એ ઇતિહાસ તો તાજો અને વેલ ડોક્યુમેન્ટેડ છે. રામાનુજન કહેતા કે એમને સીધા સમીકરણો-સિદ્ધાંતો જવાબ કુદરત રીતે સૂઝે છે એની દાખલાની જેમ સ્ટેપ બાય સ્ટેપ સમજૂતી એમની પાસે નથી.

આવું જ આર્યભટ્ટનું ય છે. કદાચ અહીં પેલી મિસ્ટિસીઝમ છે. રહસ્યનો રંગ છે. આ તપસ્વીઓને કોઈ અકળ, અદશ્ય શક્તિ કે ચૈતન્ય સાથેના અનુસંધાનથી આ બધાં સત્યો આગોતરા (વગર સંશોધને કે લાંબી માથાપચ્ચીની મહેનતે)



આપમેળે દેખાઈ જતા હશે ? એ ભારતીય માનસને બહુ નવાઈ ભરેલું ન લાગે. પણ એને લીધે એની વેસ્ટર્ન વેલિડિટી રહેતી નથી. જ્યાં ઓથેન્ટિક રિસર્ચ પ્રોસેસ પણ સાબિત કરવી પડે છે. વિમાનનાં ઉદાહરણો રામાયણમાં હોય, તો ઈન્વિઝિબલ મેનના એચ.જી.વેલ્સની નવલકથા કે મિસ્ટર ઈન્ડિયા જેવી ફિલ્મમાં ય છે.

તો શું આપણે અદશ્ય થયા ? નક્કર, ઠોસ અને દરેક પરિસ્થિતિમાં સાબિત થાય એવા વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાબિત કરવા પડે. જ્ઞાન કોઈ લૂંટી જાય એ આક્ષેપ નીચે આપણી નબળાઈઓ ક્યાં સુધી સંતાડીશું ? આપણે સાયન્સને 'એપ્લાય' કરતા નથી, ભૂતકાળની ગૌરવગાથામાં મસ્ત રહેવાને બદલે વર્તમાનમાં કશુંક નવું શોધવાનું શીખતા નથી ને કોઈ માનવજાતને ઉપયોગી શોધ કરે, તો પાછા એ તો આપણે ત્યાં હતું એવો હક્ક દાવો જતાવીએ છીએ.

એટલે આપણે સંસારને મિથ્યા સમજી, ત્યાગ-વૈરાગનો ડોળ કરતા થઈ ગયા. એમાંથી ભયાનક પલાયનવાદી વૃત્તિ પ્રગટી. વાસ્તવના સ્વીકારને બદલે નક્કરનો અહં, અંદરખાનેથી જાણકારી ઓછી છે એ અહેસાસ હોઈ સતત પરદેશથી દબાયેલા રહેવાનો ડર અને ભૌતિક ભોગવિલાસની કામના છતાં આધ્યાત્મિક ચિંતનના ઓવરડોઝનો દંભ! આ તિરંગો રચાઈ ગયો જનમાનસમાં.

**વેદવ્યાસે મહાભારત એવા સમયમાં લખેલું જ્યારે દુનિયા પાસે સાહિત્ય નહોતું. આજે ફેશનમાં છે એવી કોઈ હીરો નહિ, કોઈ વિલન નહિ, બધાની ખૂબીઓ અને ખામીઓ દેખાય અને પરિસ્થિતિ મુજબ એક જ ચરિત્ર ક્યારેક ધર્મરાજ તો ક્યારેક જુગારી લાગે, એવા અલ્ટ્રામોર્ડન ગ્રે કેરેક્ટર્સની અંદર અને બહાર ચાલતા યુદ્ધની ગાથા ભારતથી પણ ઊંચે જઈ મહાભારત બની**

એટલે ઉપર ઉપરથી ધર્મ અને અંદરઅંદરથી અંધશ્રદ્ધા ફેલાતી ગઈ. વૈજ્ઞાનિક અભિગમ પુરસ્કારને બદલે તિરસ્કારની બાબત ગણાઈ ગયો. જીવનને વધુ સુખદ અને આરામપ્રદ બનાવતાં સાયન્સનો આભાર માનવાને બદલે બધા સ્પિરિચ્યુઅલિટીનો વેપલો કરવા બેસી ગયા !

ભારતની સહુથી મોટી એક ખામી છે. મિથ્યાભિમાન! આદર્શના ગર્વના નામે આ દેશ વર્ષોથી પલાયનવાદમાં સરી પડ્યો છે. દેશની પ્રજા દેશના સ્વપ્નીલ વખાણ સાંભળીને ડોલી ઊઠે છે. પણ વાજબી ટીકા સાંભળીને શરમથી ઝૂકી જવાને બદલે કકળાટ કરી મૂકે છે. દેશ માટેની વ્યથા અને વેદના વિના એની ટીકા હોઠ પર નથી આવતી !

પરંતુ સવાર બપોર સાંજ ભારતીય સંસ્કૃતિની મહાનતાની માળા જપનારાઓને ભારતની પ્રાચીન કળાઓ, ભાષા, સાહિત્ય... કશાના પૂરાં નામ પણ આવડતાં નથી હોતાં. ભારતની મૂળભૂત નબળાઈ સાદગીનો અતિરેક અને પરિણામે 'પાવલીછાપ પેકેજીંગ' રહી છે. વાનગી સ્વાદિષ્ટ હોય એટલે પૂરતું નથી. ધ્યાન ખેંચાય એવી રીતે એને ટેબલ પર સજાવીને ગોઠવવી અનિવાર્ય છે.

બણગા ફૂંકનારાઓ કંટાળાજનક થોથાઓ અને બોરિંગ લેકચર્સથી આગળ કશુંય કરતા નથી. ભારતમાંથી ઉધાર લીધેલો બૌદ્ધ ધર્મ પાળતાં ચીન કે જાપાન આજે પશ્ચિમ માટે 'મિસ્ટિક' યાને રહસ્યમય પુરાતન સંસ્કૃતિના ખજાના ગણાય છે. ભારતે મહાસત્તા બનવું હોય તો માત્ર ભારતીયો કે એન.આર.આઈ.ઓ. નહિ, વિશ્વભરની પ્રજાને ચકાચૌંધ કરીને પ્રભાવિત કરવી પડે. ભારતની શ્રેષ્ઠતાની જગતના ચૌટે પૂરતી નોંધ ન લેવાતી હોય, એમાં સૌથી વધુ જવાબદારી સ્વયમ્ નવા જમાનામાં ભોટ સાબિત થતાં અને વોટ્સએપીયા ગપ્પાથી દોરવાઈ જતા લોકોની છે.

ભારત મુગલો અને અંગ્રેજોથી આઝાદ થઈ ગયું, પણ પ્રાચીનતાના અહંકારની સાંકળો તૂટી નથી. ધર્મ અત્યારે આચરણને બદલે આડંબરની ચીજ બન્યો છે. નવું શોધવા માટે શંકા કરવી અનિવાર્ય છે. પણ ભારતમાં તો કંઈ પણ નવું શોધાય એ શંકાની નજરે જોવાય છે ! શરીરની ફિટનેસને ભૌતિકવાદ અને અસ્વચ્છતાને અધ્યાત્મનો દરજ્જો આપી દેનાર પ્રજામાં અભ્યાસવૃત્તિ ખતમ થઈ ગઈ છે, અને લુચ્ચી સ્વાર્થવૃત્તિનું જૂઠાબોલાપણું વધ્યું છે ! વાત આદર્શોની કરવી અને ઈગો જાળવવા છેતરપિંડીના નવા નવા નુસખા શોધવા - એ ઠીક નથી.

આપણે એક સાથે અનેક સદીમાં જીવીએ છીએ. કોઈ ૨૧મી સદીમા, કોઈ ૨૩મી સદીમા, કોઈ ૧૮મી સદીમાં કોઈ ૮મી સદીમાં અને કોઈ દસ હજાર વર્ષ પહેલા ! આપણી સ્વદેશી ભાતીગળતાનું ખોખું જ જૂનવાણી રહ્યું છે. ઉપર જાતભાતના વિદેશી રંગરોગાન અને ચણતર થઈ ચૂક્યા છે. નવું સ્વીકારવાનો પુષ્કળ વિરોધ કરવો, અને અંતે તો એ નતમસ્તકે સ્વીકારી જ લેવું, આમાં ક્યાં જૂનું ભારત સચવાયું છે ? આપણો સ્વાતંત્ર્યદિન જ પંચાંગની તિથિ મુજબ ઉજવાય છે કે અંગ્રેજી કેલેન્ડર મુજબ ?

ભારતીયનાગરિકોમાત્રવાતોભારતીયસંસ્કારવારસાની કરે છે. વ્યવહારમાં કેટલા ભારતીય સ્થાપત્યની અણમોલ વિરાસત જેવા ખંડેરો, કિલ્લાઓ કે મ્યુઝિયમોની મુલાકાત લે છે? લગ્નના શ્લોકો ય સાંભળે છે ? પ્રવાસની પેકેજ ટૂર્સમાં મંદિરો કે

શોપિંગ માટે અડધો દિવસ હોય છે, અને સંગ્રહાલય માટે અડધો કલાક ! ભારતીય સંગીતની રાગરાગિણી કે ભારતીય કળા-સાહિત્યના રત્નોનો કોણ અભ્યાસ કરી આનંદથી આદર કરે છે ? અંગ્રેજી કવિતાઓ બાળકોને ગોખાવનાર મા-બાપોમાંના કેટલાયે સંસ્કૃત સુભાષિતોના ગુજરાતી અનુવાદો પણ વાંચ્યા ?

વેદ, ઉપનિષદ, પુરાણ, સાંખ્ય, તંત્ર, યોગ, દર્શન આદિ પ્રાચીન ગ્રંથો કે પછી ભાગવત- રામાયણ-મહાભારત જેવી કાવ્યમય અને લોકપ્રિય કૃતિઓ પણ આખી વાંચવી-પચાવવી જરા અઘરું કામ છે.

ઘટે છે ભારતમાં કોન્ફિડન્સ. જરૂર છે પ્રેઝન્ટેશન એન્ડ પેકેજીંગની. આપણે જાતે જ શાબાશી ખુદને આપીને વિશ્વગુરુના વહેમમાં ફરીએ ને વાતો કરીએ એ ન ચાલે. કંદોઈ ગુલાબજાંબુ કે રસગુલ્લાના વર્ણનો કરી શેખી મારતો નથી. સીધા ચખાડી દે છે.

વેદવ્યાસે મહાભારત એવા સમયમાં લખેલું જ્યારે દુનિયા પાસે સાહિત્ય નહોતું. આજે ફેશનમાં છે એવી કોઈ હીરો નહિ, કોઈ વિલન નહિ, બધાની ખૂબીઓ અને ખામીઓ દેખાય અને પરિસ્થિતિ મુજબ એક જ ચરિત્ર ક્યારેક ધર્મરાજ તો ક્યારેક જુગારી લાગે, એવા અલ્ટ્રામોર્ડન ગ્રે કેરેક્ટર્સની અંદર અને બહાર ચાલતા યુદ્ધની ગાથા ભારતથી પણ ઊંચે જઈ મહાભારત બની. પણ મહાભારતના યુદ્ધનું વર્ણન થઈ શકે, કારણ કે અમુક મહારથી યોધ્ધા લડે અને બાકી એનો સાથ આપતા હોય. પણ આજે અરાજકતા-એનાર્કી આપણી ફ્રીડમને એ છે કે, બધા જ પોતપોતાના ફાયદાનું યુદ્ધ લડી રહ્યા છે. પગ તળેથી જમીન સરકતી લાગે ત્યારે પ્રજા આકાશના અરમાનોમાં ખોવાઈ જાય છે.

બે વાત યાદ રાખજો. લાંબા ગાળે દુનિયા પર છવાઈ જવું હોય, તો દુનિયાની જબાનમાં વાત કરતા શીખવાનું છે. બીજું એ કે જગતના સુપરપાવર દેશોમાં ૯૦% પ્રજા ઘરેડમાં ચાલનારી ઘેટાં જેવી છે - પણ એમના પર ૧૦% રાજ કરનાર નેતાઓ, વેપારીઓ, કલાકારો, અધિકારીઓ સિંહ જેવા હોઈ સીસ્ટમ ટનાટન ચાલે છે.

એક એવરેજ ઈન્ડિયન મિકેનિક પાસે સ્પેશ્યલ અમેરિકન ડૉક્ટર કરતા ય વધુ કોઠા સૂઝ છે. પણ આઝાદી આપણે ત્યાં કારકિર્દી ઘડતરની તકોમાં આવી નથી ! શિક્ષણ માટે ભવ્ય પરંપરા નહિ, જેમને પોતાની જાતને બહેતર બનાવવાની તમન્ના છે, એવા સ્ટુડન્ટસ અને ટીચર્સ જોઈએ તો ખ્યાલ આવે કે કેવળ ભારત પાસે કૃષ્ણની ગીતા જેવો ધર્મગ્રંથ છે, જેમાં અંતે યથેચ્છસિ તથા કુરુની, વ્યક્તિને બદલે વ્યવસ્થા અને મોભાને બદલે મૂલ્યોને પ્રાધાન્ય આપતી હ્યુમન ડેમોક્રસીને સંસારનો સૌ પ્રથમ જયઘોષ છે !

રજનીશે કહેલું : ભારત જમીનનો ટૂકડો નથી, રાજકીય એકમ નથી, ઐતિહાસિક વિગત નથી. ભારત તો એક તરસ છે. જીવનના સત્યને પામવાની ! ભારત, સત્વ, રજસ, તમસનું સંતુલન છે. ચેતનાની ચમકથી આ ભૂમિને માનવ, મનુષ્ય એવો શબ્દ આપીને મનની સ્વતંત્રતાને પોષી છે. (ક્યાંક એનો જ સંબંધ હ્યુ-મન સાથે હશે ?) ભારત કોઈ નકશાના અર્થવાળું રાષ્ટ્ર નથી. કારણ કે એને કોઈ સીમમાં બાંધીને એની વ્યાખ્યા કરી શકાય એમ નથી. એ એવી અદશ્ય ઊર્જા છે, જે દેખાતી નથી છતાં સ્પર્શી જાય છે. અહીં એટલે જ મહાન ઋષિઓ 'દષ્ટા' કહેવાયા. જેમણે ભારતને એની ઉદાર અને ઉદાત્ત અખિલાઈમાં જોયું -એ દર્શન કરનાર દષ્ટા. કેવળ ગ્રાહક બનીને ફરવાથી આ દેશનું પર્યટન ના થાય. એ માટે સંવેદનની સફર કરવી પડે. કબીર હોય કે આપા ગીગા. બુદ્ધ હોય કે મહાવીર - આ ફક્ત ફિલોસોફર નથી, મિસ્ટિક છે. જેવા જગતમાં ક્યાંય શોધ્યા ના જડે એવા. આઈન્સ્ટાઈને બ્રહ્માંડના ગણિત પર કામ કર્યું, નચિકેતાએ બ્રહ્મના ગણિત પર કામ કર્યું!

તો શું છે ભારત ? એ તહેઝીબથી વિશેષ એવું તિલસ્મ છે, નકશો નહિ, નાગરિકો છે !

*૩૦૨, ઉજાશ ફ્લેટ,*
*નાલંદા પાર્કની બાજુમાં, અમીન માર્ગ,*
*કાલાવડ રોડ, રાજકોટ,*
*મો. ૯૮૨૫૪૩૭૩૭૩*

# મીડિયાની દુનિયા : જૂનાં માધ્યમો વત્તા નવાં માધ્યમો બરાબર વિકસતાં માધ્યમો

– *કૃષ્ણકાંત ઉનડકટ*

**સ**માચાર, ખબર કે ન્યૂઝ એવી વસ્તુ છે જેના વગર દુનિયાને ચાલ્યું નથી અને ક્યારેય ચાલવાનું નથી. દરેકને એ જાણવાની ઇચ્છા રહેવાની જ છે કે તેની આજુબાજુમાં અને દેશ-દુનિયામાં શું ચાલી રહ્યું છે. અંગ્રેજી મીડિયામાં 'વાઉ ફેક્ટર'ની બહુ વાતો થાય છે. ન્યૂઝમાં 'વાઉ' ફેક્ટર હોવું જોઈએ. આ જ સંદર્ભમાં થોડીક જુદી રીતે કહીએ તો ગુજરાતીમાં 'હોં' ફેક્ટર, 'એમ!' ફેક્ટર અને 'હોય નહીં' ફેક્ટર કામ કરે છે! વાચકની આંખ થોડીક પહોળી થાય અને કાન થોડાક સરવા થાય એ ખરા ન્યૂઝ. સમયની સાથે બધું જ બદલાય છે અને આ વાત ન્યૂઝને પણ લાગુ પડે છે. સો વર્ષ અગાઉનું, પચાસ વર્ષ પહેલાંનું અને આજનું અખબાર લઈએ અને ન્યૂઝ વાંચીએ તો ન્યૂઝમાં આવેલા પરિવર્તનની ખબર પડે. ઘટનાઓ બદલાતી નથી. અકસ્માત સો વર્ષ પહેલાંનો હોય કે આજનો, ધરતીકંપ જૂનો હોય કે નવો કે પછી ઇલેક્શન વર્ષો અગાઉનું હોય કે આજનું, ઘટનામાં ફેર બહુ નથી હોતો, ઘટનાની રજૂઆતમાં હાથી-ઘોડાનું પરિવર્તન જોવા મળે છે. સવાલ એ થાય કે આજથી પચાસ કે સો વર્ષ પછીના ન્યૂઝ કેવી રીતે અપાતા હશે? એ કલ્પના કરવી પણ અઘરી છે, કારણ કે સો વર્ષ પહેલાં કોઈએ એવું વિચાર્યું નહોતું કે એક દિવસ મોબાઇલ લોકોના હાથમાં હશે અને પાંચ બાય પાંચના સ્ક્રીનમાં તમે દેશ-દુનિયાની કોઈ પણ ચેનલ જોઈ શકશો કે કોઈ પણ ન્યૂઝ વાંચી શકશો.

**એક તો ફિલ્મ અને બીજું રેડિયો. ફિલ્મે સમાજમાં જબરજસ્ત ક્રાંતિ લાવી છે. આપણા બધાની જિંદગી પર ફિલ્મોની ઘણી મોટી, સારી અથવા નરસી અસરો છે. ફિલ્મ એક અત્યંત સબળ માધ્યમ છે. જોકે, આપણા દેશ અને મહદંશે આખી દુનિયામાં ફિલ્મ એ મનોરંજનનું માધ્યમ વધુ બની ગયું છે. આપણી સંવેદનાને હચમચાવી મૂકે એવી 'થોટ પ્રોવોકિંગ' ફિલ્મો ઘણી આવી છે, આડકતરી રીતે ફિલ્મોએ સુધારણાનું પણ મોટું કામ કર્યું છે**

માણસની બેઝિક પ્રકૃતિ 'જિજ્ઞાસુ' છે. જાણવાનું અને માણવાનું આપણને ગમે છે. આપણને વાત કરવાનાં કારણો જોઈતાં હોય છે અને સમાચાર આવાં અઢળક કારણો પૂરાં પાડે છે. મીડિયા નહોતું ત્યારે પણ મોઢા-મોઢ અને કાનો-કાન સમાચાર ફેલાતા રહેતા. સમાચારની દુનિયા તો આદમ અને ઇવના સમયથી શરૂ થઈ ગઈ હશે એવું કહીએ તો પણ વધુ પડતું નથી. સમયની સાથે માધ્યમો આવતાં ગયાં અને ઉમેરાતાં ગયાં. પ્રાચીન સમયમાં ઢોલ પીટવાની પરંપરા હતી. રાજાએ જે ફરમાન કરવાનું હોય તે ઢોલ પિટાવીને કહેવાતું. જે માણસ ઢોલ પીટીને સમાચાર આપતો એ તો જીવતું જાગતું અને એકદમ લાઇવ માધ્યમ જ હતું ને! નગરના કોઈ એક ચોકમાં દીવાલ કે બોર્ડ પર સૂચના લગાવાતી એ પણ ન્યૂઝ જ હતા.

સમાચાર ઝડપથી પહોંચાડવાની હોડ તો પ્રાચીન સમયથી ચાલતી જ આવી છે. પરિવર્તનની સાથે મીડિયાના પ્રકારો પડતા ગયા. સૌથી પહેલાં ફોક મીડિયા આવ્યું. ભવાઈથી માંડીને નૃત્યનાટિકા દ્વારા જાગૃતિ ફેલાવવાનું કામ થવા લાગ્યું, એ પણ અવેરનેસ અને પબ્લિક ઓપિયન ક્રિએટ કરવાનું જ કામ હતું.

પ્રિન્ટ મીડિયાએ ન્યૂઝની દુનિયામાં ક્રાંતિ સર્જી. આપણા દેશની વાત કરીએ તો આજથી ૨૩૭ વર્ષ અગાઉ ૧૭૮૦માં જેમ્સ ઓગસ્ટસ હિકીએ કોલકાતાથી સૌથી પહેલું અખબાર 'બેંગાલ ગેઝેટ' શરૂ કર્યું. શરૂઆત સ્લો હતી, પણ પછી પ્રિન્ટ મીડિયાએ જબરજસ્ત વિકાસ સાધ્યો. ઇતિહાસમાં બહુ નથી પડવું પણ એક વાત છાતી ઠોકીને કહી શકાય એમ છે કે જે દબદબો પ્રિન્ટ મીડિયાએ જોયો છે એવો હજુ સુધી બીજાં માધ્યમોએ જોયો નથી. અમુક અંશે તો આજે પણ બીજાં માધ્યમો પ્રિન્ટને ફોલો કરે છે. ભવિષ્યમાં કદાચ સ્થિતિ બદલાય પણ અત્યાર સુધી તો પ્રિન્ટનો દબદબો કાયમ રહ્યો છે. ત્યાં સુધી કે ઇન્ટરનેટ વર્લ્ડમાં હજુ પણ અખબારી જૂથોની વિશ્વસનીયતા જ સૌથી વધુ રહી છે. પેપરની જગ્યા સ્ક્રીને લીધી છે, પણ વેબસાઇટ કે એપ્લિકેશન્સ તો હજુ અખબારી દુનિયાની જ વધુ જોવાય છે. નો ડાઉટ, દરેક માધ્યમની પોતાની ખૂબીઓ અને ખામીઓ છે, પોતાના પ્લસ અને માઇનસ પોઇન્ટ્સ છે અને દરેકની પોતાની આગવી ઓળખ છે.

ફોક અને પ્રિન્ટ મીડિયા પછી ઇલેક્ટ્રોનિક મીડિયા આવ્યું. બે માધ્યમોની વાત કરવાનું મન થાય છે. એક તો ફિલ્મ અને બીજું રેડિયો. ફિલ્મે સમાજમાં જબરજસ્ત ક્રાંતિ લાવી છે. આપણા બધાની જિંદગી પર ફિલ્મોની ઘણી મોટી, સારી અથવા નરસી અસરો છે. ફિલ્મ એક અત્યંત સબળ માધ્યમ છે. જોકે, આપણા દેશ અને મહદંશે આખી દુનિયામાં ફિલ્મ એ મનોરંજનનું માધ્યમ વધુ બની ગયું છે. આપણી સંવેદનાને હચમચાવી મૂકે એવી 'થોટ પ્રોવોકિંગ' ફિલ્મો ઘણી આવી છે, આડકતરી રીતે ફિલ્મોએ સુધારણાનું પણ મોટું કામ કર્યું છે.

'ટોઈલેટ એક પ્રેમકથા' એ વડાપ્રધાનની યોજનાને જ ઉજાગર કરી છે ને? આવી ફિલ્મોનું તો લાંબું લિસ્ટ બને એમ છે જેણે સમાજ સુધારણા અને વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય. આમ છતાં ફિલ્મો મનોરંજન તરફ વધુ ઢળેલી છે. અલબત્ત, મનોરંજન એ પણ સમાજ માટે કંઈ ઓછું જરૂરી નથી. દરેક માધ્યમો થોડા-ઘણા અંશે મનોરંજન તો પીરસે જ છે, ફેર છે એ માત્ર 'માત્રા'માં છે.

રેડિયો નવી ક્રાંતિ લઈને આવ્યું. એક સમયે રેડિયો એ લોકોની જિંદગીનો જબરજસ્ત હિસ્સો બની ગયું હતું. આપણે ત્યાં દાયકાઓ સુધી રેડિયો સરકારી હાથોમાં રહ્યું. મનોરંજન સાથે ન્યૂઝનું આ માધ્યમ ધીમે ધીમે ખીલતું રહ્યું. ઇલેક્ટ્રોનિક માધ્યમના ઉદય સાથે રેડિયોનો સૂરજ થોડો આથમતો લાગ્યો. જોકે, એફએમ રેડિયોએ રેડિયોનો સૂરજ ડૂબવા ન દીધો. રેડિયો પાછો ઊંચકાયો. આજે રેડિયો ઘરો કરતાં રોડ ઉપર એટલે કે વાહનોમાં વધુ સંભળાય છે. એફએમ રેડિયોમાં પણ ન્યૂઝના અંશો તો આવતા જ રહે છે પછી એ ટ્રાફિક બીટ હોય કે ક્રિકેટનો સ્કોર હોય, વરસાદની આગાહી હોય કે પછી કુદરત કે માનવસર્જિત કોઈ આફત હોય. નેચરલ ડિઝાસ્ટર વખતે હજુ પણ હેમ રેડિયો યાદ આવી જાય છે.

રેડિયો પછી ટેલિવિઝન, ઇન્ટરનેટ અને મોબાઇલ એપ્લિકેશન્સ આવ્યાં. અત્યારે માધ્યમનો સુવર્ણ યુગ ચાલે છે. જોકે, આવું તો દાયકાઓથી કહેવાતું આવ્યું છે. સાચી વાત એ છે કે માધ્યમોનું આ સુવર્ણ, સમયની સાથે વધુ ને વધુ ચળકતું જાય છે. હવે તો કોઈ ઘટના બને એટલે મોબાઇલ પર તરત જ તમને એક બીપર સાથે અલર્ટ મળે છે. સમાચાર તમને કહે છે કે, હું આવ્યો! મને જુઓ, મને સાંભળો. અત્યારનો સમય ઇન્સ્ટન્ટ ન્યૂઝનો છે. ટેલિવિઝન, વેબસાઇટ્સ કે એપ્લિકેશન્સની વાત વધુ નથી કરતો, કારણ કે મારે જે વાત કરવી છે એ જરાક જુદી છે. આમ તો આ વાત નવી નથી, પણ જે આજથી ચાર દાયકા અગાઉ કહેવાઈ હતી એ વાત આજના સંદર્ભમાં કેટલી સાચી પડી છે એ વાત મારે કહેવી છે.

કોઈ પણ નવું માધ્યમ આવે ત્યારે જૂના માધ્યમની હાલત શું થાય છે? રેડિયો આવ્યો ત્યારે બધા લોકો એવું કહેતા અને ઘણા લોકો એવું માનતા કે હવે ન્યૂઝપેપર કોઈ નહીં વાંચે, હવે તો બધા રેડિયોમાં સમાચાર સાંભળશે! એવું થયું ખરું ? તેનો જવાબ છે, ના! ટેલિવિઝન આવ્યું ત્યારે વળી એવી વાતો થઈ કે લોકો હવે ન્યૂઝ જોશે અને સાંભળશે, છાપામાં વાંચશે નહીં કે રેડિયો પર સાંભળશે નહીં! એવું પણ થયું ખરું? એનો જવાબ પણ 'ના' જ છે. ટીવીનું દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ અસરકારક બન્યું, પણ જૂનું માધ્યમ ખતમ તો ન જ થયું, ઊલટું વધુ સશક્ત બન્યું. ઇન્ટરનેટ અને મોબાઇલ એપ્લિકેશને નવા આયામો સર્જ્યા. બધુ ઇસી મિનિટે અને તમે જ્યાં હોવ ત્યાં મળવા લાગ્યું. પાંચ બાય પાંચ સ્ક્રીનના મોબાઇલે આખી દુનિયા હથેળીમાં રમતી અને આંગળીના સ્પર્શથી જીવતી કરી દીધી છે.

નવાં નવાં માધ્યમો આવતાં રહ્યાં છે અને હજુ ભવિષ્યમાં પણ આવતાં રહેશે. જોકે, જૂનું એકેય માધ્યમ નાશ પામ્યું નથી. મીડિયાની દુનિયામાં માર્શલ મેકલુહાન નામના એક મહાન નિષ્ણાત થઈ ગયા. માર્શલ મેકલુહાને 'ધ મીડિયમ ઇઝ મેસેજ,' 'ગ્લોબલ વિલેજ' 'બિગ મીડિયા, લિટલ મીડિયા' જેવી અનેક કમ્યુનિકેશન થિયરીઝ આપી. મૂળ કેનેડિયન અને અમેરિકામાં ભણાવનાર માર્શલ મેકલુહાનના અવસાનને ૩૭ વર્ષ થઈ ગયાં. ૩૧મી ડિસેમ્બર ૧૯૮૦ના દિવસે ૬૯ વર્ષની વયે તેમણે આ જગતમાંથી વિદાય લીધી. મજાની વાત એ છે કે તેમણે કહેલી વાતો ધીમે ધીમે સાચી પડી રહી છે. ઇન્ટરનેટ અને વેબસાઇટ જેવું માધ્યમ હશે તેવી આગાહી પણ તેમણે દાયકાઓ અગાઉ કરી હતી.

સૌથી મહત્ત્વની થિયરીમાં તેમણે જે કહ્યું એ અદ્‌ભુત સાબિત થતું જાય છે. તેમણે કહ્યું હતું કે, જ્યારે પણ કોઈ નવું માધ્યમ આવે છે ત્યારે જૂનું માધ્યમ ખતમ થતું નથી, પરંતુ જૂના માધ્યમની સુષુપ્ત શક્તિઓ ખીલે છે અને જૂનું માધ્યમ તેનું અસ્તિત્વ ટકાવી રાખે છે. સર્વાઇવ માટે જૂનું માધ્યમ નવું નવું શોધતું રહે છે અને જીવતું રહે છે! સર્વાઇવલ ઓફ ફિટેસ્ટ જેવી જ થોડીક આ વાત છે. આ જ સંદર્ભે થોડીક વધુ વાત કરવી છે.

ઇન્ટરનેટ, એપ્લિકેશન્સ, ટેલિવિઝન અને રેડિયો આવ્યાં છતાંયે ૨૩૭ વર્ષનું થયેલું અખબાર ખતમ તો નથી થયું ઊલટું વિકાસ પામ્યું છે! તમે જુઓ અખબારે પણ સમય મુજબ તથા નવાં માધ્યમો આવતાં ગયાં એમ પોતાની સુષુપ્ત શક્તિઓ શોધી છે અને ખીલવી છે. અગાઉના અખબારની કલ્પના કરો. તદ્દન બ્લેક એન્ડ વ્હાઇટ અખબાર હતું. પહેલાં તો ફોટા પણ નહોતા. ધીમે ધીમે બ્લેક એન્ડ વ્હાઇટ ફોટોઝ આવ્યા. જૂનાં અખબારોમાં તો એવા ફોટા આવતા કે ચહેરા ઓળખવામાં પણ આંખોએ મહેનત કરવી પડે. પ્રિન્ટિંગ ટેક્નોલોજી પણ સમયાંતરે વિકસતી ગઈ. કલર પ્રિન્ટિંગ આવ્યું. પહેલાં એકાદ પાનું કે થોડાક ફોટા કલર થતાં. આજે તો આખેઆખું અખબાર કલરમાં છપાય છે. અખબારી જગતને સમજાયું કે ટકવું હશે તો કંઈક નવું નવું કરતું રહેવું પડશે, આ રીતે એવી સુષુપ્ત શક્તિઓ જ બહાર આવવા લાગી. મેગેઝિન્સને ટક્કર આપવા માટે પૂર્તિઓ શરૂ થઈ. છાપા વિશે એવી પણ વાતો થઈ કે છાપું તમે હોલ્ડ કરી રાખી શકો છો. હાથમાં પકડી રાખો છો. આ મારું છાપું છે એવું ફીલ કરી શકો છો. એ તમને સ્પર્શેલું રહે છે. ન્યૂઝચેનલનું એવું નથી. એ તો તમારે દૂરથી જોવી પડે છે. હા, મોબાઇલ હાથમાં રાખીને એપ્લિકેશન જોઈ-વાંચી શકો છો, પણ એમાંયે છાપાંની ફીલ નથી આવતી. હવે આ દલીલ કેટલી સાચી અને કેટલી માનવી, એ વ્યક્તિએ પોતાની રીતે નક્કી કરવાનું છે. બુક્સ

વાંચનાર એવું કહે છે કે બુક હાથમાં રહી બેઠાં બેઠાં કે આડા પડીને બુક વાંચવાની મજા આવે છે, એવી મજા ઓનલાઇન બુક વાંચવામાં નથી આવતી. જોકે આ માન્યતા બદલી શકે છે. હજુ હાથમાં બુક લઈને વાંચવાની શરૂઆત કરનારી જનરેશન છે, પણ ભવિષ્યમાં સિનારિયો બદલાઇ પણ શકે છે. આમ છતાં જે નથી બદલાવાનું એ 'રીડિંગ' છે. કાગળ પર છપાયેલું વાંચો કે સ્ક્રીન ઉપર ઊપસેલું વાંચો, વાત વાંચવાની છે, વાત જાણવાની છે અને વાત માણવાની છે. ગમે તે હોય છાપાનું અસ્તિત્વ ખીલ્યું છે એ વાતમાં તો કોઈ ના કહી શકે એમ નથી અને આ વાતને સાચી પાડે એવા આંકડા પણ મોજૂદ છે.

આપણા દેશમાં અખબારોના ફેલાવાની નોંધ રાખતી એબીસી એટલે કે, ઓડિટ બ્યૂરો ઓફ સર્ક્યુલેશનના ફિગર કહે છે કે છેલ્લાં દસ વર્ષમાં અખબારના ફેલાવામાં એકસઠ ટકાનો જંગી વધારો થયો છે. આ દસ વર્ષમાં અખબારની ૨.૩૭ કરોડ કોપી વધી છે. ૨૦૦૬માં અખબારોનો ફેલાવો ૩૯.૧ મિલિયન હતો જે ૨૦૧૬માં ૬૨.૮ મિલિયન થયો. જોકે, વિદેશમાં અખબારના સર્ક્યુલેશનમાં ઘટાડો નોંધાયો છે. ૨૦૧૫ના આંકડા મુજબ યુનાઇટેડ કિંગડમમાં સૌથી વધુ બાર ટકાનો ઘટાડો નોંધાયો છે, જ્યારે અમેરિકામાં સાત ટકા તથા જર્મની અને ફ્રાંસમાં ૩ ટકાનો ઘટાડો થયો છે. જોકે, સામાપક્ષે વિદેશનાં અખબારોની વેબસાઇટ્સ અને એપ્લિકેશનના વાચકોની સંખ્યામાં વધારો છે. આપણા દેશમાં પણ નેટ અને એપ્લિકેશનમાં અખબારી ગૃહની વિશ્વસનીયતા જ ટકી રહી છે.

અખબારોમાં જે મહત્ત્વના ફેરફાર થતા તેમાં ઊડીને આંખે વળગે એવો એક ફેરફાર અખબારના લે-આઉટમાં થયો છે. હવે અખબારનો લે-આઉટ પણ સ્ક્રીન જેવો થયો છે. ટેલિવિઝન અને મોબાઇલના આગમન પછી લોકોએ સ્ક્રીન જોવાની આદત પડી ગઈ છે. રીડરની આંખો સ્ક્રીનથી ટેવાઈ ગઈ છે અને એટલે જ છાપાનાં પાનાં પણ સ્ક્રીન જેવાં થવા લાગ્યાં છે. સમાચાર એ જ છે, પણ ન્યૂઝનું ફોર્મેટ બદલાયું છે. લોકોને લાંબું વાંચવાની આદત છૂટતી જાય છે એટલે હવે હેડિંગ અને પેટા હેડિંગ તથા ઈન્ટ્રોમાં મુખ્ય વાત કહી દેવામાં આવે છે. આ ઉપરાંત બુલેટ પોઇન્ટ્સથી નાના-નાના બોક્સમાં ટુ-ધ પોઇન્ટ વાત કહેવામાં આવે છે. અખબારમાં હજુ ઘણી સુષુપ્ત શક્તિઓ છે જે ધીમે ધીમે બહાર આવી રહી છે. તમે માર્ક કરો આ બધું જ માર્શલ મેકલુહાન જે કહી ગયા છે એ વાત સાબિત કરે છે.

આવતીકાલનું અખબાર કેવું હશે એ કહેવું મુશ્કેલ છે. ભવિષ્યની આગાહી અઘરી છે. પાંચ વર્ષ પહેલાં મીડિયા જગતના એક મિત્રએ એવી આગાહી કરી હતી કે ભવિષ્યમાં ફેરિયાઓ છાપાને બદલે સીડી આપી જતા હશે! લોકો ટીવી સાથે જોડાયેલા સીડી ડ્રાઇવમાં સીડી ઈન્સર્ટ કરી અખબાર વાંચશે. લેપટોપ પર પણ જોશે. હવે તમે જુઓ, આ આગાહી સાવ ખોટી પડી છે. હવે તો સીડી જ લુપ્ત થવાને આરે આવીને ઊભી છે. પેન ડ્રાઇવ અને મોબાઇલમાં મેમરી કાર્ડની સતત વધતી જતી કેપેસિટીએ વાત જ બદલી નાખી છે. એટલે જ કોઈ આગાહી કરવી શક્ય નથી. હા, એટલું કહી શકાય કે કાગળ દિવસે ને દિવસે મોંઘા થતા જાય છે અને નેટ-મોબાઇલમાં સ્પીડ અને કેપેસિટી સતત વધતી જાય છે અને સસ્તી થતી જાય છે પરિણામે અખબારના ભવિષ્યના અસ્તિત્વ સામે સવાલ થઈ શકે! જોકે, ન્યૂઝ તો ન્યૂઝ જ રહેવાના છે.

મેન વર્સિસ રોબોટની વાતો પણ ચાલે છે. હમણાં એક રોબોટે એક ન્યૂઝ લખી આપ્યા. સવાલ એ પણ ચર્ચામાં છે કે શું હવે રોબોટ જ ન્યૂઝ લખશે? માનો કે ન્યૂઝ લખી શકે પણ ન્યૂઝના અલગ અલગ એંગલનું શું? માનો કે ન્યૂઝ આપી દે તો પણ વ્યુઝનું શું? એ તો આખરે માણસના મગજ, વિચાર, ચિંતન અને મનનથી જ આવવાના જ છે ને? બાકી તો જોઇએ કે આગળ આગળ શું થાય છે, અમુક સવાલોના જવાબ સમય સિવાય કોઈ આપી શકતું નથી!

અખબાર ઉપરાંત રેડિયો, ટેલિવિઝન, વેબસાઇટ્સ અને એપ્લિકેશનની વાત કરીએ તો હજુ એની પણ અઢળક સુષુપ્ત શક્તિઓ ધરબાયેલી છે એ પણ સમય જતાં બહાર આવવાની છે, કારણ કે એનાં અસ્તિત્વ સામે પણ સવાલો ઊઠવાના જ છે. હવે તો એપ્લિકેશનમાં પણ વીડિયો ક્લિપ્સ આવવા જ માંડી છે, અગાઉ તો માત્ર ટેક્સ્ટ જ હતી. ટેલિવિઝન સામે પણ પડકારો વધતા જાય છે. મોબાઇલના વિકાસ સાથે ટેલિવિઝનની વ્યૂઅરશિપ સામે પણ સવાલો ખડા થયા છે. હવે ટેલિવિઝન સામે લોકો ખોડાયેલા નથી રહેતા. જોકે, ટેલિવિઝન ચેનલ્સ પણ મોબાઇલમાં આવી ગઈ છે. જે રીતે પરિવર્તન ચાલી રહ્યું છે એ અનોખું અને અદ્‌ભુત છે. જુદાં જુદાં માધ્યમમાં એકબીજા સાથે જોડાઈ રહ્યા છે. સિરિયલો હવે મોબાઇલ એપ્લિકેશન માટે બનવા લાગી છે. ફિલ્મો ચીપમાં મળવા લાગી છે. મીડિયાની દુનિયા દરરોજ નવો નવો આકાર ધરતી જાય છે.

મીડિયાની વાત નીકળી છે તો થોડીક વાત સોશિયલ મીડિયાની પણ કરી લઈએ. સોશિયલ મીડિયાએ દરેક વ્યક્તિને મહત્ત્વની બનાવી દીધી છે. મીડિયામાં 'સિટિઝન જર્નાલિઝમ' એક ખ્યાલ પ્રવર્તે છે. જોકે, સોશિયલ મીડિયા આવ્યા પછી લોકો માટે કામચલાઉ પત્રકાર કે લેખક બનવાની શક્યતાઓ વધી ગઈ છે. લોકોની ક્રિએટિવિટીને જબરું અને મોકળું મેદાન મળ્યું છે. આમ છતાં સોશિયલ મીડિયા સામે સૌથી મોટો જે સવાલ છે એ વિશ્વસનીયતાનો છે. શું સાચું અને કેટલું સાચું એ કહેવું અઘરું બને છે. કોઈપણ માણસ કંઈ પણ વહેતું મૂકી દે છે, ખરાઈ થતી નથી, સત્ય તપાસાતું નથી એટલે એ જોખમી બને છે. અફવા હવે સોશિયલ મીડિયાથી સૌથી વધુ ફેલાઈ રહી છે. સામાપક્ષે મીડિયાએ પણ પોતાનો દબદબો જાળવવા સોશિયલ

મીડિયાનો સહારો લેવો પડે છે. સોશિયલ મીડિયામાં પણ જોકે, મીડિયાની વિશ્વસનીયતા બરકરાર રહી છે. હવે શું કહેવાયું છે એનું મહત્ત્વ ઓછું છે, પણ કોણે કહ્યું છે એનું ઇમ્પોર્ટન્સ વધી ગયું છે. ફેક ન્યૂઝની બોલબાલા વધતી જાય છે અને મીડિયાએ હવે એ કામ પણ કરવું પડે છે કે કયા ન્યૂઝ સાચા છે અને કયા સમાચાર ખોટા છે. કઈ વીડિયો ક્લિપ ક્યાંની છે અને ક્યારની છે! કોઈ મોટી તોફાની ઘટના વખતે ઇન્ટરનેટ કેમ બંધ કરવું પડે છે? તેનું કારણ એ જ કે દરેકની દાનત માત્ર જાણકારી આપવાની નથી હોતી, ઘણાની દાનત ઉશ્કેરવાની હોય છે, જે બળતામાં ઘી હોમવાનું કામ કરે છે. સોશિયલ મીડિયામાં મેચ્યોરિટીની જરૂર છે. જોકે, દરેક વ્યક્તિ પાસે બધાનું ભલું ઇચ્છે તેવી મેચ્યોરિટીની અપેક્ષા રાખવી વધુ પડતી છે, મીડિયા હાઉસીઝ હજુ સમાજ અને લોકોના હિતોના મુદ્દે કટિબદ્ધ છે.

આજે કંઈ પણ અચાનક જ 'વાઇરલ' થઈ જાય છે. વળી આ મુદ્દે પણ માર્શલ મેકલુહાન યાદ આવી જાય છે. માર્શલ મેકલુહાને દાયકા અગાઉ કહ્યું હતું કે એક એવો સમય આવશે જ્યારે દરેક માણસ એટલિસ્ટ એક દિવસ પૂરતો પણ પ્રખ્યાત થઈ જશે! આજે એવી ઘટનાઓ બને છે કે કોઈ વ્યક્તિ અચાનક જ ન્યૂઝમાં આવી જાય છે, તેની ચર્ચા થાય છે અને થોડા જ સમયમાં એ ભુલાઈ પણ જાય છે. કોઈ માણસ એકાદો સ્ટન્ટ કરીને 'વાઇરલ' થઈ જાય છે, વાઇરલ થવાની ઘેલછા પણ સતત વધતી જવાની છે. દરેકને અઢળક લાઇક્સ, કમેન્ટ્સ અને વ્યુઝ જોઈએ છે. આવી ઘેલછા લેટેસ્ટ મીડિયાને વધુ રોમાંચક બનાવી રહી છે. એ વાત જુદી છે કે નવાં માધ્યમોએ ઘણા સાયકોલોજિકલ ઇસ્યુઝ ઊભા કર્યા છે. એ તો થવાનું જ છે, સમય સવાલો અને સમસ્યાઓ પણ સર્જતો રહે છે! સમસ્યાની ખૂબી એ પણ છે કે એ ઊભી થાય એ સાથે એના ઉકેલ શોધવાની કવાયત પણ શરૂ થતી હોય છે. સતત આવતા પરિવર્તન એટલે જ તો રસપ્રદ બનતા હોય છે.

માધ્યમોના વિકાસ અને પરિવર્તન સાથે એક જે ફેર થયો છે એ પણ નોંધવા અને વિચારવા જેવો છે. લોકો હવે માહિતી અને જ્ઞાનમાં ભેળસેળ કરવા લાગ્યા છે. ઇન્ફર્મેશન અને નોલેજ એ જુદી જુદી વસ્તુ છે. અત્યારનો યુગ માહિતીના વિસ્ફોટનો છે. ચારે બાજુથી એમબી નહીં, પણ ટીબી (ટેરાબાઇટ) મોઢે માહિતીઓ ઠલવાતી રહે છે. લોકોની જાણકારી વધી છે, પણ સમજદારી વધી છે ખરી? આ એક અભ્યાસનો વિષય છે. આપણને બધી માહિતી હોય એટલે આપણે જ્ઞાની થઈ જતાં નથી. માહિતીનું વાંચન સતત વધતું જાય છે, પણ જ્ઞાનના વાંચનનું શું? કયું વાંચન જિંદગીને વધુ સરળ, સહજ અને જીવવા જેવી બનાવે છે? જિંદગીના દરેક પ્રશ્નોના જવાબ ગૂગલથી મળવાના નથી. ગૂગલ પાણી વિશે સમજાવી શકે, પણ તરસ તો અનુભવે જ સમજાય. પ્રેમની વ્યાખ્યા આવડી જાય એનાથી પ્રેમનો અહેસાસ ન થાય. ઝાડ કેવી રીતે ઊગે એ જાણી શકાય, પણ કૂંપળની નજાકત તો સંવેદનાથી જ અનુભવી શકાય. સરવાળે માણસ જિંદગીથી નજીક જઈ રહ્યો છે કે દૂર, એ સવાલ તો ઠેરનો ઠેર જ છે.

આપણે કેટલું વાંચીએ છીએ એની સાથે શું વાંચીએ છીએ એ પણ વિચારવા જેવો સવાલ તો છે જ! જોકે, બુક્સના રીડિંગમાં હજુ ઇન્ડિયન્સ ઘણા આગળ છે. તમને એ જાણીને કદાચ આશ્ચર્ય થશે કે આપણે બુક્સ રીડિંગમાં નંબર વન છીએ! વર્લ્ડ કલ્ચર સ્કોર ઇન્ડેક્સના લેટેસ્ટ ફિગર્સ મુજબ ઇન્ડિયન્સ દર અઠવાડિયે ૧૦.૪૨ કલાક બુક્સ વાંચે છે જે વિશ્વમાં સૌથી વધુ છે! ઇઝ ઇટ નોટ સમથિંગ ઇન્ટરેસ્ટિંગ? આપણી સરખામણીમાં થાઇલેન્ડમાં ૯.૨૪ કલાક, ચીનમાં ૮ કલાક, ફિલિપાઇન્સ ૭.૩૬ કલાક, ઇજિપ્ત ૭.૩૦ કલાક, એક રિપબ્લિક ૭.૨૪ કલાક, રશિયા ૭.૦૬ કલાક, સ્વિડન ૬.૫૪ કલાક, ફ્રાંસ ૬.૫૪ કલાક અને દસમા નંબરે સાઉદી અરેબિયાના લોકો અઠવાડિયે સરેરાશ ૬.૪૮ કલાક બુક વાંચે છે. અમેરિકા ૫.૪૨ કલાક સાથે બાવીસમા નંબરે અને બ્રિટન ૫.૧૮ કલાક સાથે છવ્વીસમા નંબરે આવે છે. મતલબ અખબારો સાથે બુક્સના રીડિંગમાં પણ આપણો દેશ આગળ છે!

બાય ધ વે, તમે આખા દિવસમાં કેટલો સમય અખબાર વાંચો છો? કેટલો સમય ટીવીમાં ન્યૂઝ જુઓ છો કે પછી એપ્લિકેશનમાં ન્યૂઝ વાંચો કે જુઓ છો? લોકોનો ઘણો સમય હવે મોબાઇલ ખાઈ જાય છે, આ મોબાઇલના સમયમાંથી પણ સમય ખૂંચવી લેવા મીડિયા હાઉસિઝ સજ્જ બન્યા છે. મોબાઇલથી ન્યૂઝ પહોંચાડવાની હોડ લાગી છે. સૌથી પહેલા ન્યૂઝ કોણે આપ્યા એની નોંધ લેવાય છે. ન્યૂઝ આપવાની સ્પીડ વધી છે. સેકન્ડ્સની નોંધ લેવાય છે.

દરેક માધ્યમ દરરોજ નવું નવું આપવાનો પ્રયાસ કરી રહ્યું છે. નિયમિત રીતે રિસર્ચ થઈ રહ્યાં છે. વાંચકોને શું ગમે છે અને શું જોઈએ છે તેનું વૈજ્ઞાનિક રીતે સંશોધન થાય છે. સાથોસાથ દરેક માધ્યમ પોતાની સુષુપ્ત શક્તિઓ પણ ખીલવી રહ્યું છે. અત્યારનાં માધ્યમોમાં હજુ કેટલી સુષુપ્ત શક્તિ છે? એ તો ખાણ જેવું છે, જેટલું ખોદાતું રહેશે એટલું મળતું રહશે. આમ તો એવું કહેવાય છે કે અત્યારનો સમય એ મીડિયાનો સમય છે, પણ ખરી રીતે તો એમ કહેવાની જરૂર છે જે અત્યારનો મીડિયાનો સમય એ લોકોનો સમય છે. રીડર એ કિંગ છે અને આ રાજાને રાજી રાખવા મીડિયા કોઈ કસર બાકી રાખે એમ નથી! વાચકરાજા મહાન હતો, મહાન છે અને મહાન જ રહેવાનો છે!

*સુરિલ-૩, પ્રેરણાતીર્થ દેરાસર પાસે,*
*સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫.*
*મો - ૯૮૨૫૦૬૧૭૮૭*

# ધનની અને લક્ષ્મીની પૂજા અલગ કેમ ?

*– ભવેન કચ્છી*

**લ**ક્ષ્મી એટલે શું ? અરે દિવાનો મુઝે પહચાનો ધનની અને લક્ષ્મીની પૂજા અલગ કેમ ?

સોનેરી દોરીની ડિઝાઈન ધરાવતી લાલ રંગની સાડી પહેરેલા અને ચાર હાથ ધરાવતાં લક્ષ્મીને કમળ પ્રિય છે.

લક્ષ્મીજીનું વાહન ઘુવડ છે અને આજુબાજુ બે હાથી બિરાજમાન છે આનો મર્મ શું ?

ભારત વિશ્વનો એક માત્ર દેશ છે જ્યાં સંપત્તિના ધન અને લક્ષ્મી એમ વર્ગ પાડવામાં આવ્યા છે. આપણે સદીઓથી ધનતેરસ અને તે પછીના બે દિવસે દિવાળીએ લક્ષ્મીપૂજન કરીએ છીએ છતાં ક્યારેય મનોમન એવો પ્રશ્ન નથી કરતાં કે ધન અને લક્ષ્મી પૂજનના બે અલગ દિવસો કેમ ? એટલે સુધી કે શ્રીમંતો તરફ નિસાસા નાંખીને એમ પણ કહેતાં હોઈએ છીએ કે, ''જુઓને અમારો શું વાક ગુનો આ શ્રીમંત પર લક્ષ્મીની કેવી કૃપા વરસી છે''

**આપણે સદીઓથી ધનતેરસ અને તે પછીના બે દિવસે દિવાળીએ લક્ષ્મીપૂજન કરીએ છીએ છતાં ક્યારેય મનોમન એવો પ્રશ્ન નથી કરતાં કે ધન અને લક્ષ્મી પૂજનના બે અલગ દિવસો કેમ ? એટલે સુધી કે શ્રીમંતો તરફ નિસાસા નાંખીને એમ પણ કહેતાં હોઈએ છીએ કે, ''જુઓને અમારો શું વાક ગુનો આ શ્રીમંત પર લક્ષ્મીની કેવી કૃપા વરસી છે''**

દુઃખ તો ત્યારે થાય છે જ્યારે જ્ઞાન થકી કુટુંબ-સમાજમાં એક સંવાદિત જીવન વ્યતિત કરનાર સરસ્વતીની કૃપા મેળવનાર નીતિવાન, ચારિત્ર્યવાન, સ્વાસ્થ્ય સભર જીવન માણનાર વ્યક્તિ પણ શ્રીમંતોને જોઈને તેમની લઘુતાગ્રંથિ વ્યક્ત કરે છે કે, 'અમારા પર સરસ્વતીની કૃપા છે પણ તમારા જેવી લક્ષ્મીની કૃપા નથી.' આપણે ધનવાનને લક્ષ્મીવાન માનીએ છીએ પણ બંનેમાં ભારતીય સંસ્કૃતિ પ્રમાણે ભેદ છે.

ખરેખર તો સરસ્વતીની કૃપા મેળવનાર ઘર ધનની કૃપા નથી હોતી પણ લક્ષ્મીની કૃપા હોય છે અને ધનવાનો લક્ષ્મીની કૃપા મેળવવા તરસતા હોય છે. લક્ષ્મીવાનને એ ખબર નથી કે લક્ષ્મી હોવી એ કર્મનું ફળ હોઈ શકે કેમ કે તેમાં જ્ઞાન, સાત્વિક્તા અને આધ્યાત્મિક્તા જોડાઈ હોય છે. શ્રીમંતને તેનું ધન સજા સમાન લાગી શકે. લક્ષ્મીવાન બહારથી તો ઊજળો અને અમીર દેખાય જ પણ તેનું હૃદય પણ ઉમદા ઠરેલ અને બીજાને જીવાડી જાણનાર હોય. શ્રીમંત શક્ય છે કે અઢળક ધન હોય પણ ત્યાગી પણ ન શકે અને ભોગવી પણ ન શકે જ્યારે લક્ષ્મીવાન તુલનાત્મક રીતે જીવનને પણ માણે અને બીજાને પણ તેમાં સામેલ કરતા આપોઆપ દિવ્યતાના વલયને જન્મ આપે છે.

શ્રીમંતના ધનનો માર્ગ દિવ્યપથ પરનો ન હોય અને તેમાં ય જો છળકપટ, ચાલાકી, શોષણ, માનવ જગતના નિસાસા અને હતાશા ઉમેરાઈ હશે તો સૃષ્ટિના નિયમ પ્રમાણે ચેઈન રીએક્શન તેમને ચેન નહીં આપે. તેમાં અજ્ઞાનનો લેપ લાગેલો હોઈ લોભ, મોહ, ઈર્ષા, અહંકારી ફ્રી પેકેજની જેમ સામેલ થઈ ગયા હશે.

લક્ષ્મીવાન તુલનાત્મક રીતે ઓછી સંપત્તિથી દુનિયાને નવાઈ લાગે તેમ ધીમી પણ મક્કમ કાચબા ગતિએ ચાલતો હશે અને તેના પર જાણે સુરક્ષાની ઢાલનું કવચ હશે. શ્રીમંતોને લક્ષ્મીવાનની ઈર્ષા થઈ શકે પણ લક્ષ્મીવાન જીવનના વિવિધ રંગો તો માણશે જ પણ આપત્તિની પળે એ હદે બેબાકળો કે પિત્તો નહીં ગુમાવે. અજ્ઞાની જેટલો ઘાંઘો નહીં બને.

આપણી ભાષામાં જ કેવું અદ્‌ભૂત તત્ત્વજ્ઞાન છે. ઐશ્વર્ય શબ્દ ધનવાન કરતા લક્ષ્મીવાન માટે જ તો છે. રૂપ અને સૌંદર્ય, મોંઘી હોસ્પિટલ અને સ્વાસ્થ્ય, મોઘું ભણતર અને જ્ઞાન એવી લાંબી યાદી છે જેમાં એકને રૂપિયાથી ખરીદી શકાય છે અને બીજાને નહીં.

લક્ષ્મીવાનનો એક રૂપિયો જાણે ભારતમાં ડોલર જેટલી મૂલ્ય તાકાત ધરાવે છે. જ્યારે શ્રીમંતનો ડોલર એક રૂપિયો હોય તેવું લાગે છે.

ઋગ્વેદમાં લક્ષ્મીનો એક વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ તેનો અર્થ સંપત્તિની દેવી તરીકે નહીં પણ 'શુભ સૌભાગ્ય' તે પ્રકારનો છે. સંપત્તિ, ધન કે પૈસો સ્થૂળ છે. તેને ચલણ તરીકે જોઈ શકાય છે. જ્યારે સૌભાગ્યમાં ધન અને ધનથી ન ખરીદી શકાય તે બધું સમાવિષ્ટ છે. તદ્‌ઉપરાંત તેના પર જ્ઞાનનું આવરણ (રેપર) છે.

૩૦૦૦ વર્ષ પહેલા જેની રચના થઈ હોવાનું મનાય છે તેવા અથર્વવેદમાં લક્ષ્મીને શુભ, નસીબ, સંપત્તિ, સમૃદ્ધિ, સફળતા અને સુખની અનુભૂતિનો સમન્વય બતાવાઈ છે.

મહાકાવ્યો અને પુરાણ કથા પ્રમાણે ભગવાન વિષ્ણુજીનાં ધર્મપત્ની તરીકે લક્ષ્મીજી બિરાજમાન છે. જીવન ઉત્પત્તિ અને સમુદ્રમંથન વખતે શ્રી લક્ષ્મીનો ઉદ્‌ભવ બતાવાયો છે. દેવો

લક્ષ્મીની બહુમુખી તાકાત જોઈ તેને મેળવવા કે નષ્ટ કરવા એક તબક્કે લક્ષ્મીજીને મારી નાખવા સુધીની યોજના બનાવે છે. ત્યારે લક્ષ્મીજીના સર્જન પ્રજાપતિ દેવોને કહે છે કે તેના કરતા તમે લક્ષ્મીજીને રીઝવીને તેની શક્તિ અને ગુણો કેમ નથી મેળવતા. દેવોએ અંતે તેમ કર્યું. અગ્નિદેવને તેમાંથી અન્ન મળ્યું. સોમદેવને રાજા જેવી પ્રભુત્વતા પ્રાપ્ત થઈ. વરુણદેવને વિશાળ સામ્રાજ્ય, સાવિત્રીને માલિકીભાવ, પશુનને કીર્તિ, સરસ્વતીને પોષણ, અને ત્વસ્ત્રીને જુદા જુદા આકારોની પ્રાપ્તિ થઈ, મિત્ર દેવને લગ્ન યોગ, ઈન્દ્રને બળ, બૃહસ્પતિને જ્ઞાન-પાંડિત્ય લક્ષ્મી પાસેથી મળ્યું હતું. આથી જ લક્ષ્મી જેના પર રીઝે તેને આ તમામની માલિકી તો મળે જ પણ સાથે દેવતત્ત્વ પણ સામેલ હોય જ. શ્રીમંત દાનવ હોઈ શકે પણ સત્માર્ગી વ્યક્તિ યશ, કીર્તિ, ઐશ્વર્ય, અન્ન, પ્રભુત્વ, માલિકી, આધ્યાત્મિક્તા બધાંનો વધતા ઓછા અંશે સ્પર્શ મેળવે છે. લક્ષ્મીની કૃપા હોય તેની જોડે તો ખરેખર સરસ્વતી એક સિક્કાની બે બાજુની જેમ આવે જ. જે જીવનના વિવિધ રંગો, વિદ્યાઓ, પાસાઓ, કળાઓ, સિદ્ધિઓનો ધારક હોય કે પછી સાક્ષર, વિચારક, ચિંતક કે પંડિત હોય તે લક્ષ્મીવાન છે. લક્ષ્મીવાનોને નિભાવવા શ્રીમંતોનું કર્તવ્ય અને અનિવાર્યતા પણ જોવા મળે છે. ત્રિદેવ પૈકી વિષ્ણુ સમાવિષ્ટ છે તેવા ભગવાન દત્તાત્રેયના પત્ની પણ લક્ષ્મી છે.

**'લક્ષ્મી'નો સંસ્કૃતમાં મૂળ શબ્દ 'લક્ષ' છે. 'લક્ષ' એટલે ધ્યાન સાધવું, ધ્યેય બનાવવું, નિરીક્ષણ કરવું વગેરે. એનો અર્થ એમ થાય કે જો તમે એકાગ્ર ચિત્ત સાથે કોઈ સાધના કરો અને પછી જે પ્રાપ્ત થાય તેને લક્ષ્મી કહેવાય છે. આપણા શાસ્ત્રમાં તમામ સિદ્ધિ, તપ, ધ્યાન, હંમેશા પ્રભુ અને આધ્યાત્મિક્તા માટે જ કરવાની રહે છે**

સમગ્ર નારીમાં લક્ષ્મી બિરાજમાન છે. જે ઘરમાં નારીનો આદર હશે તે ઘર જુદું જ તરી આવશે. દીકરી આથી જ લક્ષ્મીની કૃપાથી અવતરે છે તેવી માન્યતા આપણે ત્યાં સેવાય છે. પાર્વતી, સીતામાતા, સરસ્વતી અને રૂક્મણિને લક્ષ્મીના આદિરૂપ મનાય છે.

'લક્ષ્મી'નો સંસ્કૃતમાં મૂળ શબ્દ 'લક્ષ' છે. 'લક્ષ' એટલે ધ્યાન સાધવું, ધ્યેય બનાવવું, નિરીક્ષણ કરવું વગેરે. એનો અર્થ એમ થાય કે જો તમે એકાગ્ર ચિત્ત સાથે કોઈ સાધના કરો અને પછી જે પ્રાપ્ત થાય તેને લક્ષ્મી કહેવાય છે. આપણા શાસ્ત્રમાં તમામ સિદ્ધિ, તપ, ધ્યાન, હંમેશા પ્રભુ અને આધ્યાત્મિક્તા માટે જ કરવાની રહે છે. આમ 'લક્ષ્મી' થકી જીવનના ચાર ધ્યેય ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો માર્ગ દિવ્યતા તરફ લઈ જવાનો છે. લક્ષ્મીના ચાર હાથ પણ આ સૂચવે છે. લક્ષ્મીજીના હાથમાં કમળ છે. હિંદુ શાસ્ત્રોમાં કમળ જ્ઞાન, આત્મ સાક્ષાત્કાર અને મુક્તિનું પ્રતીક છે. 'જલકમલવત્ , સંદેહે વિદેહી, રંગેરંગે અરંગી રહેવાનો તે નિર્દેશ કરે છે.'

લક્ષ્મીની આજુબાજુ હાથી હોય છે. હાથી ઉદ્યમ, તાકાત, મસ્તી અને અગ્રસ્થાનનો માલિક છે. હાથી પાણી, વરસાદ અને પ્રજોત્પતિની હાજરી પણ છે. લક્ષ્મીજીનું વાહન ઘુવડ છે દિવસે એટલે કે સુખમાં તો આપણે જોતા જ હોઈશું. પણ દુઃખના અંધકારમાં આપણને દિવ્ય અને જ્ઞાનનો પ્રકાશ ઘુવડ જેમ પ્રાપ્ત થાય તેવા નિર્દેશ છે. તેવી જ રીતે ઘુવડની જેમ સુખ અને તેજના મોહમાં મોહાંધ કે મદાંધ ના થઈ જતા તેની પણ ચેતવણી લક્ષ્મીજી આપે છે.

લક્ષ્મીજીની મૂર્તિ જોતાં, તેના હાથમાંથી ધનની વર્ષા થતી હોય તેમ લાગે છે તે બતાવે છે કે હું તમને જેમ ધન આપું છું તે જોઈને તમે પણ તે રીતે જરૂરિયાતમંદોને ધનનું દાન કરજો.

લક્ષ્મીજી સોનેરી દોરા ધરાવતી લાલ સાડી ધારણ કરે છે જે સંપત્તિ અને ઐશ્વર્ય છે જ્યારે તેમના પતિ વિષ્ણુ ઉત્તમ પુરુષ છે. જેમાં રામ, કૃષ્ણ અને મહાદેવના ગુણ છે. અર્થાત્ દંપતિએ વિષ્ણુ-લક્ષ્મી બનીને જીવન વ્યતીત કરવાનું છે.

લક્ષ્મીકૃપા : સુખી વ્યક્તિ માટે આપણે એમ કહેતા હોઈએ છીએ કે 'તેના પર ભગવાનના ચાર હાથ છે.' એટલે કે લક્ષ્મીજીના ચાર હાથ છે. તે પરથી આ કહેવત આવી છે.

અષ્ટલક્ષ્મી : આદિ લક્ષ્મી, ધાન્ય લક્ષ્મી, ધૈર્ય લક્ષ્મી, ગજલક્ષ્મી, સંતાન લક્ષ્મી, વિજય લક્ષ્મી, વિદ્યાલક્ષ્મી અને ધન લક્ષ્મી.

લક્ષ્મીના નામ : પદ્મા, કમલિની, પદ્મપ્રિય, પદ્માલયધારા, દેવી, પદ્મુખી, પદ્માશ્રી, પદ્માસના, પદ્મસુંદરી, શ્રી, શ્રીજા, વિષ્ણુપ્રિયા, ઉલ્કાવાહિની અને જગદીશ્વરી.

*એમ-૭૦૪, સર્જન ટાવર,*
*સુભાષ ચોક પાસે, મેમનગર,*
*અમદાવાદ-૩૮૦૦૫૨*
*મો - ૯૮૨૫૦૬૧૭૮૭*

# જામસાહેબનું જામનગર

– ડૉ. નરોત્તમ વાળંદ

**જા**મનગર ભારતના પશ્ચિમ કિનારે આવેલું, કચ્છના અખાત પર વસેલું શહેર છે. ગુજરાત રાજ્યમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ પછીના પાંચમા ક્રમે આવેલું શહેર છે. આઝાદી પહેલાં કાઠિયાવાડમાં કુલ પાંચ વર્ગનાં રાજ્યો હતાં. તેમાં ઈ.સ. ૧૮૮૨ની દેશી રાજ્યોની યાદી મુજબ નવાનગર (જામનગર) પ્રથમ વર્ગનું રાજ્ય હતું. એ બંદર પણ હોવાથી દરિયાની ખાડીના મુખ આગળ રોઝી ટાપુના ઈશાન ખૂણામાં ૪૨ ફૂટ ઊંચા મિનારાની દીવાદાંડી આવેલી છે. એના દરિયાકાંઠેથી સાચાં મોતી મળી આવે છે. એ મોતી પર જામસાહેબનો હક હોઈ, તે બહાર વેચાતાં નથી.

**આઝાદી પહેલાં કાઠિયાવાડમાં કુલ પાંચ વર્ગનાં રાજ્યો હતાં. તેમાં ઈ.સ. ૧૮૮૨ની દેશી રાજ્યોની યાદી મુજબ નવાનગર (જામનગર) પ્રથમ વર્ગનું રાજ્ય હતું. એ બંદર પણ હોવાથી દરિયાની ખાડીના મુખ આગળ રોઝી ટાપુના ઈશાન ખૂણામાં ૪૨ ફૂટ ઊંચા મિનારાની દીવાદાંડી આવેલી છે. એના દરિયાકાંઠેથી સાચાં મોતી મળી આવે છે**


ગુજરાતના સુલતાનોના સમયમાં (ઈ.સ. ૧૪૧૦થી ૧૫૮૩) કાઠિયાવાડનાં રાજ્યો પર મુસ્લિમોની સત્તા સર્વોપરી હતી. એ વખતે ૨૨૨ જેટલાં દેશી રાજ્યો હતાં. સૌ સ્વતંત્રપણે રાજ્ય કરતાં હતાં. તેમ છતાં અંદરોઅંદરના વિખવાદને કારણે તેઓ સામસામે તલવારો ટકરાવતા. એમનાં કુસંપનો ગેરલાભ અન્ય શાસકોએ લીધો. મોગલો, મરાઠાઓ અને છેવટે અંગ્રેજો ચડી આવતા, તેમની સત્તાનો ઉપયોગ કરતા અને તેમની પાસેથી ખંડણી ઉઘરાવીને પાછા જતા. આમ ચાલ્યા કરતું.

એ વેળાએ કાઠિયાવાડ, ગોહિલવાડ, સોરઠ, હાલાર એ બધા અલગ પ્રદેશો હતા. પછીથી, કચ્છને બાદ કરતાં સમગ્ર પ્રદેશ કાઠિયાવાડ ગણાયો. આજે એને 'સૌરાષ્ટ્ર' કહીએ છીએ. અહીં ચાવડા સૌ પ્રથમ આવ્યા. તે પછી ચુડાસમા, જેઠવા અને જામ રજપૂતો આવ્યા. તેઓ પોતાની બળકટતા અનુસાર રાજ્યો સ્થાપીને વહીવટ કરવા લાગ્યા. ઈ.સ. ની શરૂઆતમાં રાજ્યોની વિગતો નોંધવાનાં સાધનો અલ્પ પ્રમાણમાં હતાં, તેમાં અનુશ્રુતિઓ પણ ભળતી એટલે શુદ્ધ ઈતિહાસ જાણવાનું અઘરું હતું. તેમ છતાં જે કાંઈ માહિતી મળી શકે, તે નોંધવામાં આવતી. રજવાડાના ઈતિહાસમાં એક મુશ્કેલી એ છે કે, રાજવીઓની પેઢીઓમાં કેટલાંક નામ એકસરખાં હોય છે. એટલે તેમનો ક્રમ જાણવો અઘરો પડે છે. જામ રાજાઓમાં લાખાજી, હમીરજી, રાવળજી, રણજિતસિંહજી, રાયસંગજી, વિભાજી, સતાજી- એ બધાની સમયાનુસાર ગોઠવણ અડસટ્ટે કરવાની રહે છે.

ઐતિહાસિક નોંધ પ્રમાણે ગુજરાતના સુલતાન બહાદુરશાહે પાવાગઢને ઘેરો ઘાલવાના કાર્યમાં મદદ કરવા બદલ જામ લાખાજીને ૧૨ ગામ ઈનામમાં અપાયાં હતાં. રાજ્યલોભમાં તેમના પિતરાઈ ભાઈએ લાખાજીને મારી નાંખ્યા અને હમીરજી



દેરાણી-જેઢાણીનું સ્મારક



એ. કે. જમાલ ડિસ્પેન્સરી

જાડેજાએ રાજ્ય પર કબજો જમાવ્યો. લાખાજીના પુત્ર જામ રાવળે મોગલ બાદશાહ હુમાયુની સહાયથી કચ્છમાં ગાદી સ્થાપી. કવિ માવદાનજી રચિત 'યદુવંશ પ્રકાશ' માં દર્શાવ્યા અનુસાર જામ રાવળ ચારેક વર્ષ કચ્છમાં રાજ્ય કરીને હાલારની ભૂમિમાં આવ્યા. અહીં રંગમતી નદીના કિનારે 'નવાનગર'ની સ્થાપના કરી, ઈ.સ. ૧૫૪૦. પછીના રાજાઓના રાજ્યમાં આ નામ વર્ષો સુધી ચાલ્યું. પછી તો જામ રાજાઓના શાસનના સાતત્યને લીધે 'નવાનગર'નું નામ 'જામનગર' થઈ ગયું. પૌરાણિક કથાઓમાં દર્શાવ્યા પ્રમાણે શ્રીકૃષ્ણે તેમનું રાજ્ય જામનગર જિલ્લામાં આવેલા દ્વારિકાનગરમાં સ્થાપ્યું હતું. એમ કહેવાય છે કે જામ રાજવીઓ યદુ(જાદવ) વંશમાંથી ઊતરી આવેલા છે.


> **જામનગર બધી જ ઋતુઓ માટેનું હવાઈ મથક, લશ્કરી મથક અને જળમથક છે. સંરક્ષણની ત્રણેય પાંખોનાં મથકો સ્થપાયેલાં છે. અહીંથી બેડી બંદર સાત કીલોમીટર છે, ઉપરાંત રોઝી ટાપુ પર રોઝી બંદર છે. મોટા વહાણો છેક જેટી સુધી આવી શકે એવી સગવડ છે. રેલ્વે મારફ્ત દેશનાં સ્ટેશનો સાથે સંકળાયેલું છે. ગુજરાતમાં જેમ પાટણનાં પટોળાં વખણાય છે, તેમ જામનગરની બાંધણી (સાડીની એક વિશિષ્ટ જાત-ભાત) વખણાય છે.**

જામનગરમાં કચ્છી બોલી બોલતા થોડાક કચ્છીઓને બાદ કરતાં જાડેજા, સથવારા, આહીર(યાદવ), પટેલ, ભાનુશાળી, મેર, જૈન, લોહાણા, બ્રાહ્મણ, ભોઈ અને વાઘેર ગુજરાતી ભાષા બોલે છે. તેમાંના કેટલાક સાહસિક લોકો તો દરિયા માર્ગે મુંબઈ પહોંચીને વેપાર કરીને ત્યાંના વતની બની બેઠા છે. પ્રજાનો મોટો ભાગ ધાર્મિક વૃત્તિ ધરાવતો અને શાંતિપ્રિય છે.


જામનગરમાં શૈવ, જૈન તેમજ સંખ્યાબંધ દેવ-દેવીઓનાં અગણિત મંદિરો આવેલાં છે. આરસપહાણનાં બનેલાં મોટા જૈન દેરાસરોમાં વર્ધમાન શાહ દેરાસર, રાઈસી શાહનું દેરાસર, શેઠનું દેરાસર અને વાસુપૂજ્ય સ્વામીનું દેરાસર ઈ.સ. ૧૫૭૪થી ૧૬૨૨નાં વર્ષોમાં બંધાયેલાં છે. બાલાહનુમાનનું મંદિર પહેલી ઑગષ્ટ, ૧૯૬૪થી સતત ૨૪ કલાક સુધી રામધૂન માટે વિશ્વવિખ્યાત બન્યું છે અને ગિનીસ બુક રેકોર્ડ નોંધાવી વિશ્વવિક્રમ સર્જ્યો છે. જલારામ મંદિર, બદરી કેદારનાથ મંદિર, નીલકંઠ મહાદેવ, ભીડભંજન મહાદેવ અને કાશીવિશ્વનાથનું મંદિર, જામનું દેહરું, નાગેશ્વર મંદિર, સિદ્ધનાથ મંદિર- આવાં અનેક મંદિરો અહીં છે. આસપાસમાં સોમનાથ મહાદેવ મંદિર, ઘૂમલી અને નથલખીનાં પ્રાચીન મંદિરો, બરડા ડુંગર પર કિલેશ્વર મંદિર, ગોપનું પ્રાચીન સૂર્યમંદિર પણ આવેલાં છે. તેથી તો જામનગરને 'છોટી કાશી' કહેવાય છે.

જામનગર 'બ્રાસ સીટી' તરીકે પણ ઓળખાતું રહ્યું છે. ત્યાં હજારો કારીગરો પિત્તળની નાની-મોટી વસ્તુઓ બનાવતા હતા. પિત્તળના દાગીના (યંત્રોના વિભાગો) અને લાંબા સળિયા અહીંથી વિદેશ જતા. એ ઉપરાંત એમ.પી.શાહ ઉપેગનગર, શંકર ટેકરી પરનાં કારખાનાં તથા જી.આઈ.ડી.સી.ના ઉપેગો ચાલે છે. રીલાયન્સ ઉપેગોની વિશ્વની સૌથી મોટી તેલ રીફાઈનરી તા. ૧૪, જુલાઈ, ૧૯૯૯માં અહીં સ્થપાઈ છે. તે ઉપરાંત 'એસ્સાર ઓઈલ રીફાઈનરી પણ છે. તેથી જામનગરને 'વિશ્વનું તેલનગર' કહેવાય છે.

જામનગર બધી જ ઋતુઓ માટેનું હવાઈ મથક, લશ્કરી મથક અને જળમથક છે. સંરક્ષણની ત્રણેય પાંખોનાં મથકો



ખંભાલિયા ગેટ



સોળમી સદીમાં બનેલું નાગેશ્વર મંદિર

સ્થપાયેલાં છે. અહીંથી બેડી બંદર સાત કીલોમીટર છે, ઉપરાંત રોઝી ટાપુ પર રોઝી બંદર છે. મોટા વહાણો છેક જેટી સુધી આવી શકે એવી સગવડ છે. રેલ્વે મારફત દેશનાં સ્ટેશનો સાથે સંકળાયેલું છે. અહીંથી ગુજરાતનાં શહેરોની બસ પણ ઊપડે છે.

ગુજરાતમાં જેમ પાટણનાં પટોળાં વખણાય છે, તેમ જામનગરની બાંધણી (સાડીની એક વિશિષ્ટ જાત-ભાત) વખણાય છે. બાંધણી બનાવવાનું કામ ખત્રીઓ કરે છે. તેઓ બંધારા કે રંગારા કહેવાય છે. બાંધણીની ડિઝાઈનના વિવિધ પ્રકાર છે. બારબાગ, બાવનબાગ, વીરભાત, નારીકુંજર ભાત, આંબાડાળ, ચોકીડાળ, મોરઝાડ, કોઠીદાણા, ખંડભાત, બસંત, લહેરિયાભાત રંગ અને ભાતનું મહત્ત્વ ધરાવે છે. છેલ્લાં ૧૫૦ વર્ષથી અહીં બાંધણી બને છે. બાંધણી પહેલાં તો સ્ત્રીઓની સાડી તરીકે જ મહત્ત્વ ધરાવતી હતી. હવે નવી ફેશન તરીકે કુર્તી, ડ્રેસ અને દુપટ્ટા પણ બને છે. પુરુષોને પણ એનું ઘેલું લાગ્યું છે. બાંધણીના સાફા, પાઘડી અને ટાઈ પણ બને છે. સિલ્ક, જ્યોર્જેટ અને સિફોનના કાપડમાં બાંધણી બને છે. બાંધણીની કિંમત રૂ. ૩૦૦થી માંડીને બે લાખ રૂપિયા સુધીની હોય છે. જામનગરની બાંધણીને જિયોલોજિકલ ઈન્ડિકેશન પણ મળ્યું છે.

**૭૦૦ એકરના વિસ્તારમાં પથરાયેલું આ તળાવ બે માઈલ જેટલો ઘેરાવો ધરાવે છે. તેનું પાણી જામનગરની પ્રજાને મળે છે. શિયાળામાં આવતાં વિદેશી પક્ષીઓને ખોરાક અને સલામતી પૂરાં પાડે છે. ઈ.સ. ૧૮૪૦માં દુકાળ પડ્યો તે વખતે જામ રણમલજીએ ગરીબ લોકોની રોજી-રોટી પૂરી પાડવાના ઉદ્દેશથી આ તળાવ ખોદાવ્યું હતું**

**જામનગરનાં જોવાલાયક સ્થળો**

**દરબાર ગઢ (મહારાજાનો મહેલ) :** તેના નિર્માણમાં સ્થાપત્યની રાજપૂત અને યુરોપિયન એમ બન્ને શૈલીઓનો ઉપયોગ થયો છે. તેમાં પથ્થરની કોતરણી, દીવાલ પરનાં ચિત્રો, જાળીના પડદા, અલંકૃત સ્તંભો અને આયના મૂકવામાં આવ્યા છે. દીવાલની બહારની બાજુએ ઝરૂખા બનાવવામાં આવ્યા છે. ઈ.સ. ૨૦૦૧ના ધરતીકંપમાં દરબારગઢને ઘણું નુકસાન થયું હતું.

રણમલ તળાવ (લાખોટા સરોવર) : ૭૦૦ એકરના વિસ્તારમાં પથરાયેલું આ તળાવ બે માઈલ જેટલો ઘેરાવો ધરાવે છે. તેનું પાણી જામનગરની પ્રજાને મળે છે. શિયાળામાં આવતાં વિદેશી પક્ષીઓને ખોરાક અને સલામતી પૂરાં પાડે છે. ઈ.સ. ૧૮૪૦માં દુકાળ પડ્યો તે વખતે જામ રણમલજીએ ગરીબ લોકોની રોજી-રોટી પૂરી પાડવાના ઉદ્દેશથી આ તળાવ ખોદાવ્યું હતું. લગભગ પોણા બસો વર્ષના જૂના લાખોટા તળાવનું એ નિમિત્તે નવીનીકરણ થયું. આ તળાવ ફરતે લોકો બેસી શકે તે માટે છ ઝરૂખાને નવાં રંગરૂપ અપાયાં. જૂના ઝરૂખા જર્જરિત થઈ ગયા હતા, એમનું સમારકામ કરવામાં આવ્યું. તે ઉપરાંત નવા ઝરૂખા જૂની ભાત પ્રમાણે બનાવવા રાજસ્થાની કારીગરોએ પોતાની કલાનો ઉપયોગ કર્યો. ઝરૂખાની બહાર કળશ જેવી કૃતિ પથ્થરમાં કોતરવામાં આવી છે. જૂના, તૂટી ગયેલા ઝરૂખામાં એવો જ રંગ ધરાવતા પથ્થરો ગોઠવી દેવાયા. સામસામા ખાંચા પાડી, લૉકસિસ્ટમથી એકબીજા સાથે પથ્થરોને જોડવામાં આવેલા છે.

**ભૂજિયો કોઠો :** રણમલ તળાવમાં આવેલો આ કોઠો રક્ષણાત્મક વ્યૂહ જેવો લાગે છે.જૂના સમયમાં લશ્કરનો દારૂગોળો, તોપખાનું વગેરે સલામત રહે તે માટે ચોતરફ



**અજિતસિંહજી ક્રિકેટ પેવેલિયન**



**વિખ્યાત સુખનાથ મંદિર અને અન્ય પ્રાચીન દેરીઓ**

પાણી ભરીને રાખવામાં આવતું. તેના ઉપર સર્ચલાઈટ મુકાવી હતી, જેનો પ્રકાશ માઈલો લગી પહોંચતો. આ પ્રકાશ વડે હેલિયોગ્રાફી સંદેશા મોકલવાની વ્યવસ્થા હતી. ઈ.સ. ૧૯૪૬ના ઓક્ટોબરમાં આ ઈમારતને મ્યુઝિયમમાં પરિવર્તિત કરવામાં આવી. એના દરવાજા પર કલાત્મક ઝરૂખા મૂક્યા છે. પૂર્વ તરફના મુખ્ય દરવાજાથી ૧૦૦ મીટરના અંતે જામનગરના સ્થાપક જામ રાવળજીનું અશ્વારૂઢ બાવલું યુરોપિયન શિલ્પીઓ પાસે તૈયાર કરાવીને મુકાવ્યું છે. મુખ્ય પ્રવેશદ્વાર પર લડાઈનાં ચિત્રો અને રાજવીઓનાં તૈલચિત્રો રખાયાં છે.

**લાખોટા કોટ :** લાખોટા સરોવરની વચ્ચે આવેલો એક નાનો મહેલ છે. તેને એકદંડિયો મહેલ પણ કહેવાય છે. યુરોપિય અને ભારતીય સ્થાપત્ય શૈલીથી તે બનાવાયો છે. રાજવી પરિવાર માટે હવા ખાવાના સ્થળ તરીકે જામ વિભાજીએ તે બંધાવ્યો હતો. આ મહેલ સરોવરની સાથે શ્વેત પૂલથી જોડાયેલો છે. તેના અંદરના ઓરડાઓ વિવિધ પ્રકારની ચીજોનું સંગ્રહસ્થાન બન્યા છે. તેમાં ઈ.સ.ની ૯મીથી ૧૮મી સદી સુધીની ચીજો ત્યાં જળવાઈ છે.

**ધન્વતંરિ મંદિર :** (આયુર્વેદ વિશ્વવિદ્યાલય) એ વખતનાં મહારાણી ગુલાબકુંવર બાના મનમાં આયુર્વેદિક દવાઓનો વિચાર સ્ફૂર્યો. તે તેમણે એ વખતના ઈરવીન હૉસ્પિટલના ચીફ મેડીકલ ઑફિસર ડૉ. પ્રાણજીવન મહેતા સમક્ષ રજૂ કર્યો. એમાંથી આયુર્વેદ કૉલેજનાં બી વવાયાં. એનું શિલારોપણ ઈ.સ. ૧૯૪૪માં થયું અને 'ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટી'ની સ્થાપના કરવામાં આવી. સમય જતાં સંસ્થાના વિકાસ માટે દેશભરમાંથી પ્રખર વૈદરાજોને આમંત્રણ અપાયું. એ સૌની સંમતિથી 'આયુર્વેદ વિશ્વવિદ્યાલય'ની સ્થાપના થઈ. આ યુનિવર્સિટીમાં માત્ર ભારતના જ નહિ, પણ વિશ્વભરના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તેમાં પ્રાચીન ભારતીય આયુર્વેદિક સંશોધન અને આંતરરાષ્ટ્રીય અભ્યાસની કાર્યશાળા ચાલે છે.

**સમય જતાં સંસ્થાના વિકાસ માટે દેશભરમાંથી પ્રખર વૈદરાજોને આમંત્રણ અપાયું. એ સૌની સંમતિથી 'આયુર્વેદ વિશ્વવિપલય'ની સ્થાપના થઈ. આ યુનિવર્સિટીમાં માત્ર ભારતના જ નહિ, પણ વિશ્વભરના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તેમાં પ્રાચીન ભારતીય આયુર્વેદિક સંશોધન અને આંતરરાષ્ટ્રીય અભ્યાસની કાર્યશાળા ચાલે છે**

**સોલેરિયમ :** સૂર્યનાં કિરણોથી અપાતી સારવારનું આ યંત્ર ઈ.સ. ૧૯૩૩માં મૂકવામાં આવ્યું હતું. એ યંત્ર જામ રણજિતસિંહજીએ મંગાવેલું અને સૂર્યકિરણથી ચામડીના રોગ મટાડનાર ડૉક્ટરને તેમણે છેક ફ્રાન્સથી અહીં વસાવ્યા હતા. સોલેરિયમની ઊંચાઈ ૪૦ ફૂટ છે. પ્લેટફોર્મ પર ૧૦ સોલેરિયમ કેબિન બાંધવામાં આવી છે, તે જમીનથી ત્રીસ ફૂટ ઊંચા ટાવર પર ગોઠવવામાં આવી છે.પ્લેટફોર્મ ૧૧૪ ફૂટ લાંબું છે. ૧૩' x ૯' ની ૧૦ કેબિનને સૂર્યની દિશા પ્રમાણે ફેરવી શકાય છે. સૂર્ય આકાશમાં ફરે છે, તે પ્રમાણે કેબિન પણ ફરે છે. કેબિનમાં ખાસ પ્રકારના કાચ લગાવવામાં આવેલા છે. સૂર્યકિરણો તેમાંથી પસાર થાય છે અને દર્દીના રોગ અનુસાર તેની તરંગલંબાઈ ગોઠવાય છે. રોગ પ્રમાણે કિરણો દર્દીના શરીર સુધી પહોંચે છે. રાજાશાહીના વખતમાં વસાવાયેલું આ સોલેરિયમ એશિયામાં એક જ છે.

**સ્મશાનગૃહ :** જામનગરની ઉત્તર દિશાએ 'માણેકબાઈ મુક્તિધામ' નામે એક સ્માશાનગૃહ નાગમતી નદીનાકિનારે આવેલું છે. તેમાં અનેક દેવદેવીઓની પ્રતિમાઓ, મનુષ્યના જન્મથી માંડીને તેના મૃત્યુ લગીનું જીવનચક્ર, અને



વિભા વિલાસ મહેલ



પ્રતાપ પેલેસ

રામાયણનાં વિવિધ પ્રસંગનાં ચિત્રો આવેલાં છે. શબવાહિની, સ્નાનગૃહ અને પ્રાર્થનાહોલ અહીં આવેલા છે. વિશ્રામકક્ષ અને વાચનગૃહ પણ આવેલાં છે.

**પ્રતાપવિલાસ પેલેસ :** જામ રણજિતસિંહજીએ બંધાવેલા આ રાજમહેલમાં યુરોપીય અને ભારતીય સ્થાપત્યશૈલીનો સમન્વય થયેલો છે. ઈ.સ. ૧૯૦૭માં એનું બાંધકામ શરૂ થયું અને ૧૯૧૭માં પૂરું થયું. તેનો પ્લીન્થ એરિયા ૩૦ હજાર ચોરસફૂટ છે. તેમાં કુલ ૮૫ હજાર ચોરસફૂટનું બાંધકામ છે. કલકત્તામાં આવેલા વિક્ટોરિયા મેમોરિયલ બિલ્ડીંગના જેવી અનુકૃતિ ધરાવતા આ મહેલમાં નાના નાના ઘુમ્મટો મૂકવાની કળા આપણા કારીગરોની છે. તેમાંના ત્રણ ઘુમ્મટો તો પૂરેપૂરા કાચના છે. સ્તંભ પરની કોતરણી બારીક અને આકર્ષક છે.

**ઈ.સ. ૧૯૦૭માં એનું બાંધકામ શરૂ થયું અને ૧૯૧૭માં પૂરું થયું. તેનો પ્લીન્થ એરિયા ૩૦ હજાર ચોરસફૂટ છે. તેમાં કુલ ૮૫ હજાર ચોરસફૂટનું બાંધકામ છે. કલકત્તામાં આવેલા વિક્ટોરિયા મેમોરિયલ બિલ્ડીંગના જેવી અનુકૃતિ ધરાવતા આ મહેલમાં નાના નાના ઘુમ્મટો મૂકવાની કળા આપણા કારીગરોની છે. તેમાંના ત્રણ ઘુમ્મટો તો પૂરેપૂરા કાચના છે. સ્તંભ પરની કોતરણી બારીક અને આકર્ષક છે**

**વિભાવિલાસ :** ઈ.સ. ૧૮૫૧થી ૧૮૯૫ના જામ વિભાજીના શાસનકાળ દરમિયાન રણમલ તળાવના કાંઠે વિભાવિલાસ બનાવવામાં આવ્યો હતો. હાલમાં તેનો સર્કિટ હાઉસ તરીકે ઉપયોગ થાય છે. રાજ પરિવારના લોકોની સહેલગાહ માટે બનાવવામાં આવેલા વિભાવિલાસમાં બ્રિટિશ સ્થાપત્યની ઝલક અને 'એકદંડિયો મહેલ' પણ કહેવામાં આવતો હતો.

**સજુબા કન્યાવિદ્યાલય :** આજથી લગભગ દોઢસો-બસો વર્ષ પહેલાંના જામ રાજવીઓને કન્યા કેળવણીનું મહત્ત્વ સમજાયું હતું. રાજ્યની રૈયતની દીકરીઓને ભણાવવા માટે જામ રણજિતસિંહજીના શાસનમાં કન્યા શિક્ષણના હેતુથી 'સજુબા કન્યાવિદ્યાલય' સ્થાપવામાં આવ્યું હતું. 'લેડી હાર્ડિઝ' ના નામે એ પછીથી તે સજુબા કન્યાવિદ્યાલય બન્યું. આજ સુધીમાં અનેક બહેનોએ શિક્ષણ લઈ જીવનનું ઘડતર કર્યું છે.

**ખંભાળિયા ગેટ :** નવાનગરના સમય (ઈ.સ. ૧૭૬૮થી ૧૮૧૪) વજીર મેરામણ ખવાસ દ્વારા નગરના રક્ષણ માટે ફરતી દીવાલ બાંધવામાં આવી હતી. જૂના જામનગરના પાંચ દરવાજા-બેડી ગેટ, ખંભાળિયા ગેટ, નાગનાથ ગેટ, કાલાવડ ગેટ અને ખોજા ગેટ પૈકી ચાર દરવાજા કાળગ્રસ્ત થઈ ગયા અને માત્ર ખંભાળિયા ગેટ જ બાકી રહ્યો છે. એનો એક જ માળ હતો. સમયાન્તરે બીજો માળ બનાવવામાં આવ્યો. આ દરવાજા પર ધાર્મિક તેમ જ મલ્લકુસ્તીનાં શિલ્પો જોવા મળે છે.

**એ.કે.જમાલ ડિસ્પેન્સરી :** જામ વિભાજીના સમયમાં આધુનિક તબીબી વિજ્ઞાનની બે સંસ્થાઓ શરૂ થઈ. અબ્દુલ કરીમ જમાલ નામના સદ્ ગૃહસ્થના દાનથી એ.કે. જમાલ ડિસ્પેન્સરી શરૂ થઈ. તે પછી વિક્ટોરિયા જ્યુબિલી હૉસ્પિટલ શરૂ થઈ. એક સમય એવો આવ્યો કે જમાલ ડિસ્પેન્સરીનો મહિલા છાત્રાલય તરીકે અને તે પછી રેલવે વહીવટી કાર્યાલય તરીકે પણ ઉપયોગ થયો હતો.

**માંડવી ટાવર :** જામ વિભાજીના સમયમાં નગરનું જકાતનાકું બનાવવામાં આવ્યું હતું અને તેની ઉપર ટાવરનું નિર્માણ કરાયું હતું. ટાવર આરસની કોતરણીવાળો છે.


**સૈફી ટાવર :** નાગમતી નદીના કિનારે દાઉદી વહોરા સમાજના મુલ્લાઓની દફનવિધિ માટે હજીરાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. તેમાં સમયાન્તરે ચાર મુલ્લાજીની દફનવિધિ થઈ હતી. જામનગરમાં વહોરા ધર્મની ગાદી ૨૦૦ વર્ષ સુધી રહી



જામસાહેબનું વાત્સલ્ય : પોલેન્ડના ૫૦૦ નિરાશ્રિતોને આશ્રય



ધનવંતરી ઔષધાલય






ભૂજિયો કોઠો

હતી. ચોથા સૈયદ નૂરમહેમદનું કચ્છના પ્રવાસ દરમિયાન અવસાન થતાં તેમની દફનવિધિ કરવામાં આવી હતી.

**પંચેશ્વર ટાવર :** જામ વિભાજીના શાસનકાળ (૧૮૫૨-૧૮૯૫) દરમિયાન નગરની નવરચનાના ભાગ રૂપે આ ટાવરનું નવનિર્માણ કરવામાં આવ્યું હતું. ઈ.સ. ૨૦૧૧માં નગરપાલિકા દ્વારા તેનો પુનરુદ્ધાર કરવામાં આવ્યો.

**દેરાણી-જેઠાણી સ્મારક :** જામ વિભાજી બીજાના સમયમાં તે બનાવવામાં આવ્યું હતું. તે રણમલ તળાવની મધ્યમાં આવેલું છે. આ સ્મારકમાં નીચેના માળમાં દેરાણી-જેઠાણીની ખાંભીઓ છે. તળાવ પૂરેપૂરું ભરાય ત્યારે નીચેના માળની ખાંભીઓ પાણીમાં ડૂબી જાય છે, પરંતુ ઉપરના માળ સુધી પાણી પહોંચતું નથી. ઉપરના માળે જવા માટે પગથિયાં બનાવવામાં આવ્યાં છે.

**ક્રિકેટ પેવેલિયન :** ક્રિકેટની રમત માટે જામનગર પ્રખ્યાત છે. ભારતમાં ક્રિકેટમાં કોઈપણ શહેર કરતાં વધુ ક્રિકેટરો જામનગરે આપ્યા છે. કે.એસ. કુમાર (કુમાર રણજિતસિંહજી) ક્રિકેટના શોખીન હતા. તેમના નામે 'રણજી ટ્રોફી' આજે પણ ચાલે છે. જામ વિભાજીના દત્તક પુત્ર રાજકોટની રાજકુમાર કૉલેજમાં ભણતા હતા, ત્યારે અંગ્રેજ શિક્ષકોના હાથે ક્રિકેટ શીખ્યા. જામ રણજીતના ભત્રીજા દુલીપસિંહજીના નામે 'દુલીપ ટ્રોફી' પણ ચાલે છે. આ બન્ને ટ્રૉફીઓએ ભારતીય ક્રિકેટ જગતમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ ઉપરાંત ઈન્દ્રજિતસિંહ, અજય જાડેજા અને રવીન્દ્ર જાડેજા પણ ધરખમ ખેલાડીઓ હતા. રાજવી પરિવાર બાદ કરતાં પ્રથમ ખેલાડી વિનુ માંકડનું નામ આવે. તેમના પુત્ર અશોક માંકડ, અમરસિંહ અને રામજી નામે બે ભાઈઓ, સલીમ દુરાની, કરસન ઘાવરી, વગેરે ખેલાડીઓ જામનગરે આપ્યા છે.

**બાલાચડી :** જામનગરથી ૨૭ કિલોમીટર દૂર બાલાચડીનો સમુદ્રકિનારો છે. એ સુંદર જગા એવી છે કે ત્યાં કુદરતનાં દૃશ્યો જોઈને એનો દ્રષ્ટા ધરાય જ નહિ. બીજા વિશ્વયુદ્ધ સમયે જામ દિગ્વિજયસિંહજીએ પોલેન્ડનાં ૫૦૦ જેટલા નિરાશ્રિત બાળકો માટે કેમ્પ યોજ્યો હતો. ૧૯૩૯માં વિશ્વયુદ્ધની શરૂઆત થઈ. એમાં સૌથી ખરાબ હાલત પૉલેન્ડની પ્રજાની થઈ હતી. પૉલેન્ડનાં નિરાધાર બાળકો ક્યાંક આશરો શોધી રહ્યાં હતાં, તે સમયે પૉલેન્ડના મિત્રોના સંપર્કમાં આવેલા જામસાહેબે જામનગરમાં ૭૦૦ જેટલા લોકો રહી શકે એવો વિશાળ મંડપ તૈયાર કરાવીને તેમાં બાળકોની ખાવા, પીવા, સૂવા તથા રમવાની તમામ સગવડો પૂરી પાડી હતી. એટલે જ પૉલેન્ડના પાટનગર વર્સોવામાં એક શાળાનું નામ 'દિગ્વિજયસિંહ હાઈસ્કૂલ' આપવામાં આવ્યું છે. આજે બાલાચડીમાં સૈનિક સ્કૂલ ચાલે છે.

આજે કાપડ ઉદ્યોગમાં ભલે અમદાવાદને યશ આપીએ, પરંતુ એના એ વખત પછી નવાનગરમાં રેશમી કાપડ અને કિનખાબનો ઉદ્યોગ ચાલતો હતો. એ કિનખાબ અમદાવાદના કિનખાબ કરતાં ચડિયાતો બનતો. તે ઉપરાંત સુગંધી તેલ, અત્તર અને કંકુ પણ જામનગરનું વખણાય છે.

યદુવંશના રાજવીઓનું આ નગર આજે પણ વિવિધ ક્ષેત્રે વિકાસ સાધી રહ્યું છે.

*૮, પ્રીતમ સોસાયટી- ૧,*
*ભરૂચ - ૩૯૨ ૦૦૨*
*ફોન. (૦૨૬૪૨) ૨૨૯૬૯૩*

# ક્ષિતિજે ડોકાઈ રહ્યું છે રોગરહિત, વૃદ્ધત્વરહિત જીવન !

*– યશવંત મહેતા*

**મા**નવજાત કમાલ છે.

અબજો અબજો તારાઓ- ગ્રહોના વિરાટ બ્રહ્માંડમાં આવો કમાલ જીવ હશે કે નહિ, એ સવાલ છે. અમને તો લાગે છે કે નહિ જ હોય. માનવી પ્રથમ તો કેટલીક ઝંખનાઓ કરે છે, અને પછી એને સાકાર બનાવવા કમર કસે છે. ઘણી ઝંખનાઓ સાકાર કરી પણ છે. ઊડવાની ઝંખના, દૂર બનતી ઘટના બતાવે તેવી 'સંજયદૃષ્ટિ'ની ઝંખના, સ્ત્રી-પુરુષ મિલન વગર સંતતિની ઝંખના, વગેરે વગેરે, દીર્ઘજીવી અને અમર બનવાની ઝંખનાનો પૂર્વભાગ સાકાર થઈ ચૂક્યો છે. સો વર્ષથી વિશેષ વયની વ્યક્તિ હવે આશ્ચર્ય જન્માવતી નથી. વ્યક્તિ બસો-ત્રણસો વર્ષ જીવે એવાં ચિહ્નો હવે વરતાઈ રહ્યાં છે.

માનવી અલ્પજ્ઞ અને અલ્પાયુ હતો ત્યારે પણ સુખી હતો, કારણ કે તે એમ માનતો હતો કે, સૃષ્ટિ ભગવાને રચી છે. અહીં પોતાના મોડેલ પર એણે માનવી રચ્યો છે. (ઈસાઈયત) અથવા સૃષ્ટિનું સર્જન બ્રહ્માએ કર્યું છે અને સ્વર્ગમાં બેઠાં એમણે વિભિન્ન પશુ, પક્ષી, માનવીના ઘાટ ઘડ્યા છે. (હિન્દુ માન્યતા) જ્યારે રચનાર સર્વશક્તિમાન હોય ત્યારે રચિતનાં સુખ, દુઃખ, રોગ, આફત, મૃત્યુ માટે સુદ્ધાં એજ શક્તિ અથવા નિયતિ જવાબદાર. માનવીએ તો લગીરે વિચાર કર્યા વગર મનખાવતારને ઈશ્વરાધીન સમજીને જીવી નાખવો, નિયત રીતે અને નિયત મુદ્દત સુધી ! આકાશ, પૃથ્વી, જીવન, રોગ, મૃત્યુ, પર્યાવરણ એ બધાંને માટે હજારો વર્ષ અગાઉના કિંચિત કલ્પનાશીલ ભુવાઓએ જે સમજૂતીઓ આપી તે માનવીએ આંખ-કાન-દિમાગ બંધ રાખીને સ્વીકારી લીધી. જિજ્ઞાસા ગણાતી. (બહુ ડાહ્યો બહુ ખરડાય !) શંકા કરનારનો નાશ નિશ્ચિત મનાતો. (અશ્રદ્ધાવાન્ વિનશ્યતિ) વિચારશીલતાની મનાઈ કરાતી. (અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ, મા શુચ !) પ્રાપ્ત પરિસ્થિતિ વિશે વિચાર કરવાની ના હતી. (સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે ઘડિયાં,ટાળ્યાં તે કોઈથી નવ ટળે...)

**વિચારશીલતા માનવીનું અંતિમ લક્ષણ છે. એથી સદીઓ પર્યન્ત વિચારશીલો પણ પાકતા રહ્યા. લાખો વર્ષ અગાઉના માનવીને નહિ સમજાયેલાં સેંકડો રહસ્યો માણસે ઉકેલવા માંડ્યાં. પ્રથમ તો કેટલીક મોટી મોટી વાતો શોધી. અગ્નિનું ચારિત્ર્ય, ખનિજોના ગુણ, આકાશી પદાર્થોની ગતિના નિયમો, ગુરુત્વાકર્ષણ જેવા પરિબળા**

પણ વિચારશીલતા માનવીનું અંતિમ લક્ષણ છે. એથી સદીઓ પર્યન્ત વિચારશીલો પણ પાકતા રહ્યા. લાખો વર્ષ અગાઉના માનવીને નહિ સમજાયેલાં સેંકડો રહસ્યો માણસે ઉકેલવા માંડ્યાં. પ્રથમ તો કેટલીક મોટી મોટી વાતો શોધી. અગ્નિનું ચારિત્ર્ય, ખનિજોના ગુણ, આકાશી પદાર્થોની ગતિના નિયમો, ગુરુત્વાકર્ષણ જેવા પરિબળો, ...પછી પ્રકૃતિમાં સુષુપ્ત ઊર્જાને સક્રિય બનાવી : વરાળ, વીજળી, અણુશક્તિ... એટલે કે માનવી વધુ સૂક્ષ્મતા ભણી ચાલ્યો જે બાજુ એણે વીજાણુઓનાં લક્ષણો પારખીને એમના વડે જ્ઞાનના પ્રસાર અને સંગ્રહનાં એક પછી એક અદ્‌ભુત આશ્ચર્યજનક સાધનો શોધવા માંડ્યા- રેડિયો, ટેલિવિઝન, કોમ્પ્યુટર ઓપ્ટીકલફાઈબર્સ, ડિજિટલ ટેકનોલોજી, ઈન્ફર્મેશન સેટેલાઈટ્સ, વગેરે. આજની દુનિયામાં ચકાચોંધ ઝડપે વિકાસ કરી રહેલા આ ઈન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રે બોલબાલા છે. માણસની સંદેશાવ્યવહારની, જ્ઞાનપ્રાપ્તિની તથા જ્ઞાનપ્રસાર, મનોરંજનની, યંત્રનિયંત્રણની બધી જ જૂની સમજણો અને સગવડોને બહુ જલદીથી કાલગ્રસ્ત બનાવી દેશે. આ વીજાણુ ક્રાંતિ, ઈલેક્ટ્રોનિક ક્રાંતિ.

અને જૂની બધી સમજણો, નૈતિકમૂલ્યો, માનવ સંબંધોની તરફ દુઃખો અને પીડાઓ, માનવસુલભ ગણાતી મર્યાદાઓ, એ બધાંને ભૂતકાલીન શબ્દો બનાવી દેશે. બાયોટેકનોલોજી એટલે કે જીવશાસ્ત્રીય તંત્રવિદ્યા. આ વિદ્યાએ માનવીના જન્મ અને મરણના ભેદ તો સેંકડો વર્ષોથી ઉકેલી નાંખ્યા છે, પરંતુ માનવીના બંધારણનો કોયડો હજુ હવે ઉકેલાવા લાગ્યો છે. કેટલાંક માનવી ડાયાબિટિસ, અસ્થમા, અંધત્વ વગેરે રોગોના શિકાર કેમ બની જાય છે,

કેટલાંક માનવી અતિશય બુદ્ધિશાળી તો કેટલાંક બુદ્ધુ કેમ હોય છે, કેટલાંકની જાતીયક્ષમતા વધારે અને કેટલાંકની કમ કેમ હોય છે... એ શોધવાની મથામણ પ્રમાણમાં તાજી છે. પરંતુ એ ક્ષેત્રે તાજેતરમાં જે રહસ્યોઉદઘાટનો થવા લાગ્યાં છે તે લાખો હજારો વર્ષોથી ભુવા-પુરોહિત વર્ગે બંધાવેલી તમામ અંધશ્રદ્ધાઓના ભુક્કા બોલાવી દેશે. એવાં એવાં તથ્યો ઉજાગર થઈ રહ્યા છે કે રેશનાલિસ્ટ મિત્રો અક્ષરેય ન બોલે છતાં એમનો વિજય-વાવટો ફરકશે !

માનવશરીરમાં ખનિજો, જળ, પ્રોટીન્સ વગેરે અસંખ્ય તત્ત્વો રહેલાં છે. પરંતુ એ બધાંને સંચાલિત કરનાર, એની અમુક જ પ્રકારની પરિસ્થિતિ કરનાર, એને અમુક રોગોનું ભોગ બનાવનાર તત્ત્વો પણ હશે જ, એવી આછી આછી કલ્પના કદાચ હજારો વર્ષ જૂની છે. એને જ 'પ્રાણ', 'જીવ' વગેરે નામ અપાયાં હશે એમ માની શકાય. માનવી જીવનભર નિરોગી અને શક્તિમય જીવન જીવે એને માટે કાંઈ નહિ તોય એના પ્રજનન વેળા કેટલીક શિસ્ત, કેટલીક પરેજી, કેટલીક વૈચારિક કસરત, કેટલીક શારીરિક કસરત વગેરેનું આયોજન કરતું પ્રજનનશાસ્ત્ર (યુજેનિક્સ) પણ વિકસ્યું છે. વિખ્યાત ગુજરાતી તત્ત્વચિંતક નર્મદાશંકર દેવશંકર મહેતાનું 'હિન્દનું પ્રજનનશાસ્ત્ર' (હિન્દુ યુજેનિક્સ) પુસ્તક ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં લખાયું હતું.

**સમગ્ર સૃષ્ટિમાં પદાર્થોના એકમો અને ઊર્જાના એકમો વચ્ચેના આંતર-સંબંધો તથા અંતરક્રિયા પ્રક્રિયા ચાલ્યા કરે છે. (ધી હોલ યુનિવર્સ ઈઝ એન ઈન્ટરપ્લે ઓફ મેટર એન્ડ ઈનર્જી) આવી જ વિચારણાને પરિણામે કેટલાક વિજ્ઞાનીઓ કેટલીક ચીજોના આણ્વિક બંધારણમાં ફેરફાર કરવાની કલ્પનાઓ કરવા લાગ્યા હતા**



બીજી બાજુ પદાર્થ માત્ર અને જીવમાત્ર પણ અમુક 'અણુઓ'ના બંધાયેલા છે એવી પ્રાથમિક સમજણ પણ હિન્દના કણાદ મુનિ, ગ્રીસના ડાયોજીનસ અને બ્રિટનના ન્યૂટન જેટલી જૂની છે. બૌદ્ધોએ તો આગળ વધીને એટલે સુધી કહ્યું હતું કે સમગ્ર સૃષ્ટિમાં પદાર્થોના એકમો અને ઊર્જાના એકમો વચ્ચેના આંતર-સંબંધો તથા અંતરક્રિયા પ્રક્રિયા ચાલ્યા કરે છે. (ધી હોલ યુનિવર્સ ઈઝ એન ઈન્ટરપ્લે ઓફ મેટર એન્ડ ઈનર્જી) આવી જ વિચારણાને પરિણામે કેટલાક વિજ્ઞાનીઓ કેટલીક ચીજોના આણ્વિક બંધારણમાં ફેરફાર કરવાની કલ્પનાઓ કરવા લાગ્યા હતા.

આણ્વિક બંધારણની યોજનામાંથી વિવિધ મૂળ તત્ત્વો (એલીમેન્ટ્સ)નાં અણુ બંધારણ શોધી કાઢ્યાં અને આગળ જતાં ભૌતિકશાસ્ત્રે અણુના કેન્દ્રમાં રહેલી ઊર્જાને મુક્ત કરવાની પદ્ધતિ શોધી કાઢી, જેથી અણુ-ઊર્જાનો જન્મ થયો. એમાંથી વળી અણુશાસ્ત્રોનામક મહાસંહારક રાક્ષસ પેદા થયો. આ થઈ ભૌતિકશાસ્ત્રની ગતિ.

આ બાજુ, જીવંત પદાર્થો, જેમાં બીજમાંથી નવા જીવની અને એના બીજમાંથી વળી નવા જીવની રચના થાય છે, એના બંધારણની ખોજ ચાલી તથા એ બંધારણ બદલી શકાય કે કેમ એનું ચિંતન ચાલ્યું. પ્રયોગો ચાલ્યા. અઢારમી સદીની અધવચ્ચે વિખ્યાત ઓસ્ટ્રિયન વિજ્ઞાની ગ્રેગર મેન્ડેલે વટાણાના છોડ અને દાણા પર પ્રયોગો કરીને એ શોધવાનો પ્રયત્ન કર્યો કે એના બીજમાં એવા કયા લક્ષણો છુપાયાં હોય છે કે જેથી નાનો કે મોટો, પહોળો કે સાંકડો, ફળદ્રુપ કે પાંખો, દીર્ઘજીવી કે અલ્પજીવી છોડ પેદા થાય છે.

ગ્રેગર મેન્ડેલના આ પ્રયોગથી જીવતંત્રવિદ્યા અને બાયો-ટેકનોલોજી નામની વિશિષ્ટ વિજ્ઞાન-વિદ્યાશાખાનો પ્રારંભ થયો એમ કહી શકાય, જીવશાસ્ત્ર (બાયોલોજી) જીવોના બંધારણ અને કામગીરીનો અભ્યાસ કરે છે. એ વ્યાપક વિજ્ઞાનના વધુ સૂક્ષ્મ પેટા-વિભાગ જીવ-રસાયણશાસ્ત્ર અને જીવ-ભૌતિકશાસ્ત્ર (બાયો-કેમીસ્ટ્રી અને બાયો-ફિઝિક્સ)

જેવા થયા. જીવશાસ્ત્રમાં આંકડાશાસ્ત્ર અને ભૂમિતિનો વિનિયોગ કરવાથી બાયોમેટ્રી (જીવ-માપન શાસ્ત્ર) બન્યું. જીવનશાસ્ત્રનો અભ્યાસ કરીને તારવેલા યાંત્રિક સિદ્ધાંતોને આધારે યંત્રો બનાવવાનું શાસ્ત્ર બાયોનિક્સ બન્યું અને તાજેતરમાં જનીનોને કૃત્રિમ રીતે પેદા કરવા,કૃત્રિમ રીતે ઉછેરવા, બદલવા, અસાધારણ ક્ષમતાઓવાળા જીવ પેદા કરવા, અત્યાર સુધી જે પદ્ધતિએ 'જીવ' સર્જાય છે એને બદલે વૈજ્ઞાનિક રીતે જીવનું સર્જન કરવું, એ બધાં કામ કરનાર પેટા વિષય જીનેટિક એન્જિનિયરિંગ છે, અને માનવ-જનીનોનો સમુચ્ચય હ્યુમન જીનોમ (Human genome) કહેવાય છે. આજકાલ માધ્યમોમાં અને ચર્ચાઓમાં આ શબ્દો ઠીક ઠીક ચર્ચાય છે. બ્રિટનના વિજ્ઞાનીઓએ કૃત્રિમ રીતે એક ઘેટીનું સર્જન કર્યું, તે જીનેટિક એન્જિનિયરિંગની એક કમાલ છે. એ ઘેટીની તસવીરો વિશ્વભરમાં પ્રસિદ્ધ થઈ હતી. પછી તો એ ઘેટીએ બચ્ચાને જન્મ આપ્યો ત્યારે જીનેટિક એન્જિનિયરિંગની શક્યતા પુનઃપ્રતિષ્ઠિત થઈ હતી.

જીનેટિક એન્જિનિયરિંગનું એકદમ આંજી નાખનારું અને ભડકાવનારું સ્વરૂપ ફિલ્મ 'જુરાસિક પાર્ક'માં જોઈ શકાયું. એ, અલબત્ત, કલ્પિત છે, પરંતુ એ કલ્પના સાકાર કરી શકાય તે હવે નક્કી છે.

વાત આપણે માનવના બંધારણની માંડી છે. વિજ્ઞાનીઓએ વ્યાપક સંશોધનો વડે માનવશરીરના બંધારણની સમજ મેળવવા માંડી એથી જે અનેક દિશાનું જ્ઞાન સાંપડ્યું એમાં એક તો એ કે માનવી 'એક્સ' અને 'વાય' રંગસૂત્રોના બનેલા છે. એ સૂત્રોની વધ-ઘટ વડે નર કે નારી જન્મે છે. વિજ્ઞાને તમામ જીવનના મૂળમાં રહેલા રસાયણ ડીએનએ (ડીસઈલોન્યુક્લીક એસિડ)ની શોધ કરી. એની સાંકળ જેવી રચના તપાસી. ડીએનએ વડે માનવીનાં વારસાગત લક્ષણો નક્કી થાય છે. ડીએનએની તપાસ કરીને માનવીનાં માતા-પિતા કોણ એ નક્કી થઈ શકે છે.

અને હવે..... માનવીનાં જનીન-લક્ષણો બદલીને એને રોગમુક્ત કરવા સુધી વાત પહોંચી છે. વર્ષ ૨૦૦૦માં 'ખરાબ' જનીનોને સ્થાને 'સારા' જનીનો સ્થાપીને એક જુવાનના શરીરમાંથી ડાયાબીટીસ જેવા આજીવન રોગને દૂર કરવાનો પ્રયોગ થઈ ગયો. એ પ્રયોગમાં બહુ સફળતા મળી નહોતી. (પ્રયોગ અમેરિકાની પેનસીલવેલિયાની યુનિવર્સિટીના ઈન્સ્ટિટયૂટ ફોર હ્યુમન જીન થેરપી દ્વારા કરવામાં આવ્યો હતો.) પરંતુ જેઓ અનિવાર્યપણે મરણ પામે એવા (ટર્મિનસ) રોગથી પીડાતા હોય અને પ્રયોગ માટે સંમત થતા હોય એવા લોકો મળતા જ રહે છે અને જીન થેરપીના પ્રયોગો ચાલતા જ રહે છે.

જનીન ચિકિત્સામાં વિજ્ઞાનીઓ કઈ રીતે કામ કરે છે એ જાણવું રસપ્રદ છે. ક્ષતિયુક્ત જનીનોને સ્થાને સ્વસ્થ જનીનો પહોંચાડવા માટે તેઓ સૂક્ષ્મ જીવવિષાણુ (વાઈરસ) નો ઉપયોગ કરે છે. વાઈરસ જ એવા સબળ છે જે માનવદેહની અંદર પેસીને ખટપટ કરી શકે છે. અમેરિકાનાં કેટલાંક સ્વાસ્થ્ય કેન્દ્રોમાં નાક, સાઈનસ અને ફેફસાંમાં સ્વસ્થ જનીન દાખલ કરીને કેટલીક ગાંઠો (ફાઈબ્રોસીસ) મટાડવાના પ્રયોગોમાં સફળતા મળી છે. વિજ્ઞાનીઓ કહે છે કે શરીરમાં કૃત્રિમ રીતે દાખલ કરેલા સ્વસ્થ જનીનો રોગિષ્ઠ જનીનો પર હુમલો કરીને એમનો નાશ કરે છે.

**જનીન ચિકિત્સામાં વિજ્ઞાનીઓ કઈ રીતે કામ કરે છે એ જાણવું રસપ્રદ છે. ક્ષતિયુક્ત જનીનોને સ્થાને સ્વસ્થ જનીનો પહોંચાડવા માટે તેઓ સૂક્ષ્મ જીવવિષાણુ (વાઈરસ) નો ઉપયોગ કરે છે. વાઈરસ જ એવા સબળ છે જે માનવદેહની અંદર પેસીને ખટપટ કરી શકે છે. અમેરિકાનાં કેટલાંક સ્વાસ્થ્ય કેન્દ્રોમાં નાક, સાઈનસ અને ફેફસાંમાં સ્વસ્થ જનીન દાખલ કરીને કેટલીક ગાંઠો (ફાઈબ્રોસીસ) મટાડવાના પ્રયોગોમાં સફળતા મળી છે.**

જૈવિક તંત્રવિદ્યાની આટલીક સફળતાએ પણ ઘણી મોટી આશાઓ જન્માવી છે. અમેરિકામાં હ્યુમન જીનોન



પ્રોજેક્ટ (માનવ જનીન સમુચ્ચય પરિયોજના) નામે એક પવન ફૂંકાયો છે. એકથી વધારે સંસ્થાઓ આ પ્રકારની કામગીરીમાં ગૂંથાવા લાગી છે. આ લોકો અત્યાર સુધીમાં આશરે એક લાભ વ્યક્તિઓની કરોડો જનીન-સાંકળોમાં સમાયેલ લક્ષણસમૂહને પારખી શક્યા છે. આગળ જતાં રોગમુક્તિની ગુરુચાવી તો હાથ લાગી જ હશે. દરેક વ્યક્તિનો એક જનીન નકશો બની શકશે. એને આધારે દવા-સારવારનું નિશ્ચિત પ્રમાણ નક્કી કરી શકાશે. કોઈ દવાનાં રીએક્શન જ ન આવે, એવી ચોકસાઈ કરી શકાશે.

અલબત્ત, આ નવી ચિકિત્સા પદ્ધતિ અસરકારક હોવા ઉપરાંત મોંઘી પણ હશે. છતાં એક આશ્વાસન એ છે કે કેન્સર, ડાયાબિટીસ અને કદાચ એઈડ્સ જેવી આજીવન અને જીવલેણ ગણાતી બીમારીઓને પણ જડમૂળથી દૂર કરી શકાશે.

**આ નવી ચિકિત્સા પદ્ધતિ અસરકારક હોવા ઉપરાંત મોંઘી પણ હશે. છતાં એક આશ્વાસન એ છે કે કેન્સર, ડાયાબિટીસ અને કદાચ એઈડ્સ જેવી આજીવન અને જીવલેણ ગણાતી બીમારીઓને પણ જડમૂળથી દૂર કરી શકાશે**

આને આનુષંગિક એક વિગત એ છે કે આવી કશી ચિકિત્સા શોધી કાઢનાર એની પેટન્ટ મેળવી લેશે અને જલદી જલદી અબજોપતિ બની જશે. આવી આશામાં અમેરિકા અને અન્ય દેશોની યુનિવર્સિટીઓ તથા ઔષધનિર્માણ કંપનીઓ સફળ જનીન-ચિકિત્સા શોધવા દોટ લગાવી રહી છે અને અબજોના ખર્ચ કરી રહી છે.

જે દિવસે જનીન-ચિકિત્સા સંપૂર્ણપણે કારગત બનશે તે દિવસથી પૃથ્વી પરથી કેન્સર, ડાયાબિટીસ, આર્થ્રાઈટીસ, એઈડ્સ જેવા કાતિલ માનવશત્રુઓનો ખાત્મો થઈ જશે. માનસિક મર્યાદાવસ્થા, અલ્પ શરીરવૃદ્ધિ, અકાળે અંધાપો, જાતીય ક્ષમતાની ક્ષીણતા... એ બધુંય માત્ર ભૂતકાળ બની જશે. શરીરનો ઘસારો ઘણો કમ કરી શકાશે. પરિણામે આવરદા ખૂબ વધશે, અને એ આવરદા રોગરહિત હશે. એટલે માનવી સુદીર્ઘ કાળ સુધી જીવવા માગશે. કેલિફોર્નિયાની 'ઈન્સાઈડ જીનોમિકસ' નામની જીનોમ પ્રોજેક્ટમાં કામ કરતી એક પેઢીના સંચાલકો તો કહે છે કે આગામી બે-ત્રણ દાયકામાં 'જીનોમિક એજ' (જનીન ચિકિત્સા યુગ) શરૂ થઈ જશે.

જો કે આ પ્રકારની ચિકિત્સાપદ્ધતિઓ સાથે જ એનાં અપલક્ષણ પણ સંકળાયેલાં હોય છે. વીસમી સદીના સાઠના દાયકામાં બ્રિટિશ વિજ્ઞાનીઓએ ગર્ભસ્થ શિશુના રોગપરીક્ષણ માટે એમ્નીઓસેન્ટેસીસ (ગર્ભજળ પરીક્ષણ)ની તંત્રવિપ વિકસાવી તો હિન્દ જેવા પુરુષપ્રધાન અને ઘણે અંશે બર્બર અવસ્થામાં જીવતા કેટલાક દેશોના લોકોએ એનો ઉપયોગ ગર્ભસ્થ શિશુની જાતિ જાણીને, જો જન્મનાર છોકરી હોય તો ગર્ભપાત કરાવી નાખવા માટે કર્યો. લાખો-કરોડો છોકરીઓને જન્મતાં પહેલાં જ મારી નાખવામાં આવી !

જૈવિક તંત્રવિપનો અને જૈવિક ઈજનેરીનો પણ દુરુપયોગ થવાનો ડર છે. પ્રથમ તો, એનો લાભ અતિશય ધનવાન લોકો જ લઈ શકશે. વળી, નાઝી જર્મનીમાં 'સુપરમેન આર્યો' જન્માવવાની જેવી ઘેલછા પ્રવર્તેલી એનું પુનરાવર્તન પણ કદાચ થાય. આ દિશામાં આગળ નીકળી ગયેલું અમેરિકા સુપર અમેરિકનો પેદા કરીને જગત પર રાજ કરવા પ્રેરાય તો ના નહિ, અલબત્ત, બાકીની માનવજાત એને મૂગા મૂગા સહી નહિ લે.

જનીનોના સંશોધનનાં અન્ય પણ કેટલાંક ચોંકાવનારા પરિણામ આવી રહ્યાં છે. જેમ કે હવે જગતભરના વિજ્ઞાનીઓ કબૂલ કરવા લાગ્યા છે કે વર્તમાન માનવજાતની આદિ માતા એક આફ્રિકન નારી હતી !

કેમ ? તમારા આર્યત્વના અહંકારને ઠેસ વાગી ? તો અત્યારે એ વાત રહેવા દઈએ. પરંતુ આખરે તો, મને યા કમને ક્યારેક એ વાત કબૂલવી પડશે. અત્યારે તો, હેપી જીનોમ મેપિંગ!

*૪૭/એ, નારાયણ નગર,*
*પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭*
*મો - ૯૪૨૮૦૪૬૦૪૩*

# મહાન વ્યક્તિઓની જીવન ફિલોસોફીની બોધકથાઓ

– ડૉ. ભરત ગરીવાલા

વિશ્વમાં પોતપોતાના કામના ક્ષેત્રોમાં લોકોપયોગી કામ કરનારી વ્યક્તિઓ એવું મહાન કાર્ય કરી જાય છે જે સામાન્યજન માટે - સમાજ માટે- બોધદાયક બની જાય છે, યાદગાર બની જાય છે. વિશ્વની અને ખાસ કરીને ભારતની વિવિધ ક્ષેત્રોની આવી કુશળ વ્યક્તિઓના જીવનનો એકાદ નાનકડો પ્રસંગ એવો હોય છે જે સમાજનું ચિત્ર બદલી નાખે છે - તેમની જીવન ફિલોસોફી અન્ય લોકો માટે પ્રેરણારૂપ બની જાય છે અને ઇતિહાસ તેની સુવર્ણઅક્ષરે નોંધ લેતો હોય છે. આવા જ કેટલાક નાનકડા પણ વિરલ પ્રસંગોને યાદ કરી આ નાનકડો લેખ લખવા પ્રયાસ કર્યો છે. જેમાં સાહિત્યના, રાજકારણના, ક્રિકેટના, ભક્તિના, વિજ્ઞાનના, રાજાઓના, માનવતાના, ચાણક્યના, બુદ્ધના આદિ-સંસ્કૃત સાહિત્યના, સાદગીના એવા વિવિધ સાચૂકડા બની ગયેલા જીવનપ્રસંગોને આવરી લેતી નાની-નાની કથાઓ છે જે માનવીને સુંદર બોધ આપી જાય છે. આવો માણીએ આવી મહાન વ્યક્તિઓની આવી બોધકથાઓનો આસ્વાદ. જીવનના ચેલેન્જીંગ પ્રસંગે, મુશ્કેલ સમયે, અદ્વિતીય પ્રસંગે મહાન વ્યક્તિઓના ઉદ્‌ગારો-વહેવાર કે વિચારોમાંથી જ આવી બોધકથાઓ જન્મે છે.

**વિશ્વની અને ખાસ કરીને ભારતની વિવિધ ક્ષેત્રોની આવી કુશળ વ્યક્તિઓના જીવનનો એકાદ નાનકડો પ્રસંગ એવો હોય છે જે સમાજનું ચિત્ર બદલી નાખે છે - તેમની જીવન ફિલોસોફી અન્ય લોકો માટે પ્રેરણારૂપ બની જાય છે અને ઇતિહાસ તેની સુવર્ણઅક્ષરે નોંધ લેતો હોય છે**

### ૧. બુદ્ધની શાંતિ કથા - જેની પાસે જે હોય તે જ આપે છે.

ભગવાન બુદ્ધ-તથાગત તેમના વિહારમાં એક સ્થળે સવારમાં પોતાનું વ્યાખ્યાન લોકો સમક્ષ કરતા હતા. ત્યાં એક વ્યક્તિ સીધો એ બેઠા હતા ત્યાં આવીને ગુસ્સાથી બુદ્ધને અપશબ્દો કહેવા લાગ્યો તથા બરાડા પાડવા લાગ્યો કે તમે લોકોને ભ્રમિત કરો છો વિગેરે. બુદ્ધ શાંતિથી બેઠા રહ્યા તથા તેની તરફ જોતા રહ્યા. બુદ્ધની બાજુમાં બેઠેલા શિષ્યો લાલચોળ થઈ ગયા અકળાયા - પણ જ્યાં સુધી ભગવાન બોલે નહીં ત્યાં સુધી તે કંઈ કરી શકે તેમ નહોતા. થોડીક મિનિટો પછી પેલી વ્યક્તિ ગુસ્સાથી બૂમો પાડતી જતી રહી.

સાંજના સમયે જયારે બધા શિષ્યો બુદ્ધ પાસે બેઠા હતા ત્યારે તેમણે ભગવાનને પ્રશ્ન કર્યો કે, તમે અપશબ્દો બોલતી પેલી વ્યક્તિને કેમ કાંઈ કહ્યું નહીં. અમને કહ્યું હોત તો અમે તેને પકડીને બહાર મૂકી આવત. બુદ્ધે જવાબ આપ્યો, ''તેની પાસે જે હતું તે એણે મને આપ્યું, મારી પાસે જે હતું તે મેં એને આપ્યું.'' શિષ્યો સમજયા નહીં, માટે બુદ્ધે સમજાવ્યું, ''તેની પાસે ગુસ્સો હતો તે એણે મને આપ્યો, પણ મારી પાસે શાંતિ છે તે મેં એને આપી.'' બીજે દિવસે વ્યાખ્યાનમાં પેલી વ્યક્તિ ફરી આવી તથા બુદ્ધના પગમાં પડી માફી માંગી. શાંતિનો આ પ્રતાપ છે. બુદ્ધનો આ પાઠ શીખવા જેવો છે.

### ૨. ભોજ-મુંજની રાજકથા - પૃથ્વી કોઈની સાથે ગઈ નથી.

જયારે રાજા ભોજ મૃત્યુશય્યા પર હતા ત્યારે તેમનો પુત્ર ભોજ બીજો નાનો હતો, તેથી રાજાએ પોતાના ભાઈ મુંજને રાજા બનાવ્યો તથા કહ્યું કે મારો પુત્ર ભોજ-બીજો જયારે પુખ્ત વયનો થાય ત્યારે રાજગાદી તેને સોંપી દેજો. રાજાના મૃત્યુ બાદ કેટલાક વર્ષો પછી જયારે ભોજ બીજો મોટો થયો ત્યારે રાજા મુંજને થયું કે હવે તેના ભત્રીજાને ગાદી સોંપી દેવી પડશે. તેનાથી આ રાજગાદીનો મોહ છૂટતો નહોતો. તેથી તેણે પોતાના સૈનિકો સાથે નાના ભોજને જંગલમાં લઈ જઈ મારી નાંખવા કહ્યું અને શિકારમાં તેનું મૃત્યુ થયું તેમ પ્રજાને જણાવવા કહ્યું.

જંગલમાં ગયેલા મારાઓ મૂળ રાજા ભોજાના વિશ્વાસુ સૈનિકો હતા તેથી તેમણે ભોજ બીજાને આ વાત જણાવી જંગલમાં ભાગી જવા કહ્યું તથા ભોજના વસ્ત્રોને લઈ એક પ્રાણીનો શિકાર કરી લોહીથી ખરડી મુંજ પાસે પાછા આવ્યા કે કામ પતી ગયું છે. ભોજે ભાગી જતા

પહેલાં એક છેલ્લી ચિઠ્ઠી મારાઓને આપી કે આ ચિઠ્ઠી રાજા મુંજને આપજો - તેણે સંસ્કૃતમાં લખ્યું હતું,


***માંધાતા સ મહિપતિ ક્ષિતિતલે અલંકારભૂતો ગતઃ***
***સેતુર્યેન મહાદધૌ વિરચિતઃ કવાંસૌ દશાસ્યાન્તકઃ***
***અન્યે યાપિ યુધિષ્ઠિર પ્રભુતયો યાતાવિહં ભૂપતેઃ***
***નૈકેતનાપિ સમંગતા વસુમતી, મુંજ ત્વયા યાસ્યતિ ॥***

ચિઠ્ઠીમાં ભોજે લખ્યું હતું કે, "પૃથ્વી પર અલંકારરૂપ ગણાતા માંધાતા રાજાઓ ચાલી ગયા, મહાસાગરને સેતુથી બાંધનાર અને ધ્યાનથી રાવણને મારનાર શ્રીરામ આજે ક્યાં છે ? હે રાજન, યુધિષ્ઠિર આદી અનેક રાજાઓ પણ સ્વર્ગે સિધાવી ગયા છે, પણ વસુંધરા પૃથ્વી કોઈની સાથે ગઈ નથી. પણ હે મુંજ, આ પૃથ્વી તારી સાથે જરૂર આવશે તેમ લાગે છે."

આ ચિઠ્ઠી વાંચી લોભ-લાલચથી અંધ બનેલા મુંજને ખૂબ પ્રશ્ચાતાપ થયો ત્યારે મારાઓએ તેને સાચી વાત જણાવી. તેણે ભોજને શોધાવી તેને ગાદી સોંપી દીધી. બોધ એ જ છે કે સત્તાની લાલચ બૂરી ચીજ છે. બધુ અહીંયા અહીં રહેવાનું છે.

**૩. ચાણક્યની વાસ્તવિક કથા :**
**રોગ અને શત્રુને જડમૂળથી ઉખાડી નાંખો.**

પ્રાચીન તક્ષશિલાના આચાર્ય શ્રી વિષ્ણુગુપ્ત ચાણક્ય સવારે નદીએ સ્નાન કરી પાછા ફરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં તેમને બાવળનો કાંટો વાગ્યો. તેમણે પગલમાંથી



કાંટો તો કાઢી નાંખ્યો પણ પોતાની કુટીર પર જઈ કુહાડી તથા ઝેર લઈ પાછા ફર્યા. તેમણે કુહાડીની બાવળનું ઝાડ આખું ખોદી નાંખ્યું તથા તેના મૂળમાં વિષ રેડી દીધું. લોકો ભેગા થઈ ગયેલા તેમણે પૂછ્યું કે આમ વૃક્ષ ઊખેડી નાંખ્યાં પછી તેનાં મૂળિયામાં વિષ રેડવાની શું જરૂર હતી ? ચાણક્યે કહ્યું કે આ બાવળને ખોદી તો કાઢ્યો પણ તે વૃક્ષ પાછું ઊગે, તેથી તેના મૂળમાંજ વિષ નાંખવાથી તે સંપૂર્ણપણે મરી જશે અને હવે ફરીવાર ઊગી શકશે નહીં, અને તેના કાંટા લોકોને વાગશે નહીં. ચાણક્યનો આ સિદ્ધાંત અદ્દ્ભૂત છે કે ખરાબ વ્યક્તિ તેની કુટેવો કયારેય ભૂલતો નથી અને વારંવાર કષ્ટ પેદા કરતો હોય છે માટે તેનો જડમૂળથી જ નાશ કરવો જોઈએ. એટલે જ તેમના નીતિસૂત્રોમાં એક સૂત્ર છે કે "રોગ અને શત્રુનો જડમૂળથી નાશ કરવો."

**ચાણક્યે કહ્યું કે આ બાવળને ખોદી તો કાઢ્યો પણ તે વૃક્ષ પાછું ઊગે, તેથી તેના મૂળમાંજ વિષ નાંખવાથી તે સંપૂર્ણપણે મરી જશે અને હવે ફરીવાર ઊગી શકશે નહીં, અને તેના કાંટા લોકોને વાગશે નહીં. ચાણક્યનો અદ્દ્ભૂત છે કે ખરાબ વ્યક્તિ તેની કુટેવો કયારેય ભૂલતો નથી અને વારંવાર કષ્ટ પેદા કરતો હોય છે માટે તેનો જડમૂળથી જ નાશ કરવો જોઈએ. એટલે જ તેમના નીતિસૂત્રોમાં એક સૂત્ર છે કે "રોગ અને શત્રુનો જડમૂળથી નાશ કરવો"**

**૪. કનૈયાલાલ મુનશી- ઈર્ષ્યાકથા - તેજસ્વી હોવું અને દુશ્મનો ના હોવા તે બને ખરું !**

સાહિત્યકાર કનૈયાલાલ મુનશીની મગધ સામ્રાજ્ય પરની લોકપ્રિય નવલકથાઓનો આખો સેટ છે. તેમાં એક કથા આવે છે. મગધ નરેશના મુખ્ય પ્રધાન - મહાઅમાત્મ - ખૂબ જ તીવ્ર બુદ્ધિવાળા તેજસ્વી હતા અને કામકાજ ખૂબ સુંદર રીતે ચાલતું હતું. તેથી દરબારમાં વસતા બીજા અમાત્યો ઈર્ષ્યાથી બળતા હતા તથા મગધનરેશને વારંવાર મહાઅમાત્ય વિરુદ્ધ કાનભંભેરણી કરતા હતા. એકવાર કોઈ પ્રસંગમાં મહાઅમાત્ય વિરુદ્ધ આવી વાતોમાં રાજા આવી ગયા તથા મહાઅમાત્યે રાજયનું અહિત કર્યું છે, તેમ સ્વીકારી મહાઅમાત્યને દેશનિકાલની સજા ફરમાવી, તે સમયે રાજદરબારમાં રાજા સાથે રાણી પણ બેસતાં. મગધ નરેશે સજા સંભળાવી રાણીને પૂછ્યું કે "બરોબર છે ને ?" તે સમયની રાણીમાં પણ ખૂબ હોંશિયાર તથા તીવ્ર બુદ્ધિમતા હતી. રાણીએ મલકાઈને જવાબ આપ્યો, "મહારાજ, તેજસ્વી હોવું અને દુશ્મનો ના હોવા એ કદી

બને ખરું !'' રાજા રાણીનો આ મર્મ સમજી ગયો કે મથામણ પ્રત્યે ઈર્ષ્યાના કારણે જ રાજદરબારમાંના તેના દુશ્મનોનું જ આ કારસ્તાન છે, રાજાએ મહાઅમાત્યની સજા માફ કરી તથા માનપૂર્વક રાખ્યા.

આ ગાથા બતાવે છે કે જે વ્યક્તિઓ મહા તેજસ્વી હોય છે તેના પ્રત્યે ઈર્ષ્યાથી બીજા અનેક તેની સાથે આરોપો મૂકતાં હોય છે, પણ હકીકતમાં તેજસ્વી વ્યક્તિનું સન્માન કરવું જોઈએ.

**ગામમાં એક પંડિત રહેતા હતા જે મૂળ સાદા તથા લઘરવઘર કપડા પહેરેલા થોડાક ગાંડા જેવા ગામમાં ફર્યા કરતા હતા. સંસ્કૃત સાહિત્યની આ કથા છે જે કહે છે કે આ પંડિતની પંડિતાઈની વાત ચોમેર ફેલાયેલી હતી. આથી ઈર્ષ્યાથી બળતા એક બીજા ગામના એક પ્રખર પંડિત તેની પરીક્ષા લેવા અહીં આવ્યા**

**૫. બાજપાઈજીની કાવ્યમય વિકાસગાથા - નવી દિશાની ખોજ :**

જ્યારે અમેરિકાના પ્રમુખ બીલ ક્લીન્ટનના ભારતની મુલાકાતે આવ્યા ત્યારે શ્રી અટલબિહારી બાજપાઈ ભારતના વડાપ્રધાન હતા. શ્રી ક્લીન્ટના સન્માનમાં પાર્લામેન્ટનું જોઈન્ટ સેશન યોજાયું હતું. ત્યાં બાજપાઈજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, ''વી બોથ હેવ ટૂ ગો, ટૂ અનનોન ડીપ સી, વ્હેર નૉ મેન હેઝ એવર ગોન બીફોર, ટૂ ફાઈન્ડ ન્યુ હોરાઈઝોન ફોર વેલ્ફેર ઓફ મેનકાઈન્ડ.''

''આપણે બન્નેએ (બન્ને દેશોએ) એવા અજાણ્યા સમુદ્રમાં જવાનું છે જ્યાં પહેલાં કોઈ માનવી પહોંચ્યો નથી, જેથી માનવજાતના કલ્યાણ માટે આપણે નવી દિશાઓ ખોજી શકીએ.'' આ સાંભળી શ્રી બિલ ક્લિન્ટન એટલા ભાવવિભોર થઈ ગયા હતા કે, તેમણે બાજપાઈજીને વિશ્વ સ્ટેટમેન ગણાવ્યા તથા ભારતના પ્રેમમાં પડી ગયા. આજના ચીલાચાલુ રાજરમતો રમતા શાસકો માટે આ બોધપાઠ છે કે, લોકકલ્યાણ માટે નવી દિશાઓ, નવા રસ્તા શોધી કાઢો ત્યાં અમલી બનાવો.

**૬. કપિલ દેવ- આત્મવિશ્વાસ ગાથા - હજુ તેમને રન બનાવવાના બાકી છે.**

૧૯૯૩માં ઈંગ્લેન્ડના લોર્ડસના મેદાન પર વન ડેની વર્લ્ડ કંપની ફાઈનલ મેચ અગાઉના બન્ને વર્લ્ડકપના વિજેતા વેસ્ટ ઈન્ડીઝ સામે ભારતે રમવાની હતી. ભારતના ટીમના કેપ્ટન ડાયનેમીક કપિલ દેવ હતા. ભારતનો પહેલો દાવ આવ્યો અને ટીમ માત્ર ૧૭૮ રનમાં આઉટ થઈ ગઈ. વેસ્ટઈન્ડીઝની ક્લાઈવ લોઈડ તથા વિવ રિચાર્ડસની ટીમ માટે આ મામૂલી સ્કોર હતો. ડ્રેસીંગરૂમમાં ભારતની ગવાસકર અમરનાથ- મદનલાલ સહિતની ટીમ નિરાશ થઈ ગયેલી હતી. ત્યારે કપિલ દેવે કહ્યું કે ''આપણે બધાયે આજે આપણા દેશ માટે શ્રેષ્ઠ દેખાવ કરવાનો છે. આપણે તો ૧૭૮ રન બનાવી લીધા છે પણ વેસ્ટઈન્ડીઝે હજુ બનાવવાના બાકી છે,'' આ આત્મવિશ્વાસ ભરેલા શબ્દો સાથે ટીમ મેદાનમાં ઊતરી અને વેસ્ટઈન્ડીઝને હરાવી વિશ્વકપ ચેમ્પીયન બની - ભારત પ્રથમવાર વિશ્વ ચેમ્પીયન બન્યું. હિંમત અને આત્મવિશ્વાસની આ ગાથા ત્યારબાદના બધા ક્રિકેટરો માટે પ્રેરણાદાયી બની ચૂકી છે અને ભારત વિશ્વની ટોપ ટીમ બની ચૂકી છે. એક નાનકડી સોચ,ક્યાંથી ક્યાં પહોંચાડી દે છે !

**૭. પંડિતની ગાથા - માનવીને કપડાથી - દેખાવથી ના માપો :**

એક ગામમાં એક પંડિત રહેતા હતા જે મૂળ સાદા તથા લઘરવઘર કપડા પહેરેલા થોડાક ગાંડા જેવા ગામમાં ફર્યા કરતા હતા. સંસ્કૃત સાહિત્યની આ કથા છે જે કહે છે કે આ પંડિતની પંડિતાઈની વાત ચોમેર ફેલાયેલી હતી. આથી ઈર્ષ્યાથી બળતા એક બીજા ગામના એક પ્રખર પંડિત તેની પરીક્ષા લેવા અહીં આવ્યા. પૂછતા લોકોએ તેને એક સાદા કપડા પહેરેલો ગામનાં રસ્તાઓમાં ફરતો એક વ્યક્તિ બતાવ્યો. તેને જોઈને પંડિતને આશ્ચર્ય થયું



કે આ ગાંડા જેવો વ્યક્તિ મહાન પંડિત છે, તેથી તે તેની આલોચના કરવા લાગ્યો. કોઈકે પેલા ગાંડા જેવા પંડિતને કાંઈક ખાવા આપ્યું તો તે ત્યાં ફરતા એક ગર્દભ ઉપર બેસી તેને ખવડાવવા લાગ્યો. આ જોઈ બહારનો પંડિત હસી પડ્યો તથા લોકો વચ્ચે તેનો ઉપહાસ કરવા લાગ્યો. ત્યારે પેલો લઘરવઘર કપડાવાળો પંડિત બોલી ઊઠ્યો :

*"વિષ્ણોપરિ સ્થિતો વિષ્ણુ,*
*વિષ્ણુ ખાર્દતિ વિષ્ણવે,*
*કથં હસસિન હે વિષ્ણો,*
*સર્વ, વિષ્ણુમંય જડાતઃ ।।"*

તેણે પેલા બહારના પંડિતને કહ્યું, "વિષ્ણુ પર વિષ્ણુ બેઠા છે, અને વિષ્ણુ વિષ્ણુને ખવડાવી રહ્યાં છે, તેમાં હે વિષ્ણુ, તમે કેમ હસો છો ? કારણ કે આ આખું જગત વિષ્ણુમય છે." ભગવદ્ ગીતાનું આ માહાત્મ્ય પેલા સીધા સાદા લાગતા પંડિતે ચાર નાનકડી પંક્તિમાં જ સમજાવી દીધું. વિશ્વના કણકણમાં ભગવાન વિષ્ણુનો વાસ છે એ અતિ ગર્ભિત વાત પેલા સાદા પંડિતે કહી, એ સાંભળી બહારથી આવેલો પંડિત તો આ અદ્ભુત જ્ઞાનની વાત સાંભળી તેના પગમાં જ પડી ગયો.

આ ગાથા દર્શાવે છે કે માનવીનાં કપડાં કે દેખાવ મહત્વનાં નથી પરંતુ તેની બુદ્ધિમતા-પંડિતાઈ-તેજસ્વિતા એજ વિશ્વ માટે જરૂરી છે અને તેનું સન્માન થવું જોઈએ.

ઉપસંહાર : આ કેટલીક બોધકથાઓ દિવાળીના પાવનપર્વ ઉપર લખી છે કે સૌને પ્રેરણા આપે તથા સંસારને સુંદર બનાવે એ જ અભ્યર્થના !

*૩૨ જયશેફાલી પાર્ક, સેટેલાઈટ રોડ,*
*શીવરંજની ચાર રસ્તા,*
*અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો. ૯૮૨૫૫૦૬૯૩૩*

છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...
ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક
મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...
નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો
▶ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ▶ અધિકૃત માહિતી ▶ સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
▶ લોકકલ્યાણની વાત ▶ રાજ્ય સરકારના નિર્ણયો ▶ લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
▶ સફળ લોકોની વાતો આ ઉપરાંત ▶ અતિથિની કલમે ▶ વિદ્વાનોના વિચારો ▶ વાંચકોની વાત
▶ વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય ▶ પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...
લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીઓનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો. આ ઉપરાંત આપની નજીકની પોસ્ટ ઓફિસમાં ઈ-પેમેન્ટથી પણ ગુજરાત પાક્ષિકનું લવાજમ ભરી શકો છો.
વાર્ષિક લવાજમ માત્ર
રૂા. ૫૦/-

# સંસ્કૃતિ અને ઇતિહાસની વિસ્તરતી ક્ષિતિજો

– *ડૉ. રસેશ જમીનદાર*

**આ**પણે માનવ તરીકે જન્મ ધારણ કરીએ છીએ ત્યારે આપણી પાસે સહુથી મોટી મૂડી સંસ્કાર છે. સંસ્કાર એક ભાવના છે અને તેને સિદ્ધ કરવા સારું સંસ્કૃતિ એક મહત્ત્વનું સાધન છે. આ સાધનનું અર્થઘટિત વર્ણન તે ઇતિહાસ છે. આમ, માનવ સંસ્કાર > સંસ્કૃતિ > ઇતિહાસનું સ્થાનમૂલ્ય સ્પષ્ટ છે. અને છતાંય ત્રણેયને પરસ્પરના પર્યાય તરીકે સ્વીકારીને ઇતિહાસનું મહત્ત્વ ભ્રામક રીતે પ્રસ્થાપિત થયું છે. હકીકતે સંસ્કાર ભાવનાત્મક છે. તેના જ્ઞાપક તરીકે સંસ્કૃતિનું મૂલ્ય અંકાય છે. તેથી સંસ્કૃતિ સાધનાત્મક છે અને સાધનોનાં અર્થઘટિત વર્ણન કરવાનું કાર્ય ઇતિહાસનું છે. તેથી તે હકીકતાત્મક છે.

**કોઈ દેશના ભૂત અને વર્તમાન વચ્ચે શાશ્વત સાતત્ય આંતરપ્રવાહથી અકબંધ વિસ્તરતું રહ્યું હોય તો છે આપણો દેશ. વિસ્તૃત સમયપટ ઉપર વિસ્તરેલી આપણી સંસ્કૃતિનાં લેખાંજોખાંના ભરતીઓટથી પણ સ્થિરતાથી આપણી પ્રજાનાં સંસ્કારનાં ઘડતર અવિરતપણે થતાં રહ્યાં છે. અલબત્ત પ્રત્યેક વિનાશક આક્રમણ પછી પણ આપણી પ્રજા પુનઃ સ્વસ્થ થતી રહી છે**

અર્થાત્ સંસ્કાર શબ્દ લાક્ષણિક છે અને રક્તનિહિત છે. માનવ પ્રવૃત્તિના સમગ્ર ભાવના ક્ષેત્રને તે આવરી લે છે. સંસ્કારનું અધિષ્ઠાન છે માનવીનું મન. ઐહિક જીવનમાં માનવી જેનું જેનું મૂલ્ય પ્રસ્થાપે છે તે સઘળું સંસ્કાર શબ્દમાં સમાવિષ્ટ છે. કહો કે માનવીનો સૌંદર્ય સાથેનો અનુબંધ કલાની સર્જકતા સાથેનો સંબંધ, કુદરતના અલૌકિકપણા સાથેનો નાતો, જીવનની રોમાંચકતા સાથેનો વ્યવહાર અને જ્ઞાનની પિપાસા સાથેનો ઘરોબો - આ બધાંનું સુગ્રથિત નિરૂપણ તે સંસ્કાર. આમ સંસ્કાર સૂક્ષ્મ છે, અદૃષ્ટ છે, અપરિવર્તનીય છે અને અતુલ્ય છે.

આવા અદૃશ્ય સંસ્કારને દૃશ્યરૂપ આપવાનું સાધન તે સંસ્કૃતિ. આથી, સંસ્કૃતિ સ્થૂળ છે અને દૃશ્યમાન છે. તે નાશવંત છે તેમ સ્થળાંતરિત છે. કોઈપણ પ્રજાજૂથના કલ્યાણ કાજે નિર્ણિત-નિશ્ચિત શરણે કે સાધનો વડે જે સમાજ રચાય છે તેનું વિશ્લષિત વિવરણ સંસ્કૃતિ છે. આમ, સંસ્કૃતિની બુનિયાદ સંસ્કાર છે.

જ્ઞાતવ્ય આથી એટલું જ કે હકીકતે સંસ્કાર અને સંસ્કૃતિ બંનેના કાર્ય તો ભૂતકાળના અનુભવાતીત વારસાનું વર્તમાનમાં વિતરણ કરવાનું છે અને સુદૃઢ ભાવિને ઘડવાનું છે. આ પ્રક્રિયા સતત ચાલ્યા જ કરે છે. પણ જ્યારે તે અટકી જાય છે ત્યારે સંસ્કારનું અવમૂલ્યન થાય છે અને સંસ્કૃતિ નાશ પામે છે. છતાં જો વારસો-વિરાસત સ્થાનિક મૂલ્યથી કંઈક વિશેષદાયિત્વશીલ હોય તો તે જરૂર અન્યથા અન્યત્ર સ્થાન પામે છે. એટલે કે પ્રત્યેક સંસ્કૃતિને બે સાંસ્કારિક લક્ષણ હોય છે : સ્થાનિક અને વૈશ્વિક.

સંસ્કાર અને સંસ્કૃતિ બંનેના વારસાને પ્રજાગત કરવાનું ઇતિકાર્ય ઇતિહાસનું છે. એટલે કે સાધનાત્મક સંસ્કૃતિનાં જ્ઞાપકનાં સંચયન કરી, તેનાં સંશોધન કરી હેતુમૂલક સંકલન કરી તેનાં સંદર્શન (અર્થઘટન) કરવાનાં અને છેલ્લે તેનાં સંલેખન કરવાના કાર્યને ઇતિહાસથી ઓળખવામાં આવે છે.

આમ, ઇતિહાસ આખા સમાજનું વૃત્ત છે.

આપણી રાષ્ટ્રીય સંસ્કૃતિ પંચાંગી લક્ષણથી આવૃત્ત છે : સહિષ્ણુતાની પારદર્શક પરંપરા, સમન્વયમાં સાર્થક શ્રદ્ધા, વ્યાપક દૃષ્ટિ- કહો કે જાગતિક દર્શન, દાર્શનિક અભિગમ અને પ્રાણીમાત્ર, કહો કે બધાં સજીવ તત્ત્વ પરત્વે પ્રત્યયી સદ્‌ભાવના. આમાં પણ અનુસ્યૂત તત્ત્વ-સત્ત્વ છે ત્યાગનું. ઈશોપનિષદનો પ્રથમ શ્લોક આ ભાવનાને સુપેરે અને સુયોગ્ય રીતે ચરિતાર્થ કરે છે :-

ईशावास्यमिदं सर्व यंत्किचित व्ज्ञगत्यां व्ज्ञगत ।

तेन त्यक्तेन भूरूख्रद्याव्ज्ञीथाः मा गृधः कस्यस्विद्वानम् ॥

પ્રસ્તુત વિચારને દૃઢિભૂત કરે છે આ શ્લોક -

न त्वहं कामये राज्यं न स्वर्गं न पुनर्भवम् ।

कामये दुःख तप्तानां प्राणीनामार्तिनाशनम् ॥

સરવાળે આપણી ત્યાગની ક્ષિતિજ બુદ્ધ-મહાવીરથી પ્રારંભાઈ ગાંધીજી દ્વારા વિશ્વરૂપ પામી છેલ્લે યોગથી અખિલાઈમાં પરિણમી.

કોઈ દેશના ભૂત અને વર્તમાન વચ્ચે શાશ્વત સાતત્ય આંતરપ્રવાહથી અકબંધ વિસ્તરતું રહ્યું હોય તો છે આપણો દેશ. વિસ્તૃત સમયપટ ઉપર વિસ્તરેલી આપણી સંસ્કૃતિનાં લેખાંજોખાંના ભરતીઓટથી પણ સ્થિરતાથી આપણી પ્રજાનાં સંસ્કારનાં ઘડતર અવિરતપણે થતાં રહ્યાં છે. અલબત્ત પ્રત્યેક વિનાશક આક્રમણ પછી પણ આપણી પ્રજા પુનઃ સ્વસ્થ થતી રહી છે. પ્રત્યેક સંસ્કાર પ્રવાહનો અભિનવ રંગ એમાં ભળતો રહ્યો છે, વિલીન થતો ગયો અને અંતે એકરૂપ-સમરૂપ થતો ગયો. આ બધી વિનાશક-પોષક પ્રક્રિયા દરમિયાન આપણી સંસ્કૃતિનાં આંતરિક પણ શાશ્વત સૌંદર્ય આશ્ચર્યકારક રીતે અકબંધ રહ્યાં, જે સરવાળે સત્ય-શિવ-સુંદરથી વિભૂષિત થતાં ગયાં. આથી પરિવર્તનો જરૂર આપણને આભડી ગયાં પણ વાંસોવાંસ શ્રેય અને પ્રેય એવું ઘણું બધું આપણે અપનાવતા ગયા - આત્મસાત

કરતા ગયા-રહ્યા. તો પણ ક્યારેય આપણે આક્રમણનો અભિગમ અપનાવ્યો નથી, બલકે ત્યાગીને ભોગવતા રહીને સત્ય-શિવ-સુંદરને વરેણ્ય સમજતા રહ્યા.

સંખ્યાધિક આક્રમણ-આગમન-નિર્ગમન, ઘણીબધી ક્રાન્તિ-કનડગત અને ઢગલાબંધ સત્તાપલ્ટાની તડકી-છાંયડી આવી-ગઈ-અનુભવી તેમ જ વાંસોવાંસ વિભિન્ન સંસ્કારના વિવિધ પ્રવાહનાં અજબગજબનાં સામંજ્ય કેળવીને પણ પોતીકું સત્ત્વ-તત્ત્વ ઠીકઠીક અકબંધ રાખીને- જાળવીને વિસ્તરતી ક્ષિતિજોને વિસ્તરવા તો દીધી જ. પરિણામે વિશેષમાં આપણે વિશ્વસમસ્તને ધર્મચિંતન, સંસ્કાર, સાહિત્ય, શિક્ષણ, ખગોળ, ગણિત, રસાયણવિદ્યા, વૈદકવિજ્ઞાન જેવાં અનેકાનેક ક્ષેત્રમાં ઘણું બધું આપ્યું છે. અને આપતા રહ્યા છીએ. સહુથી ધ્યાનાર્હ બાબત એ છે કે, આપણે આક્રમણનો અને યુદ્ધનો જવાબ ચિંતન અને સહયોગથી આપ્યો.

આપણે એથી અવશ્ય અવગત હોવા જોઈએ કે આપણી સંસ્કૃતિ દીર્ઘકાલીન છે તેમ જીવંત પણ છે. સાતત્યપણું અને પ્રત્યેક ક્ષણે નવીનીકરણ એનાં બે વ્યાવર્તક લક્ષણ છે. આ બે બાબત આપણી સંસ્કૃતિને પરિવર્તિત વિશ્વમાં સુસંબદ્ધ રાખે છે. આન્વીક્ષિકી અને પુરાણકથા એ બે બુનિયાદી પથ પર આપણી સંસ્કૃતિ વિહરતી-વિકસતી રહી છે, રહે છે. એક તરફ આપણી સંસ્કૃતિ ખળખળ વહેતી નદીતમ જેવી છે તો અન્યથા તે સમુદ્રસમી ગહેરી છે, જે નદીનાં જળરાશિને પોતાનામાં નિરાભિમાનપણે સમાવતી રહે છે અને છતાં પોતે પૂર્ણ છે- રહે છે. આપણી સંસ્કૃતિનો એકતાનો તંતુ સૂક્ષ્મ અને સક્ષમ છે જેનું પોત સત્તા દબાવ કે તણાવથી નિર્માયું નથી, પણ ઋષિઓનાં સંતત્ત્વથી અને શાણપણથી, સંતોની જાગરૂકતાથી- સમજદારીથી, તત્ત્વજ્ઞોનાં અનુમાનોથી અને કવિકલાકારો-સાહિત્યજ્ઞોની સૂક્ષ્મ કલાથી ઘટ્ટ થતું રહ્યું છે. તેથી આ બધાના નિઃસ્વાર્થી- સેવાર્થી-સમાજપોષકતાથી આપણી રાષ્ટ્રીય એકતાને વ્યાપક, સક્ષમ અને ચિરંજીવ બનાવી શકીએ છીએ. આપણી વિસ્તરતી રહેતી સાંસ્કૃતિક ક્ષિતિજોની બુનિયાદ આધ્યાત્મિક મૂલ્યોથી રચાયેલી છે. અલબત્ત, આપણે પારદર્શક રીતે જાણવું જોઈએ કે આપણી ધર્મભાવના, વ્યાપક, સર્વસમાવેશી અને સર્વધર્મસમભાવી છે. તેથી આપણી સંસ્કૃતિ પારદર્શક પરિમાણથી યુક્ત છે.

**ઋષિઓનાં સંતત્ત્વથી અને શાણપણથી, સંતોની જાગરૂકતાથી- સમજદારીથી, તત્ત્વજ્ઞોનાં અનુમાનોથી અને કવિકલાકારો- સાહિત્યજ્ઞોની સૂક્ષ્મ કલાથી ઘટ્ટ થતું રહ્યું છે. તેથી આ બધાના નિઃસ્વાર્થી- સેવાર્થી- સમાજપોષકતાથી આપણી રાષ્ટ્રીય એકતાને વ્યાપક, સક્ષમ અને ચિરંજીવ બનાવી શકીએ છીએ. આપણી વિસ્તરતી રહેતી સાંસ્કૃતિક ક્ષિતિજોની બુનિયાદ આધ્યાત્મિક મૂલ્યોથી રચાયેલી છે**

માનવસૃષ્ટિનો ઉદ્‌ભવ એવા ભાવવિશ્વમાં થયો છે, જે મનુષ્યેતર પ્રાણીજગતથી ઘણીબધી રીતે ભિન્ન છે એનું વિશ્વ પ્રાકૃતિક વિશ્વઅંતર્ગત સંસ્કારનું છે, સંસ્કૃતિનું છે અને સુસંસ્કૃત થવાનું છે. ભાષા એક એવું ઉપકરણ છે જેણે સુસંસ્કૃત થવામાં ઉપદેશી નીવડયું છે. નામકરણ પ્રક્રિયા ભાષાનું અંતરંગી હૃદય છે જે મેઘધનુષી રંગશ્રેણીથી આવૃત્ત છે. કહી શકાય કે ભાષાના હાર્દને પ્રસ્થાપે છે નામકરણ પ્રક્રિયા. આથી, જે અભિજ્ઞાન અને પ્રત્યાપન વાસ્તે - માનવ સંસ્કૃતિના પ્રારંભથી - માણસને પોતાની ચોપાસનાં પદાર્થ-ચીજવસ્તુ- સ્થળવિશેષ - વ્યક્તિવિશેષને ઓળખવા સારુ નામની જરૂર પડે છે, પડી છે.

અનુભવે સમજાયું છે કે નામકરણનાં મુખ્યકાર્ય બે છે : કશાકને ઓળખાવવાનું અને કશાકને અર્થ બક્ષવાનું. બંને કાર્ય પરસ્પરને વ્યાપી જાય છે. સરવાળે નામનાં અધ્યયન બધાં જ સમાજવિજ્ઞાન સારુ મહત્ત્વનાં છે. તેથી નામોના અભ્યાસને કેવળ ભાષાવિજ્ઞાનની એક શાખા તરીકે હવે દર્શાવવાની જરૂર નથી. બલકે સમાજવિજ્ઞાનો અંતર્ગત નામકરણવિદ્યા એ એક સ્વતંત્રવિદ્યા તરીકે કાઠું ઉપસાવી શકે તેવી ક્ષમતા હાંસલ કરી લીધી છે, જે આપણી રાષ્ટ્રીય સંસ્કૃતિની એક વિસ્તરતી ક્ષિતિજ બની રહી છે. આ કારણે વ્યક્તિનામો અને સ્થળનામોનાં અધ્યયનથી થતા લાભ ઘણા વિશેષ છે, કેમ કે આપણી જટીલ અને સંકુલ સંસ્કૃતિને ઓળખવા વાસ્તેનો ધોરીમાર્ગ છે. તેથીસ્તો કહેવાયું છે કે, જ્યારે ઇતિહાસ મૌન હોય છે ત્યારે સ્થળનામો ચોક્કસ કશુંક પ્રદાન કરે છે. જ્ઞાતવ્ય એટલું જ કે સ્થળનામ અધ્યયનવિદ્યા વિશાળ ફલક ઉપરનાં જ્ઞાનનાં પૃષ્ઠને આપણી પ્રત્યક્ષ કરે છે. તેમ જ ચોક્કસ સમયના કોઈ ચોક્કસ પ્રદેશની પ્રજાનાં સાંસ્કૃતિક મનોવલણ અને બૌદ્ધિક પ્રતિભાની અભિવ્યક્તિનું શ્રધ્ધેય માધ્યમ બની રહે છે, કેમ કે નામ કેવળ અર્થહીન શબ્દનો ગરબડગોટો નથી. અર્થાત્ એમ કહી શકાય કે જ્યાં ઇતિહાસ મૌન રહે છે ત્યાં નામકરણ વિદ્યા વાચિક બને છે.

સ્પષ્ટ કહીએ તો સ્થળનામોનો અભ્યાસ એટલે અતીતની યાત્રા અથવા કહો કે પુનર્નિર્માણનાં સ્વરૂપમાંની યાત્રા. આથી, નામોનાં વિશ્લેષણ અને વર્ગીકરણમાં સલામત માર્ગ એ છે કે ભાષાકીય પરિબળો ઉપરાંત આભિલેખિક, પુરાવસ્તુકીય, દસ્તાવેજી, સાહિત્યિક, ઇતિહાસી અને સાંસ્કૃતિક કારણો અને પરિબળો તપાસવાં આવશ્યક છે, જેથી ગામો-નગરો-સ્થળોનાં નામ માનવીએ અનુભવેલા સંઘર્ષો, તેણે વેઠેલી યાતનાઓ, વિપરીત પરિસ્થિતિનો સામનો કરતાં તેણે અનુભૂત કરેલી તાવણીઓ, વાંસોવાંસ સિદ્ધિઓ અને નિષ્ફળતાઓનો આવૃત્ત ખજાનો છે. આવી મથામણમાં માનવીને ક્યારેક કુદરતનો,

ક્યારેક સમાજનો, ક્યારેક રાજકીય કે ક્યારેક પોતાનાં અજ્ઞાનનો અવરોધ નડે છે અને પ્રસ્તુત ચતુર્મુખી ધસારા સામે માનવી અડગ નિશ્ચિલતાથી પ્રગતિના પથ ઉપર ડગ માંડતો રહ્યો છે અને રહે છે. પરિણામે ચોપાસની પ્રકૃતિ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરે છે, સમાજના નીતિનિયમોમાં બદલાવ લાવી અવરોધ દૂર કરે છે, સત્તાપલ્ટા દ્વારા રાજકારણની આકૃતિને અનોખી રીતે આલેખે છે અને જિજ્ઞાસાવૃત્તિ વડે અજ્ઞાનનાં અંધાર વિતરી જીત ઉપર કાબૂ મેળવે છે :- આ બધાંનું ગ્રથિત નિરૂપણ નામકરણ વિદ્યાનો મહત્ત્વનો અભિગમ રહેતો હોય છે જે આપણી સર્વ ક્ષિતિજને વિસ્તારે છે.

આમ, નામકરણ માનવસંસ્કૃતિની એક મોટી સિદ્ધિ છે જે બાબતે આપણું રાષ્ટ્ર અગ્રેસર ગતિશીલ છે. પ્રત્યેક સ્થળ સ્વયમ્ એક સાંસ્કૃતિક ઈતિહાસ ધરાવે છે. તેથી નામ-અધ્યયન-વિદ્યા સંસ્કૃતિની વિકાસ કૂચને પારખવાની પગથીરૂપ કે પગલીરૂપ કે સોપાનરૂપ છે. આથી, નામ અધ્યયન વિદ્યાનાં અન્વેષણને કારણે સંસ્કૃતિના ઘણા અક્ષુણ્ણ પ્રદેશ હાથવગા થાય છે, કેમ કે સ્થળનામોની ચોપાસ સાંસ્કૃતિક આવરણ રહેલું જોવું પ્રાપ્ત થાય છે. આમ, માનવ-સંસ્કૃતિઓની સફળતાનો આલેખ દોરી શકાય છે. સ્થળનામોએ દોરેલી પગથીઓમાંથી.આજના વિશ્વમાં માનવેતિહાસને શક્યતઃ પારદર્શક પરિપ્રેક્ષ્યમાં સમજવામાં દ્રવ્યો કે પદાર્થો વધુ વિશ્વસનીય ગણવામાં આવે છે. જમીનની સપાટી ઉપર કે જમીન-અંતર્ગત સ્થાયીભાવે રહેલાં પદાર્થ-દ્રવ્ય-ઈમારત - સ્થાપત્ય અને માનવે સર્જેલી અને પ્રાકૃતિક પડકારોમાંથી શેષ-અવશેષ રહેલી તેમ જ માનવકૃત અડપલાંથી બચેલી બધી દ્રવ્ય સામગ્રી હાથવગી કરીને તેને પ્રજાગત કરવાની વિદ્યાને પુરાવસ્તુવિદ્યાથી ઓળખવામાં આવે છે. તાત્પર્ય એટલું જ, પૂર્વકાલીન સ્થળવિશેષોની-ઈમારતોની કે એવી ભૌતિક સામગ્રીને શોધવાનું, તેનાં પરીક્ષણ કરવાનાં, જે તે સ્થળે સ્થિત કે અસ્તિત્વ ધરાવતાં પદાર્થવિશેષનું કે સંપ્રાપ્ત થતી ભૌતિક સામગ્રીનું તેના પરિઘમાં આવતી નૈસર્ગિક પરિસ્થિતિ સાથે તેના અનુબંધને અનુસરવાનું અને તેના આધારે જે તે સ્થળ કે પ્રદેશ કે દેશના સંસ્કૃતિ અને ઈતિહાસને અર્થઘટિત કરી આલેખવાનું, વિશ્વના અન્ય ભૂભાગમાંથી પ્રાપ્ત એવા ભૌતિક પદાર્થ સાથે સાંકળવાનું કે અનુબંધિત કરવાનું કાર્ય સાધીને સમગ્ર માનવપ્રવૃત્તિનાં કાલચક્રની કાર્યશૈલીની વિવિધતાનો અભ્યાસ કરીને સંપ્રાપ્ત થતા જ્ઞાનની ચર્ચા કરીને તેનાં પરિણામને સાંસ્કૃતિક ઈતિહાસના પરિમાણમાં ઢાળીને પ્રજાપ્રત્યક્ષ કરવાનું કાર્ય જે પ્રક્રિયાથી કે પદ્ધતિથી થાય છે તેને પુરાવસ્તુવિદ્યાથી ઓળખવામાં આવે છે. આ વિદ્યા સાથે સંલગ્નિત કર્મશીલોને આપણે પુરાવિદોથી ઓળખીએ છીએ. દુર્ભાગ્યે તેમની સંખ્યા અતિ મર્યાદિત અને એમનાં કાર્યફલક અતિ વિસ્તૃત છે. તેથી આપણા આવા સાંસ્કારિક અને સાંસ્કૃતિક વારસા અને વૈભવી વિરાસતને સુરક્ષિત રાખવા મિષે અને આપણાં પૂર્વજનાં મૂધ્ય સર્જનકાર્યને સમજવા સારું પ્રજાકીય સહયોગ અનિવાર્ય આવશ્યક છે. આમ, થાય તો જ સામાન્યજણ પણ આવાં પ્રમાણથી- ઈમારતથી- અવશેષથી પદાર્થગત જ્ઞાપકથી અભિજ્ઞ થાય અને એનાં જતનજાળવણી સંરક્ષણ મિષે સક્રિય થવા પ્રેરિત થાય.

> **આમ, નામકરણ માનવસંસ્કૃતિની એક મોટી સિદ્ધિ છે જે બાબતે આપણું રાષ્ટ્ર અગ્રેસર ગતિશીલ છે. પ્રત્યેક સ્થળ સ્વયમ્ એક સાંસ્કૃતિક ઇતિહાસ ધરાવે છે. તેથી નામ-અધ્યયન-વિપ સંસ્કૃતિની વિકાસ કૂચને પારખવાની પગથીરૂપ કે પગલીરૂપ કે સોપાનરૂપ છે. આથી, નામ અધ્યયન વિદ્યાનાં અન્વેષણને કારણે સંસ્કૃતિના ઘણા અક્ષુણ્ણ પ્રદેશ હાથવગા થાય છે**

પુરાવસ્તુઓની કે પુરાવશેષોની જાળવણી એ સંસ્કારી પ્રજાનું આભૂષણ છે. પરંતુ પોતાને સંસ્કૃત અને સંસ્કારી માનીને ચાલનારી પ્રજા જ્યારે બીજા પ્રદેશનાં - દેશનાં પુરાવસ્તુઓનો નાશ કરીને કે તેને ખંડિત કરીને નુકસાન પહોંચાડે કે મૂળસ્ત્રોતાં કરે ત્યારે અને ઐતિહાસિક અમૂલ્ય એવા દુર્લભ નમૂનાને- અવશેષને અંકે કરવાનો વાલિયાધર્મ બજાવવાની કોશિશ કરે ત્યારે આવાં અનિષ્ટમાંથી પ્રજાકીય વૈભવ અને વારસાને સાચવવાની જવાબદારી શાણી પ્રજાના સહૃદયી સહકાર અને સહયોગ વિના શક્ય નથી તે બાબતે આપણે ઉજાગર થવાની જરૂર છે.

માનવકૃત - પૂર્વજોકૃત ઐતિહાસિક પ્રમાણોને સાચવતા વિચારનું અસ્તિત્વ આપણી સાંસ્કૃતિક પરંપરામાં ઋગ્વેદયુગથી જોવું સંપ્રાપ્ત થાય છે. આવું દર્શાવતો ઋગ્વેદીયમંત્ર છે. (૩.૫૫.૨) :

मो षू णो अत्र जुहुरन्त देवा मा पूर्वे अग्ने पितरः पदज्ञाः ।
पुराण्योः सद्मनोः केतुरन्तर्महदेवानाम सुरत्वमेकम् ॥

અર્થાત હે અગ્નિ, દેવો અને તેમનાં સ્થાનને જાણનાર પિતૃઓ અમારું અહીં નુકસાન ના કરે. (આકાશ અને પૃથ્વીએ) બે પુરાતન રહેઠાણમાંથી ધ્વજ (સૂર્ય) ઉદય પામી રહ્યો છે. દેવોનું આ અદ્‌ભુત પરાક્રમ છે. ઈતિ. (પ્રસ્તુત શ્લોકનો લક્ષ્યાર્થ આપણા માટે બહુ ધ્યાનાર્હ છે, કેમ કે પૂર્વકાલીન ઈતિહાસી ઈમારતોથી સંસ્કૃતિને સમજવા સારુ ઘણું વ્યવસ્થિત જ્ઞાન સંપ્રાપ્ત થાય છે તેનું દર્શન આ શ્લોકથી થાય છે.

ગામો અને નગરોના સાંસ્કારિક અને સાંસ્કૃતિ વિકાસને આપણે જો કાયમી ધોરણે ઓપ આપવો હોય તો તે ગામ-નગર-નિવેશ-વસવાટ-વસાહતના ઐતિહાસિક અવશેષના અભ્યાસ ઉપયોગી નીવડશે. આવા અભ્યાસ ત્યારે જ સફળ થાય અને

પરિણામો સંપડાવી આપનારો બને જ્યારે એની શાસ્ત્રીય-વિજ્ઞાની જાળવણી, કહો કે યથોચિત સંરક્ષણ સંભવિત બન્યાં હોય અર્થાત ઐતિહાસિક અવશેષોની આસપાસ લૂણતંતુની જેમ સાંસ્કારિક અને સાંસ્કૃતિક આવરણ, કહો કે આવૃત્ત ખજાનો અવલોકી શકાશે. આથી, અવશેષની ઇતિહાસની ઓળખ સંપ્રાપ્ત કરવી, તેનાં સાંસ્કારિક અને સાંસ્કૃતિક ઉપલબ્ધિઓ પ્રત્યક્ષ કરવી અને આપણા પૂર્વજોએ કરેલાં - સર્જેલાં જ્ઞાનનાં વાવેતરરૂપી વૈભવ અને વારસાને સંરક્ષીએ જેથી આપણી ત્રીજી-ચોથી-પાંચમી પેઢી આપણાં પૂર્વજોની વરેણ્ય દૃષ્ટિને સમજવામાં - સમજાવવામાં ઉપાદેયી નીવડીએ. અને તો જ આપણી ક્ષિતિજો વિસ્તારી શકીશું અને વિકસતી ક્ષિતિજોને ગતિશીલતા બક્ષી શકીશું.

આ ભૂમિકામાં વર્ણિત અભિગમનો વરેણ્ય પ્રયાસ ચાલુ સદીના પ્રારંભિક વર્ષે સાંસ્કૃતિક ઇમારતોનાં જતન-જાળવણી-મરામત પરત્વે હાથ ધરાયો છે. આ ઘટના સાંકેતિક અને સૂચક છે. આ વાસ્તે પહેલ કરનાર નિગમિત સંસ્થા છે તાતા જૂથના ઉદ્યોગોનું સંકુલ અને જેનાં સંરક્ષણ થવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે તે ઐતિહાસિક વિદ્યમાન ઇમારત છે. તાજમહાલ, રાષ્ટ્રીય સાંસ્કૃતિક ભંડોળ, ભારતીય પુરાવસ્તુ સર્વેક્ષણ અને તાતા જૂથની હોટેલો વચ્ચે તાજમહાલ અને આસપાસનાં પર્યાવરણનાં જતન-જાળવણી - મરામત વાસ્તે સમજૂતી- આલેખ સંપન્ન થઈ ગયા. આ શરૂઆત પાંચ વર્ષ પૂર્વે જાહેર થયેલી 'એડોપ્ટ એ મોન્યુમેન્ટ' યોજના અન્વયે હાથ ધરાશે. આ કાર્યક્રમમાં ભારતીય પુરાવસ્તુ સર્વેક્ષણ સંસ્થા તકનીકી સહાય આપશે. 'ઇમારતને દત્તક લો' એવી વરેણ્ય યોજના રાષ્ટ્રીય સંસ્કૃતિ ભંડોળે તૈયાર કરી જે કાર્યક્રમને નાણાંકીય સહાય તાતા જૂથે આપી. આમ, પ્રત્યક્ષ અનુભવ, નાણાંકીય ઔદાર્ય અને વૈચારિક યોજનાનો ત્રિવેણી સંકલ્પ ધ્યાનાર્હ બની રહ્યો.

**માનવસંસ્કૃતિની વિરાસત પ્રજાકીય જ્ઞાન સારુ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જતન-જાળવણી-મરામત એ પડકાર બુનિયાદી છે, તો વિદ્વત્તાનાં કાર્યને ઉત્તેજન આપવું એ પડકાર દ્વિતીય છે અને કલાકીય-સાંસ્કૃતિક મૂલ્યો પરત્વે પ્રજાની સમજણ અને એનાં શાણપણ ઉજાગર થાય એ ત્રીજો પડકાર છે. આવી ત્રિવિધ સોપાનશ્રેણી ઐતિહાસિક સાંસ્કૃતિક અવશિષ્ટ અવશેષોને ચિરંજીવ અને શાશ્વત રાખવા અનિવાર્ય છે**

પ્રસ્તુત જતન-જાળવણી-મરામતના અભિયાનમાં અભિયુક્ત સંસ્થાઓ છે : ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ, યુનેસ્કોનો આપણા દેશમાંનો સાંસ્કૃતિક વિરાસત વિભાગ અને ધ સેન્ટર ફોર એડવાન્સ્ડ ડેવલપમેન્ટ એન્ડ રીસર્ચ. ઉપરાંત વિદેશી સહયોગી સંસ્થાઓ છે : અમેરિકાના લોસ એન્જેલસનું ગ્રેટી ફાઉન્ડેશન, વોશિંગ્ટન ડી.સી. સ્થિત સ્મિથસોનિયન ઈન્સ્ટિટ્યૂટ અને વેઈનની આર્ક ફાઉન્ડેશન. અલબત્ત, આ પૂર્વે હુમાયુની કબરની જાળવણી ઓબરૉય ઉદ્યોગ જૂથે અને આગાખાન ફાઉન્ડેશને હાથ ધરી હતી. તો ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને ઓરિસાસ્થિત કોર્ણાકના સૂર્યમંદિર, કુત્બમિનાર અને હેમ્પીની ઇમારતોનાં જતનકાર્ય હાથ ધર્યાં હતાં. જંતરમંતરની જાળવણી આપી- જય હોટેલ્સ જૂથ તરફથી અને પૂણે સ્થિત શનિવારવાડાની દેખરેખ પૂણે નગરપાલિકાએ હાથ ધરી હતી. જોકે ધોળાવીરા, અજન્ટા, ઈલોરા, ફત્તેહપુરસિક્રિ, મોઢેરાનું સૂર્યમંદિર, લોથલ વગેરે જેવાં સ્મારક દત્તક લેનારની રાહ જૂએ છે. ગુજરાત તો વેપારી મનોવૃત્તિ ધરાવતું રાજ્ય છે. નફો-નુકસાનનો પહેલો વિચાર કરે. ત્યારે સાંસ્કૃતિક વિરાસતી વારસાને દત્તક લેવાની પળોજણમાં પડવા ઉદ્યુક્ત હોય એમ જણાતું નથી. ગુજરાતમાં નિગમિત સંસ્થાઓ છે પણ કોઈ આગળ આવવા ઈચ્છુક હોય એમ જણાતું નથી. રાજ્ય સરકારે આ બાબતે સક્રિયતા કેળવવી રહી. આખરે તો, માનવસંસ્કૃતિની વિરાસત પ્રજાકીય જ્ઞાન સારુ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જતન-જાળવણી-મરામત એ પડકાર બુનિયાદી છે, તો વિદ્વત્તાનાં કાર્યને ઉત્તેજન આપવું એ પડકાર દ્વિતીય છે અને કલાકીય- સાંસ્કૃતિક મૂલ્યો પરત્વે પ્રજાની સમજણ અને એનાં શાણપણ ઉજાગર થાય એ ત્રીજો પડકાર છે. આવી ત્રિવિધ સોપાનશ્રેણી ઐતિહાસિક સાંસ્કૃતિક અવશિષ્ટ અવશેષોને ચિરંજીવ અને શાશ્વત રાખવા અનિવાર્ય છે. તો જ સાંસ્કૃતિક ક્ષિતિજોને વિસ્તારી શકીશું અને ભાવિ પેઢીઓને મહામૂલો વૈભવ આપણે સુપરત કરી શકીશું.

પુરાવસ્તુવિદ્યાના અભ્યાસનું ફલક વિસ્તૃત છે. સામાન્યતઃ ઊભી સપાટીએ પુરાવિદો ખોદકાર્ય કરતા હોય છે પણ અપવાદરૂપે સીધી સપાટીએ ઉત્ખનનપ્રક્રિયા થવાનાં ઉદાહરણ છે. દા.ત. ચાંપાનેર. વર્તમાન નગર કે નિવેશ પૂર્વકાલીન મહત્ત્વ દર્શાવતું હોય ત્યારે ઊભી કે સીધી સપાટીએ ખોદકામ કરવું મુશ્કેલ હોય છે. આવી પરિસ્થિતિમાં નિસ્તાર-પુરાવસ્તુવિદ્યાની કાર્ય પદ્ધતિ ઉપયોગી થઈ પડે છે. જ્ઞાનસાધનામાં કહો કે જ્ઞાનવૃદ્ધિમાં ભૂતકાલીન માનવ પ્રવૃત્તિઓ મહત્ત્વ ધારણ કરે છે. નિસ્તાર પુરાવસ્તુવિદ્યાનું મુખ્ય કાર્ય માનવીની વિવિધ પ્રવૃત્તિઓ અર્થે થતી પ્રક્રિયા મારફતે વિનાશ પામતાં પૂર્વકાલીન માનવપ્રવૃત્તિ સૂચક સ્થળોનાં અન્વેષણ કરવાં અને તે સ્થળ કે વિસ્તારની માનવપ્રવૃત્તિનાં દર્શન કરાવવાનાં છે. નિસ્તાર પુરાવસ્તુનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે કેમ કે પૂર્વકાલીન વર્તમાન નગર વસતીયુક્ત હોઈ ખોદકાર્યને જરૂરી અવકાશ પ્રાપ્ત થતો નથી.

પુરાવસ્તુવિદ્યાનાં અન્વેષણમાં સમયવિભાજન મહત્ત્વનો મુદ્દો છે, : પ્રાગૈતિહાસિક, આદ્યૈતિહાસિક, ઐતિહાસિક જેવા ત્રણ

સમયાંકન હાથવગા છે. આમાંથી ઐતિહાસિક પુરાવસ્તુવિપના તથાકથિત ત્રણ સમયપ્રકાર પ્રચારમાં છેઃ પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન. આ બાબતે વિગતે વિશ્લેષણ અહીં શક્ય નથી. કહેવાતા મધ્યકાલ માટે પુરાવસ્તુકીય પદ્ધતિઓનાં ખાસ વિનિયોગ થયો નથી. પુરાવસ્તુકીય અન્વેષણોના સંદર્ભમાં પૌરાણિક સાહિત્યનાં અધ્યયન કરવાથી ઘણી રસપ્રદ અને ઐતિહાસિક-સાંસ્કૃતિક માહિતી જે તે નગર વાસ્તે હાથવગી થાય છે.

સામાન્યતઃ અદ્યાપિ પુરાવસ્તુકીય ઉત્ખનન જમીન ઉપર થતાં રહ્યાં છે. પરંતુ એંસીના દાયકાથી જલીય પુરાવસ્તુપ્રક્રિયાથી વિશેષ માહિતી હાથવગી થઈ છે. સમુદ્રનાં તળિયેથી સુરક્ષિત રહેલી ચીજવસ્તુઓ શોધી કાઢવાનું અભિયાન હાથ ધરાયું છે. જે વિસ્તરતી ક્ષિતિજતા અભિયાનમાં રજતરેખાથી ઓળખાય છે. ઋગ્વેદમાં આનાં પ્રમાણ છે :

नावा न क्षोदः प्रदिशः पृथिव्या ।
मधुमन्मे परायणं मधुमत्पुनरायनम् ॥
(૧૦.૨૪.૬)

અર્થાત્ પૃથ્વીના બધા જ ભૂભાગે આપણાં વહાણો હંકારવાં અને વિદેશ જવું તથા પરત આવવું એ ઉભય પ્રક્રિયા આનંદદાયક છે.

આમ, આપણાં વહાણ ઋગ્વેદીય યુગથી સાત સમુંદર ખેડતાં હતાં અને તેથી અકસ્માતે વહાણોની જળસમાધિ થતી હોવી જોઈએ એ ધ્યાનાર્હ વાસ્તવિક્તા છે. આ કારણે સામુદ્રીય પુરાવસ્તુનાં અન્વેષણમાંથી આપણી સંસ્કૃતિની કેટલીક અનભિજ્ઞ ઘટનાને પ્રત્યક્ષ મેળવી શકાય છે. હિન્દી મહાસાગરમાં આ પ્રવૃત્તિનું વ્યુહાત્મક મહત્ત્વ અવગણવા જેવું નથી જ. તાત્પર્ય એ છે કે વેદકાલીન સંસ્કૃતિ યુગથી ૧૯મી સદીના અંત પર્યન્ત વહાણો બાંધવાની પ્રવૃત્તિઓ, દરિયાઈ વેપાર વાણિજ્ય અને સંસ્કૃતિઓનાં આંતરકાર્યના ઈતિહાસને આલેખિત કરવા સામુદ્રીય પુરાવસ્તુકીય અન્વેષણ હાથ ધરવાં એ સમયનો તકાજો છે. આ પડકારને સક્ષમ નેતૃત્વ પૂરું પાડ્યું ખ્યાત પુરાવિદ અને કર્મશીલ ડૉ. શિકારીપુર રંગનાથ રાવે ગોવા સ્થિત સામુદ્રીય શોધ સંસ્થાના સહયોગથી , જેમાં તીર્થસ્થાન દ્વારકા નગરીના સમુદ્રમાં ડૂબેલા અવશેષ શોધી આપણી સંસ્કૃતિનાં ઘણાં રહસ્ય સ્ફૂટ કર્યા છે તે બાબત ભૂલવી જોઈએ નહીં. આથી માનવસંસ્કૃતિના કેટલાક અક્ષુણ્ણ અંકોડા હાથવગા થશે.

**પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન. આ બાબતે વિગતે વિશ્લેષણ અહીં શક્ય નથી. કહેવાતા મધ્યકાલ માટે પુરાવસ્તુકીય પદ્ધતિઓનાં ખાસ વિનિયોગ થયો નથી. પુરાવસ્તુકીય અન્વેષણોના સંદર્ભમાં પૌરાણિક સાહિત્યનાં અધ્યયન કરવાથી ઘણી રસપ્રદ અને ઐતિહાસિક-સાંસ્કૃતિક માહિતી જે તે નગર વાસ્તે હાથવગી થાય છે**

સમાજપરિવર્તન, આર્થિક વિકાસ અને સંસ્કૃતિ સંવર્ધન ઉપર પ્રભાવક અસર શિક્ષણના ઈતિહાસના વિશિષ્ટ અભિગમથી થઈ છે અને તે છે બૌદ્ધિક-વિકાસનો, કહો કે જ્ઞાનના વિકાસનો ઈતિહાસ જે બાબત સંસ્કૃતિઓના ઈતિહાસનાં અધ્યયનથી સ્પષ્ટ થઈ છે. આપણે અભિજ્ઞ હોવા જરૂરી છે કે સર્વ ઈતિહાસ એ વિચારોનો ઈતિહાસ છે. એ દૃષ્ટિએ બૌદ્ધિક ઈતિહાસનાં ખેડાણ અત્યંત આવશ્યક છે. આ ક્ષેત્ર પણ વિસ્તરતી ક્ષિતિજો અર્થે ધ્યાનાર્હ રહેવું જોઈએ. આથી શિક્ષણવિદ્યાની સંસ્કૃતિનાં ખેડાણને સ્પષ્ટતઃ મહત્ત્વ બક્ષવું પડશે કેમ કે 'નેશનસ્ટેટ્સ'ની વિભાવનાને સ્થાને 'નૉલેજસ્ટેટ્સ'ની વિભાવના ઊભરી રહી છે.

તો સમાજની સંસ્કૃતિઓને આલેખવા વિષે જૂથચરિત્રાલેખની (પ્રોસોપોગ્રાફીની) દૃષ્ટિએ ખેડાણ થવાં જરૂરી છે. સામાજિક સંસ્કૃતિ એ વ્યક્તિઓ, વિચારો કે સંસ્થાઓની સંસ્કૃતિ નથી પણ પ્રજાજૂથોની સંસ્કૃતિઓના અભ્યાસ છે. વિચાર-વ્યક્તિ-સંસ્થા કરતાં સામાજિક સંસ્કૃતિની નિસબત પ્રજાજૂથો સાથે છે જે વાસ્તે પ્રોસોપો ગ્રાફીની અભ્યાસપદ્ધતિ મહત્ત્વનું પ્રદાન કરી શકે છે. આ ક્ષેત્ર જરૂરી આકર્ષણ પ્રસ્થાપિત કરી શક્યું નથી. પ્રજાજૂથોનાં ચારિત્ર્યિક અન્વેષણ પણ વિકસિત ક્ષિતિજ તરીકે અનિવાર્ય રીતે સ્વીકારવાં રહ્યાં.

તેવી જ રીતે સંસ્કૃતિઓના અભ્યાસમાં ગાણિતિક (ક્વોન્ટિટેટીવ) પદ્ધતિના અભિગમનો વિનિયોગ વિસ્તરતી ક્ષિતિજો સંદર્ભે ધ્યાનમાં લેવા યોગ્ય છે. ગાણિતિક પદ્ધતિ સ્વંય એક વિશિષ્ટ ક્ષેત્ર છે જો કે આ પદ્ધતિની એક મર્યાદા છે અને તે એ કે માનવ-સંસ્કૃતિના બધા તબક્કાને અને બધાં જ ક્ષેત્રને સમાવી લેતી નથી. જ્યાં ચોક્કસ પ્રકારની સામગ્રી ઉપલબ્ધ હોય છે તેવા સમયાવધિના નિરૂપણમાં આ પદ્ધતિ કાર્યાન્વિત થઈ શકે છે. ખાસ કરીને સમરૂપ અને સરખાવી શકાય તેવાં સંસાધનોમાં આ પદ્ધતિ વિશેષ ઉપયોગી નીવડે છે. આ પદ્ધતિના ઉપયોગથી વર્ણનના બોજામાંથી ઘણી રાહત અંકે થઈ શકે છે. સંસ્કૃતિઓનાં અન્વેષણમાં આ પદ્ધતિના વિનિયોગથી વર્ણનાત્મક આલેખન પ્રમાણમાં ઘણું હોય છે, જે આ વિસ્તરતી પદ્ધતિની ઉપયોગીતા ગણવી રહી.

સંપ્રેષણ એટલે વૈચારિક વ્યવહારની પ્રક્રિયા. આમાં વૃત્તપત્રો, દૂરદર્શન, આકાશવાણી જેવાં સમૂહ માધ્યમનો સમાવેશ થાય છે. કોઈપણ મોટા સમૂહના-સમુદાયના-સમાજના સભ્યો પરસ્પર આંતરક્રિયા ત્યારે કરી શકે જ્યારે તેઓ આપસમાં ઈશારાથી, વાતચીતથી, ગીતથી, ચિત્રથી અને એવાં બીજાં માધ્યમથી વ્યવહાર કરે. સમાજજીવનનો આધાર જ સંપ્રેષણ ઉપર અવલંબિત છે એટલે કોણ કોને શું કેવી રીતે કયા હેતુ માટે 'કહે છે' એ છે. આને આપણે સમાવેશ વિશ્લેષણન (કન્ટેન્ટ એનાલિસિસની) પદ્ધતિથી ઓળખાવી શકીએ.

આપણી સંસ્કૃતિઓ અને તેના ઈતિહાસ આપણે જાણીએ છીએ તેમ ગ્રામકેન્દ્રી અને ગ્રામીણ પ્રકારની છે. એટલે ગામોના સાંસ્કારિક અને સાંસ્કૃતિક વિકાસને જો આપણે કાયમી ધોરણે વિસ્તરતી ક્ષિતિજ સંદર્ભે સ્વીકારવી હોય તો અને સ્વીકારવી રહી તો ગામેગામનાં પુરાવસ્તુઓની મોજણી કરવી, તેમનાં જતન-જાળવણી કરવાં અને પછી તેના અભ્યાસ કરવા એ માનવસંસ્કૃતિને સમજવા વાસ્તે અત્યંત આવશ્યક છે. ઐતિહાસિક અવશેષોનાં અધ્યયનને કારણે આપણા પૂર્વજોનાં શ્રમશક્તિ, હુન્નરકલા પરત્વેની મમતાભરી જાળવણી અને પરિશ્રમી અભિગમથી થતી કાર્યશૈલીની માહિતી હાથવગી થાય છે. વાંસોવાંસ એમની બૌદ્ધિક ક્ષમતાનો ખ્યાલ અંકે કરી શકાય છે.

ટૂંકમાં પુરાવસ્તુઓ માનવપ્રયત્નો કે માનવપુરુષાર્થો કે માનવયાતનાઓ સાથે સીધો સંબંધ રાખનારું સાધન હોઈ ગામેગામની પુરાવસ્તુકીય મોજણી સંપન્ન કરવાથી આપણા પૂર્વજોના સંસ્કારવારસાના વૈભવને અને તેમાંથી નિષ્પન્ન થતી વિરાસતી સંપદાને સંરક્ષિત-સંગ્રહીત રાખનાર પ્રબળ સાધન તરીકે પુરાવસ્તુઓના અભ્યાસને અવગણવાની જરૂર નથી.

સરવાળે, આપણે દેશનાં સંસ્કૃતિ અને ઈતિહાસને પ્રજાગત કરવા કાજે અહીં વિસ્તરતી ક્ષિતિજોની એક ઝલક પ્રસ્તુત કરવાનો યથાશક્ય પ્રયાસ કર્યો છે. આ લેખનો મુખ્ય હેતુ યુવાશોધકો અને યુવા-અન્વેષકો નામકરણવિદ્યાના અભ્યાસની ઉપાદેયીતા સમજે, પુરાવસ્તુવિદ્યાના વિસ્તરતા ક્ષેત્રને ઓળખે અને શક્યતઃ પ્રાથમિક જ્ઞાન મેળવવા તે વિદ્યાની પદ્ધતિની વૈજ્ઞાનિક તાલીમ મેળવે, નિસ્તાર પુરાવસ્તુના અભ્યાસની ઉપયોગિતા તરફ વિશેષ લગાવ કેળવે જેથી ગીચવસ્તીવાળા વસવાટમાં સમયાંતરે થતાં વિવિધ ખોદકાર્યથી વિનાશ પામતાં જ્ઞાપકોને સદ્યઅભ્યાસ કરી તેની ઈતિહાસી વિગતો સુરક્ષિત કરી લે, પુરાવસ્તુવિદ્યાના સમયવિભાજનને ઓળખે અને તદનુસાર તથાકથિત મીડિયેવલ આર્કિયોલોજ અને તેના બુનિયાદી પ્રશ્નોને સમજવા સાથોસાથ સ્થાનિક ભાષાનું અને તે અંતર્ગત વિશિષ્ટ બોલીઓનું જ્ઞાન અંકે કરી લે તેમ જ કહેવાતા મધ્યકાલની પુરાવસ્તુઓની જાણકારીથી શું પ્રાપ્ત થઈ શકે છે તે ધ્યાને લે, આપણી પરંપરાથી ઉજાગર થઈ સામુદ્રીય ઉત્ખનનના અભિયાનથી પ્રાપ્ત જ્ઞાનથી અભિજ્ઞ થઈએ. સમુદ્રના મર્યાદાભંગની પરંપરાને અવગત કરીએ, જૂથચરિત્રોની સંસ્કૃતિઓ પરત્વે ધ્યાન કેન્દ્રિત કરીએ, બૌદ્ધિક ઈતિહાસને વળોટીએ તથા ગાણિતિક પદ્ધતિના અભિગમને સમજીને સમાવેશ વિશ્લેષણ પદ્ધતિના જ્ઞાનથી પરિચિત થઈને ખાસ તો ગામેગામની જેવી છે તેવી હાથવગી થતી પુરાવસ્તુકીય મોજણીને અગ્રક્રમથી ધ્યાને લઈએ અને સંસ્કારસંક્રમણ અને વિચાર-પ્રક્રિયા પરત્વે ધ્યાનાર્હ બનીએ તો વિશ્લેષિત ઈતિકૃતિ લખવા સક્ષમ થાય તે છે. આમ કરવાથી નિર્મળ સત્યનું અન્વેષણ આપણું કર્તવ્ય હોવા બાબતે ચિંતન કરીને વિવાદની ભૂમિકાએથી મૂઠીઊંચેરા થઈ શકીએ તેવા અભિયોગને પ્રાથમિક્તા આપવી જરૂરી છે. અન્યથા વાદે વાદે વ્હ્યાયતે તત્ત્વબોધઃ થી સમાપન તરફ જવાની સીધી રેખા લંબાતી કરતા રહીએ એજ અભ્યર્થના.

**સંદર્ભ (વિશેષ વાચન)**

જિજ્ઞાસુએ-સત્યાર્થીએ-ચિંતનગુરુએ અહીં અલપઝલપ રજૂ થયેલા વિચારો વિશે ઓહારણ માહિતી ગજવે ઘાલવા પરત્વે એકચિત્ત થવા આટલાં લખાણ જોવાં રહ્યાં, જે બધાં લખાણ - વિચાર - વિશ્લેષણ ડૉ. રસેશ જમીનદારનાં મનોયત્ન છે : (૧) આપણી સંસ્કૃતિની વિસ્તરતી ક્ષિતિજો : અવલોકિત વિશ્લેષણ, ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, પુસ્તક ૬૭, અંક-૪ અને પુસ્તક-૬૮, અંક-૧, વર્ષ ૨૦૦૨-૨૦૦૩, પૃષ્ઠાંક અનુક્રમે ૨૨૦થી ૨૨૯ અને ૧૦ થી ૧૮. (૨) નામકરણ વિદ્યા : ઘણી વિદ્યાઓની ગંગોત્રી, ગુજરાત દીપોત્સવાંક, વિ.સં. ૨૦૫૫ પૃ. ૧૯ થી ૨૪. (૩) 'ઈતિહાસમાં સમયવિભાજ્યનો યક્ષપ્રશ્ન' ગુજરાત દીપોત્સવાંક, વિ.સં. ૨૦૬૪, પૃ. ૩૯ થી ૪૫ (૪) 'આવો, ઓળખીએ પુરાવસ્તુને અને તેના સંરક્ષણને', ગુજરાત સંશોધન મંડળનું ત્રિમાસિક જાન્યુ.-ડિસે.૨૦૧૫, પૃષ્ઠ ૧૭૦થી ૧૭૪, (૫) 'ગુજરાતમાં થયેલાં સામૂહિક પુરાવસ્તુકીય અન્વેષણ', ગુજરાત દીપોત્સવાંક વિ.સં. ૨૦૬૯, પૃ.૧-૩૭ થી ૧-૪૩ (૬) 'ઈતિહાસ નિરૂપણમાં અન્વેષણનાં ક્ષેત્રના મુદ્દા બાબતે થોડુંક સહચિંતન', વિદ્યાપીઠ સળંગ અંક ૨૪૨, ઈસ્વી. ૨૦૧૧, પૃષ્ઠ ૩ થી ૧૩, (૮) 'નામ અધ્યયન વિદ્યા અને ઈતિહાસનાં પરિબળો', સામીપ્ય, જાન્યુ-માર્ચ-૧૯૯૭, પૃ. ૯૪ થી ૧૦૧. (૯) 'ભારતીયવિદ્યા : વિભાવના ઐતિહાસિક સાધનોને વાણીગત બનાવીએ', ફાર્બ્સ ગુજરાતી સભા ત્રિમાસિક, ૨૦૦૩, પુ.૬૮, અંક ૪, પૃ. ૨૫૪ થી ૨૬૩, (૧૦) 'આપણી નગરીય સંસ્કૃતિનું નામકરણ અને સંલગ્નિત મુદ્દા', ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૨૦૦૯, પૃ. ૨૮ થી ૩૪ (૧૧) 'ગુજરાતમાં ઈતિહાસનાં અન્વેષણ પરત્વે નિસબતનાં અવલોકન', સામીપ્ય, પુ. ૨૫, અંક-૧-૨, ૨૦૦૮, પૃ. ૯૨થી ૯૯, (૧૨) આ ઉપરાંત ડૉ. એસ.આર. રાવ સંપાદિત ગ્રંથ-મરાઈન આર્કિઓલજિ ઓફ ઇન્ડિયન ઓશનિક કંટ્રીઝ (ગોવા, ૧૯૮૮) (૧૪) જર્નલ ઑફ ઈન્ડિયન ઑશન આર્કિઓલજિ'ના ૨૦૦૪થી બધા અંક (૧૫) વડોદરા સ્થિત મ.સ. વિશ્વવિદ્યાલયના પુરાવસ્તુ વિભાગનાં બધાં પ્રકાસન અને ખોદકાર્ય અહેવાલ અસ્તુ.

*બી-૧૦, વસુ એપાર્ટમેન્ટ્સ,*
*શ્રીજી પેલેસ સામે, નારણપુરા,*
*અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન -૦૭૯-૨૭૬૮૩૩૬૫*

# અર્વાચીન ઇતિહાસ લેખન અને શ્રી મધુસૂદન ઢાંકી

– *નરોત્તમ પલાણ*

**અ**ર્વાચીનોમાં આદ્ય દલપતરામ (૧૮૨૦-૧૮૯૮) અને નર્મદ (૧૮૩૩-૧૮૮૬) અર્વાચીન સાહિત્યના તેમ અર્વાચીન ઇતિહાસ લેખનના પણ આદ્ય છે. દલપતરામ ભાવનગર રાજ્યનું વર્ષાસન મેળવતા હતા. તેમણે એકથી વિશેષ રચનાઓ ભાવનગરના ગોહિલ રાજવંશ અને રાજાઓ વિશે આપી છે. 'ગોહિલ વંશાવળી' (૧૮૫૨), 'વિજય વિનોદ', 'વિજય ક્ષમા' અને 'તખ્ત વિલાસ' (૧૮૭૯) ઉપરાંત મરણોત્તર પ્રસશન પામેલ 'રત્નમાળ' (૧૯૦૬) તથા 'ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ (૧૯૩૩) છે.'

નર્મદ દ્વારા સ્વતંત્ર રીતે 'સૂરતની મુખ્તેસર-હકીકત' (૧૮૩૫) અને 'રાજ્યરંગ' (૧૮૭૪) ઉપરાંત અંગ્રેજીમાંથી બે ઉપયોગી ભાષાંતરો : 'ગુજરાત સર્વ સંગ્રહ' તથા 'કાઠિયાવાડ સર્વ સંગ્રહ' (૧૮૮૬) મળ્યાં છે.

નર્મદ- દલપતનું આ ઇતિહાસ લેખન તથા 'મિરાતે અહમદી', 'તવારિખે સોરઠ', 'રાસમાળા' અને 'કચ્છ વૃત્તાંત' - જેવા ગ્રંથો અર્વાચીન ઇતિહાસ લેખનનો શિલાન્યાસ છે. ૧૯૦૦ પછી ખાસ કરીને પુરાતાત્ત્વિક શોધખોળ જેવી કે પોટરી, ટેરાકોટા, સીલ, માટીના મણકા, મંદિર, મૂર્તિ, પાળિયા, અભિલેખાદિના વિનિયોગ સાથે જે લેખન ચાલ્યું તેણે સાચા અર્થમાં ઇતિહાસની દિશા પકડી.

**નર્મદ- દલપતનું આ ઇતિહાસ લેખન તથા 'મિરાતે અહમદી', 'તવારિખે સોરઠ', 'રાસમાળા' અને 'કચ્છ વૃત્તાંત' - જેવા ગ્રંથો અર્વાચીન ઇતિહાસ લેખનનો શિલાન્યાસ છે. ૧૯૦૦ પછી ખાસ કરીને પુરાતાત્ત્વિક શોધખોળ જેવી કે પોટરી, ટેરાકોટા, સીલ, માટીના મણકા, મંદિર, મૂર્તિ, પાળિયા, અભિલેખાદિના વિનિયોગ સાથે જે લેખન ચાલ્યું તેણે સાચા અર્થમાં ઇતિહાસની દિશા પકડી**

બર્જેસ, કઝિન્સ, કેમ્પબેલ, ભગવાનલાલ ઈન્દ્રજી, ગિરજાશંકર આચાર્ય, પી.પી. પંડ્યા, અમૃતવસંત પંડ્યા, એસ.આર.રાવ, સુબ્બારાવ, ડિસકળકર, હસમુખ સાંકળિયા, ઉમાકાન્ત શાહ, રમણલાલ મહેતા અને મધુસૂદન ઢાંકી વગેરેના પ્રયત્નોથી 'ગુજરાત રાજ્ય'ની સ્વતંત્ર રચના પછી જે લેખન થયું તે ઇતિહાસની અર્વાચીન વિભાવના મુજબનું છે.

ગઈકાલ સુધીની વિભાવનામાં રાજા કેન્દ્રસ્થાને હતો. અમુક રાજાઓની પ્રશસ્તિ, યુદ્ધો, બિરદાવતી અને રાજવંશના પેઢીનામામાં ઇતિહાસ પૂરો થતો. આજે ઇતિહાસની સમજ વિસ્તૃત બની છે. હવે પ્રજાકેન્દ્ર સ્થાને છે અને રાજકીય ઇતિહાસ સાથે સાંસ્કૃતિક ઇતિવૃત્તો તથા એમ મનુષ્ય સંબંધી સર્વાંગનો વૃત્તાંત ઇતિહાસનું લક્ષ્ય બનેલો છે.

નાના મોટા અનેક લેખકોની મદદથી ૧૯૭૨થી ૧૯૮૭ દરમિયાન 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (સં. રસિકલાલ છો. પરીખ અને હરિપ્રસાદ ગં. શાસ્ત્રી)ના જે નવ વોલ્યૂમો પ્રગટ થયા તે આજની તારીખે ગુજરાતનો સર્વાંગીણ ઇતિહાસ છે.

★

'સર્વાંગીણ ઇતિહાસ' એટલે એવો ઇતિહાસ, જેમાં પૌરાણિક ઇતિહાસ અને ઇતિહાસના આદિ માનવ, લોથલાદિ સિન્ધુ સભ્યતા તથા ઐતિહાસિક કાળનો વૃત્તાંત હોય. આ વૃત્તાંતમાં રાજકીય ઇતિહાસ અને એનાં જુદાં જુદાં સ્તરો, જેવાં કે શાસકોનો કાળક્રમ, એની શાસન પ્રણાલી, ગામ-નગર-તાલુકા-જિલ્લા અને એની ન્યાય તથા પોલીસ વ્યવસ્થા, પરિવહન અને ચલણ વગેરેનાં ઇતિવૃત્તો હોય. આ સાથે જ સાંસ્કૃતિક ઇતિહાસ, જેમાં સમાજ, સમાજમાં નૃવંશ, જાતિ, જ્ઞાતિ, પરિવાર, કુટુંબ વ્યવસ્થા એની ધાર્મિક માન્યતા, રીતરિવાજ, મેળા-ઉત્સવ, વસ્ત્રાલંકાર, લોકસાહિત્ય અને મનોરંજન વિશેની માહિતી હોય. સમાજના ભિન્ન ભિન્ન વર્ગો, પશુ-પાલક, ખેડૂત, કારીગર, વેપારી વગેરેની કાર્યપ્રણાલી તથા આવાસ યોજના, એનાં સાધનો, ડુંગરાળ પ્રદેશ, મેદાની પ્રદેશ અને દરિયા કિનારાનું વિભિન્ન જીવનયાપન તથા નેસ, ગામ, પુર, નગર અને પાટનગર આદિની રચના તથા વ્યવસ્થા વિશે વાત થઈ હોય. આ સાથે જ બોલી, ભાષા

અને સાહિત્ય, શિક્ષણ, લલિતકલાઓ, ધર્મ-સંપ્રદાયો એનાં મંદિર, મૂર્તિ-આમ મનુષ્યને સ્પર્શતા સર્વઅંગોનો વૃત્તાંત તે 'સર્વાંગીણ ઇતિહાસ' છે.

★ ★ ★

ગુજરાતના આ ઇતિહાસ લેખનમાં મધુસૂદન ઢાંકી (૧૯૨૭-૨૦૧૬)નું પ્રદાન સાહિત્ય, લલિતકલાઓ અને ધર્મસંપ્રદાયો પરત્વે છે. મહદ્અંશે સાહિત્ય, લલિતકલા અને ધર્મસંપ્રદાયો સાથે ભિન્ન, ભિન્ન રાજવંશો સંકળાયેલા છે. આવા એરિયાની આધારચર્ચા પણ ઢાંકીના હાથે થઈ છે. ભલે પ્રમાણમાં ઇતિહાસના એક નાનાં પણ ઘણાં મહત્ત્વનાં અંગો વિશે ઢાંકીનું અતિ મહત્ત્વનું પ્રદાન છે.

ઢાંકી વારે વારે કહેતા : 'મારે ઇતિહાસને ઠીકઠાક કરવો છે, સવિશેષ જૈનદર્શનના ઇતિહાસને.' આમ પણ ઢાંકી પોતે પોતાની રીતિના શ્વેતામ્બર જૈન હતા. તેણે જૈનધર્મ ક્ષેત્ર સિવાયના ક્ષેત્રોમાં મહત્ત્વનું પ્રદાન કરેલું છે, પરંતુ મહદ્ અંશે તેમનું સંશોધન- લેખન જૈન ક્ષેત્રે છે. જૈન દર્શન અને જૈન સાહિત્ય, જૈન અભિલેખો તથા જૈન મંદિર મૂર્તિ વિશે છેલ્લાં બસો વર્ષોમાં ન થયું હોય એટલું કામ ઢાંકીના હાથે થયું છે.

**જૈનોનો એક વર્ગ દ્વારકાનું આજનું દ્વારકાધીશ મંદિર મૂળમાં જૈનમંદિર હોવાનો મત ધરાવે છે. ઢાંકીએ એકથી વધારે વખત આની સ્પષ્ટતા કરી છે કે ભગવાન નેમિનાથનું પ્રથમ કલ્યાણક 'જન્મ' દ્વારકામાં છે એટલે દ્વારકામાં એનું જૈનમંદિર જરૂર હશે, પરંતુ હાલ હયાત દ્વારકાધીશમંદિર તો મૂળથી જ વિષ્ણુમંદિરનું સ્થાપત્ય ધરાવે છે.**

સૌ પ્રથમ તો ઢાંકીએ અર્વાચીનયુગમાં અતિ પ્રચલિત એવા 'જૈન' શબ્દના બદલે 'નિર્ગ્રન્થ' શબ્દને મહત્ત્વ આપ્યું છે. એક માન્યતા એવી છે કે ઈ.સ. પૂર્વે આઠમી સદીમાં પાર્શ્વનાથ દ્વારા જે ધર્મદર્શન પ્રચારમાં આવ્યું તે 'નિર્ગ્રન્થ દર્શન' છે. આ દર્શનમાં બસો વર્ષ પછી મહાવીર સ્વામીએ અતિ કઠિન એવા 'બ્રહ્મચર્ય' વ્રતને ઉમેરીને 'જૈનદર્શન' રજૂ કર્યું છે ઢાંકીને જેટલી સહજતા પસંદ છે, તેટલી વ્રતની તીવ્રતા પસંદ નથી. આપણે વારેવારે અનુભવીએ છીએ કે શ્વેતામ્બર-દિગમ્બર વિશે કે શ્વેતામ્બરોના ગચ્છાગ્રહો વિશે જ્યાં જ્યાં ચર્ચા કરવાનું ઉપસ્થિતિ થયું છે ત્યાં ત્યાં દિગમ્બરો પ્રતિ અને તપની તીવ્રતામાં માનતા ગચ્છો પ્રતિ ઢાંકીનો અણગમો અપ્રગટ રહ્યો નથી.

જૈનોમાં એક એવી માન્યતા પ્રવર્તે છે કે જૈનધર્મના ગ્રંથો હજારો વર્ષ પૂર્વે પ્રાકૃત ભાષામાં લખાયેલાં છે. પ્રાકૃતમાં પણ દિગમ્બરોએ શૌરસેની પ્રાકૃતને અને શ્વેતામ્બરોએ માગધી પ્રાકૃતને મહત્ત્વ આપીને પોતાના ઇતિહાસ ગ્રંથો લખ્યા છે. ઢાંકીએ આ 'ઇતિહાસ'ને ઠીકઠાક કરીને નક્કર ભૂમિકા ઉપર સ્થાપતાં કહ્યું કે હજારો વર્ષ પહેલાં તો માનવી પાષાણયુગમાં જીવતો હતો. આ પછી તો ઘણાં વર્ષો બાદ ભાષાજ્ઞાન આવ્યું અને પ્રાકૃત છેલ્લા ત્રણ હજાર વર્ષની ભાષા છે.

પ્રાકૃતમાંથી સંસ્કૃત કે સંસ્કૃતમાંથી પ્રાકૃત તે પ્રશ્ન આજે પણ વિચારાધીન છે, પરંતુ ભાષાનો ઉદ્ભવકાળ છેલ્લા છવ્વીશ હજાર વર્ષની અંદરનો અને લિપિ તો છેલ્લા પાંચ-સાત હજાર વર્ષની જ છે. આ લિપિ આજે પણ આપણે ઉકેલી શક્યા નથી, જ્યારે પ્રાકૃત લખી વાંચી શકાય તેવા પ્રમાણમાં ઘણા અર્વાચીન કાળની સ્થિતિ છે. ઢાંકીની આ સ્પષ્ટતા દિગમ્બરોના ગળે ઉતરી નથી પણ ઢાંકી પ્રાકૃતનો ઇતિહાસ સ્પષ્ટ કરીને ગયા છે તે તેમનું અવિસ્મરણીય પ્રદાન છે.

આવી જ એક અન્ય માન્યતા પાંડવોનું સ્વર્ગારોહણ સૌરાષ્ટ્રના શેત્રુંજા પર્વત પર થયા વિશેની છે. 'આવશ્યક સૂત્ર' આદિમાં આવા ઉલ્લેખો મળે છે, તેના આધારે ઘણા જૈનમુનિઓએ આ જાતના નિર્દેશોવાળા ઇતિહાસ ગ્રંથો લખ્યા છે અને એને અનુસરીને શ્રેષ્ઠીઓએ શેત્રુંજા ડુંગર ઉપર મંદિર મૂર્તિનું સર્જન કરીને તેના લેખો કોતરાવેલા છે. ઢાંકીએ ઘણી જ વિનમ્રતા સાથે આનો આડકતરો વિરોધ કર્યો છે. આજે તળેટીથી ડુંગર ઉપર જતાં રસ્તામાં વચ્ચે પાંચ પ્રતિમાઓવાળી જે દેરી આવી છે તેને 'પાંડવોની દેરી' તરીકે ઓળખાવવામાં આવે છે, પણ જૈનકથાનુસાર પાંચ પાવચ્ચાદિ પુત્રોની આ પ્રતિમાઓ છે અને શેત્રુંજા ઉપર જે પ્રતિમાને 'પાંડવકારિત' કહેવામાં આવેલા છે તે ઈ.સ.ની સત્તરમી સદીના કોઈ ધરમદાસ નામના શ્રેષ્ઠીએ કરાવી આપી છે.

જૈનોનો એક વર્ગ દ્વારકાનું આજનું દ્વારકાધીશ મંદિર મૂળમાં જૈનમંદિર હોવાનો મત ધરાવે છે. ઢાંકીએ એકથી

વધારે વખત આની સ્પષ્ટતા કરી છે કે ભગવાન નેમિનાથનું પ્રથમ કલ્યાણક 'જન્મ' દ્વારકામાં છે એટલે દ્વારકામાં એનું જૈનમંદિર જરૂર હશે, પરંતુ હાલ હયાત દ્વારકાધીશમંદિર તો મૂળથી જ વિષ્ણુમંદિરનું સ્થાપત્ય ધરાવે છે.

ગુજરાતમાં બૌદ્ધધર્મના જેટલા પ્રાચીન અને સ્પષ્ટ અવશેષો ઉપલબ્ધ છે, તેટલા જૈનધર્મના નથી. આના વિશે ડિસકળકર અને ડૉ. સાંકળિયા જેવા પુરાતત્ત્વવિદો ઈ.સ.ની સાતમી સદીથી ગુજરાતમાં જૈનધર્મનો પ્રવેશ થયો એવી માન્યતા ધરાવતા હતા. ૧૯૨૪માં ભાવનગર મુકામે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં ડિસકળકરે 'ગુજરાતના ધાર્મિક ઈતિહાસની રૂપરેખા' આપતાં નોંધ્યું છે કે 'ઈ.સ. હજાર વર્ષ પહેલાંનો જૈનધર્મ સંબંધી એક પણ ઉત્કીર્ણ લેખ મળતો નથી. વલભીના જે સંખ્યાબંધ તામ્રપત્રો મળે છે, તેમાંથી એક પણ તામ્રપત્રમાં જૈનધર્મનો ઉલ્લેખ નથી.' 'પુરાતત્ત્વની દૃષ્ટિએ ગુજરાતના પ્રાચીન ધર્મો વિશે વાત કરતાં ડૉ. સાંકળિયા લખે છે કે 'છઠ્ઠી-સાતમી સદીમાં વલભી શ્વેતામ્બર સંપ્રદાયનું મથક બન્યું તે ખરું હોય તો પણ એ અરસાના પુરાવા મળતા નથી.' ('ફાર્બસ ત્રૈમાસિક' જાન્યુ. માર્ચ, ૧૯૪૧)

**દેવાલય સ્થાપત્ય ક્ષેત્રે પોતાના ઊંડા અને વ્યાપક અભ્યાસ પછી ઢાંકીએ 'મહાગુર્જર' શૈલીની જે સ્થાપના કરી તે ગુજરાતની યશકલગી છે. દક્ષિણ ભારતના આટલાં મંદિરોમાં ગુજરાતની પોતાની એક કલાશૈલી છે. આ આપણા માટે ગૌરવ લેવા જેવી હકીકત છે**

આ સમય દરમિયાન પોતાના સ્વતંત્ર અભ્યાસથી આચાર્ય શ્રી વિજેયન્દ્રસૂરિજીએ જૂનાગઢની બાવાપ્યારા ગુફામાંથી મળેલા એક ભગ્ન શિલાલેખમાં 'કેવલિજ્ઞાન' વાંચી શકાય તેવા લેખની ચર્ચા કરી અને ગુજરાતમાં પ્રાચીનકાળથી જૈનધર્મ હોવાની સંભાવના રજૂ થઈ. આ સંભાવના ડૉ. સાંકળિયાએ સ્વીકારી છે અને 'ધ આર્ક્યોલોજી ઑફ ગુજરાત' નામથી પ્રસિદ્ધ થયેલા પોતાના શોધ નિબંધમાં ગુજરાતમાં ઈ.સના આરંભથી જૈનધર્મ હોવાનું નોંધ્યું છે. 'કુમાર' ડિસેમ્બર ૧૯૭૩માં પોરબંદર-માધવપુરના દરિયા કિનારા ઉપરથી પ્રાપ્ત પ્રાચીન જૈનમૂર્તિઓની ચર્ચા કરતા 'ગુજરાતમાં જૈન ધર્મ ક્યારથી ?' એ વિશેની ચર્ચાઓમાં 'કેવલિજ્ઞાન' એવા એક શબ્દના આધારે જૈનધર્મની પ્રાચીનતા સિદ્ધ થઈ શકે નહિ - એવો સૂર નરોત્તમ પલાણ દ્વારા ઊઠ્યો. આ બધાનો સાધાર ઉત્તર ઢાંકીએ 'પથિક' ડિસેમ્બર ૧૯૯૯માં આપ્યો, જેનું પુનર્મુદ્રણ 'નિર્ગ્રન્થ ઐતિહાસિક લેખ સમુચ્ચય' (પ્રથમ ખંડ : ૨૦૦૨)નામના પોતાના ગ્રંથમાં થયું. ઢાંકી પણ 'કેવલિજ્ઞાન' શબ્દનો આધાર લે છે અને પછી ઈ.સ. ૫૦૦, ૬૦૦, ૭૦૦ના અનુક્રમે આકોટામાંથી પ્રાપ્ત જૈન શિલ્પો, ઈડરના દિગમ્બર જૈન મંદિરમાં આવેલી પ્રતિમાઓ તથા ઢાંક(રાજકોટ)ના ગુફાશિલ્પોને 'પુરાતત્ત્વીય પ્રમાણો' ગણાવી જૈનધર્મનો ગુજરાત પ્રવેશ ઈ.સ. પૂર્વેથી થયો હોવાનું સિદ્ધ કરે છે.

ગુજરાતના ઈતિહાસમાં ઢાંકીની આ અને અન્ય ગર્વેષણાઓ એક નવા વળાંક સમાન છે. જૈનધર્મ સાથે ઢાંકીએ સમગ્ર ઈતિહાસ લેખન ઉપર નવો પ્રકાશ પાર્થર્યો છે. ઢાંકીનું અતિ મહત્ત્વનું પ્રદાન ગુજરાતના મંદિર સ્થાપત્ય વિશે છે. ગુજરાતમાં પ્રાપ્ત જૂનામાં જૂના ગોપમંદિર (જિ. જામનગર)થી માંડી વીસમી સદીમાં નિર્માણ પામેલા સોમનાથ મંદિર સુધીની ચર્ચા કરી છે અને એક સાફ સુઘડ તથા સાધાર ઈતિહાસ આપ્યો છે. દેવાલય-સ્થાપત્યના આરંભથી, સમગ્ર દેશના દેવાલયો વિશે ઢાંકીનું કામ ગુજરાત-ભારતમાં જ નહિ, વિશ્વ પ્રસિદ્ધ સ્થાપત્ય સંરચના, કલા પરંપરા અને કાળનિર્ણય-ઢાંકીનું કામ ન ભૂતો - ન ભવિષ્યતિ લાગે છે.

મંદિર સ્થાપત્યમાં મળતા વ્યાસ, પશુવારાહ, જાલ જેવાં શિલ્પો અને વિતાન (સિલિંગ) વિશે તો ઢાંકીનું એક સ્વતંત્ર પુસ્તક છે. સંખ્યાબંધ વિતાનોના ફોટોગ્રાફ્સ સાથે સ્થાપત્ય વિષયક ગ્રંથોમાં એના વિશે કેવા કેવા વિધાનો છે તેની આધાર ચર્ચા ઢાંકી દ્વારા થયેલી છે. ગુજરાતના મંદિરોની ખાસ વિશિષ્ટતા એની મુખચોકીમાં જોવા મળતું શ્રીકૃષ્ણની કાલિયદમન લીલાનું શિલ્પ છે. સૌરાષ્ટ્રના દરિયા કિનારે ઓડદર અને મૂળ માધવપુર (ઘેડ)માં નાગદમન સીસાની છતો આખા દેશમાં જૂનામાં જૂની અને કલાત્મકમાં કલાત્મક છત ગણાય છે.

અફસોસ એ છે કે ઈ.સ.ની નવમી સદીનો ઓડદર મંદિરની નાગદમન છત આપણે સાચવી શક્યા નથી ! નૂતન

મંદિર નિર્માણમાં આખું જૂનું મંદિર દૂર કરવામાં આવ્યું છે. મૂળ માધવપુર (ઘેડ)ની નાગદમન છત આજે હયાત છે અને ગુજરાતના વિરલ શિલ્પોમાંનું એક ગણાય છે.

દેવાલય સ્થાપત્ય ક્ષેત્રે પોતાના ઊંડા અને વ્યાપક અભ્યાસ પછી ઢાંકીએ 'મહાગુર્જર' શૈલીની જે સ્થાપના કરી તે ગુજરાતની યશકલગી છે. દક્ષિણ ભારતના આટલાં મંદિરોમાં ગુજરાતની પોતાની એક કલાશૈલી છે. આ આપણા માટે ગૌરવ લેવા જેવી હકીકત છે.

★ ★ ★

અર્વાચીન ઇતિહાસ લેખનનો વિચાર કરીએ તો તેમાં મધુસૂદન ઢાંકી (૧૯૨૭-૨૦૧૬) એક તેજસ્વી નક્ષત્ર સમાન છે. અલબત્ત, ઢાંકીનું મોટા ભાગનું લેખન અંગ્રેજીમાં છે. 'એનસાઈક્લોપીડિયા ઑફ ઈન્ડિયન ટેમ્પલ આર્કિટેક્ચર' જેવા અતિ મહત્ત્વના ગ્રંથો, સ્વાભાવિક છે કે ગુજરાતની શિક્ષણ સંસ્થાઓને સુલભ ન હોય, પરંતુ આબુ, શેત્રુંજો, ગિરનાર વિષયક પુસ્તિકાઓ પણ અદ્યપિ સર્વ સામાન્ય બની નથી. આજે ઇતિહાસ, પુરાતત્ત્વ અને લલિતકલાઓ વિશે અભ્યાસો વધ્યા છે ત્યારે ઢાંકીનું લેખન કેટલું એડવાન્સ છે તેનો ખ્યાલ આવે છે.

★ ★ ★

ઇતિહાસમાં દેવાલય ક્ષેત્રે તેમ સાહિત્ય અને સંગીત ક્ષેત્રે તેમજ ભરત-ગૂંથણ ક્ષેત્રે પણ ઢાંકીનું શકવર્તી પ્રદાન છે. ઢાંકીએ વાર્તા, નિબંધ અને ચરિત્રનિબંધો લખ્યા છે. ઉત્તર-દક્ષિણની સંગીતશૈલી પરત્વે મર્મગામી ચર્ચા કરી છે અને સૌરાષ્ટ્ર-કચ્છના ભરતકામ તથા મોતીકામ વિશે પણ પાયાનું કામ કર્યું છે. એક માણસ પોતાની જિંદગીમાં કેટલું આપી શકે- તેનો વિચાર કરીએ તો ઢાંકીએ પોતાના જીવનનો પૂરેપૂરો હિસાબ ગુજરાતને આપ્યો છે. અર્વાચીન ઇતિહાસ લેખનને એની એક ઊંચાઈ ઉપર સ્થાપિત કરીને ઢાંકીએ વિદાય લીધી છે. ઢાંકી આપણા સમયના એક તેજસ્વી વિદ્યાવંત અને મહાન કલામર્મજ્ઞ છે.

*૩/વાડી પ્લોટ, 'દર્શન'*
*પોરબંદર - ૩૬૦ ૫૭૫*
*ફોન. (૦૨૮૬) ૨૨૪૭૭૦૭*

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભરમાં ૧,૦૦,૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક.

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સરળ ગુજરાતી ભાષામાં સંકલન.

ભરતી ઉપરાંત સ્વરોજગાર વિષયક લેખ, જનરલ નોલેજ ક્વિઝ કોર્નર તેમજ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સંબંધી વિજ્ઞાપનો.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીઓનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો. આ ઉપરાંત આપની નજીકની પોસ્ટ ઓફિસમાં ઈ-પેમેન્ટથી પણ ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકનું લવાજમ ભરી શકો છે.

વાર્ષિક લવાજમ માત્ર રૂા. 30/-



"પરિવાર"
એન. સી. પટેલ



"વૈભવશાળી લક્ષ્મી વિલાસ પેલેસ"
ભાટી એન.



**“નિરાંત”**
જયદીપ ઠાકર


सुस्वभावा



"નમામી દેવી નર્મદે"
નટુભાઈ પરીખ



"મંઝીલ.."
વિક્રમ પગી



## “એઈ... સાંભળો છો કે...”

બનવારી રાજપૂત



"હર હર મહાદેવ"
સવજી છાયા

# લુપ્ત થઈ રહેલા લોકવાણીનાં ઘરેણાંસમ કૃષિસંસ્કૃતિના તળપદ શબ્દો

*– જોરાવરસિંહ જાદવ*

**અ**મારું ખેડૂવરણનું કહળું કુટુંબ. મારા બાપુની ખેડયવાડ્ય મોટી. રોટલો મોટો. આબરું તો એથીય મોટી. પોતે ચાર ચોપડી ભણેલા. વિદ્યા એમના કોઠે ચડેલી નહીં એટલે મને ભણાવવાની એમને ભારે હોંશ. સને ૧૯૫૫માં ગૂજરાત વિદ્યાપીઠમાં મને ભણવા મૂક્યો ત્યારે એટલું જ કહેલું : 'ધ્યાન દઈને સરખું ભણજે નંઈ તો આકરુમાં આવીને બળદિયાના પૂંછડાં આંબળવા વારો આવશે.' તે દી'થી મને સાંતી, ગાડુ, એકો, ડમણિયું, ખેતર, વાડી અને બળદિયા જેવા શબ્દોમાં રસ પડવો શરૂ થયેલો. વિદ્યાર્થીએ બળદિયાનાં પૂંછડાં આંબળવાને બદલે કાગળિયાની ખેડ્ય કરવાનું લખ્યું હશે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષય સાથે અનુસ્નાતક થયા પછી કાગળિયાની ખેતી કરતાં કરતાં લોકવિદ્યા અને લોકભાષા પર સંશોધન કાર્ય શરૂ કર્યું.

સૌરાષ્ટ્રની લોકબોલીનો અભ્યાસ આરંભતાં જ યુનેસ્કોનો એક રિપોર્ટ મારા ધ્યાન પર આવ્યો. સને ૨૦૦૮ના વર્ષને ભાષાવર્ષ તરીકે જાહેર કરીને જણાવ્યું હતું કે, દુનિયાની અડધાથી વધુ એટલે કે ૬૭૦૦ ભાષાઓના અસ્તિત્વ પર ખતરો છે. વૈયક્તિક અને સામૂહિક ઓળખ માટે ભાષાનું મહત્ત્વ છે. ભાષા ગુમ થાય તો વિશ્વ સંસ્કૃતિના ઘણાં પહેલુ એની સાથે ખોવાઈ જાય છે. અવસર, પરંપરા, યાદો અને અભિવ્યક્તિના મજાના અક્ષર સારા ભવિષ્ય માટેનો સ્ત્રોત છે. તે ખોવાવો ન જોઈએ.

આજે ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડનાં ગામડાનું લોકજીવન યંત્રયુગની આંધીમાં ઊડાઊડ કરવા માંડ્યું છે. ભૌતિક સવલતોમાં આળોટવા માંડ્યું છે. પરિણામે ગામડાંની મૂળ સંસ્કૃતિ આથમવા માંડી છે. આપણે એને વિકાસના રૂપાળા નામે ઓળખીએ છીએ. કૃષિક્રાંતિનો આરંભ થતાં ટ્રેકટરો આવ્યાં. ગામડાંમાંથી સાંતી, ગાડાં ને બળદો ગયાં. એની સાથે પંડ્યુ, પશુ અને ઘરના શણગારો અદશ્ય થયાં. ખેતર અને ખેતી સાથે સંકળાયેલા લોકબોલીના તળપદ શબ્દો ય ગયા. ભાષાના અને ધરતીનાં ઘરેણાં જેવા વિસરાઈ ગયેલા કૃષિ આનુષાંગિક લોકબોલીના શબ્દોને અહીં ઉઘાડવાનો આજે ઉપક્રમ છે, જમીનો સાથે જોડાયેલા શબ્દો તો જુઓ :

**આજે ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડનાં ગામડાનું લોકજીવન યંત્રયુગની આંધીમાં ઊડાઊડ કરવા માંડ્યું છે. ભૌતિક સવલતોમાં આળોટવા માંડ્યું છે. પરિણામે ગામડાંની મૂળ સંસ્કૃતિ આથમવા માંડી છે. આપણે એને વિકાસના રૂપાળા નામે ઓળખીએ છીએ. કૃષિક્રાંતિનો આરંભ થતાં ટ્રેક્ટરો આવ્યાં. ગામડાંમાંથી સાતી, ગાડાં ને બળદો ગયાં. એની સાથે પંડ્ય, પશુ અને ઘરના શણગારો અદૃશ્ય થયાં.**

મશીનો આજે ભખભખ કરવા મંડાણાં, પણ સૌરાષ્ટ્રમાં જૂનાકાળે વાડિયા ગામોમાં ખેડૂતો કૂવા પર મંડાણ માંડી કોસ હાંકીને વાડિયુંમાં પાણી પાતાં આ કોસ પહેલાં તો ભેંસના ચામડામાંથી બનતા પછી લોખંડના જાડાં પતરામાંથી બનવા માંડ્યા. એની સૂંઢ તો ચામડામાંથી બનતી. કોસના માથે 'વરત' જાડું રાંઢવું અને ચામડાની સૂંઢ સાથે વરતડી-પાતળું દોરડું રહેતું. કોશે બે બળદો જોડાતા. તરેલું બળદની ડોકમાં રહેતું. કોસ માટેના મંડાણ અર્થાત ટોડા ઉપર 'ગરેડી' રહેતી. એક ગરગડી નીચે રહેતી. તેના ઉપર 'વરત' અને 'વરતડી' ચાલતા. કોસનું પાણી 'થાળા'માં ઠલવાતું. થાળામાંથી 'કૂંડી'માં જતું અને કૂંડીમાંથી 'ધોરિયે' ચડીને ક્યારામાં જતું. 'પાણીતાણિયો' દાડિયો ક્યારામાં પાણી વાળતો. નવાગઢ જિ. રાજકોટના ખેડૂત-



લેખક નારણભાઈ કે. પટેલ આવા શબ્દોની નોંધ આપે છે.

જે ખેતરમાં કે વાડીમાં કૂવો હોય તે જમીનને 'વાડીયડું' કે વાડિયું ખેતર કહેતા. તેમાં કૂવાનું પાણી સિંચીને બારેમાસ ખેતી થતી. કૂવા વિનાની જમીનને ખેતર કહેતા. ખેતરમાં માત્ર ચોમાસાના વરસાદથી જ ખેતી થાય. ભાલિયા કાઠા ઘઉંની ખેતી આ રીતે જ થાય છે. આને 'ચાસિયા' ઘઉં પણ કહે છે. કહેવાય છે કે, એક વિદેશી બાઈએ ભારતમાં આવીને ભાલના દાઉદખાની ઘઉંના પ્રયોગથી કેન્સરને પણ મહાત કર્યું હતું. જયાં વરસાદી ખેતી જ થતી હોય તે જમીન 'બારેત' કહેવાય છે. આ જમીનમાં જે મોલ ઊગે તેને 'રામમોલ' કહે છે.

વાડીનો કૂવો પચ્ચીસથી ત્રીસ હાથ ઉંડો હોય છે. તેમાં જુદી જુદી દિશાઓમાંથી પાણીના આવરા આવે છે. છીછરો' કૂવો હોય તેને 'બૂટ્યું' કહે છે. જે જમીન વાવ્યા વગરની પડી રહે તેને 'ગઢાણ' કે 'પડતર' કહે છે. અન્ય પ્રકારો જોઈએ તો સાવકાળી-ઢેફાંવાળી જમીન 'કરાળ' કાળી-ધોળી માટીવાળી મિશ્રિત જમીન 'બેસર', ભૂરા રંગની જમીન 'ગોરાડું', ચૂના જેવા કાંકરાવાળી જમીન 'ચુનખડ', રેતીવાળી જમીન 'વાલસર-રેતાળ, ચીકાશ વગરની જમીન 'રેસવટ', કઠણ જમીન 'કરલ', મીઠું જામેલી' જમીન 'ખારસ' કે 'ખારોપાટ', ઢાળવાળી જમીન 'ઉતરવટ' ધોવાણ થાય તેવી જમીન 'ધ્રુફણ' પાણી ભરેલી જમીન 'ઉપલવટ' કે 'ભરત' જમીન તરીકે ઓળખાય છે.

**મારા બાપુ રજવાડાઓના વખતની વાતું ઉખાળે ત્યારે ઘણીવાર એ કાળના વિચિત્ર કરવેરાની વાતુંય કહેતા : એ કાળે ખેડુઓ પાસે સાંતીવેરો, ઉપનીવેરો, વાડીવેરો, વીઘાવેરો, ડગલીવેરો, કુંવરપછેડો, પાણીવેરો, પૈડાંવેરો, ઉચકાવેરો, સમરીવેરો, પૂંછીવેરો અને ઉભડવેરો. રાજ તરફથી લેવાતો. પૂંછીવેરો એટલે ખેડૂત પાસે જેટલા ઢોરઢાંખર હોય તેનાં પૂંછડાદીઠ વેરો લેવાતો. ઉભડવેરો ખેતી ન કરનાર ઉભડ લોકોએ ભરવો પડતો.**

આવી જમીનમાં જુવાર, બાજરો, બાજરી, ઘઉં, ચણા, તલ-તલી મકાઈ વગેરે પાકો લેવાય છે. જુવાર, બાજરાના ફાલને 'ડુંડા' અને ઘઉંના ફાલને ડૂંડી અથવા ઉંબી, ચણાના ફાલને 'પોપટા', કપાસના ફાલને જીંડવાં, જુવારના ચડેલ અનાજને 'ડુંડા' કે કણસલાં તરીકે ખેડૂતો ઓળખે છે.

સૌરાષ્ટ્રના વાડિયા ગામના ખેડૂતો આજેય શેરડીના વાઢ કરી શેરડી પીલીને 'ગઢિયા' દેશી ગોળની 'ભેલિયું' પાડે છે. આવો 'વાઢ' ભરડાય ત્યારે જ્યાં શેરડીના ક્યારા પૂરે તે જમીનને 'પાટ' કહેવાય છે. 'ચિચોડા'માં શેરડી પિલાતી (એ કાળે મશીનો નહોતાં) ગોળ બનાવનાર માણસોની મંડળીના માણસો જુદા જુદા નામે ઓળખાતા. ચિચોડામાં શેરડી નાખનાર માણસને 'ભોરિયો', ગોળ પકવનારને 'ગળાવો', ચૂલમાં લાકડાં ઓરનારને 'ભાડવાળો', શેરડી પીલનારને 'પિલાવો', 'પીલેલ શેરડીના કૂચા બહાર કાઢનારને 'કૂચિયો' શેરડીના કટકા કરે તેને 'ફાંસીઓ', શેરડીના આગળાં કાપનારને 'આગળિયો' કહેતા.'

આજે ખેતી માટે યાંત્રિક ઓજીરો આવતાં જૂના ઓજારો ભૂલાવા માંડ્યાં છે. જૂના ઓજારો ને સાધનો જુઓ : કોસ, કોદાળી, ત્રિકમ, પાવડો, ખંપાળી, ઘોડી, સૂંડલો, ડાલું, સૂંડલી, માણું, ગાડું, ઓરણી-ડાંડવા, ખાતરણી, રાસ, રાંઢવું, છીંકલી, પરોણો-પરોણી, ખરપિયો, દંતાળ, હળ, બગડો, કળિયું, રપટો, દાતરડું, દાતરડી, કુહાડી, ગોફણ, ઢીંગલી, રાંપ-રાંપડી, સૂપડું, ગાડાના ભાગો,ડાગળી, પૈડાં, ધરો, પોખાની, ઊંટડો, ઉધ્ય, નાડુ, જોંહરું, જોતર, ઠાઠિયું, છીંકુ, ભંડકિયું ઈત્યાદિ.

મારા બાપુ રજવાડાઓના વખતની વાતું ઉખાળે ત્યારે ઘણીવાર એ કાળના વિચિત્ર કરવેરાની વાતુંય કહેતા : એ કાળે ખેડુઓ પાસે સાંતીવેરો, ઉપનીવેરો, વાડીવેરો, વીઘાવેરો, ડગલીવેરો, કુંવરપછેડો, પાણીવેરો, પૈડાંવેરો, ઉચકાવેરો, સમરીવેરો, પૂંછીવેરો અને ઉભડવેરો. રાજ તરફથી લેવાતો. પૂંછીવેરો એટલે ખેડૂત પાસે જેટલા ઢોરઢાંખર હોય તેનાં પૂંછડાદીઠ વેરો લેવાતો. ઉભડવેરો ખેતી ન કરનાર ઉભડ લોકોએ ભરવો પડતો.. ખેડૂતની ખેતીની પેદાશ આવે ત્યારે સરકારી વેરો લેવાતો તેને 'વજેભાગ' કહેતા. ગામને પાદર જ્યાં ખેતીની પેદાશ ભેગી કરાતી તેને 'માખળ' કે 'ખળાવાડ' કહેતા. રાજભાગ આપ્યા પછી જે અનાજ વધે તેને 'ગંજવધારો' કહેતા. આ ગંજવધારામાંથી ગામના વસવાયાઓ ખેડૂત પાસે 'આવત' ના દાણા માગવા આવતા. તેમના માટે જે ભાગ કાઢવામાં આવે એને 'પડધરો' અર્થાત્ 'મજમુ' કહેતા. સદાવ્રતી એટલે સાધુ - બાવા - ફકીર - પૂજારી માગવા આવતા તેને 'ખોળો' કહેતા. સરકારી જમીનમાં ગામના ઢોર ચરાવ્યા હોય તેની 'પાનચરાઈ' આપવી પડતી.

શેઢાની તકરાર હોય ત્યારે ખેડૂતો જમીનની માપણી

**(અનુસંધાન પૃષ્ઠ ૧-૭૮ ઉપર)**

# લોકમહાકાવ્યોના વાહકો

*– હસુ યાજ્ઞિક*

**મા**નવસંસ્કૃતિને બાંધનાર અને સાતત્યપૂર્વક પ્રવાહિત રાખનાર પાયાનું સત્ત્વ અને તત્ત્વ કલા છે. એનો જ એક પ્રકાર તે સાહિત્ય છે, જેના જ્ઞાનાત્મક અને રસાત્મક બન્ને પ્રકારો સંસ્કૃતિનો મુખ્ય આધાર છે. સાહિત્યનું માધ્યમ ભાષા છે, વાણી છે અને તેમાં જે કંઈ જ્ઞાનાત્મક તેમ જ રસાત્મક સાહિત્ય રચાયું તે મૌખિક અને લિખિત એવી બે પરંપરાઓમાં વહેતું રહ્યું છે. એમાં સંસ્કૃતિના આરંભથી માંડીને તે આજ સુધીની સંપદા જળવાતી આવી. આમાં મૌખિક પરંપરા મુખ્ય અને પ્રારંભની છે, કેમ કે, તેનું માધ્યમ વાણી છે, ઉચ્ચારાત ધ્વનિઓ અને તેમાંથી પ્રાપ્ત થતા અક્ષરો અને શબ્દો છે. પ્રાણીમાત્રને એની ઉત્પત્તિ સાથે જ ધ્વનિ પેદા કરવાની, એના નાદમાંથી સાંકેતિક અર્થવાહક ધ્વનિઓ પેદા કરવાની, પોતાનાં ભાવસંવેદન ઈચ્છા-અનિચ્છા- આંકાક્ષાને પ્રગટ કરવાની શક્તિ કુદરતે આપેલી. અન્ય પ્રાણીથી વિશેષ વિકાસ પામેલા માનવે નૃવંશસાસ્ત્ર-એન્થ્રોપોલોજી-પ્રમાણે કુલ નવ તબક્કે વિકાસ કર્યો તેમાં અગ્નિ, ચક્ર પછીની ત્રીજી શોધ ‘વાણી’ની. નાદજન્ય અક્ષરમાંથી શબ્દ અને શબ્દોમાંથી વાક્ય અને અર્થ સિદ્ધ થયા. આમ માણસ ‘બોલતો’ પહેલાં થયો, પછીના યુગોમાં જ લિપિની શોધ થઈ અને લખતો થયો. આથી મૌખિક પરંપરા મુખ્ય અને પ્રારંભિક છે. લિખિત પરંપરા એ પછીની છે. આથી પ્રાચીનતમ કાળથી માનવઉપાર્જિત જે કંઈ જ્ઞાન સંસિદ્ધ થયું તે મુખ-પરંપરાથી, મૌખિક માધ્યમે અને અનુગામીકાળે લિખિત. સાહિત્યના માધ્યમ માટે લિખિત પરંપરા આવી તે પછી પણ શ્લોક અને લોક બન્નેમાં મૌખિક પરંપરા પણ ટકી, ક્યાંક મુખ્ય જ રહી. એનું સૌથી મોટું ઉદાહરણ વેદ છે. વેદ લિખિત પરંપરાના જ વ્યાપક સ્વીકાર અને પ્રસાર પછી પણ મૌખિક પરંપરામાં જ જળવાયા. વેદોત્તર પૌરાણિકકાળ, વીરગાથાકાળ અને પ્રશિષ્ટ કાળમાં રચાયેલાં સાહિત્યે લિખિત સ્ત્રોતનું માધ્યમ અપનાવ્યું પરંતુ વેદસાહિત્ય, મૂળ વેદસંહિતાએ તો મૌખિક પરંપરાને જ સ્વીકારી. આવું જ લોકસાહિત્યમાં, ખાસ તો લોકમહાકાવ્યમાં અનુસરાતું જોઈ શકાય છે. યુરોપમાં તો હોમર, દાન્તે જેવા મહાકવિઓએ એમના સમયની લોકમહાકાવ્યની પરંપરાને આધારે સંબંધિત કથાનકોને વિશિષ્ટ ઘાટઘૂટ આપી પોતાની ભાષાશૈલી સાથે કૃતિનાં રૂપોમાં બાંધ્યાં એ પછી મહાકાવ્યની મૌખિક લોકપરંપરા લુપ્ત થઈ. ભારતમાં આવું ન બન્યું. રામકથાને આદિકવિ વાલ્મીકિએ કૃતિના રૂપમાં, પોતીકા વિશિષ્ટ દર્શન સાથે ‘રામાયણ’રૂપે નવનિર્મિત કરી તથા શ્રીકૃષ્ણકથા અને પાંડવકથાઓના વિવિધ રૂપાન્તરોનું આદર્શ સંયોજન કરી તેજસ્વી મેધાવી વેદ વ્યાસે ભાગવત અને મહાભારત જેવી વિશ્વશ્રેષ્ઠ સાહિત્યકૃતિ રચી, તે પછી પણ ભારતની આદિવાસી અને ગ્રામીણ એ બન્નેની લોકકંઠની પરંપરાઓ પણ સમાન્તર વહી. આમ મૌખિક પરંપરાનો આ પણ ભારતીય સાહિત્યનો પ્રવાહ છેક વીસમી સદીના પૂર્વાર્ધ સુધી ધબકતો રહ્યો છે. આમ છતાં આશ્ચર્ય એ છે કે, પાશ્ચાત્યમાં ‘ઑરલટ્રેડિશન’ પર જેટલા અભ્યાસ-સંશોધનો થયાં, ગ્રંથો રચાયા તેની સામે ભારતમાં તો લગભગ નહીંવત કાર્ય થયું છે. આપણા છેલ્લા બે સદીના લોકસાહિત્ય સંશોધન-અભ્યાસમાં મૌખિક પરંપરા પર, એનાં સ્વરૂપ અને તાત્ત્વિક અંગો પર સામાન્ય લેખ પણ ભાગ્યે જ જોવા મળે છે. પશ્ચિમ ભારતમાં જ છેલ્લી અર્ધ સદીમાં આઠ-દશ જેટલાં લોકમહાકાવ્યો સંપાદિત થયાં, એના પર અભ્યાસ - સંશોધન થયાં પણ તેમાં કોઈએ પણ આજ સુધી આટ-આટલી સુદીર્ઘ ગદ્ય-પદ્યશ્રિત રજુઆતની કૃતિઓ કથાવાહકોએ કઈ રીતે પોતાના કંઠમાં જાળવી, આવા કથાકથનગાનના વાહકોની કથાને સ્મૃતિમાં જાળવવાની, કંઠસ્થ કરીને તેનું રસપૂર્ણ વૈવિધ્ય સાથે પરફોર્મન્સ (રજુઆત) કરવાની કલા કેવી રીતે સિદ્ધ કરી, એમની પદ્ધતિ કેવી હતી, પિતાપુત્ર તેમ જ ગુરુશિષ્ય પરંપરા કેવી હતી, આવી કથાઓ કયા આંતરિકબળે સાતત્યથી વહેતી રહી, ધર્મ અને વિધિ સાથેના આવી કથાના અનુબંધનું પરિણામ શું આવ્યું, જે કથાઓ પ્રત્યક્ષરૂપે ધર્મ સાથે સંકળાઈ નથી તથા દંતકથામૂલક કલ્પિત અને મહદંશે મનોરંજક છે, તેવી કથાઓ પણ કયા કયા કારણે કથાતી-ગવાતી રહી, કયા સાંસ્કૃતિક સામાજિક બંધનોના કારણે આવી કથાઓએ પણ લોકોનાં મન-હૃદય જીત્યાં, કથાવાહકોનું સંસ્થારૂપ કેવી રીતે બંધાયું, એનું મુખ્ય માળખું કેવું છે : આવું વિચારવામાં જ ન આવ્યું. આપણું કેન્દ્ર કથાઓ અને તેના સંપાદક-સંશોધકો પર જ રહ્યું, જેમના દ્વારા આ બધું જળવાયું અને આપણને વર્તમાન સદીમાં પણ મળી શક્યું એમને માત્ર નિમિત્તભુત એવા ‘માહિતીદાતા’ના કૌંસમાં કેદ કર્યા. અભ્યાસ તો ઠીક આવા પૂર્વસૂરિઓના ઋણસ્વીકાર કરીને ન તો યાદ કર્યા, ન સન્માન્યા ન એમને કોઈ પારિતોષિકો આપ્યાં !

આ સ્થિતિના પ્રારંભિક વારણ-નિવારણ માટે લોકમહાકાવ્યની મૌખિક પરંપરાના વાહકો વિશે સ્વાધ્યાય-અભ્યાસ અહીં આપ્યો છે.

પશ્ચિમ ભારતનાં લોકમહાકાવ્યોના સંશોધક-સંપાદક

લેખે મારી દષ્ટિએ સમયાનુક્રમે કન્હૈયાલાલ ‘સહલ’, રાણી લક્ષ્મીકુમારી ચૂંડાવત, જે.ડી.સ્મિથ, શાંતિભાઈ આચાર્ય અને ભગવાનદાસ પટેલ મુખ્ય છે. એમનાં સંપાદન-સંશોધનોમાં લોકમહાકાવ્યના વાહકોનું સંસ્થાગત માળખું બાંધવાની કેટલીક સામગ્રી મળે છે.

પ્રારંભક એવા કન્હૈયાલાલ ‘સહલ’નો કાર્યારંભ ઈ.સ ૧૯૫૩નો છે. આ સમયે નિહાલદેના પરવાના (વિદેશ ગયેલા પતિ સમક્ષ વિરહ વેદના અને દેશમાં પાછા ફરવાનો સંદેશ-પત્ર) લોકગીત રૂપે વિશેષ લોકપ્રિય અને પ્રચલિત હતા. કેટલાક આલ્હાગાયકો, ભોપાઓ, નાથજોગીઓ એની કથા માંડતા હતા પરંતુ ‘નિહાલ દે- સુલતાન’ લોકમહાકાવ્યનાં કથન-ગાનની નાથપંથી જોગીઓની પરંપરા ઘસાતી ગયેલી. ઈ. ૧૯૫૩માં કન્હૈયાલાલ ‘સહલ’ને રાહુલ સાંકૃત્યાયને આ કૃતિ સંપાદિત કરવાનું સૂચવ્યું. અનેક પ્રયત્નો છતાં પૂરું લોકમહાકાવ્ય કંઠસ્થ હોય એવો નાથજોગી ન મળ્યો. સદ્‌ભાગ્યે કન્હૈયાલાલે જયદયાલનાથ નામનો બરફના ગોળાની લારીવાળો મળ્યો, જેને સમગ્ર લોકમહાકાવ્ય અંતર્ગત સુલતાનના બાવનસાકા (પરાક્રમ)માંથી મોટાભાગના સાકા અને સંબંધિત પદ્યો ગાન સમેત કંઠસ્થ હતા. આ જમાનામાં હજુ સંશોધકો માટે ટેપરેકોર્ડર સુલભ ન હોવાથી કન્હૈયાલાલે કુલ દશ રજિસ્ટર ભરીને કૃતિપાઠ ઉતાર્યો. પરંતુ છાપે કોણ ? આર્થિક સહાય કોણ આપે સંશોધકને? અંતે હિંદી સામયિક ‘મરુ-ભારતી’ના તંત્રી હપ્તાવાર ગદ્યસાર પ્રગટ કરવા તૈયાર થયા. પરંતુ આખી કૃતિના સંપાદિત પાઠનું શું? છેવટે પ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને લેખક લક્ષ્મીનિવાસ બિરલાની આર્થિક સહાયે ઈ. ૧૯૭૨માં ‘નિહાલદે સુલતાન’ પ્રકાશિત થયું. એ હાલ દુર્લભ છે. પરંતુ સહલે તા. ૧૩-૦૪-૧૯૭૨ના રોજ આ સંપાદનની નકલ લબ્ધપ્રતિષ્ઠિત સંશોધક, ભાષાશાસ્ત્રી ડૉ. હ.ચૂ.ભાયાણીને ભેટ આપેલી, જેના આધારે આ સાંગોપાંગ ચૂસ્ત કથા ધરાવતી કૃતિનો ગદ્યસાર અને અભ્યાસ મેં આપ્યો જે લોકમહાકાવ્ય : સ્વરૂપ, પ્રકાર અને કૃતિ અભ્યાસ નામના મારા ડૉ. બલવંત જાની સંપાદિત ગ્રંથમાં છે. અહીં જોઈ શકાશે કે જોગીઓને લાચાર બનીને અંતે છૂટક ફેરિયાનું કામ કરવું પડ્યું ત્યારે પણ અંતરના લગાવથી જ આવા કથાવાહકો નિજાનંદે દીર્ઘકૃતિનું ગાન કરતા હતા.

આ પછીનું કાર્ય રાણીલક્ષ્મીકુમારી ચૂંડાવતનું છે. એમણે, આરંભના ત્રણેક સંપાદકોના લઘુ કે સારરૂપ પુસ્તકો પછી બગડાવત દેવનારાયણ મહાગાથાનું કન્હૈયાલાલના પુસ્તક પહેલાં જ ઈ. ૧૯૭૭માં પ્રકાશન કર્યું. ગુજરાતમાં અનુગામી ગાળામાં આ ક્ષેત્રનાં સંપાદનો થયાં તેનાં પ્રેરણામૂળમાં રાણી લક્ષ્મીકુમારી ચૂંડાવતનું સંપાદન છે. પોતે રાજવંશી સમૃદ્ધ અને વગદાર હોવાને કારણે એમના સમયના ઉત્તમ કથાગાયક ભોયાઓને મેળવી શક્યાં અને આ ગાળામાં જ જૈનસ્ત્રોતના સંશોધક મુનીઓની પ્રેરણાથી રાજસ્થાનમાં ‘ભારતીય પ્રાચ્યવિપ’ (ઈન્ડોલોજી)નો દઢ પાયો નંખાયેલો, સંસ્કૃત- પ્રાકૃતના પ્રશિષ્ટ ગ્રંથોનાં સંપાદનો થયેલાં અને વિશ્વવિખ્યાત ભારતીયવાદી ફ્રેન્ચવિદુષી સાર્લોત વાંદબીલે પણ રાજસ્થાનમાં રહીને રામાયણ, કબીરવાણી અને ઢોલામારું પર સંશોધન કરેલું, અન્ય પશ્ચિમના વિદ્વાનો રાજસ્થાનમાં રહી, ક્ષેત્રકાર્ય કરી, મૌખિક પરંપરાની કૃતિઓ પર સંશોધન-સંપાદન - અભ્યાસ કરતા હતા. એ કારણે રાણી લક્ષ્મીકુમારી શાસ્ત્રીય પદ્ધતિએ પાઠ નિર્ધારણ અને અભ્યાસ આપી શક્યાં. આ વીરગાથાનાં ગાનકથન કેવાં જોશપૂર્ણ ઓજસ્વી બાનીમાં થતાં એનું દષ્ટાંત આપતાં રાણી લક્ષ્મીકુમારી જણાવે છે, ‘બગડાવતની યુદ્ધ ગાથા એવી જોશીલી જબાનમાં ગવાય છે કે અમુક ભાયાઓ તો સૂકાં ઘાસનો પૂળો ઊંચે લટકાવે છે અને વીરગાથા શિખર-બિંદુએ પહોંચે છે ત્યારે ઘાસના પૂળામાં આપોઆપ આગ લાગે છે.’ આ કથાના સામર્થ્યને દર્શાવવાની એક પદ્ધતિ કે રીતિ છે, દીપકરાગ ગાવાથી દીપ આપોઆપ પ્રગટે અને ગાનારના દેહમાં અસહ્ય દાહ થાય,એ કુળની.

આ યુગના સર્વોત્તમ એવા શાસ્ત્રીય સંપાદક- સંશોધક મૂળ ઉત્તરપ્રદેશ બાલિયાના શાસ્ત્રીય પરંપરાના ડૉ. શ્યામ મનોહર પાંડેય (જન્મ. ૧૯૩૬) એમણે ઈટલીની એશિયન સ્ટડીઝ નેપાલી યુનિ., નેપલ્સ, શિકાગો અમેરિકાની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન સ્ટડીઝ, લંડનના ઑરિએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝ વગેરેમાં કાર્ય કર્યું અને આ યૂરોપિય સંસ્થાની સહાયથી ઈ. ૧૯૬૫થી ૨૦૦૧ સુધીના ગાળામાં લોરિક અને ચંદાની પ્રેમકથા પરના આઠેક પ્રદેશ અને ભાષા/બોલીના લોકમહાકાવ્યો પર સંપાદન કર્યું, એનાં આઠ સંપાદનો આપ્યાં જેમાં ભોજપૂરીનું ‘લોરિકી’ અને અવધીનું ‘ચનૈની’ સંશોધન-અભ્યાસ સાથે સંપાદન કર્યું. લોકમહાકાવ્ય જેવી સુદીર્ઘ કથ્ય-ગેય કૃતિઓનાં મૂળ પાઠનું સંપાદન કેવી રીતે કરાય, કૃતિના અને કથકનાં જીવનકાર્યનાં કેવાં-કેટલાં પાસાંઓ પર અભ્યાસ થવો જોઈએ, આ માટે ડૉ. પાંડેય ઉત્તમ આદર્શ છે. અન્ય કોઈપણ, પહેલાના કે પછીના સંપાદક કરતા લોકમહાકાવ્યના કથાવાહકો, એમની રજૂઆત, શ્રોતાવર્ગની સામેલગીરી વગેરેમાં ડૉ. પાંડેયે અભુતપૂર્વ અને અદ્‌ભુત કાર્ય કર્યું છે.

ડૉ. પાંડેયનાં સંપાદનોમાં ‘ચનૈની’ ગાયક રામઅવતાર ‘વિરહિયા’, ભોજપુરીના મુખ્ય ગાયક શિવનાથ ચૌધરી અને તેની શિષ્યપરંપરાના રામદેવ, અને અન્યમાં રામસકલ યાદવ, ઓરીલાલ, પંચુ ભગત, સુખુદાસ યાદવ, દલાલ મલ્લાહ, તુલસી યાદવ વગેરેનાં જીવન-કાર્ય, કથાવાહક તરીકેની લાક્ષણિક્તા, તેમની રજુઆતમાં સ્થળ, સમય અને શ્રોતા એ ત્રણે અંગોને ધ્યાનમાં લઈને કથાને યોગ્ય એવો ઘાટઘૂટ આપવાની શક્તિ, માનસિક પાઠ (Mental text)ના આધારે મૂળકૃતિના કંઠસ્થપાઠ (Memorised text) અને શીઘ્ર કાવ્યરચનાથી તેની કૃતિ

રજુઆત, કથાગાન સમયની વાહકની મનઃસ્થિતિ (Mens Rea), શ્રોતાઓની સહભાગીતા વગેરે બધાં જ મહત્ત્વનાં અંગો આવરી લીધાં છે. આપણી પાસે ગુજરાતી સાહિત્યના નરસિંહથી માંડીને તે દયારામ તેમ જ નર્મદથી માંડીને તે વર્તમાનકાળના લિખિત પરંપરાના સાહિત્યકારોનાં જીવનકાર્યને આલેખતા ઇતિહાસ છે પરંતુ મૌખિક પરંપરાના આવા જ સમર્થ સાહિત્યકારો વિશે કોઈ માહિતી નથી! લિખિત પરંપરાને જ 'શિષ્ટ' અને 'સાહિત્ય'માની લેવાની આપણી આવૃત્તિને કારણે ગુજરાતના ચારણી-બારોટી ભીલી સ્ત્રોતના સાહિત્ય અને સાહિત્યકારોનો પણ ઇતિહાસ નથી, ત્યાં આવાં મૌખિક સાહિત્યના પણ ધુરંધરોની કોઈ જ માહિતી ક્યાંથી હોય? જો મૌખિક પરંપરાના સાહિત્યના વાહકોની રજુઆતનાં સંપાદનો-સંશોધનો-અભ્યાસો તપાસીએ તો જ આપણે કેટલુંક જાણી શકીએ. આ વર્ગ ડૉ. પાંડેય કહે છે તેમ નિરક્ષર (ઈલીટરેટ) છે. અશિક્ષિત (અનએડ્યુકેટેડ) નથી ! એમને પણ અંતરંગી રંગદર્શી એવું વ્યક્તિત્વ છે, સર્જકતા છે, સ્વકીય એવી શિક્ષણની અને ઘડતરની અનૌપચારિક ગુરુમુખી વિદ્યાની પદ્ધતિ છે. એક માત્ર રામઅવતાર 'વિરહિયા'નું જીવનકાર્ય તપાસીએ તો મર્મસ્પર્શી એવા વિરહગાનની પ્રતિભાના કારણે અનેક રાજ્યોમાં પ્રસિદ્ધ થયેલો શીઘ્રકાવ્યની પણ શક્તિ ધરાવતો આ વાહક કેટલો રસિક-રંગદર્શી અને કથાના મર્મને ઉઘાડી આપતો લોકકલાકાર કેવો હોય છે તે જાણી શકાય. લઘુલેખની મર્યાદાને કારણે આ બધી જ વિગત અહીં આપવાનું શક્ય નથી. વિશેષ-અભ્યાસ કરવા ઈચ્છનારને મારા અવધી લોકમહાકાવ્ય 'ચનૈનીઃ કૃતિનિષ્ઠ અભ્યાસ' (૨૦૧૫) પુસ્તકમાંથી વિગત મળશે.

ડૉ. શ્યામ મનોહર પાંડેય જેટલું બીજું એવું જ સર્વોચ્ચ શિખર છે. ડૉ. જે.ડી. સ્મિથનું 'એપિક ઓફ યાબુજી' (૧૯૯૨) રાજસ્થાનમાં જ રહીને તેમણે ઈ. ૧૯૬૯માં સંપાદનનું કાર્યપૂર્ણ કરી, પંદર વર્ષ એના પટચિત્ર, પરંપરા, સંગીતમય રજૂઆત, પાઠનું શાસ્ત્રીય સંપાદન અને ભોપાઓની સંસ્થા પર ઊંડું અધ્યયન કરી આ પુસ્તક પ્રગટ કર્યું છે. એમાં અનેક પાસાંઓ પરનાં અભ્યાસ-સંશોધન છે જે ધર્મ અને વિધિસંલગ્ન 'ગુજરાત અને રાજસ્થાનની કથાઓ : એક તુલનાત્મક અભ્યાસ' (૨૦૧૩)માં છે. પ્રસ્તુત વિષયના સંદર્ભમાં અહીં મહત્ત્વની વિગત એ છે કે એમણે એમના 'પાઠ'માં જે પરબૂ ભોપાની રજુઆતની સહાય લીધી, તેની અનેક પાસાંઓની વિગત આપી છે. તેમાં સ્પષ્ટ થાય છે કે, જેમને આપણે માત્ર રજૂઆત કરનારા કલાકાર (Performing Artist) માનીને ચાલ્યા છીએ એ વર્ગ ઉચ્ચ તર્કશક્તિયુક્ત પ્રતિભા ધરાવતો હોય છે. કોઈપણ કથાના પાત્ર અને સંલગ્ન ઘટનાને પોતે તર્કબુદ્ધિએ વિચારી મૂલવે છે. ઈન્ટરપ્રીટ કરે છે. એની કૃતિના પાઠના ગદ્ય અને પદ્યના અંશોને જુદા પાડી, કડીએ કડીને ક્રમાંક આપી સ્મિથ પ્રયુક્ત શબ્દોની કુલ સંખ્યા અને અર્થછાયાનો તફાવત નોંધે છે. આ વાહક 'એક' એ શબ્દને ૧,૮૬૧ વાર અને અન/અણ (અને) ૧,૩૯૪ વાર પ્રયોજે છે, પરંતુ સંદર્ભગત અર્થ ભિન્ન ભિન્ન હોય છે.

**આ ક્ષેત્રમાં ગુજરાતમાં થયેલાં કાર્યોને કથાવાહકોની દૃષ્ટિએ તો એમાં પ્રારંભક મેઘાણી, ફરામજી બહુમનજી, F.B., શાંતિભાઈ આચાર્ય અને જયાનંદ જોશી મુખ્ય છે. આમાં બધા અભ્યાસીઓ જે વીગત આપે છે તે પ્રમાણમાં લઘુ એવી કથાઓ અને ગીતોનો સમાવેશ થાય છે, એથી, આપણા મુખ્ય વિષયની દૃષ્ટિએ એમણે આપેલી વીગતમાં જવું અનિવાર્ય નથી.**

આ ક્ષેત્રમાં ગુજરાતમાં થયેલાં કાર્યોને કથાવાહકોની દૃષ્ટિએ તો એમાં પ્રારંભક મેઘાણી, ફરામજી બહુમનજી, F.B., શાંતિભાઈ આચાર્ય અને જયાનંદ જોશી મુખ્ય છે. આમાં બધા અભ્યાસીઓ જે વિગત આપે છે તે પ્રમાણમાં લઘુ એવી કથાઓ અને ગીતોનો સમાવેશ થાય છે, એથી, આપણા મુખ્ય વિષયની દૃષ્ટિએ એમણે આપેલી વિગતમાં જવું અનિવાર્ય નથી. મહાકાવ્યકુળની દીર્ઘ કૃતિઓનાં સંપાદનોમાં ડૉ. એલ. ડી. જોશીનું ગલાલેંગ, ડૉ. ભગવાનદાસ પટેલનાં 'રાઠોર વારતા' (૧૯૮૨), 'ગુજરાંનો અરેલો' (૧૯૯૩), 'રામસીતામાની વારતા' (૧૯૯૫), અને 'ભીલોનું ભારત' (૧૯૯૭) તથા શ્રી ડાહ્યાભાઈ વાઢુનાં 'કુકણા રામકથા' (૨૦૦૩)નો સમાવેશ થાય છે. આમાં કથાવાહકના સંસ્થાગત સ્વરૂપને સમજવામાં વિશેષ ઉપયોગી અને નવી જ સામગ્રી ભગવાનદાસ પટેલનાં સંપાદનોમાં મળે છે. એમણે અરેલા ગાયક રાજીભાઈ ધૂળાભાઈ, ભીલોના ભારથના ગાયક નાથાભાઈ ભૂરાભાઈ ગમાર, ભક્તાભાઈ રોહીસા, ગમાર જીવાભાઈ ઝાલાભાઈ વગેરેની વિગત ચર્ચી છે. રામકથા આદિવાસીઓના કોઈ મહત્ત્વના આનુષ્ઠાનિક વિધિ-વિધાનમાં સંકળાયેલી ન હોઈ એના પૂર્ણ પાઠના જાણકારના અભાવે સંપાદકને ભીલ સાધુ ખાંટ નાનજી, એમના ત્રણ પુત્રો લાખાભાઈ-જીવાભાઈ-પાબુભાઈ તેમજ પારઘી નાથાભાઈ ભેમાભાઈના પુત્ર હિલાભાઈ, નાથાભાઈના ચેલા ગમાર લાડુભાઈ રાજાભાઈ તથા ડાભી સાયબાભાઈ, ખાંટ નવજીભાઈ દેવાભાઈ વગેરેની સહાય લીધી. દીર્ઘકથાઓ-લોકમહાકાવ્યકુળમાં જેનો સમાવેશ થતો નથી એવી લગ્ન અને અંત્યેષ્ટિ જેવી વિધિઓ સાથે સંકળાયેલી ભીલી ગીતકથાઓ અને ભજનોના પણ જે માહિતી દાતાઓની વિગત છે તે પણ મૌખિક પરંપરાના વાહકોનાં સંસ્થાગત માળખાંના અભ્યાસમાં વિશેષ સહાયક છે. એમાં પણ હરમાબાઈ તથા એમના પરિવાર અને પુત્ર પરંપરાની દૃષ્ટિએ ઘણી ઉપયોગી વિગતો મળે છે. ખાસ તો ઉજળાં અને મેલાં દેવોનાં અનુષ્ઠાનો કેવાં જુદાં છે, ભીલી સંસ્કૃતિ સાથે એનો કેવો અતૂટ અનુબંધ છે, ભીલી

સાધુઓની સંસ્થાએ પણ મૌખિક પરંપરાના સાહિત્યમાં કેવું - કેટલું પ્રાણવાન અર્પણ આપ્યું, રજૂઆતનાં પદ્ધતિ અને સ્વરૂપ કેવાં છે, એક વૃંદ દ્વારા જ આવી કૃતિની સગાન, સનૃત્ય, અંતરંગ લગાવ સાથે રજુઆત થાય છે : આવાં અનેક પાસાંઓ અંગે અહીં શ્રદ્ધેય વિગત મળે છે.

લોકમહાકાવ્યના વાહકોની સંસ્થાના, એમની સમર્થ પરંપરા અને યોગદાનની સંક્ષેપમાં આટલી વિગત સાથે મૌખિક દીર્ઘ પરંપરાના વાહકોના સંસ્થાસ્વરૂપનાં માળખાંને સ્પષ્ટ કરી આપે છે તેવા કેટલાક મુદ્દાઓ તારણરૂપે અંતે જોઈએ :

૧. દીર્ઘકથાઓનાં કથનગાનમાં નાથબાવા, જોગી, ભરથરી, તૂરી, ભોપા, ભીલસાધુ વગેરેનો સમાવેશ થાય છે. કેટલાક અપવાદ બાદ કરતાં મોટા ભાગના આવા વાહકો કેવળ આજીવિકા માટે જ આ પ્રવૃત્તિ કરતા ન હતા. એ મને સહુ આછી પાતળી ખેતી, પશુપાલન, છૂટક મજૂરી કરતાં હોય છે. એમનાં પ્રવાસ અને પ્રસ્તુતિ માટે કોઈ નિશ્ચિત આર્થિક વળતરની અપેક્ષા હોતી નથી. સહુ કલાકારો અને વૃંદો આ પ્રવૃત્તિ બદલ જે કંઈ પુરસ્કાર પામે તેનો જ સ્વીકાર હોય છે.

૨. આવા વાહકોમાં પિતા-પુત્ર પરંપરા, કુળવંશ જાતિ પરંપરા હોય છે તેમ અનૌપચારિક અવેતનીય એવી ગુરુ-શિષ્ય પરંપરા પણ જોવા મળે છે. ધાર્મિક વિધિસંલગ્ન આનુષ્ઠાનિક કથન-ગાનમાં મુખ્યત્વે કુળપરંપરા જોવા મળે છે. પાબૂજીના ભોપા અને ભીલ સાધુ જેમ સીધી રીતે આનુષ્ઠાનિક ન હોય, મનોરંજક હોય, યત્રજન્મ-લગ્ન-મેળા-ઉત્સવાદિ અનુષંગે જેનાં ગાન-કથન થતાં હોય તેમાં ગુરુશિષ્ય પરંપરા જોવા મળે છે. લોરિક-ચંદ્રા પરનાં લોકમહાકાવ્યોમાં અહીર ઉપરાંત ગડરિયા જેવા પશુપાલકો પણ અંતરંગ આકર્ષણે કોઈપણ જાણકાર પાસે મહાકાવ્યગાન-કથન શીખે છે, સાચો કલાકાર કશા જ વળતર કે બીજી અપેક્ષા વગર જ યોગ્ય રસોત્સુકને શીખવે છે. કાંડી બાંધવી, ગુરુદક્ષિણા લેવી એવા કોઈ જ ઔપચારિક અને આર્થિક વ્યવહાર વગર જ આવું શિક્ષણ અપાય છે. મોટા ભાગના ગુરુરૂપ જાણકાર ઈચ્છતા હોય છે કે એનો ચેલો મૂળને જ જાળવે મૂળ કથામાં ક્યાંય સુધારો - વધારો ન કરે.

**દીર્ઘકથાનાં કથન-ગાનમાં સ્મૃતિ અને અભિવ્યક્તિ કલા ઉપરાંત કથનગાનસમયે વિશિષ્ટ મનઃસ્થિતિ સર્જવી પડે છે. દરેક આવો કલાકાર માને છે કે માતા સરસ્વતી જ પ્રસન્ન થઈને એની જીભ પર વસે છે અને બોલે છે. આવી રજુઆતમાં વિશિષ્ટ મનઃસ્થિતિ માટે મદ્યપાન અને ગાંજાનું ધુમ્રપાન અનિવાર્ય મનાયું છે. છાતીનું જોરજોશ પણ જરૂરી હોય છે.**

૩. દીર્ઘકથાનાં કથન-ગાનમાં સ્મૃતિ અને અભિવ્યક્તિ કલા ઉપરાંત કથનગાન સમયે વિશિષ્ટ મનઃસ્થિતિ સર્જવી પડે છે. દરેક આવો કલાકાર માને છે કે માતા સરસ્વતી જ પ્રસન્ન થઈને એની જીભ પર વસે છે અને બોલે છે. આવી રજૂઆતમાં વિશિષ્ટ મનઃસ્થિતિ માટે મદ્યપાન અને ગાંજાનું ધુમ્રપાન અનિવાર્ય મનાયું છે. છાતીનું જોરજોશ પણ જરૂરી હોય છે. આથી યૌવન કે પુર્ણ સ્વસ્થ એવી પ્રૌઢાવસ્થા જરૂરી છે. વૃદ્ધત્વ અને અશક્તિની દશામાં ગાન-કથન શક્ય નથી. સાથ પણ , વિશેષતઃ જ્યાં સમુહગાન, નૃત્ય છે, કૃતિ દીર્ઘ છે ત્યાં જરૂરી હોય છે. એકલો વાહક પોતે જોશીલી જબાનની યુદ્ધગાથા રજૂ કરી શક્તો નથી. નૃત્ય-સંગીત મહત્ત્વનાં હોય ત્યાં વાદ્ય- તંતુ અને તાલ અનિવાર્ય છે અને આવું વાદ્ય માત્ર સાધન નથી, પરંતુ કુળ પરંપરાનું વહન કરતું અને માતા સરસ્વતીને પ્રસન્ન કરતું જીવતું-જાગતું માધ્યમ છે.

૪. કથામાત્ર ઈતિહાસમાં બની ચૂકેલી કે કલ્પિત ઘટના જ નથી, પરંતુ ગાન-કથન સમયે જીવતી ધબકતી ઘટના છે. પાત્ર અને પ્રસંગ માત્ર નિર્જીવ વાહન નથી, પરંતુ ક્ષણેક્ષણ ધબકતાં આત્મસાત થતાં દેવદેવી રૂપ છે. એમને પણ દુઃખ દર્દ થાય છે, એથી કોઈ કથા અકારણ ન ગવાય કે પાત્રને કોઈ કષ્ટ- યાતનાદાયક ઘટનાના તબક્કે કથાને અધવચ્ચે કે અધૂરી ન છોડાય. કથા ધાર્મિક હોય કે સાંસારિક રંજક હોય, પાત્રનું પાત્રત્વ દૈવી છે અને કથક એને આત્મસાત કરીને પોતે અનુભવે છે. પરાકાષ્ટા અને પૂર્ણતાએ આવું દેવરૂપ પાત્ર કથાવાહકના દેહમાં આવે છે. ઓતાર(અવતાર) આવે છે અને તે ઈષ્ટ આરાધ્ય દેવના રૂપમાં આશિષ આપે છે, કષ્ટ નિવારણ કરે છે. કથકનું ટ્રાન્સમાં આવવું, બધી જ ધર્મરંગી કથામાં ભારત તથા વિશ્વમાં અન્યત્ર જોવા મળે છે.

૫. ઉત્તમ વાહક પોતે શીઘ્ર કવિ હોય છે. પોતાની ઓળખ એ પદ્યમાં આપવાની શક્તિ ધરાવતો હોય તે શ્રોતાઓ આઘાપાછા થાય, પૂરી અદબ ન જાળવે તો એ પદ્ય જોડીને પણ શ્રોતા પર નર્મમર્મ પૂર્ણ કટાક્ષ કરે છે. શ્રોતાની અશિસ્ત વાહકને મન માત્ર ખલેલરૂપ નથી પરંતુ દેવી પાત્રની અવહેલનારૂપ છે.

આ માત્ર મુખ્ય ગણી શકાય એવી વિગતનો નિર્દેશ કરતા મુદ્દાઓ છે. અનેક સંપાદનોની વિગત જાણી, કોઈ આવા કલાકાર અને તેનાં વૃંદ આજે પણ સક્રિય હોય એમનો સંપર્ક કરીને એક સ્વતંત્ર અભ્યાસ કોઈ નવયુવાન હાથ ધરે એ જરૂરી છે.

અહીં જોઈ શકાશે કે મૌખિક સાહિત્યની આપણી પરંપરા કેવી-કેટલી પૂર્ણ, સમર્થ અને ફળદાયી હતી.

---

*૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ સામે,*
*થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૯*
*ફોન - ૦૭૯-૨૬૮૫૩૬૨૪*

# એક દિવ્ય પળ જીવનનો યુ-ટર્ન બની જાય ત્યારે ...!

*– ભદ્રાયુ વછરાજાની*

**આ**પણો જન્મ થાય ત્યારે આપણે 'લક્ષણો' લઈને આવીએ.

આપણને અહીં મોકલનારની અપેક્ષા એવી ખરી કે આપણે એ 'લક્ષણો'ને આપણી 'લાક્ષણિક્તા' બનાવીને અહીંથી જઈએ. આપણી લાક્ષણિક્તાઓ એ આપણું પ્રદાન. તારતમ્ય એવું કાઢી શકાય કે Life is a Journey from character to characteristic.


આ લાક્ષણિક્તા માટે તો આપણે જીવવાનું છે. સૌ પાસે જે છે તે મારી પાસે તો છે જ, પણ મારી પાસે એવું શું છે જેને અન્ય કોઈ અનુસરી શકે ? બસ, આ છે લાક્ષણિકતા. પ્રશ્ન એ છે કે આવી વિરલ અને ઉદાહરણરૂપ લાક્ષણિકતા કેવી રીતે ઘડવી ?! કોઈ મોટીવેશનલ ગુરુ જેવો જવાબ આ પ્રશ્નનો નથી આપવો, પણ થોડો આધ્યાત્મિક વળાંક મળે તેવો ઉત્તર આપવો છે. 'વિરલ અને ઉદાહરણરૂપ લાક્ષણિક્તા તો એક દિવ્યપળે સર્જાતી હોય છે. એક માત્ર દિવ્ય પળ કે એક નાનું વિધાન કે એક ટચુકડી ઘટના જીવનનો યુ-ટર્ન બની જતી હોય છે. નિયતિની એ ક્ષણ વ્યક્તિને વિભૂતિ બનાવે છે. કોઈ એક સ્પાર્ક કે સ્પર્શ કે સંવેદન મારાં કે, તમારાં ભાગ્યની રેખાને ઊર્ધ્વ માર્ગે વાળી દે છે. હા, આવાં કેટકેટલાંય ઉદાહરણો છે. એવી વ્યક્તિઓ છે કે જેમનાં જીવનમાં આવ્યો છે આવો જ યુ-ટર્ન... ના, એવી વિભૂતિઓને શોધવા ગુગલ સર્ચની જરૂર નથી, પશ્ચિમના દેશોને ફંફોસવાની ય આવશ્યકતા નથી, એ અહીં જ છે, મારી-તમારી-આપણી આસપાસ. હા, એ 'વ્યક્તિ'માંથી 'વ્યક્તિવિશેષ' બનેલા છે. એમની લાક્ષણિક્તાઓ એમને વિરલ માર્ગે લઈ ગઈ છે. એ અહીં છે, આપણાં ગુજરાતમાં !

નિયતિની એ ક્ષણ જેમણે આ વ્યક્તિને વિભૂતિ બનાવી છે, તેના સાક્ષી બનવું છે અહીં. ટૂંકી વાત પણ મર્મ ગહેરો. એક શબ્દ કે એક વાક્ય કે એક ઘટના અને ગુજરાતને મળે છે શિક્ષણ-સાહિત્ય-સંસ્કૃતિના જ્યોતિર્ધર ! માણીએ એ શબ્દચિત્રો અને વિચારે ચઢી જઈએ કે ગુજરાતની અસ્મિતા કેમ ઘડાણી ? સો, ગેટ, સેટ, રીડ,...ડીપલી એન્ડ વીથ ફૂલ કોન્સનટ્રેશન !'

દસ વર્ષની ઉંમરે એક છોકરો ઝાડ નીચે ખાટલામાં બેસી પુસ્તક વાંચતો હતો. ધ્રુવનો પાઠ હતો. તેમાં લખેલું કે ધ્રુવજી તો પાંચ વર્ષે ઘર છોડી નીકળી પડ્યા સંન્યાસ માર્ગે ! છોકરાને થયું કે : 'મને તો દસ વર્ષ થઈ ગયાં અને હજી હું બેઠો છું ?' જે પાઠ વાંચતો હતો તે જ રાખી છોકરાએ ચોપડી મૂકી ઊંધી ને ચાલવા માંડ્યો ઉત્તરમાં. ખબર એટલી હતી કે ઉત્તરમાં હિમાલય છે! થાકી પાકીને જે જગ્યાએ ઊંઘ આવી ત્યાં લંબાવ્યું. પાસેના ગામનું શિવમંદિર હતું. છોકરાના પિતાજી ચતુર. એમણે જોયું કે કયો પાઠ વાંચતાં વાંચતાં આ પગલું ભર્યું હશે !? શોધખોળ ચલાવી, દીકરો મળી ગયો, સમજાવીને ઘરે પાછો લાવ્યા. પિતાજીએ કહ્યું : બેટા, સંન્યાસી થવું હોય તો થજે. મારે પણ થવું'તું પણ ન થઈ શક્યો. તું સંન્યાસી થઈશ તો મને આનંદ થશે. **પણ બેટા, અભણ સાધુ ન થવાય.**' બસ, આ છેલ્લું પિતા-વિધાન હૃદયને સ્પર્શી ગયું ! એમણે એમ.એ.વીથ ફીલોસોફી સુધી અભ્યાસ કર્યો. કાકાસાહેબ કાલેલકરે તેને લોકભારતી, સણોસરામાં 'દર્શક' દાદાની આંગળી પકડાવીને અધ્યાપક બનાવ્યો. અહીં એક પુસ્તક વાંચ્યું. સાંઈ મકરંદ દવે લિખિત 'યોગી હરનાથના સાંનિધ્યમાં ! એકી બેઠકે પુસ્તક પૂરું થયું અને એ જ બેઠકે અધ્યાત્મમાર્ગની યાત્રા શરૂ થઈ. લોકભારતી છૂટ્યું, સંસાર છૂટ્યો ને જીવ હાલ્યો ગોંડલ યોગી શ્રી નાથાભાઈ જોશીના શરણમાં. વીસ વર્ષ ત્યાં જ... દસ વર્ષે ધ્રુવજીના માર્ગે ભાગનાર



અમૃતલાલ વેગડ



ભગવતીકુમાર શર્મા



ગફુરભાઈ

'ભાણજી' તે આજના અધ્યાત્મમાર્ગના અવિરત યાત્રી સંન્યાસી શ્રી ભાણદેવજી ! મોરબી પાસેની જોધપર નદીના કાંઠે સરસ્વતી નિકેતન આશ્રમમાં સફેદ વસ્ત્રધારી 'યોગી અને યાજ્ઞિક શ્રી ભાણદેવજી પીપળાના ઝાડને બે નવાં પાન ફૂટે તો સૌને ભેગા કરે છે, કારણ કે શ્રી ભાણદેવજીને મન આખું અસ્તિત્વ આપણું ગુરુ છે !!'


છ બહેનો ને બે ભાઈઓમાં વચેટ. બાપુજી પુસ્તકોના પ્રેમી. ઘરમાં જેટલા ગ્રંથો આવે તે વાંચી જ જવાના. બા વઢે કે આંખ બગડશે તો, ડામચિયામાં સંતાઈને વાંચે. વિષયો બધા ને વાંચ્યા કરવાનું પણ બધું જ. પંદર-સોળ વર્ષે તો શેક્સપિયરને ગળે ઊતારી લીધા. ચોથા ધોરણમાં એક નિબંધ લખવાનું કહેવાયું. તરત શરૂ. શિક્ષક નિબંધ વાંચી બોલ્યા : 'બેટી, તેં આ નિબંધ પહેલેથી તૈયાર કરી રાખેલો કે શું ?' રવિશંકર જોશી આધ્યાત્મિક અને પ્રેમાળ શિક્ષક. ગુજરાતી શીખવતા. આ દીકરીનો નિબંધ આખા વર્ગમાં વાંચી સંભળાવ્યો ને નીચે લખી આપ્યું : Author in Embryo !. ત્યારે તો આ લખાયું તેનો અર્થ નહીં સમજાયેલો ! યુવાન વયે પોતાના એક મિત્રને લખેલો પત્ર 'સંસ્કૃતિ'માં મોકલી દીધો. એ પત્રનું પહેલું વાક્યઃ 'વી આર ધ લવર્સ ઑફ બ્યુટી એન્ડ વી આર ધ સીકર્સ ઓફ ટ્રુથ.' ઉમાશંકર જોશીએ 'સંસ્કૃતિ'માં એ પત્ર છાપ્યો ! ૧૯૬૨થી ૧૯૮૦ ગુજરાતી ડાયજેસ્ટ 'નવનીત'નાં સંપાદક રહ્યાં તેની ઉપલબ્ધિ કે એમને મકરંદ દવે મળ્યા ! એક કવિ નહીં, સમગ્ર કવિતા મળી ! એક સાથી નહીં, અવધૂત યાત્રી મળ્યા ! નવનીતનાં સંપાદક કુન્દનિકા કાપડિયાએ નવનીત માટે કાવ્ય માંગતો સંદેશો આપ્યો ને લખ્યું : તમે તો ગમતાનો ગુલાલ કરો એવા કવિ છો...' તો જવાબમાં મકરંદભાઈ કાવ્ય મોકલ્યું :

'ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ !'

ગુજરાતને મળ્યા 'સાંઈ મકરંદ' અને 'ઈશા કુન્દનિકા' અને મળ્યું સ્પંદનોનું સ્થાનક 'નંદિગ્રામ' સાંઈ મકરંદની સમાધિ અને ઈશા કુન્દનિકાની પલાંઠીનું તીર્થ નંદિગ્રામ, Designed by some power, Lead by unknown factor....!

'રોજ સવારે પાંચ અંજલિ આપું છું. એમાં એક મારા શિક્ષક લક્ષ્મીશંકર જોષીને ! મને એમણે ભણાવ્યો એટલા માટે નહીં, પણ શિક્ષકની એક ઈમેજ એમણે મારા માનસપટ પર જે ઊભી કરી તે હજુ ગઈ નથી એ માટે. ભાઈ સાથે રહેતો હતો. ગામ છોડવું પડે તેમ હતું. શાળામાંથી નામ કઢાવવા ગયો ને લક્ષ્મીશંકર જોષી ભેટી ગયા. મારી સ્થિતિ જાણી. એવો કાંઈ ગાઢ નાતો નહીં, પણ ઝટ દઈને તેનો અંદરનો અવાજ બોલી ઊઠ્યો : તારે ભણવાની બીજે સગવડ ન હોય તો મારા ઘરે રહીને ભણ....' બસ, આ એક વાક્યે મને શિક્ષકજીવ પ્રત્યે જિંદગીભરનાં વ્હાલથી ભરપૂર કરી દીધો. પછી કોઈ સંબંધ નથી રહ્યો લક્ષ્મીશંકર માસ્તર સાથે. પણ વિસાવદર-જૂનાગઢ પંથક જઉં ત્યારે પ્રત્યેક શિક્ષકમાં હું લક્ષ્મીશંકરને શોધ્યા કરું છું. 'શબ્દબ્રહ્મની પ્રતીતિ કરાવતા સારસ્વતવર્ય શ્રી લાભશંકર પુરોહિતના આ શબ્દો છે. તેમના પિતા ધનજી પુરોહિત બહુ આત્મગૌરવવાળા. એમણે મંત્ર આપેલો.' 'આજીવિકા કેવી રીતે રળવી?' ત્રણ વાત યાદ રાખવી : (૧) મારી આજીવિકા એવી ન હોવી જોઈએ કે બીજાનો રોટલો ઝૂંટવાયને મને આખો મળે. (૨) હલકા, મુફલિસ અને લબાડ માણસોની ચાપલુસી કરીને રોટલો ન રળવો. (૩) સજ્જનોના માર્ગનું અનુસરણ કરતાં કરતાં અર્ધો સૂકો રોટલો મળે તોય એને છપ્પન ભોગ ગણી સ્વીકાર કરવો ... 'પ્રકાંડ પાંડિત્યના સ્વામી, સારસ્વતોના ય સારસ્વત,શબ્દઉદ્ભવ અને શબ્દમાવજતના પ્રહરી પ્રાધ્યાપક લાભશંકર પુરોહિત જ્યારે શાસ્ત્રાર્થોનાં પોટલાં ખોલે ત્યારે દ્રૌપદીને પૂરેલાં અનંત વસ્ત્રપટના જાણે તાકા ખૂલે ! સોમનાથમાં દેહોત્સર્ગની ધરતી પર લાભુદાદાએ કૃષ્ણતર્પણ કર્યું અને અઢીસો સંતોને નોતરી શરદપૂનમની રાત્રે કૃષ્ણ વતી સંતોને રાસ લેવડાવી ભૂતલમાં પથરાયેલી ચેતનાને જાણે સજીવન કરી છે. લાભુદાદા છે એટલે આજે પણ જામનગર 'છોટુ કાશી' છે.'

શીખવાની લગની ગજબ. વેકેશનમાં જ નવાં વર્ષનાં પાઠ્યપુસ્તકો લઈને વાંચી કાઢે. વર્ગ શરૂ થાય ત્યારે તે સુસજ્જ.




ભાણદેવજી


કુન્દનિકા કાપડિયા


લાભશંકર પુરોહિત

પહેલી જ બેંચે બેસે. સાર્વજનિક મિડલ સ્કૂલ, સુરતનો ફર્સ્ટનો ક્લાસ. અંગ્રેજીનો પિરિયડ. શિક્ષકે આ છોકરાને કહ્યું: 'બ્લેકબોર્ડ પર આ શું લખ્યું છે ?' શિક્ષકને વિશ્વાસ હતો પણ છોકરો આમતેમ- ઉપર નીચે- લાંબી ટૂંકી નજર કરી, વાંચવા મથે પણ બોર્ડ પર કશું જ ન વંચાયું ! શિક્ષકે જાહેરમાં કહ્યું : છોકરા તારી આંખો નબળી છે, ચશ્માં પહેરવા માંડ... છોકરા માટે આઘાત હતો. સુરત ત્યારે પોણા લાખની વસ્તીવાળું નાનું ગામ ને આંખના ડૉકટર્સ માત્ર બે ! છોકરાને તપાસીને ડૉ. મોહનલાલ દિક્ષિતે સખત સ્વરમાં કહ્યું : 'છોકરા બે વાત આજથી યાદ રાખ. કાલથી જ સ્કૂલમાંથી નામ કઢાવી નાખ અને **આખી જિંદગી ચોપડીઓને હાથ પણ અડાડવાનો નહીં.** તને સોડા બોટલના ગ્લાસ જેવાં ચશ્માં આપું છું, તે પહેરીને જિંદગી કાઢ...' આ બે સૂચનાઓએ તો છોકરાને હેબતાવી દીધો. મા-બાપનું એક માત્ર સંતાન. આટલો વ્હાલો દીકરો જીવનભર વાંચી જ ન શકે તે દિવસો કેમ ખૂટે ?... પણ જિંદગીએ ફેંકેલા આ પડકાર સામે છોકરાએ પણ પડકાર ફેંક્યો : 'હું ભણીશ પણ ખરો અને વાંચીશ પણ ખરો, ઊંધું ઘાલીને વાંચીશ અને પાનાં ભરીને લખીશ...' બસ, તે દિવસથી નર્મદની ભૂમિનો આ જણ વચનસિદ્ધિ માટે ઝઝૂમ્યો અને આજે ત્યાંસી વર્ષે એ પત્રકારત્વ, સાહિત્ય અને શિક્ષણનું દિગ્ગજ વ્યક્તિત્વ બની ચૂકેલ છે. ૧૯૫૫થી આજ સુધીમાં પચ્ચીસ હજારથી વધુ તંત્રીલેખો લખનાર શ્રી ભગવતીકુમાર શર્માને ગુજરાત સાહિત્ય અકાદમીએ 'સાહિત્યરત્ન'નાં સર્વોચ્ચ સન્માનથી નવાજેલા છે ! 'ચોપડીઓને જીવનભર હાથ ન અડાડતો' એવું જેમને ફરમાન થયેલું તે વ્યક્તિએ પાંત્રીસ પુસ્તકો લખ્યાં ! જીવનને આઘાત પહોંચાડનારું વિધાન ભગવતીકુમારને સરસ્વતીનો કાયમી સંગાથ કરાવી ગયું.

મૂળ કચ્છના અંજાર તાલુકાના કુંભારિયા ગામના. પિતા ચૂસ્ત ગાંધીવાદી. મા-બાપ બન્ને ખાદી પહેરે. શેતરંજી અને મચ્છરદાની પણ ખાદીની ! હાથે દળેલા લોટની જ રોટલી ખાય. આવા કુટુંબ ઉછેર ધરાવતા અમૃતલાલ વેગડ પરણ્યાંના બીજા જ



નિરંજન રાજ્યગુરુ



તખતસિંહ

દિવસે હાથમાં કોદાળી, પાવડો ને તગારું લઈને નાલી ખોદવા લાગેલા ! અમૃતલાલ વેગડ ૧૯૪૮થી ૧૯૫૩ એમ પાંચ વર્ષ શાંતિનિકેતનમાં રહ્યા. આચાર્ય નંદલાલ બસુ જેવા મહાન કલાકાર પાસે ભણ્યા. અભ્યાસ પૂરો કરીને જ્યારે શાંતિનિકેતન છોડી રહ્યા હતા ત્યારે અમૃતલાલ વેગડને ગુરુ નંદલાલે કહ્યું : **'બેટા, જીવનમાં સફળ ન થજે. તારું જીવન સાર્થક કરજે.'** ગુરુના આ એક વાક્યે નર્મદાકાંઠાની ચાર હજાર કિમિની પદયાત્રાઓ કરાવી ! નર્મદા પરિક્રમાનું પાથેય મળ્યું નંદબાબુનાં પેલાં દિવ્ય વિધાનમાંથી જીવનનો યુ-ટર્ન આવ્યો. પચાસની વયે નર્મદા પદયાત્રાઓ શરૂ થઈ એટલે રેખાંકનો થવા લાગ્યા, ચિત્રો બનવા લાગ્યાં, લેખો લખાવા લાગ્યા. ૧૯૭૭થી નર્મદાની ખંડ પરિક્રમા જ શરૂ કરી તે કટકે કટકે પૂરી કરી. વેગડજીને પંચોતેરમું વર્ષ બેઠું ત્યારે ફરી પરિક્રમા શરૂ કરી અને તે પણ સજોડે. બન્ને જણાં સવા હજાર કિ.મી. ચાલ્યાં ! સાથે સાથે નર્મદાની ત્રણ સહાયક નદીઓની પરિક્રમા પણ કરી. નર્મદા મૈયાનું નામ બોલો ત્યાં અમૃતલાલ વેગડની આંખોના ખૂણા ભીના ભાળો. જીવનની મધુરપની એક જડીબુટ્ટી એમને જડી ગઈ છે : 'પતિ-પત્ની એકબીજાને પ્રેમ કરે એટલું પૂરતું નથી. બંનેએ મળીને કોઈક ત્રીજી ચીજને પ્રેમ કરવો જોઈએ. અમારા બન્ને માટે આ ત્રીજી ચીજ નર્મદા મૈયા છે.' મધ્યપ્રદેશના જબલપુરમાં વસતો આ ગુજરાતી વિરલો 'નર્મદે હર'ની આખી પરંપરાને પોતાનામાં સંવર્ધીને જીવી રહ્યા છે. અમૃતલાલ વેગડ માટે નદી એ માત્ર લોકમાતા નથી, તેથી તેઓ કહે છે : નર્મદા, તુમ કિતની સુંદર હો....

નિરંજન એટલે ઉઘાડા પગ, દાઢી, જટા, ગળામાં માળા, ખાદીનો લેંઘો-ઝભ્ભો ને ખભે બગલથેલો. દાસી જીવણની સમાધિએ બેસી પિતાજી બે-ચાર ભજન સંભળાવે અને નિરંજન એમાં સૂર પુરાવે. ઘરની કાળી કપિલા ગાયનું દૂધ પીનાર નિરંજન પિતાજી સાથે સાઈકલ ઉપર બેસી ગોંડલમાં મકરંદભાઈ દવેના ઘરે દર રવિવારે આવે. અને ત્યાં સાહિત્યનાં સામયિકો વાંચે. કુટુંબના સંસ્કારોમાં શુદ્ધ ગાંધીવાદી, આર્યસમાજી, ખાદીધારી અને ધર્મપ્રેમી જીવનશૈલી મળી. બાલ્યાવસ્થા સાંઈ મકરંદના ખોળામાં ! પિતાજીનાં માસિક સવાસો રૂપિયાનાં પેન્શનમાં ડૉક્ટરેટનું ક્ષેત્રકાર્ય કરવા નીકળેલા નિરંજનને સ્પીડબ્રેકર તો ઘણા આવ્યા. ચાર સત્રોની ફી ભુવનેશ્વરી પીઠે ભરી તો મહાનિબંધના કાગળો માટે નડિયાદના એક ટ્રસ્ટે સહાય કરી. સાતસો પાનાંનો મહાનિબંધ તૈયાર કરવા માટે જૂના-નવા વાસણનો ભંગાર કામ આવ્યો! નિરંજને પીએચ.ડી. માટે રજિસ્ટ્રેશન કરાવ્યું ત્યારથી મનમાં સંકલ્પ કરેલો કે પદવી ન મળે ત્યાં સુધી ઉઘાડા પગે રહેવું ને પંચકેશ રાખવા ! ડૉક્ટરેટ થયા ત્યારે રાજકોટના દલિત સમાજે સન્માન કર્યું અને સન્માનપત્ર સાથ એક જોડ ચપ્પલની ભેટ આપી ! ડૉ. નિરંજન રાજ્યગુરુએ સન્માનના પ્રત્યુત્તરમાં

કહ્યું : 'કદાચ જગતભરમાં આ પહેલો સન્માન સમારંભ હશે કે જેમાં સન્માનિત થનાર વ્યક્તિને જોડા અપાય છે, પણ જીવનભર જેમણે ચર્મકાર્ય કરીને ઉચ્ચ કવિત્વ શક્તિ ધરાવતાં ભજનો રચ્યાં છે એ સંતકવિ **દાસી જીવણની પ્રસાદી તરીકે આ ચપ્પલનો સહર્ષ સ્વીકાર કરું છું..'** રાષ્ટ્રીય કક્ષાની ગણનાપાત્ર ડૉ. હોમી ભાભા ફેલોશિપ નિરંજન રાજ્યગુરુને મળી. કંઠસ્થ પરંપરાના વયોવૃદ્ધ ભજનિકોના કંઠે સચવાયેલાં સૌરાષ્ટ્રનાં સંતસાહિત્ય અને ભજનવાણીનું ક્ષેત્રકાર્ય કરી તેનું ધ્વનિમુદ્રણ કરવાનું. બે વર્ષમાં નિરંજનભાઈએ મોટરસાઈકલ પર સિત્તેર હજાર કિ.મી.નો પ્રવાસ કર્યો. સાઠ વર્ષથી મોટી ઉંમરના દેશી ભજનિકો પાસે બેસી છસો કલાકનું ધ્વનિમુદ્રણ કર્યું અને અણમોલ ખજાનાને www.ramsagar.org ઉપર કોઈપણ જિજ્ઞાસુ માટે વિના મૂલ્યે ખુલ્લો મુક્યો. ગાંધીનગરના ખીચોખીચ ભરેલા ટાઉનહોલમાં નિરંજન રાજ્યગુરુએ સમીસાંજે ભજનો ગાવાનાં શરૂ કર્યાં અને પ્રહર બદલતા ગયા તેમ ભજનો બદલાયાં, તે છે'ક મળસ્કે પ્રભાતિયું ગાઈને નિરંજને વિરામ લીધો !

૧૯૫૫-૫૬ શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર. બીજી ટર્મની ફી રૂપિયા છત્રીસ. બે-ત્રણ નોટિસ છતાં પાંચ છોકરાઓ ફી ન ભરી શક્યા. મનુભાઈ વ્યાસ નામના વિદ્યાર્થીએ માંડ-માંડ છત્રીસ ભેગા કર્યા ને ગયો કાર્યાલયમાં. કૉલેજના હિસાબી કારકુન લક્ષકાન્ત દેસાઈએ વ્યાસને કહ્યું : 'તમારા પાંચેયની ફી આવી ગઈ છે. પહોંચ લઈ જાવ.' **'અરે પણ ફી કોણે ભરી, અમારી ?'** દેસાઈએ જવાબ દીધો : 'તમારી ફી ન ભરાયાની નોટીસ પ્રસિદ્ધ થઈ તે જ દિવસે પ્રાધ્યાપક તખ્તસિંહ પરમાર તમારા સૌની ફી ભરી ગયા છે !'

૧૯૪૭માં આલ્ફ્રેડ હાઈસ્કૂલ,ભાવનગરમાં વિધિવત્ શિક્ષક થનાર તખ્તસિંહ પરમાર ૧૯૭૯માં મહાત્માજી ભણ્યા તે શામળદાસ કૉલેજ, ભાવનગરના આચાર્યપદેથી નિવૃત્ત થયા. તેઓ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં દસ વર્ષ અધ્યાપક રહીને ભાવનગર આવ્યા, ત્યારે જૂનાગઢ રેલવે સ્ટેશને વિદ્યાર્થીઓ ઉભરાય, ટ્રેનનો ડબ્બો શણગારેલો, સ્ટેશન માસ્તરને વિનંતી થયેલી કે, 'ગાડી પાંચેક મિનિટ વધુ રોકજો, અમારા સાહેબને વિદાય આપવાની છે,' પ્લેટફોર્મ પર ત્યારે રતુભાઈ અદાણી હતા. તેમણે માહોલ જોઈને પૂછેલું, કોઈ મિનિસ્ટર જાય છે ? વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક કહેલું : 'અમારા પ્રાધ્યાપક તખ્તસિંહ પરમાર સાહેબની ભાવનગર બદલી થઈ છે, તેમને વળાવવા આવ્યા છીએ.' મોટા દિલના જ્ઞાનવૃદ્ધ સારસ્વત આજે સદીને સ્પર્શવા જઈ રહ્યા છે ત્યારે અનુભવાય છે કે સાહિત્યની ભીનાશ અને શિક્ષણની બુલંદી તે આનું નામ ...!

વાપીમાં બિલખિયા ગ્રુપનું વિરાટ સામ્રાજ્ય, પણ તેના સંસ્થાપક સફેદ ખાદીધારી સીધાસાદા ઑલિયા જેવા માનવ ગફૂરભાઈ. સમજણા થયા ત્યારથી ખાદી પહેરે છે. માત્ર પોતે પહેરીને અટકી નથી જતા. હજ પઢવા જતા મુસ્લિમોને ખાદી અપનાવવાની વિનંતી કરી તેઓ પવિત્રતા સાથે ખાદીનું તાંતણું બાંધી યથોચિત પ્રચાર-પ્રસાર કરે છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાએ આજથી પંચોતેર વર્ષ પહેલાં નૂરબાઈમાને કહેલું : 'મને તમારો દીકરો દત્તક આપો.' મા ત્યારે બોલેલાં : 'બધું માંગો, પણ મારી આંખના રતનને નહીં માંગો.' અમરેલી જિલ્લાના વડા ગામમાં જન્મેલા ગફૂરભાઈએ બાળપણમાં પિતાની છાયા ગુમાવી. એટલે પાળ્યા-પોષ્યા ને ઘડ્યા નૂરબાઈમાએ. આ માના છેલ્લા શબ્દો હતા કે : 'બેટા, આપણે જ્યાં જન્મ્યા અને જ્યાં કમાયા, ત્યાંના **સમાજને આપણે પાછું આપી ઋણ અદા કરવું જોઈએ.'** બસ, આ દિવ્ય શબ્દોએ 'મા ફાઉન્ડેશન'નો પાયો ચણ્યો. ગફૂરભાઈની જન્મભૂમિ અમરેલી-ભાવનગર અને કર્મભૂમિ વાપી-વલસાડ. આ વિસ્તારોનાં લાખો બાળકોને કે.જી.થી પી.જી. સુધી ભણાવવાની સઘળી જવાબદારી મા ફાઉન્ડેશન ઉપાડે છે. ત્રણસો સરકારી શાળાઓને દત્તક લઈ તેને સંવર્ધિત કરે છે, તેમ છતાં ગફૂરભાઈ તો invisibleman 'Auther in Embryo' ની જેમ નિજાનંદમાં જીવે છે. ગફૂરદાદા અમિર ખરા પણ દિલના !!

- 'બેટા, અભણ સાધુ ન થવાય.'
- 'તારે ભણવાની બીજે સગવડ ન હોય તો મારા ઘરે રહીને ભણ.'
- 'ચોપડીઓને જીવનભર હાથ ન અડાડતો...'
- 'બેટા, જીવનમાં સફળ ન થજે. તારું જીવન સાર્થક કરજે.'
- 'દાસી જીવણની પ્રસાદીરૂપે આ ચપ્પલનો સહર્ષ સ્વીકાર કરું છું.'
- 'અરે પણ અમારી ફી કોણે ભરી ?'
- '...સમાજને આપણે પાછું આપી ઋણ અદા કરવું જોઈએ...'

સાવ સરળ અને સાદાં લાગતાં આ વિધાનો કે ઉદ્ગારો અર્થહીન ન હતા, એમ જ અકારણ ઉચ્ચારાયા ન હતા. નિયતિની એ ક્ષણ વ્યક્તિને વિભૂતિ બનાવવાનો નિર્ધાર કરી ચૂકી હતી અને એટલે તો એ દિવ્યપળ જીવનનો યુ-ટર્ન બની ગઈ. આ વિધાનોની તાકાત એ સાચી ગુજરાતની અસ્મિતા છે, તેમ કહીએ તો એ અતિશયોક્તિ નથી.

સારપ તો જીવમાત્રમાં પડી છે, પણ સારપને પ્રજ્વલિત કરે નિયતિની કૃપા. આ કૃપા તે જ તો દિવ્યતા. એ દિવ્યતાનો સંસ્પર્શ થાય તો જ શક્ય બને : માણસ મટી માનવ થવાનું.

લક્ષણોમાંથી લાક્ષણિક્તાઓ સર્જવાનું.

*પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ,*
*કાલાવાડ રોડ પાસે, રાજકોટ- ૩૬૦ ૦૦૧*
*મો : ૯૮૯૮૮૨૦૩૩૩*

# આદિવાસી લોકમંત્રોનું સ્વરૂપ

– ડૉ. ભગવાનદાસ પટેલ

**લો**કસાહિત્યનું સ્વરૂપ એક વિશિષ્ટ ભૂભાગ પર વસતી જાતિ-સમાજના 'લોક'નાં સામાજિક-ધાર્મિક-આર્થિક પ્રયોજનો માટે સ્થાનિક બોલીમાં બંધાતું હોય છે. આવું સાહિત્ય સામાજિક સંસ્કાર અને ધાર્મિક અનુષ્ઠાન સાથે સંકળાય છે, તથા વિધિ-વિધાન સાથે ક્રિયાશીલ થઈ પર્વ-પ્રસંગે લોકમુખે અભિવ્યક્ત થાય છે. આથી આવા મૌખિક સાહિત્યનાં સ્વરૂપો જે તે સંસ્કૃતિ-સમાજના લોકજીવનના સંદર્ભમાં જ સમજી શકાય અને પામી શકાય. જેથી જે તે સમાજની મુખ-પરંપરામાં રૂઢ થયેલાં સ્વરૂપોનાં નામકરણ ધ્યાનમાં રાખી લોકસાહિત્યનો અભ્યાસ થઈ શકે અને તેના સિદ્ધાંત તારવી શકાય. અહીં આપણે ગુજરાતના ઉત્તર-મધ્ય અને દક્ષિણમાં વસતા આદિવાસીઓના પ્રસિદ્ધ થયેલા લોકમંત્રોના આધારે તેના સ્વરૂપ-સિદ્ધાંતગત ચર્ચા કરીએ છીએ.

**લોકમંત્રો એ લોકવિદ્યાનું એક અંગ છે. પેઢી દર પેઢી અનેક વર્ષોથી મૌખિક રીતે ઊતરી આવેલા લોકમંત્રોમાં વિશિષ્ટ પ્રકારની લોકાભિવ્યક્તિ જોઈ શકાય છે. પ્રત્યેક બોલીના મંત્રોમાં લોકબોલીનું પોતીકું આવરણ હોય છે. મંત્રોમાં જાદુનું તત્ત્વ મુખ્ય હોય છે. મંત્રો લોકની ગુપ્તવિદ્યા છે. સામાન્ય રીતે લોકબોલીમાં મંત્ર શબ્દ માટે 'મંતર' શબ્દનો પ્રયોગ થાય છે, જે 'જંતર' શબ્દની સાથે વપરાય છે**

### જાદુ અને મંત્ર

'જાદુ' અને 'મંત્ર' ને પ્રગાઢ સંબંધ છે. મંત્ર અથવા જાદુનો આંતરિક સિદ્ધાંત એ છે કે, આ સમસ્ત પ્રપંચ કોઈ ગૂઢ શક્તિઓથી સંચાલિત થાય છે. જે શક્તિઓ નિયમોથી બંધાઈને ચાલે છે. જે આ રહસ્યોથી પરિચિત છે એ તો અનુષ્ઠાનો અને જંતર-મંતરથી આ શક્તિઓને વિવશ કરીને પોતાની ઈચ્છા પ્રમાણે ફળ પ્રાપ્ત કરે છે. આથી ફ્રેઝરે 'સ્તુતિ' અને 'મંત્ર'ને બે અલગ અલગ તત્ત્વો માન્યાં છે. સ્તુતિની મદદથી શ્લાઘાપૂર્વક આપણે દેવતાઓને ફોસલાવીએ છીએ કે તેઓ કૃપા કરીને સ્તુતિ કરનારની ઈચ્છા પૂર્ણ કરે. જ્યારે મંત્રો દ્વારા મંત્ર સાધક તે શક્તિઓને વિવશ કરીને પોતાની ઈચ્છાઓ પૂર્ણ કરવાની ફરજ પાડે છે. ધર્મનો સંબંધ સ્તુતિ કે પ્રાર્થના સાથે છે, જ્યારે મંત્રનો સંબંધ જાદુ સાથે છે. લિમર્ટ લખે છે, 'જાદુ એવા' પ્રકારની ક્રિયા છે કે જે દ્વારા ગૂઢ શક્તિઓ પર પ્રભાવ ઊભો કરી એને શુભ અથવા અશુભ માર્ગે વાળવામાં આવે છે. એમાં સંકળાયેલી ક્રિયાઓ ગુપ્ત અને વ્યક્તિગત સ્વરૂપની હોય છે.' મેલ્વિન કહે છે, 'જાદુ માત્ર ચમત્કાર નથી. એમાં કોઈ ને કોઈ સ્વરૂપની એવી ક્રિયા કરવામાં આવે છે કે જેને લઈને ઈચ્છિત દિશામાં પ્રભાવક અસર ઉત્પન્ન થાય છે, જેની સ્પષ્ટતા વૈજ્ઞાનિક આધાર પર મળવી મુશ્કેલ હોય છે.'

આ વિદ્યાશાખાના વિદ્વાનો જાદુના બે પ્રકાર પાડે છે, એક સફેદ જાદુ અને બીજું કાળો જાદુ. સફેદ જાદુનો ઉપયોગ માનવ કલ્યાણ અર્થે થાય છે, જ્યારે કાળા જાદુનો પ્રયોગ માનવને પીડવા કે નાશ કરવા માટે થાય છે. ડુંગરી ભીલોમાં પ્રચલિત સાપ ઉતારવાના, વીંછી ઉતારવાના અને દુશ્મન સામે તલવાર બાંધવાનાં મંત્રો સફેદ જાદુના પ્રકારમાં આવે, જ્યારે મૂઠ મારવાના મંત્રો, ચોટના મંત્રો અને મોહિની મંત્રો કાળા જાદુનાં ઉદાહરણો છે.

ફ્રેઝર 'Golden Bough' પૃષ્ઠ-૫૫ ઉપર લખે છે, 'આ વાત સંભવિત લાગે છે કે આપણી જાતિના વિકાસમાં જાદુનો ઉદય ધર્મની પહેલાં થયો તથા મનુષ્ય મંત્રો અને વશીકરણોની શક્તિ માત્રથી જ પ્રકૃતિને પોતાની અભિલાષાપૂર્તિ માટે નમાવવાની ચેષ્ટા પહેલાં કરી, જ્યારે બાદમાં તેણે સ્તુતિ અને યજ્ઞની કોમળ ફોસલામણીઓ દ્વારા તામસી દેવતાઓની ખુશામત કરીને સંતુષ્ટ કરવાની ચેષ્ટા કરી.'

### મંત્રનું સ્વરૂપ

લોકમંત્રો એ લોકવિદ્યાનું એક અંગ છે. પેઢી દર પેઢી અનેક વર્ષોથી મૌખિક રીતે ઊતરી આવેલા લોકમંત્રોમાં વિશિષ્ટ પ્રકારની લોકાભિવ્યક્તિ જોઈ શકાય છે. પ્રત્યેક બોલીના મંત્રોમાં લોકબોલીનું પોતીકું આવરણ હોય છે. મંત્રોમાં જાદુનું તત્ત્વ મુખ્ય હોય છે. મંત્રો લોકની ગુપ્તવિદ્યા છે.

સામાન્ય રીતે લોકબોલીમાં મંત્ર શબ્દ માટે 'મંતર' શબ્દનો પ્રયોગ થાય છે, જે 'જંતર' શબ્દની સાથે વપરાય છે. 'જંતર-મંતર'માં જંત્ર અથવા યંત્રનો ઉપયોગ લખીને કરવામાં આવે છે અને તેને શરીર સાથે બાંધવાથી કાર્યશીલ બને છે, જ્યારે મંત્રનો સંબંધ મૌખિક છે. મંત્રને મુખ દ્વારા વિશિષ્ટ ધ્વનિની રીતે ઉચ્ચારવાથી તેનો પ્રભાવ જન્મે છે. મંત્રમાં સિદ્ધ શક્તિ જ મહત્ત્વપૂર્ણ છે. તેના અર્થોનું કોઈ મહત્ત્વ નથી. મંત્રનો અર્થ પોતે કોઈ પ્રભાવ ઉત્પન્ન કરતો નથી, પરંતુ તેમાં રહેલો

ધ્વનિ, વિશેષ કાર્યશીલ હોય છે. ધ્વનિ જ મંત્રનું ચેતન તત્ત્વ છે.

મંત્રને આદિવાસીઓ 'મંતર' કહે છે. તેઓ વાતચીતમાં મંત્ર માટે 'મંતરતંતર' સયુંક્ત શબ્દોનો પ્રયોગ કરે છે. તેઓ 'તંતર' શબ્દનો પ્રયોગ 'મંતર'ના પર્યાય તરીકે જ કરે છે. યંત્ર કે જંત્રનું કોઈ લિખિત રૂપ આદિવાસીઓમાં પ્રચલિત નથી.

ભીલ સમાજ ભૂત (વેહ), રખી (રક્ષક, ઋષિ), જાદુ-મંતરના જન્મદાતા તરીકે શિવને ગણે છે. તેઓ ભેરવને પ્રથમ ભોપા(ભૂવા) તરીકે ગણે છે. જે તેમની 'ધરણ નં મનખા અવતાર' (સૃષ્ટિની ઉત્પતિકથા) જેવી વહી ઉપરથી જાણી શકાય છે. આ દૈવી ભોપાના અનુયાયીઓ આજે દરેક આદિવાસી ગામમાં જોવા મળે છે. તેઓ મંત્રો દ્વારા 'ઝારો-ઝપટો (મોરપીંછના મૂઠાથી શિખાથી નખ સુધી પવન નાખી રોગ દૂર કરવાનો વિધિ) કરી ભૂત-વેહ, ડાકણ અને મૂઠ-ચોટના રૂપમાં આવેલી બીમારીને દૂર કરે છે. તેઓ મંત્રો એક વિશિષ્ટ લયમાં બોલે છે. આ લય કે ધ્વનિ જ નિશ્ચિત પ્રભાવ પાડવામાં સમર્થ નીવડે છે. બાકી, અર્થનું કોઈ મૂલ્ય જોઈ શકાતું નથી. ખરેખર તો મંત્રોનો ઉચ્ચારણકર્તા ભોપો મંત્રોના શબ્દોથી જ પરિચિત હોય છે. ઘણા બધા મંત્રોના અર્થ તો તે પણ જાણતો હોતો નથી. અંતે અરુમાંન (હનુમાન), પેરવ (ભેરવ), માકાળી (મહાકાળી), ગોંગલી ગોંયસણ (ગંગલી ઘાચણ) વગેરે -દેવ-દેવીઓ અને સિદ્ધોની 'આણ' આપીને મંત્રોને દૈવી અને પ્રભાવી બનાવવામાં આવે છે. તેઓ માને છે કે યોગ્ય દિવસે, યોગ્ય અનુષ્ઠાન કરી બોત્તેર વાર બોલીને સિદ્ધ કરેલા વિશેષ ધ્વનિમાં બોલાતા મંત્રો જ કામયાબ નીવડે છે.'

**આદિવાસી સમાજમાં પ્રચલિત મંત્રો-વહીઓની એક એ વિશેષતા છે કે, તેમાં આવતા શબ્દો સ્વયં વસ્તુ અથવા ક્રિયા બની જાય છે. ઈંડારૂપી ભગવાને મનમાં જળમાંથી બહાર આવવાની ઇચ્છા પ્રગટ કરી અને જળ ઉપર કમળ પ્રગટયું. ભગવાનના મુખમાંથી અમી (અમૃત) છૂટ્યું ને ઉમિયા બની ગઈ. ઉમિયાએ કહ્યું મારો પતિ શોધ અને ભગવાને શિવ પેદા કર્યો**

શબ્દમાં શક્તિ છે, જેને આપણાથી વધારે પૂર્વકાલીન માનવ સમજી શક્તો હતો. પ્રકૃતિમાં વ્યાપ્ત 'શબ્દ'નો ધ્વનિ તેને આકર્ષિત કરતો હતો. તે પોતાના વિવિધ પ્રકારોથી અને ઊંડાઈ, ઊંચાઈ અને મંદતાથી પહેલેથી જ આદિમાનવને પ્રભાવિત કરતો હતો. તેના માટે શબ્દ અથવા ધ્વનિની એક યથાર્થ સત્તા હતા અને તે શક્તિમાન સત્તા હતી. કારણ કે તે અનુભવ કરતો હતો કે, આ ધ્વનિઓથી તે એકલો જ આકર્ષિત અથવા પ્રભાવિત થતો નથી, પરંતુ તેવા ધ્વનિઓથી પ્રાણી પણ આકર્ષિત થતાં હતાં. તે પ્રત્યક્ષ અનુભવ કરતો હતો કે પ્રકૃતિમાં કોઈ શક્તિરૂપે પ્રગટ થઈને તેને પ્રભાવિત કરવા જાય છે. આ શબ્દ-સત્તા જ આદિવાસીઓના મંત્રો, વહીઓ અને વારતાઓની સર્જન પ્રક્રિયાનું મૂળ છે. જે તેમના 'ધરણ નં મનખા અવતાર' (સૃષ્ટિની ઉત્પત્તિકથા), 'દેવીઓ' જેવી વઈ (વહી)ના અભ્યાસ પરથી સહેજે સમજાય છે. 'ધરણ નં મનખા અવતાર' પ્રમાણે આરંભે અંધકાર પછી જળ ઉત્પન્ન થયું. જળમાં આવેલા તરંગોથી સૌમ્ય ધ્વનિ-સ્વર ઉત્પન્ન થયો. જળમાં આવેલાં મોજાંથી સ્વર-નાદ જન્મ્યો. મોજાં પર મોજાં આવવાં લાગ્યાં. અને જળપ્રલયનો રૌદ્ર સ્વર-નાદ ઉત્પન્ન થયો. આ સ્વર-નાદ જળ સાથે સ્વર્ગ સુધી પહોંચ્યો અને શબ્દબ્રહ્મ સમા જળુકાર ભગવાન આવિર્ભાવ પામ્યા.

જળમાં થતી આ સૌમ્ય-રૌદ્ર ધ્વનિ-સ્વર-નાદની વિધ-વિધ લીલાઓની ઘટનાઓમાંથી દેવિયાવાળામાં ઉમિયા, અબાવ (અંબા), ચામુંડા, કુંવારકા જેવી નવલાખ દેવીઓ, શિવ, ગણપતિ, કાળા-ગોરા ભેરવ, કોંબરિયો ઠાકોર, વાસુકિ જેવા પ્રાકૃતિક જળ-દેવતા આવિર્ભાવ પામ્યા છે અને આ પ્રકૃતિ- તત્ત્વોની ઘટનાઓ મંત્રનું રૂપ લઈને વહી-વારતામાં પરિણમી છે. આ પૂર્વકાલીન મંત્રો-વહીઓ-વારતાઓમાં વર્તમાન સમયમાં પણ સમાજની સામૂહિક શ્રદ્ધા ભરતાં જે - તે દેવી-દેવતાના અનુષ્ઠાનને કાર્યશીલ કરે છે અને સમાજને એક તંતુએ બાંધે છે.

આદિવાસી સમાજમાં પ્રચલિત મંત્રો-વહીઓની એક એ વિશેષતા છે કે, તેમાં આવતા શબ્દો સ્વયં વસ્તુ અથવા ક્રિયા બની જાય છે. ઈંડારૂપી ભગવાને મનમાં જળમાંથી બહાર આવવાની ઇચ્છા પ્રગટ કરી અને જળ ઉપર કમળ પ્રગટયું. ભગવાનના મુખમાંથી અમી(અમૃત) છૂટ્યું ને ઉમિયા બની ગઈ. ઉમિયાએ કહ્યું મારો પતિ શોધ અને ભગવાને શિવ પેદા કર્યો. આ મંત્રો-વહીઓમાં શબ્દ પર અધિકાર સ્વયં વસ્તુ પર અધિકાર છે. અહીં બોલવાનો અર્થ છે થઈ જવું. આમ બોલવાની સાથે થઈ જવાની ક્રિયામાં જ ભીલોના મંત્રો અને અનુષ્ઠાનોનાં મૂળ જોઈ શકાય છે. ભૂત કાઢવાના પ્રસંગે કે બીમાર માણસ પર 'ઝારો' નાખતી વેળાએ ધરણ નં મનખા અવતારની મંત્રકથા કે વહી લયબદ્ધ બોલવાની સાથે થઈ જવાની શ્રદ્ધા સાથે બોલાય છે. આ મંત્રો સાથે જે તે દુઃખ દૂર થવાની આસ્થા પ્રગટ થાય છે આથી ઢુહલા (ભૂત કાઢવા માટે નાનું ઢોલ અને બીજા વાદ્યો વગાડવાં, જેને ભીલ આદિવાસીઓ ઢૂહલું કે મોલ્લું કહે છે) ના વિશિષ્ટ સ્વર-સંગીત સાથે રેડી ગાવામાં આવે છે અને

ભોપા દ્વારા ગુહ્યમંત્રોનું ઉચ્ચારણ કરવામાં આવે છે. આથી ભોપો કે બીમાર માણસ વિશિષ્ટ પ્રકારનો આવેશ અનુભવે છે જેથી તેમનામાં સ્વયં દેવતા અથવા કોઈ અલૌકિક શક્તિએ અવતરણ કર્યું હોય એવું અનુભવે છે આ દેવતાની અલૌકિક શક્તિ દ્વારા અને રેડીમાં ગવાતાં દેવ-દેવીઓના કરેલા કાર્યોના મહિમા દ્વારા તાત્કાલિક રોગનું નિવારણ થતું હોય એવું બીમાર માણસ, દેવી-દેવતા તરફની પ્રગાઢ આસ્થાના કારણે માને છે. આ સમયે ભોપા (ભૂવા) દ્વારા કરવામાં આવતું અનુષ્ઠાન આ આસ્થાને વધુ પ્રગાઢ બનાવે છે. ભોપા દ્વારા ગાવામાં આવતી નવલાખ દેવીઓની આ રેડી નોરતાના અનુષ્ઠાનમાં નાટ્ય-નૃત્ય દ્વારા દેવ-દેવીઓનું મૂર્તિમંતરૂપ ધારણ કરે છે. આથી નોરતામાં ભાગ લેનાર ભોપા એવું અનુભવે છે કે તેમનામાં જે તે દેવી-દેવતાનું અવતરણ થયું છે. જેથી તેઓ જે તે દેવતા અથવા દેવીઓ બની જાય છે. અદ્દશ્ય શક્તિ તરફનું તેમનું આ તાદામ્યીકરણ તેમને જે તે દેવ-દેવીઓ બનાવે છે અને જેટલો સમય આ ભોપા જે તે દેવી-દેવતાઓના વેશ કે મહોરાં પહેરી રાખે છે એટલા સમય સુધી તેમનામાં અલૌકિક શક્તિ કે દેવતાનું અવતરણ થાય છે. આથી તેમના બોલવા માત્રથી ગામના માણસોમાંથી અને પશુઓમાંથી રોગનું નિવારણ થતું હોય એવું પૂરો સમાજ, દેવ-દેવીઓ તરફની ગાઢ શ્રદ્ધાને લીધે માને છે. તેમનું આ કાર્ય નવ દિવસ પછી મેલો ભોગ આપીને કરવામાં આવતા અનુષ્ઠાનથી વધુ પૂર્ણ બને છે અને આ નોરતાનું નાટ્ય-નૃત્ય મૂર્તિમંતરૂપ દિવાળીના પર્વ સમયે નવલાખ દેવીઓના અરેલા (વારતા)નું રૂપ ધારણ કરે છે. આથી અરેલામાં આવતી આ નવલાખ દેવીઓની વારતા દિવાળી સમયે પૂરો સમાજ સાચી માનીને પૂર્ણ આસ્થાથી સાંભળે છે.

**લોકમંત્રોને લોકવિપવિદો લોકસાહિત્યનો અશાબ્દી પ્રકાર ગણે છે. પરંતુ, આદિવાસી સમાજના મૌખિક મંત્રોમાં કોઈને કોઈ લઘુ-કથા સમાયેલી હોય છે. જેમ કે, સાપ ઉતારવાના મંત્રમાં લાલવાદીની કથા સમાયેલી છે. મંત્ર-વહી કે રેડી, સમાજનો એક ખાસ વર્ગ લેખાતા ભોપાઓ દ્વારા રજૂઆત પામતું કંઠસ્થ ગુપ્તવિપ સ્વરૂપ છે, જે ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે**

દેવી-દેવતાઓ પર ગાઢ આસ્થાને લીધે એમને ઉપાસવા માટે અનેક મેલાં-ચોખ્ખાં ધાર્મિક અનુષ્ઠાનો, વિધિ-વિધાનો, નૃત્યો, મંત્રો, વહીઓ, ઝારો, પુરાકથાઓ, લોકાખ્યાનો, લોકમહાકાવ્યો, ગીતો ઈત્યાદિ પાદુર્ભૂત પામ્યાં છે.

ભીલ સમાજના સાધુ-ભોપા કાળ (સમય)ને ચાર ભાગમાં વહેંચે છે : (૧) ધંધુકાર (૨) જળુકાર (૩) દેવિયાવાળો અને (૪) મનખીવાળો.

આદિવાસીઓનો આરંભનો ધંધુકાર, જળુકાર, દેવિયાવાળો પ્રાગૈતિહાસિક યુગનું સૂચન કરે છે. આ સમયને આદિવાસી સમાજ સતયુગ પણ કહે છે. આ સમયમાં મૌખિક મંત્રો, વહીઓ, પુરાકથાઓ (જેને આપણે પુરાકથાઓ-દંતકથાઓ કહીએ છીએ તેને ભીલ સાધુ-ભોપા વારતાઓ કહે છે) ઈત્યાદિનું સર્જન થયું છે.

મનખીવાળો ઐતિહાસિક અને સાંપ્રત સમયનો નિર્દેશ આપે છે. તેને કળજુગ પણ કહે છે. આ સમયમાં ઐતિહાસિક અરેલા, કોણીઓ (લોકકથા), વાતોની રચના થઈ છે.

**વહી-રેડી-ઝારાનું સ્વરૂપ**

વહી-રેડી-ઝારો પણ મંત્રનો એક પ્રકાર છે. મંત્રો ટૂંકા હોય છે, જ્યારે રેડી-ઝારો-વહીમાં 'ધરણ નં મનખા અવતાર', 'દેવીઓની વહી', 'શિવ પારવતીની વહીં વગેરે દેવ-દેવીઓની વાત (કથા) કે મહિમા હોવાથી મંત્રથી દીર્ઘ હોય છે. વારતામાં અનેક ઘટના-પ્રસંગો હોવાથી સુદીર્ઘ હોય છે. રેડી મોલ્લાનું અનુષ્ઠાન કરીને ગાવામાં આવે છે.'

લોકમંત્રોને લોકવિદ્યાવિદો લોકસાહિત્યનો અશાબ્દી પ્રકાર ગણે છે. પરંતુ, આદિવાસી સમાજના મૌખિક મંત્રોમાં કોઈને કોઈ લઘુ-કથા સમાયેલી હોય છે. જેમ કે, સાપ ઉતારવાના મંત્રમાં લાલવાદીની કથા સમાયેલી છે.

મંત્ર-વહી કે રેડી, સમાજનો એક ખાસ વર્ગ લેખાતા ભોપાઓ દ્વારા રજૂઆત પામતું કંઠસ્થ ગુપ્તવિદ્યા સ્વરૂપ છે, જે ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે.

**પાદટીપ**


૧. અરવલ્લી પહાડની આસ્થા, ભગવાનદાસ પટેલ,
પૃ. ૯, દ્વિતીય આવૃત્તિ : ૧૯૮૮, પ્રકાશક : તારામતી પટેલ, મુ. જામળા, તા. હિંમતનગર (ઉ.ગુ.)

૨. એજન

૩. લોકસાહિત્ય વિજ્ઞાન, ડૉ. સત્યેન્દ્ર, પૃ. ૩૯૮, દ્વિતીય સંસ્કરણ, ૧૯૭૧, શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની, આગરા - ૩.



*૩૦૪, મિથિલા, વિજ્યા બેંકની ઉપર,*
*જજીસ બંગલા ચાર રસ્તા, બોડકદેવ,*
*અમદાવાદ - ૩૮૦૦૧૫*
*મો. ૯૪૨૮૧૦૯૫૭૯*

(પૃષ્ઠ ૧-૬૬ નું ચાલુ)

'જરિફ' કે 'જેવડિયો',. જેવડિયાની દોરી ઝાલી પાછળ પાછળ ફરનારને 'પૂંછડિયો' અને સીમાડા પર કે ખેતરના શેઢે ચુનાકસી-પથ્થરની નિશાની ખોડનારને 'દડીઓ' કહેવામાં આવતો. લોકસંસ્કૃતિપ્રેમી શ્રી રમેશ ગોંડલિયા 'સંગત' સામયિકમાં પશુ-રહેઠાણ અને ચારા સાથે જોડાયેલા શબ્દો નોંધે છે : ઢોર, ગમાણ, કોઢ્ય, ખીલો, ઓગઠ, દાબો, ઉથરેટી, દૂઝણું, પાંકડું, ઓડકી, પાડરુ, ફરજો, ઢાળિયું, વંડો, વાડો, કુંડી, ડોબું, ખડલી, બોઘરું, દોહવું, નીંદવું, ખીરું, પાટુ, ભામ, વાસીદું, પોદળો, પહરજાવું, ઉથલો, ચરિયાણ, બીડ, ભરોટિયું, ભારો, ગાંહડી, કાલર, ભરોટું, ગંજી, પાથરો, પૂળો, ઓઘા, શેરવું, તણખિયો, કંબોડી ઈત્યાદિ.

તે દી' વાડિયા ગામોના ખાનપાનની પણ એવી મજા હતી. જેતપુર પાસે આવેલા નવાગામના રામાયણપ્રેમી સ્વ. કેશવબાપા નામના કણબી પટેલ નવો સાથી રાખે ત્યારે સવારમાં કાંસાની અડધી તાંસળીથી ઘીથી ભરી મંઈ ગોળ નાંખી રોટલાનો થપ્પો સાથીને આપીને ખાઈ જવાનું કહેતા. જો આવનારો સાથી ઘી-ગોળ-રોટલાનું આટલું શિરામણ ખૂટવાડી જાય તો જ તેને બારમહિના સાથી તરીકે રાખતા. એનું કારણ એ હતું કે, ખેતીનું કામ બહુ આકરું ગણાતું. આજના ચા-રોટલી ખાવાવાળા દાડિયા આ કામ ન કરી શકે. આ દેશી ખાણું બપોર થાતાં થાતાંમાં તો પચી જતું. ખેડૂતો બપોરા કરવા બેસે વાડીના કેડા દીમની નજર તાકયે રાખે કે 'ભથવારી' ભાતનું તબડકું ભરીને આવે છે કે નંઈ ? જયારે ભાતું આવી જાય ત્યારે સૌ પાણીના ધોરિયે હાથ-પગ ધોઈ લીંબડા કે આંબાનો છાંયો ગોતે, ભાતમાં આવેલું શાક જો કોઈને પસંદ ન પડે તો ઊભો થઈ ને રીંગણીના ક્યારામાં જઈ હાથએકનું રીંગણ તોડી મંગાળો કરી તેમાં રીંગણું શેકી નાખે. ભેગા પાંચ-દસ મરચાં શેકી નાખેને રીંગણાનો ઓળો તૈયાર કરી બાજરાના રોટલા સાથે ઝાપટવા માંડે. સાથે છાલિયામાંથી છાશના ઘૂંટડા ભરતા જાય. ખેતરના ખોળે થતું આ 'વનભોજન' માનવીને સ્વર્ગીય સુખ આપનારું ગણાય છે. પણ ભાઈ આ બધી તો ભૂતકાળની વાતો થઈ ગઈ. જૂની સંસ્કૃતિ ઝડપથી આપણા હાથમાંથી સરી રહી છે. માત્ર હાથમાં રહી ગઈ છે. કૃષિ સંસ્કૃતિએ આપેલી થોડીક કહેવતો :

**ખેડૂતો બપોરા કરવા બેસે વાડીના કેડા દીમની નજર તાકયે રાખે કે 'ભથવારી' ભાતનું તબડકું ભરીને આવે છે કે નંઈ ? જ્યારે ભાતું આવી જાય ત્યારે સૌ પાણીના ધોરિયે હાથ-પગ ધોઈ લીંબડા કે આંબાનો છાંયો ગોતે, ભાતમાં આવેલું શાક જો કોઈને પસંદ ન પડે તો ઊભો થઈ ને રીંગણીના ક્યારામાં જઈ હાથએકનું રીંગણ તોડી મંગાળો કરી તેમાં રીંગણું શેકી નાખે. ભેગા પાંચ-દસ મરચાં શેકી નાખેને રીંગણાનો ઓળો તૈયાર કરી બાજરાના રોટલા સાથે ઝાપટવા માંડે.**

૧. ખેતી કરવી હોય તો રાખવું ગાડું
ને લડાઈ કરવી હોય તો બોલવું આડું
૨. કરમહીણો ખેતી કરે
કાં બળદ મરે કાં દુકાળ પડે.
૩. ખેડ, ખાતર ને પાણી
સમૃદ્ધિ લાવે તાણી
૪. ખેડૂત ખેતરે ને શેઠ પેઢીએ
૫. ખેડૂત થાકે જમીન નહીં થાકે
૬. ખેતરમાં ન બાંધવો પાળો
ને ઘરમાં ન ઘાલવો સાળો.
૭. ખેતર રાખે વાડ ને તો વાડ્ય રાખે ખેતરને.
૮. આભ રાતો તો કણબી માતો
આભ ગુગળો તો કણબી દુબળો
૯. દી'વાળે દીકરા કાં ધોરિ કાં ધરા
કૈંક વ્રણ કપાસનાં જીંડવાં, નંઈ તો ઝાંકળિયાં (તલ) તો ખરા.
૧૦. ખેડ થાય ઘાસે જો ધણી ન હોય પાસે
૧૧. ખેતર વચ્ચે રાઈ
ને વંઠે ઘેર આવ્યો જમાઈ
૧૨. ખેતર વચ્ચે ખાડી
ને લાડ ચડાવ્યો હાળી
૧૩. ખેતર તેવાં વેત્તર
૧૪. ખેતર ખેડો કે ન ખેડો ભોંયભાડું નો આપવું પડે.
૧૫. ખેતર વાવે તેવાં વેત્તર.

*'સજ્જન સ્મૃતિ', ૨, પ્રોફેસર્સ કોલોની,*
*વિજય ચાર રસ્તા, નવરંગપુરા,*
*અમદાવાદ-૦૯*
*મો. ૯૮૨૪૦૨૮૩૨૬*

# સૌરાષ્ટ્રના રાજવીઓ : જામનગર

*– યાસીન દલાલ*

**જા**મનગર શહેર વરસોથી સૌરાષ્ટ્રનું પેરિસ ગણાય છે. એક જમાનામાં એક નવાનગર તરીકે પણ ઓળખાતું. ૧૫૪૦માં સુલતાન મહંમદ ત્રીજાના સમયમાં જામરાવળે વસાવેલું. એની આસપાસ મેરામણ ખવાસે ૧૭૮૮માં કોટ બંધાવેલો. બેડીબંદરથી માત્ર છ કિલોમીટર દૂર એવું જામનગર પિરોટન ટાપુ માટે પણ મશહૂર છે. આ ટાપુ ઉપર જાતજાતનાં દરિયાઈ જીવો અને વનસ્પતિઓ મળે છે.

**જામનગરના જામસાહેબ યદુકુળના હતા. આ કુળની મુખ્ય શાખાઓ જેસલમેરના ભાટી, સૌરાષ્ટ્રના ચૂડાસમા અને કચ્છ-કાઠિયાવાડના જાડેજાઓ છે. યદુકુળની જે શાખામાંથી ચૂડાસમા તથા જાડેજાની ઉત્પત્તિ થઈ તે સમા રાજપૂત કહેવાતા અને સિંધમાં નગર ઠઠ્ઠામાં રાજ કરતાં આ પ્રાંતમાં પ્રથમ ચૂડાસમા આવ્યા એ પછી જાડેજાઓએ કચ્છમાં સત્તા પ્રાપ્ત કરી**

જામનગરની વસતી અત્યારે ૧૨ લાખ જેટલી છે. વસતીના આ વધારા સાથે સમૃદ્ધિ પણ આવી છે. પંદરેક વરસ પહેલાં અહીં રિલાયન્સનો ફિલ્ટર પ્લાન્ટ નંખાયો એ પછી જામનગરની સીકલ અને સુરત જ બદલાઈ ગયા છે.

અહીં બે સાંધ્ય દૈનિકો નીકળે છે. 'નોબત' અને 'ભૂમિ'નો ફેલાવો ઠીકઠીક છે. ઉપરાંત કેટલાક દૈનિકોની જામનગર આવૃત્તિ પણ શરૂ થઈ છે. જાણીતા ક્રિકેટર સલીમ દુરાની મૂળ જામનગરના. એમણે જામ રણજીતસિંહનો વારસો જાળવી રાખ્યો છે. આ ઉપરાંત જામ દુલીપસિંહનો વારસો પણ જાળવ્યો છે. જાણીતા ફિલ્મ નિર્માતા અને તિરંગા ફિલ્મથી જાણીતા મેહુલકુમાર પણ જામનગરના છે. જો કે એમનું મૂળ નામ મહમદ હુસેન બ્લોચ છે.



હિન્દી ફિલ્મ ઉદ્યોગના પાયાનાં સ્તંભ એવા સરદાર ચંદુલાલ શાહ પણ મૂળ જામનગરના. સરદાર ચંદુલાલ શાહે સવાસોથી વધુ ફિલ્મો બનાવેલી. જેમાં મૂંગી અને બોલતી ફિલ્મોનો સમાવેશ થાય છે. એમની જાણીતી ફિલ્મોમાં 'જોગન'. 'હમલોગ'. 'નઝારે', 'મધુબાલા', 'ફુટપાથ', 'પાપી' વગેરેનો સમાવેશ થાય છે. એમણે ૧૯૬૪માં 'અકેલી મત જઈયો' બનાવી. એ તેમની છેલ્લી ફિલ્મ હતી. ફિલ્મ નિર્માણ ક્ષેત્રે કરેલું પ્રદાન અદ્ભુત હતું. એણે પ્રારંભમાં ગોવર્ધનરામની 'સરસ્વતી ચંદ્ર' ઉપરથી 'ગુણસુંદરી' પણ બનાવ્યું. અસ્પૃશ્યતાની સમસ્યા ઉપર ૧૯૪૦માં એમણે 'અછૂત' પણ બનાવેલી. સરદારના પિતા જામનગરના રાજવી જામસાહેબના કોઠારી હતા. આમ જામસાહેબ સાથે ઘર જેવા સંબંધો હોવાથી એમણે મહારાજા રણજીતસિંહના નામ ઉપરથી રણજીત ફિલ્મસ રાખ્યું અને પ્રતીક પણ જામનગરના રાજવીનું ચિહ્ન ઘોડો રાખ્યું. એમણે સ્ટુડિયોનું મુહૂર્ત પણ જામનગરના ત્યારના રાજા દિગ્વિજયસિંહના હાથે કરેલું.

જામનગરનું એક જૂથ જૂની ફિલ્મોના ગીતોનું શોખીન છે. એક જમાનામાં ત્યાં પોલીટ્યૂન નામની સંસ્થાઓની બોલબોલા હતી. આજે પણ કેટલાક મિત્રો નિયમિત એક જગ્યાએ એકઠા થઈને જૂના મધુર ગીતો સાંભળે છે. શ્રી ચંદુલાલ બારદાનવાળા ગીતકાર હસરત જયપુરીના ખાસ મિત્ર થાય. દર વરસે હસરતના અવસાન પછી પણ એમને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમો નિયમિત કરે છે.

જામનગરના જામસાહેબ યદુકુળના હતા. આ કુળની મુખ્ય શાખાઓ જેસલમેરના ભાટી, સૌરાષ્ટ્રના ચૂડાસમા અને કચ્છ-કાઠિયાવાડના જાડેજાઓ છે. યદુકુળની જે શાખામાંથી ચૂડાસમા તથા જાડેજાની ઉત્પત્તિ થઈ તે સમા રાજપૂત કહેવાતા અને સિંધમાં નગર ઠઠ્ઠામાં રાજ કરતાં. આ પ્રાંતમાં પ્રથમ ચૂડાસમા આવ્યા એ પછી જાડેજાઓએ કચ્છમાં સત્તા પ્રાપ્ત કરી. ચૂડાસમા સૌરાષ્ટ્રમાં આવ્યા પછી જેઠવા ઉત્તરમાંથી સૌરાષ્ટ્ર આવ્યા અને મોરબી તથા નવાનગરમાં થાણું સ્થાપ્યું. ખસતાં ખસતાં જેઠવા ધુમલીમાં જઈ વસ્યા, ત્યાર પછી જાડેજાની દેદા

શાખાએ જામહાલાની આગેવાની હેઠળ સવારી હતી અને જેઠવાઓ પાસેથી ઘણોખરો ભાગ જીતી લીધો. તેમને કચ્છના જાડેજાઓ તરફથી મદદ મળતી. જામ ઉન્નડે ધુમલી શહેર ઉપર ઘેરો ઘાલ્યો અને તેના કુંવર બામણીયોજીએ શહેર જીતી લીધું. એ પછી કચ્છ પાછો ગયો એ પછી ૧૫૩૭માં જામરાવળે સોરઠ ઉપર આક્રમણ કર્યું અને દેદા તથા ચાવડાઓ પાસેથી આમરણ જીતી લીધું અને જેઠવાઓ પાસેથી નવાનગર જીતી લીધું અને વાઘેલા પાસેથી ખંભાળીયા જીતી લીધું. ૧૫૪૦માં નવાનગર શહેર વસાવ્યું. જામરાવળની સવારી થઈ તે હુમાયુએ ગુજરાત જીતી લીધા પછી થઈ હતી. સુલતાન બહાદુરશાહ પોતાનું રાજ્ય પાછું મેળવવાના પ્રયત્નમાં હતા તેથી હાલાર તરફ તેનું ધ્યાન નહોતું.

જેઠવા તથા વાળા રાજપૂતો કાઠીઓ અને વાઢેરોનું લશ્કર લઈ જામરાવળ સામે લડવા આવ્યા. જેમાં જામરાવળનો વિજય થયો એ પછી તેમણે જેઠવાઓને હાલારમાંથી અને વાઢેરોને ઓખાના રણની પેલેપાર હાંકી કાઢ્યા અને પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો. જામરાવળે દેશ જીત્યા પછી મોડજીને ખંઢેરા ગામ આપ્યું. હરધોળજીએ ધમલ ચાવડા પાસેથી ધ્રોળ જીતી લીધું. રવોજીએ ખંભાલીડા તથા તેના તાબાના ગામ જીતી લીધા. જામ રાવળને જીયોજી, વિભાજી સહિત ત્રણ કુંવર હતા. પાટવી કુંવર જીયોજી ઘોડા ઉપરથી પડીને મરી ગયા. તેના કુંવર લાખો જામ રાવળ મરણ પામ્યા ત્યારે બાલ્યાવસ્થામાં હતા. તેને ખીલોસનો પરગણો જીવાઈમાં આપી વિભાજી ગાદી પર આવ્યા. ભારોજીને જાંબુડા મળ્યું. જામવિભાજી ૧૫૬૨માં ગાદીએ બેઠા અને પોતાનું રાજ્ય વિસ્તારીને ૧૫૬૯માં અવસાન પામ્યા. તેમને ચાર કુંવર હતા. છત્રસાલ, ભાણજી, રણમલજી અને વેરાજી. છત્રસાલ જામસતાજીના નામે પણ ઓળખાય છે. પિતાની ગાદીએ એ બેઠા. ભાણજીને કાલાવડ, રણમલજીને શિશાંગ અને વેરાજીને હડિયાણા જીવાઈમાં મળ્યું. ગુજરાતમાં ત્યારે ઘણી અવ્યવસ્થા હતી. સતાજીએ ગુજરાતના ઘણાં ગામો જીતી લીધાં. સુલતાન મુઝફ્ફર શાહની પરવાનગીથી નવાનગરના જામો કોરીઓ પાડવા લાગ્યા. શાહબુદ્દીન ગુજરાતનો સુબો નિમાયો. તેણે જુનાગઢમાં તાતારખાન ઘોરીના પુત્ર સમીનખાન ઉપર હુમલો કર્યો. એણે જામસત્તાજીની મદદ માંગી.

**ભૂચર મોરીની લડાઈ :**

બાદશાહના લશ્કરના સરદારને ઘેરો ઉઠાવીને નાસવું પડ્યું. લડાઈ થઈ તેમાં મિરઝાખાનની હાર થઈ. અમીનખાને જામસતાજીને જોધપુર, ભોડ અને ચૂંડ આપ્યા. મિરઝાખાને ખેરડીના લોમા ખુમાણને પોતાનો પક્ષ લેવા ઉશ્કેર્યા. જામે તેને બરડાના ડુંગરમાં સંતાવા દીધો. મિરઝાખાન જામ સામે લશ્કર લઈ આવ્યો પણ જામે વહેલાસર પગલાં લઈ અને એને અમદાવાદ પાછો વાળ્યો. ૧૫૯૧માં મુઝફ્ફર શાહ ફરીને સોરઠમાં આવ્યા અને જામસતાજી, દોલતખાન અને લોમા ખુમાણ ભેગા થયા. ગુજરાતનો સુબો ખાન આઝમ મિરઝા હતો. એનું સૈન્ય ધ્રોળ પાસે એકઠું થયું. એમાં જામ અને મુઝફ્ફર શાહ હારી ગયા. કુંવર અજાજી તથા પ્રધાન જસા લાડકે સુબા સાથે યુદ્ધ કર્યું પણ તેમાં અજાજી અને લાડક બંને માર્યા ગયા. જામનું લશ્કર ભાગ્યું. લોમા ખુમાણના ઘોડેસ્વારો તો પહેલા જ નાસી ગયા હતા. આ યુદ્ધ ભૂચર મોરીના યુદ્ધ તરીકે પ્રખ્યાત છે. અકબરના સુબાને જામસાહેબે આશ્રય આપ્યો તેથી અકબર રોષે ભરાયા અને સુબાને સોંપી દેવાનું કહ્યું પણ જામસાહેબે કહેવડાવ્યું કે શરણે આવેલાને આશ્રય આપવો એ રાજપૂતોની ફરજ છે. પરિણામે કુંવર અજાજી કે જેના લગ્ન બે ત્રણ દિવસ પહેલાં જ થયેલા એ શહીદ થઈ ગયા.

સુબાએ જામનગર તરફ કૂચ કરી, જામસતાજી ત્યાંથી નાસીને જુનાગઢના કિલ્લામાં સંતાઈ ગયા. મોગલ લશ્કરે નવાનગર શહેરને લૂંટી લીધું પછી જુનાગઢ તરફ પણ ઘેરો ઘાલવા આવતા હતા. જામસતાજી ગઢ છોડીને ભાગ્યા અને બરડાના ડુંગરમાં સંતાયા, આખરે સુબા પાસે અનાજ અને પાણી ખૂટી પડતાં ઘેરો ઉઠાવીને અમદાવાદ જતો રહ્યો અને આઠ મહિના પછી લશ્કર લઈને ફરી જુનાગઢ તરફ કૂચ કરી. જામ બહારવટે નીકળેલા એક ડુંગરમાંથી બીજા ડુંગરમાં ફરતાં તેણે સુબા પાસે સમાચાર મોકલ્યા કે મારું રાજ્ય પાછું આપો તો હું જુનાગઢ જીતી આપવામાં મદદ કરું. સામે સુબાએ શરત મૂકી કે ઘેરો ચાલતો હોય એ દરમિયાન જામસાહેબે અનાજ અને પાણી પૂરું પાડવું. જામે આ શરતો કબૂલ રાખી અને રાજ્ય પાછું મેળવ્યું. આઝમે જુનાગઢ જીતી લીધું. ૧૫૯૧થી નવાનગર બાદશાહના ખંડીયા રાજ્યમાં ગણાયું. સોરઠના ફોજદારના તાબામાં હતું છતાં જુદું સંસ્થાન ગણાતું. જામસતાજીએ પોતાના રાજ્યમાં બંદોબસ્ત કરીને મજબૂત બનાવ્યું અને ૧૬૦૮માં મૃત્યુ પામ્યા.

**સુબાએ શરત મૂકી કે ઘેરો ચાલતો હોય એ દરમિયાન જામસાહેબે અનાજ અને પાણી પૂરું પાડવું. જામે આ શરતો કબૂલ રાખી અને રાજ્ય પાછું મેળવ્યું. આઝમે જુનાગઢ જીતી લીધું. ૧૫૯૧થી નવાનગર બાદશાહના ખંડીયા રાજ્યમાં ગણાયું. સોરઠના ફોજદારના તાબામાં હતું છતાં જુદું સંસ્થાન ગણાતું. જામસતાજીએ પોતાના રાજ્યમાં બંદોબસ્ત કરીને મજબૂત બનાવ્યું અને ૧૬૦૮માં મૃત્યુ પામ્યા**

એમના એક કુંવર અજોજી ભૂચર મોરીમાં માર્યા ગયા હતા. બીજા બે કુંવરો જશોજી અને વિભોજી હતા. અજોજીને બે કુંવરો લાખોજી અને વિભોજી હતા. જામસતાજીના મૃત્યુ વખતે

લાખોજી બહુ નાની ઉંમરના હોવાની કાકા જસોજી ગાદીએ બેઠા પણ તેમના મૃત્યુ પછી એ ગાદી નસીન થયા. બીજા કુંવર વિભાજીને ચીભડા ગામ મળ્યું, એ વિભાજી રાજકોટ રાજ્યના સ્થાપક ગણાય છે. જામજશોજી પિતા સતાજીની ગાદીએ ૧૬૦૮માં બેઠા. ૧૬૦૯માં ખાન આઝમ મિરઝા ફરીથી ગુજરાતનો સુબો નીમાયો. તેના પુત્ર જહાંગીરને પોતાનો નાયબ બનાવ્યો. દોલતાબાદના હાકેમ મલેક અંબર સુરત ઉપર ધાડ પાડી ફરીથી આવા બનાવ ન બને તે માટે સુબાએ ગુજરાતની સરહદ ઉપરના રામનગરમાં લશ્કર મોકલ્યું. તેમાં જામજશોજીએ ૨૫૦૦ ઘોડેસ્વારો મોકલેલા. ૧૬૧૬માં બાદશાહ જહાંગીર ગુજરાતના પ્રવાસે આવેલા. જામજશોજીએ તેને મળીને ૫૦ કચ્છી ઘોડાઓ આપ્યા.

**રાણીની ખટપટ :**

જશોજી હળવદના ઠાકોર ચંદ્રસિંહજીના બહેન સાથે પરણેલા. એકવાર જામજશોજી અને રાણી શતરંજ રમતાં હતાં તેમાં જામે રાણીનો ઘોડો માર્યો. રાણી બોલ્યાં કે મહિલાનો ઘોડો માર્યો એમાં કાંઈ નવાઈ નથી, મારા ભાઈનો ઘોડો મારો ત્યારે ખરા. જામે માણસો મોકલી રાજસાહેબને પકડી લાવ્યા અને પાછળથી છોડી મૂક્યા. જામે રાણીને ટોણો માર્યો. આથી રાણીએ થોડા દિવસમાં ઝેર આપીને ૧૬૨૪માં મારી નાંખ્યા. એમના પછી એમના મોટાભાઈના કુંવર જામલાખોજી ગાદીએ આવ્યા. ૧૬૨૭માં દિલ્હીમાં શાહજહાં બાદશાહ થયો. એ સમયે કાંકરેજના કોળીઓએ બળવો કર્યો અને જામે ખંડણી આપવી બંધ કરી. આથી બાદશાહે આઝમખાનને ગુજરાતના સુબા તરીકે મોકલ્યો અને ઈશાતરખાનને સોરઠનો ફોજદાર બનાવ્યો. આઝમખાને નવાનગર ઉપર હુમલો કર્યો અને બાકી ખંડણી વસુલી લીધી અને ટંકસાળમાં કોરી ન પાડવા બાબત વચન લીધું પણ જામે એ પાળ્યું નહીં. ૧૬૪૫માં એ મૃત્યુ પામ્યા. એના પછી રણમલજી ગાદીએ આવ્યા. એમને સંતાન નહોતું. રાણીએ વાત ઉડાડી કે પોતે ગર્ભવતી છે અને ભાઈ ગોરધન તથા મલેક ઈશા નામના નોકરની મદદથી એક છોકરાને લાવ્યા અને સતોજી નામ પાડ્યું. ભાઈ રાયસિંહજી રાજ કારભાર જોતા હતા. એમણે એ કુંવર ખોટો છે એમ કેટલાક પાસે કહેવડાવ્યું. એ પછી તરત જ રણમલજીનું મોત થયું. રાણી અને એના ભાઈએ ભાયાતોને મરણ ક્રિયા માટે બોલાવ્યા. રાઠોડોએ એવી યુક્તિ કરી કે દરબારમાં માત્ર સ્ત્રીઓને જ આવવા દેવી. રાયસિંહજીના પક્ષમાં ધ્રોળના જુણોજી અને નવાનગરના જમાદાર હતા. એમને આ યુક્તિની ખબર પડી ગઈ. એમણે કેટલાક માણસોને સ્ત્રી વેશમાં ઘુસાડી દીધા. એમણે અંદર ઘૂસીને માણસોને મારી નાંખી રાણી અને સતોજીને કાઢી મૂક્યા અને રાયસિંહજીને ગાદીએ બેસાડી દીધા. રાણી અને તેનો ભાઈ સોરઠના કુતુબુદ્દીનની મદદ માંગવા ગયા. તેણે નવાનગર ઉપર હુમલો કર્યો. લડાઈમાં જામ રાયસિંહજી માર્યા ગયા. કુતુબુદ્દીને નવાનગરનું નામ ઈસ્લામનગર પાડ્યું. રાયસિંહજીનો કુંવર કચ્છ તરફ ભાગી ગયો અને પાછળથી ઓખા મંડળમાં આવી નવાનગરનો વિસ્તાર ઉજ્જડ કરવા માંડ્યો. ૧૬૭૩માં જોધપુરના મહારાજા જે ગુજરાતના સુબા હતા. એમણે જામ તમાચીને નવાનગરની ગાદી પાછી અપાવી, પણ દિલ્હીમાં ઔરંગઝેબનું રાજ હતું એટલે જામ તમાચી જામખંભાળીયામાં રહેતા. એમણે પોતાના ભાઈને ભાણવડ ગરાસમાં આપી દીધું. એમના પછી કુંવર લાખા અને એમના પછી કુંવર રાયસિંહજી ગાદીએ બેઠા.

**૧૬૨૭માં દિલ્હીમાં શાહજહાં બાદશાહ થયો. એ સમયે કાંકરેજના કોળીઓએ બળવો કર્યો અને જામે ખંડણી આપવી બંધ કરી. આથી બાદશાહે આઝમખાનને ગુજરાતના સુબા તરીકે મોકલ્યો અને ઈશાતરખાનને સોરઠનો ફોજદાર બનાવ્યો. આઝમખાને નવાનગર ઉપર હુમલો કર્યો અને બાકી ખંડણી વસુલી લીધી અને ટંકસાળમાં કોરી ન પાડવા બાબત વચન લીધું પણ જામે એ પાળ્યું નહીં**

રાયસિંહજીએ નવાનગરમાંથી ફોજદારને કાઢી મૂક્યા અને નવાનગર આવીને રહ્યા. હળવદના જશવંતસિંહજી પાસેથી ખંડણી લઈ મહારાજા અજીતસિંહે નવાનગર ઉપર ચડાઈ કરી. જામે ત્રણ લાખ ખંડણીના અને ૨૫ ઘોડા આપવા પડ્યા. રાયસિંહજીના નાનાભાઈ હરધોળજીને હડીયાણા ગરાસમાં મળેલું. એણે ૧૭૧૮માં રાયસિંહજીની હત્યા કરી પોતે ગાદી ઉપર આવી ગયા. તેની એક દાસી કુંવર તમાચીને એક પેટીમાં નાંખી કચ્છમાં લઈ ગયા અને તેની માસીનું રક્ષણ માંગ્યું. બાઈએ ભાણેજને પોતાની પાસે રાખ્યો અને હળવદના રાજા પ્રતાપસિંહને પોતાની કુંવરી ગુજરાતના સુબા સુર બુલંદખાન સાથે અને ભત્રીજી સલાબત મહમદ સાથે પરણાવવા લખ્યું. પ્રતાપસિંહજીએ એ જ પ્રમાણે કર્યું અને પછી જામ તમાચીને બાપદાદાની ગાદી મળી. કચ્છના રાવે જામ તમાચીને મદદ આપેલી તેના બદલામાં જામે ભૂજના રાવ દેશળજીને બાલંભા અને આમરણ ગીરવી આપ્યાં. જામ તમાચીને ગાદી ઉપર બેઠા પછી ભાયાતોને પોતપોતાના ગામ મોકલી આપ્યા. એમાં પડધરનો હાલાજી પણ હતો. તેણે જામ તમાચીને રાજ્ય અપાવવામાં મદદ કરેલી તેથી જામે નવાનગરમાંથી તેને કાઢ્યો તેનું માઠું લાગ્યું. તેણે જામ તમાચીને મારી નાંખવાનો નિર્ણય કર્યો. વઢવાણના ભાયાત કરણસિંહને જામને મળવાના બહાને મોટું લશ્કર આપી નવાનગર મોકલ્યો. કરણસિંહે તક શોધીને જામ તમાચીને મારી નાંખ્યો.

જામ લાખાજીએ ૨૪ વરસ રાજ કર્યું. હળવદની જયુબાની સાથે એ પરણેલા. જામ નબળા હતા એટલે એ વાત જયુબાને ગમતી નહીં, એટલે ૧૭૫૬માં દરવાજા બંધ કરી મેરામણના ભાઈ નાનજી ખવાસને મારી નાંખ્યો. મેરામણે પોતાના માણસો ભેગા કરી રાજમહેલમાં દાખલ થયો ત્યાં કત્લેઆમ કરી અને જયુબાને કેદ કરી લીધા અને રાજકારભાર પોતે ચલાવવા માંડ્યો. જામ લાખાજી ૧૭૬૮માં મૃત્યુ પામ્યા ત્યાં સુધી આમ ચાલ્યું. એમના પછી બાળકુંવર જસાજી ગાદીએ બેઠા એને પણ કેદ કરી મેરામણ તથા ભવાને બધો કારભાર પોતાના હાથમાં રાખ્યો. કચ્છના રાવ ગોડજીએ હાલાર ઉપર સવારી કરી પણ મેરામણ ખવાસે બાલંભા ફરતો ઘેરો ઘાલ્યો અને રાવને પાછા ભુજ જવું પડ્યું. આ પછી મેરામણ પડધરીના હાલોજી તરફ વળ્યો. હાલોજીએ બંડ કરીને મોડપુરનો કિલ્લો કબ્જે કરી લીધો હતો. મેરામણે મોડપુર પર ઘેરો ઘાલ્યો. હાલોજી ગોળી વાગવાથી મરી ગયા. જયુબા યાત્રાના બહાને ધ્રાંગધ્રા જતાં રહ્યાં અને ત્યાં બેઠાં બેઠાં મેરામણજીને કાઢવાની યુક્તિઓ કરતાં રહ્યાં, પણ મેરામણે જયુબાને નવાનગર બોલાવીને મારી નાંખ્યા ત્યાર પછી મેરામણે ઓખાનું પોસીતરા જીતી લેવામાં દીવાન અમરજીની મદદ માંગી બંનેનાં લશ્કરે પોસીતરા ઘેરી લીધું. પાછળથી બંને વચ્ચે અણબનાવ થયો અને સમાધાન થયું. મેરામણ ખવાસે દીવાનને ઝેર આપવાના ઈરાદાથી મહેફીલમાં બોલાવ્યા, દીવાનને ખબર પડી ગઈ એટલે તે જુનાગઢ જતો રહ્યો. ૧૭૮૩માં દીવાન અમરજી સામે લશ્કર લઈને લડ્યો, પણ પાંચપીપળા આગળ તે હાર્યો. પછી ગાયકવાડના લશ્કરની મદદથી દેવડાનો કિલ્લો જીતી લીધો પછી દીવાનની સાથે સમાધાન કર્યું. ૧૭૯૪માં હાલારના જાડેજાઓએ મેરામણને ખસેડી જામ જશાજીને છૂટો કરવાના ઈરાદાથી તોફાન મચાવ્યું. એમાં ખીરસરાના રણમલ જાડેજા, રાજકોટના મેરામણ જાડેજા, ગોંડલના દાજી જાડેજા અને ધ્રોલના મૂળજી જાડેજા આગેવાનો હતા. મેરામણ એમની સામે લડ્યો અને સરધાર ઉજ્જડ કરી નાંખ્યું. આ વખતે ભાવનગરના વખતસિંહજી કાઠીઓ સામે લડતા હતા અને જેતપુર જીતી લેવાના વિચારથી જસદણ આગળ છાવણી નાંખેલી. જુનાગઢના નવાબ કાઠીઓની મદદ માટે લશ્કર લાવેલા. મેરામણે વચ્ચે પડી જુનાગઢ અને ભાવનગર વચ્ચે સમાધાન કરાવ્યું. જાડેજાઓને લાગ્યું કે મેરામણની સામે જીતી નહીં શકાય એટલે કચ્છના જમાદાર ફતેહ મહમદની મદદ માંગી તે મોટું લશ્કર લઈ હાલારમાં ઉતરી આવ્યું. એને રોકવા ભવાન ખવાસે ખાખરા બેલા પાસે પડાવ નાંખ્યો પણ ફતેહ મહમદે પડધરી તરફ કૂચ કરી. બંને લશ્કર વચ્ચે લડાઈ થઈ. નવાનગરની ફોજ હારી ગઈ. ફતેહ મહમદ ખંભાળીયા સુધીનો વિસ્તાર જીતી લઈ પાછો કચ્છ ગયો.

**પેશવા સરદાર સેલુકર લશ્કર લઈ આવ્યો હતો. તેને મેરામણે પુષ્કળ પૈસા આપી ગોંડલ ઉપર હુમલો કરવા મોકલ્યો. ગોંડલ સાવ નિરાધાર થઈ ગયું. ૧૭૮૫માં મેરામણે ઓખાના વાઘેરો ઉપર હુમલો કરી ગંગા, ગુરગઢ ગામ છીનવી લીધાં. જામ જસાજી તથા તેના બાઈ સતાજી જાપ્તાથી કંટાળીને નાસવાની તૈયારીમાં હતા પણ મેરામણે તેમને મહેલમાં બે મહિના કેદ રાખ્યા**

**કચ્છનો ફતેહ મહમદ :**

આ હુમલામાં જામસાહેબની છૂપી મદદ હતી આથી મેરામણે તેના ઉપર જાપ્તો રાખ્યો. જામસાહેબે કચ્છના રાવની મદદ માંગી. એ લોકોએ ફરીથી ખટપટ શરૂ કરી. પેશવા સરદાર સેલુકર લશ્કર લઈ આવ્યો હતો. તેને મેરામણે પુષ્કળ પૈસા આપી ગોંડલ ઉપર હુમલો કરવા મોકલ્યો. ગોંડલ સાવ નિરાધાર થઈ ગયું. ૧૭૮૫માં મેરામણે ઓખાના વાઘેરો ઉપર હુમલો કરી ગંગા, ગુરગઢ ગામ છીનવી લીધાં. જામ જસાજી તથા તેના બાઈ સતાજી જાપ્તાથી કંટાળીને નાસવાની તૈયારીમાં હતા પણ મેરામણે તેમને મહેલમાં બે મહિના કેદ રાખ્યા. ફતેહ મહમદ ફરીથી ધસી આવ્યો પણ લડાઈ ન કરતાં તેણે કચ્છ અને નવાનગર વચ્ચેની લડાઈનો નિવેડો લવાદને સોંપી દીધો. ૧૭૯૮માં મેરામણે જામ સાહેબ પાસેથી જોડીયા તથા બાલંભા અને આમરણ લખાવી લીધાં. ૧૭૯૮માં કચ્છના રાયઘણજી અને ફતેહ મહમદે નવાનગરને ઘેરી લીધું પણ ફાવ્યા નહીં. ૧૮૦૦માં મેરામણ મરી ગયો એના દીકરા મુસ્લિમના પેટના હતા તેથી વારસ ન ગણાયા. બાલંભા, જોડીયા અને આમરણની જાગીર ભવાનના દીકરા સંગ્રામ તથા પ્રાગજીના હાથમાં આવી બંને તાલુકા થઈ ગયા. મેરામણના મરણ પછી જસાજી છૂટા થયા અને સ્વતંત્ર કારભાર ચલાવવા લાગ્યા. જામે પોતાનું લશ્કર વધારી ભાયાતો અને તાલુકદારોના તાલુકા દબાવવા માંડ્યા આથી ભાયાતો બહારવટિયે ચડ્યા. ૧૮૦૭માં જમાદાર મુરાહખાન તથા ફકીર મહમદ મકરાણી જે કંડોરણાના હાકેમ હતા. તેમને રાણા સાથે અણબનાવ થયો. તેણે જામને તે કિલ્લો આપી દેવાનું કહેણ મોકલ્યું. જામે તે સ્વીકાર્યું અને તેમને નોકરીમાં રાખીને કંડોરણાનો કિલ્લો પોતે જ કબ્જે કર્યો. રાણાએ ગાયકવાડ તથા બ્રિટિશ સરકારને ફરિયાદ કરી. કર્નલ વોકરે કિલ્લો પાછો આપવા સમજાવ્યા અને ન માન્યા એટલે કર્નલ વોકરે તે કિલ્લો લઈને રાણાને સોંપી દીધો. જામ એ પછી ઉદ્ધતાઈથી વર્તવા લાગ્યો. બ્રિટિશ તથા ગાયકવાડી લશ્કરે નવાનગર ઉપર કૂચ કરી અને સમાધાન કરવું પડ્યું. ૧૮૧૩માં ફતેહ મહમદે હાલાર ઉપર ફરીથી હુમલો કર્યો.આ વખતે દીવાન રણછોડજી જામની મદદે આવ્યા. બંને ફોજનો ભેટો હડીયાણા પાસે થયો. ફતેહ

મહમદે સમાધાન કર્યું અને કચ્છ પાછો વાળ્યો, પણ ગાયકવાડ અને બ્રિટિશ ફૌજ આવી પહોંચવાથી કતારીયા આગળ લડાઈ થઈ તેમાં ફતેહ મહમદ માર્યો ગયો.

જામ જસાજી ૪૭ વરસ રાજ કરી ૧૮૧૪માં મૃત્યુ પામ્યા. એમના પછી કુંવર સતાજી ગાદીએ બેઠા પણ એ અશક્ત હોવાથી જામ જસાજીની રાણી આછુબાઈએ ભાણવડના જાડેજા જસાજીના કુંવર રણમલને દત્તક લીધો પણ જસાજી મરી ગયા તે પહેલા એમણે હુકમ કરેલો કે જગજીવન દેવજીને પ્રધાન બનાવીને કારભાર એને સોંપી દેવો. આથી સતાજી કેદી બની ગયા. આ વાત આછુબાઈને ન ગમી એટલે એમણે જગજીવનને ખસેડવાની ખટપટ શરૂ કરી. કેટલાક મસ્કતી આરબોએ કંડોરણા અને પડધરીનો કિલ્લો કબ્જે કરી લીધો. જગજીવને ગાયકવાડ અને બ્રિટિશરોની મદદ માંગી. આરબો ભાગી ગયા. જામસાહેબે બ્રિટિશ અને ગાયકવાડ સરકારને ખવાસની ઉપર ફૌજ મોકલવા કહ્યું ખવાસ હિંમત હારી પોતાની જાગીર આપી દઈને મોરબી જતો રહ્યો. આખરે સમાધાન રૂપે ખવાસને આમરણ પરગણું જાગીરમાં મળ્યું એ પછી જામ રણમલજી ઈ.સ. ૧૮૨૦માં ગાદીએ બેઠા. ૧૮૨૪માં એમણે બરાના રાહુ ઉપર હુમલો કરીને હરાવ્યા. એમણે ૧૮૨૯માં ભાવનગરના ઠાકોર વજેસિંહજીની કુંવરી બાજીરાવ સાથે લગ્ન કર્યા. પોતાના રાજમાં ત્રણ વખત દુકાળ પડ્યો. તેથી એમણે મોટું તળાવ બંધાવ્યું. જામ રણમલજી શિકારના શોખીન હતા. એમણે ત્રણ વરસમાં સાત સિંહનો શિકાર કરેલો. તેઓ ૧૮૫૨માં મૃત્યુ પામ્યા. એમના પછી કુંવર વિભાજી ગાદી ઉપર આવ્યા. ૧૮૭૭માં તેઓ દિલ્હી દરબાર ગયા અને તેમને ગર્વનર જનરલ તરફથી એક વાવટો મળ્યો અને ૧૧ તોપનું માન હતું તે વધીને ૧૫ તોપનું થયું. એમને કે.સી.એસ.આઈ.નો ખિતાબ પણ મળ્યો.

**જામ રણમલજી શિકારના શોખીન હતા. એમણે ત્રણ વરસમાં સાત સિંહનો શિકાર કરેલો. તેઓ ૧૮૫૨માં મૃત્યુ પામ્યા. એમના પછી કુંવર વિભાજી ગાદી ઉપર આવ્યા. ૧૮૭૭માં તેઓ દિલ્હી દરબાર ગયા અને તેમને ગર્વનર જનરલ તરફથી એક વાવટો મળ્યો અને ૧૧ તોપનું માન હતું તે વધીને ૧૫ તોપનું થયું. એમને કે.સી.એસ.આઈ.નો ખિતાબ પણ મળ્યો**

વિભા જામના સમયમાં જામ રણમલજી બીજાએ નીમેલા ભગવાનજી શેઠ દીવાન પદે હતા. તેમજ વજીર માવજી વેજાણી હતા. પોલીસ વડા પોપટભાઈ વેલજી હતા. ભગવાનજી શેઠે વૃદ્ધાવસ્થાને કારણે રાજીનામું આપ્યું ત્યારે જામનગર ઉપર નવ લાખ કોરીનું કરજ ચડી ગયું. રાવ બહાદુર પોપટલાલ વેલજી દીવાન થયા. કાળુભા સાથે અણબનાવ થતાં તેઓ છૂટા થયા. વિભાજીએ નારાયણ રાવ ખારકરને દીવાન બનાવ્યા. તેમણે લખલૂંટ ખર્ચા શરૂ કર્યા પરિણામે રાજા અને તેમની વચ્ચે મતભેદ થયા. ૧૮૮૦માં વિભા જામે મગનલાલ બાપુભાઈને દીવાન બનાવ્યા. તેઓ પોલિટિકલ એજન્ટના નાયબ મદદનીશ તરીકે કામ કરી ચૂક્યા હતા. તેમણે ડહાપણ વાપરીને જંગલ ખાતાને એન્જિનીયર નીચે મૂક્યું અને ઘણી કાબેલિયતથી વહીવટ કર્યો. ૧૮૯૫માં જામ વિભાનું અવસાન થતાં ડબલ્યુ પી. કેનેડીએ વહીવટ સંભાળ્યો. દીવાન મગનલાલ ૧૮૯૬માં નિવૃત્ત થયા. વહીવટદારના સમયમાં જામનગરને ખાનબહાદુર મહેરવાનજી જેવાની સેવા મળી. તેઓ જામ જશવંતસિંહજીના અમલ દરમિયાન દીવાન પદે રહેલા ૧૮૯૬માં ટાઈફોઈડની બીમારીને કારણે જામ જશવંતસિંહજીનું અવસાન થયું અને રણજીતસિંહ ગાદીએ આવ્યા. એમણે સચિવાલય પદ્ધતિ દાખલ કરી અને વહીવટી માળખું સુધાર્યું. ૧૯૩૧થી ૧૯૪૮ સુધી સેક્રેટરી પ્રથા અમલમાં રહી. એમણે આધુનિક કેળવણી અને અદ્યતન સંસ્કારનું સિંચન શરૂ કર્યું. અંગ્રેજી કેળવણી દાખલ કરી રાષ્ટ્રભક્તિની ભાવના જગાડી. અંધશ્રદ્ધા પ્રેરિત કુરિવાજો નાબૂદ કર્યા. એક નવી યુવાપેઢી તૈયાર થઈ એમના સમયમાં જ્ઞાતિપ્રથા ટોચે હતી. દરેક જ્ઞાતિની પોતાની વાડીઓ બંધાતી. જામ રણમલજીએ ઘણી જ્ઞાતિઓને વાડી બાંધવા જમીન આપી.

**સૈન્યમાં ફાળો :**

જામ રણજીતસિંહ ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધમાં ભાગ લેવા ગયેલા તેઓ સર જહોન ફ્રેંચની ડિવિઝનમાં મેજર તરીકે ફરજ બજાવતા અને ફ્રાંસના મોરચા ઉપર હતા. જામ રણજીતના ભત્રીજા સવાઈસિંહ બ્રિટિશ લશ્કરમાં મોટા હોદ્દા ઉપર હતા. યુદ્ધ દરમિયાન આફ્રિકાના મોરચે તેઓ ઘવાયા હતા. વાઈસરોયના તેઓ એ.ડી.સી. બનેલા અને નિવૃત્ત થયા પછી જામનગર રાજ્યનાં કમાન્ડીંગ ઓફિસર બનેલા. બીજા એક ભત્રીજા કે.એસ.દાજીરાજ ફ્રાંસમાં ફરજ બજાવતા. ૧૯૧૭માં શહીદ થઈ ગયા. એમના ભાઈ જુવાનસિંહના પુત્ર પ્રતાપસિંહે વિશ્વયુદ્ધમાં ભાગ લીધેલો તેમના નાનાભાઈ દિગ્વિજયસિંહે અને કેપ્ટન હિંમતસિંહજીએ પણ યુદ્ધમાં ભાગ લીધેલો. કેપ્ટન હિંમતસિંહજી નહેરૂના પ્રધાનમંડળમાં નાયબ સંરક્ષણ પ્રધાન બનેલા અને હિમાચલ પ્રદેશના ગર્વનર પણ બનેલા. દેવુભાના બીજા પુત્ર સવાઈસિંહજીના ભાઈ રાજેન્દ્રસિંહે પણ વિશ્વયુદ્ધમાં ભાગ લીધો અને આઝાદી પછી ભારતીય સેનામાં સેનાપતિ બનેલા. પ્રથમ વિશ્વયુદ્ધમાં જામ રણજીતે ઈંગ્લેન્ડનું પોતાનું મકાન મિલિટ્રી હોસ્પિટલ બનાવવા માટે કાઢી આપ્યું. જામનગરનું લશ્કર કરાંચી, અફઘાનિસ્તાન અને જેકોબાબાદ સાથે યુદ્ધ મોરચા પર રહીને સારી નામના મેળવી. પાંચ વરસ પછી આ લશ્કર જામનગર પાછું આવ્યું એમના શાસનમાં

જામનગરે બધી રીતે પ્રગતિ કરેલી.

જામ રણજીતસિંહ પછી ગાદીએ આવનાર હતા. જામ દિગ્વિજયસિંહ એમના સમયમાં દિગ્વિજય વુલન મીલ, એરોડ્રોમ, દિગ્વિજય પ્લોટ તથા ધનવંતરી મંદિર જેવા અનેક બાંધકામ થયાં. તેમ જ સ્મશાન પણ બંધાવ્યું. જૂનું સ્મશાન નાગનાથ દરવાજા બહાર હતું. ૧૯૪૬માં વજીર રાઘવભાઈએ રેલ્વે ફાટક નજીક એક સ્મશાન બંધાવ્યું. ૧૯૨૦થી ૩૦ વચ્ચે જામનગરમાં વીજળી આવી. જામ રણજીતે પાવરહાઉસ બનાવ્યું. એમના સમયમાં વિભા વિલાસ પેલેસ તથા જામ બંગલો તેમજ પ્રતાપ વિલાસ, અમર વિલાસ તથા ફિલ્ટરહાઉસ તેમજ ઈરવીન હોસ્પિટલ તથા સોલેરિયમ તેમજ ગ્રીન માર્કેટ તથા સજુબા ગર્લ્સ, બેડીબંદર વગેરે બાંધકામ થયાં. રસ્તા પહોળા થયા. કાયમ જળ સંકટ નિવારવા તેમણે એક બંધ બાંધવાનું આયોજન કર્યું. એમના અવસાન પછી એ પૂરું થયું. એને રણજીત સાગર ડેમ નામ અપાયું. ૧૯૪૬માં તળાવ વચ્ચેના લાખોટા મહેલમાં મ્યુઝિયમ શરૂ થયું. આ મ્યુઝિયમમાં ઘુમલી પાસેથી મળી આવેલ શિલ્પના નમૂના રાખ્યા છે. તથા નવમા તથા દસમા સૈકાની મૂર્તિઓ ગોઠવવામાં આવી છે. ભૂચર મોરીના સંગ્રામનું એક વિશાળ ચિત્ર પણ ત્યાં મૂકાયું છે.

**આ શહેરે એવી કાયાપલટ કરી કે એને સૌરાષ્ટ્રનું પેરિસ કહેવાયું. વ્યવસ્થિત નગર આયોજનને લીધે આ નામ અપાયું. દિગ્વિજયસિંહના સમયમાં ઘણા બાંધકામ થયાં. ૧૯૩૯માં પ્રજામંડળની સ્થાપના થઈ. આઝાદી વિરોધી માણસોનું સરઘસ નીકળ્યું એમાં અનેક દુકાનો લુંટાઈ. પ્રજામંડળની ઓફિસમાં તોડફોડ થઈ અંતે ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો**

આ શહેરે એવી કાયાપલટ કરી કે એને સૌરાષ્ટ્રનું પેરિસ કહેવાયું. વ્યવસ્થિત નગર આયોજનને લીધે આ નામ અપાયું. દિગ્વિજયસિંહના સમયમાં ઘણા બાંધકામ થયાં. ૧૯૩૯માં પ્રજામંડળની સ્થાપના થઈ. આઝાદી વિરોધી માણસોનું સરઘસ નીકળ્યું એમાં અનેક દુકાનો લુંટાઈ. પ્રજામંડળની ઓફિસમાં તોડફોડ થઈ અંતે ૧૫ ઑગષ્ટ ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો અને ગાંધી ચોકમાં ખુશાલચંદ મહેતાના હસ્તે ધ્વજવંદન થયું. ૧-૪-૪૮ના રોજ સરદાર પટેલે સૌરાષ્ટ્રનાં રજવાડાઓનું વિલિનીકરણ જાહેર કર્યું. અને જામ દિગ્વિજયસિંહ રાજ પ્રમુખ બન્યા. હાલ ભૂતપૂર્વ રાજવી તરીકે જામ શત્રુશલ્યસિંહજી બિરાજે છે.

**ક્રિકેટ ક્ષેત્રે પ્રદાન :**

જામનગર રાજ્યે ક્રિકેટની રમત ક્ષેત્રે પણ સારો એવો ફાળો આપ્યો છે. ટેસ્ટ ક્રિકેટ રમનાર પ્રથમ ભારતીય ક્રિકેટર કુમાર રણજીતસિંહજી જાડેજા હતા. તેઓ જામનગરના રાજવી હતા. રણજીતસિંહજી કેમ્બ્રિજ અને સશેક્સમાં ભણેલા અને તે દરમિયાન જમણેરી બેટ્સમેન તરીકે તેઓ ક્રિકેટમાં ખીલી ઊઠેલા. ઈંગ્લેન્ડની ટીમમાં તેમનો સમાવેશ થયો. ૧૮૯૬માં માન્ચેસ્ટરમાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે તેઓ પ્રથમ ટેસ્ટ રમ્યા હતા. ભારતમાં ટેસ્ટ ક્રિકેટનો પ્રારંભ તેમણે જ કર્યો. પ્રથમ ટેસ્ટમાં જ પ્રથમ ઈનીંગમાં ૬૨ અને બીજી ઈનીંગમાં ૧૫૪ રન કરેલા અને છતાં નોટઆઉટ રહેલા. તેઓ કુલ ૧૫ ટેસ્ટ રમ્યા હતા. તેમની ૪૬ રનની સરેરાહ હતી. કારકિર્દીમાં તેમણે બે સદી અને છ અર્ધી સદી સાથે કુલ ૯૮૯ રન ફટકારેલા. ૧૯૩૫માં પટિયાલાના મહારાજા ભૂપેન્દ્રસિંહે ક્રિકેટની ટ્રોફી શરુ કરાવી ત્યારે તેને રણજી ટ્રોફી નામ અપાયું. અને આજે પણ ફર્સ્ટ ક્લાસ ટેસ્ટમાં રણજીત ટ્રોફી વખણાય છે. તેઓ ૧૯૦૭થી ૧૯૩૩ દરમિયાન રાજવી રહ્યા. એમણે લશ્કરમાં નવમી ઘોડેસ્વાર રેજીમેન્ટમાં પણ સેવા આપેલી. રણજીતસિંહ કાયમ કુંવારા રહ્યા.

રણજી ટ્રોફીની જેમ દુલીપ ટ્રોફીનું નામ પણ મોટું છે. એક કાકા હતા તો બીજા ભત્રીજા હતા. તેમનું ખરું નામ જુવાનસિંહ હતું. તેઓ પણ કેમ્બ્રિજમાં ભણેલા. ૧૯૨૯માં એમણે ટેસ્ટ પ્રવેશ કર્યો અને ઈંગ્લેન્ડ વતી બર્મિંગહામ ટેસ્ટમાં રમ્યા. તેઓ કુલ ૧૨ ટેસ્ટ રમ્યા. રણજીતસિંહથી એક વધુ સદી એમણે ફટકારી. કુલ ત્રણ સદી અને પાંચ અર્ધી સદી સાથે એમણે કુલ ૯૯૫ રન કરેલા. ભારત આવીને પણ તેઓ ઘણું ક્રિકેટ રમ્યા. સરકારે તેમને ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં હાઈકમિશ્નર તરીકે મોકલ્યા.

દુલીપસિંહના ભત્રીજા હનુમંતસિંહ પણ ૧૯૬૩થી ૧૯૭૦ સુધી ટેસ્ટ ટીમના સભ્ય તરીકે રમેલા અને એક સદી તથા પાંચ અર્ધી સદી સાથે ૬૮૬ રન કરેલા. આ ઉપરાંત ઈન્દ્રજીતસિંહ પણ ૧૯૫૫થી ૧૯૭૩ સુધી ક્રિકેટ રમેલા. અત્યારે અજય જાડેજા જાણીતા ક્રિકેટર છે.

**લશ્કર ક્ષેત્રે પ્રદાન :**

ભારતીય લશ્કરના પ્રથમ વડા કમાન્ડર ઈન ચીફ રાજેન્દ્રસિંહજી જાડેજા હતા.તેઓ પણ રણજીતસિંહજીથી મોટા દેવીસિંહના પુત્ર હતા. તેઓ રાજકુમાર કૉલેજમાં ભણેલા અને રોયલ મીલીટરી એકેડેમીમાં પણ રહેલા. બ્રિટીશ આર્મીમાં તેઓ સક્રિય હતા અને બીજા વિશ્વયુદ્ધમાં પૂર્વ આફ્રિકામાં લડેલા. તેઓ ૧૯૪૬માં બ્રિગેડીયર, ૧૯૪૭માં મેજર જનરલ, ૧૯૪૮માં લેફ્ટનન્ટ જનરલ અને પછી ભારતીય સશસ્ત્ર દળના વડા તરીકે વરાયેલા. શત્રુશલ્યસિંહજી એરફોર્સમાં હતા. કાશ્મીરના રાજવી કરણસિંહના તેઓ સાઢુભાઈ થાય.

*'આશિયાના', ૫ સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી,*
*નિર્મલા કોન્વેન્ટ રોડ,*
*રાજકોટ-૩૬૦૦૦૭*
*મો-૯૯૧૩૫૫૨૬૦૯*

# પ્રજા પરસ્ત રાજા સર સયાજીરાવ ગાયકવાડ

– *દોલત ભટ્ટ*

તે દી' સેના ખાસ ખેલ સમશેર બહાદુર દૌલતે ઈંગ્લિશિયા શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડનો નેજો દક્ષિણ ગુજરાતના નવસારી ઉપર ફડાકા દેતો, ઉત્તર ગુજરાતના પાટણ, કડી, મહેસાણાને ભરડો લઈને મધ્ય કાઠિયાવાડના અમરેલીને આંટો લઈને ઓખાને આંબી જઈ આણ વર્તાવતો હતો.

ત્રણ હજાર જેટલા ગામડાં ઉપર જેનો દોર દમામ ચાલતો હતો, એવા આ પ્રજાપરસ્ત રાજવીના શાસનના સંભારણાં સંભારવાનો અહીં ઉપક્રમ છે.

તેમને વડોદરાના મહારાણી જમનાબાઈએ દત્તક લીધા હતા. તેમની કાળજી કુશળતાપૂર્વક નિભાવી ગુજરાતને એક આદર્શ નમુનારૂપ રાજવીના રૂપમાં સયાજીરાવની ભેટ આપી. દેશી રાજ્યના ઈતિહાસમાં તેઓ પોતાનું નામ અંકિત કરી ગયા છે.

**દેશી કારીગરોને ઉત્તેજન આપી અનેક ગૃહ ઉપેગો ઊભા કરાવી રોજીરોટીના રસ્તા કરી આપેલા. લક્ષ્મી વિલાસ પેલેસ પેરિસના રાજવીના મહેલની પ્રતિકૃતિ છે. તેમાં ૫૦ લાખથી પણ વધુ રકમનો ખર્ચ કરાયો હતો. રાજ્યમાં દવાખાનાં સરસ્વતી મંદિરોનું પણ નિર્માણ કરાવીને પોતાની રાજવી તરીકેની કીર્તિ કાંગરા ઝળહળાવેલા**

સયાજીરાવની અદ્‌ભુત ભાવના સતત પ્રગટ થતી રહેતી. તેમણે રાજ્યની રૈયતની રખેવાળીની અને સર્વાંગ વિકાસની ખેવના માટે પોતાના રાજ્યનો ખજાનો ખુલ્લો મુકી દીધો હતો.

શિક્ષણ, સાહિત્ય, કલાકારીગરી, ખેતી, તળાવો, જળાશયો, પુસ્તકાલયો વગેરે તમામ ક્ષેત્રોમાં એમની કુશાગ્ર બુદ્ધિની બાહોશીની પ્રજ્ઞા પ્રગટતી રહી હતી.

સાગરના એક છેડેથી બીજા છેડા સુધી એમનું સામ્રાજ્ય છબતું હતું. તેમણે વડોદરા ધારાસભાની રચના કરી હતી. તે સાથે પ્રાંત પંચાયતો સ્થાપી પ્રજાના પ્રશ્નો અંગે નિકાલ લાવવાની લોકશાસનનો મર્યાદિત છતાં આવકારદાયક ઉપક્રમ અપનાવ્યો હતો.


ફરજિયાત કન્યા કેળવણી, એમના શાસનનું શિરમોર પગલું હતું. કડીથી કોડિનાર સુધીની સીમાને છબતાં તેમના આધિપત્યના પ્રદેશના તમામ ભૌગોલિક રીતે ઉકેલવાની હૈયા ઉકલત આ રાજવીની સહજ અને સરળ તેમજ જરૂર જણાયે સાહસિક પણ હતી. એમણે વડોદરાને વૈભવી નગરી બનાવી તેમજ સાક્ષરભૂમિ તરીકેની ભવ્યતા પણ બક્ષી હતી.

આઝાદીના પ્રથમ ગીત ગાનાર બુલાખીરામને તેમણે કવિ તરીકે પ્રસ્થાપિત કર્યા હતા. તેમના અકાળ અવસાન પછી પણ તેમની વિધવાની સહાય દ્વારા સંભાળ રાખી હતી.

પ્રકાશન ખાતું ખોલીને ઉત્તમ પુસ્તકના અનુવાદો કરાવીને પ્રગટ કરાવવાનું કાર્ય પણ તેમણે શરૂ કરાવ્યું હતું.

કલાભવનનું નિર્માણ કરાવીને બેનમૂન સંગ્રહાલય તેમજ મધ્યસ્થ પુસ્તકાલયનું નિર્માણ કરાવીને સાહિત્યની પ્રવૃત્તિને પ્રાણવંતી રાખી હતી.

બી.બી. એન્ડ સી.આર.આઈ. રેલવે પણ એમની જ દેન હતી. ઉત્તર ગુજરાતના નગરોને આંતરિક રીતે જોડતી રેલવેના ટુકડાઓએ ગામોને ઢૂંકડા (નજીક) કરી દીધાં હતાં.



સયાજીરાવ ગાયકવાડ

મહેલોના નિર્માણ કાર્ય તેમજ મંદિરોના જીર્ણોધાર દ્વારા પણ તેમણે બહુવિધ લક્ષ આપ્યું હતું. જગત મંદિર (દ્વારકા) અને શારદાપીઠ જગદ્‌ગુરુ શંકરાચાર્યના દરજ્જાને બહુ પૂજ્ય ભાવ સાથે મહત્ત્વ જાળવી જાણ્યું હતું.

ટૂંકમાં, વડોદરા વિકાસની કોઈ વાતથી વંચિત નહોતું. તેમની જ્યાં જ્યાં નજર ઠરી ત્યાં ત્યાં તેમણે જરૂરિયાતો પૂરી કરી.

એ સમયની સમસ્યા હતી બહારવટિયાના ત્રાસની. અનેક ટોળકીઓ ઊભી થતી, ગામડાં ભંગાતાં-લુંટાતાં-ધીંગાણાં થતાં, કોઈ ઠાર મરાતાં, કોઈ પકડાતાં, આવાં સંકટ ભર્યા સમયે તેમણે બહાદુર પોલીસ વડા ઘાડગેની

ખાસ નિમણૂંક કરી તેમના દ્વારા કેટલાકનો ખાત્મો કરાવેલો, કેટલાકને જીવતાં પકડાવેલાં.

દેશી કારીગરોને ઉત્તેજન આપી અનેક ગૃહ ઉદ્યોગો ઊભા કરાવી રોજીરોટીના રસ્તા કરી આપેલા.

લક્ષ્મી વિલાસ પેલેસ પેરિસના રાજવીના મહેલની પ્રતિકૃતિ છે. તેમાં ૫૦ લાખથી પણ વધુ રકમનો ખર્ચ કરાયો હતો.

રાજ્યમાં દવાખાનાં - સરસ્વતી મંદિરોનું પણ નિર્માણ કરાવીને પોતાની રાજવી તરીકેની કીર્તિ કાંગરા ઝળહળાવેલા.

નાના કારીગરોની કદર. એક મોચી પોતાની કુશળ કારીગરીના નમુના રૂપ મોજડી સીવી લાવેલો. તેને ૧૦૦ રૂપિયાનું ઈનામ આપી રાજી કરેલો. એક લુહાર નકશીદાર સૂડી બનાવી લાવેલો. તેની પણ કદર કરી ઈનામો આપેલા.

**સાહિત્ય ક્ષેત્રે**

સયાજીરાવ ગાયકવાડે વડોદરા રાજ્યના રાજા તરીકે તેમણે શિક્ષણ અને સાહિત્ય પ્રત્યે જે પ્રેમ દાખવી અન્ય દેશી રાજ્યો કરતા આદિત્ય અને ઇતિહાસે નોંધ લેવી પડે એવું ઉમદા કાર્ય પોતાના દીર્ઘ શાસન સમય દરમિયાન કર્યું હતું.

તેમણે ફરજિયાત કેળવણી, કન્યા કેળવણી અને મફત શિક્ષણનો ત્રિપાંખિયો વ્યૂહ રચી ઊગતી પેઢીને નિરક્ષરતાના કલંકમાંથી ઉગારવાનો અભિનંદનીય આરંભ કર્યો હતો.

**સ્વ. ખંડેરાવના મહારાણી જમનાબાઈના દત્તકપુત્ર તરીકે વડોદરાની રાજગાદીના વારસ તરીકે આરૂઢ થયેલા સયાજીરાવમાં શાસકનું શાણપણ હતું. પ્રથમ વિચાર તેમને આવેલો કે પ્રજાની માતૃભાષા ગુજરાતી હોવાથી રાજ્યનો વહીવટ ગુજરાતીમાં જ ચાલવો જોઈએ. તેના તુરંત જ અમલ માટે આદેશ જારી કર્યો હતો. તેનો અમલ પણ તાકીદે કરાવ્યો હતો**

તે સાથે ગુજરાતી સાહિત્યના સંશોધન, સંવર્ધન અને સર્જનના ફલકને વિસ્તારવાનો અવકાશ ઊભો કરાવીને પોતાના કાર્યકાળને કીર્તિકળશરૂપે ઝળહળાવ્યો હતો.

સ્વ. ખંડેરાવના મહારાણી જમનાબાઈના દત્તકપુત્ર તરીકે વડોદરાની રાજગાદીના વારસ તરીકે આરૂઢ થયેલા સયાજીરાવમાં શાસકનું શાણપણ હતું. પ્રથમ વિચાર તેમને આવેલો કે પ્રજાની માતૃભાષા ગુજરાતી હોવાથી રાજ્યનો વહીવટ ગુજરાતી ભાષામાં જ ચાલવો જોઈએ. તેના તુરંત જ અમલ માટે આદેશ જારી કર્યો હતો. તેનો અમલ પણ તાકીદે કરાવ્યો હતો.

આ હુકમમાં એવી પણ સૂચના હતી કે તેમાં અંગ્રેજી કે અન્ય ભાષાના શબ્દો ન વપરાવવા જોઈએ.

કોર્ટને બદલે ન્યાયાધીશ

સમન્સને બદલે આવહાન પત્ર


આવા પારિભાષિક શબ્દો પ્રાપ્ત થાય તે માટે એક ખાસ કોશ પણ તૈયાર કરાવ્યો. તેથી ગુજરાતી ભાષા શુદ્ધ અને સમૃદ્ધ બની, એ યશ સયાજીરાવને ફાળે જાય છે.

**પ્રાચીન કાવ્ય સંશોધન**

પોતાના રાજ્યમાં પૂર્વે થઈ ગયેલા ભક્ત કવિઓ, મહાકવિઓ, પ્રેમાનંદ, ધનેશ્વર વલ્લભ, દયારામ, ભાલણ, ભોજા ભગત, ધીરો ભગત, ગિરધર, રાધાબાઈ, દીવાળીબાઈ,



જમનાબાઈ જેમણે સયાજીરાવને દત્તક લીધા



રાજ્યાભિષેક સમયે ગંગાજળનો અભિષેક થતો તે સુવર્ણ કળશ

હરિ ભટ્ટ, બાપુ સાહેબ ગાયકવાડ વગેરેની હસ્તપ્રતોનું સંશોધન કરાવી તેને પ્રસિદ્ધ કરાવવાનું કામ હરગોવિંદદાસ કાંટાવાળાને સોંપ્યું હતું. તેની સહાય માટે નાથાશંકર પ્રજાશંકર શાસ્ત્રી, છોટાલાલ નરભેરામને નિયુક્ત કર્યા હતાં.

તેમણે ઉદાત કાર્ય માટે સોળ હજાર રૂપિયા જેવી મોટી રકમ મંજૂર કરી હતી. તેની ફલશ્રુતિરૂપે ૩૬ ગ્રંથો તેની પ્રાચીન કાવ્યમાળાના ગુજરાતી વાચકોને પ્રાપ્ત થયા હતા. આ મહામૂલો કાવ્યનો ખજાનો ખોવાય જાય કે નાશ પામી લુપ્ત થઈ જાય તે પૂર્વે જાળવી રાખવાનો યશ પણ દીર્ઘ દૃષ્ટા મહારાજાને ફાળે જાય છે.

**૧૨મી અને ૧૩મી સદીમાં હેમચંદ્રસૂરિજી મહારાજ સાહેબ અને અન્ય મુનિ મહારાજોએ સંખ્યાબંધ રચેલાં ગ્રંથોમાંથી ઉપયોગી ગ્રંથોને અલગ તારવી ગુજરાતીમાં ઉતારવા તે સમયના વિદ્વતવર્ય શ્રી મણીલાલ નભુભાઈ ત્રિવેદીને ખાસ નિમણૂક આપી ગુજરાતી સાહિત્યને માટે ઉપકારક કામ કર્યું હતું**

**પાટણના જૈન ગ્રંથ ભંડારો**

પોતાના આધિપત્યમાં રહેલા પાટણ નગરમાં આવેલા જૈન જ્ઞાન ભંડારોના ભવ્ય અને દિવ્ય વારસાને પણ તેઓ વીસર્યા નહોતાં.

૧૨મી અને ૧૩મી સદીમાં હેમચંદ્રસૂરિજી મહારાજ સાહેબ અને અન્ય મુનિ મહારાજોએ સંખ્યાબંધ રચેલાં ગ્રંથોમાંથી ઉપયોગી ગ્રંથોને અલગ તારવી ગુજરાતીમાં ઉતારવા તે સમયના વિદ્વતવર્ય શ્રી મણીલાલ નભુભાઈ ત્રિવેદીને ખાસ નિમણૂક આપી ગુજરાતી સાહિત્યને માટે ઉપકારક કામ કર્યું હતું.

તળપદી ભાષા સાહિત્યના સંશોધન તેમજ વૃદ્ધિ માટે બે લાખ રૂપિયા અનામત મૂકી તેના વ્યાજમાંથી "શ્રી સયાજી બાળ જ્ઞાનમાળા" તેમજ "શ્રી સયાજી સાહિત્યમાળા" દ્વારા અલગ અલગ વિષયનું પ્રકાશન કરાવેલું. જે પુસ્તક, પુસ્તિકાનું પ્રકાશન થયેલું તેની સંખ્યા ૩૦૦ ઉપરની હતી.

**હસ્તપ્રતો**

આ વિદ્યા ચાહક મહારાજાએ હસ્તપ્રતોનાં સંશોધન કાર્યમાં પણ ઊંડી દિલચસ્પી દાખવી હતી. તેમાં સંસ્કૃત, પ્રાકૃત, માગધી વગેરે ભાષાની અંદાજે પંદર હજાર જેટલી હસ્તપ્રતો એકત્ર કરાવી, હસ્તપ્રત સંગ્રહની જાળવણી કરી હતી. તેમાંથી ઉત્તમ કોટીના ગ્રંથોની પસંદગી કરીને તેનું પ્રકાશન કરવા માટે "પ્રાચ્ય વિદ્યા મંદિર"ની યોજના કરી બહુમૂલ્ય ગ્રંથોની જાળવણીનું નોંધપાત્ર કામ કર્યું હતું.

ઉપરોક્ત યોજના અંતર્ગત ૯૨ ગ્રંથોનું પ્રકાશન થયું હતું. બાકી માટે તૈયારી કરાવી હતી.

**પુસ્તકાલય ખાતું**

તેમણે પોતાના રાજ્યમાં પુસ્તકાલય ખાતું ખોલીને એક આગવું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જે ગુજરાતનાં જ નહીં, પરંતુ ભારતના દેશી રાજ્યોમાં તેઓ પ્રથમ હતા.



સુવર્ણ માળા



રાજાની પાઘને શોભાવતી મોતીની સુવર્ણમંડિત કલગી

તેમણે શરૂઆતમાં ૪૫ કસ્બાઓમાં પુસ્તકાલયો ૮૦૦ ગ્રામ્ય પુસ્તકાલયો, ૧૨ મહિલાઓ માટેના ખાસ પુસ્તકાલયો બનાવડાવ્યાં હતાં. જ્યાં પુસ્તકાલયોની સગવડ ન થઈ શકી ત્યાં ફરતાં પુસ્તકાલયો શરૂ કરવામાં આવેલાં.

પ્રેમાનંદ કે દયારામની કોઈ તસ્વીર મળી નહીં. પ્રેમાનંદના આઠ મકાનમાંથી એક પણ મળ્યું નહીં. તેની એક પણ ચીજ વસ્તુ મળી આવી નહીં. તેનો મહારાજને રંજ હતો.

**લોકોપયોગી કામો**

૧. ફરજિયાત કેળવણી પ્રથમ ઈ.સ. ૧૮૯૩માં અમરેલી પ્રાંતમાં અને ઈ.સ. ૧૯૦૬માં આખા રાજ્યમાં દાખલ કરી, આ પ્રમાણે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત કર્યું.

૨. અક્ષર જ્ઞાનથી શ્રીમંતને સંતોષ ન થયો. ભણેલું ભુલાય નહીં અને જ્ઞાન આગળ વધારી શકાય, તે માટે ઈ.સ. ૧૯૧૦માં પુસ્તકાલય ખાતાની સ્થાપના કરી. અત્યારે રાજ્યના ૮૨ ટકા ગામોમાં પુસ્તકાલયો છે.

૩. બાળલગ્ન પ્રતિબંધ કાયદો કર્યો. ઈ.સ. ૧૯૦૪

૪. જ્ઞાતિ ત્રાસ નિવારણ કાયદો કરી ગરીબોના આશિષ લીધા. તથા નકામો ખર્ચ થતો અટકાવ્યો.

૫. સંન્યાસ દિક્ષા નિયમન કાયદો કર્યો.

૬. હિન્દુ સ્ત્રીઓના વારસા સંબંધી કાયદો કર્યો અને વિધવાઓને પિતરાઈઓ જે દુઃખ દેતા હતા તેમાંથી મુક્ત કર્યા.

૭. વડોદરામાં સ્ત્રી શિક્ષણ સંસ્થા, પુરુષ શિક્ષણ સંસ્થા, અંગ્રેજી કોલેજ, કલા ભવન વગેરે ઉચ્ચ સંસ્થાઓ, વૈદ્યકીય શાળાઓ, વ્યાયામ શાળાઓ, સંગીત શાળાઓ અને બહેરા મૂંગાની શાળાઓ સ્થાપી.

૮. રાજ્યમાં દર્દીઓના દુઃખ ટાળવા માટે દવાખાના, પ્રસુતિ ગૃહ શરૂ કરાવ્યા.

૯. પ્રજાએ સ્વરાજ્ય કેવી રીતે ચલાવવું તેની માહિતી આપવા માટે ગ્રામ્ય પંચાયત, પ્રાંત પંચાયત, મ્યુનિસિપાલિટી અને ધારાસભા વગેરેની સ્થાપના કરી.

૧૦. આખા રાજ્યમાં મોટા ખર્ચે રેલવે દાખલ કરી અને મુસાફરીની તકલીફો દૂર કરી.

૧૧. આદિવાસી પ્રજાના ઉદ્ધાર માટે વસ્તી ગૃહો, બોર્ડિંગો વગેરે સંસ્થાઓ સ્થાપી સંસ્કારી બનાવવા પ્રયત્ન કર્યા.

૧૨. ખેડૂત કરજ નિયમન કરી ખેડૂતોની સ્થિતિ સુધારવા પ્રયત્ન કર્યા.

૧૩. રાજ્યસૂત્ર પોતાને હસ્તક લીધે ૨૫ વર્ષ પૂરાં થયાં તેની ખુશાલીમાં ઈ.સ. ૧૯૦૭માં પ્રજા તરફથી સિલ્વર જ્યુબિલી, ઈ.સ. ૧૯૨૫માં સુવર્ણ જયંતિ અને ઈ.સ. ૧૯૩૬ના જાન્યુઆરી માસમાં હીરક મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રીમંતે પ્રજાને કેટલીક બક્ષીસો તથા ગ્રામોદ્ધાર અને ગ્રામ્ય સુધારણા માટે એક કરોડ રૂપિયા આપ્યા હતા. તેને હીરક મહોત્સવ નિધિ નામ આપવામાં આવ્યું હતું.

**હિન્દુ સ્ત્રીઓના વારસા સંબંધી કાયદો કર્યો અને વિધવાઓને પિતરાઈઓ જે દુઃખ દેતા હતા તેમાંથી મુક્ત કર્યા. વડોદરામાં સ્ત્રી શિક્ષણ સંસ્થા, પુરુષ શિક્ષણ સંસ્થા, અંગ્રેજી કોલેજ, કલા ભવન વગેરે ઉચ્ચ સંસ્થાઓ, વૈદ્યકીય શાળાઓ, વ્યાયામ શાળાઓ, સંગીત શાળાઓ અને બહેરા મૂંગાની શાળાઓ સ્થાપી. રાજ્યમાં દર્દીઓના દુઃખ ટાળવા માટે દવાખાના, પ્રસુતિ ગૃહ શરૂ કરાવ્યા**

**તવારીખ**

૧. મહાવિદ્યાલય (કૉલેજ)ની ઈમારત અને લક્ષ્મી વિલાસ મહેલ ઈ.સ. ૧૮૮૦

૨. રાજ્યકારભાર જાતે જોવાની શરૂઆત ઈ.સ. ૧૮૮૨

૩. સલાહકાર મંડળની સ્થાપના ઈ.સ. ૧૮૮૩

૪. આખા રાજ્યનું નિરીક્ષણ ઈ.સ. ૧૮૮૭

૫. સયાજી સરોવર અને કલાભવન ઈ.સ. ૧૮૯૦


૬. મહારાણી સાહેબને "ક્રાઉન ઓફ ઈન્ડિયા" નો ખિતાબ પ્રાપ્ત થયો ઈ.સ. ૧૮૯૪

૭. મુસાફરી ૧૯૦૦ સુધી

૮. રાજ્યમાં સુધારા અને ધારાસભાની સ્થાપના ઈ.સ. ૧૯૦૭

---

*૨૫/૪, "ઘ" ટાઈપ,*
*સેક્ટર-૨૨, ગાંધીનગર*
*મો. ૯૮૨૫૫૨૬૨૫૫*



# ચારણી સાહિત્યમાં વ્યંગવાણી

*– શિવદાન ગઢવી*

**ચા**રણી સાહિત્યે આપણા ઐતિહાસિક વારસાને ઉજાગર કર્યો છે. તેટલું જ નહિ, માનવજીવનને અનેક પાસામાં તે વિહર્યું છે. તેને કારણે એની વાણી જીવંત બનીને આજેય સંભળાય છે. નિસર્ગમાં ઋતુએ ઋતુએ પલટાતા રંગોમાંના સૌંદર્યને ચારણી સાહિત્યમાં એવી રીતે ગૂંથ્યું છે કે તે સંભળાતાં માનવ મેદની ડોલી ઉઠે છે. રાજદરબારો કવિ લલકારોએ પડઘાતા હતા. માનવજીવનના સંબંધો એમાં સુપેરે વિકસ્યા છે. કવિ નાનાલાલે ચારણી સાહિત્યથી અભિભૂત થઈ એક સભામાં (તા. ૧૨-૪-૧૯૩૮) બોલેલ કે, "ચારણી સાહિત્યનો કવિતાપ્રવાહ ગંગા પ્રવાહ જેવો, હિમાદ્રીના ખડકો ઉપરથી પડતા ધોધ જેવો, ગાજતો કનખળ કને વનલક્ષ્મીનાં સોહાગી રૂપ ધરતો, આગળ વધે છે. કડિમધૂમ, નિશાન ડંકા ગાજે, તેમ કાવ્યસ્ત્રોતો ગાજતાં ને પ્રજા હૈયે ડંકો વગાડતાં, નવખંડ સમા નવેરસોમાં ચારણી સાહિત્યના પડછંદા પડતા."

**"ચારણી સાહિત્યનો કવિતાપ્રવાહ ગંગા પ્રવાહ જેવો, હિમાદ્રીના ખડકો ઉપરથી પડતા ધોધ જેવો, ગાજતો કનખળ કને વનલક્ષ્મીનાં સોહાગી રૂપ ધરતો, આગળ વધે છે. કડિમધૂમ, નિશાન ડંકા ગાજે, તેમ કાવ્યસ્ત્રોતો ગાજતાં ને પ્રજા હૈયે ડંકો વગાડતાં, નવખંડ સમા નવેરસોમાં ચારણી સાહિત્યના પડછંદા પડતા"**

માતૃભૂમિ અને પ્રજાના રક્ષણ માટે ચારણી સાહિત્યમાં વીરરસ અગ્રસ્થાને હોવા છતાં ઉપરોક્ત વિગતે નવેરસમાં ચારણી સાહિત્યનો પ્રવાહ વહેતો આવ્યો છે.

રાજદરબાર અને લોકવચાળે સંભળાતા આ સાહિત્યમાં વ્યંગવાણીનાં જેટલાં તેવર છૂટ્યાં છે. તેટલાં અન્યત્ર સાંભળવા નહિ મળે. આ વ્યંગવાણી કોઈ પ્રત્યેના પૂર્વગ્રહથી નહિ પણ કવિના દિલમાં જે કૃત્યથી કટારી વાગે, રાજવી કે સામી વ્યક્તિની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે, હૈયું હચમચી જાય, ત્યારે તેનું મોં કોઈ બંધ કરી શક્યું નથી ! એમ કરવું તેને પોતાનો ધર્મ માનતો.

સહુ પ્રથમ ચારણ માણસુરભાઈનો આ દુહો જુઓ :

*રાંકા પર રૂઠ્યો ફરશ, ધીંગાને દેતો ધાન;*
*(તારી) પાસે નૈ પ્રધાન, તું ને સમજાવે કોણ શામળા ?*

(સમાજ જીવનમાં પ્રવર્તતી અસમાનતાનાં શબ્દચિત્રો રજુ કરી. કવિએ વ્યંગમાં જણાવ્યું છે કે, 'હે શામળા! તારી પાસે પ્રધાન હોત તો તારા ધ્યાને આ બાબત મૂકત, તેમ ન હોવાથી આવું બન્યું છે !')

પાંચાળના પરિવ્રાજક અભણ ચારણ પાલરવભા (ઈ.સ. ૧૮૬૦-૧૯૪૦) જે "કાઠિયાવાડમાં કોક દી." નામના દુહાથી વિશ્વ પ્રસિદ્ધ બનેલ છે. તેમણે સાંપ્રત સમાજમાં ગમે તે કારણસર ન્યાય મોડો મળે છે ! તે વાતને સાંકળીને જગનિયંતાને કેવું સંભળાવ્યું છે ?

*વાલા અપીલ વાંચીને, આપ ચૂકાદો આજ;*
*મુદત ગયે મા'રાજ, સાવ નકામું શામળા!*

તદ્દન સાદી ભાષાનો તેમનો બીજો આવો જ દુહો સાંભળો,

*ભૂધર જાતો ભણવા, ઠાકર તું બહુ ઠોઠ,*
*(તે દી) નટવર લખતો નોટ (ઈ) સુદામો હું શામળા !*

(માનવી બહુ સુખી થાય છે, ત્યારે તેના બાળસાથી મિત્રના ગુણને પણ ભૂલી જાય છે. તેના ઉપર કવિએ કટાક્ષનાં તેવર છોડ્યાં છે.)

ઝવેરચંદ મેઘાણી પ્રથમ વખત (ઈ.સ. ૧૯૨૬-



૨૭માં) પાલરવ ગઢવીને મળે છે. તેનું ટાંચણ 'પરકમ્મા' નામના ગ્રંથમાં આ રીતે કર્યું છે. "પાંચાળનો એ પાલરવ ગઢવી પરજિયો ચારણ, તે સમયે ૬૦-૬૫ વર્ષનો વૃદ્ધ હતો. દુબળો, પાતળો, દાઢીના શ્વેત કાતરા ! ઝીણી આંખો, સફેદ કપડાં, ઝાડને ગુંદર ઝરે તેમ આંખોમાંથી ઝીણાં જળ ટપકે," "પાલરવ ગઢવી તમે પોતે જ ! શામળાના દુહા રચનાર, પાલરવ" એવો પ્રશ્ન મેઘાણીજીએ કર્યો ત્યારે કેવો જવાબ આપ્યો તે જુઓ,

"અરે બાપ ! કહ્યા છે."

તેમનાં કુટુંબીજનો અંગે પૃચ્છા કરતાં કેવું જણાવ્યું ? "આ હાથે તેર તેર મડદાં બાળ્યાં છે !"

મેઘાણીભાઈએ તે પછી તેમની ટાંચણપોથીમાં નોંધેલ એક વાક્ય વાચકોના દિલ હલાવી નાખે છે. જુઓ એ શબ્દો," "દુઃખોનાં કુંડાં પીને તે કવિતાના ઓડકાર ખાતા !"

પાલરવભા સત્યવાદી કૃષ્ણને કેવી વ્યંગવાણી ઉચ્ચારી ઉપાલંભ આપે છે તે સાંભળો,

*પારથને ભીષ્મપિતા, જૂટ્યા બે જમરાણ;*
*(ત્યારે) ભૂલી ગ્યો ભગવાન, સત નિજ વચન શામળા !*

(મહાભારતના યુદ્ધ ટાણે હથિયાર ન ધારણ કરનાર કૃષ્ણે હથિયાર ધારણ કરીને પ્રતિજ્ઞા તોડેલી તે ઘટનાને યાદ કરીને જણાવે છે કે, પાર્થ અને ભીષ્મ બે જબરા યોદ્ધા વચ્ચેના સંગ્રામ વખતે કૃષ્ણે પ્રતિજ્ઞા ભંગ કરેલો !)

આ કવિની ખૂમારીનો એક નાનકડો પ્રસંગ જુઓ, લીંબડીના રાજકવિ શંકરદાનજી દેથાએ લીંબડી રાજવીની ઈચ્છાથી કવિને લીંબડી તેડાવેલ. એક મહિનો રહ્યા છતાં એકપણ કાવ્ય રચના કરેલી નહીં ! વિદાયટાણે ઠાકોરસાહેબે થોડી ભેટ સ્વીકારવા આગ્રહ કરતાં, રાજ્યસભા વચ્ચે જ તેનો અસ્વીકાર કરી પોતાનો મનોભાવ નીચેના દુહામાં વ્યક્ત કર્યો.

*ઉંમર બધી ઓડેલ નહિ, અમે અમાણો હાથ;*
*(આજે) જાચે કીં જાંબુનાથ, પચાસ વરસે પાલરવ !*

(આટલી ઉંમરમાં કોઈ રાજવી સામે હાથ લાંબો કર્યો નથી. તો હે જાંબુધણી ! (અગાઉ લીંબડીની રાજધાની જાંબુ ગામે હતી તેથી આ શબ્દ વાપર્યો છે. પચાસ વર્ષની આ ઉંમરે કેમ હાથ લાંબો કરું ?)

**લીંબડીના રાજકવિ શંકરદાનજી દેથાએ લીંબડી રાજવીની ઇચ્છાથી કવિને લીંબડી તેડાવેલ. એક મહિનો રહ્યા છતાં એકપણ કાવ્ય રચના કરેલી નહીં ! વિદાયટાણે ઠાકોરસાહેબે થોડી ભેટ સ્વીકારવા આગ્રહ કરતાં, રાજ્યસભા વચ્ચે જ તેનો અસ્વીકાર કરી પોતાનો મનોભાવ નીચેના દુહામાં વ્યક્ત કર્યો**

જ્યાં પણ અન્યાય, અનીતિ જણાય ત્યારે ચારણ એના સાહિત્યમાં વ્યંગવાણી ઉચ્ચારે છે. આવી વ્યંગવાણીની કેટલીક ઘટનાઓનાં તાદશચિત્રો અહીં જોઈએ.

૧. બાદશાહ અહમદશાહના સમયે રાજપીપળામાં હરિસિંહજી ગોહિલની રાજધાની હતી. તેમની નીચે ૩૫૦ ગામો હતાં. આ રાજવીને એક સમયે મૂલ્યવાન મોતી ભેટમાં મળેલાં, તેમણે પોતાની રાણી માટે તેનો હાર કરાવીને કહ્યું કે, "આ મોતીમાં પાણી છે. સાચવી રાખજો." બાદશાહ અહમદશાહ બળજબરીથી રાજપૂત કન્યાઓને પોતાના જનાનખાનામાં લઈ જવા માંડ્યો તેમજ ધર્મપરિવર્તન કરવા આક્રમણ કરેલું. ક્ષત્રિયોએ તે સામે યુદ્ધ આરંભેલું. બાદશાહની પાસે મોટું લશ્કર હતું તેમજ સાધન સરંજામ હતાં. એણે રાજપીપળા ઉપર ચડાઈ કરી. ત્રાસ વર્તાવ્યો ! ઘણા શૂરવીર ક્ષત્રિયો માર્યા ગયા. રાજવી હરિસિંહજી અને રાણી રાજપીપળાનાં જંગલોમાં નાઠાં ! પાણી વિના ભારે હેરાન થવું પડ્યું. ઘોર જંગલમાં એક માલધારી ચારણને ત્યાં આશરો લીધો. રાણીબાની ડોકમાં સાચાં મોતીઓનો હાર જોયો, "તે હાર કોઈકને ત્યાં મૂકી આવ્યાં હોત તો સારું હતું." તેમ ચારણે વાત કરી ત્યારે રાણીબાએ પ્રત્યુત્તર આપતાં કહ્યું કે, "મહારાજાએ મને જણાવ્યું હતું કે, "આ હાર તારી ડોકમાં પહેરી રાખ, એમાં પાણી છે."

ત્યાં આવેલા એક મહેમાન ચારણે આ સઘળી હકીકત જાણી તરત જ નીચેનું વ્યંગાત્મક કાવ્ય સંભળાવ્યું.

*શાહજહાં સુલતાન કોપી ઊઠ્યો જબેતબ,*
*શેષના સહાનો ભાર, ધરની હલાની હૈ;*
*મારે રજપૂત શૂરે, મહાપૂરે રેવા હૂકે,*
*આસપાસ ઘૂર, લાલ રંગ એ રંગાની હૈ.*
*સુલતાન તેરે ત્રાસ, પાઉનમેં છાલે પરે,*
*કંદમૂલ ખાને ભાગી, ભોમિયોં કી રાની હૈ;*
*તોર તોર હાર અપ્સરા, લે નીચોવે મુખ,*
*તુમેં જ્યો કહંત કંથ, મુગતા મેં પાની હૈ!*

(જ્યારે સુલતાન કોપી ઊઠ્યો, ત્યારે શેષનાગ એનો (લશ્કરનો) ભાર ઝીલી ન શક્યો તે સમયે ધરતી હલબલી. રેવા કાંઠાના બહાદુર અને શક્તિવંત રાજપૂતોને માર્યા. આજુબાજુની ધૂળ લાલ રંગથી રંગાઈ ગઈ ! સુલતાન તારા ત્રાસથી આ રાણી જેવાનાં પગે છાલાં પડ્યાં છે !

ઠેકઠેકાણે અપ્સરાઓ મોતીનો હાર લઈને સન્મુખ નીચોવે છે. રાણી આ દૃશ્ય જોઈને કહે છે કે, 'મહારાજા તમે કહેતા હતા કે, "મોતીના આ હારમાં પાણી છે ! ક્યાં ગયું પાણી!")'

વ્યંગાત્મક આ કવિતામાં કવિએ કહ્યું કે, 'અપ્સરાઓ ભૂમિ માટે શહીદ થયેલા વીરોને વધાવવા હાર લઈને ઊભી છે, તમારા જેવાની વાટ્ય જુએ છે. જ્યાં ત્યાં ભટકતાં ક્ષત્રિયાણીના પગમાં છાલાં પડ્યાં છે. આવા સંજોગોમાં ક્યાં ગયું તમારું એ પાણી ? તે પછી હરિસિંહે કેડ્યે તલવાર બાંધી, હાથમાં બંદૂક લઈ બહારવટુ ખેલ્યું. બાદશાહને નિરાંતે નીંદર ન લેવા દેતાં છેવટે બાર વરસે ગરાસ પાછો સોંપવો પડ્યો. (અહમદશાહનો શાસન સમય ઈ.સ. ૧૪૧૧-૧૨થી ઈ.સ. ૧૪૪૩).'

**કવિ ઉમાશંકર જોષીના 'વિશ્વમાનવી' કાવ્યમાં છેલ્લી બે પંક્તિઓ "વ્યક્તિ મટીને બનુ વિશ્વ માનવી; માથે ધરું ધૂળ વસુંધરાની !" કાવ્યનો ઉત્કૃષ્ટ સંદેશ આપે છે. તે રીતે જ ચારણી સાહિત્યના દુહા, છંદ તેમજ "કવિત"ની આઠ પંક્તિઓ પૈકી છેલ્લી બે પંક્તિમાં તેનો અર્ક જોવા મળે છે**

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ૧૪ પંક્તિના સૉનેટના કાવ્યમાં છેલ્લી બે પંક્તિમાં કાવ્યનો નિચોડ આવે છે. દા.ત. કવિ ઉમાશંકર જોષીના 'વિશ્વમાનવી' કાવ્યમાં છેલ્લી બે પંક્તિઓ "વ્યક્તિ મટીને બનુ વિશ્વ માનવી; માથે ધરું ધૂળ વસુંધરાની !" કાવ્યનો ઉત્કૃષ્ટ સંદેશ આપે છે. તે રીતે જ ચારણી સાહિત્યના દુહા, છંદ તેમજ "કવિત"ની આઠ પંક્તિઓ પૈકી છેલ્લી બે પંક્તિમાં તેનો અર્ક જોવા મળે છે. સૉનેટની રચનાઓ પહેલાં ચારણી સાહિત્યમાં હૃદયતંત્રના તાર ઝણઝણાવે એવી રચનાઓ થતી આવી છે. તેની પ્રતીતિ ઉપર્યુક્ત "કવિત" ઉપરથી થશે.



૨. બરવાળાનો ઘેલોશા એટલે મર્દ વાણિયો, એની તલવાર વીજળી વેગે ચાલે. લૂંટારાઓ ઘેલાશાને ઘોડીએ ચડી પાછળ આવતા ભાળે ત્યારે લૂંટનો માલ મૂકીને જીવ બચાવવા ભાગે. આ ઘેલાશા લીંબડી રાજ્યના રાજવી હરિસિંહ નીચેના બરવાળા પરગણાના વહીવટકર્તા.

તે સમયે એક સામાજિક ઘટના ઘટી અને લીંબડીના નગરશેઠે ઘેલાશા સામે વૈરવૃત્તિથી રાજવી હરિસિંહને કાનભંભેરણી કરી. હરિસિંહે દગાથી ઘેલાશાને કેદમાં નાંખ્યા. બરવાળાની પ્રજામાં હાહાકાર મચ્યો. પણ સિંહને કોણ કહે ?

તે સમયે હાલના અમરેલી જિલ્લામાં આવેલા સનાળી નામના ગામના વયોવૃદ્ધ ચારણ કશિયાભાઈ મારવાડમાંથી પાછા આવતા હતા. રાજસ્થાન સૌરાષ્ટ્રનાં કેટલાંયે રજવાડાં આ દેવીપુત્રને દેવની જેમ પૂજતા હતા. રાજાઓ એ ચારણ કવિની સંપૂર્ણ અદબ જાળવતા. સનાળી ગામે ચારણોની ચારચાર પેઢી સુધી કવિઓ આપ્યા છે.

કશિયાભાઈના કાને ઘેલાશાને કરેલા અન્યાયની ઘટના આવતાં એમના દિલમાં ભારે વેદના થઈ. રૂવાડા ઊભાં થઈ ગયાં. તેમણે પોતાની ઘોડી હરિસિંહજીના મહેલ તરફ વાળી, નીચે ઊતર્યા અને ઠાકોરને મેડી ઉપરથી નીચે આવવા જણાવ્યું.

કશિયાભાઈનું નામ સાંભળતાં રાજવી હરિસિંહજી મહેલની સીડી ઊતરવા લાગ્યા ત્યારે કવિએ પોતાનું મોં ફાળિયાના છેડાથી ઢાંકી દીધું, પીઠ ફેરવીને બોલ્યા, 'એ બાપ હરિસિંહ ! હરપાળના પેટ હરિસંગે ઊઠીને આવી ખોટ ખાધી ! રાજા હરિસંગ સાંભળ, સાંભળ એવાં વેણ સાથે ઠપકાનું વ્યંગાત્મક કાવ્ય સંભળાવ્યું. ગીત લાંબુ છે પણ અહીં તેની બે કડી રજુ કરી છે.'

***દાવા બાંધણો ગોહિલ્લાં સામો, ચૂડાકો ભાંજણો ડોડ***
***અર્યાંકો મોડાણો માન, જંગકો અથાહ;***
***હિન્દવાંકો છત્ર ગેલો, ઝાલવો ન હુતો હરિ !***

*સતારા સું બઝારણો, હુતો ગેલો શાહ !*

(ગોહિલોની સામે ઝઝૂમનાર ચૂડાસમાઓના ગર્વને તોડનાર, શત્રુઓનાં માન મોડનાર, યુદ્ધવીર એવો ઘેલોશા તો હિંદનું છત્ર છે. હે રાજવી હરિસંગ એને પકડવો ન હતો. ઘેલોશા સતારા સામે જંગ ખેલે એવો છે.)

*નવે ખંડ માંય, અસો કીણેરો પ્રધાન નાંહી,*

*દાવદારાં લાગે, અસાં કામદારાં દાય,*

*બોત ભૂલ આપી, કાંઈ આવડી હભાણી બાબા !*

*માધાણાકું બેડિયાં મ હોય પાગાં માંય.*

(નવેખંડમાં આવો કોઈ પ્રધાન નથી. સામી વ્યક્તિઓને ભારે પડે તેવો બીજો કોઈ કામદાર ન મળે. હે હરભમજીના પુત્ર તું આવડી મોટી ભૂલ કરી બેઠો ! માધાશાના પુત્ર ઘેલાશાને પગમાં બેડીઓ ન હોય)

રાજવી નીચે આવ્યા પણ એ કવિએ તેમના સામું પણ ન જોયું. કવિની વાણીથી દરબારગઢ પડઘા દેવા માંડ્યો. બપોરનું ટાણું હતું પણ ચારણે લીંબડીનું પાણી પણ ન પીધું ને ત્યાંથી ચાલી નીકળેલા. હરિસિંહજીના હૈયે કટારી વાગી. ચારણનો ઠપકો વસમો લાગ્યો. પરંતુ પોતાની ઈજ્જત જાળવવા ત્રણ લાખ રૂપિયાનો દંડ કર્યો. છેવટે એ દંડ પણ માફ કરેલો !

૩. પાલનપુરના શાસનકર્તા દીવાન શેરખાન પોતાના પિતાના મરણ પછી આણંદરામ ચારણની બુદ્ધિ અને સહાયતાથી રાજની ગાદી ઉપર આવ્યા ત્યારે રાજખટપટ શરૂ થઈ અને જાગીરદારો ગોળા નામના ગામે શેરખાનના કાકા મુઝાહિદખાનના આશરે ગયા. આમાં જાગીરદારોમાં કેટલાંક હિંદુ અને મુસ્લિમ હતા. શેરખાને મુઝાહિદખાનને સંદેશો મોકલ્યો કે, 'તમો જેમને મદદ કરો છો તે બધા રાજદ્રોહી છે.' તેના પ્રત્યુત્તરમાં મુઝાહિદખાને જણાવ્યું કે, 'તે મારા આશ્રયે આવેલા છે, મેં બોલાવ્યા નથી.' આવો જવાબ સાંભળી શેરખાને ગોળા ગામ ઉપર ચડાઈ કરી ત્યારે મુઝાહિદખાને ત્યાંના ચારણ કવિ દ્વારા શેરખાનને વ્યંગાર્થ તેમજ શ્લેષ અલંકારભર્યો દુહો સંભળાવ્યો.

*ગોળા ઉપર ગોળા, મત નાખો શેરમીયાં.*

*એ તો ડાકણ રા ડોળા, ભરખી જાશે ભાંખરી.*

"હે શેરામીયાં ! ગોળા ગામ ઉપર તોપના ગોળા ફેંકાવશો નહિ. (તેમ કરતાં અટકશો નહિ તો) ગોળા તો ડાકણની આંખો જેવા થશે અને તમારા પ્રદેશ ભાંખરીને ભરખી જશે." દરમિયાન મુઝાહિદખાનનું મૃત્યુ થતાં તેમના પુત્ર ઉરમાનખાને તોપોનો મારો ચલાવ્યો.

શેરખાનના યોદ્ધાઓએ ગોળા ગામની ઉપર તોપમારો કરી ઘેરી લીધું. (શેરખાન તેના યોદ્ધાઓને રોજ કસરત કરાવીને શીરો ખવરાવતો.)

**"હે શેરામીયાં ! ગોળા ગામ ઉપર તોપના ગોળા ફેંકાવશો નહિ. (તેમ કરતાં અટકશો નહિ તો) ગોળા તો ડાકણની આંખો જેવા થશે અને તમારા પ્રદેશ ભાંખરીને ભરખી જશે." દરમિયાન મુઝાહિદખાનનું મૃત્યુ થતાં તેમના પુત્ર ઉરમાનખાને તોપોનો મારો ચલાવ્યો. શેરખાનના યોદ્ધાઓએ ગોળા ગામની ઉપર તોપમારો કરી ઘેરી લીધું**

ગોળા ગામ ભાંગી ત્યાં શેરગઢ વસાવ્યું. તેમના એક કવિ દ્વારા ઉરમાનખાનને નીચેનો વ્યંગાર્થ દુહો સંભળાવ્યો.

*ગોળા રી ગાગર કરી, વાસ્યો તે ગઢ શેર;*

*જે નર બેહસાં મારતા, વનવન કીધાં વેર.*

શ્લેષ અલંકૃત આ દુહામાં જણાવ્યું કે, 'ગોળાની (પાણી ભરવાનો ગોળો) ગાગર કરી (મોટા પાત્રમાંથી નાનો ઘડો કરી દીધો) તે જગ્યામાં શેરગઢ વસાવ્યું. જે માણસો બણગાં મારતા હતા તેમને વેરવિખેર કરી દીધા ! (નોંધ : દીવાન શેરખાન-શાસન સમય ઈ.સ. ૧૭૮૫-૧૭૯૨)'

૪. ગોંડલના રાજવી સગરામસિંહ (બીજા) શાસનકાળ - ઈ.સ. ૧૮૫૧-૬૯)ના કુમાર પૃથ્વીરાજજી (પથુભા)નું ભરયુવાનીમાં અવસાન થતાં તેઓ ત્રણ-ચાર મહિનાથી સૂનમૂન રહેતા હોવાથી રાજકુટુંબ, ભાયાતો, રાજના મુખ્ય મુખ્ય માણસો વિમાસણમાં મૂકાઈ ગયેલા. આ ઘટના જામનગર જિલ્લાના કલ્યાણપુર વિસ્તારના રંગપુર ગામના ચારણ કવિ બાણીદાનના કાને આવી. (પિતાનું નામ સામતભાઈ જન્મ અંદાજે ઈ.સ. ૧૮૩૪) મહારાજાને ઘેરા શોકમાંથી બહાર લાવવા બાણીદાને બીડું ઝડપ્યું. વ્યંગ, ઉપાલંભ અને હાસ્ય એવી ત્રિવિધ બાબતો સમાવતા કાવ્યની શીઘ્રરચના કરી મહારાજને સંભળાવ્યું.

રાજવીનું અહિત થતું હોય અગર રાજવી પોતાનો ધર્મ ચૂકે. તે ચારણથી સહન થતું નથી. આવા લાગણીભર્યા સંબંધે રાજવીઓ ચારણોની ભારે આમન્યા જાળવતા.

કવિ બાણીદાનની વિશિષ્ટ શક્તિ, ઉપમા અને ઉપાલંભ બધું જ આ નાના કાવ્યમાં જોઈ શકાય છે. વ્યંગવાણી તો પંક્તિએ પંક્તિએ છે. ક્યાં ગોંડલનું નાનું રાજ્ય અને ક્યાં દિલ્હી, પૂના, સતારા, જૂનાગઢના મોટાં રાજ્ય જીતવાની શક્તિ ! હાસ્ય અને ઉપાલંભ એટલું જ નહિ તેમના બોલવાથી કવિઓને લાભ થાય તેવો નિર્દેશ પણ કરી દીધો.

કાવ્ય સાંભળીને રાજવીના અંગે અંગમાં જીવનની સ્ફૂર્તિ આંટા મારી રહી. ખુશ થઈ હસીને બોલવા લાગ્યા. કવિ ઉપર પ્રસન્ન થઈ રૂપિયા ત્રણસોનું વાર્ષિક સાલિયાણું અને ત્રણ ઓરડાવાળું ડેલીબંધ મકાન આપ્યું. રાજકવિ સ્થાપ્યા.

કાવ્યની આ કંડિકાઓ સાંભળીએ :

*સધ જબરા બોલ જોગંદર સગમલ !*
*કે, કે, સાધ્યો કૈંક કળા ?*
*પલટણ દલી સતારા પૂણા,*
*(કે) ગઢ જૂનાનો થિયો ગળા ?*
*(આવું) જબરૂં વ્રત લીધું કિમ જાડા ?*
*ભડ સાચું કહેજો સતભાણ,*
*દેવાહરા ક્યાં અથ દેવા,*
*(કે ના) રાજાસું ટલ્લા લેવા જદુરાણ?*
*બનરાં પંખી પઢાવ્યાં બોલે, દલમાં દૂજા નકે દગા*
*કુંભા તણ પ્રાક્મ અંગ કેવાં*
*(કે, ના) સિધ જોગારો ખેલા સગા ?*
*દેવળ તેય પડછંદા દેવે,*
*કહીએ તેવું તે જ કહે.*
*મેપત બોલો ખૂબ મજાથી*
*(તો) રાજસભાને મોજ રહે.*
*કરડા તણી ઘર લેવા કાજે,*
*(તું તે) નવ સોરઠાં સામો નાથ ?*
*આબુ ટોક ઘોંકથી આવ્યો,*
*(કે તું) રેવાશી કાશી સમરાથ ?*
*સૂબો જબર, જબર મનસૂબા,*
*ઘાટ સમજણે ઠાઠ ઘણા,*
*સગમલ અરથ ક્યાં જગ સધરે,*
*તું બોલ્યાથી ભાણ તણા. !*

૫. હાલના બનાસકાંઠા જીલ્લાના વારાહી તાલુકામાં આવેલ ઝંડાળા નામના નાનકડા ગામની જાગીરીમાં અડધી રોહડિયા શાખાના ચારણોની હતી. અને અડધી જાગીરી લાલુજી નામના દરબારની હતી. થરપારકરનાં સોઢીબાઈ સાથે તેમનાં લગ્ન થયેલા. ચાર દાયકા જેટલી ઉંમરે ધણી-ધણીયાણીને વાંધો પડતાં એમણે પારકરની ભૂમિ તરફ વેલડાને વહેતું કરેલું. તે અગાઉ ગામલોકોએ બંનેને સમજાવવા ભારે પ્રયાસો કરેલા. પરંતુ તે નિષ્ફળ નીવડેલા. છેવટે ત્યાંના એક ચારણ કવિને ઘોડી આપી સોઢીબાઈને સમજાવવા મોકલેલા.

**હાલના બનાસકાંઠા જીલ્લાના વારાહી તાલુકામાં આવેલ ઝંડાળા નામના નાનકડા ગામની જાગીરીમાં અડધી રોહડિયા શાખાના ચારણોની હતી. અને અડધી જાગીરી લાલુજી નામના દરબારની હતી. થરપારકરનાં સોઢીબાઈ સાથે તેમનાં લગ્ન થયેલા. ચાર દાયકા જેટલી ઉંમરે ધણી-ધણીયાણીને વાંધો પડતાં એમણે પારકરની ભૂમિ તરફ વેલડાને વહેતું કરેલું. તે અગાઉ ગામલોકોએ બંનેને સમજાવવા ભારે પ્રયાસો કરેલા**

ચારણની ઘોડી વેલડાને આંબી ગઈ સોઢીબાઈએ વેલ થંભાવી. ચારણે ઘણું સમજાવ્યું પણ સોઢીબાઈ એકનાં બે ન થયાં ! છેવટે ચારણે દુહો સંભળાવ્યો.

*બહોળો થાતો બાજરો, નરવાં ભરતાં લોક,*
*સોઢી તમને સાંભરશે, (આ) ઝંડાળાની ઝોક.*

(તમો ગિરાસદાર છો. તમારી જમીનમાં બહોળો બાજરો પાકે છે અને લોકો ચોખ્ખો (છઠ્ઠો) ભાગ આપે છે, તમારે જવું હોય તો જાઓ પણ આ ઝંડાળાનું પાદર તમને યાદ આવશે.)

આ દુહો સાંભળતા સોઢીબાઈએ તરત જ વેલડું પાછું ઝંડાળા તરફ વળાવ્યું.

૬. બાદશાહ અકબર બુદ્ધિશાળી, કુનેહબાજ અને દીર્ઘદૃષ્ટા હોવાથી પોતાના સૈન્યનું સૂકાન આંબેર (જયપુર)ના કુમાર માનસિંહને સોંપેલું. અકબરે માનસિંહને રાજાનું બિરુદ આપેલું.

રાજા માનસિંહ, ડુંગરપુર ઉપર વિજય મેળવીને અષાઢના પ્રારંભે ઉદેપુરના પિછોલા તળાવ ઉપર પહોંચ્યા. ક્ષત્રિયના નાતે રાણા પ્રતાપે ત્યાં મિજબાની ગોઠવેલી. પરંતુ પેટની ગરબડનું બહાનું કાઢી ત્યાં હાજર ન રહ્યા. કુમાર માનસિંહે અકબર સામે મસ્તક નમાવ્યું તે રાણા પ્રતાપને ખટકતું હતું. પીછોલા તળાવની પાળ ઉપર મિજબાનીનું નિમંત્રણ આપી રાણા પ્રતાપ હાજર ન રહેતા તે ક્રોધમાં સળગી ઊઠ્યા.

વિક્રમ સંવત ૧૬૩૩ના જેઠ સુદ બીજના કુમાર માનસિંહ, અકબર સૈન્યની આગેવાની નીચે ચિતોડ ઉપર ચડાઈ કરી, હલદીઘાટના મેદાનમાં આવ્યા. રાણા પ્રતાપ પણ તેમના જવાંમર્દ યોદ્ધાઓ સાથે આવી પહોંચ્યા. ધૂંવાધાર યુદ્ધ થયું. મૌલવી અબ્દુલ કાદિરબદાયુ એ યુદ્ધ નજરે નિહાળી તેમના ગ્રંથ "મુન્તખબુક્ષ તવારિખ" માં નોંધ્યું છે કે, "આ યુદ્ધમાં બાદશાહી ફોજના તો છક્કા છૂટી ગયા હતા! એમની સેના યુદ્ધનું મેદાન છોડી પાંચ-છ ગાઉ સુધી ભાગી ગઈ હતી. તેમાંના કોઈએ યુક્તિ વાપરીને ગર્જનાઓ કરાવી કે, 'બાદશાહ આવી ગયા છે.' બાદશાહ આવી ગયા છે. આ કારણે તેમની સેનામાં પ્રાણ પૂરાયો અને જીત મેળવેલી.

એ વિજયના મદમાં કુંવર માનસિંહ પોતાના ઘોડાને પીછોલા તળાવમાં પાણી પાતાં પાતાં બોલે છે કે, 'બેટા નીલા, ધરાઈને પાણી પી લે, રણસંગ્રામમાં આપણો ડંકો વાગ્યો છે. અહીં મંડોવરના રાવ જોધા રાઠોડે રાણાના બળના ચૂરેચૂરા કરી પોતાના ઘોડાને પાણી પાયું હતું. આજે હું રાણા પ્રતાપના ગર્વને ખર્વ કરી તને પાણી પીવરાવું છું.'

**એ વિજયના મદમાં કુંવર માનસિંહ પોતાના ઘોડાને પીછોલા તળાવમાં પાણી પાતાં પાતાં બોલે છે કે, 'બેટા નીલા, ધરાઈને પાણી પી લે, રણસંગ્રામમાં આપણો ડંકો વાગ્યો છે. અહીં મંડોવરના રાવ જોધા રાઠોડે રાણાના બળના ચૂરેચૂરા કરી પોતાના ઘોડાને પાણી પાયું હતું. આજે હું રાણા પ્રતાપના ગર્વને ખર્વ કરી તને પાણી પીવરાવું છું'**

આ સમયે માનસિંહ સાથે યુદ્ધમાં સામેલ જગાજી નામનો તેમનો ખાસ ચારણ પણ પોતાના ઘોડાને પાણી પાતો હતો. આમેરના તે રાજકવિ હતા. કુંવર માનસિંહના ગર્વયુક્ત વેણ ચારણના દિમાગમાં વાગ્યાં, તે મનોમન ધૂંવાપૂઆં થઈ ગયો ક્ષત્રિયવટનો તેને ખ્યાલ હતો કે ક્ષત્રિયે, દુશ્મનની શક્તિને પણ દાદ દેવી જોઈએ. સાગર જેવડી સેના સામે રાણાનું સૈન્ય તો નાનું હતું ! રાજા માનસિંહ આ ભૂલી ગયા હતા. તેથી કવિએ ત્યાં જ દુહા દ્વારા તલવારના ઝાટકા જેવી વ્યંગાત્મક વાણી સંભળાવી.

***માના મન અંજસ મતિ, અકબર બળ આયાહ;***
***જોધે જંગમ આપરા, પાણી બળ પાયાહ !***

(હે રાજા, માનસિંહ ! અભિમાનમાં ફૂલાઈ જઈશ નહીં. તું તો અકબરના બળ ઉપર યુદ્ધ કરવા આવ્યો છે. જોધા રાઠોડે તો પોતાના બળ ઉપર પોતાના ઘોડાને આ તળાવમાં પાણી પાયું હતું.)

નોંધ : પોતાના જ યુદ્ધવીર અને રાજકવિના આ દુહાથી કુંવર માનસિંહે ક્રોધમાં સળગી ઊઠીને પોતાના રાજયમાંથી ચારણોની હકાલપટ્ટી કરેલી. આ ઘટના અજમેર રાજયના રાજકવિ કિસન ભાદાના કાને આવી.

અજમેર રાજયના પ્રધાનમંત્રી અને ચારણ કવિ કિસન ભાદાએ દરમિયાનગીરી કરી માનસિંહને સમજાવેલા કે ક્ષત્રિયવટને જયાં ઝાંખપ લાગે ત્યારે ચારણ કવિએ એની ફરજ બજાવવી જોઈએ, તેથી આવી વૈરવૃત્તિ શોભે નહિ. છેવટે ચારણોને જાગીરી પરત આપેલી.

આવી વ્યંગવાણીની કેટલીયે ઘટનાઓ છે જે ફરી ક્યારેક.

**સંદર્ભગ્રંથો :**


૧. પ્રજાબંધુ, દૈનિક તા. ૧૩-૪-૧૯૩૮
૨. લોકસાહિત્ય, ઝવેરચંદ મેઘાણી પા. ૨૮૬
૩. સ્વર્ગ ભૂલાવું શામળા - ડૉ. બળવંત જાની, ડૉ. અંબાદાન રોહડિયા
૪. રાસમાળા - ભાગ -૧, એલેક્ઝેન્ડર ફોર્બસ
૫. પરકમ્મા - ઝવેરચંદ મેઘાણી
૬. પાલનપુર રાજ્યનો ઈતિહાસ : ભાગ-૧, તાલે મહમદખાન પાન - ૨૫૨
૭. શારદા માસિક - ડિસેમ્બર, ૧૯૨૬, રાજકવિ માવદાનજી
૮. "ચારણ" (હિંદી ભાષામાં) અંક-૨૧, ઈ.સ. ૧૯૨૯, ઠાકુર કિશોરસિંહ બાર્હસ્પત્ય, પતિયાલા સ્ટેટ હિસ્ટોરીયન.
૯. ખાંભીએ જયોત ઝળહળે - શિવદાન ગઢવી



*૩૭, શાકુંતલ બંગલોઝ, સોલા રોડ,*
*ઘાટલોડિયા, અમદાવાદ - ૩૮૦ ૦૬૧*
*મો. ૯૮૨૫૦૭૮૯૧૭*

# કવિતાનો આસ્વાદ

*– પ્રસાદ બ્રહ્મભટ્ટ*

**ક**વિતાનો આસ્વાદ'માં બે શબ્દો છે : 'કવિતા' અને 'આસ્વાદ'. પહેલાં આ બે શબ્દોને સમજીએ. ભૂપેશ અધ્વર્યુએ કહ્યું છે, "આસ્વાદ એટલે કોઈપણ પદાર્થ, તેનું સ્વરૂપ ઈન્દ્રિયગ્રાહ્ય હોય યા ન હોય, ને એની સ્વયં પર્યાપ્ત સમગ્રતામાં વ્યક્તિ દ્વારા પામવાની-અનુભવવાની પ્રક્રિયા. આમ એ એક મનોવ્યાપાર છે." આસ્વાદ સતત ચાલતી પ્રક્રિયા છે, કારણ કે જગતના બધા જ પદાર્થો અને આસ્વાદક વ્યક્તિ પણ સતત પરિવર્તનશીલ છે.

આપણે ત્યાં 'કાવ્યાસ્વાદ' અને 'રસાસ્વાદ' એવા બે શબ્દો પ્રયોજાય છે. આનંદશંકર ધ્રુવે 'વસન્ત'માં કવિ કાન્તના ખંડકાવ્ય 'વસન્તવિજય'નો આસ્વાદ કરાવતાં 'રસવિવેચન' સંજ્ઞા પ્રયોજી હતી. આપણને વ્યવહારમાં થતા સુખદુઃખના અનુભવો અને કવિતાના રસાસ્વાદ વચ્ચે પાયાનો ભેદ છે. એ ભેદની જો અવગણના કરવામાં આવે તો મોટી ગૂંચ ઊભી થઈ શકે. પ્રશ્ન થાય કે કાવ્યમાં આસ્વાદનો વિષય શો છે ? આપણને અભિમત એવી કશીક લાગણી, ઊર્મિ, અભિગ્રહ, નૈતિક ભાવના ? કે પછી એ બધાંને નિમિત્તરૂપ લેખીને અદ્વિતીય રૂપનિર્માણને માટેનું કવિનું સર્જન કર્મ ? એક જ કાવ્યને જુદા જુદા આસ્વાદકો ભિન્ન ભિન્ન કારણોથી સારું કહેતા હોય છે. આ અંગે સુરેશ જોષી લખે છે, "રસાસ્વાદની સામગ્રી વ્યવહારના અનુભવમાંથી જ નિપજાવી લેવાની હોય છે એ સાચું, પણ એ કક્ષા સુધી પહોંચ્યા પહેલાં જ જો આપણે અટકી જતા હોઈએ કે કવિ પણ પૂરતું તાટસ્થ્ય કે નિર્મમતા રાખી ન શકવાને કારણે પોતાના નિર્માણમાં પોતાના વ્યવહારિક વ્યક્તિત્વની આક્રમક વૃત્તિને જ વિઘ્નરૂપ બનતાં ટાળી ન શકતો હોય તો રસાસ્વાદમાં ક્ષતિ થવાની જ." ('ગુજરાતી કવિતાનો આસ્વાદ,' ત્રી.આ. ૨૦૧૫, પૃ. ૧૦)

સુરેશ જોશીના વિવેચનના પ્રથમ પુસ્તક કિંચિત્ (૧૯૬૦)માં પ્રથમ લેખ જ 'કાવ્યનો આસ્વાદ' છે. તેમાં તેમણે જે વિચારણા કરી છે તે મુજબ કાવ્યમાં માણવું અને જાણવું એ પૂર્વાપર અવસ્થાઓ નથી, બંનેની યુગપદ્ સ્થિતિ છે. કાવ્યની રચના પરત્વે છન્દનું જ્ઞાન, શબ્દાર્થનું જ્ઞાન, કાવ્યના વિષયનું જ્ઞાન હોવા છતાં એ પરત્વે એક વાક્યતા હમેશાં સંભવતી નથી. એનો અર્થ એ કે કાવ્યની રચનામાં એવું કશુંક છે જે કેવળ છન્દના શબ્દાર્થના કે વિષયના જ્ઞાનથી આપણી પકડમાં આવતું નથી. આ અગ્રાહ્ય તત્ત્વ તે શું છે ને એનો સ્વભાવ આમ અગ્રાહ્ય અથવા તો દુર્ગ્રાહ્ય રહેવાનો છે કે કેમ તે આપણે તપાસવું જોઈએ. કાવ્યમાં કયો અલંકાર કે છંદ છે એ વિશે મતભેદ સંભવે નહિ, પણ એ અલંકાર કે એ છન્દ કાવ્યના કાવ્યત્વમાં શો ભાગ ભજવે છે, કાવ્યનું કાવ્યત્વ શેમાં રહેલું છે એ પરત્વે મતભેદ રહેવાનો. કાવ્ય જેમ વધારે સમૃદ્ધ, સત્ત્વવાળું તેમ આવા મતભેદને અવકાશ ઝાઝો રહે એમ પણ બને. કોઈ સંજ્ઞાઓને વચમાં લાવ્યા વિના, કાવ્યમાં શું બને છે, કવિકર્મનો શો વિશેષ છે તે જાણવું કાવ્યના આસ્વાદ માટે જરૂરી છે. કવિ આપણે જે ભાષા વાપરીએ છીએ તે જ વાપરે છે. છતાં જ્યારે કાવ્ય વાંચીએ છીએ ત્યારે એ ભાષા પાસેથી કવિ જુદા જ પ્રકારનું કામ લેતો હોય એમ લાગે છે, આપણને પરિચિત લાગણીઓનાં રૂપ કવિતામાં બદલાઈ ગયેલાં લાગે છે. આ શી રીતે બને છે તે જોઈએ તો કવિ શો કીમિયો કરે છે તે કદાચ સમજી શકાય.

**કાવ્યમાં કયો અલંકાર કે છંદ છે એ વિશે મતભેદ સંભવે નહિ, પણ એ અલંકાર કે એ છન્દ કાવ્યના કાવ્યત્વમાં શો ભાગ ભજવે છે, કાવ્યનું કાવ્યત્વ શેમાં રહેલું છે એ પરત્વે મતભેદ રહેવાનો. કાવ્ય જેમ વધારે સમૃદ્ધ, સત્ત્વવાળું તેમ આવા મતભેદને અવકાશ ઝાઝો રહે એમ પણ બને. કોઈ સંજ્ઞાઓને વચમાં લાવ્યા વિના, કાવ્યમાં શું બને છે, કવિકર્મનો શો વિશેષ છે તે જાણવું કાવ્યના આસ્વાદ માટે જરૂરી છે**

કવિકર્મનો વિશેષ એ છે જે આપણી ભાષાની પકડની બહારની વસ્તુ છે તેને સંવેદ્ય ને આસ્વાદ્ય બનાવી આપે છે, એમાંથી એની તાત્કાલિકતાને ગાળી નાંખે છે, એને માટે જે આકાર ઘડે છે તેમાં, આકારની દૃઢ સીમામાં રહીને, એના આકલનની અનેકવિધ શક્યતાઓનો અવકાશ રાખે છે. ભાષામાં વાક્યબંધનો અન્વય આનુપૂર્વીને વશ વરતે છે. એવી ભાષાને જ માધ્યમ તરીકે સ્વીકારીને સંકુલ અવસ્થાનું નિરૂપણ કરવાનું કવિ માથે લે છે. આવો ચમત્કાર એ શી રીતે સિદ્ધ કરે છે તે જોવું ભારે રસભર્યું થઈ પડે છે. કાવ્યના આસ્વાદની સાચી સામગ્રી એ છે. આને માટે એ શબ્દોના ધ્વનિને ખપમાં લે છે, ઈન્દ્રિયોનાં પરિમાણને બદલે છે - જે શ્રવણગોચર હોય તેને સ્પર્શક્ષમ કે દૃષ્ટિગોચર બનાવે છે. કાવ્યમાં કવિ કશું કહેવા માગતો નથી, કશુંક કરવા માગે છે, ને એનું એ કાર્ય તે ભાષાનું પુનર્વિધાન, ભાષાનો અપૂર્વ વિનિયોગ. આપણે જેને કાવ્યનો વિષય કહીને ઓળખાવીએ છીએ એ તો નજીવું નિમિત્ત છે,

કાવ્યનું જીવાતુભૂત તત્ત્વ એ નથી. કાવ્યનો 'અર્થ' તો કાવ્ય સમસ્ત જ છે, એ એના અમુક અંશમાં નથી, પણ કાવ્યમાં સર્વત્ર છે. કાવ્યમાં Form થી Content નું પૂરેપુરું નિગરણ થાય છે ને કવિએ રચેલું એ અપૂર્વરૂપ, કવિનું એ અનોખું સંવિધાન, કાવ્યનો સાચો 'અર્થ' છે.

ઓછામાં ઓછી સામગ્રીના ઉપયોગથી જે કવિ વધુ સિદ્ધ કરે છે તે ઉચ્ચ કવિ, પોતાની અભિવ્યક્તિના માધ્યમની શક્યતાઓને જે કવિ વધુ પ્રમાણમાં સિદ્ધ કરે છે તે ઉચ્ચ કવિ, જેને આકાર આપવો અશક્યવત્ છે તેને સુરેખ આકાર આપવાનું આહ્વાન જે ઝીલે છે તે ઉચ્ચ કવિ. વિવેચકનું સૌથી સમર્થ ઓજાર તે અનેક કલાકૃતિના પરિશીલનથી પરિષ્કૃત મુકુરીભૂત રુચિ. એના વિના બીજા બધા જ નિયમોનું જ્ઞાન મિથ્યા બની રહે છે. કાવ્ય અતંત્ર અરાજકતા નથી, એમાં તો એવી અરાજકતામાંથી આસ્વાદક્ષમ રૂપ ઉપજાવવામાં આવ્યું હોય છે, ને કાવ્યનું આ વિધાયક બળ, ઋત જ એને વિશેના સ્વેચ્છાચારને ખોટો ઠરાવશે. કાવ્યને જ કાવ્યવિવેચનનું નિયામક તત્ત્વ બનવા દઈએ.

કાવ્યનો આસ્વાદ કેવી રીતે કરવો-કરાવવો એ શીખતાં પહેલા કાવ્ય એટલે શું એ સમજવું આવશ્યક છે. કાવ્યની વ્યાખ્યા આપવાના અસંખ્ય પ્રયત્ન થયા છે. પ્રત્યેક વ્યાખ્યામાં કોઈને કોઈ દિશાથી કવિતાની નજીક પહોંચવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કોઈપણ વ્યાખ્યા સર્વસ્વીકૃત બની શકી નથી એ બાબત કવિતા એ કેવું છટકણું સાહિત્ય સ્વરૂપ છે એનો સંકેત કરી રહે છે.

**કાવ્યનો આસ્વાદ કેવી રીતે કરવો-કરાવવો એ શીખતાં પહેલા કાવ્ય એટલે શું એ સમજવું આવશ્યક છે. કાવ્યની વ્યાખ્યા આપવાના અસંખ્ય પ્રયત્ન થયા છે. પ્રત્યેક વ્યાખ્યામાં કોઈને કોઈ દિશાથી કવિતાની નજીક પહોંચવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કોઈપણ વ્યાખ્યા સર્વસ્વીકૃત બની શકી નથી એ બાબત કવિતા એ કેવું છટકણું સાહિત્ય સ્વરૂપ છે એનો સંકેત કરી રહે છે**

ભારતીય કાવ્યાચાર્યોમાં મમ્મટની કાવ્યની વ્યાખ્યા જાણીતી છે : तददोषौ शब्दार्थौ सगुणावनलङ्कृती पुनः क्वापि । એટલે મમ્મટના મત મુજબ કાવ્ય શબ્દાર્થનું બનેલું હોય, અદોષ હોય, ગુણયુક્ત હોય અને સામાન્યતઃ સાલંકાર જ હોય. આ વ્યાખ્યા કાવ્યરચનાના પ્રારંભકને દિશાસૂચન કરે છે, પણ તેને શાસ્ત્રીય ન ગણી શકાય. રમણીયતાની જેમ કવિતા પણ કવિએ કવિએ, કૃતિએ કૃતિએ નવાં રૂપ ધારણ કરે છે. કવિતામાં શબ્દ, અર્થ, લય, છંદ, ભાવ, રસ, વિચાર વગેરે તત્ત્વોને પૂરતો અવકાશ છે.

કવિતાનું સ્થૂળ ઉપાદાન અર્થમય શબ્દ છે, પણ તેનું સૂક્ષ્મ ઉપાદાન આ સ્થૂળ ઉપાદાન દ્વારા વ્યક્ત થતું હોવાથી તેનું મહત્ત્વ ઘણું છે. રમણીયાર્થ પ્રતિપાદકઃ શબ્દ' ને કવિતા કહેનાર જગન્નાથ શબ્દની જ આ મહત્તા વ્યક્ત કરે છે. પ્રાશ્ચાત્ય કવિ વિવેચક કોલરિજની વ્યાખ્યા - 'Poetry is best words in the best order' માં પણ વાત તો કવિતાના બાહ્ય ઉપાદાનની જ છે.

કવિતાના આંતર ઉપાદાન તરીકે સમગ્ર વિશ્વ, મનુષ્ય, મનુષ્યની વિવિધ ઊર્મિઓ, વિચારો, તરંગો વગેરેને ગણાવી શકાય. વર્ડઝવર્થે કવિતાને 'the breath and finer spirit of all knowledge' તરીકે ઓળખાવી સમસ્ત જ્ઞાનને કાવ્યવિષય માન્યું છે. તો બીજી બાજુ મેથ્યુ આર્નોલ્ડે કવિતાને જીવનની સમીક્ષા કહી છે. કેટલાક વિદ્વાનો કવિતામાં ઊર્મિનું પ્રાધાન્ય માને છે તો કેટલાક વિચારનું. કવિતામાં ઊર્મિ અને વિચાર બંનેનું ઉચિત સ્થાન છે જ. એબરક્રોમ્બીએ કહ્યું છે તેમ જીવનનો કોઈપણ અનુભવ કવિતાનો વિષય બની શકે.

કવિતાના સર્જનમાં બુદ્ધિ વ્યાપાર પણ પ્રવર્તે છે. આનંદશંકર ધ્રુવ તેને કલ્પના વ્યાપારની કોટિનો ગણે છે. તેઓ કવિતાને આત્માની કલા કહે છે અને તે આત્માની બધી જરૂરિયાતોને સંતોષે એવી હોય છે એમ જણાવે છે. કાવ્યરસિક તો કવિતામાંથી રમણીયતા સૌન્દર્ય શોધતો હોય છે. 'वाक्यं रसात्मसम् काव्यम्' એવી વ્યાખ્યામાં કે આપણે ઉપર ઉલ્લેખ જગન્નાથની વ્યાખ્યામાં પણ કાવ્યના આ ગુણ ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે. કોલરિજ કવિતાના પરિણામ તરીકે સૌન્દર્યમયતા અને આનંદપ્રદતાને ગણાવે છે. કવિતા વિશે 'Nothing is poetry unless it transports' એમ જે કહેવાયું છે તેમાં પણ આ તત્ત્વોનો નિર્દેશ જોઈ શકાય.

કવિતાનાં અનેક પ્રયોજનો ગણાવાયાં છે પણ તેમાં આનંદ આપવાનું પ્રયોજન મુખ્ય છે એ વિશે મતભેદ નથી. કાવ્ય વાંચતી વખતે તેનો આસ્વાદ કરવાનો આપણો હેતુ હોય છે. કાવ્યનો પૂરો આસ્વાદ મેળવવા તેને બરોબર સમજવું પડે. કેટલીક વાર કાવ્ય પૂરું ન સમજાય તો પણ આપણને તે ગમે છે એક વિવેચકે કહ્યું છે તેમ You can often enjoy a peom without fully understanding its meaning. આ સાચું હોવા છતાં કાવ્યનો પૂર્ણ આસ્વાદ મેળવવા કાવ્યને સમજવું જરૂરી છે.

કાવ્યને બરાબર સમજવા માટે તેને ત્રણચાર વાર ધ્યાનથી વાંચવું જોઈએ. કાવ્યનું પ્રત્યેક પઠન એવી રીતે થવું જોઈએ કે તેમાંથી કાંઈને કાંઈ નવું પામી શકાય. આપણે જેનું પઠન કરતાં

હોઈએ એ કાવ્ય જો ઉત્તમ હોય તો સ્વાભાવિક રીતે જ તેની સાથે તન્મય થઈ શકાય. ઉમાશંકર જોશી કહે છે તેમ "કવિતા વાંચવામાં સૌથી મુખ્ય વિવેક આ કરવાનો છે : કૃતિ કવિતા બનવા પામી છે કે નહીં ! પદ્ય જોઈને ભોળવાઈ જવાનું નથી. રચનાની નેમ માહિતી આપવાની છે કે સુંદરતાના અનુભવ દ્વારા આનંદ આપવાની, રસનિમગ્ન કરવાની છે ? - એ જોવાનું છે. અનેક નમૂનાઓનો પરિચય કરતાં કરતાં આ વિવેકશક્તિ ખીલે છે. ધીમે ધીમે એ વસ્તુ સમજાય છે કે રસાસ્વાદ કરાવવા તાકતી શબ્દ રચના જુદી જ - ચમત્કારક હોય છે. કવિતા સુધી પહોંચનાર શબ્દરચનાના વિશેષો પકડવાની તાલીમ ધીમે ધીમે, અનેક કૃતિઓના પરિચયને પરિણામે, સાંપડે છે." (કવિતા વાંચવાની કળા, પૃ. ૬, ૭)

કાવ્યપઠન કેવી રીતે કરવું જોઈએ એ વિશે નિરંજન ભગતે 'કવિતા કાનથી વાંચો' પુસ્તિકામાં ત્રણ રીતો દર્શાવી છે તેમના મતે પહેલાં તેનું ગેય પઠન, પછી વારંવાર અર્ધગેય, અને અંતે અગેય પઠન કરવું જોઈએ. કાવ્યપઠન કેવું હોવું જોઈએ અને એ દ્વારા શું પ્રાપ્ત થવું જોઈએ એ દર્શાવતાં તેમણે લખ્યું છે : "કાવ્યસમગ્રનો અર્થ(જે કાવ્યના સૌ શબ્દોના અર્થોના સરવાળાથી કંઈક વિશેષ અને કંઈક અન્ય હોય છે તે અર્થ), કાવ્યખંડોનો અર્થ, શબ્દસમૂહોનો અર્થ, શબ્દેશબ્દનો અર્થ, હૃદય-બુદ્ધિ-આત્મા માટેનો અર્થ - આ સૌ અર્થોને અનુસરીને એમને અનુરૂપ, અનુકૂળ અવાજ, લય, આરોહ-અવરોહ, સ્વરભાર, વિરામ, મૌન આદિ દ્વારા વિવેકપૂર્વક, ઔચિત્યપૂર્વક, સમજપૂર્વક, સૂઝપૂર્વક, ધ્યાનપૂર્વક કવિતાનું પઠન કરવાનું છે. પઠન એ સમાધિ છે, રસસમાધિ છે. કવિતાનું પઠન એ સર્જન છે, સર્જનનો અનુભવ છે. વળી વાચક, ભાવક જ્યારે કોઈપણ કાવ્યનું પઠન કરે છે ત્યારે જ એક અર્થમાં એ કાવ્ય અસ્તિત્ત્વમાં આવે છે, એ કાવ્યનું સર્જન થાય છે... સુંદર પઠન થાય ત્યારે જ એનો સાચો રસાસ્વાદ થાય છે. કવિતાનું પઠન એક કળા છે, શ્રમસાધ્ય અને કાષ્ટસાધ્ય કળા છે, દુઃસાધ્ય અને દુર્લભ કળા છે." ('કવિતા કાનથી વાંચો, પૃ. ૧૯,૨૦)'

**ઉમાશંકર જોશી પણ કહે છે કે કવિતા કેવળ આંખ, કાન, લાગણી કે બુદ્ધિ વડે વાંચવાની નથી, લોહીથી વાંચવાની છે, સમગ્ર સંવિત, તંત્રથી સંવેદવાની છે. કાવ્યના આસ્વાદની પ્રક્રિયાને પૂરેપૂરી પામવી મુશ્કેલ છે. છતાં એને વિશે એમ કહી શકાય કે પ્રથમ તેનાં વિવિધ અંગોનું દર્શન થાય છે, પછી તે પ્રત્યેક અંગના સૌન્દર્યનો બોધ થાય છે, અને અંતે સમગ્ર કૃતિનું ભાવક આકલન કરી રહે છે**

ઉમાશંકર જોશી પણ કહે છે કે કવિતા કેવળ આંખ, કાન, લાગણી કે બુદ્ધિ વડે વાંચવાની નથી, લોહીથી વાંચવાની છે, સમગ્ર સંવિત, તંત્રથી સંવેદવાની છે. કાવ્યના આસ્વાદની પ્રક્રિયાને પૂરેપૂરી પામવી મુશ્કેલ છે. છતાં એને વિશે એમ કહી શકાય કે પ્રથમ તેનાં વિવિધ અંગોનું દર્શન થાય છે, પછી તે પ્રત્યેક અંગના સૌન્દર્યનો બોધ થાય છે, અને અંતે સમગ્ર કૃતિનું ભાવક આકલન કરી રહે છે. પ્રથમ બે તબક્કાઓ માટે વસ્તુલક્ષી ધોરણો દર્શાવવાં શક્ય છે. કવિતાના સ્વરૂપનું, તેના ઘટક તત્ત્વોનું અને કાવ્યસૌંદર્યના સર્જનમાં તેમના ફાળાનું જ્ઞાન પ્રાપ્ત થતાં- કવિતાની સમજ વિકસે છે અને પછી કવિતાનો રસાસ્વાદ શક્ય બને છે.

કવિતાની તપાસમાં પ્રથમ આવે છે શબ્દ. શબ્દ કવિતાનું બાહ્ય ઉપાદાન છે. કવિતામાં પ્રયોજાયેલ શબ્દનું ઘણું મહત્ત્વ છે. કવિતામાં પ્રયોજાયેલ શબ્દમાં ચોકસાઈ, સૂચકતા, સામર્થ્ય અને સમુચિતતા હોવા જરૂરી છે. કાવ્યમાં પ્રયોજાયેલ શબ્દ કાવ્યના સંદર્ભમાં કેટલો ઉચિત છે તે તપાસવું જોઈએ. કવિ પોતાની કલાસૂઝથી શબ્દ પાસેથી કેવું અને કેટલું કામ કઢાવે છે તે પણ આપણે જોવું જોઈએ. કવિતામાં પ્રયોજાયેલ શબ્દનો અર્થ એ માત્ર શબ્દકોશનો અર્થ નથી હોતો. કવિ પોતાની પ્રતિભાથી શબ્દનો નવો અર્થસંદર્ભ પ્રગટાવે છે, નવી અર્થચ્છાયા ઉપસાવે છે. ખૂબ જાણીતું ઉદાહરણ જોઈએ. મીરાંની એક કાવ્યપંક્તિ 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું'માં 'હંસલો' અને 'દેવળ' શબ્દના અર્થ બદલાઈ જાય છે. એક જ અર્થ આપતા અનેક પર્યાયોમાંથી સમર્થ કવિ જે શબ્દ પ્રયોજે છે તે સૌથી વધુ ઉચિત હોય છે. કવિએ પ્રયોજેલ શબ્દને સ્થાને તેનો કોઈપણ પર્યાય મૂકવાથી કાવ્યસૌંદર્ય ખંડિત થવાનું. સુન્દરમ્‌ના પ્રસિદ્ધ મુક્તકની પ્રથમ પંક્તિ - 'તને મેં ઝંખી છે'-માં 'ઝંખી' શબ્દની જે તાકાત છે તે તેના કોઈપણ પર્યાયમાં આવી શકે તેમ નથી.

શબ્દનો વાચ્યાર્થ હોય છે તેમ સૂચિતાર્થ પણ હોય છે. કવિતામાં આ સૂચિતાર્થનું મહત્ત્વ વિશેષ છે. તેને વ્યંગ્યાર્થ કે ધ્વનિ પણ કહેવામાં આવે છે. વ્યંજનાપૂર્ણ કાવ્યને ધ્વનિકાવ્ય અર્થાત્ ઉત્તમ કાવ્ય માનવામાં આવે છે. કવિતાનો શબ્દાર્થ પામ્યા પછી તેનો વ્યંગ્યાર્થ પામવા પણ ભાવકે મથવું જોઈએ. ઉમાશંકર જોશીના કાવ્ય 'બળતાં પાણી'નો વાચ્યાર્થ તો સરળતાથી સમજી શકાય છે. નિકટમાં સળગતા પર્વતને ન છૂટકે ત્યજીને નદીએ સમુદ્રના વડવાગ્નિને બુઝાવવા જવું પડે છે એ વાત પામવાથી કાવ્યને પૂરું પામી શકાતું નથી. તેનો વ્યંગ્યાર્થ વિશેષ મહત્ત્વનો છે. અહીં એક સ્પષ્ટતા કરી લેવી જોઈએ. કવિતાનો વ્યંગ્યાર્થ માત્ર એક જ નથી હોતો. વ્યંગ્યાર્થ તો અનેક હોઈ શકે. ભાવકે

ભાવકે તે ભિન્ન હોઈ શકે. એક વ્યંગ્યાર્થ સાચો અને બીજો ખોટો એમ પણ ન કહી શકાય. કવિ જેટલો સમર્થ, કાવ્ય જેટલું ઉત્તમ, તેટલી વ્યંજનાની ત્રિજયાઓને વિસ્તરવાની શક્યતા વિશેષ સંદિગ્ધતા (ambiguity)નું પણ કવિતામાં સ્થાન છે. તે નિયંત્રિત અને હેતુપૂર્ણ હોય તો કાવ્ય અર્થનાં ઊંડાણોને તાગી શકે..

કવિતા શબ્દની કલા છે. કવિ શબ્દનો કસબી છે. એણે કરેલી શબ્દની યોજના શબ્દની બધી શક્યતાઓનો કસ કાઢે છે એટલું જ નહિ શબ્દના અર્થને, તેના મૂળ સંકેતો જાળવવા ઉપરાંત નવા નવા સંદર્ભો દ્વારા વધુ સંકેતો સમર્પે છે. મનુષ્યજીવનની પ્રત્યેક પરિસ્થિતિને તથા માનવમનની સૌ અવસ્થિતિને કવિતા અવગત કરે છે. કવિતાને માનવ અનુભવની વાઙ્મય અભિવ્યક્તિ કહી શકાય. અલબત્ત, કવિનું અતિ અંગત સંવેદન કાવ્યમાં બાધક નીવડી શકે. સ્વાનુભવને વ્યાપક પરિપાટી અર્પવાની ક્રિયાને સાધારણીકરણ કહી શકાય. કવિતામાં આવનારો માનવઅનુભવ સાધારણીકૃત હોય છે. સાધારણીકરણ થવા છતાં કવિના અનુભવનું આગવાપણું કવિતામાં પૂરેપૂરું લુપ્ત થતું નથી. કવિ પોતાના આગવા વિશિષ્ટ અનુભવને ભાવક હૃદયમાં સંક્રાન્ત કરવા સાદશ્યોનો આશ્રય લે છે. એ માટે તે ઉપમાદિ સાદશ્ય મૂલક અલંકારો, કલ્પનો, પ્રતીકો વગેરેનો ઉપયોગ કરે છે. કવિતાની વાણી કલ્પનાત્મક હોવાથી કલ્પનસર્જક હોય છે. કલ્પનોને કારણે કવિતા ચિત્રાત્મક બનતી હોય છે કવિતાની ગતિશીલ ચિત્રાત્મકતા વાણીના લયને આભારી છે. કવિતાની વાણી લયાત્મક-લયાન્વિત હોય છે. સાધારણીકૃત માનવઅનુભવની કલ્પનાત્મક અને લયાત્મક વાણીમાં અભિવ્યક્તિ તે કવિતા એમ કહી શકાય. કવિતામાં અનુભૂતિ અને અભિવ્યક્તિનું એવું અદ્‌ભુત સંયોજન થાય છે કે બંનેને અલગ તારવવાં દુષ્કર બની જાય.

**કવિતા શબ્દની કલા છે. કવિ શબ્દનો કસબી છે. એણે કરેલી શબ્દની યોજના શબ્દની બધી શક્યતાઓનો કસ કાઢે છે એટલું જ નહિ શબ્દના અર્થને, તેના મૂળ સંકેતો જાળવવા ઉપરાંત નવા નવા સંદર્ભો દ્વારા વધુ સંકેતો સમર્પે છે. મનુષ્યજીવનની પ્રત્યેક પરિસ્થિતિને તથા માનવમનની સૌ અવસ્થિતિને કવિતા અવગત કરે છે. કવિતાને માનવ અનુભવની વાઙ્મય અભિવ્યક્તિ કહી શકાય**

આપણે જોયું તેમ કાવ્યનું મુખ્ય પ્રયોજન આનંદ છે. ઉમાશંકર જોશીએ કહ્યું છે તેમ "આનંદ સ્વયં અહેવાલમાં ઊતરવો શક્ય નથી, આનંદ તો કલાકૃતિના અનુભવની ક્ષણે જ સાક્ષાત્ કરવાની વસ્તુ છે. અહેવાલ આપવા બેઠા ત્યાં પેલું વસ્તુ અને રીતિ, દર્શન અને આકૃતિ એ દ્વન્દ્વ ડોકિયાં કરવા માંડયું અને એણે વિવેચનનો પીછો પકડવાનું ક્ષણવાર પણ છોડ્યું નથી. વિવેચનની આ મર્યાદા છે." ) 'કવિની સાધના', પૃ. ૧૭૩)

વિવેચનની આ મર્યાદા છે એટલે કવિતા વિષયક ગમે તેટલાં વિવેચન કરતાં કવિતાનું મૂલ્ય વિશેષ છે. કવિતાને સમજવામાં, એનો આસ્વાદ કરવામાં કવિતાનું વાચન વધુ મદદરૂપ થઈ શકે. કોલરિજ તાત્કાલિક આનંદ આપવાના હેતુને કાવ્યનું વ્યાવર્તક લક્ષણ માને છે. કાવ્યની વ્યાવર્તક વિશેષતા એ એની અનન્ય આકૃતિ, આકાર કે રૂપ છે. કવિતાનું કાર્ય આનંદ આપવાનું છે- નિર્ભેળ, નિર્વ્યાજ આનંદ. જીવનમાં અન્યત્ર મળતા આનંદથી એ આનંદ ભિન્ન અને ઉચ્ચ કોટિનો છે. એ કલાનો આનંદ છે. એમ કહેવાય છે કે જેના દ્વારા આનંદસૌંદર્યની અનુભૂતિ થાય એવી શબ્દરચના એ કવિતા. એ ગદ્ય અને પદ્ય બંનેમાં સંભવી શકે.

માનવહૃદયને તરત જ અસર કરી જનાર (સદ્યઃસ્પર્શી), ચમત્કાર જેવી જે વસ્તુ અનેક પ્રકારની કૃતિઓમાં, અનેક રીતે, અનેક રૂપે, વધારે-ઓછા પ્રમાણમાં રહેલ હોય છે તેને આપણે કાવ્યત્વ (the poetic element) કહીશું. ભિન્ન ભિન્ન દેશકાળમાં ભિન્ન ભિન્ન કાવ્યસ્વરૂપો ઉદ્‌ભવી ખીલેલાં છે. એમાં મુખ્ય છે મહાકાવ્ય, આખ્યાનકાવ્ય, ખંડકાવ્ય, ઊર્મિકાવ્ય વગેરે. આધુનિક કાળમાં વિશેષ પ્રમાણમાં ઊર્મિકાવ્યો લખાય છે. ઊર્મિકાવ્યના પ્રભાવનું મુખ્ય કારણ એ છે કે કવિતાનું જે ઉપાદાન છે એ માનવ અનુભવ મૂળમાં સંવેદનાત્મક એટલે લાગણી કે ઊર્મિમય હોય છે.

માનવઅનુભવ કવિતાનું આંતર ઉપાદાન છે અને અર્થવત્ શબ્દ એનું બાહ્ય ઉપાદાન છે. શબ્દ અને અર્થના સહિતત્વને કાવ્ય કહેનાર પ્રથમ આલંકારિક ભામહે 'शब्दार्थौ सहितौ काव्यम्' એવી ટૂંકી વ્યાખ્યા આપેલી. શબ્દ અને અર્થના સહિતપણાની વાત બીજા કાવ્યાચાર્ય કુંતકે કુશળતાપૂર્વક કહી છે. આપણે જાણીએ છીએ કે કાવ્યના પ્રશ્નો કાવ્ય, કવિ અને ભાવક ત્રણેને સ્પર્શે છે. આ હકીકતથી સભાન કુંતકે કાવ્યની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે :

शब्दार्थौ सरितौ वक्रकवि व्यापारशालिनि ।
बन्धं व्यवस्थितौ काव्यं तद्विदाहलादकारिणि ॥

કવિવ્યાપાર-કવિકર્મકૌશલ પર કુંતકે ભાર મૂક્યો છે એમાં એની સૂઝ વરતાય છે. કાવ્યની વ્યાખ્યામાં કવિની સાથે તદ્વિદ એટલે કાવ્યવિદ ભાવકનો ઉલ્લેખ કરી કુંતકે તેનો જે મહિમા કર્યો છે એ મહત્ત્વનો છે. રાજશેખરે પણ પ્રતિભાના કારયિત્રી

અને ભાવયિત્રી એવા બે પ્રકાર પાડી ભાવકનું ઉચિત ગૌરવ કર્યું છે. કવિતાના ભાવન માટે ભાવકને કાવ્યશાસ્ત્ર અને અન્ય શાસ્ત્રોનું જ્ઞાન જરૂર ઉપકારક નીવડે,પણ કવિતાના ભાવન માટે વિદ્વત્તા કરતાં સહૃદયતાની વધુ જરૂર છે. 'ધ્વન્યાલોક'માં અભિનવગુપ્ત કહે છે તેમ સતત કાવ્યાનુશીલનથી જેમની મનોવૃત્તિ સ્વચ્છ દર્પણના જેવી બની હોય છે ને જેમણે કવિએ વર્ણવેલા કાવ્યવસ્તુની સાથે પોતાની ચિત્તવૃત્તિને અભિન્ન બનાવવાની યોગ્યતા પ્રાપ્ત કરી હોય છે તેઓ જ સહૃદય કહેવાય.

કાવ્યનું ભાવન એટલે શું ? કવિ પોતાના દર્શનને અનુરૂપ અભિવ્યક્તિ કરવા વિવેક અને ઔચિત્યપૂર્વક શબ્દ પસંદગી કરે છે તે જ રીતે ભાવકે કવિપ્રયુક્ત શબ્દે શબ્દને અવગત કરી કવિના દર્શનને પામવાનું હોય છે. બીજી રીતે કહીએ તો કાવ્યનું અનુભાવન એટલે એનું પુનઃ નિર્માણ. કાવ્યકૃતિ કોઈપણ વાચક આગળ પોતાનું હાર્દ ખોલવા તત્પર હોય છે જ, પણ વાચકની તત્પરતા ઉપર એ અનાવરણનો આધાર છે. કાવ્યનો કેન્દ્રસ્થ ભાવ તો ભાવક પકડી શકે પણ એ કેન્દ્રને આધારે એણે પોતે પોતાને માટે અનેક ભાવવર્તુળો દોરવા પડે છે. ભાવક જેટલો વધુ સજ્જ તેટલી તેની ત્રિજ્યા મોટી અને એનું ભાવવર્તુળ વિશાળ. કાવ્યના સંપર્કથી જેની ચેતનાની સકલ પદ્મપાંખડી વિકસી ઊઠે અને જે આનંદસ્વરૂપ બની રહે એ જ સાચો સચેતસ. ભાવક માટે આચાર્ય વિશ્વનાથે સંભવતઃ આ અર્થમાં જ 'સચેતસ' શબ્દ પ્રયોજ્યો છે. કવિતાના સાચા ભાવક થવા માટે કવિતાની સમજ મેળવવી જરૂરી છે.

**કાવ્યનો કેન્દ્રસ્થ ભાવ તો ભાવક પકડી શકે પણ એ કેન્દ્રને આધારે એણે પોતે પોતાને માટે અનેક ભાવવર્તુળો દોરવા પડે છે. ભાવક જેટલો વધુ સજ્જ તેટલી તેની ત્રિજ્યા મોટી અને એનું ભાવવર્તુળ વિશાળ. કાવ્યના સંપર્કથી જેની ચેતનાની સકલ પદ્મપાંખડી વિકસી ઊઠે અને જે આનંદસ્વરૂપ બની રહે એ જ સાચો સચેતસ**

કવિ પોતાની કલાસૂઝથી શબ્દ પાસેથી કેવું અને કેટલું કામ કઢાવે છે તે કાવ્યના સીધા સંપર્કથી જ સમજી શકાય. શબ્દનો ખ્યાલ કરતાં એનો સંદર્ભ ધ્યાનમાં રાખવો જોઈએ. ભાષાને વિશિષ્ટ રીતે પ્રયોજતો કવિ સમૃદ્ધ સંદર્ભયોજના કરે છે. કવિના શબ્દના સંદર્ભની વિશેષતા જ કાવ્યના અર્થ અંગેના મતાંતરોની શક્યતા સર્જે છે. કાવ્યનો સંદર્ભ એટલે અમુક પંક્તિ કે પંક્તિખંડનો સંદર્ભ નહિ પણ સમગ્ર કૃતિનો સંદર્ભ. વળી કૃતિમાંથી ઊઠતા સંદર્ભ સાથે વાચકના ચિત્તમાં રચાતા સંદર્ભોનું સધાયેલું અનુસંધાન પણ કાવ્યાસ્વાદની પ્રક્રિયામાં અગત્યનો ભાગ ભજવે છે. એક જ કૃતિનો જુદા જુદા અભિગમથી આસ્વાદ કરાવી શકાય. પોતાનો અભિગમ જ સાચો છે એમ કહેવું કે પોતાનું અર્થઘટન જ સાચું છે એમ માનવું ઉચિત નથી.

આપણે કાવ્યની ભામહે આપેલી વ્યાખ્યા જોઈ શબ્દ અને અર્થ મળીને કાવ્ય થાય છે એટલો સાદો એનો મતલબ નથી, પરંતુ શબ્દ અને અર્થનું અપૂર્વ, વિશિષ્ટ સહિતત્ત્વ, સંહતિ તે કાવ્ય એવો એનો અભિપ્રાય છે. ભામહ 'કાવ્લલંકાર'માં તો કહે છે : 'વક્ર શબ્દ અને અર્થવાળી ઉક્તિ એ જ વાણીનું ઈષ્ટ સૌંદર્ય છે.' ભામહમાંથી વક્રતાની પ્રેરણા લઈ કુંતકે વક્રોક્તિ સિદ્ધાંત રજૂ કર્યો છે. શબ્દ અને અર્થના સાહિત્ય વિશે એ કહે છે કે બધી બાબતથી સમાન ગુણવાળા બે મિત્રો જેમ એકબીજાની શોભા વધારે છે તેમ શબ્દ અને અર્થ (કાવ્યમાં) પરસ્પરની શોભા વધારતા હોય છે. કુંતક કાવ્યમાં જે વિશિષ્ટતાનો આગ્રહ રાખે છે તે છે વક્રતા. તે માને છે કે શબ્દ અને અર્થ બંને અલંકાર્ય છે. એ અલંકારિત્વ એ બંનેના વિચિત્ર વિન્યાસમાં વક્રોક્તિમાં રહેલું છે, જે આહ્લાદકારક છે એને જ 'વૈદગ્ધ્યભંગીભણિતિ' કહે છે, વૈદગ્ધ્ય એટલે કવિકર્મકૌશલ તેની ભંગી એટલે શોભા, ભણિતિ એટલે ઉક્તિ. વક્રોક્તિ એટલે વૈચિત્ર્યપૂર્વકની ઉક્તિ કુંતકની દૃષ્ટિએ કાવ્યનો પ્રાણ છે. શબ્દમાધુર્ય પ્રત્યે આપણું મન આકર્ષાય છે પરંતુ કાવ્યનું અસલી સૌંદર્ય સિદ્ધ થાય છે તેની અર્થસંપત્તિથી. કવિ શબ્દના કોશગત અર્થ પાસે કામ લેવા ઉપરાંત એમાં પોતાના વિશિષ્ટ સંકેતો ઉમેરે છે. શબ્દરચનાની અમુક ચોક્કસ રીતિમાંથી કવિતાની બાની (diction) નીપજે છે. કવિનો શબ્દાર્થ ઉચિત, યથાર્થ અને સમર્થ હોવો જોઈએ. શબ્દમાધુર્ય જળવાય અને શબ્દની અર્થસમર્પણની શક્તિનો પણ કસ કઢાય તથા ઊંચું કાવ્યત્વ સિદ્ધ થાય એ ઘટના વિરલ હોય છે.

કવિતાનું કામ સૌંદર્યનિર્માણ દ્વારા આનંદાનુભવ કરાવવાનું છે, એટલે એવી કાવ્યકૃતિને કલાકૃતિ કહી શકાય જે સૌંદર્ય સંપન્ન અને આહ્લાદકારી હોય. કાવ્યચર્ચાનો પ્રાણપ્રશ્ન એ છે કે કાવ્યને સૌંદર્ય અર્પનારું તત્ત્વ કયું છે ? આનો સર્વસ્વીકૃત ઉત્તર મળવો શક્ય નથી.

જો શબ્દનું નાદતત્ત્વ અલંકારના ક્ષેત્રમાં આવતું હોય તો આપણે ત્યાં અલંકારનો સૌંદર્યવિધાયક તરીકે જ નહિ, અમુક રીતે કાવ્ય તરીકે સ્વીકાર થયો છે. અલંકારનું કાવ્યમાં શું સ્થાન છે એ વિશે ભારતીય તેમ જ પ્રાશ્ચાત્ય વિવેચકોએ ઘણી ચર્ચા કરી છે. મોટા ભાગના વિદ્વાનો એ વાત પર સંમત છે કે અલંકાર કાવ્યનું બાહ્ય તત્ત્વ નથી પણ આંતરતત્ત્વ છે. લોકોત્તર કવિવાણી અલંકૃતા જ હોય છે, વિશિષ્ટ જ હોય છે.

કવિતામાં શ્રાવ્ય શબ્દનું વિશેષ મહત્ત્વ છે. કાવ્યમાં આવતો કોઈ શબ્દ એકલો અટૂલો નથી હોતો. શબ્દના અવાજથી શ્રવણસુભગતા સાથે લયાન્વિતિ પણ સધાય છે. કવિતામાં છંદ-લય મહત્ત્વનાં ઘટકો છે. છંદનો નિયત લય અને શબ્દોચ્ચારણનો સહજ લય એ બેની સંયોજનાથી જે લયસ્વરૂપ સિદ્ધ થાય છે તેનો કાવ્યનિર્માણમાં મહત્ત્વનો ફાળો છે. છંદોલયની સમજ કવિતાને પામવામાં ઉપકારક નીવડી શકે. શબ્દસર્જિત પ્રાસ અને લય કવિતાનાં મહત્ત્વનાં ઘટકતત્ત્વો છે. 'શબ્દમાધુર્ય', 'લયમાધુર્ય' જેવા પ્રયોગો તેને અંગે જ થાય છે. ભાષા-લયમાં જે ભાર આવે છે તે વિચાર, લાગણી કે કલ્પનાના બળનો-અર્થપૂર્ણ ભાર હોય છે. એ અર્થને યોગ્ય રીતે પ્રકટ કરવામાં જ લયની સાર્થકતા છે.

અર્થાનુકૂલ લય પ્રકટાવવો એ કવિનું કામ છે, પણ છંદ એના બંધારણને લીધે, વિવિધ મુદ્રાને ઝીલવાની એની ગુંજાયશને લીધે એમાં સહાયક નીવડે છે. કવિચિતમાં થતા કાવ્યના સહજ સ્ફૂરણ સાથે જ તેનો લય પ્રકટે છે. કાવ્ય અને કાવ્યલય સહજન્ય છે. કવિનો અનુભવ લયનું સ્વરૂપ નિશ્ચિત કરે છે. કાવ્યમાં પ્રયુક્ત શબ્દનો અવાજ બે કાર્ય કરે છે. લય નિર્મિત અને લાલિત્યસર્જન. વર્ણસૌંદર્યસર્જનની વિવિધ રીતોને શબ્દાલંકાર કહેવામાં આવે છે. પ્રાસ કેવળ વર્ણચમત્કારની યુક્તિ કે રીતિ જ નહિ, પણ કડી કે શ્લોકની પંક્તિઓને સાંકળનાર તથા પરસ્પરના અનુસંધાનના સંસ્કારથી કૃતિનું એકત્વ સિદ્ધ કરનાર કાવ્યનું એક અંગ છે. પ્રાસ સિવાયના શબ્દાલંકારોમાં વર્ણાનુપ્રાસ અને યમક આવે છે. માધુર્ય અને ઓજસ જેવા ગુણો વર્ણના બળે જ કાવ્યમાં ઉત્કર્ષ પામે છે.

**કાવ્યાસ્વાદ માટે ભાવકે કાવ્યના ઘટકાંશોને પૃથક્ પૃથક્ તપાસી છેલ્લે કૃતિના સમગ્ર સૌંદર્યનો વિચાર કરવો જોઈએ. જુદા જુદા અંશોનો કાવ્યના સૌંદર્યવિધાનમાં શો ફાળો છે તે તેણે દર્શાવવું જોઈએ. સમગ્ર કૃતિ આપણા ચિત્ત પર કેવી છાપ મૂકી જાય છે તે પણ જણાવવું જોઈએ. કાવ્યનું ગુણદર્શન રસદર્શન કરાવવાની સાથે સાથે તેમાં જો કોઈ દોષ હોય તો તેનો નિર્દેશ પણ કરવો જરૂરી છે**

પોતાના કાવ્યાત્મક અનુભવને મૂર્ત સ્વરૂપ આપવા કવિ કલ્પન-પ્રતીકનો વિનિયોગ પણ કરે છે. કવિતાની વાણી કલ્પનાત્મક હોઈ ચિત્રનિર્માણક્ષમ બને છે. શબ્દ દ્વારા સર્જાતું માનસચિત્ર એ જ કલ્પન છે. કલ્પન અને પ્રતીક પરસ્પર સંકળાયેલાં છે. પ્રતીક મૂળભૂત રીતે તો કલ્પન જ હોય છે. એ કલ્પન તેની વિશિષ્ટ ઉપસ્થિતિ તથા સંદર્ભને કારણે પ્રતીક બને છે. કાવ્યમાં પ્રયોજિત કલ્પનો-પ્રતીકો શોધવાં અને તેમની અર્થચ્છાયાઓ સ્પષ્ટ કરવી કાવ્યના આસ્વાદ માટે આવશ્યક છે.

આધુનિક કવિઓ કાવ્યમાં પ્રતીક, કલ્પનની જેમ ક્યારેક ક્યારેક પુરાકલ્પન(મિથ)નો વિનિયોગ કરતા હોય છે. ઈતિહાસ, પુરાણાદિનાં પાત્રો, પ્રસંગો કે પરિસ્થિતિઓમાંથી કોઈ વસ્તુ (થીમ) ઉપાડીને રચાનાર કલ્પનને સામાન્ય રીતે પુરાકલ્પન કહે છે.

કવિતાનાં મુખ્ય ઘટક અંગો બે શબ્દ અને અર્થ. શબ્દકાવ્યનું ઉપાદાન છે. આપણે કવિના શબ્દથી આરંભી શબ્દની શક્તિ, છંદ-લય, અલંકાર, પ્રાસ, કલ્પન, પ્રતીક, પુરાકલ્પન વગેરે કાવ્યના ઘટકાંગોની ચર્ચા કરી. એમાં કાવ્યની આકૃતિ આકારનો ઉમેરો કરી શકાય. કાવ્યનો આકાર એટલે શબ્દ અને અર્થની સહસ્થિતિ, કાવ્યગત શબ્દાર્થની સંકુલ એકતા. આવી એકતા કાવ્યકૃતિને કલાકૃતિ બનાવે છે.

કાવ્યાસ્વાદ માટે ભાવકે કાવ્યના ઘટકાંશોને પૃથક્ પૃથક્ તપાસી છેલ્લે કૃતિના સમગ્ર સૌંદર્યનો વિચાર કરવો જોઈએ. જુદા જુદા અંશોનો કાવ્યના સૌંદર્યવિધાનમાં શો ફાળો છે તે તેણે દર્શાવવું જોઈએ. સમગ્ર કૃતિ આપણા ચિત્ત પર કેવી છાપ મૂકી જાય છે તે પણ જણાવવું જોઈએ. કાવ્યનું ગુણદર્શન રસદર્શન કરાવવાની સાથે સાથે તેમાં જો કોઈ દોષ હોય તો તેનો નિર્દેશ પણ કરવો જરૂરી છે. કવિતાનો વિષય કયો છે, તેનો પ્રકાર કયો છે, તેમાં કયો રસ છે એ બધું પણ આસ્વાદકે સ્પષ્ટ કરવું જોઈએ. કવિતામાં કયો રસ છે તે દર્શાવીને અટકી ન જતાં તે રસ કવિએ કેવી કુશળતાથી નિષ્પન્ન કર્યો છે તે દર્શાવવું જોઈએ. કવિતાનો આસ્વાદ કેવી રીતે કરાવવો એ વિશે આ તો થોડાંક સૂચનો માત્ર છે. કાવ્યાસ્વાદની કોઈ એક જ ચોક્કસ પદ્ધતિ નથી. કેટલાંક ઉત્તમ કાવ્યોના જુદા જુદા કાવ્યમર્મજ્ઞોએ આસ્વાદ કરાવેલા છે. ઉત્તમ કાવ્યાસ્વાદોનું પરિશીલન કરવાથી ભાવકની સજ્જતા ઉત્તરોત્તર વધતી હોય છે.

*૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી, ટાગોર માર્ગ,*
*વેજલપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૧*
*મો. ૯૯૨૫૧૫૯૭૫૧*

# આધુનિક વિજ્ઞાનથી વિકાસ !!

*– પરમાનંદ મા. ગાંધી*

**આ**જે કેટલાકની સમજણ છે કે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં માણસે અસાધારણ પ્રગતિ કરી છે. અદ્‌ભુત મોબાઈલ કે જે હજારો માઈલ દૂર હોવા છતાં વોટ્સએપથી પોતાની વ્યક્તિ સાથે પોતીકાપણાનો અહેસાસ કરાવી શકે છે. કોમ્પ્યુટર અને તેમાંય વળી રોબોટ (માનવયંત્ર)ની નિર્મિતિ એ તો આધુનિક વિજ્ઞાનની પ્રગતિની પરાકાષ્ઠા છે. અને વળી અતિ નાજુક એવા હાર્ટનું ઓપરેશન તેનાથી થઈ શકે છે !

ચંદ્રની ધરતી ઉપર માનવે પગ મૂક્યો છે અને મંગળના ગ્રહ ઉપર આવાસ માટે બુકિંગ પણ થઈ રહ્યું છે. માનવ સંચાલિત સેંકડો ટનના ઉપગ્રહો અવકાશમાં તરતા મૂકી માનવી વિશ્વભરની માહિતી ઉપલબ્ધ કરી શકે છે.

આધુનિક વિજ્ઞાનની આ અને આવી બીજી ઉપલબ્ધિઓ ન હોત તો માણસ પાંગળો બની ગયો હોત. પરંતુ આ બધી ઉપલબ્ધિઓ માનવી અને સમાજ માટે ઉપકારક હોવા છતાં સમાજ અને માનવીના વિકાસ માટે કેટલી હિતકારી છે, એ એક લાખેણો સવાલ છે.

વિકાસની દૃષ્ટિએ થયેલાં પરિણામોનો વિચાર કરતી વખતે વિકાસની પરિભાષા સમજી લેવી જરૂરી છે. વિકાસ એટલે વૃદ્ધિ - જે વધે છે તે. ઉદાહરણર્થ બીજમાંથી અંકુર ફૂટે છે, તેમાંથી છોડ થાય છે અને છોડમાંથી ફળફૂલથી પલ્લવિત વૃક્ષ થાય છે.

શારીરિક દૃષ્ટિએ પણ વિચારવાનું હોય તો બાળક કિશોર થાય છે, વધીને યુવાન બને છે, અને તેમાંથી વૃદ્ધત્વ પામે છે.

એવી રીતે જીવનમાં વિકાસ એટલે વૃત્તિનું ઔદાર્ય, બીજાના સુખમાં સહભાગી થઈ તેને અગ્રિમતા આપવી. પોતાની શક્તિનો સત્કાર્ય તથા સમાજની સુખાકારી માટે ઉપયોગ કરી, જીવનમાં સુખ, શાંતિ અને સમાધાનની અનુભૂતિ લેવી.

પરંતુ એક તટસ્થ નિરીક્ષણ કરતાં એવું જણાયું છે કે, આધુનિક વૈજ્ઞાનિક પ્રગતિના કારણે ઉપલબ્ધ આવાં સુખના સાધનો હોવા છતાં માનવીને સુખનો-તૃપ્તિનો અમી ઓડકાર નથી. સગવડોમાં આળોટવા છતાં પણ તેને મીઠી નીદર માટે વલખાં મારવાં પડે છે. વિરાટ યંત્રોનો સર્જક માનવી જાણે કે તેણે બનાવેલા યંત્રોનો એક પૂરજો બની ગયો હોય એવું લાગે છે અને સમાજના ભોગવાદી માનસના કારણે માનવી કેવળ ઇન્દ્રિયજન્ય સુખોપભોગમાં પ્રવૃત્ત રહેવાથી તેની ચેતના કુંઠિત થઈ છે.

વિજ્ઞાનની પ્રગતિનો વિચાર કરવાનો હોય તો કોઈપણ કાળે, કોઈપણ રાષ્ટ્રમાં જે કાંઈ સંશોધનો થયાં છે તે માનવી, સુખ અને શાંતિની અનુભૂતિ લઈ શકે તે માટે થયાં છે. પરંતુ આજે એ વૈજ્ઞાનિકોનાં સંશોધનોનો ઉદ્દેશ પાર પડ્યો છે ?

એવું હોત તો ૬ઠ્ઠી ઑગષ્ટ ઈ.સ. ૧૯૪૫ના રોજ નાગાસાકી અને હીરોસીમા ઉપર અણુ વિસ્ફોટ થયો ન હોત. પરિણામે વિશ્વ આજે વિધ્વંસના આરે આવી ઊભું છે. અણુસ્ફોટે જે તબાહી સર્જી છે તેના વિચાર માત્રથી કંપારી છૂટે છે. અને માનવ સમાજ ભયના ઓથારે જીવે છે.

ભૌતિક સુખનાં સાધનોનાં સંશોધનોના કારણે માનવીની ભોગવૃત્તિ પોષાતી ગઈ છે અને ભતૃહરિએ વૈરાગ્યશતકમાં કહ્યું છે તે મુજબ -

भोगाः न युक्ता वयमेव भुक्तां तपो न तप्त वयमेव तप्ताः
कालो न याता वयमेव याता :
तृष्णा न जिर्णाः वयमेव जिर्णा : ॥

ભોગ તો ભોગવાયા નહીં પણ અમે(કાળથી) ભોગવાઈ ગયા. તપથી તો તપાયું નહીં, પણ દુઃખથી તવાઈ ગયા. કાળ તો ન ખૂટ્યો પણ અમારું આયુષ્ય ખૂટી ગયું. તૃષ્ણા તો જીર્ણ ન થઈ - ઘરડી ન થઈ પણ અમે ઘરડા થઈ ગયા.

આધુનિક વિજ્ઞાનની પ્રગતિની વકાલાત કરતાં બર્ટ્રાન્ડ રસેલે વિજ્ઞાનથી થયેલા અનેક ફાયદાનું તેમના પુસ્તક The Impact of science on the society માં વિસ્તારથી વર્ણન કર્યું છે. પરંતુ માનવીની ભોગવૃત્તિના કારણે થતાં દુષ્પરિણામો- જેવાં કે વાસના વિકારો, સત્તાની લાલસા, ધિક્કાર, અસહિષ્ણુતા વગેરેનું નિવારણ થઈ શકે છે તેનું તેના પુસ્તકમાં કોઈ ઠેકાણે લખાણ નથી.

વિકાસની દૃષ્ટિએ વિચાર કરવાનો હોય તો માનવી ભોગવૃત્તિના કારણે ભાવ શૂન્ય બન્યો, સંકુચિત વૃત્તિથી સ્વાર્થી અને આત્મકેન્દ્રિત બન્યો છે.

જનમાનસમાંથી માનવતા પ્રામાણિક્તા, નીતિમત્તા અને કૃતજ્ઞતા જેવા માનવી મૂલ્યોનો હ્રાસ થયો છે.

આધુનિક વૈજ્ઞાનિક પ્રગતિની જીવનનાં મૂલ્યોના વિકાસના વિચાર કરવાનો હોય તો કયા ક્ષેત્રોમાં આ તેણે મૂલ્યો વિકસાવ્યા ? શિક્ષણમાં ?

શિક્ષણમાં જાતજાતના ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ શરૂ થયા છે. તે જરૂરી પણ છે. પરંતુ તેની સાથે સાથે કોઈ ઠેકાણે જીવનના ઘડતરનો, જીવનના સંઘર્ષોમાં સામનો કરી શકે તેવા કોર્સ શરૂ થયા છે ? અથવા તો પ્રચલિત શિક્ષણના અભ્યાસક્રમોમાં તેનો સમાવેશ કરાયો ?

એરિકફ્રોમે તેમના પુસ્તક same societyમાં યુવાપેઢી સાથેના તેમના શિક્ષણના પ્રયોગોના સંદર્ભમાં લખ્યું છે, 'યુવાનોને કેવળ ઉપભોગના સાધનો ભોગવવામાં રસ છે. જીવન ઉન્નત થાય તે માટે સદવાંચન ઈત્યાદિમાં તેમને બિલકુલ રસ નથી.

એ પુસ્તકમાં તેમણે આધુનિક શિક્ષણની આલોચના કરતાં લખ્યું છે, 'આ પરિસ્થિતિ કાયમ રહી તો માનવીનો પૂર્ણ વિકાસ સંભવિત નથી. સમાજ રોગિષ્ઠ થશે. તેમાંથી ઉગરવા માટે આધ્યાત્મિક પુનરુત્થાનની નિતાંત આવશ્યકતા છે.

શિક્ષણ શાસ્ત્રની જેમ વૈદકશાસ્ત્ર પણ આધુનિક વિજ્ઞાનના પરિણામોથી અછૂત નથી રહ્યું. વધેલી ટેકનોલોજીના કારણે શરીરને જાણે કે તે યંત્ર હોય એમ સમજી તેનાં જુદાં જુદાં અંગોની, તે તે ક્ષેત્રના

નિષ્ણાત ડોક્ટરો મારફતે નાડી ચિકિત્સાને બદલે લેબોરેટરીમાં એક્સરે, સોનોગ્રાફી ઈત્યાદિ વિવિધ સાધનો મારફતે ચિકિત્સા થાય છે અને હૉસ્પિટલો તો મોટાં કારખાનાં જેવી થઈ ગઈ છે. જુદા જુદાં અંગોની સારવાર માટે જુદા જુદા વિભાગ તેના નિષ્ણાત ડૉક્ટરો અને નર્સો-ઓપરેશન થિયેટરો ઈત્યાદિ જોઈને ગંભીર માંદગીમાં પણ હબક ખાઈ ગયેલો દર્દી તેમાં જવાની ના પાડે છે !

આર્થિક ક્ષેત્રે પ્રગતિની આવશ્યકતા છે. પરંતુ વૈજ્ઞાનિક ટેકનોલોજી વધવાના કારણે તેની ગુણવત્તા વધારવાના બદલે વધુને વધુ ઉત્પાદન કરો, વેચાણ કરો તે માટે જાતજાતની જાહેરાતો અને Buy two, get one free- જેવી તરકીબોથી વસ્તુઓ ખરીદવા માટે લોકોને આકર્ષકવામાં આવે છે.

ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં વિમલાતાઈ ઠાકરે તેમના એક વ્યાખ્યાનમાં કહ્યું હતું, 'આજે આર્થિક હરીફાઈ અને સરખામણી વધતી જાય છે. હજુ વધુ ઉત્પાદનની દોડમાં માનવી, જીવનનું હાર્દ અને મર્મ ભૂલતો જાય છે. બાહ્ય જીવનનું એટલે કે ઉત્પાદનનું સ્તર પ્રતિષ્ઠા આપશે. પણ આતંરિક જીવનનું શું? જીવનનાં આધ્યાત્મિક મૂલ્યોનું શું ? આત્મિક શક્તિનો આના લીધે ક્ષય થાય છે તે માટે દરેકે જાગરૂક રહેવાની આવશ્યકતા છે.

ભૌતિક વિકાસની આંધળી દોટમાં માનવી એક તાત્ત્વિક સમજણ ભૂલી જાય છે. જેમ પ્રત્યેક વસ્તુનો કોઈ કાર્યકર્તા હોય છે તેમ, આ વિરાટ સૃષ્ટિ બનાવનાર કોઈ કાર્યકર્તા હોવો જોઈએ. આ સૃષ્ટિનું નિયમ બાહ્ય વિવેકપૂર્ણ સંચાલન કરી આ સૃષ્ટિચક્રને ફેરવનાર કોઈ ચેતનાશક્તિ હોવી જોઈએ.

કઠોપનિષદમાં આવા જ સંદર્ભમાં મંત્ર છે -

भयाद स्याद अग्निस्तपति भयात् .... (કઠ. ૨/૩/૩)

'સમગ્ર વિશ્વ ઉપર શાસન કરનાર પરમતત્ત્વ બધાને નિયંત્રણમાં રાખી તેને નિયમ અનુસાર ચલાવે છે. તેની શક્તિના પ્રભાવથી અગ્નિ અને સૂર્ય તપે છે. ઈન્દ્ર, વાયુ અને મૃત્યુદેવ, બધા જ પોતપોતાનું કાર્ય સાવધાનીપૂર્વક કરે છે.

અલ્બર્ટ આઈન્સ્ટાઈને પણ આ જ વાત કરતાં તેમની ભાષામાં કહ્યું હતું, 'આ સૃષ્ટિનું નિયમન એક અદશ્ય ચેતનશક્તિ કરી રહી છે. તેના લીધે માનવીનું શરીર તથા આ સમગ્ર દશ્યજગતમાં જડ અને ચેતનની સંયુક્ત સત્તા દૃષ્ટિગોચર થાય છે. બંનેનો સંયોગ છૂટો પડી જાય તો પદાર્થ રહેશે જ નહી.'

શ્રીમદ ભગવદ્ ગીતામાં ભગવાને બહુ જ સ્પષ્ટ રીતે કહ્યું છે, 'प्रकृतिं पुरुषं चैव विद्धनादी उमावपि' (ગી.અ.૧૩/૧૯) 'પ્રકૃતિ એટલે જડ પદાર્થો અને પુરુષ એટલે કે પરમતત્ત્વ એ અનાદિ છે. તે કોઈનાથી ઉત્પન્ન થયેલાં નથી. અને આ બંનેના સંયોગથી વિસ્તૃત સમજણ આગળ શ્લોકોમાં છે.

આજ વાતનું સમર્થન કરતાં નામખ્યાત આધુનિક વૈજ્ઞાનિક ફ્રિટમૅફ કાપ્રાએ Tao of Physics(પદાર્થ વિજ્ઞાન બ્રહ્મ) નામના પુસ્તકમાં લખ્યું છે, 'ક્વોન્ટમ થિયરીના પરિણામે પદાર્થ વિજ્ઞાનનાં નવાં તથ્યો નિર્માણ થયાં છે અને વિજ્ઞાનની માન્યતાઓ અને તેનાં વલણો વગેરેને હિંદુધર્મ, બુદ્ધધર્મ, તાઓવાદ, યુગવાદ વગેરેની ધર્મુપરંપરાઓ અને અધ્યાત્મની સામ્યતા છે. તેનું વર્ણન કરતાં તેમણે લખ્યું છે, 'અણુમાંથી પરમાણુનો વિસ્ફોટ જે તીવ્ર ગતિથી થયો તેનો હિંદુધર્મના આરાધ્ય દેવ શિવતાંડવના નૃત્યની તેમને અનુભૂતિ થઈ એવો તેમાં ઉલ્લેખ છે.

પ્રાચીન ધાર્મિક પરંપરાનો ઉલ્લેખ કરતાં તેમણે લખ્યું છે, તેના લીધે આ સૃષ્ટિ ચેતનવંતી છે. તે આપણું ધારણ -પોષણ કરનારી માતા છે. તેથી તેની સાથે અમુક મર્યાદાઓનું પાલન થવું જોઈએ તે ન થાય તો તે અનૈતિક ગણાતું. પરંતુ આજે આ સૃષ્ટિને આપણી દાસી બનાવવાની- આપણી સેવામાં જોતરવાની ફાયદાવાદીઓ અને ધંધાદારી દૃષ્ટિ આવી ગઈ છે અને અધ્યાત્મની સમજણ આવતાં એ પણ લખ્યું છે કે, 'માણસના જીવનને સભર-સંપન્ન બનાવવાનું, પ્રજ્ઞા પ્રાપ્ત કરાવવાનું અને આ સૃષ્ટિ સાથે સુસંવાદી જીવન વ્યવહાર બનાવવાનું ક્ષેત્ર અધ્યાત્મનું છે.'

Turning Point પુસ્તકના ઉપસંહારમાં કાપ્રાએ લખ્યું છે, 'જેમ માનવ ચિત્ત છે તેમ સમગ્ર વિશ્વ તથા બ્રહ્માંડ પણ એક ચિત્ત છે. તેને ઈશ્વરની માન્યતા વિશે પણ સરખાવી શકાય. પરંતુ ઈશ્વરનું સ્વરૂપ વ્યક્તિગત નથી. તે ખૂબ વ્યાપક છે અને સમગ્ર વિશ્વની વ્યવસ્થા કરતી ગતિશીલતાનું છે.'

કઠોપનિષદમાં एको वशी सर्व भूतान्रात्मा... 'સર્વ ભૂતમાત્રમાં એ પરમતત્ત્વ વસેલું છે.

ઈશાવાસ્ય ઉપનિષદમાં પણ આ જ ભાવના વ્યક્ત કરતું વર્ણન છે. સમગ્ર વિશ્વ એ ઈશતત્ત્વથી વ્યાપ્ત છે.

ઈ.સ. ૧૯૩૪માં 'The Great Design-' એ પુસ્તકમાં ચૌદ વૈજ્ઞાનિકોએ તેમનો મત પ્રગટ કરતાં લખ્યું છે, 'આ સંસાર ચેતનારહિત એક મશીન નથી. તેનું નિર્માણ, એક અકસ્માત નથી. પરંતુ બ્રહ્માંડના બધા જ કાર્યક્રમોને એક ચેતનશક્તિ નિયંત્રણ કરી રહી છે. પછી તે શક્તિને ગમે તે નામ આપો.'

ન્યુયોર્ક એકેડેમી ઓફ સાયન્સના ભૂતપૂર્વ પ્રમુખ એ. ક્રેસી મોરીસને તેમના સંશોધનો પછી વિશ્વમાં ભરતીઓટ, ગુરુત્વાકર્ષણ જેવી ઘટનાઓનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કર્યા પછી એમણે સાત કારણો આપી તે ચેતનશક્તિ માટે લખ્યું છે, Why we believe in God. નિર્માણ થયેલી આજની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કાપ્રાએ લખ્યું છે, 'આધુનિક વિજ્ઞાન અને તેના સંશોધનોની માનવી જીવનમાં આવશ્યકતા છે. સાથે સાથે ઉપભોગોને પ્રાધાન્ય આપતી માનવી વૃત્તિને જીવનમાં સુખ, શાંતિ અને સમાધાનની તૃપ્તિ માટે અધ્યાત્મની ઉપેક્ષા કરવી સંભવિત નથી. તેથી તેમણે એક વ્યવહારુ સૂચન કરતાં લખ્યું છે, 'વિજ્ઞાનને ભલે અધ્યાત્મની જરૂર ન હોય અને અધ્યાત્મને વિજ્ઞાનની, પણ માણસને તો અધ્યાત્મ અને વિજ્ઞાન બંનેની આવશ્યકતા છે.

અંતમાં, પાશ્ચાત્યોની ભોગવાદી મનોવૃત્તિના પ્રભાવમાં આવેલી યુવાન પેઢી તથા આના પ્રભાવમાં આવેલા સહુ આધુનિક વિજ્ઞાન અને અધ્યાત્મ બંનેના પરિણામોથી અજ્ઞાન છે તો તેમના આ અજ્ઞાનને દૂર કરવા કાપ્રાએ કહ્યું તેમ બંનેના જ્ઞાનની સમજણની આવશ્યકતા છે અને તે ઉજાગર કરવામાં આવે તો આધુનિક વિજ્ઞાનની પ્રગતિથી સમાજનો વિકાસ સંભવિત છે.

*૧૦૦૬, બી, કલાસાગર,*
*રત્નમણિ કોમ્પ્લેક્ષ પાછળ ,*
*જોધપુર ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦૦૧૫*
*ફોન. ૦૭૯-૨૬૭૪૩૫૮૬*

# ઐતિહાસિક અમદાવાદ

– ડૉ. માણેક પટેલ 'સેતુ'

**તા**જેતરમાં યુનિસ્કોએ અમદાવાદને હેરિટેજ સિટી તરીકે દરજ્જો જાહેર કર્યો છે. અમદાવાદ જ્યારે તીવ્ર ગતિએ વિકાસ પામી રહ્યું છે ત્યારે, આ ગૌરવ લેવાય એવા સમાચાર છે. આ એક સિદ્ધિ છે. અમદાવાદ પેરિસ, વિયેના, રોમ જેવા હેરિટેજ સિટીની હરોળમાં ઊભું રહ્યું છે. અમદાવાદને વિશ્વ વિખ્યાતિ પ્રાપ્ત થશે. વિશ્વના પ્રવાસીઓ અમદાવાદ આવશે.

તે માટે ખાસ ગ્લોબલ ફન્ડિંગ મળશે. આપણે ત્યાં ટુરિઝમ વધશે.

અમદાવાદ છેલ્લી છ સદીથી ઔદ્યાગિક રાજધાની બની રહ્યું છે. અમદાવાદના મુખ્યત્વે 'વોલસિટી'ની પોળની સંસ્કૃતિ, પોળ અને ઘરની બાંધણી, શાસકોનાં સ્થાપત્યો અને અન્ય સ્થાપત્યો - મંદિર- ચબૂતરા - વાવ વગેરે કારણોને લઈને 'ઐતિહાસિક અમદાવાદ'ને હેરિટેજ સિટીનો દરજ્જો એનાયત થયો છે. તો ચાલો, ઐતિહાસિક અમદાવાદની માહિતી મેળવીએ.

**સુલતાન અહમદશાહ એકવાર સાબરમતી નદીકાંઠે આવેલી વનકટીમાં શિકાર અર્થે ફરતા હતા. જ્યારે એમના શિકારી કૂતરા ઉપર બાજુની ઝાડીમાંથી સસલો ધસી આવ્યો, ત્યારે સુલતાનને સાબરમતીનું પાણી પાણીદાર હોવાનો ખ્યાલ આવ્યો અને આવા પાણીદાર સ્થળે રાજધાની વસાવવાનો મનસૂબો સેવ્યો. કૂતરા-સસલાની દંતકથા પ્રમાણે અમદાવાદનો પાયો નંખાયો. આમ લોકો કહે છે "જબ કૂત્તે પે સસ્સા ધાયા, તબ બાદશાહને યે શહર બસાયા."**

અમદાવાદ બધી રીતે ઐતિહાસિક અને સાંસ્કૃતિક શહેર છે. યુગાન્તરથી આ બાબત પુરવાર થઈ છે. વળી રાજકીય અને રાજનીતિની દૃષ્ટિએ આ શહેર પરિપક્વ છે. એનાં ઇતિહાસ અને સંસ્કૃતિ સમૃદ્ધ છે, સક્ષમ છે. સાબરમતીનાં વહેતાં નીર અને સમયની સાથે અમદાવાદે પરિવર્તનનો શ્વાસ લીધો છે. પુનરાવર્તન એના સ્વભાવમાં નથી. અસાધારણ સમાજને કંઈક આપવું તેમાં તે પ્રતિબદ્ધ છે. અમદાવાદની વાત જ અનોખી છે. તે ૬૦૦થી વધુ વર્ષનો રસપ્રદ અને રોમાંચક ઇતિહાસ ધરાવે છે. ઘણો બધો હેરિટેજ વારસો ધરાવે છે. આ એક જીવંત અને સમૃદ્ધ શહેર છે. એક સાથે જેટલું જૂનું તેટલું નવું આ અમદાવાદ શહેર છે. આ શહેરના વિકાસમાં શાસન અને શાસકના યોગદાન કરતાં, મારી દૃષ્ટિએ નગરજનો થકી વધુ વિકાસ થયો છે. તેથી ગૌરવ સાથે કહું છું કે અમદાવાદીઓનું આ ઐતિહાસિક અમદાવાદ છે.

લોકજીભે અમદાવાદ તરીકે ઓળખાતું આ નગર સુલતાન અહમદશાહે સ્થાપેલા અહમદાબાદથી સુખ્યાત હતું. પ્રશ્ન એ થાય કે સુલતાને અહીં શા માટે શહેર વસાવ્યું ? સુલતાન અહમદશાહની રાજગાદી ઉત્તર ગુજરાતમાં આવેલા પાટણ શહેરમાં હતી. તેઓ એકવાર સાબરમતી નદીકાંઠે આવેલી વનકટીમાં શિકાર અર્થે ફરતા હતા. જ્યારે એમના શિકારી કૂતરા ઉપર બાજુની ઝાડીમાંથી સસલો ધસી આવ્યો, ત્યારે સુલતાનને સાબરમતીનું પાણી પાણીદાર હોવાનો ખ્યાલ આવ્યો અને આવા પાણીદાર સ્થળે રાજધાની વસાવવાનો મનસૂબો સેવ્યો. કૂતરા-સસલાની દંતકથા પ્રમાણે અમદાવાદનો પાયો નંખાયો. આમ લોકો કહે છે : "જબ કૂત્તે પે સસ્સા ધાયા, તબ બાદશાહને શહર બસાયા."

૧૧મી સદીના પૂર્વાર્ધમાં આશાભીલે ઊંચા ટેકરા







ઉપર જે નગરી વસાવી તે તેના નામ ઉપરથી આશાપલ્લીથી ઓળખાઈ. લોકજીભે તે આશાવલ છે. આસ્ટોડિયા દરવાજા નજીક આવેલા ઢાળની પોળના ઊંચાઈવાળા વિસ્તારને આશાભીલનો ટીંબો માનવામાં આવે છે. રાજા કર્ણદેવ સોલંકીએ આશાભીલને હરાવીને સુરક્ષાહેતુથી લશ્કરી છાવણી સ્થાપી હતી અને તેના નામ ઉપરથી તે કર્ણાવતી નગરી તરીકે ઓળખાઈ. સારંગપુર દરવાજા બહાર આવેલા કર્ણમુક્તેશ્વર શિવાલય કર્ણાવતી કાલનું માનવામાં આવે છે. કર્ણદેવ પછી સોલંકી સત્તા સિદ્ધરાજના હાથમાં આવી. તે બધી રીતે સક્ષમ રાજવી હોઈ તેને કર્ણાવતી લશ્કરી છાવણીની જરૂરિયાત જણાઈ નહીં હોય ! સિદ્ધરાજના સમયમાં કર્ણાવતીનું અસ્તિત્વ હતું, એમાં કોઈ શંકા નથી.

પાટણના સુલતાન અહમદશાહે ગુજરાત મધ્યે નવું પાટનગર વસાવવા માટે આશાવલ-કર્ણાવતીનો સાબરમતીનો પસંદ કર્યો. સુલતાને એના ગુરુ શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષની સલાહ પ્રમાણે પવિત્ર એવા ચાર અહમદના હાથે આ શહેરનું ખાતમુહૂર્ત કરાવી રાજગઢ-ભદ્ર કિલ્લાનું નિર્માણ કર્યું. શહેરની સ્થાપના અંગે ઈતિહાસકારોમાં મતાંતરો છે. આ મુજબ અમદાવાદ ૧૪૧૦, ૧૪૧૧, ૧૪૧૩ અને ૧૪૫૮ સ્થાપના વર્ષનાં ઉલ્લેખો છે. ડૉ. તિરમઝી ૪થી ફેબ્રુઆરી, ૧૪૧૧ને અમદાવાદનો સ્થાપના દિવસ ગણે છે. નગરજનોએ ૨૬મી ફેબ્રુઆરી, ૧૪૧૧ને અમદાવાદનો સ્થાપના દિવસ તરીકે ખુલ્લા મનથી સ્વીકારીને દર વર્ષે ફેબ્રુઆરીના રોજ શહેરનો જન્મદિવસ આનંદ ઉલ્લાસથી ઉજવે છે. આ શહેરના અનુરાગી તરીકે હું પણ ખાસ કાર્યક્રમનું આયોજન કરું છું, જાણે મારો જન્મ દિવસ ના હોય !

સુલતાન અહમદશાહ ખૂબ જ ન્યાયપ્રેમી અને ઉત્તમ રાજકર્તા હતો. એણે ૩૨ વર્ષ શાસન કર્યું. એના પૌત્ર કુતબુદ્દીનનું નામ 'હોજે કુતુબ' સાથે સંકળાયેલું છે. એ પછી ગાદીએ આવેલા તેના ભાઈ મહમૂદશાહે નગરને ફરતે કોટ અને દરવાજા બંધાવીને શહેરને સુરક્ષિત કર્યું હતું. આપણે સૌ જૂના અમદાવાદને 'વૉલસિટી' તરીકે ઓળખીયે છીએ. મહમૂદશાહ આમ જનતામાં મહમૂદ બેગડા તરીકે ખૂબ જાણીતો હતો. એ પછી એના પુત્ર મુઝફ્ફરશાહ બીજાએ ગાદી સંભાળી. તે ખૂબ ભલો અને દયાળુ રાજવી હતો. છેલ્લે બહાદુરશાહ નામના સુલતાન રહ્યા હતા.

૧૫૭૨માં બાદશાહ અકબરે અમદાવાદ જીતીને મુગલ હકૂમતની જવાબદારી સૂબા અઝીઝ કોઠાને સોંપી હતી. એ પછી ગાદીએ આવેલા જહાંપનાહ જહાંગીર અમદાવાદમાં ઘણા મહિના રહ્યા હતા. પરંતુ એમણે આ શહેરને ધૂળવાળું, રોગોવાળું અને કાંટાળું શહેર ગણાવ્યું હતું. તેમનો ૫૦મો જન્મદિવસ કાંકરિયા તળાવ ઉપર ઉજવ્યો હતો. ખૂબ જ નોંધપાત્ર ઘટનામાં અંગ્રેજ શાસનના એલચી સર ટોમસ રૉની મુલાકાત જહાંપનાહ જહાંગીર સાથે ૧૬૧૮માં થઈ હતી અને એમણે રાજા જેક્સને ઈસ્ટ ઈન્ડિયા કંપનીને હિંદુસ્તાનમાં વેપાર કરવાનો પરવાનો આપ્યો હતો. અમદાવાદ છોડતી વખતે જહાંગીરે શાહજાદા શાહજહાંની ગુજરાતના સૂબા તરીકે નિમણૂક કરી હતી. બાદશાહ શાહજહાંએ મોતીશાહી મહેલનું નિર્માણ કર્યું હતું. આપણે તેને શાહીબાગ પેલેસ તરીકે ઓળખીએ છીએ.

શાહજાદા ઔરંગઝેબની સૂબાગીરી દરમિયાન શહેરમાં બે વખત કોમી હુલ્લડો થયાં હતાં. નોંધપાત્ર ઘટનામાં એણે





(અનુસંધાન પૃષ્ઠ ૧-૧૪૨ ઉપર)

# ગાંધીજીના સ્વપ્નનું ભારત

*– કિશોર મકવાણા*

**સ્ત્રી** એ સમાજની આધારશક્તિ છે...ધારણા શક્તિ છે. સમાજને અને સંસ્કૃતિને નિરંતર આગળ વધારવાનું મહાન કાર્ય એ કરે છે. કવિ ન્હાનાલાલે કહ્યું છે, ''સંસારમાં બ્રહ્મકર્મી સરજનહારી કો હોય તો તે છે જનની અને જગતજનની.''

એક હિબ્રૂ સુભાષિત છે, ''ઈશ્વરે સૃષ્ટિ રચી, પણ એનાથી બધે પહોંચી વળાયું નહી એટલે એણે માતાનું સર્જન કર્યું.''દેવીપુરાણે ગાયું છે, ''માતામાં સાગર જેવું ગાંભીર્ય છે, પૃથ્વી જેવી સહિષ્ણુતા છે, વાયુ જેવી સુગંધવાહિતા છે, ચંદ્રમા જેવી શીતળતા છે અને આકાશ જેવી ઉદારતા છે.''

એક સમય એવો હતો જ્યારે સ્ત્રી અબળા ગણાતી. પણ સમય બદલાયો. ભારતના સામાજિક જીવનમાં બહુ મોટી ક્રાંતિ આવી. અબળાઓ પ્રબળા બની. કવિ કરસનદાસ માણેક કહે છે –

''ન બેમ્યાન છૂરી જેણે કદી ઝાલી જાણી,બની એવી અબળાઓ અંબા-ભવાની.''

મહાત્મા ગાંધીજી કહે છે, ''સ્ત્રી અબળા નથી, પણ પોતાની શક્તિ સમજે તો પુરુષ કરતાંયે વધારે સબળા છે. એ માતા થઈ જેવી રીતે બાળકને ઘડે છે અને પત્ની થઈ જેવી રીતે પતિને દોરે છે, મોટેભાગે, પુરુષો તેવા બને છે.''



**ગાંધીજીએ સ્ત્રીઓને સદીઓ જૂનાં બંધનોમાંથી મુક્ત કરી સમાજમાં ઉચિત સ્થાને તેમને ફરીથી સ્થાપિત કરી. રસોડાની ચાર દીવાલોની બહાર આણી, સ્વમાન શીખવ્યું, બહાદુર અને ધૈર્યવાન બનાવી. તેમને માટે તેમને અનુકૂળ આવે એવા શિક્ષણની હિમાયત કરી. તેમના મિલકત માટેના દાવાને માન્ય કર્યો. તેમને પુરુષોની સમાન ભૂમિકા પર મૂકી તથા તેમના મુક્ત વિકાસને રૂંધી રાખનારી રૂઢિઓ અને પ્રથાઓનો વિઘાતક બોજો દૂર કર્યો**

માત્ર શબ્દોમાં 'અર્ધાંગના' કહેવાતી સ્ત્રીને જોઈને ગાંધીજીને થયું કે સમાજના અડધા અંગને પક્ષપાત થયો છે. કોઈપણ સમાજ સ્ત્રીને પછાત રાખીને પ્રગતિ ન કરી શકે. ગાંધીજી માનતા કે સ્ત્રી અને પુરુષમાં કુદરતી ભેદો છે. તેથી નિત્ય જીવનમાં તેમને બજાવવાની ફરજોમાંયે ભેદો હોય, છતાં બે વચ્ચે કોઈ ઊંચ કે નીચ નથી, પણ સમાજનાં સરખાં મહત્ત્વનાં અને પ્રતિષ્ઠાપાત્ર અંગો છે.

અત્યારે આપણા સમાજમાં કેટલેક અંશે દીકરીઓને અવતરવા જ ન દેવાની અને ભ્રૂણહત્યા કરવાની પ્રક્રિયા ચાલુ છે. સમાજ માટે આ અત્યંત ઘાતક બાબત છે અને પુરુષ અને સ્ત્રીની સંખ્યામાં....એના પ્રમાણમાં ભારે અસંતુલન સર્જે એવી બાબત છે. દીકરો જન્મે તો પેંડા વહેંચવા અને દીકરી જન્મે તો જલેબી એવું કરનારા પરિવારો પણ છે. ગાંધીજી કહે છે, ''ઉછેરવામાં અને કેળવવામાં દીકરા અને દીકરી વચ્ચે ભેદ કરી દીકરી પ્રત્યે ઓછી કર્તવ્યબુદ્ધિ રાખનાર માતા-પિતા પાપ કરે છે.''

ગાંધીજીએ સ્ત્રીઓને સદીઓ જૂનાં બંધનોમાંથી મુક્ત કરી સમાજમાં ઉચિત સ્થાને તેમને ફરીથી સ્થાપિત કરી. રસોડાની ચાર દીવાલોની બહાર આણી, સ્વમાન શીખવ્યું, બહાદુર અને ધૈર્યવાન બનાવી. તેમને માટે તેમને અનુકૂળ આવે એવા શિક્ષણની હિમાયત કરી. તેમના મિલકત માટેના દાવાને માન્ય કર્યો. તેમને પુરુષોની સમાન ભૂમિકા પર મૂકી તથા તેમના મુક્ત વિકાસને રૂંધી રાખનારી રૂઢિઓ અને પ્રથાઓનો વિઘાતક બોજો દૂર કર્યો. આ બધાનો વિચાર કરીએ તો તેઓ જગતના એક સૌથી મહાન સ્ત્રીઉદ્ધારક હતા એવું લાગ્યા વિના નહી રહે.

સ્ત્રીઓને સમાજજીવનમાં સ્વમાનભેર પ્રવેશ કરાવવાની દિશામાં હિંમતભરી પહેલ કરનાર પૂ. ગાંધીજી એક જગ્યાએ કહે છે, ''સ્ત્રી એટલે ત્યાગ અને તપસ્યાની સાક્ષાત્ મૂર્તિ. જાહેર જીવનમાં તેમના પ્રવેશથી બે પરિણામ આવવાં જોઈએ : એક તો વાતાવરણની શુદ્ધિ અને બીજું મિલકત એકઠી કરવાના પુરુષના લોભ ઉપર અંકુશ.'' કેટલી દીર્ઘદૃષ્ટિયુક્ત વાત કરી છે મહાત્માજીએ !

'ખરી કેળવણી'માં પૃષ્ઠ નં. ૧૮૯ પર ગાંધીજીએ 'સ્ત્રી કેળવણી' અંગે તેમના વિચારો આ શબ્દોમાં વ્યક્ત કર્યા છે, ''સ્ત્રી અને પુરુષ એક દરજ્જાનાં છે, એક જ નથી, એ અપૂર્વ જોડી છે, એકબીજાની પૂરણી અને બંને અરસપરસ ટેકારૂપ છે. તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ થી. પણ જો પુરુષ અથવા તો સ્ત્રી સ્થાનભ્રષ્ટ થાય તો બંનેનો નાશ થાય. તેથી સ્ત્રીકેળવણીની રચના ઘડનારે આ વાત નિરંતર યાદ રાખવી જોઈએ. દંપતીની બાહ્ય પ્રવૃત્તિમાં પુરુષ સર્વોપરી છે. તેથી બાહ્ય પ્રવૃત્તિનું વિશેષ જ્ઞાન તેને આવશ્યક છે. આંતર પ્રવૃત્તિમાં સ્ત્રીનું પ્રાધાન્ય છે. તેથી ગૃહવ્યવસ્થા, બાળકોની માવજત, તેઓની કેળવણી વગેરે વિષયોમાં સ્ત્રીને વિશેષ જ્ઞાન જોઈએ. કંઈ પણ જ્ઞાન લેવાની કોઈને બંધી કરવાની અહીં કલ્પના નથી. પણ કેળવણીનો ક્રમ આ વિચારોને ઉદ્દેશીને ઘડાયેલો ન હોય તો બંને વર્ગને પોતાનાં ક્ષેત્રોમાં પૂર્ણતા મેળવવાની તક ન મળે.''

વળી પોતાના એક પુસ્તક 'આપણે સૌ એક પિતાનાં સંતાન'માં પાના નં. ૨૨૪ પર સ્ત્રીની ગરિમા એમણે બહુ આક્રમક શબ્દોમાં વધારી છે. ''સ્ત્રીને અબળા જાતિ કહેવી એ તેની બદનક્ષી કરવા બરાબર છે. એ પુરુષનો સ્ત્રી પ્રત્યેનો અન્યાય છે. બળનો પશુબળ એવો અર્થ કરવામાં આવતો હોય તો, સાચે જ, પુરુષ કરતાં સ્ત્રી ઓછા પ્રમાણમાં પશુ છે. બળનો નૈતિક બળ એવો અર્થ કરવામાં આવતો હોય તો સ્ત્રી પુરુષ કરતાં ક્યાંયે ચડિયાતી છે. તેનામાં અંતઃસ્ફૂરણા વધારે પ્રમાણમાં નથી ? તેના વિના પુરુષની હસ્તી હોત જ નહીં. અહિંસા આપણા જીવનનો કાયદો હોય તો ભાવિ સ્ત્રીઓને પક્ષે છે...સ્ત્રીના કરતાં હૃદયને વધારે અસરકારક અપીલ બીજું કોઈ કરી શકે એમ છે ?''


બીજા એક ખૂબ મહત્વપૂર્ણ વિષયમાં મહાત્માજીના ઉદ્ગારો યાદ કરીએ...વિષય છે — બહેનોને માતૃધર્મની કેળવણી. દિ. ૧૫-૦૩-૧૯૪૨ના 'હરિજન બંધુ'ના અંકમાં પૃષ્ઠ ૬૮ પર આ વિષયમાં ગાંધીજીએ કહ્યું છે, ''સાધારણ રીતે બહેનોને માતૃધર્મની કેળવણી મળતી નથી. પણ ગૃહસ્થજીવન જો ધર્મ છે, તો માતૃજીવન તો ધર્મ છે જ. એ ધર્મ કઠણ છે. તે માટે દંપતીને સંયમ રાખીને પ્રજોત્પાદન કરવાનુ છે. ગર્ભધારણથી માંડીને માતાએ શું કરવું જોઈએ તે તેણે જાણવું પડે છે. જે સ્ત્રી દેશને તેજસ્વી, નીરોગી અને સુશિક્ષિત સંતાનો આપે છે તે પણ સેવા જ કરે છે. જ્યારે તેનાં બાળકો મોટાં થશે ત્યારે તે પણ સેવા માટે જ તૈયાર થશે. આથી જેના હૃદયમા અખંડિત સેવાભાવના છે તે દરેક સ્થિતિમાં સેવા જ કરશે, અને જે વસ્તુમાં સેવાધર્મનું પાલન નહીં હોય તેનું આચરણ નહીં કરે.''

ગાંધીજીએ આ પાયાનો વિષય સ્પર્શ્યો છે કારણ કે તેમાં સમાજપરિવર્તનની અને સામાજિક પુરરુત્થાનની દિશા સમાયેલી છે.

શિક્ષણ મનુષ્યને જીવવાની કળા શીખવે છે. શિક્ષણ મનુષ્યને કલા, કૌશલ અને સાહિત્ય સાથે જોડે છે. જીવ, જગત અને જગદીશનું જ્ઞાન આપે તેનું નામ શિક્ષણ. શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન નહીં પણ શિક્ષણ એટલે અક્ષયજ્ઞાન. એ માનવજીવનને સંસ્કારે છે.

જીવનનું એવું કોઈ પાસું નથી જેનો મહાત્માજીએ વિચાર ન કર્યો હોય. એમના પ્રત્યેક વિચારમાં વાસ્તવદર્શિતા જોવા મળે છે. શિક્ષણ વિષે પણ એમણે ઘણું વિચાર્યું છે ને લખ્યું છે. ગાંધીજીએ શિક્ષણ વિષે ઘણું વિચાર્યું, લખ્યું અને અમલમાં પણ મૂક્યું. શિક્ષણ અંગે એમના કેટલાક વિચારો : '૧. શિક્ષણ માતૃભાષામાં અપાય. ૨. શિક્ષણ અને ગૃહ સંસાર વચ્ચે પરસ્પર એકતા એટલે કે અનુસંધાન હોય. ૩. શિક્ષણ પ્રજાના મોટાભાગની જરૂરિયાતોને પુરી પાડે એવું હોવું જોઈએ ૪. પ્રાથમિક શાળાના શિક્ષકો છેક પહેલા ધોરણથી અવશ્યમેવ ચારિત્રવાળા હોવા જોઈએ' ગાંધીજીની આ અપેક્ષા છે. ગાંધીજી એ પણ કહે છે કે 'જ્યાં લગી દેશમાં વિદ્યાદાન ચારિત્રવાળા શિક્ષકોની મારફતે નહીં થાય, જ્યાં સુધી ગરીબમાં ગરીબ હિન્દીને સારામાં સારી વિદ્યા પહોંચી શકે એવી સ્થિતિ નહીં હોય, જ્યાં સુધી વિદ્યા અને સંપૂર્ણ ધર્મનો સંગમ નહીં થયો હોય ત્યાં સુધી પ્રજા જીવન કદી ઉછળવાનું નથી એ નિઃશંક છે' ગાંધીજીના આ વિચારો એકવીસમી સદીમાં પણ એટલાજ તરોતાજા છે.

**ગાંધીજીએ શિક્ષણ વિષે ઘણું વિચાર્યું, લખ્યું અને અમલમાં પણ મૂક્યું. શિક્ષણ અંગે એમના કેટલાક વિચારો : ૧. શિક્ષણ માતૃભાષામાં અપાયા ૨. શિક્ષણ અને ગૃહ સંસાર વચ્ચે પરસ્પર એકતા એટલે કે અનુસંધાન હોય. ૩. શિક્ષણ પ્રજાના મોટાભાગની જરૂરિયાતોને પુરી પાડે એવું હોવું જોઈએ ૪. પ્રાથમિક શાળાના શિક્ષકો છેક પહેલા ધોરણથી અવશ્યમેવ ચારિત્રવાળા હોવા જોઈએ' ગાંધીજીની આ અપેક્ષા છે**



'ઈન્ડિયન ઓપિનિયન' માં એમણે નીચેના વિચારો પ્રગટ કર્યા છે.

"મુખ્ય અડચણ કેળવણીનો ખરો અર્થ સમજવાની ખામી એ છે. આ જમાનામાં જેમ જમીનના કે શેરના ભાવ તપાસીએ છીએ, તેમ કેળવણીની કિંમત કરીએ છીએ. છોકરો વધારે કમાણી કરી શકે એવી કેળવણી આપવા માગીએ છીએ. છોકરો સારો કેમ થાય એ વિચાર બહુ નથી કરતા. છોકરી કાંઈ કમાઈ નથી કરવારી, એટલે તેને કેળવણીની જરૂર શી ? આવો વિચાર જ્યાં સુધી હશે ત્યાં સુધી આપણે કેળવણીની કિંમત સમજવાના નથી."

કેળવણી ક્ષેત્રે ગાંધીજી હંમેશાં પ્રયોગવીર રહ્યા છે. એમનામાં વૈજ્ઞાનિકની ધીરજ હતી, સાચા શિક્ષકની શાંતિ હતી અને એક મનીષિની બુદ્ધિપ્રતિભા હતી. આફ્રિકામાં સત્યાગ્રહની લડત શરૂ થઈ. દેશી સ્ત્રી-પુરુષોથી વિદેશીઓની જેલો ઊભરાવા લાગી. ગાંધીજીની સામે સવાલ ઊભો થયો- જેલમાં જનારાં ભાઈ-બહેનોનાં કુટુંબોનું શું ? એમનાં બાળકોનાં શિક્ષણનું શું ?...અને... ગાંધીજીએ બહુ દૂરંદેશીથી ટોલ્સટોય આશ્રમ અને ફિનિક્સ આશ્રમ સ્થાપ્યા. ત્યારબાદ ૧૯૧૫થી ગાંધીજી ભારતને પોતાનું કર્મક્ષેત્ર બનાવે છે. સહુથી પહેલાં તેઓ સાબરમતી આશ્રમ સ્થાપે છે. આશ્રમની કેળવણી વિષે ગાંધીજી સતત વિચારતા રહ્યા, પ્રયોગો કરતા રહ્યા. સફળતા પણ મળી અને નિષ્ફળતા પણ...નિષ્ફળતાથી ડર્યા નહીં. ભૂલ જણાઈ ત્યાં કબૂલ કરીને સુધારી, જે કંઈ સારું જણાયું તે સ્વીકાર્યું.

**દેશી પદ્ધતિનો ત્યાગ થયો છે અને ટેનિસ, ક્રિકેટ ને ફૂટબોલનું સામ્રાજ્ય સ્થપાયું છે. આ ત્રણે રમતોમાં રસ છે એમ કબૂલ કરવામાં બાધ નથી. પણ જો આપણે પાશ્ચાત્ય વસ્તુઓથી મોહાઈ ન ગયા હોત તો આપણે એટલી જ રસિક, ખરચ વિનાની રમતો, જેવી કે ગેડીદડો, મોઈદાંડિયો, ખોખો, મગમાટલી, હુતુતુતુ, ખારોપાટ, નવ નાગેલીઓ, સાતતાળી વગેરેનો ત્યાગ ન કરત. કસરત જેમાં આઠે અંગને પૂરતી તાલીમ મળે છે અને જેમાં ઘણું રહસ્ય રહ્યું છે**

ગાંધીજી ૧૯૧૫માં ભારત આવ્યા ત્યારે ભારતમાં અંગ્રેજી કેળવણી પૂરબહારમાં ખીલેલી હતી. હજારો માઈલ દૂરથી મુઠ્ઠીભર અંગ્રેજો આ દેશ પર શાસન કરવા આવ્યા હતાં. અહીંના લોકોની સહાય વિના એ રાજ્ય કેવી રીતે કરે ? તેથી અંગ્રેજોએ કેળવણીની સંસ્થાઓ ઉઘાડી હતી. એમાં ભણીગણીને દર વર્ષે હજારોની સંખ્યામાં કારકુનો, તલાટીઓ,



શિક્ષકો અને સર્વન્ટો બહાર પાડતા હતા. કેળવણી બાબુઓ તૈયાર કરતી હતી. એમાં કોઈ શાસ્ત્રીય વિચાર ન હતો. આદર્શ ન હતો. સિદ્ધાંત ન હતો. મહેનતના કામથી બાબુઓ જરતા ! બુદ્ધિનો વિકાસ ઝાઝો થતો નહીં. સંકુચિત મનોદશામાં જીવવાની કેળવણી તેઓ પામતા હતા. હા, અપવાદરૂપ ગણીએ તો દેશને નવા નવા નેતાઓ આ અંગ્રેજી કેળવણીએ જ દીધા હતા. તેઓ દેશની કરોડોની જનતાની ચિંતા કરનારા હતા. એમને એ અંગ્રેજી કેળવણીમાં ઘણા દોષો દેખાતા હતા. એમણે પોતાની રીતે નવી....વૈકલ્પિક કેળવણી અંગે વિચાર્યું.

ગાંધીજી માનતા હતા કે, "કેળવણી એટલે બાળક કે મનુષ્યનાં શરીર, મન અને આત્માં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા. અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી, તેમ તેનો આરંભ પણ નથી. હું તો બાળકની કેળવણીનો આરંભ તેને કંઈક ઉપયોગી હાથ-ઉદ્યોગ શીખવીને અને તેની કેળવણીનો આરંભ થાય તે ક્ષણથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરું."

ગાંધીજીને તો રાષ્ટ્રીય કેળવણીથી ઉમદા નાગરિકો તૈયાર કરવા હતા. એક એવો સમાજ એમને જોઈતો હતો, જેમાં કોઈ ભૂખ્યું ન હોય, દુઃખી ન હોય, બેકાર ન હોય, ભયગ્રસ્ત ન હોય, જડ ન હોય, વહેમી ન હોય, બેઘર ન હોય કે નિર્વસ્ત્ર ન હોય. માનવીને 'માનવ' બનાવે એવી કેળવણીના તેઓ હિમાયતી હતા. ગાંધી બાપુએ કહ્યું છે કે, "મસ્તક, હૃદય અને શરીર, આ ત્રણેનો સમન્વય થાય ત્યારે જ શિક્ષણ પૂર્ણતા તરફ દોરી જાય છે."

પૂ. બાપુએ કહ્યું છે મનુષ્યના જીવનમાં શ્રમ અને વ્યાયામનું અનન્ય મહત્ત્વ છે. એના વિના કેળવણી અધૂરી છે.

'ગાંધીજીનો અક્ષરદેહ' ભાગ ૧૪માં પૃષ્ઠ ૩૧ પર લખ્યા મુજબ ગાંધીજીનાં નીચેનાં વાક્યો ખૂબ મહત્ત્વનાં છે —

"વ્યાયામ શબ્દમાં રમતો ઈત્યાદિનો સમાવેશ કર્યો છે. તેનો ભાવ પણ પુછાયો નથી. દેશી પદ્ધતિનો ત્યાગ થયો છે અને ટેનિસ, ક્રિકેટ ને ફૂટબોલનું સામ્રાજ્ય સ્થપાયું છે. આ ત્રણે રમતોમાં રસ છે એમ કબૂલ કરવામાં બાધ નથી. પણ જો આપણે પાશ્ચાત્ય વસ્તુઓથી મોહાઈ ન ગયા હોત તો આપણે એટલી જ રસિક, ખરચ વિનાની રમતો, જેવી કે ગેડીદડો, મોઈદાંડિયો, ખોખો, મગમાટલી, હુતુતુતુ, ખારોપાટ, નવ નાગેલીઓ, સાતતાળી વગેરેનો ત્યાગ ન કરત. કસરત જેમાં આઠે અંગને પૂરતી તાલીમ મળે છે અને જેમાં ઘણું રહસ્ય રહ્યું છે તેનો અને

કુસ્તીના અખાડાનો લગભગ લોપ થઈ ગયો છે. જો કોઈ પાશ્ચાત્ય વસ્તુની નકલ કરવી યોગ્ય હોય તો 'ડ્રિલ'ની નકલ કરવા જેવું છે એમ મને લાગે છે. એક મિત્રે ટીકા કરેલી કે આપણને ચાલતાં આવડતું જ નથી....અને એકઠા થઈને રીતસર ચાલવાની તો મુદ્દલ ખબર નથી. હજારો માણસો તાલબંધ ચૂપકીથી ગમે તે દશામાં બબ્બે ચાર ચારની હાર બાંધી ચાલી શકે એ શક્તિ આપણામાં નથી આવી. આવી 'ડ્રિલ'નો કેવળ લડાઈમાં જ ઉપયોગ છે એવું કાંઈ નથી. ઘણાં પરોપકારી કામોમાં 'ડ્રિલ'નો ભારે ઉપયોગ થઈ શકે છે, જેમ કે આગ હોલવવામાં, ડૂબેલાને મદદ કરવામાં, માંદાને ડોળીમાં લઈ જવામાં 'ડ્રીલ' બહુ કિમતી સાધન છે. આમ આપણી શાળાઓમાં દેશી રમતો, દેશી કસરતો અને પાશ્ચાત્ય ડ્રિલ દાખલ કરવાની આવશ્યક્તા છે.''

ગાંધીજી ગોપાલકૃષ્ણ ગોખલેને પોતાના ગુરું માનતા. એમની સાથેનો એક સંવાદ મઝાનો છે. એક વાર ગાંધીજીએ ગોખલેજીને કહ્યું, ''પણ તમે ફરવા પણ પૂરા નથી જતા. એટલે તમે માંદા રહો છો એમાં શી નવાઈ? શું દેશકાર્યમાંથી વ્યાયામને સારું પણ નવરાશ ન મળી શકે?''

ગોખલેજીએ જવાબ આપ્યો, ''મને તમે કયે વખતે નવરો જુઓ છો, જ્યારે હું ફરવા જઈ શકું?''

ગાંધીજી આ વિષે એમની આત્મકથામાં પૃષ્ઠ ૨૧૬ ૫૨ લખે છે, ''મારા મનમાં ગોખલે વિશે એવો આદર હતો કે હું એમને પ્રત્યુત્તર ન આપતો. ઉપરના જવાબથી મને સંતોષ ન થયો, પણ હું ચૂપ રહ્યો. મેં માન્યુ ને હજુ માનું છું કે, ગમે તેવાં કામ છતાં જેમ આપણે ખાવાનો સમય કાઢીએ છીએ તેમ જ વ્યાયામનો કાઢવો જોઈએ. તેથી દેશની સેવા વધારે થાય પણ ઓછી નહીં, એવો મારો નમ્ર અભિપ્રાય છે.''

**''પુસ્તકાલયનો દિવસે દિવસે વિકાસ થતો જાય એવું કરજો. એક બે માણસ ઘણો વખત આપનારા હશે તો સારું થશે. ગ્રંથપાલ કોઈ વેપારીને ન રાખજો, જે ફક્ત પુસ્તકોને સાચવી શકે પણ એવો રાખજો કે જે પુસ્તકોને સમજે, તેની પસંદગી કરી શકે. એવો કોઈ સ્વયંસેવક ન મળે તો વધારે રૂપિયા આપજો. હરિજનને મફત આવવા દેજો, પુસ્તકો પણ લઈ જવા દેજો. એમને હાથે પુસ્તકો બગડે કે ચોરાઈ જાય તો સહન કરજો**

વ્યાયામની આવશ્યકતા વિશે પૂ. ગાંધીજીનો હજુ એક સંદર્ભ જોઈએ. બિહારના છાત્રસંમેલનમાં ૧૫ ઓક્ટોબર, ૧૯૧૭ના દિવસે જે ભાષણ એમણે આપ્યું એના શબ્દો આવા હતા, ''ઘણા વિદ્યાર્થીઓ એમ માને છે કે, શરીર માટે કંઈક અધિક પ્રયત્ન કરવો ઉચિત નથી. પણ શરીરને વાસ્તે વ્યાયામ બહુ આવશ્યક છે. જે વિદ્યાર્થી પાસે શરીરસંપત્તિ નથી તે શું કરી શકવાનો છે ? દૂધને કાગળના વાસણમાં રાખ્યું રાખી શકાતું નથી, તેમ શિક્ષણરૂપી દૂધ વિદ્યાર્થીઓના કાગળ જેવા શરીરમાંથી નીકળી જવાનો સંભવ રહે છે. શરીર આત્માનું નિવાસસ્થાન હોવાથી તીર્થક્ષેત્ર જેવું પવિત્ર છે. તેની રક્ષા કરવી જોઈએ. વહેલી સવારમાં દોઢ કલાક અને સાંજના દોઢ કલાક નિયમસર અને ઉત્સાહપૂર્વક સ્વચ્છ હવામાં ફરવાથી તાકાત વધે છે અને મન પ્રસન્ન રહે છે, અને તેમ કરવામાં ગાળેલો સમય બરબાદ જતો નથી. આવા વ્યાયામની અને આરામથી વિદ્યાર્થીની બુદ્ધી તીવ્ર થશે અને બધી વાત શીઘ્રતાથી યાદ કરી શકશે. મને લાગે છે કે બોલબેટ આદિ આ ગરીબ દેશ માટે ઠીક નથી. આપણા દેશમાં નિર્દોષ અને ટૂંકા ખર્ચની રમતો ઘણીયે છે.'' (ગાંધીજીનો અક્ષરદેહ ખંડ-૧૪, પૃષ્ઠ-૯)

પૂ. ગાંધીજીનું વાક્ય, ''શરીર આત્માનું નિવાસસ્થાન હોવાથી તીર્થક્ષેત્ર જેવું પવિત્ર છે...'' એ સારરૂપ અતિ મહત્ત્વનું વાક્ય છે. આપણાં શાસ્ત્રોએ એ વાત આ રીતે કહી છે –

- શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ ।

શરીર એ ધર્મના આચરણ માટેનું શ્રેષ્ઠ સાધન છે.

- નાયનાત્મા બલહીનને લભ્યઃ ।

બળવિહીન શરીરમાં સ્વસ્થ આત્મા વસતો નથી.

સ્વસ્થ શરીર – સ્વસ્થ આત્મા

ગાંધીજીનો પુસ્તકો સાથેનો... સાહિત્ય સાથેનો નાતો પણ વિશિષ્ટ પ્રકારનો રહ્યો છે. એમણે પોતે સર્જનાત્મક સાહિત્ય નથી રચ્યું પણ સર્જનાત્મક સાહિત્ય રચનારા લેખકોનો એક વર્ગ ઊભો કર્યો, જેમણે પોતપોતાની અંગત પ્રતિભાથી ગુજરાતી સાહિત્યના પ્રત્યેક અંગને સમૃદ્ધ કર્યું. કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, મહાદેવભાઈ, નરહરિભાઈ, સુંદરમ્ તથા ઉમાશંકર જેવા સમર્થ લેખકો એમની જ પ્રેરણાથી ગુજરાતી સાહિત્યમાં લખવા પ્રેરાયા અને આ લેખકોએ ગુજરાતી સાહિત્યને ઉચ્ચ કોટિનાં ગદ્યો, પદ્યો, કાવ્યો, નિબંધો અને જીવનચરિત્રો આપ્યાં. એમણે આઝાદીની લડતનો રસિક અને રોમાંચક ઈતિહાસ આપ્યો એટલું જ નહીં ભારતની અન્ય પ્રાદેશિક ભાષાઓમાં ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું.

ગાંધીજીએ પણ સતત પ્રવૃત્તિમય જીવતાં જીવતાં ઘણું લખ્યું. એમની શૈલીની વિશેષતા એ છે કે એમાં સૌંદર્ય કરતાં સરળતા ને સામર્થ્ય વધારે છે.

પુસ્તકાલય માટે ગાંધીજીએ લખ્યું છે, ''પુસ્તકાલયનો દિવસે દિવસે વિકાસ થતો જાય એવું કરજો. એક બે માણસ ઘણો વખત આપનારા હશે તો સારું થશે. ગ્રંથપાલ કોઈ વેપારીને ન રાખજો, જે ફક્ત પુસ્તકોને સાચવી શકે પણ એવો રાખજો કે જે પુસ્તકોને સમજે, તેની પસંદગી કરી શકે. એવો કોઈ સ્વયંસેવક ન મળે તો વધારે રૂપિયા આપજો. હરિજનને મફત આવવા દેજો, પુસ્તકો પણ લઈ જવા દેજો. એમને હાથે પુસ્તકો બગડે કે ચોરાઈ જાય તો સહન કરજો. એ લોકો ગરીબોમાં પણ છેલ્લી

પંક્તિમાં છે. એ છૂટ ગરીબમાત્રને માટે રખાય તો રાખજો. એ શોભી નીકળશે.''(ગાંધીજીનું શિક્ષણદર્શન, પૃષ્ઠ ૨૪૫)

પુસ્તકો અને પુસ્તકાલયો જ્ઞાનનાં મંદિરો છે અને નાનામાં નાના, છેવાડાના માણસને એનો લાભ મળવો જોઈએ.

ગાંધીજીનું એ દૃઢ મંતવ્ય હતું કે ભારતનો પ્રાણ એનાં ગામડાં છે. ભારતના કુલ વિસ્તારનો ૭૦% ગ્રામીણ વિસ્તાર છે. ગામડાંઓની અર્થપ્રવૃત્તિ, કૃષિ વ્યવસ્થા, સિંચાઈ વ્યવસ્થા, શિક્ષણ સુવિધા અને સામાજિક સમરસતા જેવી બાબતો પર લોકોની સુખાકારી અવલંબિત છે. ગામડાં સુખી તો શહેરો પણ સુખી થશે એમ કહેવું ખોટું નથી.

જાણીતા અમેરિકન પત્રકાર અને ચરિત્રકાર લૂઈ ફિશર પૂ. ગાંધીજી વિશે લખવા માગતા હતા, તેથી તેમણે આશ્રમમાં રહેવાની પરવાનગી માગી. 'ક્વિટ ઈન્ડિયા'ના ઠરાવ પહેલાં તેઓ એક સપ્તાહ સુધી પૂ. બાપુ સાથે વર્ધા રહ્યા, મુલાકાતો કરી. ગાંધીજીના સહવાસમાં એમને ખૂબ આનંદ થયો. વાતવાતમાં ગાંધીજીએ જોયું કે પોતાના જીવનની પ્રત્યેક ઘટનાની તારીખ – વાર –સમય સહિતની રજેરજ માહિતી ફિશરની પાસે હતી. એટલે એમણે પ્રશ્ન કર્યો કે આટલી વિગતો હોવા છતાં આશ્રમમાં રહેવાનું કોઈ ખાસ પ્રયોજન? ત્યારે ફિશરે કહ્યું કે, ''માહિતી તો ગમે તેમ કરીને મળી રહે, પણ સમીપના સહવાસ વિના બધું ધૂળ !'' અને ફિશરે પાછળથી કહ્યું પણ ખરું કે, ''હું લેનિન, સ્ટાલિન, ચર્ચિલ, રૂઝવેલ્ટ એટલી અને આઈન્સ્ટાઈનને મળ્યો છું. પણ ગાંધી કરતાં વધારે ચમત્કારી માણસને હું મારી જિંદગીમાં મળ્યો નથી.''

**''હું લેનિન, સ્ટાલિન, ચર્ચિલ, રૂઝવેલ્ટ એટલી અને આઈન્સ્ટાઈનને મળ્યો છું. પણ ગાંધી કરતાં વધારે ચમત્કારી માણસને હું મારી જિંદગીમાં મળ્યો નથી.'' ગાંધીજીએ ગ્રામીણ વિસ્તારમાં પ્રત્યક્ષ ભ્રમણ અને દર્શન કર્યું હતું. ગ્રામ્યજીવનને ખૂબ નજીકથી નિહાળ્યું હતું. ગ્રામજનોનાં દુઃખ-દર્દ એમણે નજરે નિહાળ્યાં અને સંવેદના અનુભવી.**

ગાંધીજીએ ગ્રામીણ વિસ્તારમાં પ્રત્યક્ષ ભ્રમણ અને દર્શન કર્યું હતું. ગ્રામ્યજીવનને ખૂબ નજીકથી નિહાળ્યું હતું. ગ્રામજનોનાં દુઃખ-દર્દ એમણે નજરે નિહાળ્યાં અને સંવેદના અનુભવી.

બિહારના ચંપારણ જિલ્લાના એક ખોબા જેવડા ગામમાં ગાંધીજી એક સમયે રહેતા હતા, ત્યારે કેટલાક ગ્રામજનો સરઘસાકારે ઘેટીના એક બચ્ચાને લઈને જઈ રહ્યા હતા. ગાંધીજીએ પૂછ્યું ત્યારે લોકોએ કહ્યું કે દેવીને બલિ ચઢાવવા તેઓ મંદિરે જઈ રહ્યા છે. ગાંધીજી ભીડમાં જોડાઈ ગયા. મંદિરમાં વેદી આગળ ઘેટાના બચ્ચાને ઊભું રાખવામાં આવ્યું.

''હવે શું કરશો આ બચ્ચાનું ?'' ગાંધીજીએ પૂછ્યું. ''દેવીને આ ઘેટાનો બલિ અર્પણ કરી તેનું રક્ત ચડાવીશું'' જવાબ મળ્યો.

''પણ આ પશુ કરતાં તો માણસનું રક્ત બહેતર ગણાય,'' એમ કહીને પૂ. બાપુએ કોઈને પણ પોતાના બલિ માટે આગળ આવવા કહ્યું. છેવટે કોઈ ન આવતાં પૂ. બાપુ પોતે બલી આપવા તૈયાર થયા, ત્યારે ગ્રામજનો ભોંઠા પડી ગયા.

ગાંધીજી માનતા કે સાચું હિંદ તેનાં ગણ્યાં-ગાંઠ્યાં શહેરોમાં નહીં, પણ તેનાં સાત લાખ ગામડાંમાં વસેલું છે. પરંતુ આપણે... નગરવાસીઓ એમ માનતા હતા કે, હિંદ તેનાં શહેરોમાં વસેલું છે... અને ગામડાંને તો એ શહેરોની જરૂરિયાતો પૂરી પાડવાને માટે નિર્માણ કરવામાં આવ્યાં છે ! ('હરિજન' અંક ૪, એપ્રિલ-૧૯૩૬, પૃષ્ઠ-૬૩)

અને હવે, વિચારો અને કર્મનું સામ્ય જુઓ ! વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે, ''આત્મા ગામડાંનો, સુવિધા શહેરની !'' એમણે ગાંધીજીના માર્ગે ચિંતન કરીને ગ્રામોદ્ધારની કેટકેટલી યોજનાઓ બનાવી! અને એ દ્વારા ૧૮૬૧૮ ગામડાંની કાયાપલટ કરીને બતાવી આપ્યું છે કે આ છે ગાંધીજીના સ્વપ્નનું 'સાચું સ્વરાજ' !

દિ. ૩૦-૧૨-૧૯૩૬ના 'હરિજન'માં પૃષ્ઠ ૩૯૧ પર ગાંધીજીએ આર્થિક વિકેન્દ્રીકરણ અને અહિંસક ગ્રામસ્વરાજ વિશે લખ્યું છે, ''કેન્દ્રીકરણમાં હિંસા અને શોષણની પ્રવૃત્તિ થવી સ્વાભાવિક છે. જો આપણે હિંસા અને શોષણવિહીન સમાજની રચના કરવા ઈચ્છતા હોઈએ તો વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા ઊભી કરવી પડશે.''

એમણે એવું પણ કહ્યું છે કે, ''માત્ર નાના નાના ઘટકો જ ખરા લોકતંત્રમાં સહાયક થાય છે, તથા વ્યક્તિઓના પૂર્ણ વિકાસ માટે અવસર પ્રદાન કરે છે. તેથી એ જરૂરી છે કે વર્તમાન રાજનૈતિક અને આર્થિક વ્યવસ્થાઓમાં સુધારા કરીને નાના નાના વિકેન્દ્રિત ઘટકોની રચના કરવામાં આવે. એના અભાવમાં શાન્તિનો આદર્શ છિન્ન ભિન્ન થઈ જશે અને એવી સમસ્યાઓ ઉત્પન્ન થશે કે 'સ્વરાજ' સંકટમાં આવી જશે. તેથી વિકેન્દ્રિત રાજનૈતિક અને આર્થિક ઘટકોની રચના કરવી હવે અનિવાર્ય થઈ ગયું છે.''

(સંદર્ભ – ગાંધી કે વિચારોં કી ૨૧વી સદીમેં પ્રાસંગિક્તા – લેખક : માણક જૈન, પૃષ્ઠ – ૩૫૦)

તા. ૦૨.૦૮.૧૯૪૨ ના 'હરિજનબંધુ' પત્રમાં ગ્રામસ્વરાજની વિશદ છણાવટ કરતાં પૂ. ગાંધીજી જણાવે છે, ''ગ્રામસ્વરાજનો મારો ખ્યાલ એવો છે કે દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ. પોતાના જીવનની અત્યંત મહત્ત્વની જરૂરિયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના પાડોશીઓથી સ્વતંત્ર હશે, પરંતુ જે બાબતોમાં સહકાર્ય અનિવાર્ય હશે તે બધાં કાર્યોમાં

પાડોશીઓ સાથે પરસ્પર સહાયથી કાર્ય કરશે. એ મુજબ પોતાની જરૂરિયાત જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવાની તેની પહેલી ફરજ ગણાશે. ગામની દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે તેવી જોગવાઈ કરવામાં આવશે. પૂરતી દેખરેખ નીચે નભાવવામાં આવતા કૂવાઓ અથવા તળાવોથી આ કાર્ય પાર પાડી શકાશે. પાયાની કેળવણીના છેવટના ધોરણ સુધીની કેળવણી ફરજિયાત હશે.''

આજના ભારત અને ગુજરાતની સ્થિતિ જોતાં એવું ચોક્કસ લાગે છે કે ગાંધીજીએ ચીધેલા માર્ગે ગુજરાત આગળ વધી રહ્યું છે. સરકારે ગામડાંઓની સુખ-સુવિધા માટે એટલી બધી યોજનાઓ બનાવી છે કે કોઈ ક્ષેત્ર વણસ્પર્શ્યું રહેતું નથી. 'હરિજનબંધુ'ના દિ. ૩૧.૦૧.૧૯૩૭ના અંકમાં આદર્શ ગામડાંની પોતાની વિભાવના રજૂ કરતાં લખે છે, ''ભારતવર્ષના આદર્શ ગામડાંની રચના એવી હશે કે જેમાં સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની અનુકૂળતા રહે. તેમાં પૂરતાં હવા-અજવાળાવાળી ઝૂંપડીઓ હશે, ઝૂંપડીઓમાં વાડા રાખેલા હશે જેથી તેમાં વસનાર માણસો તેમના ઘરના ખપ પૂરતાં શાકભાજી ઉગાડી શકે ને ઢોર રાખી શકે. ગામડાના રસ્તા અને શેરીઓ જેટલા ધૂળ વિનાનાં બનાવી શકાય એટલાં બનાવાશે. ગામમાં ગામની જરૂરિયાત પૂરતા કૂવા હશે ને તેમાંથી પાણી ભરવાની સૌને છૂટ હશે. સૌને માટે ઉપાસનાનાં સ્થાનો હશે. એક સાર્વજનિક સભાસ્થાન હશે. ઢોરને ચરવા માટે ગોચર હશે. સહકારી પદ્ધતિએ ચાલતું દુગ્ધાલય, ઔદ્યોગિક શિક્ષણને કેન્દ્રમાં રાખીને ચાલતી પ્રાથમિક ને માધ્યમિક શાળાઓ, અને ઝઘડા પતાવવા માટે પંચાયતો એ ગામડાંમાં હશે. પોતાના ખપ પૂરતાં અનાજ, શાકભાજી ને ફળ પકવી લેશે, ને પોતાને વાપરવા પૂરતી ખાદી પેદા કરી લેશે. આદર્શ ગામડાં વિશેની મારી કલ્પનાની આ રૂપરેખા છે.'' 'હરિજન' પત્રમાં દિ. ૨૯-૦૬-૧૯૩૫ના અંકમાં પૃષ્ઠ ૧૫૬ પર પૂ. બાપુએ કહ્યું છે, ''ગામડાંમાં પાછા જાઓ એનો અર્થ છે રોટી-મજૂરી અને તેમાં જે જે અર્થ સમાયેલા હોય તે બધાનો સ્પષ્ટ અને સ્વેચ્છાપૂર્વક સ્વીકાર.'' ગાંધીજી પોતે સખત શારીરિક શ્રમ કરતા અને એટલે જ ખેડૂત પ્રતિ એમને આદર રહ્યો છે. શ્રમ વિના ખોરાકની કોઈ મજા નથી એ સરળ સત્ય એમણે પોતાના જ જીવનમાં આચરણથી સિદ્ધ કર્યું હતું.

**મહાત્માજીએ તો અનેક લોકોને હાથમાં સાવરણા લઈને સફાઈકર્મમાં જોડ્યા હતા... શ્રમ અને જાતમહેનત કરતાં કર્યા હતા. ગાંધીજીના 'ગ્રામસ્વરાજ'નો એક મહત્વનો ભાગ 'સ્વચ્છતા અને સફાઈ' છે. એના વિના 'ગ્રામસ્વરાજ'નું ચિત્ર જ અધૂરું છે. કોઈપણ પ્રકારના ક્ષોભ કે સંકોચ વિના ગાંધીજીએ સફાઈ-સ્વચ્છતાને પોતાના જીવનમાં એવું સ્થાન આપ્યું કે કોઈ એને ઈચ્છે તો પણ અવગણી ન શકે**

ગ્રામસ્વરાજના પાયાના સિદ્ધાંતોમાં પૂ. બાપુ 'આર્થિક સમાનતા'ના ખૂબ આગ્રહી છે. 'હરિજનબંધુ' પત્રના દિ. ૦૬.૦૨.૧૯૩૮ ના અંકમાં તેમણે એક જ વાક્યમાં જણાવી દીધું, ''મારે તો સૌનો દરજ્જો સમાન બનાવવો છે.''

તેમણે કહ્યું, ''આર્થિક સમાનતાનો મુદ્દો અહિંસક પૂર્ણ સ્વરાજની ચાવી છે. આર્થિક સમાનતાને માટે કાર્ય કરવું એટલે મૂડીને મજૂરી વચ્ચેના કાયમના ઝઘડાને મિટાવવો. એનો અર્થ એવો થાય છે કે, એક બાજુથી જે થોડા પૈસાવાળા લોકોના હાથમાં રાષ્ટ્રની સંપત્તિનો મુખ્ય ભાગ એકઠો થયો છે તેમની સંપત્તિ કમી કરવી અને બીજી બાજુથી અર્ધા ભૂખ્યા રહેતા કરોડોની સંપત્તિ વધારવી. જ્યાં સુધી ખોબા જેટલા પૈસાવાળા ને ભૂખ્યા રહેતા કરોડો વચ્ચેનું બહોળું અંતર ચાલુ રહે ત્યાં લગી અંહિસાના પાયા પર ચાલતો વહીવટ...રાજ્ય વહીવટ સંભવિત નથી.''

આર્થિક સમાનતાના સિદ્ધાંતને અને ટ્રસ્ટીશીપના સિદ્ધાંત વચ્ચેનો આંતરસંબંધ પણ મહાત્મા ગાંધી પોતાના 'ગ્રામસ્વરાજ' પુસ્તકના પ્રકરણ-૬ના પૃષ્ઠ ૪૦ પર આ શબ્દોમાં પ્રસ્થાપિત કરે છે, ''આર્થિક સમાનતાની જડમાં ધનિકનું ટ્રસ્ટીપણું રહ્યું છે. એ આદર્શ પ્રમાણે ધનિકને પોતાના પડોશી કરતાં એક કોડી પણ વધારો રાખવાનો અધિકાર નથી. ત્યારે શું વધારાનું એની પાસેથી છીનવી લેવું ? એમ કરતાં હિંસાનો આશ્રય લેવો પડે અને હિંસા વડે એમ કરવું સંભવે તોય સમાજને તેથી ફાયદો ન થાય. કેમકે દ્રવ્ય એકઠું કરવાની શક્તિ ધરાવનાર એક માણસની શક્તિને સમાજ ખોઈ બેસે. એટલે અહિંસક માર્ગ એ થયો કે માન્ય થઈ શકે એટલી તેની હાજત(ફરજિયાત) પૂરી પાડી બાકીનાનો તે પ્રજાની વતી ટ્રસ્ટી બને. જો પ્રામાણિકપણે સંરક્ષક બને તો જે દ્રવ્ય તે ઉત્પન્ન કરશે તેનો સદ્‌ભાવ પણ કરશે. વળી જ્યારે મનુષ્ય પોતાને સમાજનો સેવક માને, સમાજને અર્થે ધન કમાય, સમાજના કલ્યાણના અર્થે તે વાપરે ત્યારે તેની કમાણીમાં શુદ્ધતા આવશે, તેના સાહસમાં પણ અહિંસા હશે. આ પ્રમાણે જો કાર્યપ્રણાલી ગોઠવાય તો સમાજમાં વગર ઘર્ષણે મૂક ક્રાન્તિ પેદા થાય.''

આ જ વાત 'હરિજનબંધુ'ના દિ. ૨૪.૦૮.૧૯૪૦ના અંકમાં પૃષ્ઠ ૧૮૮ પર લખવામાં આવી છે.

મહાત્માજીએ તો અનેક લોકોને હાથમાં સાવરણા લઈને સફાઈકર્મમાં જોડ્યા હતા... શ્રમ અને જાતમહેનત કરતાં કર્યા હતા. ગાંધીજીના 'ગ્રામસ્વરાજ'નો એક મહત્વનો ભાગ 'સ્વચ્છતા અને સફાઈ' છે. એના વિના 'ગ્રામસ્વરાજ'નું ચિત્ર જ અધૂરું છે. કોઈપણ પ્રકારના ક્ષોભ કે સંકોચ વિના ગાંધીજીએ સફાઈ-સ્વચ્છતાને પોતાના જીવનમાં એવું સ્થાન આપ્યું કે કોઈ એને ઈચ્છે તો પણ અવગણી ન શકે.

'ગ્રામસફાઈ'ના મુદ્દે ગાંધીજી પોતાની 'રચનાત્મક કાર્યક્રમ' શીર્ષકની નાની પુસ્તિકામાં પૃષ્ઠ ૧૯-૨૦ પર આ રીતે

લખે છે, ''મજૂરીને બુદ્ધિ વચ્ચે ફારગતી થઈ છે તેથી ગુનો ગણાય તેટલી હદ સુધી આપણાં ગામડાંઓ તરફ આપણે બેદરકાર થયા છીએ. એટલે શોભીતાં ને રળિયામણાં નાનાં નાનાં ગામો ઠેર ઠેર પથરાયેલાં હોય તેને બદલે આપણે ત્યાં ઉકરડા જોવાના મળે છે. ઘણાં, કહો કે લગભગ બધાં, ગામોમાં પેસતી વખતે જે અનુભવ થાય છે તેનાથી આનંદ ઉપજતો નથી. ભાગોળે જ આજુબાજુ એવી ગંદકી હોય છે ને તેમાંથી એવી બદબો ઊઠે છે કે ઘણીવાર ગામમાં પેસનારને આંખ મીંચી જવી પડે છે ને નાક દબાવવું પડે છે. મોટા ભાગના મહાસભાવાદીઓ ગામડાંઓને બધી રીતે ચોખ્ખાઈના નમૂના બનાવવાં જોઈએ. પણ ગામડાંના લોકોના નિત્ય એટલે કે રોજેરોજના જીવનમાં ભાગ લેવાની અથવા તેની સાથે એકરૂપ થવાની તેમણે પોતાની ફરજ કદી માની નથી. રાષ્ટ્રીય કે સામાજિક સફાઈને આપણે જરૂરી ગુણ માન્યો નથી ને કેળવ્યો નથી. આપણે રિવાજથી અમુક ઢબે નહાઈએ છીએ એટલું જ, બાકી જે નદી, તળાવ કે કૂવાને કાંઠે આપણે શ્રાદ્ધ ને એવા બીજા ધર્મવિધિ કરીએ છીએ, ને જે જળાશયોમાં આપણે પવિત્ર થવાને સ્નાન કરીએ છીએ તેમનું પાણી બગાડતાં કે ગંદું કરતાં આપણને છીત થતી નથી. આપણી આ ખામીને હું એક મોટો દુર્ગુણ ગણું છું અને આપણાં ગામડાંઓની તેમ જ આપણી પવિત્ર નદીઓના પવિત્ર કાંઠાઓની નામોશી ઉપજાવે તેવી અવદશા અને ગંદવાડમાંથી પેદા થતા રોગો આપણે તે દુર્ગુણના ફળરૂપે ભોગવીએ છીએ.''

**'જ્યાં શરીરની ચોખ્ખાઈ, ઘરની સફાઈ અને ગામની સ્વચ્છતા હોય, યુક્તાહાર અને ઘટતી કસરત હોય, ત્યાં ઓછામાં ઓછા રોગ થાય છે. સાથે દિલની સફાઈ હોય તો રોગ અસંભવિત બની જાય, એમ કહી શકાય દિલની સફાઈ રામનામ વગર ન થાય. આટલી વાત લોકો સમજી જાય, તો વૈદ, હકીમ કે દાક્તરની જરૂર રહેતી નથી.' આજે ૧૦ દાયકા પછી પણ મહાત્માજીના સિદ્ધાંતનું જીવંત રૂપ ભારત 'સ્વચ્છ ભારત અભિયાન'માં નિહાળી રહ્યું છે**

મહાત્મા ગાંધી સ્વચ્છતા જીવન માટે કેટલી જરૂરી છે એ સંદર્ભે કહે છે- 'જ્યાં શરીરની ચોખ્ખાઈ, ઘરની સફાઈ અને ગામની સ્વચ્છતા હોય, યુક્તાહાર અને ઘટતી કસરત હોય, ત્યાં ઓછામાં ઓછા રોગ થાય છે. સાથે દિલની સફાઈ હોય તો રોગ અસંભવિત બની જાય, એમ કહી શકાય દિલની સફાઈ રામનામ વગર ન થાય. આટલી વાત લોકો સમજી જાય, તો વૈદ, હકીમ કે દાક્તરની જરૂર રહેતી નથી.' ( મારા સ્વપ્નનું ભારત, પ્રકરણ ૩૫ ગામડાનું આરોગ્ય પૃષ્ઠ - ૧૩૩) આજે ૧૦ દાયકા પછી પણ મહાત્માજીના સિદ્ધાંતનું જીવંત રૂપ ભારત આજે નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છ ભારત અભિયાન'માં નિહાળી રહ્યું છે.

લગભગ દરેક ગામમાં કપાસના વાવેતરની વાત પૂ. બાપૂએ કરી છે. ૧૯૩૫માં જુલાઈની ૨૮મીએ 'હરિજનબંધુ'માં તેમણે લખ્યું કે, ''કાંતનારાઓ પોતે કપાસ ઉગાડતા ન થઈ જાય અથવા તો દરેક ગામમાં કપાસનું વાવેતર ન હોય તો એ સ્વાવલંબી ખાદી સફળ નથી થવાની. એટલે સ્વાવલંબી ખાદીની દષ્ટિએ તો દરેક ઠેકાણે કપાસની ખેતી થવી જ જોઈએ.''

ગાંધીબાપુ પ્રેરિત ખાદી-હાથકાંતણના કાપડને વધુને વધુ લોકો સુધી પહોંચાડવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદીમાં ફેશનનો આધુનિક ટ્રેન્ડ ઉમેરીને ખાસ તો યુવાવર્ગને આવકાર્યો છે. એમાં પણ તેમનો આશય તો ખાદીમાં સ્ટાઈલનો ક્રેઝ ઉમેરીને યુવાનોને આકર્ષવાની સાથે ખાદીનું વેચાણ વધારવાનો જ રહ્યો છે, છેક ૨૦૦૮ના ગાંધીજયંતી દિનની પૂર્વસંધ્યાએ તેમણે જનતા-જનાર્દનને આ પર્વની ઉજવણી ખાદીવસ્ત્રની ઓછામાં ઓછી એક જોડ ખરીદીને કરવા માટે અપીલ કરી હતી. વાસ્તવમાં તો તેઓ આવું કરીને ખાદીના વેચાણને જ પ્રોત્સાહિત કરતા રહ્યા છે.

મહત્ત્વની વાત એ છે કે નરેન્દ્રભાઈ મોદીએ દર વર્ષે ગાંધીજયંતીના દિવસે ખાદીવસ્ત્રો ખરીદવાની પહેલ કરી છે. એટલું જ નહીં, તેમની અપીલને માન આપીને મંત્રીમંડળના સભ્યો પણ દર વર્ષે ખાદીનાં વસ્ત્રો ખરીદી રહ્યા છે. સરકારની આવી પહેલને કારણે સમાજના વિવિધ વર્ગના લોકો પણ ખાદી ખરીદતા અને પહેરતા થયા છે. આથી ખાદીના વેચાણમાં પણ વર્ષોવર્ષ કંઈક અંશે વધારો નોંધાઈ રહ્યો છે. ખાદી એક એવી ચીજ છે કે જેમાં બિલકુલ નુકસાન નથી. બલકે લાભ જ લાભ છે. ખાદીનું ઉત્પાદન કે તેનો વપરાશ કશું જ પર્યાવરણને હાનિકર્તા નથી. વળી ખાદી બનાવવામાં કોઈ પ્રકારની વીજળી, રસાયણો કે પેટ્રોલિયમ પેદાશોનો ઉપયોગ કરવો પડતો નથી. ખાદીનાં વસ્ત્રો સુંદર, આધુનિક, પર્યાવરણ સહાયક, ટકાઉ અને સંવેદનશીલ હોય છે. તેમાં જીવંત વ્યક્તિના હાથનો શ્રમ સમાયેલો હોવાથી તેની ખરીદીથી ગ્રાહક સીધો જ તેના ઉત્પાદકને લાભ પહોંચાડે છે. પૂ. બાપુ તો કહેતા, ''ખાદી માત્ર વસ્તુ નથી, પણ એક વિચારધારા છે.''

ગાંધીજીએ 'ગ્રામસ્વરાજ'નો વિચાર સમગ્રપણે મૂક્યો છે. કેવળ ખાદીની વાત કરીને તેઓ અટકી નથી ગયા. એક નાનકડી પુસ્તિકા એમણે લખી છે, જેનું નામ છે, 'રચનાત્મક કાર્યક્રમ : તેનું રહસ્ય અને સ્થાન.' આ પુસ્તિકાના પૃષ્ઠ ૧૮-૧૦માં એમણે 'બીજા ગ્રામોદ્યોગ' વિશે વિગતે વાત કરી છે... ''ખાદીની સરખામણીમાં ગામડાંમાં ચાલતા ને ગામડાંઓને જરૂરી બીજા ધંધાઓની વાત જુદી છે. એ બધા ધંધાઓમાં આપમેળે ખુશીથી મજૂરી કરવાની વાત બહુ કામ આવે એવી નથી. વળી એ દરેક ધંધામાં કે ઉદ્યોગમાં અમુક થોડી સંખ્યામાં જ માણસોને મજૂરી મળી શકે. એટલે આ ઉદ્યોગો ખાદીના મુખ્ય કાર્યને મદદરૂપ

થાય તેવા છે. ખાદી વિના તેમની હયાતી નથી અને તેમના વિના ખાદીનું ગૌરવ કે શોભા નથી. હાથે દળવાનો, હાથે છડવાનો ને ખાંડવાનો, સાબુ બનાવવાનો, કાગળ બનાવવાનો, દીવાસળીઓ બનાવવાનો, ચામડાં કમાવવાનો, તેલની ઘાણીનો અને એવા જ બીજા સમાજજીવનને જરૂરી તેમ જ મહત્વના ધંધાઓ વિના ગામડાંની અર્થરચના સંપૂર્ણ નહી થાય, એટલે કે તે સ્વયંસંપૂર્ણ ઘટક નહી બને. મહાસભાવાદી આ બધા ધંધાઓમાં રસ લેશે, અને વધારામાં તે ગામડાંનો વતની હશે અથવા ગામડે જઈને રહેતો હશે તો આ ધંધાઓને નવું ચેતન ને નવું વલણ આપશે. દરેક જણે, દરેક હિંદીએ જ્યારે જ્યારે ને જ્યાં જ્યાં મળે ત્યાં કેવળ ગામડાંમાં બનેલી વસ્તુઓ વાપરવાનો પોતાનો ધર્મ માનવો જોઈએ. આવી વસ્તુઓની માગ ઊભી થાય તો આપણી મોટા ભાગની જરૂરીયાતો ગામડાંઓ પૂરી પાડી શકે એમાં જરાયે શંકા નથી. ગામડાંઓને વિશે આપણને લાગણી થશે ને તેમાં બનેલી વસ્તુઓ આપણને ગમતી થશે તો પશ્ચિમની નકલમાં મળતી સંચામાં બનેલી ચીજો આપણને નહી ખપે, અને જેમાં ગરીબી, ભૂખમરો ને આળસ કે બેકારી નહી હોય તે નવીન ભારતના આદર્શની સાથે મેળ ખાય એવી અભિરુચિ આપણે કેળવીશું.''

ગાંધીજીનાં આ વાક્યોમાં સ્વદેશીનો રણકાર છે, સ્વદેશી ચીજ-વસ્તુઓના ઉત્પાદન દ્વારા અને ગામડાંમાં શ્રમિકોના હાથે બનેલી વસ્તુઓના વ્યાપક વપરાશ દ્વારા આપણે નવીન ભારતનું સર્જન કરી શકીશું એવો વિશ્વાસ ઝળકે છે. આ દર્શાવે છે કે ગામડાંમાં કુટિર ઉદ્યોગો અને ગૃહઉદ્યોગોનું કેટલું બધું મહત્ત્વ છે. ગામડામાં બનતી ચીજ-વસ્તુઓનો વપરાશ જો શહેરીજનો કરતા થાય તો ગામડાનાં ઉત્પાદનોને ઉત્તેજન મળે, એટલું જ નહી દેશનું ધન દેશમાં જ રહે, વિદેશોમાં ન જાય.

**પૃથ્વી જ્યારે સૂર્યની પ્રદક્ષિણા કરે છે ત્યારે ઋતુઓ બદલાય છે અને ક્લાઈમેટ (વાતાવરણ) પણ બદલાય છે. પરંતુ કેટલાક દૂષિત વાયુઓ વાતાવરણમાં વધી જાય ત્યારે ઋતુઓનું ચક્ર અનિયમિત બની જાય છે. આ પરિસ્થિતિને ક્લાઈમેટ ચેન્જ કહે છે. ક્લાઈમેટ ચેન્જના કારણે પાણીનું સ્તર ઊંચું જાય છે અને વરસાદ અનિયમિત થાય છે, ગરમીનું પ્રમાણ વધે છે. અનેક કુદરતી આફતો પણ વધે છે**

આ સાથે આપણે 'બદલાતા પર્યાવરણ' Climate changeના વિષયને પણ થોડો સ્પર્શી લઈએ.

પૃથ્વી જ્યારે સૂર્યની પ્રદક્ષિણા કરે છે ત્યારે ઋતુઓ બદલાય છે અને ક્લાઈમેટ (વાતાવરણ) પણ બદલાય છે. પરંતુ કેટલાક દૂષિત વાયુઓ વાતાવરણમાં વધી જાય ત્યારે ઋતુઓનું ચક્ર અનિયમિત બની જાય છે. આ પરિસ્થિતિને ક્લાઈમેટ ચેન્જ કહે છે. ક્લાઈમેટ ચેન્જના કારણે પાણીનું સ્તર ઊંચું જાય છે અને વરસાદ અનિયમિત થાય છે, ગરમીનું પ્રમાણ વધે છે. અનેક કુદરતી આફતો પણ વધે છે.

ગાંધીજી કહેતા કે આ વિશ્વને આવતી પેઢીઓ માટે જાળવી રાખવું જોઈએ.

'હરિજનબંધુ'ના દિ. ૦૮-૦૨-૧૯૪૮ના અંકમાં પૂ. મહાત્મા ગાંધીએ લખ્યું છે, ''મારું ચાલે તો આપણો વડો હાકેમ ગવર્નર જનરલ પણ ખેડૂત હોય, આપણો વડાપ્રધાન ખેડૂત હોય, બધા જ ખેડૂત હોય...ખેડૂત જમીનમાંથી પેદા ન કરે તો આપણે ખાઈશું શું ? હિન્દુસ્તાનનો સાચો રાજા ખેડૂત છે.''

સમાજમાં બધા ખેડૂત ન હોય એ સમજી શકાય એવી વાત છે...પણ ગાંધીજીએ 'ખેડૂત' શબ્દને ગરિમા આપવા માટે આમ કહ્યું હોય એવું બને. પણ એ વાત એટલી જ સાચી કે સમાજ આખો ખેડૂતના સહારે જીવે છે....અને એ વાત પણ એટલી જ સાચી કે ખેડૂતનો આધાર જળ છે. જળ વિના ખેતી નથી, જળ વિના ધાન નથી, જળ વિના જીવન નથી. પૂ. બાપુએ ૨૩ ડિસેમ્બર, ૧૯૨૬ના 'યંગ ઈન્ડિયા'માં સરિતાઓનાં વહેણની વેદના જે શબ્દોમાં વ્યક્ત કરી હતી તે ટાંકવાનું મન થાય છે –

'In the modern rush, the chief use we have fro our rivers is to empty our gutters in them and navigate our cargo vessels, and in the process make them dirtier still. We have no time to stroll down to these rivers, and in silent meditation listen to the message they murmur to us.'

પૂ. બાપુ કહે છે, 'આ પૃથ્વી, આ ભૂમિ અને આ પાણી એ બધું આપણા વડવાઓ દ્વારા આપણને કંઈ વારસામાં નથી મળ્યું, પણ આપણાં સંતાનો તરફથી લોન સ્વરૂપે મળ્યું છે. એટલે જે રીતે આપણને મળ્યું એ રીતે આપણે આપણાં સંતાનોને બધું યથાવત્ સોંપવાનું છે.'

પૂ. બાપુ એવું પણ કહેતા કે આ ધરતી મનુષ્યની જરૂરિયાતોને સંતોષવા સક્ષમ છે પણ એના લોભને સંતોષવા એ સક્ષમ નથી.

ગાંધીજીનો પ્રકૃતિપ્રેમ પણ અદ્ભુત હતો. નિસર્ગોપચારમાં એમની શ્રદ્ધા હતી. પૃથ્વી અને પર્યાવરણ અંગેના એમના વિચારો સ્પષ્ટ હતા. કુદરતે આપેલી સંપત્તિનો સંયમિત અને નિયંત્રિત ઉપયોગ કરવો જોઈએ એમ તેઓ માનતા.

મહાત્મા ગાંધી લિખિત 'ગ્રામસ્વરાજ'ના પ્રકરણ ૧૪માં પૃષ્ઠ ૯૩ પર આવા શબ્દો લખાયા છે, ''ગામડાંના લોકોની સ્થિતિ સુધારવા માટે ખેતી, ગોપાલન અને બીજા ઉદ્યોગો ગામડાંમાં કેવી રીતે બંઠાં થાય તેનો વિચાર કરું છું. મને પહેલેથી જ શ્રદ્ધા છે કે આ દેશના વાસીઓને માટે ખેતી જ એકમાત્ર અતૂટ અને અટલ સહારો છે. એની પણ ખોજ કરીશું અને જોઈશું કે એને

સહારે ક્યાં સુધી જઈ શકાય છે. જો આપણા લોકો ખાદીને બદલે ખેતીમાં પરંપરાગત થઈને લોકોની સેવા કરશે તો મને અફસોસ નહીં થાય. હવે ખેતી તરફ ધ્યાન આપવાનો સમય આવી ગયો છે. આજ સુધી હું માનતો હતો કે જ્યાં સુધી સરકારી તંત્ર આપણા હાથમાં આવે નહીં ત્યાં સુધી દેશની ખેતીમાં સુધારો કરવો શક્ય નથી. હવે મારા એ વિચારોમાં કાંઈક પરિવર્તન થઈ રહ્યું છે. હું જોઈ શક્યો છું કે વર્તમાન પરિસ્થિતિમાં આપણે અમુક હદ સુધી સુધારો કરી શકીશું. એમ થાય તો ખેડૂત મહેસૂલ વગેરે આપીને પણ જમીનની મદદથી પોતાને માટે કંઈક બચાવી શકશે.''

ખેતી અને પશુપાલન એ બંને બાબતો પરસ્પર પૂરક છે. ગામડામાં બેઠેલા છેવાડાના માનવી પાસે ગુજરાન ચલાવવા માટે એકાદ પશુ હોય તોય ઘણું થઈ જાય છે. મહાત્મા ગાંધી એ વાત પણ બરાબર સમજ્યા હતા કે ખેડૂત પાસે બે-ત્રણ વીઘાં જમીનનો ટુકડો હોય તો પણ એનું જીવન ચાલે છે. ગાંધીજીએ એમના 'ખાદી શા માટે ?' નામના એક પુસ્તકમાં પૃષ્ઠ ૨૧૭ પર લખ્યું છે, ''ગામડાંમાં લોકોનું ગુજરાન ખેતી પર ચાલે છે, અને ખેતીનું ગાય પર. હું આ વિષયમાં આંધળા જેવો છું. મને જાત-અનુભવ નથી. પરંતુ એવું એક પણ ગામ નથી જ્યાં ખેતી નથી અને ગાય નથી. એટલા માટે ગામડાંના પશુધનનો, ખાસ કરીને પોતાનાં ગામનાં ઢોરોનો કાર્યકર્તાએ પૂરો ખ્યાલ રાખવો પડશે.'' ગાંધીજીએ ખેતીને આ ભૂમિનો પ્રાણ ગણાવ્યો, એમનાં ચિંતનમાં અત્યધિક મહત્ત્વ આપ્યું પણ ખેતીના ક્ષેત્રે ઉત્પાદકતા વધારવાની દિશામાં ખાસ કોઈ વિચારણા કરી ન હતી. ઉત્પાદન વધારીને ખેડૂતોની આવક વધારવાના ઉપાયો પણ એ જમાનામાં સુલભ ન હતા. આજે હવે ખેતીના ક્ષેત્રે મોટાં ટેકનોલોજિકલ પરિવર્તનો કરી શકાયાં છે અને એ માર્ગે ખેતીમાં રોકાયેલા લોકોની આવક તથા રોજગારીમાં વધારો કરી શકાયો છે. હકીકતમાં દેશમાં ખેતીના ક્ષેત્રે ઉત્પાદકતા વધાર્યા વિના એ ક્ષેત્રમાં રોકાયેલા કરોડો લોકોને ગરીબીમાંથી બહાર લાવી શકાય તેમ નથી. એ જ રીતે દેશની સવા અબજની સપાટીએ પહોંચેલી વસતીને સ્વાવલંબી બનાવવી અને એનું પેટ ભરવું એ બહુ મોટો પડકાર દેશ સમક્ષ છે. અને એ માટે ગુજરાતે જે હરિયાળી ક્રાંતિ છેલ્લા નવ વર્ષમાં કરી છે એ સમગ્ર દેશ માટે દીવાદાંડીરૂપ છે.

ખેતી અને પશુપાલન સંબંધે ગાંધીજી અત્યંત સંવેદનશીલ હતા. દેશના સમગ્ર અર્તતંત્રનો આધાર આ બે બાબત પર છે એવું તેઓ દ્રઢપણે માનતા. માણક જૈન લિખિત એક હિન્દી પુસ્તક ''ગાંધી કે વિચારો કી ૨૧વી સદી મેં પ્રાસંગિકતા'' માં પૃષ્ઠ ૩૯૨ પર એમણે નોંધ્યું છે કે ગાંધીજીએ 'ગ્રામસ્વરાજ'ને સુનિશ્ચિત કરવા માટે કૃષિ અને પશુપાલનને ખૂબ મહત્ત્વ આપ્યું છે. ગાંધીજીના મત પ્રમાણે, ''આપણા ગ્રામવાસીઓં ગુજરાન ખેતી પર અને ખેતી ગાય અને પશુધન પર નિર્ભર છે. તેથી કાર્યકર્તાઓએ ગામોના પશુધનનું ખૂબ ધ્યાન રાખવું પડશે. એ સંપદાનું જો આપણે યોગ્ય રીતે ધ્યાન નહીં આપીએ તો હિન્દુસ્તાનની બરબાદી થશે અને સાથે સાથે આપણી પણ ! કારણ કે એવી પરિસ્થિતિમાં આપણી સામે, પશ્ચિમી દેશોની જેમ આ પશુઓનો આર્થિક બોજો સહેવાની શક્તિ ન રહેવાથી, એમની કતલ કરવા સિવાય કોઈ રસ્તો નહીં બચે.''

આ જ વિષયમાં ગાંધીજી આગળ કહે છે (પૃષ્ઠ-૩૯૩), ''મને વિચાર આવે છે કે હું ખેતી, ગોપાલન અને અન્ય ગ્રામીણ ઉદ્યોગોને ફરીથી ગામડાંમાં કેવી રીતે સ્થાપિત કરું કે જેથી લોકોની સ્થિતિ સુધરે? જો બે-ચાર ગામોમાં પણ હું આવું કરી શકું તો સમસ્યા હલ થશે. 'યથા પિંડે તથા બ્રહ્માંડે'. લોકો એવાં આદર્શ ગામડાંઓનું અનુસરણ કરીને પોતાનાં ગામોને પણ એવાં બનાવવાનો પ્રયાસ કરશે.''

**ગાંધીજીના મત પ્રમાણે, ''આપણા ગ્રામવાસીઓં ગુજરાન ખેતી પર અને ખેતી ગાય અને પશુધન પર નિર્ભર છે. તેથી કાર્યકર્તાઓએ ગામોના પશુધનનું ખૂબ ધ્યાન રાખવું પડશે. એ સંપદાનું જો આપણે યોગ્ય રીતે ધ્યાન નહીં આપીએ તો હિન્દુસ્તાનની બરબાદી થશે અને સાથે સાથે આપણી પણ !**

કેટલું દૂરનું જોતા હતા ગાંધીજી !

ગાંધીજીએ એ જ હિન્દી પુસ્તકના પુષ્ઠ ૩૯૩ પર કહ્યું છે, ''જેને અહિંસાનું પાન કરવું છે તેને માટે તો શરીરશ્રમ અનિવાર્ય છે. આ શ્રમનો સંબંધ વાસ્તવમાં ખેતી સાથે છે. ઘણાં વર્ષો પહેલાં મેં એક કવિતા વાંચી હતી જેમાં ખેડૂતને જગતનો તાત કહેવામાં આવ્યો હતો. જો પરમાત્મા દેવાવાળો છે તે ખેડૂત તેનો હાથ છે. આપણી ઉપર કિસાનનું જે ઋણ છે તેને ચૂકવવા માટે આપણે શું કરીએ છીએ ? અત્યારે તો આપણે એના સખત પરિશ્રમના પરસેવાની કમાણી ખાઈ રહ્યા છીએ. આપણે આપણું કામ ખેતીથી શરૂ કરવાનું હતું, પરંતુ આપણે એવું ન કરી શક્યા.''

આગળ ઉપર ગાંધીજીએ બીજી એક સરસ વિભાવના પ્રસ્તુત કરી છે આ શબ્દોમાં... ''જેવો તમે ભારતીય ખેડૂત સાથે વાર્તાલાપ છેડશો એવો જ એ તમારી સાથે બોલવા લાગશે. એના મુખમાંથી જ્ઞાનનું ઝરણું વહેવા લાગશે. તમને અનુભવાશે કે અભણ ભલે હોય, પણ એના આંતરિક વ્યક્તિત્વમાં તો જ્ઞાનનો ભંડાર અને આધ્યાત્મિક સમૃદ્ધિનું સરોવર દેખાશે. આ બાબતને હું સંસ્કૃતિ કહું છું. પરિશ્રમમાં તમને આવો અનુભવ નહીં થાય. તમે યુરોપના કોઈ ખેડૂત સાથે વાત કરશો તો ધ્યાનમાં આવશે કે એને કોઈ આધ્યાત્મિક વાતોમાં રસ નથી. જેવો હોય તેવો,

પણ લઘરવઘર ભારતીય ખેડૂત યુગોપુરાણી સંસ્કૃતિને સાચવીને બેઠો છે. જો એના ઉપરછલ્લા દેખાવને, એની નિરક્ષરતમાને અને એની દારૂણ ગરીબીને આપણે હટાવી દઈએ તો આપણને સભ્ય, સુસંસ્કૃત અને ખમીરવંતો સુંદરતમ માનવી મળી જશે !''

ખરેખર ઈન્ફ્રા રેડ કેમેરાની જેમ ગાંધીજીએ આરપાર જોયું છે. તેઓ ખેડૂતને આત્મિક અને આધ્યાત્મિક જ્ઞાનથી ઓતપ્રોત માનતા હતા.

ખેતી અંગે ગાંધીજીએ ખૂબ વિચાર્યું છે અને દૂરનું વિચાર્યું છે. એનાં દૂરગામી પરિણામો હોઈ શકે. કિશોરલાલ મશરૂવાળાના પુસ્તક 'ગાંધી-વિચાર-દોહન'માં પૃષ્ઠ ૧૦૬ પર ગાંધીજીના વિચારો આવી રીતે ટાંક્યા છે –

''ખેડૂત આવશ્યક જથ્થામાં ધાન્ય અને ઘાસ પોતાની પાસે રહે એની પહેલી ચિંતા કરે. કેવળ વધારે ભાવ પર દૃષ્ટિ રાખી કપાસ, તેલીબિયાં, તમાકુ વગેરેના ઢગલા ઉત્પન્ન કરવા ન બેસે. વધારે ભાવ મેળવવાના લોભથી થતી વેપારી ખેતીથી ખેડૂતને વધારે લાભ તો છેવટે થતો જ નથી. એક બાજુથી આવેલા પૈસા બીજી બાજુથી ચાલ્યા જાય છે. પણ એથી નૈતિક નુકસાન ઘણું થાય છે. પોતે જે ખેતી કરે છે, તેથી પોતાની જેમ જ બીજી પ્રજાઓની શારીરિક, માનસિક તથા નૈતિક હાનિ કેટલી થાય છે, તેનો વિચાર કરવાની એની કર્તવ્યબુદ્ધિ જ હણાઈ જાય છે. તમાકુ, અફીણ વગેરેની ખેતી એના દાખલા છે.''

ગાંધીજી કહેતા કે આપણા દેશનું ખરું પ્રતિબિંબ ગ્રામીણ વિસ્તારમાં છે. વાત પાયાની અને મુદ્દાની એટલા માટે છે કે ૭૦% ગ્રામીણ વિસ્તારના વિકાસ અને સુખાકારીના આધારે ૩૦% શહેરી વિસ્તાર સુખાકારી મેળવી શકશે. ગામડું દુઃખી હશે તો શહેર પણ દુઃખી હશે. અને ગ્રામીણ વિસ્તારના વિકાસ માટે ખેતી અનિવાર્ય છે અને ખેતી માટે જળ ! આથી જળસંચય અને જળવ્યવસ્થાપન એ ખૂબ અગત્યનું પાસું છે. ગાંધીજી કહેતા કે ગ્રામીણ વિસ્તારના સાધારણ ખેડૂતો પણ જે સરળતાથી સમજી શકે અને વાપરી શકે એવી ટેકનોલોજીના ઉપયોગથી જ ખરો ગ્રામવિકાસ થશે.

ડો. બાબાસાહેબ આંબેડકરની જેમ જ ગાંધીજી પણ જાણતા હતા કે ભારતની પ્રગતિમાં જો કોઇ એક અવરોધરૂપ પરિબળ હોય તો એ છે જાતિવાદ. ગાંધીજીના વર્ણાશ્રમના વિચારોને આપણે સ્વીકારી શકીએ નહી. પરંતુ એમણે અસ્પૃશ્યતા અને નાતજાત સામે પોકારેલો બળવો આજે પણ મહત્ત્વનો અને સ્વીકારવા જેવો છે. ગાંધીજીના શબ્દોમાં જ જોઈએ: 'નાતજાતને હું માનતો નથી. પ્રગતિમાં વિઘ્નરૂપ છે. તે જ પ્રમાણે મનુષ્ય મનુષ્ય વચ્ચેની અસમાનતાને પણ માનતો નથી. આપણે સૌ સંપૂર્ણતા એ સમાન છીએ. ...કોઇપણ માણસ બીજા કોઇના કરતાં પોતાને ઊંચો માને એ ઈશ્વર તેમ જ મનુષ્ય સામે પાપ છે' (મારા સ્વપ્નનું ભારત, ગાંધીજી પૃષ્ઠ-૨૪૪) ગાંધીજી આગળ કહે છે: 'અસ્પૃશ્યતાના લીધે આજે હિન્દુ ધર્મને માથે ન ભૂંસી શકાય એવું કલંક લાગેલું છે. મારા મત પ્રમાણે એ આપણા ઉપર ઉતરી આવેલો એક શાપ છે અને મને લાગે છે કે જ્યાં સુધી આપણા માથે એ શાપ છે ત્યાં સુધી આ પવિત્ર ભૂમિ ઉપર જે જે દુઃખ આવી પડે તે આપણે જે ન ભૂંસાય એવું પાપાચરણ કરી રહ્યા છીએ તેની યોગ્ય શિક્ષા છે એમ માનવું રહ્યું' (મારા સ્વપ્નનું ભારત, ગાંધીજી પૃષ્ઠ-૨૪૬)

ગાંધીજીએ બહુ સંવેદનશીલ અને માર્મિક ઉદગારો કાઢ્યા છે, ''મારી તપસ્યાનો હિમાલય ત્યાં જ છે, જ્યાં હજી દરિદ્રતા પડી છે. તેને કાઢવાની છે, શોષણ દૂર કરવાનું છે અને દુઃખ નિવારવાનું છે. દેશમાં એક પણ માણસ જ્યાં સુધી જીવનની જરૂરિયાતોથી વંચિત હોય ત્યાં સુધી મને શાંતિ ન મળે અને હું પગ વાળીને બેસી શકું નહી.''

લેખના અંતમાં આપણી સંસ્કૃતિ બાબતે ગાંધીજી શું કહે છે એ વાત ટાંકીએ- 'હું એટલું જરૂર કહીશ કે આપણી પોતાની સંસ્કૃતિની કદર કર્યા પછી જ અને તેને પચાવ્યા પછી જ આપણે બીજી સંસ્કૃતિઓની કદર કરી શકીએ; તે પહેલા નહી, મારો દૃઢ મત છે કે આપણી સંસ્કૃતિ પાસે જેટલો સમૃદ્ધ ભંડારો છે તેટલા બીજી કોઈ સંસ્કૃતિ પાસે નથી. આપણે આપણી સંસ્કૃતિને પિછાણી નથી ઉલટું આપણને તેના અભ્યાસ પ્રત્યે સૂગ કેળવવાનું અને કિંમત ઓછી આંકવાનું શીખવવામાં આવ્યું છે આપણે આપણી સંસ્કૃતિ મુજબ આચરણ કરતા લગભગ અટકી ગયા છીએ. ...મારો ધર્મ મને મારી સંસ્કૃતિ પચાવીને તે મુજબ જીવન ગાળવાનો અનુરોધ કરે છે. આપણી સંસ્કૃતિ અનુસાર ન જીવીએ તો એક સમાજ તરીકે આપણે આપઘાત વહોરી લઈશું. મારો ધર્મ જેમ મને મારી સંસ્કૃતિ મુજબ જીવવાનો આદેશ આપે' મહાત્મા ગાંધીજીના આ વિચારો ભારતને દુનિયાનું સમૃદ્ધ અને મહાન રાષ્ટ્ર બનાવનારા છે. આપણે એક નવા યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ, તેવા સમયે દેશ અને દુનિયા સમક્ષ મહાત્મા ગાંધીના સ્વપ્નના ભારતનું ચિત્ર રજૂ કરનારા વિચારો કરવા અત્યંત જરૂરી છે.

*આઈ-૭, મધુરમ્ કોમ્પ્લેક્ષ,*
*પેટ્રોલ પંપ પાછળ, જીવરાજ પાર્ક,*
*અમદાવાદ-૧૭, મો. ૯૮૨૫૦૪૪૭૩૪*

# સતજુગિયા માનવીઓનો પ્રદેશ : દેવકો પંચાળ

– ભૂપેન્દ્ર મો. દવે

**પં**ચાળ અને પાંચાળી વચ્ચે એક વિશિષ્ટ સામ્ય છે. પાંડુની પુત્રવધૂ, હસ્તિનાપુરની મહારાણી, દ્રુપદતનયા પાંચાળી પાંચ પતિઓમાં વિભક્ત હતી તેવું જ પંચાળ પ્રદેશ માટે બન્યું છે. આઝાદી પહેલાં આ વિસ્તાર જુદા જુદા રજવાડાંઓ કે એજન્સીની હકુમત હેઠળ હતો. આઝાદી આવ્યા બાદ, એ આજે જુદા જુદા ચાર જિલ્લાઓ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી, ચોટીલા અને સાયલા, રાજકોટ જિલ્લાના વાંકાનેર અને રાજકોટ તથા જસદણ, અમરેલી જિલ્લાના બાબરા તાલુકા અને મોરબી જિલ્લાના હળવદ તાલુકા એમ આઠ તાલુકાઓમાં વહેંચાયેલો છે.

પંચાળ એ અતિ પ્રાચીન પ્રદેશ છે. સ્કંદ પુરાણ અને પદ્મ પુરાણમાં પણ તેનો ઉલ્લેખ છે. સ્થાન મહાત્મ્યમાં પંચાળનો વિસ્તાર સૂરજદેવળને મધ્યમાં રાખીને પૂર્વમાં મૂળી માંડવરાય, પશ્ચિમે મહિકુ, ઉત્તરે સરા - માથક અને દક્ષિણે ચોટીલા - આણંદપુર સુધીનો ગણવામાં આવ્યો છે. જ્યારે લોકજીવનમાં તો છેક જસદણ અને બાબરા સુધી પથરાયેલો ગણવામાં આવે છે.

પંચાળમાં અનેક સ્થાનો લોક માન્યતાઓ પાંડવોની સાથે, દ્રૌપદીની સાથે જોડાયેલી છે. અને તે કારણે આપણો આ પંચાળ તે દ્રુપદતનયા પાંચાળીનું પિયર એમ માનવામાં આવે છે. તરણેતરના કુંડમાં અર્જુને મત્સ્યવેધ કર્યો હતો એમ કહેવામાં આવે છે. પરંતુ હકીકત જુદી છે. રામાયણ યા મહાભારત કાળનો પાંચાળ પ્રદેશ તે હિમાલય અને ચંબલ વચ્ચે ગંગા નદીની બન્ને બાજુનો પ્રદેશ. ગંગાનો ઉત્તર ભાગ - ઉત્તર પાંચાળ કહેવાતો અને દક્ષિણ ભાગ - દક્ષિણ પાંચાળ કહેવાતો. આપણા આ પંચાળ પ્રદેશને તો દેવ પંચાળ કહેવામાં આવતો હતો.

**પ્રદેશનું નામ પંચાળ કેમ પડયું તે માટે બે વાત કહેવામાં આવે છે. એક તો એ કે અહીં પાંચ ઋષિઓના આશ્રમો હતા. પંચાલયમ્ - પંચ આલય તે ઉપરથી આ વિસ્તારને પંચાળ નામ પ્રાપ્ત થયું. આ વિસ્તારને પંચાળ નામ કેમ મળ્યું તેની વિસ્તૃત ચર્ચા જાણીતા પુરાતત્ત્વવિદ્ નરોત્તમ પલાણે તેમના ''ઇતિહાસ વિમર્શ'' નામના પુસ્તકમાં કરી છે. તેમના મત મુજબ રામાયણ મહાભારત અને પુરાણોનો પાંચાળ પ્રદેશ તો દિલ્હીની આજુબાજુ હતો. એક કાળે પાંચાળની રાજધાની કનોજ હતી.**

આ પ્રદેશનું નામ પંચાળ કેમ પડયું તે માટે બે વાત કહેવામાં આવે છે. એક તો એ કે અહીં પાંચ ઋષિઓના આશ્રમો હતા. પંચાલયમ્ - પંચ આલય તે ઉપરથી આ વિસ્તારને પંચાળ નામ પ્રાપ્ત થયું. આ વિસ્તારને પંચાળ નામ કેમ મળ્યું તેની વિસ્તૃત ચર્ચા જાણીતા પુરાતત્ત્વવિદ્ નરોત્તમ પલાણે તેમના ''ઇતિહાસ વિમર્શ'' નામના પુસ્તકમાં કરી છે. તેમના મત મુજબ રામાયણ મહાભારત અને પુરાણોનો પાંચાળ પ્રદેશ તો દિલ્હીની આજુબાજુ હતો. એક કાળે પાંચાળની રાજધાની કનોજ હતી. ત્યાંના પ્રતિહારો એક કાળે સૌરાષ્ટ્રમાં આવ્યા ને પોતાના પ્રદેશના નામનો પણ અહીં જ્યાં તેમણે વસવાટ કર્યો તે પ્રદેશને - 'પંચાળ' નામ આપ્યું. આ પ્રદેશને આ નામ આઠમી સદી પછી મળ્યું હોવાનું માનવામાં આવે છે.



ભગવદગોમંડળ પણ પાંચાળ પ્રદેશને દેવ પંચાળથી ભિન્ન માને છે. દેવ પંચાળ તે સૌરાષ્ટ્રનો પંચાળ પ્રદેશ અને તે ચોટીલાની આજુબાજુનો ભાગ. તેમ એ નોંધે છે.

આજના થાનગઢ શહેરને પુરાણોમાં પંચાળનું એક અગત્યનું સ્થળ ગણવામાં આવ્યું છે. તેમાં આપેલા માપ અને વસ્તીની સંખ્યાને જો ગણત્રીમાં લેવામાં આવે તો એ જમાનામાં આ નગર પ્રવૃત્તિઓથી ધમધમતું હશે.

કંડોળ પુરાણ પ્રમાણે આ નગરનું નામ સત્યયુગમાં કમ્પાલય હતું. દ્વાપર યુગમાં કાંપિલ હતું. ત્રેતા યુગમાં કલુષાર હતું. અને કલિયુગમાં તેનું નામ કંડુલ હતુ. કણ્વ ઋષિએ આ નગરની સ્થાપના કરી હોવાનો અને તેમાં ૩૦,૦૦૦ વણિકો રહેતા હોવાનો કંડોળ પુરાણમાં ઉલ્લેખ કર્યો છે. આ નગર અનાવૃષ્ટિનો ભોગ બનીને નાશ પામ્યાનો ઉલ્લેખ પણ કંડોળ

પુરાણમાં આ પ્રમાણે કરવામાં આવ્યો છે :

પહેલાં કોઈક બાબતે લાંબા સમય સુધી પૃથ્વી ઉપર અનાવૃષ્ટિ થયેલ હતી. તેથી ત્યાંના લોકો તે સ્થાન - પ્રદેશનો ત્યાગ કરીને ત્યાંથી ચાલી ગયેલા હતા. જ્યારે ઘણાં જ વર્ષો વ્યતીત થયા બાદ સારો સમય આવ્યો ત્યારે ત્યાંથી ચાલ્યા ગયેલા મનુષ્યો તે સ્થાને પાછા આવ્યા.

પરંતુ તે સ્થળે પોતાના રહેવાનાં સ્થળો અને દેવતાઓનાં મંદિરો વગેરે કાંઈ પણ જોવામાં આવ્યા નહિ તેથી તે લોકો અનુમાનથી તે સ્થળે રહેવા લાગ્યા.

પુરાણોના સમયનું સ્થાન - કુંડલ નગર આજના થાન અને જૂના સૂરજદેવળ વચ્ચેના કોઈ સ્થળ પર વસ્યું હશે અને સમય જતાં, જરૂરિયાત ઊભી થતાં તેનું સ્થળાંતર થતાં, હાલમાં જ્યાં થાન છે, ત્યાં તે વસ્યું હશે.

પુરાણોની બાબતોને એક બાજુ રાખીએ. ઐતિહાસિક પ્રમાણો ઉપરથી જણાય છે કે થાન કેટલોક સમય બાબરિયાના આધિપત્ય હેઠળ હતું પરંતુ પરમારોના આક્રમણ સામે બાબરિયા ટકી ન શક્યા અને તેમને થાનનું આધિપત્ય ગુમાવવું પડયું. પરંતુ કાઠીઓના આક્રમણ સામે પરમારો ટકી ન શક્યા અને તે વખતે થાન કાઠીઓનું કેન્દ્ર સ્થળ બન્યું.

ઈ.સ. ૧૬૯૦માં ગુજરાતના સુબા કરતસબખાને આ પ્રદેશ પર હુમલો કર્યો. કાઠીઓને હરાવ્યા. સુરજદેવળના મંદિરનો ધ્વંશ કર્યો અને તે પછી થોડો વખત થાન નગર મોગલ સલ્તનતના આધિપત્ય હેઠળનું એક થાણું, પરંતુ મોગલ સલ્તનતના પાયા હચમચવા લાગ્યા. ઈ.સ. ૧૬૦૪ના અરસામાં થાન વિસ્તાર ઝાલા રાજપૂત - લખતર શાખાના આધિપત્ય હેઠળ આવ્યો. ત્યારપછી આઝાદીના સમય સુધી થાન એ લખતર રાજ્યના એક ભાગ તરીકે રહ્યું અને ૧૯૪૮માં સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં, ચોટીલા તાલુકામાં અગત્યના શહેર તરીકે થાનગઢ રહયું હતું અને આજે થાન એક તાલુકા મથક બન્યું છે.

**ઈ.સ. ૧૬૦૪ ના અરસામાં થાન વિસ્તાર ઝાલા રાજપૂત - લખતર શાખાના આધિપત્ય હેઠળ આવ્યો. ત્યારપછી આઝાદીના સમય સુધી થાન એ લખતર રાજ્યના એક ભાગ તરીકે રહ્યું અને ૧૯૪૮માં સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં, ચોટીલા તાલુકામાં અગત્યના શહેર તરીકે થાનગઢ રહયું હતું અને આજે થાન એક તાલુકા મથક બન્યું છે. પંચાળની ભૂ-રચના ઝાલાવાડ - સુરેન્દ્રનગર જિલ્લા કરતાં જુદી પડે છે. આ વિસ્તાર ડુંગરાળ છે**

પંચાળની ભૂ-રચના ઝાલાવાડ - સુરેન્દ્રનગર જિલ્લા કરતાં જુદી પડે છે. આ વિસ્તાર ડુંગરાળ છે પણ ડુંગરાઓ દુર્ગમ નથી. સહેલાઈથી ચડી - ઊતરી શકાય તેવા છે. નદીઓ છે પણ સહેલાઈથી પાર કરી શકાય તેવી છે. કુદરતે આ વિસ્તારને પાણી આપ્યું છે. ડુંગરાળ વિસ્તાર હોવાને કારણે વસવાટ માટેના સ્થળો સપાટ જમીન કરતાં હંમેશા ઓછા હોય. ખેતી કરતાં, ચરિયાણ માટેનો અવકાશ વધારે હોય તે સ્વાભાવિક છે. તે કારણે માલધારીઓ આ વિસ્તારમાં સ્થિર થયા હશે તેમ માની શકાય.

પ્રાચીન કાળમાં આ વિસ્તારમાં અનેક પ્રજાઓ આવીને વસી છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ આ પ્રજાને પોતપોતાના રિવાજો અને ખાસિયતો હતી. અગાઉ આ વિસ્તારમાં નાગપૂજા કરતી પ્રજા વસતી હતી. અહીં નાગ પૂજાનાં અનેક સ્થાનકો આજે પણ મળી આવે છે. કુંડળું વાળીને ફેણ ચડાવીને બેઠેલા નાગના શિલ્પાંકનોવાળા પાળિયા અનેક સ્થળે મળે છે. સૂર્ય પૂજા કરતાં કાઠીઓ મધ્ય એશિયામાંથી આવ્યા અને સમગ્ર કાઠિયાવાડમાં છવાઈ ગયા. પંચાળમાં તેઓ સવિશેષ છે. ઉત્તર ભારતમાંથી અગ્નિ પૂજક પ્રતિહારો આવ્યા અને અહીં સ્થિર થયા. એ જ પ્રમાણે ઉત્તર ભારતમાંથી માલધારીઓ આવ્યા અને અહીં સ્થિર થયા. આ વિસ્તારની મૂળ પ્રજા કોળી હોવાનું મનાય છે. જુદી જુદી પ્રજાઓ જુદે જુદે સમયે આ વિસ્તારોમાં આવી, સ્થિર થઈ અને તેમાંથી પંચાળનું આગવું પોત ઊભું થયું છે.

ધર્મની બાબતમાં જો વિચાર કરીએ તો પંચાળમાં વિવિધ ધર્મ પાળનાર પ્રજાઓ વસે છે. પંચાળમાં અનેક શક્તિ સ્થાનકો છે. શક્તિ પૂજા અહીં સામાન્ય છે. ભરવાડ - રબારી ઠાકરને માને છે. વૈષ્ણવ સંપ્રદાયના લોકો પણ છે. કાઠી સૂર્ય ઉપાસના કરનારા છે. શૈવ સંપ્રદાયને અનુસરનારા પણ અહીં વસે છે.

આ વિસ્તારમાં બૌધ્ધકાલીન ગુફાઓ મળી આવી છે. તે પરથી એક અનુમાન એવું પણ થાય છે કે કોઈ કાળે અહીં બૌધ્ધ ધર્મ પાળનારાઓ વસતા હશે. થોડા સમય પહેલાં બીજી એક



બૌધ્ધ ગુફા રામકુભાઈ ખાચર અને તેમના સાથીદારોએ શોધી છે. તે ઉપરાંત થોડા વરસ પૂર્વે આ વિસ્તારમાંથી બૌધકાલીન માટીની મુદ્રા પણ મળી આવી છે.

પંચાળમાં ભલે જુદી જુદી પ્રજાઓ જુદે જુદે સમયે આવી . ભલે અહીં જુદા જુદા ધર્મ કે સંપ્રદાયના માનવી રહેતા હોય, પણ એ સઘળાના મિલનમાંથી પંચાળનું આગવું અસ્તિત્વ ઊભું થયું છે. આ આગવું અસ્તિત્વ ઊભું કરવાનો યશ પુનિત ગામ સોનગઢના પંચાળના સંતોને ફાળે જાય છે.

પંચાળના સંતો જુદી માટીના સંતો છે. નાનપણમાં ઘર છોડીને જંગલમાં જઈને દિવસ - રાત તપ કરનારા આ મહાત્મા નથી. ચારેય વેદ અને પુરાણો કંઠસ્થ કરીને કથામૃત પીરસનારા વિદ્વાનો આ સંતો નથી. આ સંતો તો પંચાળની ધરતીમાં જન્મ્યા છે, તેનાં સુખ - દુઃખ તેમણે જોયા છે. સંસારથી ભાગી - છૂટીને એકાંતમાં તપ કરવાની એમની ફિલસૂફી નથી. એમની ફિલસૂફી તો સંસારમાં રહીને માનવ માત્રની સેવા કરવાની, ગાયોની સેવા કરવાની, જાતિ - જ્ઞાતિનો ભેદ રાખ્યા વગર ભૂખ્યાને અન્ન આપવાની એમની ફિલસૂફી છે. આ એમની સાધના છે. એને તમે તપ કહો તો તેમનું તપ છે.

**પંચાળના માનવીઓને રામ અને કૃષ્ણ તો દૂરના ભગવાન છે. રામાયણ, મહાભારત, ભાગવત, વેદ અને પુરાણમાં આ અબુધ - ભોળા માનવીઓને કાંઈ ગતાગમ ન પડે. એમના આંગણાના ભગવાન માનવ દેવ - એટલે પંચાળના સંતો. એમના ઉપર પંચાળવાસીઓ ઓળઘોળ. આ સંતોના પરચાઓનું એમને મન વધારે મહત્ત્વ છે. આજે પણ આ માનવ - દેવોની પંચાળવાસીઓ બાધા - આખડી રાખે છે. આ સંતોના સેવકગણમાં મોટે ભાગે ઉચ્ચ વર્ણના બ્રાહ્મણ - વાણિયા નહોતા.**

આ પરંપરાના પહેલા સંત તે ગેબીનાથ. હાલ સોનગઢ ગામ છે, ત્યાં પ્રાચીન જૂના સૂરજદેવળનું મંદિર છે. તેની સામે આવેલ નાના એવા ડુંગરા ઉપર ગેબીનાથની ગુફા છે. ત્યાં તેમનું સ્થાન. એમના શિષ્ય તે થાનના પ્રજાપતિ મેપા ભગત. ભગત કુંભાર કામ પણ કરે અને અભ્યાગતને રોટલો આપે.

મેપા ભગતના શિષ્ય તે આપા રતા - મોલડીના. આપા રતાને એક દીકરી માંકબાઈ નામ. તેને પરણાવેલી થાન પાસેના સોનગઢ ગામે. જમાઈ જાદરો પણ ભારે આપલખો. બોલાવ્યો થાય નહિ. દીકરી માંકબાઈને ખૂબ દુઃખ દે. એકવાર દીકરી માંકબાઈ કંટાળીને પોતાના પિયર જવા નીકળી. પાછળ એની રજા વગર જવાથી ક્રોધે ભરાયેલો જાદરો ચડયે ઘોડે પાછળ પડયો. પણ ભગવાનને કરવું છે - ને તે બે વચ્ચે અંતર ન ઘટે. મોલડી ગામે ધૂંવાફૂંવા થતો જાદરો આવ્યો. રાત પડી ગઈ હતી. ખેતરે વાહુ રહેવા આપા રતાની હારે જાદરો ગયો અને ત્યાં જે જોયું સાવજ હારે - માણસ સાથે વાત કરતા હોય, તેમ આપા રતાને વાતો કરતા જોયા અને જાદરાનો અહંકાર ઓગળી ગયો.

પછી તો એ દરરોજ સોનગઢથી મોલડી આપા રતાના દર્શન કરવા આવતો. એક વખત આપા રતાએ કહ્યું કે આંઈ મોલડી સુધી લાંબા થવાની જરૂર નથી. થાનમાં મેપા ભગત છે. તેના દર્શન કરો. અને તે દિવસથી જાદરો થાનના મેપા ભગતની ડેલીયે દર્શન કરવા જવા માંડયો. પણ જાદરાની આબરું ડાકુગીરીની. કુંભારવાસના માણસો થરથરે કે આ વળી દરરોજ અહીં આવતો થયો, તે કોક વાર ભૂંડું કરશે.

મેપા ભગતે એક વાર જાદરાને ચેતવ્યો કે હવે પછી જો ડેલીમાં પગ દીધો તો સારા વાટ નહીં રહે અને જાદરો હવે બારણાં બહાર ઊભો રહીને દર્શન કરવા લાગ્યો. એક દિવસ મેપા ભગતે તેને જોયો. ક્રોધ ચડયો અને ફળીમાં રાંઢવું હતું તે લઈને માંડયા ફટકારવા. પણ જાદરો હવે પહેલાનો જાદરો નહોતો રહ્યો. અકેક ફટકાએ જાણે કે તેનાં અંતરના કમાડ ઊઘડી ગયા અને જાદરો ભગત કહેવાયો. પીર થઈને પૂજાયો.

સોનગઢના આ આપા જાદરાનો પુત્ર આપો ગોરખો, તેમણે પંચાળની પરંપરા ચાલુ રાખી. આ પરંપરામાં દાદબાપુ અને તેમના પુત્ર નાના બાપુ થયા. સૌમ્ય આભાથી હસતું તેમનું નિર્મળ મુખ. સવારથી લોકો તેમના દર્શને આવે. સુખ - દુઃખમાં નાના બાપુ દાદા બાપુ ભગત સધિયારો આપે. સોનગઢની આ જગ્યા સૌરાષ્ટ્રની દેહાણ જગ્યાઓની ગુરુગાદી મનાય છે.

આપા જાદરાના બે પ્રતાપી શિષ્યો તે આપા વિસામણ અને આપા દાના. આપા વિસામણની જગ્યા તે પાળિયાદની જગ્યા તરીકે પ્રખ્યાત છે. અને આપા દાનાની જગ્યા તે ચલાળાની જગ્યા તરીકે



પ્રખ્યાત છે. પાળિયાદની જગ્યા ઉપર હાલ પૂ. નિર્મળા બા ઉનડબાપુ બિરાજે છે.અને ચલાળાની જગ્યા ઉપર વલકુબાપુ મંગળુબાપુ બિરાજે છે. આજે પણ આ જગ્યામાં જૂની પરંપરા ચાલુ રહી છે.

પંચાળના માનવીઓને રામ અને કૃષ્ણ તો દૂરના ભગવાન છે. રામાયણ, મહાભારત, ભાગવત, વેદ અને પુરાણમાં આ અબુધ - ભોળા માનવીઓને કાંઈ ગતાગમ ન પડે. એમના આંગણાના ભગવાન માનવ દેવ - એટલે પંચાળના સંતો. એમના ઉપર પંચાળવાસીઓ ઓળઘોળ. આ સંતોના પરચાઓનું એમને મન વધારે મહત્ત્વ છે. આજે પણ આ માનવ - દેવોની પંચાળવાસીઓ બાધા - આખડી રાખે છે.

આ સંતોના સેવકગણમાં મોટે ભાગે ઉચ્ચ વર્ણના બ્રાહ્મણ - વાણિયા નહોતા. એમનો સેવકગણ નાનાં નાનાં માનવીઓ જેમના મન મોટાં હતાં, તેમાંથી આવતો હતો. હા, જ્ઞાતિની દૃષ્ટિએ જો જોવામાં આવે તો કોઈ સેવક હરિજન કે ગધઈ, કુંભાર હતા. એમને ઉચ્ચ કુળના માનવીને જ સેવક બનાવવાનો અભરખો નહોતો. જેમને ગૌ સેવા કરવી હોય, ઘેર ઘેર કે ગામ - પરગામ ઝોળી લઈને ફરી, આંગણે આવેલા અભ્યાગતો માટે અન્નક્ષેત્ર ચલાવવાનું જેમને મન હોય, તેવા જ એમના શિષ્ય થઈ શકતા. પંચાળના લોક જીવનનું આ સંતોએ પોતાના જીવન - આચરણ દ્વારા ઘડતર કર્યું છે.

પંચાળની કંકુવરણી ભોમકા અને એમાં વસતા સતજુગિયા માનવીઓને ઓળખાવાનું કામ કર્યું. ચોટીલાની ધરતી ઉપર જેમણે જનમ લીધો હતો એ ઝવેરચંદ મેઘાણીએ. કાળના ભાર હેઠળ ગારદ થઈ ગયેલા, નર - પટાધરોને એમણે જીવતા કર્યા. પંચાળના કોઈ અગોચર ગામડામાં રહીને ગૌ-સેવા કરતા, અન્નક્ષેત્ર ચલાવતા સતજુગિયા સંતોની ગુજરાતને ઓળખાણ કરાવી. આવા પંચાળના કેટલાક સતજુગિયા માનવીઓની વાતો વાગોળીએ.

**બહેનના મલકમાં દુકાળ પડયો. બેનને થયું કે શું કરવું ? ક્યાંય જવા જેવું ઠેકાણું દેખાતું નહોતું. અચાનક તેને યાદ આવ્યો તેનો ભાઈ રેશમિયો. મનમાં થયું કે હાલ, ભાઈના ઘેર જાઉં ત્યાં કાંઈક ને કાંઈક થઈ પડશે. છોરુડાં સચવાશે - અને એક દિવસ બેન અને ભાણેજડાં ઊપડયાં ભાઈને ઘેર જવા હાલતા, પોરો ખાતાં એક દિવસ ભાઈના ગામના પાદરમાં આવી પહોંચ્યાં**

ચોટીલા તાલુકાના ભીમોરાના ગઢને એક વખત દુશ્મનોએ ઘેરી લીધો. ક્યાંયથી અનાજ ન આવે એવો બંદોબસ્ત કર્યો, પણ ગઢની અંદર રહેલા માનવી મચક આપતા નથી. સવારથી સાંજ સુધી ધીંગાણું ચાલ્યા કરે છે. પણ પછી અનાજ ખૂટયું અનેક જુવાનિયા ખપી ગયા અને ગઢમાં મૂઠીભર માણસો રહી ગયા. બચવાનો ઈલાજ નહોતો, નાસીને જીવ બચાવવો નહોતો. જીવતા લગત દુશ્મનોના હાથમાં ગઢ પડવા દેવો નહોતો. એક જ ઈલાજ હતો, કેસરિયા કરવાનો.

સાંજના ટાણે અચાનક કયાંકથી દ્વારકાની જાત્રાએ જવા નીકળેલા મામા - ભાણેજ ગઢમાં આવી પૂગ્યાં. જે કાંઈ બચ્યું તું તેનાથી તેમનું આછું પાતળું સ્વાગત કર્યું અને તેમને શિખામણ દીધી કે ગઢ આખો ઘેરાઈ ગયો છે. અનાજ - પાણી ખલાસ થઈ ગયા છે. આવતી કાલે સૂરજ મહારાજ કોર કાઢે ઈ ટાણે કેસરિયા કરવાના છે. તમો તો જાત્રાળુ છો. અમારા મહેમાન છો. તેથી દિવસ ઊગે એ પહેલાં અહીંથી નીકળી જાજો.

પણ જાત્રાળુ માથાના ફરેલ નીકળ્યા. એમણે કહ્યું કે અમારી જાત્રા તો તમારી હારે જ પૂરી થશે - અઠે હી દ્વારકા - અમે ય તમારી હારે કેસરિયા કરીશું. જાત્રા માટે નીકળેલા, એક ટંકની જેણે મહેમાનગતી માણી - જેનું લુણ ખાધું તે વટેમારગુઓ - જાત્રાળુઓ બીજે દિવસે જ્યારે ગઢના મૂઠીભર જોધ્ધાઓએ કેસરિયા કર્યા ત્યારે તેમની સાથે રહ્યા અને મોતને મીઠું કર્યું. એ તો ગયા, પણ ‘અઠે હી દ્વારકા’ તો લોક હૈયે અમર છે.

અને ભીમોરાના ધણી ઓઢા ખાચરને કેમ વિસરાય ? એ તો સત ધરમનો પાયો. જો કોઈ બાઈ માણસને આડુ અવતર્યું હોય ને ઓઢા ખાચરની નાડી ધોઈને તેને પાણી પીવરાવે તો આડું ભાંગી જાય એવું એનું સત. આજે તો એનો પાળિયો ઊભો છે અને આ સતજુગિયા માનવીની ખાંભીની પણ માણસો બાધા - આખડી રાખે છે.

ચોટીલા પંથકનું નાનકડું એવું ગામ. ત્યાં એક ખેડૂત રહે - રેશમિયો. એકવાર એની બહેનના મલકમાં દુકાળ પડયો. બેનને થયું કે શું કરવું ? ક્યાંય જવા જેવું ઠેકાણું દેખાતું નહોતું. અચાનક તેને યાદ આવ્યો તેનો ભાઈ રેશમિયો. મનમાં થયું કે હાલ, ભાઈના ઘેર જાઉં ત્યાં કાંઈક ને કાંઈક થઈ પડશે. છોરુડાં સચવાશે - અને એક દિવસ બેન અને ભાણેજડાં ઊપડયાં ભાઈને ઘેર જવા હાલતા, પોરો ખાતાં એક દિવસ ભાઈના ગામના પાદરમાં આવી પહોંચ્યાં. બેનના હૈયામાં ટાઢક વળી, કે હવે તો આવી પહોંચ્યાં. સંધ્યાની ઝૂંઝયું - કુંઝયું વળી ગઈ છે. પાદરમાં કોઈ જાણીતો જણ નીકળે તો તેને પૂછી તો લઉં, કે ભાઈ રેશમિયો ઘેર છે કે નહિ, એમ બેન મનમાં વિચારતી હતી ત્યાં જ સામે એક જુવાન ઘોડા ઉપર આવતો દેખાયો. આછા અંધારામાં એનું મોઢું તો કળાયું નહિ. બેને એ જુવાનને પૂછ્યું, ભઈલા, મારો વીર રેશમિયો ઘેર તો છે ને ?

જુવાન જણ તો બેનને ઓળખી ગયો હતો. એના મનમાં

ગડમથલ ચાલતી હતી. આ દુકાળના વરસમાં બેન ને ઈના છોકરાં જો ઘેર આવે તો પોતાના કુટુમ્બનું જ્યાં પૂરું થતું નથી, ત્યાં આ પળોજણ શીદ ઊભી કરવી ?

બેન જવાબ માટે સામે ઊભી છે. જુવાને જવાબ દીધો. અરરર.....

તમને ખબર નથી ? રેશમિયો તો લાંબે ગામતરે ગયો !

અને બેન માથે આભ તૂટી પડયું. એ ભાંગી પડી. કેટલી કેટલી આશા કરી, દડમજલ કરતી એ ભાઈના ઘરે પહેલી વાર આવી હતી. એની આંખે અંધારા આવ્યા અને વ્યથિત હૈયામાંથી મરશિયા ઉપડયા.

*ભેડા ભાંગી ડાળ, જેના આધારે ઊભતાં,*
*કરમે કાળો કાળ, રેલ્યા રેશમિયા.*
*ટોળામાંથી તારવ્યે, ઢાઢુ દિયે ઢોર,*
*કાપી કાળજ કોર, ભેડા ભાંભરતા રિયા.*

સામે ઊભેલો જુવાન રેશમિયો થરથર કાંપતો હતો. અકેક મરશિયે એનું અકેક અંગ પાષાણ થતું જતું હતું. એણે બેનને વિનવી : બેન, મને માફ કર, હું પોતે જ રેશમિયો છું ... તારી સામે ઊભો છું. પણ બેન તો અંતરમાં ઊતરી ગઈ હતી. એની આંખો દેખતી નહોતી. કાન સાંભળતા નહોતા. રેશમિયો કરગરતો હતો, કે મારી ભૂલ થઈ. તને અને ભાણેજડાંને સાચવવા નોં પડે ઈ સારૂ જુઠું બોલ્યો. પણ કોણ એ વિનવણી સાંભળે ? દુઃખના દરિયા ઊમટ્યા હોય એમ મરશિયા રેલાતા હતા. - અને દુકાળના વરસમાં બેનને પાલવવી ન પડે માટે જુઠું બોલનાર રેશમિયો - પથ્થરમાં ફેરવાઈ ગયો ! વિશ્વાસઘાતના પ્રાછત રૂપે, કપટ કરીને, આશાભરી આંગણે આવેલી બહેનને દુભાવવા માટે આજે પણ એ પાષાણ પાળિયો રેશમિયો ભેડો આંસુ સારી રહ્યો છે અને સત - અસતની વાત કરતો ઊભો છે.

**સામે ઊભેલો જુવાન રેશમિયો થરથર કાંપતો હતો. અકેક મરશિયે એનું અકેક અંગ પાષાણ થતું જતું હતું. એણે બેનને વિનવી : બેન, મને માફ કર, હું પોતે જ રેશમિયો છું ... તારી સામે ઊભો છું. પણ બેન તો અંતરમાં ઊતરી ગઈ હતી. એની આંખો દેખતી નહોતી. કાન સાંભળતા નહોતા. રેશમિયો કરગરતો હતો, કે મારી ભૂલ થઈ. તને અને ભાણેજડાંને સાચવવા નોં પડે ઈ સારૂ જુઠું બોલ્યો**

હળવદ તાલુકાનું આજનું મયુરનગર ગામ. જૂના જમાનામાં વાંટાવદર નામથી ઓળખાતું. ગામ સુખી. વસતી મોટાભાગની આયરની. એવા આયરના ગામમાં એક મોભાદાર આયરનું ખોરડું. એને એક દીકરી. એનું નામ રામબાઈ. પહેલેથી જ રામબાઈને ધાર્મિક સંસ્કાર.

દુકાળનું વરસ એટલે મોટા ભાગના ખેડૂત, મજૂર, કારીગરના ઘેર તો લગન લેવાયાં જ નહીં. પોતાનું પૂરું ન થાય, ત્યાં લગનના ખરચ કોણ વેંઢારે ? દીકરીના આણાં - પરિયાણા અને કરિયાવર પણ દુકાળના વરસમાં કોઈ ન કરે. પરંતુ વાંટાવદરના આયરનું આ ખોરડું તો ગામમાં અને આજુબાજુના પાંચ - પચીસ ગામમાં સુખી ગણાતું ઘર. આયરને પણ થયું કે દીકરી મોટી થઈ છે અને દુકાળ તો આવ્યા કરે, દીકરીના પીળા હાથ કરી દેવાય એટલે હાંઉ. અને લગન લેવાણાં. વાંટાવદરને પાદર જાન આવી પહોંચી. જાનૈયાના વાજતે ગાજતે સામૈયાં થયાં. ભલી ભાતે ગામને જમાડયું અને જાન વળાવવાની વેળા થઈ. ગાડાનું પૈ સિંચાયું અને ત્યાં જ પાદરમાં રીડિયા થયા - લ્યા, કાંગલા આવ્યા છે. મારો, મારો, કાઢો, કાઢો. દુકાળના વરસમાં ગરીબ માણસોને પૂરૂં ન થતાં બાળકોને છોડી દીધેલા. કેટલાંક એવાં કે જેના મા-બાપ મરી ગયા હોય એને રાખનારા કોઈ ન હોય. આવા ન બાપા, નમાયા, અનાથ બાળકોનો જમેલો જ્યાં ત્યાં ભટકે. જ્યાં ખાવાનું મળે ત્યાં જાય, જે મળે તે ખાય. દુકાળના વરસમાં આવા ટોળાબંધ કાંગલા ફરતા. એક ગામે આવે, તો એને મારીને બીજે કાઢે - કેટલાક ઘવાય, કેટલાક મરે, અને ટોળું આગળ ચાલે. આવું ટોળું પોતાને ગામ આવે એટલે ગામવાળાને ફ્રાસકો પડે.

વાંટાવદર ગામવાળાને પણ ફ્રાસકો પડયો કે આ કાંગલાં જે કાંઈ બાકી રહ્યું હશે તે લૂંટી ખાશે. અને જુવાનિયા જે હાથમાં મળ્યું તે લઈ દોડયા.

કાંગલા તો નિરાધાર હતા, નિઃસહાય હતા. એમની ભૂખ એમને ગામમાં લૂંટીને ખાવા માટે લાચાર કરતી હતી. પાદરમાં દેકારો મચ્યો, તડાફડી બોલવા લાગી. કાંગલા રોકકળ કરવા માંડયાં. - અને રામબાઈએ ગાડામાંથી જરાક લાજ ઊંચી કરી નજર માંડી - તો જોયું, નાનાં - નાનાં બાળકોને માર પડતો હતો. તેનાથી આ જોવાયું નહીં, જીરવાયું નહીં. એકપળમાં તેણે નિર્ણય લઈ લીધો. અને જેની ઓઢણી એણે ઓઢી હતી એ વરરાજાને - આયરને કીધું : ' આયર હવે રામ રામ, મારે ઘરસંસાર માંડીને છોકરા જણવા નથી. મારે તો જેનું કોઈ નથી એવા કાંગલાની મા બનવું છે - આયર તું છુટ્ટો છે. મને હવે કાંગલા બોલાવે છે.' વાંટાવદરને પાદર તે દાડે કાંગલાના ટોળાને રામબાઈએ આશરો આપ્યો. દુકાળ પાર કરાવ્યો. આજે રામબાઈ નથી. તેની દેરી છે. સતધરમની વાત કરતી ઊભી છે.

પંચાળની કાંધી ઉપર આંબરડીના ટીંબે પેલા 'અણનમ માથાં' હસી રહ્યા છે. આંબરડીનો ધણી વિહળ રાબો. તેને એવું નીમ કે પોતાની તલવાર સિવાય બીજા કોઈને નમે નહીં. વિહળ રાબાને અગિયાર ભેરૂબંધ. એ પણ એવા જ અણનમ. સંધાયે

એક વખત નીમ લીધું હતું કે જીવવું ય હારે, ને મરવું ય હારે.

ભગવાનને કરવું છે કે કોઈક ઈર્ષાળુ આદમીએ અમદાવાદના સુલતાનના કાન ભંભેર્યા કે આંબરડીનો ધણી વિહળ રાબો કોઈને નમતો નથી; અને સુલતાન ક્રોધે ભરાણો. દળકટક લઈને ઊપડયો વિહળ રાબાને નમાવવા. સુલતાને વિહળ રાબાને કહેવરાવ્યું કે કાં સલામ ભરો, ને કાં લડાઈ કરો. વિહળ રાબાએ લડાઈનું નોતરું ઝીલી લીધું. પણ સુલતાનને કહ્યું કે અમારી પાસે તોપ ને બંદૂકો તો નથી, પણ આડ હથિયારે તારું લશ્કર લડે, ને અમે ભાઈબંધુ પણ આડ હથિયારે લડીએ. સુલતાને વિહળ રાબાનું વેણ રાખ્યું. ધીંગાણું મચ્યું - સુલતાને જોયું કે આ બળુકા જુવાનિયા તો નાળિયેર ફોડે એમ પોતાના લશ્કરનાં માથાં વધેરતા હતા. પોતાના લશ્કરનો સોથ વળી જતો જોઈ સુલતાને ફેરવી તોળ્યું અને બંદૂકોમાંથી ગોળીઓ છૂટવા માંડી. બહાદૂરોના શરીર ચાયણી જેવા થઈ ગયા. વિહળ રાબાએ એ ટાણે એક કુંડાળું દોર્યું અને ભાઈબંધોને કહ્યું કે આપણે સંધાય જીવ્યા છીએ સાથે અને મરવા ટાણે આ કુંડાળામાં ભેગા મરશું. ઘાયલ થયેલા ભેરૂબંધમાંથી કોઈ પોતાના આંતરડા લઈને કુંડાળામાં આવે છે. કોઈનું ધડ હાથમાં માથું લઈને આવે છે. બધા આવી ગયા અને અગિયારે જણ પડખોપડખ સદાને માટે પોઢયા.

**સુલતાને વિહળ રાબાનું વેણ રાખ્યું. ધીંગાણું મચ્યું - સુલતાને જોયું કે આ બળુકા જુવાનિયા તો નાળિયેર ફોડે એમ પોતાના લશ્કરનાં માથાં વધેરતા હતા. પોતાના લશ્કરનો સોથ વળી જતો જોઈ સુલતાને ફેરવી તોળ્યું અને બંદૂકોમાંથી ગોળીઓ છૂટવા માંડી. બહાદૂરોના શરીર ચાયણી જેવા થઈ ગયા. વિહળ રાબાએ એ ટાણે એક કુંડાળું દોર્યું અને ભાઈબંધોને કહ્યું કે આપણે સંધાય જીવ્યા છીએ સાથે અને મરવા ટાણે આ કુંડાળામાં ભેગા મરશું**

સાંજ વેળાએ બહારગામ ગયેલો ભાઈબંધ તેજરવ સોયો ગામમાં આવે છે. તેણે જોયું તો ભારે અનરથ થઈ ગયો હતો. પાદરમાં લોહીનાં ખાબોચિયાં ભરાયાં હતાં. સમશાનમાં ચિતાઓ જલતી હતી તે દોડયો. કેટલાકે એને પાછો વાળવા હાક મારી પણ એને મોડું થતું હતું. એ ચિતા ઉપર ચડી ગયો. સરગાપરની વાટે ભેરૂબંધોથી છેટું પડવા ન દીધું.

આવો, આજે આંબરડી (રાબા)ના ગામમાં આવેલી આ 'અણનમ માથાં' ની ખાંભીઓને જુહારીએ.

★ ★ ★

સંદર્ભ અને ઋણ સ્વીકાર : સુરેન્દ્રનગર ડિસ્ટ્રીક્ટ ગેઝેટીયર, તરણેતર - અરવિંદ આચાર્ય, જય સામૃદ્રિ : વિશેષાંક, પાંચાળનું ભક્ત મંડળ : ઝવેરચંદ મેઘાણી, મેઘાણીની લોકકથાઓ : કસુંબીનો રંગ - ૩, કંડુલ પુરાણ - જ્યો. મા. ક. અધ્વર્યુ, સેવા ધરમના અમરધામ - જયમલ્લ પરમાર, રાજુલ દવે

**દેવકો પંચાળ**

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ
નર પટાધર નિપજે, હોય દેવકો પંચાળ.

★ ★ ★

ખડ પાણી ને ખાખરો, ધરતી લાંપડિયાળ
વગર દીવે વાળુ કરે, ભલો દેવકો પંચાળ.

★ ★ ★

નદી ખળકે નીઝરણાં, મલપતા પીએ માલ
ગાળે કસુંબા ગોવાળિયા, પડ જોવો પંચાળ

★ ★ ★

ઠાંગો, માંડણ ઠીક છે, કદી ન આંગણ કાળ
ચાર પગાં ચરતાં ફરે, પડ જોવો પંચાળ

★ ★ ★

ઉદરથી ઉરે સરસ, નાક નેણાંનો તાલ
ચાર હાથનો ચોટલો, પડ જોવો પંચાળ


★ ★ ★

ગુઢે વસ્તર ગોરિયા, પગ પીડીનો તાલ
પનઘટ ઉપર પરહરે, પડ જોવો પંચાળ

★ ★ ★

કુકડકંધા, મૃગકુંદણાં, શત્રુને હૈયે સાલ,
તાતા તોરીંગ નીપજે, પડ જોવો પંચાળ......

*'પૂર્વાલય'*
*૮, પરિમલ સોસાયટી,*
*સુરેન્દ્રનગર*
*(મો. ૯૪૨૭૬ ૮૯૦૦૬)*



# મહિલા સશક્તિકરણને સમર્પિત કર્મયોગિની : સેવામૂર્તિ દિવ્યાબહેન મારવાડી

*– નટુભાઈ પરમાર*

**આ**પણા દેશની લોકશાહીના ત્રણ સ્તંભો એટલે સંસદ, વહીવટી તંત્ર અને ન્યાયતંત્ર. સંસદ જો કાયદાઓ ઘડવાનું કામ કરે છે તો વહીવટીતંત્ર - બ્યૂરોક્રેસી એ કાયદાઓના અમલની કામગીરી કરે છે. જો એના અમલમાં કશી ચૂક કે ફરિયાદ આવે છે તો આપણું ન્યાયતંત્ર એમાં ન્યાય તોળે છે.

આ ત્રણેય સ્તંભોની ભૂમિકા સ્વયંસ્પષ્ટ છે. તેમ છતાં જ્યાં સુધી વહીવટી તંત્ર - નોકરશાહી કે બ્યૂરોક્રેસી ને સંબંધ છે, તેને માટે એવું કહેવાય છે કે, જો લોકશાહી - પ્રજાતંત્રની પાર્લામેન્ટ દ્વારા ઘડાયેલા કાયદાઓ અને તેના થકી અમલી બનાવાયેલી પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓનો બ્યૂરોક્રેસી અક્ષરશઃ પૂર્ણ નિષ્ઠાથી અમલ કરે તો, અથવા આઝાદીના આટલાં વર્ષોમાં જો એ એણે કર્યો હોત તો, આ દેશની અડધી સમસ્યાઓ ક્યારનીય ઉકેલાઈ ગઈ હોત.

**શ્રી પી. કે. લહેરીએ સરકારી યોજનાઓના સફળ અમલમાં દિવ્યાબેને એક સરકારી અધિકારી તરીકે દાખવેલા અદમ્ય ઉત્સાહને પણ બિરદાવ્યો છે. વરિષ્ઠ પત્રકાર ધર્મેશ ભટ્ટ (મુંબઈ) પણ લખે છે : 'ગુજરાતમાં મહિલા સશક્તિકરણની ચળવળના ઇતિહાસમાં દિવ્યાબેન મારવાડીનું નામ મોખરે છે.સમાજસેવા અને ખાસ કરીને મહિલાઓના ઉત્કર્ષના કાર્ય માટે દિવ્યાબેને લગ્ન ન કર્યાં અને આજીવન સેવા માટે ભેખ ધારણ કર્યો.**

આવા કડવા સત્યની વચ્ચે આપણા દેશના વહીવટી તંત્રમાંથી કોઈ કોઈ એવા અમલદાર કે બ્યૂરોક્રેટ આવી કલ્યાણ યોજનાઓના સચોટ અમલ માટે નિષ્ઠાપૂર્વક, સમર્પિત ભાવે જ્યારે જ્યારે મથ્યા છે, ત્યારે ત્યારે એમની એ સાફલ્યગાથાઓના પણ આપણે સાક્ષી બન્યા છીએ.


દિવ્યાબેન મારવાડી

આવા સમર્પિત અમલદારોના અસંખ્ય ઉદાહરણો આપણી પાસે મોજૂદ છે. આવા અમલદારો માટે એ જરૂરી કે મહત્ત્વનું નથી હોતું કે તેઓ ધારાસભ્ય અથવા મંત્રી બનીને જ સમાજસેવા કરી શકે. ગુજરાતના આવા જ એક મહિલા અધિકારી અને હવે આપણી વચ્ચે વિદ્યમાન નહિ એવા આ રાજ્યના એક સમયના સમાજ સુરક્ષા નિયામક દિવ્યાબહેન મારવાડીની વાત હું અહીં કહેવા જઈ રહ્યો છું.

ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ રહી ચૂકેલા અને દિવ્યાબહેન મારવાડીના સમાજસુરક્ષા નિયામક તરીકેના સમયમાં રાજ્ય વહીવટીતંત્રમાં વરિષ્ઠ સનદી અધિકારી તરીકે કાર્યરત રહેલા શ્રી પ્રવીણભાઈ ક. લહેરી દિવ્યાબહેન સાથેના સંસ્મરણો વાગોળતા લખે છે : 'દિવ્યાબહેનનું સ્મરણ કરીએ ત્યારે આપણી સમક્ષ એક સ્વસ્થ, નિરાભિમાની, ઉત્સાહી અને લાગણીશીલ વ્યક્તિનું ચિત્ર નજર સમક્ષ ખડું થાય છે. સરકારી નોકરીને લોકસેવાના અવસરમાં પરિવર્તિત કરીને તેમણે વહીવટી તંત્ર માટે જે ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે તે મારા માટે આનંદ અને ગૌરવની વાત છે. સાંપ્રત સમયમાં ઝાકઝમાળ કારકિર્દી અને કરોડોની આવક ધરાવતા મુઠ્ઠીભર કલાકારો અને ક્રિકેટરોને પોતાનો આદર્શ માનતી પેઢી માટે દિવ્યાબહેનના જીવન અને કાર્ય હકીકતમાં પ્રેરણાસ્ત્રોત બનવાં જોઈએ. યુવા પેઢીમાં પણ હજારોની સંખ્યામાં ભાઈઓ-બહેનો સમાજસેવા ક્ષેત્રે સક્રિય છે, તેમના સુધી દિવ્યાબહેન મારવાડીનું સમાજસેવા ક્ષેત્રેનું પ્રદાન જાણકારી રૂપે પહોંચે તો તે સૌ માટે પ્રેરણારૂપ અને ઉત્સાહવર્ધક બનશે તેવી મને શ્રદ્ધા છે.'

શ્રી પી. કે. લહેરીએ સરકારી યોજનાઓના સફળ અમલમાં દિવ્યાબહેને એક સરકારી અધિકારી તરીકે દાખવેલા અદમ્ય ઉત્સાહને પણ બિરદાવ્યો છે.

વરિષ્ઠ પત્રકાર ધર્મેશ ભટ્ટ (મુંબઈ) પણ લખે છે : 'ગુજરાતમાં મહિલા સશક્તિકરણની ચળવળના ઇતિહાસમાં દિવ્યાબહેન મારવાડીનું નામ મોખરે છે. સમાજસેવા અને ખાસ કરીને મહિલાઓના ઉત્કર્ષના કાર્ય માટે દિવ્યાબહેને લગ્ન ન કર્યાં અને આજીવન સેવા માટે ભેખ ધારણ કર્યો. દિવ્યાબહેન

માટે દલિત, પીડિત, શોષિત વર્ગનું કામ અન્ય કોઈપણ બાબત કરતા વિશેષ હતું. સંયુક્ત રાષ્ટ્રસંઘનું પારિતોષિક મેળવનારા દિવ્યાબહેનની કર્તવ્યનિષ્ઠા અનન્ય હતી. ૧૯૫૦ના દાયકામાં મુંબઈ યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવેલા દિવ્યાબહેન માટે કોર્પોરેટ કે બેન્કમાં સારો હોદ્દો મેળવવો સહજ શક્ય હતો, પણ એમણે જનસેવાનો માર્ગ અપનાવ્યો. દિવ્યાબહેનના પીઠબળ અને સહાયને કારણે પગભર બનેલી હજારો મહિલાઓના હૃદયમાં આજે પણ દિવ્યાબહેનની છબી સચવાઈ રહી છે.'

આ પત્રકાર આગળ લખે છે : 'એમના જેવી તેજસ્વી પ્રતિભાને રાજકારણમાં લઈ આવવાના પ્રયાસો તે કાળે પણ થયેલા. કિન્તુ દિવ્યાબહેનનો આ એક જ જવાબ રહેતો : મારી વિચારધારામાં હોદ્દો કે સત્તા ગૌણ વસ્તુ છે. એક સરકારી અધિકારી તરીકે - સરકારના પીઠબળથી સમાજસેવાનું ઘણું કામ કરી શકાય છે. એમાં પણ સરકારી હોદ્દા પર રહીને બહેનોને સામાજિક ન્યાય મળે, તેઓ પણ સ્વમાનભર્યું જીવન જીવે, અને એમાં મારું યોગદાન હોય તો એ મારા માટે ધારાસભ્ય કે પ્રધાન થવા જેવું જ ગણાય.'

સરકારી હોદ્દા પર રહીને, જનસેવાનું - મહિલા ઉત્થાનનું પ્રણ આદરી બેઠેલા દિવ્યાબહેને એ જ કારણે લગ્ન ન કર્યા. રાજ્યના એક સુપ્રસિદ્ધ દૈનિક પત્રકારે એમની સાથેની મુલાકાતમાં આ જ મુદ્દો છેડ્યો ત્યારે દિવ્યાબહેન બોલેલાં : 'આપણા સમાજની બહેનોના પ્રશ્નો જોઈ મને લાગેલું કે, જો મારે ખરેખર આ બહેનોની સેવા કરવી હોય તો મારે લગ્ન ન કરવા જોઈએ. પરિવારે પણ આ નિર્ણય મારા પર છોડેલો, પણ પછી તો કામમાં ગળાડૂબ રહેવાને કારણે મને લગ્ન કરવાનો વિચાર કદી આવ્યો જ નહિ.'

રાજ્યના સમાજ સુરક્ષા વિભાગમાં વર્ગ-૩ થી શરૂઆત કરી, સમાજ સુરક્ષા નિયામકના વરિષ્ઠ હોદ્દા પર પહોંચેલા દિવ્યાબહેને, એક સરકારી કર્મી અને અધિકારી તરીકે, એમના કાર્યક્ષેત્ર હેઠળની મહિલા ઉત્થાનની સરકારી કામગીરીને એ રીતે દીપાવી કે આજે પણ વહીવટીતંત્રમાં એમનાં ઉદાહરણો અપાય છે. મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિમાં ઓતપ્રોત દિવ્યાબહેન હંમેશા એમ કહેતા કે, શિક્ષણ, વ્યવસાય, સાહસ અને ફેશનમાં મહિલાઓ આજે જરૂર આગળ વધી છે, તો પણ તેમના સામાજિક દરજ્જામાં હજુ નોંધપાત્ર ફેરફાર આવ્યો નથી. સ્ત્રીઓની આર્થિક પરિસ્થિતિ સાથે જ તેનો સામાજિક દરજ્જો સંકળાયેલો છે, જે તેમના માટેની વિકાસની તકો તેમજ ઉત્પાદક પ્રવૃત્તિઓમાં ભાગીદાર બનવાના તેમને મળતા અવસરો પર આધારિત છે. સ્ત્રીઓની કામગીરીનું યોગ્ય મૂલ્યાંકન આજે પણ થતું નથી. જ્યારે હકીકત એ છે કે, આર્થિક પ્રવૃત્તિઓ અને વંશપરંપરાગત ધંધા જેવા કે ખેતીકામ, કડિયાકામ, મજૂરીમાં સ્ત્રીઓ પણ પુરુષો જેટલું જ કામ કરતી રહી છે.

**દિવ્યાબહેન હંમેશા કહેતા કે, શિક્ષણ, વ્યવસાય, સાહસ અને ફેશનમાં મહિલાઓ આજે જરૂર આગળ વધી છે, તો પણ તેમના સામાજિક દરજ્જામાં હજુ નોંધપાત્ર ફેરફાર આવ્યો નથી. સ્ત્રીઓની આર્થિક પરિસ્થિતિ સાથે જ તેનો સામાજિક દરજ્જો સંકળાયેલો છે, જે તેમના માટેની વિકાસની તકો તેમજ ઉત્પાદક પ્રવૃત્તિઓમાં ભાગીદાર બનવાના તેમને મળતા અવસરો પર આધારિત છે. સ્ત્રીઓની કામગીરીનું યોગ્ય મૂલ્યાંકન આજે પણ થતું નથી**

એક સરકારી અધિકારી તરીકે જ નહિ, કિન્તુ મહિલાઓના પ્રશ્નોના એક જાણતલ અને અભ્યાસુ વિદ્વાન તરીકે દિવ્યાબહેનના અભિપ્રાયની રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાતી હતી. અસંખ્ય પ્રસંગોએ દિવ્યાબહેનને દેશ અને દેશની બહાર ગુજરાતનું અને ભારતનું પ્રતિનિધિત્વ કરવા માનભેર મોકલવામાં આવ્યા હતા. આવો જ એક પ્રસંગ ૧૯૭૦નો છે, જ્યારે તેઓ ભારતના પ્રતિનિધિ તરીકે અમેરિકા ગયાં હતાં.

૮ જુલાઈ ૧૯૭૦ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના એક નામાંકિત દૈનિક 'SUN'ના પાન-૧૬ પર 'U.S. Women Behind In Equal Rights' શીર્ષક હેઠળના એક રિપોર્ટમાં રિપોર્ટર સુશ્રી લિન્ડા કોહલે લખ્યું : 'Divya Marwadi, from India was surprised that American women were not rated on an equal salary scale as men in the same position. Divya Marvadi says: 'I do not see how being a woman would get in the way of performing duties efficiently. In India, men and women get equal pay for equal jobs and qualifications. There are many women doctors in India and women may serve in military if they wish. The prime minister of India is a woman. Mrs. Indira Gandhi and women hold and equal number

of seats in the parliament.'

'Youth Leaders and Social Workers Information Program' કે જેમાં વિવિધ ૨૭ દેશોના ૩૭ જેટલાં જૂથોએ અમેરિકાના ટ્વિન સીટી ખાતે હિસ્સો લીધો હતો, તેમાં ભારતના એક મહિલા પ્રતિનિધિ તરીકે, સુશ્રી દિવ્યાબહેન મારવાડી પણ ઉપસ્થિત હતા. વિવિધ દેશોની મહિલા પ્રતિનિધિઓએ પોતપોતાના દેશમાં મહિલાઓની સ્થિતિ વિશે વાત કરી, તેમાં 'સમાન અધિકારોનો સવાલ છે ત્યાં સુધી અમેરિકન મહિલાઓ હજી પાછળ છે' એવાં દિવ્યાબહેને કરેલા નિવેદનની એ દિવસોમાં ત્યાં ખૂબ ચર્ચા થઈ. સમાનતા અને સ્વતંત્રતાના મુદ્દે વિશ્વભરમાં અગ્રેસર હોવાનો વહેમ રાખતાં, એક દેશને - તેની જ ધરતી પર આમ કહેવું, દિવસો સુધી ત્યાં ચર્ચાનું કારણ બની રહ્યું. આવા ડેરિંગ લેડી હતા દિવ્યાબહેન મારવાડી.

**મૂળ મારવાડના, ત્યાંથી સૌરાષ્ટ્રના અમરેલી આવી તે પછી મુંબઈ સ્થાયી થયેલા, ચુસ્ત ગાંધીવાદી અને ગાંધીજીના અંતેવાસી સમા - મુંબઈની ગુજરાતી શાળાના પ્રિન્સિપાલ શામજીભાઈ મારવાડી અને શિક્ષિકા એવા માતા સોનાબહેનના આ પુત્રી દિવ્યાબહેન, મુંબઈની તે વખતની નામાંકિત ન્યુ એરા અને ફેલોશીપ હાઈસ્કૂલમાં ભણતા હતા. ભણવાની સાથે ઇતર શાળાકીય પ્રવૃત્તિઓમાં પણ દિવ્યાબહેનને એટલો જ રસ**

મૂળ મારવાડના, ત્યાંથી સૌરાષ્ટ્રના અમરેલી આવી તે પછી મુંબઈ સ્થાયી થયેલા, ચુસ્ત ગાંધીવાદી અને ગાંધીજીના અંતેવાસી સમા - મુંબઈની ગુજરાતી શાળાના પ્રિન્સિપાલ શામજીભાઈ મારવાડી અને શિક્ષિકા એવા માતા સોનાબહેનના આ પુત્રી દિવ્યાબહેન, મુંબઈની તે વખતની નામાંકિત ન્યુ એરા અને ફેલોશીપ હાઈસ્કૂલમાં ભણતા હતા. ભણવાની સાથે ઈતર શાળાકીય પ્રવૃત્તિઓમાં પણ દિવ્યાબહેનને એટલો જ રસ. પ્રાથમિક શાળા સ્તરે દિવ્યાબહેન હંમેશા પહેલા ક્રમાંકે ઉત્તીર્ણ થતા. એમની ધગશ અને કુશળતાને પારખીને શાળા સંચાલકોએ દિવ્યાબહેનને એક સાથે બે ધોરણની પરીક્ષા આપી, સીધા એક ધોરણ આગળ વધી જવાની તક આપી અને વિદ્યાર્થિની એવા દિવ્યાબહેનનો એ માટે અભિપ્રાય માંગ્યો.

'ના, મારે આ રીતે આગળ નથી વધવું. હું સૌની સાથે, સૌની જેમ જ આગળ વધીશ.' દિવ્યાબહેનનો જવાબ હતો. એક બાળકીનો આવો પ્રત્યુત્તર શાળા સંચાલકોનેય અચંબામાં મૂકી ગયો. આવી મક્કમતાના ધની હતા આપણા દિવ્યાબહેન મારવાડી.

૧લી ઓગસ્ટ ૧૯૩૧ના રોજ અમરેલીમાં જન્મેલા, મુંબઈમાં ભણેલા અને સેવાકીય કારકિર્દીની લાંબી સફર ગુજરાતમાં વ્યતીત કરી ચૂકેલા દિવ્યાબહેન મારવાડી છ ભાઈ અને બે બહેનોના વિશાળ પરિવારનાં સૌથી મોટાં સંતાન.

ગાંધીજી, સરદાર પટેલ, ક.મા. મુનશી, ઠક્કરબાપા, વિનોબા ભાવે અને આપણા મસીહા ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે તેમજ અનેક સ્વાતંત્ર્ય વીરો - વિરાંગનાઓ, સામાજિક આગેવાનો સાથે ઘરોબો ધરાવતા સામાજિક આગેવાન અને શિક્ષણશાસ્ત્રી એવા પિતા શામજીભાઈ મારવાડીના સંસ્કારવારસાને સૌ પ્રથમ ઝીલનાર સંતાન હતા દિવ્યાબહેન મારવાડી.

આજીવન ખાદી જ પહેરતાં, જીવનમાં સત્યના નિતાંત આગ્રહી, સમાજસેવક અને એ જમાનામાં સાચા 'દલિત મિત્ર' નો ખિતાબ પામેલા શામજીભાઈ મારવાડીની સુવાસ એવી તો હતી કે ખુદ સુભાષચંદ્ર બોઝ મુંબઈમાં એમના મહેમાન બનેલા. ડૉ. બાબાસાહેબ જેમ મહારાજા સયાજીરાવ ગાયકવાડની સ્કોલરશીપ મેળવી વિદેશ અભ્યાસ માટે જઈ શક્યા, તે જ રીતે શામજીભાઈ પણ તે પછી તેજસ્વી દલિત યુવાનોને વિદેશ અભ્યાસ માટે મહારાજા પાસેથી સ્કોલરશીપ મેળવી અપાવવામાં નિમિત્ત બનેલા.

આવા મહાન દલિત રત્નને ત્યાં જ દિવ્યાબહેન મારવાડી જેવા પ્રભાવી અને મેધાવી દીકરી પાકે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મુંબઈમાં લીધા બાદ દિવ્યાબહેન દેશની પ્રતિષ્ઠિત મુંબઈ યુનિવર્સિટીમાં સોશ્યોલોજી સાથે એમ.એ. થયાં. તે પછી ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સમાં પ્રવેશ મેળવી ડિપ્લોમા મેળવ્યો અને યુ.એસ.એ. જઈ ત્યાંના મીનીસોટા શહેરની યુનિવર્સિટીમાં જઈ સોશ્યલ વર્ક પરનો ડિપ્લોમા



**મુંબઈ યુનિવર્સિટીના પદવીધારક દિવ્યાબહેન મારવાડી**

પ્રાપ્ત કર્યો, ત્યાં સુધીનો દિવ્યાબહેનનો-એક દલિત દીકરીનો પ્રવાસ, દિવ્યાબહેનને એક પ્રતાપી અને પુરુષસમોવડી મહિલા તરીકેની ઓળખ આપવાને પર્યાપ્ત ગણાય. પણ ના, અભ્યાસને સંબંધિત શૈક્ષણિક કારકિર્દી બાદ દિવ્યાબહેને એક સાચા સમાજચિંતક તરીકે, મહિલાઓ, બાળકો અને વિશેષ કરીને અપંગ - અંધ અને ઉપેક્ષિત એવા સમાજ માટે આજીવન અપરિણિત રહીને સમર્પિત ભાવે જે બેમિસાલ કામગીરીના સીમાચિહ્નો સર કર્યા છે, એનો એક આગવો ઈતિહાસ છે, એક અનોખી - પ્રેરણાદાયી યશગાથા છે.

**દિવ્યાબહેનને એક પ્રતાપી અને પુરુષસમોવડી મહિલા તરીકેની ઓળખ આપવાને પર્યાપ્ત ગણાય. પણ ના, અભ્યાસને સંબંધિત શૈક્ષણિક કારકિર્દી બાદ દિવ્યાબહેને એક સાચા સમાજચિંતક તરીકે, મહિલાઓ, બાળકો અને વિશેષ કરીને અપંગ - અંધ અને ઉપેક્ષિત એવા સમાજ માટે આજીવન અપરિણિત રહીને સમર્પિત ભાવે જે બેમિસાલ કામગીરીના સીમાચિહ્નો સર કર્યા છે, એનો એક આગવો ઇતિહાસ છે, એક અનોખી - પ્રેરણાદાયી યશગાથા છે.**

૧૯૫૮માં ૨૭ વર્ષની યુવાવયે 'સોશ્યલ વેલ્ફેર' વિષય પરની નિપુણતા સાથે, કંઈક કરી છૂટવાની તમન્ના સાથે, બીજી પંચવર્ષીય યોજનાના સામાજિક નૈતિક અભિગમના ભાગરૂપે તે સમયના સમાજ કલ્યાણમંત્રીશ્રીના આગ્રહથી પાલનપુર (બનાસકાંઠા)ના નારી સંરક્ષણ કેન્દ્રના અધિક્ષક (સુપ્રિન્ટેન્ડન્ટ) તરીકેનો કાર્યભાર દિવ્યાબહેને સંભાળ્યો. મહિલાઓ માટે ન પ્રોત્સાહક કે ન પ્રેરક એવા એ સમયે, એક નવા પ્રદેશ - નવી ભૂમિ પર દિવ્યાબહેને પગ માંડતા જ નારી-વિરોધી માનસિકતાનો તેમણે સામનો કરવો પડ્યો. દિવ્યાબહેને પાલનપુરમાં નારી સંસ્થા શરૂ તો કરી પણ પ્રચંડ વિરોધ ઊઠ્યો. ત્યારના સમાજસેવિકા પુષ્પાબહેન કોઠારીના સાથ-સહકાર-પ્રેરણાથી દિવ્યાબહેન આગળ વધ્યાં. ખૂબ જ મહેનત કરી અને આખું વાતાવરણ જ બદલી નાખ્યું. ચાર વર્ષ સુધી આ સંસ્થાનું નિષ્ઠાભેર સંચાલન કરતાં રહીને કેટલાક અસામાજિક તત્ત્વ સમા પુરુષોના કુકર્મોથી કુંવારી માતાઓ બનેલી અનેક દીકરીઓ અને કંઈ કેટલીય વિધવાઓના પુનઃલગ્ન કરાવવામાં તેઓ સફળ થયા. કંઈ કેટલીય બહેનોના અંતરની સાચી વાત જાણીને, તેમને ભરણપોષણ અપાવ્યા અને છૂટાછેડા પણ અપાવ્યાં. એ સમયે દિવ્યાબહેનનું એ કાર્ય અને એમની આગેવાની સાચે જ એક ભારે સાહસનું કાર્ય હતું. જે તેમણે તેમના મક્કમ મનોબળ અને સાચી સમાજનિષ્ઠા સાથે પૂર્ણ કરી બતાવ્યું. આ ગાળા દરમિયાન એક સગીર છોકરી સાથે છેડછાન કરનાર માથાભારે પુરુષને, અનેક ધમકીઓ અને દબાણો વચ્ચે પુષ્પાબહેન જેલના સળિયા ગણાવીને જ જંપ્યા.




યુનો દ્વારા દિવ્યાબેનને મળેલ પ્રશસ્તિપત્ર

સરકાર અનુદાનિત શાળાઓ અને સંસ્થાઓનાં ગુજરાતનાં પ્રથમ મહિલા નિરીક્ષક થવાનું બહુમાન મેળવી ચૂકેલા દિવ્યાબહેને રાજ્યની સમાજ સુરક્ષા કચેરીના વડપણ હેઠળ વિશેષ કરીને ગ્રામ્ય વિસ્તારની ૨૫૦ ઉપરની સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લઈ, વિદ્યાર્થિનીઓ - મહિલાઓની સ્થિતિ અંગેનો અહેવાલ રાજ્ય સરકારમાં રજૂ કર્યો હતો.

દિવ્યાબહેનની ધગશની કદર કરીને રાજ્ય સરકાર દ્વારા તેમની 'ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સ'માં (૧૯૬૩થી ૧૯૬૫)માં મહિલા તજજ્ઞ તરીકે નિમણૂક થતાં, મુંબઈના માટુંગા, ઉમરખાડી, ચેમ્બુર, દેવનાર જેવા સ્થળો પર આવેલા ભિક્ષુક ગૃહો, રિમાન્ડ હોમ, નારી સંરક્ષણ ગૃહો, ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં મહિલાઓની વિકટ સ્થિતિનો અભ્યાસ કરી, તેમના સૂચનો રાજ્ય સરકારને આપવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપાઈ હતી.

અમદાવાદથી ૨૧ કિ.મી.ના અંતરે આવેલ ગાંધીનગર જિલ્લાના ડભોડા મુકામે કે જેમાં ૮૦ ટકા અસ્થિર મગજની બહેનો ભિક્ષકગૃહમાં લાચાર અવસ્થામાં જીવતી હતી, ત્યાં પણ સમર્પિત ભાવે પ્રશસ્ય કામગીરી બજાવનારા દિવ્યાબહેને ૧૯૭૦થી ૧૯૭૨ના સમયગાળા દરમિયાન વડોદરાના નારી સંરક્ષણ ગૃહના અધિક્ષક તરીકે પણ કામગીરી બજાવી. અહીં પણ સામાજિક રીતે પછાત એવી મહિલાઓને મહિલા કોન્સ્ટેબલ થવામાં અને અન્ય વ્યવસાય ક્ષેત્રે પગભર બનાવવામાં તેઓ નિમિત્ત બન્યાં. અનૈતિક વ્યવસાયમાં ફસાવી દેવાયેલી

કંઈ કેટલીય અબળાઓને 'નારી સુરક્ષાગૃહ'માં આશરો આપી, તેમના જીવન થાળે પાડવામાં પણ દિવ્યાબહેન નિમિત્ત બન્યાં. તેમની આ સેવાઓના પ્રતાપે જ ૧૯૭૦માં અમેરિકાના ઓહિયોમાં ૧૯૭૦માં યોજાયેલી સમાજસેવા ક્ષેત્રના નિષ્ણાતોની આંતરરાષ્ટ્રીય પરિષદમાં હિસ્સો લેવા તેમને સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યાં.

૧૯૭૨માં સરકાર દ્વારા અપંગો-વિકલાંગો માટેના ખાસ અધિકારી તરીકે તેમની નિમણૂક થઈ, જ્યાં અનેક નવી સંસ્થાઓ ઊભી કરી, વિકલાંગ કલ્યાણનો એક નવો જ વિચાર અને યોજનાઓ અમલી બનાવવામાં તેઓ નિમિત્ત બન્યાં.

૧૯૭૯માં સમાજસુરક્ષા વિભાગમાં નાયબ નિયામક તરીકે બઢતી સાથે, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમમાં સેક્રેટરી અને ત્યારબાદ મેનેજીંગ ડિરેકટરની જવાબદારી સંભાળનારા, તેમણે જેના માટે ભેખ ધારણ કર્યો હતો, તે નારી અધિકાર અને નારી સુરક્ષા ક્ષેત્રે ઘણા જ ક્રાંતિકારી કદમ ઉઠાવ્યાં.

છેક નિરીક્ષકના પદથી શરૂઆત કરનારા દિવ્યાબહેન એ જ સમાજ સુરક્ષા ખાતાના નિયામક કરીકે નિમાયાં, એ વર્ષ હતું ૧૯૮૫નું. આ પદ પર રહીને સરકારના પ્રતિનિધિ તરીકે દિવ્યાબહેને સ્વીડન, નોર્વે, ડેન્માર્ક, પાકિસ્તાન, યુએસએ જેવા અનેક દેશોની મુલાકાત લીધી. ૧૯૮૪ની સાલમાં ભારતમાંથી દત્તક લેવાયેલા અને ડેન્માર્કમાં સ્થાયી થયેલા, એ બાળકોની સ્થિતિ ત્યાં ડેનમાર્કમાં કેવી છે ? તેનો અભ્યાસ કરવા - અહેવાલ મેળવવા, ભારત સરકારના પ્રતિનિધિ તરીકે ખાસ દિવ્યાબહેનને મોકલવામાં આવ્યાં.

**અમદાવાદથી ૨૧ કિ.મી.ના અંતરે આવેલ ગાંધીનગર જિલ્લાના ડભોડા મુકામે કે જેમાં ૮૦ ટકા અસ્થિર મગજની બહેનો ભિક્ષકગૃહમાં લાચાર અવસ્થામાં જીવતી હતી, ત્યાં પણ સમર્પિત ભાવે પ્રશસ્ય કામગીરી બજાવનારા દિવ્યાબહેને ૧૯૭૦થી ૧૯૭૨ના સમયગાળા દરમિયાન વડોદરાના નારી સંરક્ષણ ગૃહના અધિક્ષક તરીકે પણ કામગીરી બજાવી**

ત્યક્તા, વિધવા, નિરાધાર, કુંવારી માતા, જેવી આપણી કરુણા અને સહાય ચાહતી બહેનોના પુનઃસ્થાપન અને ઉત્થાન માટે, આજીવન જેઓ સેવારત રહ્યા છે, એમાં એક અગ્રેસર નામ દિવ્યાબહેન મારવાડીનું પણ છે. અંધ-વિકલાંગ પણ સ્વાશ્રયી બનવા ચાહતા આપણા જ આ Differently able પરિવાર માટે હૃદયની અનુકંપા સાથે દિવ્યાબહેને જે પણ કાર્યો હાથ ધર્યા છે તે દીપી ઊઠ્યા છે અને એની સુવાસ ચોમેર પ્રસરી છે.

જીવનસંધ્યા, કસ્તુરબા ગાંધી નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ, નારી જ્યોત, મંગલ તીર્થ, વિકાસ ગૃહ, રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ, બાળ સુરક્ષા સમિતિ, સમાજ સુરક્ષા સમિતિ, આરોગ્ય સમિતિ, મહિલા ઉપેગકાર સમિતિ, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, મહિલા માર્ગદર્શન કેન્દ્ર, મહિલા પુસ્તકાલય જેવી અગણિત સંસ્થાઓ સાથે સક્રિયપણે સંલગ્ન રહેલા દિવ્યાબહેનને ગુજરાત રાજ્યમાં મહિલા આર્થિક વિકાસ નિગમની સ્થાપનાના પાયોનિયર તરીકે ઓળખવામાં આવે છે. સમાજસુરક્ષા વિભાગમાં નિયામક પદે રહી દિવ્યાબહેન સરકાર અને સામાજિક સંસ્થાઓ વચ્ચેની એક મજબૂત કડી બની રહ્યાં હતાં. સ્ત્રીઓને સંબંધિત કાયદાઓની પુસ્તિકા પ્રકાશિત કરવાની પહેલ પણ તેમની જ. અપંગ અને અંધ બહેનો માટે બેકરી, શાળાઓ અને આજે જેની બોલબાલા છે એ નોકરી કરતી બહેનો માટેની 'વર્કિંગ વુમેન હોસ્ટેલ'ની પરિકલ્પના પણ દિવ્યાબહેનની જ.

નિવૃત્તિ પછી પણ સતત એમને મનગમતી એવી મહિલાઉત્થાન અને વિકલાંગ કલ્યાણ પ્રવૃત્તિઓમાં સક્રિય રહેલાં દિવ્યાબહેન રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક ઇનામ-અકરામ-સન્માન મેળવી ચૂક્યા છે. પાછલા ૧૦૦વર્ષનાઇતિહાસમાંગણનાપાત્રપ્રદાન કરનાર ગુજરાતની મહિલાઓ પરના સંકલનમાં તેમજ સુશ્રી ટીના દોશી લિખિત 'મહિલા વિશ્વકોશ'માં પણ દિવ્યાબહેનનું નામ આદરપૂર્વક શોભી રહ્યું છે. નમ્રતા, સહૃદયતા, કાર્યનિષ્ઠા, સમર્પિતતા, કરુણા અને મક્કમતાના પ્રતીક સમા દિવ્યાબહેન મારવાડી ૭૬ વર્ષે ૨૦૦૭માં દેહાવસાન પામ્યાં પણ તેમણે કરેલાં કાર્યોની સુવાસ હજી એમ જ અકબંધ છે.

દિવ્યાબહેનની અમેરિકન સખી મિસ મેગી જોને દિવ્યાબહેનની ખૂબ સરસ ઓળખ આપી છે આ શબ્દોમાં :

Oh Miss Marwadi ! You are an Ahmedabadi !
In what a way you dress your hair !
It give me too much of glare !
No doubt you feel so proud !
Because you move with such a crowd !

આજે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા

વિભાગમાં નાયબ નિયામક ડૉ. હસમુખ પરમાર લખે છે : ‘જ્યારે રાજ્ય સરકારના વહીવટીતંત્રમાં મહિલાઓની અછત વર્તાતી હતી, તેવા સમયે એક મહિલા જ નહિ દલિત મહિલા તરીકે દિવ્યાબહેન મારવાડીએ સંવેદનશીલ સરકારી અધિકારી તરીકે કરેલ કામગીરી હંમેશા શિરમોર રહેશે. દલિત સમાજમાં એવી માન્યતા પ્રવર્તે છે કે, સરકારમાં બેઠેલા ઉચ્ચ દલિત અધિકારીઓ, દલિત સમાજ પ્રત્યે સંવેદનશીલ નથી હોતા પણ આ વાતમાં તથ્ય નથી. ત્યારે ઘણાને એ પણ ખબર નહોતી કે દિવ્યાબહેન દલિત સમાજનાં છે.’

ગુજરાત રાજ્યના જોઈન્ટ સેક્રેટરી (નાણાં) શ્રી ચંદ્રવદન મેકવાન તો સેવામૂર્તિ દિવ્યાબહેન મારવાડીને મધર ટેરેસા સાથે સરખાવી કહે છે : ‘સમાજસેવાની સાથોસાથ એક ઉમદા અધિકારી અને સજાગ વહીવટદાર તરીકે દિવ્યાબહેન ખૂબ લોકપ્રિય બન્યાં. તેઓ વહીવટના ઊંડા અભ્યાસી હતાં તેથી પોતાની કોઠાસૂઝથી લોકોપયોગી યોજનાઓ સરકાર દ્વારા શરૂ કરાવવામાં તેઓ સફળ રહ્યાં હતાં. ઉચ્ચ અધિકારીના પદે હોવા છતાં તેઓએ નમ્ર અને સંવેદનશીલ રહીને સમાજની સેવા કરી છે.’

દિવ્યાબહેનની સેવાકીય સફરના સાક્ષી એવા અનંત શાહ લખે છે : ‘સામાન્ય રીતે સરકારમાં ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન અધિકારી કાયદાની પરિભાષાનું અર્થઘટન પોતપોતાની રીતે કરતા હોય છે. ‘પ્રજાનું જે થવું હોય તે થાય’, પોતાની જવાબદારી ઊભી ન થાય અને કેમ છટકી જવાય તેનું ધ્યાન રાખીને નિર્ણયો લેતા હોય છે. બાબુઓની આ વૃત્તિને કારણે, વંચિતો માટે સરકારે બનાવેલી યોજનાઓ અસરકારક નીવડતી નથી. યોજનાઓ જેમના માટે બનાવવામાં આવી છે એવા દરિદ્રનારાયણ, દિવ્યાંગો કે છેવાડાના માણસોને તેનો પૂરેપૂરો લાભ મળે તે માટે, સરકારી અધિકારીઓએ કાયદાનું શબ્દશઃ અર્થઘટન કરવાના બદલે, કાયદાનું હાર્દ જોવું જોઈએ અને તેમાં પોતાની સંવેદનશીલતા જોડવી જોઈએ. કુ. દિવ્યાબહેન મારવાડી આવાં એક સંવેદનશીલ અધિકારી હતાં.’

દિવ્યાબહેન મારવાડીના સમાજસુરક્ષા નિયામક તરીકેના કાર્યકાળમાં વરિષ્ઠ સનદી અધિકારી રહેલા શ્રી પી. કે. વાલેરા પણ કહે છે : ‘સચિવાલય ખાતેની સચિવશ્રી કે મંત્રીશ્રી સમક્ષની બેઠકોમાં દિવ્યાબહેન તેમના અભિપ્રાયો/ સૂચનો ખૂબ અડગ રહીને કરતાં હતાં. સરકારી વિભાગોમાં પણ ભૂલ કે ક્ષતિ હોય તો, અધિકારીઓની નારાજી વેઠીને પણ પોતાનો અવાજ રજૂ કરતાં.’

દિવ્યાબહેનના ભાઈ ભરત મારવાડી બહેન સાથેની યાદોને તાજી કરતા કહે છે : ‘ગુજરાત રાજ્ય અલગ થતા જ મારા મોટા બાપુ સામંત મારવાડી અને મારા પિતા શામજી મારવાડીએ આઝાદીની ચળવળમાં, પૂ. બાપુ મહાત્મા ગાંધી સાથે રહીને આપેલ યોગદાન અને કરેલી સમાજસેવાને લક્ષ્યમાં રાખીને મારા બહેન ગુજરાત સરકારના સમાજસુરક્ષા વિભાગમાં જોડાયાં હતાં. આજીવન સરકારી નોકરી કરીને પણ તેમણે સેવાની સુવાસ ફેલાવી.’

આવા કર્મઠ આગેવાન અને મહિલાઓના ભલા માટે જીવન ન્યોચ્છાવર કરી દેનાર દિવ્યાબહેન મારવાડી ગુજરાતના જૂજ સેવાના ભેખધારી નારીરત્નોમાંનાં એક છે. એમના ઉચિત મરણોત્તર સન્માનની અપેક્ષા રાખવી અસ્થાને નથી.

આપણા મહાન સર્જક સ્વ. જોસેફ મેકવાને પણ એવો વસવસો વ્યક્ત કર્યો છે કે : ‘આજીવન અપરિણીત રહી, કઠોર પરિશ્રમથી ભરપૂર તપસ્વિની જીવન જીવી - નિષ્કામ કર્મયોગિની સિદ્ધ થઈ દિવ્યાબહેન છોંતેર વર્ષનું દીર્ઘ આયુષ્ય વટાવી ૨૦૦૭માં દિવંગત થયાં. વસવસો એટલો જ રહે છે કે, જાહેર જનતાએ તો એમને અઢળક શ્રદ્ધા - આદર ને પ્રેમ અર્પ્યાં, પણ ગુજરાત સરકાર એક સમર્પિત સેવિકાની કોઈ કદર ના કરી શકી.’

---

*‘છાંયડો’,*
*પ્લૉટ : ૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી,*
*સેક્ટર-૨૫, ગાંધીનગર :૩૮૨૦૨૪*
*મો.નં. ૯૮૨૫૬ ૩૨૮૩૮*

# વાર્તાકાર ચેખોવ

– *વિજય શાસ્ત્રી*

રશિયન વાર્તાકાર એન્ટન પાવલોવિચ ચૅખોવનો જન્મ ૧૮૬૦માં, અવસાન ૧૯૦૪માં. તેમના વાર્તાસંગ્રહોમાં Tales of Melpomene, In the twilight, Gloomy fote અને Russkaya Mysele મહત્ત્વના છે. પશ્ચિમી સર્જક સ્વિનબર્ગનું એક વિધાન છે. Matter dictates Manner કૃતિના વિષયવસ્તુ પ્રમાણે લેખનની રીતિ નિર્માણ પામે છે. ચેખોવની બાબતમાં આ વાત પૂરેપૂરી લાગુ નથી પડતી. તેમની 'ડેથ ઓફ એ ક્લર્ક' અને 'કોરસગર્લ' જેવી કૃતિઓનું વિષયવસ્તુ વાર્તાક્ષમ તો છે જ સાથે જ સરસ, ચૂસ્ત એકાંકી બનવાની પણ પૂરી ક્ષમતા ધરાવે છે. ચેખોવના જાણીતા વિવેચક william Boyd ચેખોવની Unsentimental લખાવટને તેનો વિશેષતા ગણે છે. ગુજરાતીમાં આવા બહારથી નિર્મમ અને રુક્ષ લાગતા કાકુ (Tone)માં લખાયેલી કૃતિઓ શોધવી હોય તો દ્વિરેફની 'મુકુન્દરાય', 'ખેમી', સુન્દરમ્‌ની 'ખોલકી' અને સુરેશ જોષીની 'જન્મોત્સવ' જેવી વાર્તાઓ તરત સ્મરણે ચડે. તટસ્થતાના અંચળા હેઠળ ભારોભાર સંવેદના અભિવ્યક્ત થતી હોય એવી આ રચનાઓ સાથે જયંતી દલાલની અને જયંત ખત્રીની પણ એકથી વધુ રચનાઓ યાદ આવે અતિરંજિતતા Melo-dramaનો આશ્રય લીધા વગર પણ આ બધી રચનાઓ પ્રભાવક અસરો જન્માવી શકે છે. ચેખોવની વાર્તાઓનું આ એક પ્રમુખ લક્ષણ ગણીએ તો બીજું, અનાયાસ નજર ચડતું લક્ષણ છે તેની પાત્રસૃષ્ટિ. ચેખોવનાં પાત્રો મહદ્ અંશે Underdogs છે. સામાજિક પરિપાટીની બહારના-submerged - છે. 'ઈસ્ટર ઈવ'નો આયરોનિમ હોડીવાળો, 'એક અજબ પ્રણય કિસ્સો[1]'નો સિસ્મકોવ, 'ડેથ ઓફ અકલર્ક'નો ચેરવ્યાકોફ અને બીજાં એકથી વધુ પાત્રો વ્યથિત પીડિત અને વધુ પડતાં સંવેદનશીલ છે. તેમની અતિસંવેદનશીલતા જ તેમની નિયતિ છે એ એક તરફ 'ડેથ ઓફ એ કલર્ક'ના ચેરવ્યાકોફના અને 'વોર્ડ નંબર સિક્સ'ના ડૉક્ટર રાગીનના પાત્રમાં બીજી તરફ પ્રગટ થાય છે. 'કારકુનનું મૃત્યુ' અર્ધગંભીર રીતિમાં તો 'વોર્ડનંબર સિક્સ' સાદ્યન્ત ગંભીર રીતિમાં નિર્વાહણ પામે છે. બંનેમાં મુખ્ય પાત્રો તેમની પ્રખર સંવેદનશીલતાને પરિણામે મૃત્યુ પામે છે. એકબીજી પણ તુલના સૂઝે છે. 'કોરસગર્લ'ની ગણિકા અને ગી દ મોપાસાંની દીર્ઘ રચના 'બૉલ ઓવ ફેટ[2]' ની નાયિકાઓ પર તિરસ્કૃતનું લેબલ લાગેલું છે. પણ હકીકતમાં તે બંને સંસ્કારી નીવડે છે જ્યારે ઉચ્ચ વર્ગનાં કહેવાતાં કુલીન પાત્રો અંદરખાનેથી અસંસ્કારી અને વિકૃત નીવડે છે.)

**તટસ્થતાના અંચળા હેઠળ ભારોભાર સંવેદના અભિવ્યક્ત થતી હોય એવી આ રચનાઓ સાથે જયંતી દલાલની અને જયંત ખત્રીની પણ એકથી વધુ રચનાઓ યાદ આવે અતિરંજિતતા Melo-dramaનો આશ્રય લીધા વગર પણ આ બધી રચનાઓ પ્રભાવક અસરો જન્માવી શકે છે ચેખોવની વાર્તાઓનું આ એક પ્રમુખ લક્ષણ ગણીએ તો બીજું, અનાયાસ નજર ચડતું લક્ષણ છે તેની પાત્રસૃષ્ટિ**

ગેર્હાડી 'નામના વિવેચકે ચેખોવને વાસ્તવિકતાના નકાર નહિ પણ અર્ધનકાર semidefiance કરનારા સર્જક ગણાવ્યા છે તે સાચું છે, કેમ કે ચેખોવ વાસ્તવિક્તામાં થઈને વાસ્તવિકતાથી પર (માનવચિતની) જતી રચનાઓ આપે છે. સ્થૂલ માનવસંદર્ભથી આરંભાતી તેમની એકાધિક રચનાઓ માનસિક / આધ્યાત્મિક વાસ્તવિક્તામાં જઈ પહોંચે છે. કેટલીક રચનાઓ સંદર્ભે આ બધાં લક્ષણોની ખરાઈ કરીએ તો -'

'ઈસ્ટર ઈવ'માં ગોત્વા નદીને સામે કાંઠે ઈશુનો જન્મોત્સવ ધૂમધડાકા અને આતશબાજી વડે ઊજવાઈ રહ્યો છે, જ્યારે આ કાંઠે યંત્રવત્ હોડી ફેરવતો રહેતો આયરોનિમ ઘોર અંધકારમાં ઊભો છે. આ કાંઠે અંધકારને સામે કાંઠે ઉજાસનું juxtaposition વિરોધસૂચક બને છે. હોડીવાળાને ઈશુદર્શનની પ્રબળ ઈચ્છા છે પણ તે તેની ફરજમાંથી મુક્ત થઈ શક્તો નથી. યંત્રવત્ હોડી ફેરવતો રહે તો આયરોનિમ સિસિફસની યાદ અપાવે છે. એક તરફ ફરજ અને બીજી તરફ ઈશુદર્શનની પ્રબળ ઝંખનાનું બીજું સંનિધિકરણ જોવા મળે છે. આ હોડીવાળાની ઈશુદર્શનની પ્રબળ ઝંખનાનું આલેખન ખાસ્સું પ્રસ્તારી છે. તે સાભિપ્રાય છે કેમકે વર્ણનની દીર્ઘતા તેની દર્શનઝંખનાને ઘૂંટે, વળ ચડાવે છે. આમ તો ઈશુનો જન્મ ગોત્વા નદીના સામે

૧. આ વાર્તાના ગુજરાતી અનુવાદ માટે જુઓ : 'વિશ્વની પ્રતિનિધિ વાર્તાઓ' અનુ.વિજય શાસ્ત્રી, આદર્શ પ્રકાશન, અમદાવાદ પૃ. ૪૦

૨. આ કૃતિના ગુજરાતી અનુવાદ માટે જુઓ : 'ત્રણ વિદેશી લઘુનવલો' હર્ષ પ્રકાશન અમદાવાદ પૃ. ૧૩૭

કાંઠે થાય છે, પણ ચેખોવે સાંકેતિક રીતિએ આ હોડીવાળાનાં અંતરમાં ઈશુજન્મ થઈ ચૂક્યો હોવાનું સૂચવી દે છે, જે સહૃદય ભાવકે સમજવું પડે. ચેખોવ માત્ર પાત્ર અને પરિસ્થિતિનાં ચિત્રાંકનો કરે છે, કરીને અટકી જાય છે. સ્પષ્ટ શબ્દોમાં કશી ચોખવટો કરતા નથી. The real artist never talks about the main thing - આ મતલબનું વિધાન પશ્ચિમમાં થયું છે. (વાક્યના શબ્દો બરાબર યાદ નથી. વિ.) હોડીવાળાના અંતરમાં સાચો ઈશુજન્મોત્સવ આકારિત થયો છે એવું ચેખોવ પોતે થઈને ક્યાંય કહેતા નથી. તમારી સામે પાત્ર અને તેની પરિસ્થિતિ મૂકી આપે છે. અર્થઘટન વાચકે કરવાનું રહે. પશ્ચિમમાં, પછીનાં વર્ષોમાં Act of reading - નો જે મહિમા થયો તે ચેખોવની કૃતિમાં કામે લગાડવી શકાય. લોકટોળાં તો ફક્ત બાહ્યાચાર (જે મિથ્યાચાર પણ છે જ) માં જ વ્યસ્ત અને મસ્ત છે જ્યારે બીજી તરફ આ હોડીવાળો નિર્જન, નીરવતામાં ચૂપચાપ ઈશુને પોતાનામાં જન્માવી ચૂક્યો છે. ખ્રિસ્તી પરંપરામાં પુનર્જન્મનો ખાસ્સો મહિમા છે. રશિયન લેખકો પર આ પરંપરાનો ખાસ્સો પ્રભાવ પણ દેખાય છે. ટોલ્સ્ટોયે તો 'Ressurection' નામની નવલકથા લખેલી (જેનો ગુજરાતી અનુવાદ વિ.મ. ભટ્ટે 'પુનરાવતાર' નામે કરેલો એવો ખ્યાલ છે - વિ.) દોસ્તોયેવસ્કીની 'બ્રધર્સ કરામોઝાવ'માં પણ 'ધ ગ્રાન્ડ ઈન્કિવઝીટર'. નામક પેટાખંડ આવે છે.

**'ઈસ્ટર ઈવ'માં ગોત્વા નદીને સામે કાંઠે ઈશુનો જન્મોત્સવ ધૂમધડાકા અને આતશબાજી વડે ઊજવાઈ રહ્યો છે જ્યારે આ કાંઠે યંત્રવત્ હોડી ફેરવતો રહેતો આયરોનિમ ઘોર અંધકારમાં ઊભો છે. આ કાંઠે અંધકારને સામે કાંઠે ઉજાસનું** juxtaposition **વિરોધસૂચક બને છે. હોડીવાળાને ઈશુદર્શનની પ્રબળ ઇચ્છા છે પણ તે તેની ફરજમાંથી મુક્ત થઈ શક્તો નથી**

સહેજ વિષયાન્તર કરીને આ સંદર્ભે પ્લેટોને યાદ કરવા જેવો છે. એણે 'Republic' ગ્રંથમાં 'Idea' અને 'Appearance' એવા બે સંપ્રત્યયોની વાત કરી છે. સ્થૂળ દેખાવ - 'Appearance- નાશવંત હોઈ મિથ્યા છે. પણ આંતરસત્ત્વ Idea - અમર છે, અવિનાશી છે માટે સત્ય છે. વૃક્ષ નાશ પામે છે પણ વૃક્ષત્વ નાશ પામતું નથી. આ ન્યાયે ઈશુ મરણશીલ છે પણ ઈશુત્વ અવિનાશી છે અને તે સાધુ નિકોલાય અને હોડીવાળા આયરોનિમ જેવાં પાત્રોમાં જીવંત છે. ઈશુનું આ બે સિવાય, વાર્તાને અંતે એકબીજા પાત્રમાં પણ રૂપાંતર થતું લેખક દર્શાવે છે. એ ત્રીજું પાત્ર છે હોડીમાં મુસાફરી કરી રહેલી એક સ્ત્રીનું. ઈશુદર્શનની ઝંખનાથી ગ્રસ્ત હોડીવાળાની દૃષ્ટિ આ સ્ત્રીના ચહેરે સ્થિર થઈ જાય છે ત્યારે ચેખોવ એક વાક્ય લખે છે : 'એ પ્રમાણે ટીકી રહેલી તેની આંખોમાં એક પુરુષની નજર જરાયે નહોતી.'[૩]

સાધુ નિકોલાય મૃત્યુ પામ્યા છે છતાં તેમણે રચેલા સ્તોત્રો વડે જાણે જીવંત છે, તેથી નિકોલાયનું મરણ ફક્ત દૈહિક જ ગણાય. હોડીવાળાનું ઈશુમાં થતું મેટામોર્ફોસિસ સામે કાંઠે થતી ઊજવણીનું મિથ્યાત્વ પણ સૂચવે છે. બાહ્ય વાસ્તવિકતાનો આંતરિક વાસ્તવિકતા વડે છેદ ઊડી જાય છે. એ જોતાં વાસ્તવિક્તાનું તિરોધાન - semi defiance તેની આ (અને બીજી પણ કેટલીક) કૃતિઓમાં જોઈ શકાશે. ચેખોવને નિરાશા સ્વીકાર્ય નથી. નિરાશામાંથી જ આશાનું પ્રાગટ્ય અભિપ્રેત છે, તેથી તેને pessimist નહિ પણ Meliorist કહેવો વધુ સાચું ગણાય.

'ઈસ્ટરની સાંજે' તો સાદ્યન્ત કરુણગંભીર કાકુ (Tone)માં લખાયેલી છે પણ ચેખોવની કાકુગત - Tonal અને રચનાગત વિવિધતા જોવી હોય તો તેની 'એક અજબ પ્રણયકિસ્સો'[૪] માંથી પસાર થવું રહ્યું. વાર્તાની પ્રત્યેક વિગત સાભિપ્રાયપણે આવે છે. સંગીતકાર સિસ્મકીવ બહુ 'દૂરથી', 'પગપાળો', 'તાપતડકો ખમતો' રાજકુમાર બિલુલોવની બહેનના વિવાહમાં પોતાનું ' મહાકાય' વાજિંત્ર લઈને જઈ રહ્યો છે. અવતરણચિહ્નમાં મૂકેલા શબ્દોને કારણે તેને થાક લાગ્યો છે. આ સંજોગોમાં શીતળજળનું તળાવ તેની નજરે પડે એટલે તેમાં ડૂબકી મારવાનું તેને મન થાય એ સ્વાભાવિક અને પ્રતીતિકર લાગે છે. પાત્રવર્તનની પ્રતીતિકરતા ઊપજાવવા પરિસ્થિતિ નિર્ણાયક ભાગ ભજવે છે. તે પોતાનાં તમામ વસ્ત્રો ઉતારીને પાણીમાં કૂદી પડે એ પણ સાવ સ્વાભાવિક છે કેમ કે આમ (કપડાં ઉતારી પાણીમાં ડૂબકી લગાવતી) કરતી વખતે આજુબાજુ કોઈ કરતાં કોઈ નથી. સાવ નિર્જન સ્થળ છે. ટાઈમસેન્સ હવે જોવા જેવી છે. સંગીતકાર પાણીમાં ખાબકે ત્યારે ત્યાં કોઈ હોય નહિ, પણ પાણીમાં પડ્યા 'પછી' તેને કિનારે બેસીને માછલી પકડતી યુવતી દેખાય છે. આ યુવતી ખૂબસૂરત છે તે મહત્ત્વની વિગત છે કેમકે, ખૂબસૂરતીથી

૩. 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ' અનુ. જયન્ત પાઠક, રમણ પાઠક, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પૃ. ૨૮.
૪. 'વિશ્વની પ્રતિનિધિ વાર્તાઓ' અનુઃ વિજય શાસ્ત્રી, આદર્શ પ્રકાશન, અમદાવાદ પૃ. ૪૦થી ૪૭

આકર્ષાઈને આ સંગીતકાર તેના પ્રેમમાં પડે છે. પ્રેમ પ્રદર્શિત કરવા તે પુષ્પગુચ્છ બનાવીને યુવતીની પાણીમાં ડૂબેલી લાકડીના છેડે બાંધે છે. સંગીતકાર પાણીમાંથી બહાર નીકળે છે ત્યારે તેનાં વસ્ત્રો ચોરાઈ ગયાં હોય છે. આ પુષ્પગુચ્છમાં પાણી ભરાવાથી તે વજનદાર બની જાય છે. પેલી યુવતી કૃશકાય છે માટે વજનદાર લાકડી ઊંચકી શક્તી નથી. તેથી તે પોતાનાં વસ્ત્રો ઉતારીને પાણીમાં ખાબકે છે. બધી જ વિગતો કાર્યકારણસંબંધથી ગૂંથાયેલી છે જે ચેખોવની વાર્તાકલાનો એક હૃદ્ય ઉન્મેષ ગણી શકાય. સંગીતકાર પાણીમાંથી બહાર આવીને ભાગી છૂટે તે દરમિયાન પેલી યુવતી આંખો મીંચીને બેઠેલી બતાવાઈ છે - માછલી પકડાવાની રાહ લાંબા સમયથી જોતી હોઈ, આંખો મીંચેલી હોય એ પણ સાવ સ્વાભાવિક અને પ્રતીતિકર બને છે. યુવતી સશક્ત હોત તો પરિસ્થિતિ જુદી હોત. તેને વસ્ત્રો ઉતારી પાણીમાં પડવાની જરૂર ન પડતે. અને તો વાર્તા જે દિશામાં આગળ વધે છે તે શક્ય બન્યું ન હોત. પાત્રનું શારીરિક કદ પણ વાર્તા માટે કેવું નિર્ણાયક બને છે તે જોઈ શકાય છે. પાણીમાં પડી, વાંસપટ્ટી બહાર કાઢી તે કિનારે પાછી આવે છે તો - તેનાં કપડાં પણ ચોરાઈ ગયાં હોય છે. બેબાકળી બની, આશરો શોધતી તે પણ એજ સ્થળે પહોંચી જાય છે, જ્યાં પેલો સંગીતકાર છૂપાયો છે ! ઝાડપાંદડાંની આડશે બંને વચ્ચે વાર્તાલાપ થાય છે. યુવતી પોતાની ઓળખ રાજકુમારી બિબુલોવા તરીકે આપે છે. સંગીતકારનું વાજિંત્ર પણ 'મહાકાય' બતાવાયું છે, તેનો (વાંજિત્રનો) કોથળો પણ એટલો જ મોટો છે. આ યુવતી નાજુકનમણી છે એટલે સંગીતકારની વિનંતીથી તે આ કોથળામાં ભરાય છે અને સંગીતકાર તે કોથળામાં ભરાયેલી બિબુલોવાને ઊંચકીને મહેલ તરફ ચાલવાનું શરૂ કરે છે, ત્યાં જ રસ્તામાં માથે કપડાંનું પોટલું ઊંચકીને જતો માણસ દેખાય છે. તેને કપડાંચોર માની, પકડવા, રાજકુમારીવાળો કોથળો ખભેથી નીચે ઉતારી સિસ્મકોવ ચોરની પાછળ દોડે છે. પણ ચોર પકડાતો નથી એટલે ખાલી હાથ પાછો ફરે છે. અહીં વળી એક ટાઈમસેન્સ દર્શાવતી ઘટનાની નોંધ લેવી જરૂરી છે. સંગીતકાર ચોરને પકડવા ગયો હોય એ જ સમયે (રિપીટ : એ જ સમયે) સંગીતકારના બે મિત્રો ત્યાંથી પસાર થાય. આ તો આપણા મિત્ર સિસ્મકોવનું વાજિંત્ર છે એમ ઓળખી જાય, કશી તપાસ કર્યા વગર, સિસ્મકોવની પણ કશે તપાસ કર્યા વગર કોથળો (જેમાં રાજકુમારી બિબુલોવા છે !) ઊંચકી ચાલતા થાય ને છેક મહેલે પહોંચે ત્યાં બધો ઘટસ્ફોટ થાય !

**સંગીતકાર ચોરને પકડવા ગયો હોય એ જ સમયે (રિપીટ : એ જ સમયે) સંગીતકારના બે મિત્રો ત્યાંથી પસાર થાય. આ તો આપણા મિત્ર સિસ્મકોવનું વાજિંત્ર છે એમ ઓળખી જાય, કશી તપાસ કર્યા વગર, સિસ્મકોવની પણ કશે તપાસ કર્યા વગર કોથળો (જેમાં રાજકુમારી બિબુલોવા છે !) ઊંચકી ચાલતા થાય ને છેક મહેલે પહોંચે ત્યાં બધો ઘટસ્ફોટ થાય !**

આ તરફ ચોરને પકડવામાં નિષ્ફળ રહેલો સંગીતકાર રાજકુમારીના પ્રેમમાં પડી ચૂક્યો હોઈ 'હું એને શોધીને જ જંપીશ' એવો દૃઢ સંકલ્પ કરી તેની શોધ આદરે છે. હવે સર્વજ્ઞના કથનકેન્દ્રથી ચેખોવ જે વિધાનો કરે છે તે ચેખોવિયન વાર્તાકલાનો આગવો ઉન્મેષ છે. લેખક નોંધે છે :

"આજે પણ એ વિસ્તારમાં રહેતા ખેડૂતો બતાવી શકે છે કે કઈ રીતે રાત્રે પગરસ્તાના પુલ પાસે હેટ પહેરેલી, લાંબા વાળવાળી, નગ્ન માનવ-આકૃતિ કશુંક શોધતી દેખાય છે.[૫]

વાસ્તવિકતામાં થઈને તીવ્ર ભાવનાત્મકતામાં થતું Initiation ચેખોવની કલાનું દ્યોતક બને છે.

વાર્તાકાર તરીકે ચેખોવનો એકબીજો ઉન્મેષ નોંધ લેવા જેવો છે. 'વોર્ડનંબર સિક્સ' જેવી સાદ્યન્ત કરુણગંભીરમાં નિર્વાહણ કરતી વાર્તાને સામે છેડે 'કાંચિડો' અને 'ડેથ ઓફ એ કલર્ક'[૬]. જેવી અર્ધગંભીર રચનાઓ પણ તપાસવા જેવી છે 'કારકુનનું મૃત્યુ' વાર્તાના આરંભે ચેરવ્યાકોફ નામનો કારકુન એક કાર્યક્રમ જોતો બેઠો છે. લેખકે આરંભે જ 'મજાની રાત્રે', 'મજાનો કારકુન' જેવા શબ્દો પ્રયોજ્યા છે, એ નાટ્યાત્મક વક્રોક્તિના સૂચક છે કેમ કે આવો 'મજાનો કારકુન' વાર્તાને અંતે મરણ પામે છે ! આ માણસને એકાએક છીંક આવે, તેના છાંટા આગલી હરોળમાં બેઠેલા એક ઉપરી અધિકારી પર પડે, આ કારકુન ગભરું છે, કારણ કે કારકુન છે ! તેથી ગભરાઈને માફી માગે, ઉપરી તેના તોરમાં તેને અવગણે, પરિણામે ગભરાટ વધે, વારંવાર માફીના પ્રયત્નો અને ઉપરી અધિકારી દ્વારા થતી તેની ઉપેક્ષા સાભિપ્રાય છે કેમ કે તેનાથી ચેરવ્યાકોફનો ગભરાટ અને બીક ઘૂંટાય છે, તેને વળ ચડે છે અને છેવટે તે મરણ પામે છે. આખી વાત પૂરી નાટ્યક્ષમ બને છે. કારકુનના મરણ માટે તેની પોતાની અતિસંવેદનશીલતા અને તેને વળ ચડાવનાર ઉપરીનું

૫. અને ક્યારેક એ પુલની નીચે વાજિંત્રનો મધુર ધ્વનિ પણ હવામાં ભળી જતો સંભળાય છે.

૬. આ બંને વાર્તાઓની વિસ્તૃત સમીક્ષા માટે 'પરિપૂર્તિ' ડૉ. રતિલાલ રોહિતનું પુસ્તક જિજ્ઞાસુઓએ જોવા જેવું છે.


ઉપેક્ષાભર્યું વર્તન બંને જવાબદાર છે. આ બે વાનાંને juxtapose કરીને ચેખોવે વાર્તાની ચૂસ્તબંધ આકૃતિ નીપજાવી છે.

ચેખોવની સાથે સાથે જ ફ્રાન્સના મોપાસાંનું નામ લેવાતું રહ્યું છે. બંનેની સર્જક ઓળખ જુદી છે છતાં ગી દ મોપાસાંની 'બોલ ઓવ ફેટ'૭ અને ચેખોવની 'કોરસગર્લ' અનાયાસે જ કેટલાંક સામ્યો (અને ભેદ પણ) દાખવે છે. 'કોરસગર્લ'ની ધંધાદારી નાયિકા પાશાને 'બોલ ઓવ ફેટ'ની રોઝેટ સાથે સરખાવી શકાય. રોઝેટ સમાજના ઉન્નતભ્રૂવર્ગ દ્વારા હડધૂત થતી રહે છે. છતાં આ જ વર્ગ કટોકટીના સમયે તેના દ્વારા અપાયેલું ભોજન સ્વીકારતાં ખચકાટ અનુભવતો નથી. ખરી સંસ્કારી આ કહેવાતી અસંસ્કારી સ્ત્રી છે. અને ખરા અસંસ્કારી કહેવાતા સંસ્કારી ઉચ્ચ વર્ગનાં લોકો છે. આ જ થીમ જાણે ચેખોવની 'ગાનારી'માં જુદા પરિવેશમાં રજૂ થયું છે. ગાનારી પાશાની સાથે અવૈધ સંબંધ ધરાવતો પરિણીત કાલ્પાકોફ પાશાને ત્યાં હાજર હોય ત્યારે જ તેની પત્નીનું ત્યાં આગમન થાય એવી દશ્યયોજના નાટ્યક્ષમ છે. ગણિકાને ત્યાં છુપાઈ ગયેલો કાલ્પાકોફ પત્ની અને પ્રેમિકાના ઉગ્ર સંવાદોનો શ્રોતા બને છે. પાશા પોતાની સ્થિતિથી શરમસંકોચનો અનુભવ કરે એ તેની કુલીનતા દર્શાવે છે જ્યારે બીજી તરફ કાલ્પાકોફની પત્ની 'ગૃહિણી' અને સંસ્કારી સ્ત્રી કહેવાતી હોવા છતાં અપશબ્દો કશાય ખચકાટ વગર વરસાવે છે. આમ, બે સ્ત્રીઓનાં વિરોધ મૂલક સંનિધિકરણ વડે લેખકે મૂલ્યવિપયસિ તાક્યો છે. નિર્દોષ પાશા ઉચ્ચ વર્ગની સ્ત્રી સમક્ષ લઘુતાગ્રંથિ અનુભવે અને પૈસા, દાગીના તેના ચરણે ધરી દે છતાં તેનું બલિદાન વ્યર્થ નીવડે અને ક્લ્પાકોફ પત્નીનો પક્ષ લઈ પાશાને હડધૂત કરે, એ આખી વાત રશિયન સમાજમાં underdogs ગણાતા વર્ગને જે સહન કરવાનું થાય છે તેને નાટ્યક્ષમ રીતિએ વ્યક્ત કરી આપે છે. ક્યાંય ભાવુકતાવાચક શબ્દોનો પ્રયોગ થયો નથી. મેલોડ્રામાનો આધાર લેવાયો નથી. નિર્મમતાના કાકુમાં વહેતી વાત ભારોભાર પીડિત પાત્રોની વ્યથા પરત્વે મમત્વ અને સમભાવ પ્રગટાવી રહે છે. Tonal effect ચેખોવની વાર્તાકલાનો એક સબળ અંશ છે તે આ(વી) વાર્તા (ઓ) પરથી સમજી શકાય તેમ છે. સાવ નિર્દોષ એવી પાશા જ સૌથી વધુ પીડિત બની રહે એ કરુણવક્રતા કથનના કાકુને લીધે જ વેધક બને છે.

**ચેખોવની સાથે સાથે જ ફ્રાન્સના મોપાસાંનું નામ લેવાતું રહ્યું છે.બંનેની સર્જક ઓળખ જુદી છે છતાં ગી દ મોપાસાંની 'બોલ ઓવ ફેટ' અને ચેખોવની 'કોરસગર્લ' અનાયાસે જ કેટલાંક સામ્યો (અને ભેદ પણ) દાખવે છે.'કોરસગર્લ'ની ધંધાદારી નાયિકા પાશાને 'બોલ ઓવ ફેટ'ની રોઝેટ સાથે સરખાવી શકાય**

ચેખોવની પાત્રસૃષ્ટિ પર દૃષ્ટિપાત કરીએ તો એક તરફ તેમાં સિસ્મકોવ, આયરોનિમ, ચેરવ્યાકોફ, ડૉ. રાગીન અને પાશા જેવાં અતિસંવેદનશીલ સ્ત્રીપુરુષો છે, તો બીજી તરફ 'કોરસગર્લ' નો કાલ્પાકોફ, કારકુનનું મૃત્યુ' નો ઉપરી અધિકારી, 'વૉડનંબર સિક્સ'૮નો નિકિતા જેવાં સંવેદનહીન અને કઠોર પાત્રો છે. ભલાભોળા, નિર્દોષ અને સંવેદનપ્રધાન પાત્રોની કરુણતા તેમને ભટકાતાં ક્રૂરકઠોર પાત્રોને આભારી છે. એ જોઈ શકાય છે. સત્પાત્રોનું કારુણ્ય અને પતન વાચકમાં કરુણ હતાશાની લાગણી જન્માવતાં લાગે છતાં ચેખોવને સંપૂર્ણતયા નિરાશાવાદી ગણી લેવા જેવો નથી કેમ કે 'ઈસ્ટર ઈવ' જેવી વાર્તામાં હતાશનિરાશ આયરોનિમને છેવટે એક સુકુમાર નિર્દોષ સ્ત્રીના ચહેરામાં, જેની તેને પ્રબળ ઝંખના છે તે ઈશુનાં દર્શન થાય છે. એટલે ઘોર નિરાશામાંથી પણ નાનકડું આશાકિરણ વ્યક્ત થતું તે આલેખે છે તે ઘટનાને પણ પોતાનું રહસ્ય-માહત્મ્ય વ્યક્ત છે અને તે ચેખોવને pessirrist નહિ પણ Meliorist ઠરાવે છે.૯

*જે-૩-૩૦૨, મુક્તાનંદ,*
*અડાજણ રોડ, સૂરત - ૩૯૫ ૦૦૯*
*મો. ૦૯૮૨૫૨૮૦૧૫૫*



૭. આ વાર્તાના અનુવાદ માટે જુઓ : 'ત્રણ વિદેશી લઘુનવલો' વિજય શાસ્ત્રી હર્ષ પ્રકાશન, અમદાવાદ પૃ. ૧૩૭થી ૧૯૬.

૮. આ વાર્તાની વિશેષ ચર્ચા માટે જુઓ : 'તથાકથિત, (પુસ્તક) લે : વિજય શાસ્ત્રી, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ : ૧૯૮૭, પૃ. ૮૩ થી ૮૭

૯. webster's seventh New Collegiate Dictionary _૧૯૭૦માં જણાવાયા મુજબ Meliorism : the belief that the world tends to become better and that man can aid its betterment P : 517

૯૮ મુંબઈ યુનિવર્સિટી વડે મીઠીબાઈ કૉલેજ (વિલેપારલા) ખાતે તા.૬-૧-૨૦૧૬ના રોજ ચેખવ વિષયક અને દિવસીય પરિસંવાદમાં અપાયેલું વક્તવ્ય સુધારા વધારા સાથે.

# સૌરાષ્ટ્રની સંતવાણીનું સર્વાંગી દર્શન

*– લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી*

**સૌ**રાષ્ટ્ર એટલે અનેક ધર્મોની ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે ધર્મોનું સંગ્રહાલય, સૌરાષ્ટ્ર એટલે સર્વ સંપ્રદાયોને મતોની સમન્વયની ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે તત્ત્વજ્ઞાનના યોગેશ્વરની ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે સંતો, ભક્તો, ત્યાગી, તપસ્વી, ધર્મવીરો, શૂરવીરો, ધર્મપંડિતો, મહાત્માઓ, ધર્મ-પ્રવર્તકો, જતી, સતી, જોગમાયાઓની સતની ભૂમિ- આ બધાને કારણે શ્રી ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રની ધર્મ સાધનાને બહુરંગી ચૂંદડી તરીકે ઓળખાવી છે.

સૌરાષ્ટ્રમાં સેવાધર્મનાં અમરધામો સ્થાપનાર શીલવંત સોરઠી સંતોની સાધુતા જગવિખ્યાત છે. આ સોરઠી સંતો શાસ્ત્રો ભણી શાસ્ત્રી, વિદ્વાન કે પંડિતો થયા ન હતા, પુરાણો કે ઉપનિષદો કે અન્ય શાસ્ત્રો વાંચ્યાં ન હતાં, આધ્યાત્મિકતાનો મત, સંપ્રદાય કે ધર્મ પ્રવર્તાવ્યો ન હતો, પરંતુ માનવ, પશુ, પ્રાણીઓ, પક્ષીઓ ને પ્રત્યેક જીવ માત્રની સેવાને પરમોધર્મ માની પ્રભુ સેવાનો સાક્ષાત્કાર અનુભવતા, આતિથ્ય સત્કારને આતિથ્ય સેવાના પ્રત્યક્ષ ઉમદા પાઠ ભણાવતાં, છૂટે હાથે અન્નદાન ને વસ્ત્રદાન કરતાં, સર્વધર્મ સમભાવ શિખવતાં, સદાચારનો મંત્ર ભણતાં, માનવતા, સમાનતા, નીતિમત્તા, એકતાના સદાયે આગ્રહી રહેતા, સાધુતા, ત્યાગનો, નિર્ભયતાના આકરા સબક શિખડાવતાં, દુઃખી દર્દીને આપત્તકાલીનને અભયપદ આપતાં, નિઃસ્વાર્થે સમગ્ર સમષ્ટિનું હિત કરનારા, સંસારમાં રહીને પણ પાંપણનાં પલકારાની જેમ છાના ખૂણે આધ્યાત્મમાર્ગે વિકાસ સાધનારા, માનવત્વને સાચાં અર્થમાં જાણનારા, માણનારા, પ્રકૃતિનું, ઐશ્વર્યનું પરમતત્વનું દર્શન કરનારા સત માનવ સંસ્કૃતિનાં પ્રતીક સમા આનંદી, મરમી, ધરમી, કરમી, યોગી, સાદા, સરળ ને સેવાર્થી લોકસંતો હતા ને લોકધર્મના પયગમ્બરો હતા. આ સોરઠી સંતોએ ફિલસૂફીનાં ઊંચામાં ઊંચા શિખરો સર કરી સોરઠી સતવેલની ધજા ફરકતી રાખી છે. આ સંતો એ સાંજની સંધ્યાથી માંડી પ્રભાતનાં પહોરના પ્રભાતિયાં સુધીના, અનેક પ્રકારની શબ્દબ્રહ્મ અને નાદબ્રહ્મની ઉપાસના માટે પરબ્રહ્મ, સદ્‌ગુરુ, પરમતત્વને પામવા માટે બોધ-ઉપદેશ તેમજ સાધનાની પ્રારંભથી બ્રહ્માનુભૂતિ- આત્માનુભૂતિ, બ્રહ્મસાક્ષાત્કાર સુધીની વિવિધ ભૂમિકા - મંજિલ હોય છે, તેની પ્રવાહી રાગદારી સ્વરૂપમાં સાદી, સીધી, સરળ સોંસરવી લોકબોલીમાં સંતવાણી-ભજનવાણી રચી છે. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૨માં જણાવ્યા પ્રમાણે : ''પુસ્તક નહીં પણ પંડનો અનુભવ આ પરંપરાના સંતકવિઓની મોટી મૂડી છે. એથી એમની સાધના શાસ્ત્ર સંમત નહીં પણ અનુભવસમંત સાધના તરીકે પણ ઓળખાવવી ઘટે.'' એને સંતવાણી કહેવામાં આવે છે. આ સંતવાણી એ સોરઠી લોકધર્મનું અને સોરઠી સંતસાહિત્યનું મુખ્ય અંગ ગણાય છે, જે ભજનવાણી છે.

**સંતવાણીનું સાહિત્યિક સ્વરૂપ :** પદ સંસ્કૃત શબ્દ છે. જે ચરણના અર્થમાં પ્રયોજાય છે. પદ ચરણમાંથી કડી, કડીમાંથી કડી સમૂહમાં વિકસીત થયેલો પદ્ય પ્રકાર છે. જે લઘુકાવ્યનો એક પ્રકાર છે, સમગ્ર મધ્યકાલીન કવિઓનો કાવ્યસર્જનમાં સૌથી વધુ પ્રિય પ્રકાર રહ્યો હોય, તો તે પદનો જ રહ્યો છે.


સંતવાણી અર્થાત્ ભજન પણ પદનો એક પ્રકાર મનાય છે. આ અંગે ડૉ. શ્રી ચંદ્રકાન્ત મહેતા લખે છે કે ''પદના પ્રકાર વિશે વિચારતાં વસ્તુદૃષ્ટિએ પ્રથમ ભજન આવે છે. ભજનમાં ઈશ્વરસ્તુતિ, જગતનું મિથ્યાતત્ત્વ, પરબ્રહ્મની મહત્તા તથા ભવ્યતા, આત્મા પરમાત્માનું સાયુજ્ય, પરમતત્ત્વ જોડે એકતા સાધતા આનંદ, મૂર્છા, જગત પ્રત્યેનો નિર્વેદ, ઈશ્વર શ્રદ્ધા - એમ વિધ વિધ ભાવો આલેખાયેલા હોય છે.'' ડોલરરાય માંકડ ''ભજનને ઈષ્ટદેવ કે ઈષ્ટતત્ત્વને સેવવાને રચાયેલું પદ કહે છે.













એમાં ભક્તિનું મુખ્ય તત્ત્વ સમર્પણ દર્શાવાય છે.''

ભજન મોટે ભાગે પાંચ સાત કડીનું ઊર્મિસભર પદનું વિસ્તૃત સ્વરૂપ છે. ભજનવાણીમાં સંત, ભક્ત, સાધક કવિઓનો ભક્તિભાવ અને ચિંતનનું ગાંભીર્ય તેમજ સ્વરની સાધના ભળેલી છે. ભજનમાં ભાવોદ્ગાર હોય. લાગણીની જ્યાં ઉત્કટતા હોય ત્યાં ગેય રચનાનું સ્વરૂપ ટૂંકું હોય છે. ભજનની વાણી અનેકાર્થી, લોકમનોહર, અલ્પાક્ષરી મધુર અને સત્યપૂર્ણ એ નિશ્ચિયાત્મક હોય છે. એમાં વાણી વિલાસ નથી પરંતુ જીવનનું, સાત્વિકતાનું સતનું, ચિંતન તળપદા લાક્ષણિક શબ્દ પ્રયોગોમાં રજૂ થાય છે. ભજનની લોકવાણીમાં મીઠાશભરી ટેકપંક્તિઓ, ધ્રુવપદો ચોટદાર મધુરને ઉઠાવદાર, હૈયા સોંસરવી ઊતરી જાય તેવી તીક્ષ્ણ અને વેધક હોય છે. તળપદા ગ્રામીણ શબ્દો, લય, રાગ, ઢંગ અને ઢાળને કારણે એની રજૂઆત અત્યંત પ્રભાવક હોય છે. ભજનમાં વૈયક્તિ અનુભૂતિને વાચા આપવામાં આવતી હોવાથી તેમજ સામૂહિક અનુભૂતિ ન હોવાથી તેનો સમાવેશ લોકગીતમાં કરવા અંગે વિવાદ છે, પરંતુ હકીકતે લોકસાહિત્યનાં પદનું બોધપ્રધાન સાહિત્ય છે. પ્રા. શ્રી જશવંત શેખડીવાળાના મતે : ''ભજનો પણ લોકસાહિત્યનાં પદ્ય-સ્વરૂપોની અંતર્ગત આવે. તે એવાં લોકગીતો છે, જેમાં ઈશ્વર યા કોઈ દેવ-દેવી તરફનો ભક્તિભાવ, જગત-પરલોક-પાપ-પુણ્ય વિશેનું ચિંતન-દર્શન, દેહ-જીવ-જીવનની સદ્ગતિ માટેનો બોધ- ઉપદેશ- શિખામણ વગેરે સરળ-સુબોધ-મધુર શબ્દ-ઢાળમાં નિરૂપતી થાય છે. અનુભૂતિ કલ્પના ચિંતનનો તેમાં સુયોગ સધાય છે.'' આથી સ્પષ્ટ થાય છે કે ભજન પણ લોકસાહિત્યના એક સ્વરૂપ તરીકે સ્વીકાર્ય છે.

**રસ :** ભજનમાં રસની દૃષ્ટિએ જોઈએ તો ભજનોમાં ભક્તિ, શૃંગાર, કરૂણ, વીર, અદ્ભૂત અને શાંતરસનો ધોધ વહે છે. ભજનોમાં બહુધા રસો આખરે તો શાંતરસમાં વિવર્ત થાય છે. ભજનની શૈલી સરળ, સ્વાભાવિક, અર્થગૌરવ કરતાં ભાવગૌરવ વિશેષ ધરાવે છે. નાદવૈભવ, લાઘવ, ઋજુતા ગેયતા, ડોલન, કલ્પન, પુરાકલ્પનનો પ્રતીક વગેરેથી ભજન સાહિત્યસભર છે. અલખની લહેરુ અલૌકિક હોય છે.

**ભજનની વ્યાખ્યા :** ભજનનો શબ્દાર્થ ભજવું, ઈશ્વર સ્મરણ, પ્રાર્થના નામસ્મરણ અને ઈશ્વરનાં યશોગાન એવો થાય છે. ભજનની ક્રિયાવિધિ કરતાં કરતાં સાધક અંતરનાં ઊંડાણમાં પહોંચ્યા પછી જે પ્રાપ્ત થાય છે, તેનું પ્રગટીકરણ ભજન સ્વરૂપે પ્રગટે છે. પરાવાણીની આ સાધના છે. જેમાં શબ્દો અસમર્થ હોય છે. આ વાણીનું મૂળ સત્ હોય છે. સત્‌ની વાણી મોક્ષતરફની ગતિ કરનારી હોય છે. અદ્વૈતની અનુભૂતિ એ સંતવાણીનુ સર્વોચ્ચ શિખર છે. અદ્વૈતનો અનુભવ અલૌકિક, અવર્ણનીય, અનિર્વચનીય, અકથ્ય છે. મૂંગા માણસના સ્વાદ જેવો હોય છે. આ બધું અશક્ય હોવા છતાં એ સંબંધમાં કંઈને કંઈ કહેવા સાધકો સદા તત્પર હોય છે. આ અનુભવગમ્યને ગેયપદમાં નિરૂપતાં હોય છે. જેમાં તેમનું બ્રહ્મદર્શન, આત્મદર્શન, આર્ષદર્શન, ક્રાંતિદર્શન અને આર્દ્રદર્શન હોય છે. આ આધ્યાત્મ અનુભૂતિને પદમાં મૂર્તિકૃત કરે છે, તે પદને ભજન, સંતવાણી કહેવામાં આવે છે. શ્રી મકરંદ દવેના મતે : ''પશુત્વમાંથી મનુષ્યત્વ ને મનુષ્યત્વમાંથી દિવ્યતા ભણી આ આરોહણ છે. મન-વાણીની જ્યાં ગતિ નથી પહોંચતી ત્યાં એકમાં અનેકત્વનો, નશ્વરમાં અનશ્વરનો એ તાળો મેળવી લે છે. માણસ પોતાની શોધમાં આમ વ્યક્તથી અવ્યક્તામાં ગમથી અગમમાં, મૃત્યુથી અમૃતમાં પ્રવેશવા જાય છે, ત્યારે તેને સંતોની વાણી હરેક મુકામની વાત કહેતી જાય છે. જે વાણીમાં ન ઊતરે એને વાણીથી વધાવવાનો ઊછાળો તે ભજન.'' કબીરજી કહે તેમ ''ભજન ભેદ હૈ ન્યારા'' એટલું સમજી સંતોષ માનવાનો રહે છે.

**ભજનનું વિષય વસ્તુ :** ભજનના વિષય વસ્તુનો વિસ્તાર પામી શકાય તેમ નથી કારણ કે, ઈશ્વર જેટલો જ એનો વિસ્તાર છે. બ્રહ્માનુસંધાનની પ્રક્રિયાઓ ભજનોનું વિષયવસ્તુ બની રહે છે. ભજનોમાં બ્રહ્મને અનેક રીતે, અનેક સ્વરૂપે અને અનેક ભાવે વ્યક્ત કરવામાં આવ્યો છે. બ્રહ્મનિષ્ઠ સંતોએ ગુરુગમ્યવાણી ગૂઢ આત્માનુભ્યાત્મકવાણી, બોધ, ઉપદેશ, જ્ઞાનમીમાંસા, સંપ્રદાય-માર્ગની સાધના પદ્ધતિ ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ, પંચદેવનું અર્ચન-પૂજન તેમજ મનસાતીત કક્ષાએ જે દિવ્યતાનું દર્શન કર્યું છે, તે સઘળું ભજનવાણીમાં અક્ષરદેહે નિરૂપાયેલ છે. ચારણ, બ્રાહ્મણ, સાધુઓ ઈત્યાદિ પૌરાણિક, લૌકિક મહાકાવ્યો, પુરાણોના પ્રસંગોને માનવજીવનચક્ર અંતર્ગત ભક્તિ વિષયક સાહિત્યને ભજનોમાં નિરૂપેલ છે. મધ્યકાલ અશાંતિનો યુગ હતો. અન્ય ધર્મના ધસારા સામે સ્વધર્મરક્ષણ, ધર્મરક્ષા માટે, ધર્માંતરણ રોકવા માટે ભક્તિ રક્ષક બની હતી. સમગ્ર દેશમાં ભક્તિનું પૂર ફરી વળ્યું. પરિણામે આ યુગનું સાહિત્ય ભક્તિવિષયક સર્જાયું હતું. નાદબ્રહ્મ અને શબ્દબ્રહ્મની ઉપાસનાથી પરમબ્રહ્મ પમાય છે. શ્રી ઝવેરચંદ મેઘાણીના મતે ''એ અભણોની વાણીમાં પણ કંઈક ગેબી તત્ત્વનું ચિંતન તરવરે છે. આ દુનિયાની સામે પાર અનહદમાં નજર કરીને જાણે એ પુરુષોની ઘેરી આંખએ કંઈક દીઠું લાગે છે, અને તેઓની આંખોનાં રંગો એનાં ભજનોમાં નીતર્યા હોવા જોઈએ.'' દસ હજારથી પણ વધુ સંખ્યાનાં ભજનો કંઠસ્થ સ્વરૂપે જીવંત હતાં. સૌરાષ્ટ્રના ભજનિક શ્રી મોહનદાસ મહારાજ. લાખણકાવાળાના કંઠે ત્રણ હજાર ભજનો અને શ્રી મોહનલાલ રાયાણી-સોનગઢના કંઠે બે હજાર ભજનો કંઠસ્થ પરંપરામાં જીવતા હતાં.

**ભજનોનુંપ્રભાવકબળ:** વેદકાલીનસંસ્કૃતિના તત્ત્વજ્ઞાનની સુવાસ લોકહૃદયમાં પ્રસરતી રહી હોવાથી ભજનમાં તત્ત્વજ્ઞાન

અનેકદર્શન ખીલ્યાં છે. વૈષ્ણવ સંપ્રદાયને કારણે વૈષ્ણવભક્તિ વિષયક ભજનો રચાયાં. સૌરાષ્ટ્રના ભજનોમાં સમય સમયનાં રાગાદિ સંગીતમાં વૈષ્ણવભક્તિસંગીતનો પ્રભાવ ઝીલાયો છે. સૌરાષ્ટ્રનાં નાથસંપ્રદાયે યોગને, હઠયોગ દ્વારા ષડચક્ર જાગૃ ત કરી બ્રહ્મને પામવામાં અક્ષરદેહ આપ્યો છે, એ અદ્‌ભૂત છે. અલૌકિક છે. મહાપંથ, નિજારીપંથ, બીજમારગી પંથનું તત્ત્વજ્ઞાન ખૂબ ગૂઢ અને ઊંડું હોવાથી અનેક પ્રકારનાં તે સ્વરૂપનાં ભજનો સૌરાષ્ટ્રમાં સર્વત્ર મળે છે. અલખધણી, જ્યોતસ્વરૂપની ઉપાસના, નવધાભક્તિ, ગુરુ શરણભાવ ચક્ર ભેદન અજપાજપ, ગતગંગા, વચન મહિમા, જ્ઞાનમહિમા યોગસાધના, અવળીવાણી, આગમવાણી, આરાધવાણી ને આતમવાણી વિષયક ભજનોની સંખ્યા વિપુલ માત્રામાં છે. શાકતસંપ્રદાય શાકતપંથમાં શક્તિપૂજાનાં કાવ્યસ્વરૂપમાં વિશિષ્ટ વિશાળ ગહન, ગંભીર અને ઊંડુ જણાય છે. દરેક સમાજ વર્ગમાં દેવી ઉપાસના જોવા મળે છે. કબીરપંથમાં બહુધા અદ્વૈત અને નિર્ગુણ બ્રહ્મનું વિષયવસ્તુ સવિશેષ છે. તેમાં અંતઃસ્તરમાંથી ફૂટતી વાણી હોય છે.

રવિભાણ સંપ્રદાયના સંતોએ ભજનોમાં વૈવિધ્ય, વિપુલતા, અર્પી છે. તેમના સંપ્રદાયનું સાહિત્ય, ખૂબ જ સમૃદ્ધ છે. બૌદ્ધધર્મ, જૈનધર્મ, ઈસ્લામધર્મ, પારસીધર્મની તત્ત્વજ્ઞાનની અસરો પણ સૌરાષ્ટ્રની સંતવાણીમાં ઝીલાઈ છે. આથી સોરઠી સંતવાણીમાં શાશ્વત સૌંદર્ય છે.

**ભજનના પ્રકારો :** શ્રી ઝવેરચંદ મેઘાણીના મતે “એક ને એક ભજનમાં એક કરતાં વધુ ભાવોની આવ-જા થતી હોવાથી સજ્જડ ખાનાં તો પાડી શકાય નહીં.” લોકજીવનમાં ભજનો માટે જે પ્રચલિત શબ્દો પ્રયોજાય છે તે વિષયવસ્તુ પ્રમાણે ઉપદેશવાણી, આગમવાણી, આતમવાણી, અવળવાણી પ્રમાણે ભજનોનું વર્ગીકરણ કરીએ તો ભજનના બધા પ્રકારો, વર્ગો, ભેદ, પ્રભેદો અને વિભાગો સમાવિષ્ટ થઈ જાય છે.

કાવ્યસ્વરૂપના નામધારી ભજનોમાં સાખી, આરતી, આખ્યાન, છપ્પો, ચાબખો, ધોળ, લાવણી, ગરબી, ગરબા, રાસ, કીર્તન, હાલરડું, ચંદ્રવળા, રામાવળા, સોળા, સાવળ, ચરજ, અરણ્યુ ઝાલણ્યું, ધ્રુપદ, ખ્યાલ, ટપ્પો, ઠુમરી, પદ, હોરી, રૂપાવેલ, ઈત્યાદિ પ્રયોજાય છે.

રાગનામધારી ભજનોમાં સંધ્યા, આરતી, કાફી, પરજ, રામગરી, પ્રભાત, પ્રભાતી, પ્રભાતિયાં, ઈત્યાદિ ભજનોનો સમાવેશ થાય છે.

રૂપકનાં ભજનોમાં કટારી, ચરખો, મોર, હાટડી, આંબો, ચૂંદડી, ઈત્યાદિનો સમાવેશ થાય છે.

નાદ-ધ્વનિનાં નામધારી ભજનોમાં વાંસળી, બંસરી, પાવો, ઝાલરી, ખંજરી, જંતર, તંબૂરો, સિતાર, ભમરો, સમુદ્રનાદ ઈત્યાદિનો સમાવેશ થાય છે.

પાત્રોના નામધારી ભજનોમાં થાળી, ગોળી, પ્યાલાનો સમાવેશ થાય છે.

સ્વરૂપ અને દર્શન દષ્ટિએ જેને શુદ્ધ ભજનની રચના કહી શકાય એવી નમુનેદાર અને પાણીદાર રચનાઓ તેમજ વિવિધતા સભર રચનાઓમાં મૂળદાસજી, મોરારસાહેબ, રવિસાહેબ, દાસીજીવણસાહેબ, સતી લોયણ, ગંગાસતી, સ્વામી બ્રહ્માનંદ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, લખ્ખીરામ, દેવાયત પંડિત, ધીરા ભગત, ભોજાભગત, દયારામ, હરદાસ સૂઈ ભજનસાહિત્યમાં આગવી ભાત પાડે છે.

**ભજનનું સંગીત અને પ્રસ્તુતિકરણ :** સૌરાષ્ટ્ર પાસે સંતસંગીતનો મહામૂલો સમૃદ્ધ વારસો પડ્યો છે. ભજન સાંભળવાની, સમજવાની અને માણવાની રચના છે. તેથી ભજન સ્વરપ્રધાન સ્વરૂપ છે. તેમાં સ્વરમાધુર્ય અને સ્વરશુદ્ધિ વિશિષ્ટરૂપે એકરૂપ એકાકાર થયાં હોય છે. રાગ અને રસ , સ્વર અને શબ્દ, મધુરતા અને સંવાદિતા એ બધાંનો ત્રિવેણી સંગમ ભજનમાં સધાતા નાદબ્રહ્મની નિર્વિકલ્પ સમાધીની સૂરાવલિ પ્રગટે છે. ભજનોમાં રામગરી, દેશાબ, આશાવરી, ગોડી, મારુ, કેદાર, વસંદ, મેઘકન્નડા, સોરઠ, ભુપાલ, ધન્યાશ્રી, મલ્હાર, સામેરી, વેરાડી, બિલાવલ, પરજ, પ્રભાત ઈત્યાદિ રાગોમાં અને હીંચ, કેરવા, લાવણી, રૂપક, ચાચર, ત્રિતાલ, એકતાલ, દાદરા, ઝપતાલ કે દીપચંદીના તાલોના પ્રવાહમાં વહે છે, જુદી જુદી રીતે ગવાતાં ભજનોમાં પોતાનું આગવું સ્વર-ગાંભીર્ય હોય છે.

ભજનમાં ભાવોત્પતિ લય અને તાલ આધારિત છે. બે,ત્રણ ચાર કે પાંચ માત્રાના તાલનો બહુધા ઉપયોગ કરવામાં આવે છે. ભજનોમાં અનેક લોકઢાળો ને લોકતાલો રહેલા છે. ભજનનું સંગીત પ્રાયોજિત Applied Music છે. ત્યાં તેને અર્થભાવને બહેલાવવાનું, એના અર્થને વિશદ કરવાનું અને એના મૂળભાવને અનુસરવાનું પ્રયોજન હોય છે.

**ભજનિક :** ભજનિકનો આત્મા ભક્તિના રંગે રંગાયેલો હોવો જોઈએ. ભજનગાનમાં ભજનિકે સૌ પ્રથમ ભજનનું ચિંતન, મનન, અભ્યાસ કરી શબ્દશુદ્ધિ, ઉચ્ચારણશુદ્ધિ,સ્વરશુદ્ધિ કેળવી ભજન કંઠસ્થ કરવું પડે છે. માધુર્ય ને ભાવવર્ણ્ય ગળામાં ઘૂંટવું પડે છે. સ્વરો અને ભાવોને મનધારી રીતે ખીલવવાના હોય છે. સ્વર અને ભાવ, સ્વરમાધુર્ય અને સ્વરશુદ્ધિ, રાગ અને રસ, સ્વર અને શબ્દ એકરૂપ થઈ જવાં જોઈએ. ભજન જે ઠાઠમાં હોય તે જ ઠાઠના રાગ, તાલ, ઢાળ, ઢંગ ને લૂણમાં રજૂ કરવાનાં હોય છે, અસલી હલક, ઢંગ ને ઢળથી ગવાવું જોઈએ. ગાનારાઓ કવિએ લખેલાં ભજનને વફાદાર રહીને જ પોતાની લય બાંધવી જોઈએ. અસલ કૃતિમાં કોઈપણ પ્રકારની છૂટછાટ ન લેવી જોઈએ.

**વાદ્યો :** રામસાગર, એકતારો, મંજીરા, દોક્કડ, ઝાંઝ, કરતાલ, માણ, ઘડો, દેશી સિતાર, રાવણહથ્થો, હારમોનિયમ અને બેન્ઝો જેવા સંગીતસાધનો ઉપયોગમાં લેવામાં આવે છે.

**સંતવાણીનું પ્રસ્તુતિકરણ :** સંતવાણી ભક્તિરસથી સભર હોવાથી તેને પ્રકૃતિનો શાંત નિરવ મંગલમય માહોલ વધુ અનુકૂળ આવે છે. જેવું રાત્રિનું પ્રાકૃતિક વાતાવરણ હોય છે, તેવું જ ભજનનું ભીતરી સ્વરૂપ હોય છે. અમુક નિશ્ચિત સમયે અમુક જ ભજન ગવાય એવું પરંપરિત નિશ્ચિત થયેલું છે. તે જ, પ્રમાણે ભજન ગાનની પરંપરા રહી છે. અને તે જ પ્રમાણે ગાવવામાં આવે છે.

લોકજીવનમાં રાત દિવસના આઠ પ્રહરમાં દિવસના ચાર પ્રહરમાં ચંદ્રવળા, રામવળા, કથા, કીર્તન, સંધ્યા આરતી, માળા, થાળી, સતસંગ જ્ઞાનચર્ચાનો દોર ચાલતો હોય છે.

**થાળ, આરતી, માળા, સંધ્યાને સાવળ :** સાંજની સંધ્યાના સમયની પૂજન-અર્ચન વિધિમાં ગાવામાં આવે છે. આરતી સમુહગત રીતે ગાવામાં આવે છે. સમુહગાનની સરવાણી આરતીમાંથી પ્રગટી છે તેમ શ્રી મોહનલાલ રાયાણી કહેતા.

**ગણપતિ, ગુણપતિ, ગુરૂમહિમાનાં સાખી અને ભજનો:** રાત્રિના બીજા પ્રહરે નવ વાગ્યા પછી વિધિવત ગણપતિ, શારદા, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, પંચદેવ અને ગુરુવંદનાની હળવે રાગે અને લાંબી હલકની સાખીઓથી કરે છે. ગણપતિવંદના કલ્યાણરાગમાં કરવામાં આવે છે. સદ્‌ગુરુ મહાત્મ્યની સાખીઓ અને ભજનો એ પછી શરૂ કરવામાં આવે છે.

**જ્ઞાન, વૈરાગ્ય અને ઉપદેશના ભજનો :** રાત્રિના બીજા પ્રહરના ૧૦ વાગ્યા પછી ઉપદેશવાણીનાં ભજનોનો દોર શરૂ થાય છે.

**વેદાંત દર્શન, નિર્ગુણ, પરમબ્રહ્મ, અલખ, રૂપક રહસ્ય અને યોગનાં ભજનો :** રાત્રિના બીજા પ્રહરનાં અગિયાર વાગ્યે આ પ્રકારના ભજનોનો દોર શરૂ થાય છે. પ્યાલાના રાગમાં, ઢાળમાં આ સમયે હૃદયની ઝણઝણાટી પેદા કરવાની શક્તિ હોય છે. આ સમયે પ્યાલો વિશિષ્ટ રીતે ગવાય છે.

**આરાધ :** રાત્રિના ત્રીજા પહોરે સંતવાણીનાં હાર્દસમા આર્તનાદનાં મંત્રોસમા, ઢાળ, ઢંગ, છટા, તાલ, રાગમાં વૈવિધ્ય અને વિશિષ્ટતા સભર આરાધતા ભજનોની આરાધના શરૂ થાય છે. વાતાવરણમાં એક પ્રકારની ભક્તિની ખુશ્બો પ્રસરી જાય છે. આરાધ પછી આગમવાણીનાં ભજનો ગવાય છે.

**પરજ :** રાત્રિના ચોથા પ્રહરે ગળતી માજમ રાત્રે સાડાત્રણ વાગ્યાના સમયે લાંબા વિલંબિત સૂરે પરજનાં ભજનો શરૂ થાય છે. પરજ એ શાસ્ત્રીય રાગ છે. પરજમાં ગવાતાં બધાં જ ભજનો શાંત અને ગાંભીર્ય ભાવમાં ગવાય છે. પરજનો ઢાળ ઘણો મનમોહક હોય છે. લોકસંસ્કૃતિના ધારક બુલંદકંઠના સ્વર સમ્રાટ શ્રીમેરૂભાભાઈ ગઢવીના કંઠમાં પરજના ભજનો જે રીતે ગવાયાં છે, તેવાં આજ પર્યંત કોઈ કલાકાર કે સ્વરસાધક ગાઈ શકેલ નથી તેવો શ્રી જયમલ્લભાઈ પરમારનો મત છે.

**રામગરી :** રામગરી એ પણ એક રાગ છે. બ્રહ્મમુહૂર્તમાં ગવાય છે. ભક્તિ અને જ્ઞાનની વિવિધતામાં રામગરીમાં નિરૂપાય છે.

**પ્રભાતિ :** રાત્રિના ચોથા પ્રહરે પાંચ વાગ્યે પ્રબોધ પદો કે પ્રભાતિપદો પ્રભાત રાગમાં ગાવાની પરંપરા પ્રાચીનકાળથી શરૂ થઈ હોવાનું જણાય છે. પ્રભાતિનું તત્ત્વદર્શન જાગૃત થવાનું રહ્યું છે.

**પ્રભાતિયાં :** પ્રભાતિયાં રાત્રિના ચોથા પ્રહરના અંતે અને દિવસના પ્રથમ પ્રહરના આરંભ જેવા સંધિકાળે પ્રલંબિત સ્વરે, ગંભીર ઝુલણાનાં નાદે, કેદારને શંકરાભરણા, બિલાવલ દ્રુતમાં અહિરભૈરવના મિશ્ર રાગે ગવાતા શાંતરસનાં અને જ્ઞાનનાં પદો છે.

આજે તો અસલી ઢંગમાં શુદ્ધ સ્વરૂપે ભજનવાણી રજૂ કરવાવાળા આંગળીને વેઢે ગણી શકાય એટલા જ સાચાં ભજનિકો જોવા મળે છે. લાયકાત કે યોગ્યતા વગરના નક્કલખોર, ટૂંકી મૂડીએ ઝાઝો વ્યાપાર કરનારા કલાકારોની સંખ્યા વિશેષ છે એને ભજન એટલે શું ? ભજનના પ્રકારો કેટલા ? કયું ભજન ક્યારે ને કેમ ગાવું ? ભજન સાથે કઈ સાખી ગાવી ? ભજનનાં ઢાળ, ઢંગ, હલક કેવી ? સાચી ગાયકી કેવી હોય ? એ બધાંનું સામાન્ય કે પ્રાથમિક જ્ઞાન નથી, સમજ નથી, અભ્યાસ નથી. ભજન ગાવા માટે ભક્તિ ભીનો આતમા જોઈએ, સંવેદનશીલ હૃદય જોઈએ, મા શારદાનો કૃપાપાત્ર કંઠ જોઈએ તો જ અસલી ચમક પ્રગટે છે, આનંદની હેલી ઉભરાય છે.

આજે પણ ખ્યાતિ પ્રાપ્ત ભજનિકો શ્રી મેરૂભાભાઈ ગઢવી, શ્રી નારાયણનંદ સ્વામી, શ્રી મોહનલાલ રાયાણી, શ્રી મોહનદાસ મહારાજ, શ્રી કનુભાઈ બારોટ, શ્રી અભરામ ભગત, શ્રી રામરતન, શ્રી સેવાદાસજી, શ્રી કહાનદાસ મહારાજ, શ્રી મનુ મહારાજ ત્રિવેદી, શ્રી યશવંત ભટ્ટ, શ્રી ઈસ્માઈલ વાલેરા, શ્રી નટવરગિરી ગોસ્વામી, શ્રી હેમુગઢવી, શ્રી ગૌરીદાસજી મહારાજ, શ્રી પ્રાણલાલ વ્યાસ, શ્રી અમરનાથજી ઈત્યાદિને રસિકો આદરપૂર્વક યાદ કરે છે. આજે પણ કેટલાક ભજનિકો ખ્યાતિપ્રાપ્ત છે પરંતુ તેઓની સંખ્યા અલ્પ માત્રામાં છે. સંતવાણી ગેબની વાણી છે, તેના કલાકાર પણ અલખના આરાધક, ગેબના ગાયક, અલૌકિક સ્વરસાધક હોવા જોઈએ, એ અત્યંત જરૂરી છે.

*૯-એ, પટેલ કોલોની, રોડ નં. ૪,*
*કવિ શ્રી પિંગળશીભાઈ ગઢવી માર્ગ,*
*જામનગર - ૩૬૧ ૦૦૮* મો. ૯૯૨૫૦૫૭૮૫૬

## ગુજરાતી બાળસાહિત્યનો નવો યુગ ક્યારે ?

# અપેક્ષાઓ અને અવરોધક પરિબળો

*– સોમાભાઈ વિ. પટેલ*

ગુજરાતી બાળસાહિત્ય, આરંભકાળથી આજ સુધીની તેની સર્જનયાત્રા દરમિયાન અનેકવિધ વિકાસ તબક્કાઓમાંથી પસાર થયું છે, પરંતુ તેના સમગ્ર સર્જનપ્રવાહનું ઐતિહાસિક દૃષ્ટિએ યુગવિભાજન કોઈએ કર્યાનું જાણમાં નથી. તેમ જ આ દ્રષ્ટિએ તેની પદ્ધતિસરની ચર્ચાવિચારણા પણ થઈ જણાઈ નથી. અલબત્ત, થોડાંક વર્ષ અગાઉ ગુજરાતી બાળસાહિત્ય અકાદમી યોજિત બાળસાહિત્ય અંગેના એક અધિવેશનમાં 'બાળસાહિત્યનો નવો યુગ ક્યારે?' એ વિષય પર ઠીક ઠીક ચર્ચા વિચારણા થઈ હતી.

આ સંદર્ભમાં, આપણા બાળસાહિત્ય વિશે ચિંતા અને ચિંતન કરનાર અગ્રણી બાળસાહિત્યકાર શ્રી યશવંત મહેતાએ ગુજરાતી બાળસાહિત્યના સર્જનપ્રવાહને એમની પોતાની રીતે ચાર કે પાંચ યુગમાં વહેંચ્યો છે. એમાં, પ્રથમ ૧૯મી સદીનો 'શિખામણ યુગ', બીજો ૨૦મી સદીના ત્રણ દાયકાનો 'રાષ્ટ્રીય જાગરણ અને વિજ્ઞાન સભાનતાનો યુગ' અને ત્રીજો 'ગિજુભાઈ યુગ' ગણાવ્યો છે. આ ત્રણ યુગોની ચર્ચા અહીં પ્રસ્તુત નથી. પણ એ પછીના ચોથા યુગને તેઓ 'બાળસાહિત્યના વ્યાપનો યુગ' કહે છે. તેમની દૃષ્ટિએ આ ચોથો યુગ ૮૦ના દાયકાની અધવચ સુધી ચાલ્યો, જેમાં શિક્ષણના વિસ્તારનો પડઘો બાળસાહિત્યની વ્યાપકતાના રૂપમાં પડયો. આ સમયગાળા દરમિયાન બાળસાહિત્યકારો, બાળસમાયિકો, બાળસાપ્તાહિકો, ચિત્રવાર્તાઓ, બહુરંગી પ્રકાશનો બધાંને વિકસવાની-મહોરવાની તક મળી. ગુજરાતી બાળસાહિત્ય પ્રત્યે બાળજગતનું અને સૌનું ધ્યાન ખેંચાયું. શ્રી યશવંતભાઈ આ ચોથા યુગને 'સોનેરી યુગ' કહે છે. પણ આ 'સોનેરી યુગ' ૮૦ના દાયકાની અધવચ સુધી કે તેના અંત સુધી ચાલ્યો એવું સ્વીકારીએ તો એ પછીના સમયનું શું ?

**જો ૮૦ના દાયકા સુધી ચાલેલા ચોથા 'સોનેરી યુગ પાછળનું એક મુખ્ય પરિબળ શિક્ષણનો વ્યાપ હોય તો શિક્ષણનો વ્યાપ તો આજ સુધી વધતો જ રહ્યો છે. બાળસાહિત્યમાં લખનારા પણ વધ્યા છે. બાળસાહિત્યનું સર્જન પણ સારા પ્રમાણમાં થતું રહ્યું છે. પ્રકાશનો પણ વધુને વધુ થઈ રહ્યાં છે. અગાઉ કરતાં બહુરંગી સચિત્ર પ્રકાશનો પણ કમ્પ્યૂટરનો લાભ લઈને વધુ સારી કોટિનાં થઈ રહ્યાં છે**

શ્રી યશવંતભાઈ એ પછીના સમયને 'વચગાળાનો અછતયુગ' કહે છે. આ 'અછતયુગ' એ જ આપણે જેની અપેક્ષા રાખીએ છીએ તે 'નવા યુગ' પહેલાંનો હાલમાં પ્રવર્તમાન યુગ. આપણા બાળસાહિત્યના સર્જનપ્રવાહની ગતિવિધિને લક્ષમાં લેતાં આપણે તેને 'મંદયુગ' પણ કહી શકીએ. પ્રશ્ન થાય કે આપણા બાળસાહિત્યમાં એવી શી પરિસ્થિતિ સર્જાઈ, જેથી તેનો સર્જનપ્રવાહ મંદ પડ્યો? જો ૮૦ના દાયકા સુધી ચાલેલા ચોથા 'સોનેરી યુગ પાછળનું એક મુખ્ય પરિબળ શિક્ષણનો વ્યાપ હોય તો શિક્ષણનો વ્યાપ તો આજ સુધી વધતો જ રહ્યો છે. બાળસાહિત્યમાં લખનારા પણ વધ્યા છે. બાળસાહિત્યનું સર્જન પણ સારા પ્રમાણમાં થતું રહ્યું છે. પ્રકાશનો પણ વધુને વધુ થઈ રહ્યાં છે. અગાઉ કરતાં બહુરંગી સચિત્ર પ્રકાશનો પણ કમ્પ્યૂટરનો લાભ લઈને વધુ સારી કોટિનાં થઈ રહ્યાં છે. દૈનિક વર્તમાનપત્રોના પીઠબળ હેઠળ બાળસાપ્તાહિક પૂર્તિઓ પણ ઘેરઘેર પહોંચે છે. તો પછી આ પ્રવર્તમાન યુગને 'અછતયુગ' કે 'મંદયુગ' કેમ કહેવો પડે છે ?'

૮૦ના દાયકા સુધીના અને પછીના બાળસાહિત્ય સર્જનમાં બાહ્ય દૃષ્ટિએ ઝાઝો ફરક ન જણાતો હોવા છતાં ઝીણવટભરી નજરે જોઈશું તો આ ફરક ધ્યાનમાં આવ્યા વગર રહેશે નહિ. એ ખરું કે આજે બાળસાહિત્ય સારા પ્રમાણમાં પ્રકાશિત થઈ રહ્યું છે, પરંતુ એમાં સત્ત્વશીલ, બાળકોને રસથી પરિપ્લાવિત કરે એવું સર્જન કેટલું ? એ બધું લખાય છે 'લેખકો' દ્વારા, તેમ છતાં આ ક્ષેત્રમાં મૌલિક પ્રતિભાવાળા બાળસાહિત્યકારોની ખોટ તો ઘણા વખતથી

વરતાઈ રહી છે. ગિજુભાઈ મૂલતઃ બાળસાહિત્યકાર ન હતા. બાળકેળવણીનું ધ્યેય ઉત્તમ રીતે સાકાર થાય એ માટે એમણે બાળસાહિત્ય રચ્યું અને તેનું સંપાદન કર્યું. માટે તેમણે વિષયવસ્તુ, વય-કક્ષાભેદ, પ્રયોજનભેદ નિરૂપણરીતિ - એમ જુદી જુદી ભૂમિકાઓને ખ્યાલમાં રાખી વિવિધ પ્રકારનું માતબર બાળસાહિત્ય આપ્યું. બાળકેળવણીમાં જ નહિ, ગુજરાતી બાળસાહિત્યના ક્ષેત્રમાંયે ક્રાંતિ આણી. આજ સુધી ગિજુભાઈની પ્રતિભાને આંબી શકે એવો તો ઠીક, એમની બરોબરી કરી શકે એવો એક પણ બાળસાહિત્યકાર આપણને મળ્યો નથી. એ તો ઠીક, આજે છેલ્લા બે ત્રણ દાયકા દરમિયાન, જીવરામ જોશી, હરિપ્રસાદ વ્યાસ, નવનીત સેવક, રમણલાલ સોની, ત્રિભુવન વ્યાસ જેવા બાળસાહિત્ય સર્જકો પણ ક્યાં દેખાય છે? જીવરામ જોશીએ સર્જેલ મિયાં ફુસકી અને તભા ભટ્ટ, છેલ અને છબો, ધનંજય શાહે સર્જેલ સોટી અને પોઠી, હરિપ્રસાદ વ્યાસે સર્જેલ બકોર પટેલ જેવાં કે રમણલાલ સોનીએ સર્જેલ ગલબો શિયાળ જેવાં ચિરંજીવ પાત્રોની હરોળમાં ઊભું રહી શકે એવું મૌલિક પાત્રસર્જન પણ આપણા બાળસાહિત્યમાં કેમ જણાતું નથી ?

**અગાઉ બાલજીવન, બાલમિત્ર, ગાંડીવ, રમકડું, ઝગમગ જેવાં બાળસામયિકો બાળકોની વાચનભૂખ જગાડવામાં, બાળસાહિત્યને બાળજગત સુધી અને લોકહૃદય સુધી પહોંચાડવામાં તેમજ બાળસાહિત્યમાં રસ ધરાવતા લેખકોને લખવાની પ્રેરણા પૂરી પાડવામાં ભારે ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું. આજે પણ ગુજરાતી ભાષામાં બાળસામયિકો પ્રગટ થાય છે, પણ એમાંના ભાગ્યે જ કોઈ બાળજગતને અને લોકહૃદયને સ્પર્શી શક્યાં છે**

અગાઉ બાલજીવન, બાલમિત્ર, ગાંડીવ, રમકડું, ઝગમગ જેવાં બાળસામયિકો બાળકોની વાચનભૂખ જગાડવામાં, બાળસાહિત્યને બાળજગત સુધી અને લોકહૃદય સુધી પહોંચાડવામાં તેમજ બાળસાહિત્યમાં રસ ધરાવતા લેખકોને લખવાની પ્રેરણા પૂરી પાડવામાં ભારે ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું. આજે પણ ગુજરાતી ભાષામાં બાળસામયિકો પ્રગટ થાય છે, પણ એમાંના ભાગ્યે જ કોઈ બાળજગતને અને લોકહૃદયને સ્પર્શી શક્યાં છે. આજેય દૈનિક વર્તમાનપત્રોની બાળસાપ્તાહિક પૂર્તિઓ પ્રગટ થાય છે. પરંતુ એમાં બધુ ચીલાચાલુ, ઉછીનું, પરંપરાગત મૌલિકતાવિહીન એવું સાહિત્ય પીરસાય છે, જેનાથી બાળજગતને કશો લાભ થવાની વાત તો બાજુએ રહી, બલકે બાળસાહિત્ય પ્રત્યે અ-ભાવ થાય એવી સ્થિતિ છે. એક બાજુ આપણા બાળસાહિત્યમાં મૌલિક, સત્ત્વશીલ સર્જનનહિવત થઈ રહ્યું છે, ત્યારે બીજી બાજુએ પંચતંત્ર, હિતોપદેશ, ઈસપ, રામાયણ-મહાભારત જેવા સાહિત્યમાંથી રૂપાંતરિત, અનુસર્જન કે પુનસર્જનવાળું પરંપરાગત, ચીલાચાલુ સાહિત્ય ભરપૂર પ્રમાણમાં પ્રગટ થતું રહ્યું છે. આમ હોવાથી બાળસાહિત્યના આજના આ સમયગાળાને 'વચગાળાનો અછતયુગ' કહેવામાં આવે તેમાં કશું અનૌચિત્ય નથી.

અહીં 'વચગાળાનો' શબ્દ નોંધપાત્ર છે. આ 'અછતયુગ' ખરો, પરંતુ વચગાળાનો, થોડા સમય માટેનો જ છે. અગાઉ આપણા બાળસાહિત્યનો 'સોનેરી યુગ' હતો. હવે, ભવિષ્યમાં નવો યુગ આવવાનો છે એવી આશા જ નહિ, પૂરેપૂરી, ખાતરીપૂર્વકની શ્રદ્ધા હોય તો જ આ 'વચગાળાનો' શબ્દ સાર્થક થાય. પ્રશ્ન થાય કે ક્યાં પરિબળો આ વચગાળાના અછતયુગને પોષી રહ્યાં છે ? ક્યાં પરિબળો નવા યુગના આગમનને અને તેના પ્રવર્તનને









અવરોધી રહ્યાં છે ? નવો યુગ ક્યારે આવશે ?

આનો વિચાર કરતાં સૌથી પ્રથમ બાબત એ લક્ષમાં આવે છે કે નવો યુગ ત્યારે આવશે, જ્યારે આપણા બાળ સાહિત્યના ક્ષેત્રમાં ઘણા સમયથી જેનો ઠીક ઠીક દુકાળ વરતાય છે તે નવા નવા મૌલિક પ્રતિભા ધરાવતા સર્જકો તેમના મૌલિક સર્જન સાથે આવશે. આજના બાળકોની પેઢીને આપણે ગમે તેટલું સારું, પણ કેવળ જૂનું, પરંપરાગત બાળસાહિત્ય આપીશું તે હવે નહિ ચાલે. હાલના આ પ્રવર્તમાન અછતયુગમાં આપણે આ જ કરી રહ્યા છીએ. અત્યારે આજની પેઢીને આપણા બાળસાહિત્યમાંથી તેમને રુચે તેવું ઉત્તમ બાળાસહિત્ય આપવું હોય તો શું આપી શકાય? ગિજુભાઈની બાળવાર્તાઓ, જોડકણાં કે બાળગીતો? જીવરામ જોશીનું મીયાં ફુસકી ? હરિપ્રસાદ વ્યાસનું બકોર પટેલ ? આ જે છે તે આપણા સાહિત્યનું ગમે તેટલું ઉત્તમ સર્જન છતાં ઘણા વખત પહેલાનું, વિષયો, વાતાવરણ, સામાજિક પરિવેશ બધુ ઠીક ઠીક જૂનું, આજના બાળકને 'આઉટ ડેટેડ લાગવાનું !'

આજનાં બાળકોની નવી પેઢી પાછળ ઓછું અને આગળ વધુ જોનારી છે. એમની સમજશક્તિ અને ગ્રહણશક્તિ ઘણી વધારે છે. તેઓ ઘટનાને વિજ્ઞાનની આંખે જુએ છે અને તર્કબદ્ધતાથી ચકાસે છે. એમને અગાઉનું ઉત્તમ લાગતું સાહિત્ય આપીશું. તો એ વાંચશે ખરાં, પણ એમને એ લાંબા સમય સુધી સ્પર્શી નહિ શકે. જૂના સમયની વાર્તાઓ વાંચી એ અનેક પ્રશ્નો કરશે, જેના એમની તર્કબુદ્ધિને ગ્રાહ્ય એવા પ્રત્યુત્તર આપવાનું મુશ્કેલ બનશે. જેમકે, 'સસલો અને કાચબો' વાળી વાર્તામાં સસલા અને કાચબા વચ્ચે દોડવાની હરીફાઈ થાય છે. તેમાં ઝડપથી દોડીને ઘણો જ આગળ નીકળી ગયેલો સસલો વચમાં ઝાડ નીચે ઘડીક આરામ કરવા બેસે છે અને ત્યાં એ ઊંઘી જાય છે. ધીમી ગતિએ ચાલતો કાચબો છેક લક્ષ્ય સુધી પહોંચી જાય છે ત્યારે જ સસલો જાગે છે !

આ વાર્તા વાંચી આજનું બાળક પ્રશ્ન કરશે. આ સ્પર્ધા છે, એમાં સસલો ઊંઘે જ નહિં ને ! એ કદાચ આરામ કરવા ઝાડ નીચે બેસે અને ઘડીભર એને ઝોકું આવી જાય એ તો સમજાય, પરંતુ સાવ ધીમી ગતિએ ચાલતો પેલો કાચબો દૂર આવેલા અંતિમ લક્ષ્ય સુધી પહોંચે ત્યાં સુધી સસલો ઊંઘ્યા જ કરે એવું તો બને જ નહિ ! આ તો સસલો વચ્ચે ઊંઘી ગયો, એટલે જ કાચબો જીત્યો, પરંતુ એ ઊંઘી ન ગયો હોત તો ? કાચબાએ આવી હરીફાઈ સસલા સાથે કરાય જ નહિ. એને ક્યાં ખબર હતી કે રસ્તામાં સસલો ઊંઘી જશે ? સસલો રસ્તામાં ઊંઘે નહિ તો જીત હંમેશા એની જ થાય. આટલી સાદી સમજણ કાચબામાં હોવી જોઈએ. સામેના પાત્રની શક્તિ જોયા વગર એની સામે હરીફાઈમાં ઉતરવાથી તો હંમેશાં હાર જ થાય. આ વાર્તામાં તો કાચબાને જીતાડવા માટે જ સસલાને રસ્તામાં ઊંઘાડી દેવામાં આવ્યો હોય એવું જ લાગે. 'કાગડો અને કૂંજો' વાળી વાર્તા વાંચીને આજનું બાળક કહેશે : કાગડાએ પથરાનો ઢગલો જોયો, પરંતુ એને એવી શી ખબર હોય કે આ પથરા કૂજામાં નાખીશ તો પાણીની સપાટી ઊંચી આવશે ? આવી બુદ્ધી અને વૈજ્ઞાનિક સમજ કાગડામાં ક્યાંથી આવે ?

કમ્પ્યૂટર અને માહિતી- ટેકનોલોજીના ઝડપી વિકાસે છેલ્લા બે-ત્રણ દાયકામાં ઘણું બધું બદલી નાખ્યું છે. એક સમયે શેરી અને પાદરના સીમિત પરિવેશમાં રમતું બાળક આજે વિશ્વના આંગણામાં રમતું થઈ ગયું છે. દુનિયાના એક છેડે બનતી ઘટનાઓને એ જ સમયે ઘરમાં બેઠાં બેઠાં 'લાઈવ' નિહાળે છે. એ ઈચ્છે ત્યારે પોતાને જરૂરી માહિતી ઈન્ટરનેટના સહારે મેળવી શકે છે અને અન્યને મોકલી શકે છે. જાણે કે દુનિયાનાં જ્ઞાન અને માહિતીનો ખજાનો તેને હાથ લાગી ગયો છે.


નવી પેઢી આ નવા પરિવેશ વચ્ચે ઊછરી રહી છે. નવાં સંચાર માધ્યમોએ એના ભાવજગતમાં ઘણું પરિવર્તન આણ્યું છે. આવાં આજનાં બાળકો માટેનું બાળસાહિત્ય પણ અગાઉ કરતાં ભિન્ન પ્રકારનું હોય એવી અપેક્ષા રહેજ. હવે જૂની મૂડી પર લાંબુ નહિ ચાલે. આજના બાળસાહિત્યકારે જૂના પરંપરાગત સર્જનથી અલગ પડીને બાળસાહિત્યના નવા આયામો તરફ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. ૨૧મી સદીમાં નવતર પરિવેશ વચ્ચે ઊછરી રહેલી બાળપેઢીના મનોજગતને, એના ભાવજગતને સમજવાનો અને એની અપેક્ષાઓને લક્ષમાં લઈને એના રસજગતને સંતોષે એવા સાહિત્યનું નિર્માણ કરવાનો નવો અને મોટો પડકાર

આજના બાળસાહિત્ય સર્જકે ઝીલવાનો છે. નવો અને મોટો પડકાર એટલા માટે કે છેલ્લા બે-ત્રણ દાયકામાં કમ્પ્યૂટર અને કોમ્યુનિકેશનના ક્ષેત્રમાં થયેલ ક્રાંતિના પરિણામે આપણા જીવનમાં આવેલાં પરિવર્તનો અને પરિણામોથી આજનો બાળભાવક વર્ગ ઘણે અંશે અવગત છે. જ્યારે બાળસાહિત્યનો (પ્રૌઢ) સર્જક વર્ગ આ બધાં પરિવર્તનોને આશ્ચર્યસહ નિહાળી રહ્યો છે. પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે, નાની વયનો આ ભાવક ટેકનોલોજી અને સંચારમાધ્યમોના ઉપયોગની બાબતમાં આજના પ્રૌઢ બાળસાહિત્યકાર કરતાં આગળ નીકળી ગયો છે. ગુજરાતી બાળસાહિત્યના સર્જકે આજના આ નવા, ગતિશીલ યુગનાં પરિવર્તનોને લક્ષમાં લેવાં પડશે. આ માટે એણે પરંપરાગત, સર્જન - પરિપાટીથી ઊંચે ઊઠીને આજના બાળજગતની આકાંક્ષાઓને અને તેની રસવૃત્તિને પોષે તેવું નવતર, મૌલિક અને મહત્ત્વાકાંક્ષી બાળસાહિત્ય સર્જવા પ્રવૃત્ત થવું પડશે.

આ અસંભવિત નથી. છેલ્લા ત્રણેક દાયકામાં વિશ્વમાં માહિતી-ટેકનોલોજીના અસાધારણ વિકાસ પછી વિવિધ ક્ષેત્રોમાં થયેલાં પરિવર્તનો અને સંચારમાધ્યમોની ગતિવિધિમાં રહેલી અખૂટ ક્ષમતાનો લાભ લેતાં આવડે તો આજના બાળસાહિત્યકાર માટે તેની કલ્પનક્ષમતા અને સર્જકતાના ઉપયોગ દ્વારા અવનવીન બાળસાહિત્યના અસાધારણ સર્જનની અનંત શક્યતાઓ રહેલી છે. આજના અને નવા આવી રહેલા પ્રતિભાવંત બાળસાહિત્ય સર્જકો આ નવા વૈશ્વિક પરિવેશનો લાભ લઈ અનેક પ્રકારની અવનવીન વિજ્ઞાનકથાઓ, અવકાશી ગ્રહોની અને ગ્રહવાસીઓની કથાઓ, રહસ્યકથાઓ સાહસકથાઓ તેમજ નવા વિશ્વની અણકલ્પી અદ્‌ભુત સાહસકથાઓનું સર્જન કરી શકે, જે બાળમાનસને વધુ આકર્ષી શકે. ૧૯મી સદીમાં જન્મેલા જુલે વર્ને લખેલી વિજ્ઞાનકથાઓ આજનાં બાળકોને પણ આકર્ષે છે. એક લેખક વિજ્ઞાનનો સહયોગ લઈને, કલ્પનાની પાંખે ઊડીને પોતાની સર્જનલીલાનો કેવો ચમત્કાર બતાવી શકે એ જુલે વર્ને સિદ્ધ કરી બતાવ્યું છે. આપણે અપેક્ષા રાખીએ કે આપણા બાળસાહિત્યમાં પણ કશુંક નવું, વિશિષ્ટ, તાજગીસભર પ્રદાન કરે એવા નવા નવા પ્રતિભાવંત સર્જકો મળે, જેઓ નવા સમયનાં પરિવર્તનોને ઝીલી પોતાની અસાધારણ સર્જનક્ષમતાનો ચમત્કાર બતાવે. આપણા બાળસાહિત્યમાં નવો યુગ ત્યારે આવશે, જ્યારે આજના સમયમાં નવતર પરિવેશ વચ્ચે ઊછરી રહેલી બાળપેઢીના માનસને એના ભાવજગતને સમજીને તેમની રસ-રુચિને સંતોષે એવું, નવું મૌલિક અને વિશિષ્ટ સર્જન કરવા પ્રવૃત્ત થશે.

ગુજરાતી બાળસાહિત્યની આજની સ્થિતિનો વિચાર કરીશું તો આ ક્ષેત્રમાં નવા નવા મૌલિક અભિગમ ધરાવતા સર્જકો આવી રહ્યા હોય એવી સ્પષ્ટ પ્રતીતિ થઈ રહી છે. બાળસાહિત્યના પરંપરાગત સર્જન અને પુનર્સર્જનોની સાથે સાથે નવા યુગના વૈજ્ઞાનિક અભિગમવાળા બાળસાહિત્યનું નિર્માણ પણ થવા લાગ્યું છે. બાળસાહિત્ય અકાદમી જેવી સંસ્થાઓ દર વર્ષે બાળસાહિત્યકારોનાં અધિવેશનો યોજવાની સાથે તેમને પુરસ્કારો-પારિતોષિકોથી પ્રોત્સાહિત કરી રહી છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને અન્ય સંસ્થાઓ પણ બાળસાહિત્યના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી રહી છે. હાલમાં ગુજરાતી સાહિત્યને સેવનારો, જૂના સર્જકોની સાથે નવા નવા સર્જકો બાળસાહિત્યના નવા આયામો સાથે સક્રિય થયેલા જણાય છે. એ જોતાં ગુજરાતી બાળસાહિત્યનો નવો યુગ વહેલેરો આવશે એવી આશા નિરાધાર નથી.

*૧, રચના સોસાયટી, જોધપુર ચાર રસ્તા પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫*
*મો. ૯૭૨૬૪૮૫૧૧૬*



# જન્મતારીખ વિનાનું શહેર - સુરત

*– અજય મો. નાયક*

**વ્ય**ક્તિ હોય કે શહેર હોય કે દેશ હોય દરેકનો પ્રાગટ્ય દિન હોય છે. એની અલગ અલગ રીતે ઉજવણી કરવામાં આવે છે. વ્યક્તિ હોય તો પોતાના કુટુંબીજનો સાથે, શહેર હોય તો સમગ્ર શહેર અને દેશ હોય તો સમગ્ર દેશ દુનિયામાં તેની ઉજવણી થતી હોય છે. જન્મ દિવસ માટે દરેક વ્યક્તિને એક અલગ પ્રકારનો જ લગાવ હોય છે. જે વ્યક્તિ કે શહેર આવી ઉજવણીથી વંચિત રહે તો તેના માટે એ ઘણું દુઃખદ હોય છે. આમ તો આ વિશેષ પ્રકારના દિવસો ઉજવણી માટે જ હોય છે.

આપણે વાત કરી રહ્યા છીએ સુરતની. આ એક એવું શહેર છે કે જેની જન્મ તારીખ નથી. આશ્ચર્યથી વાત એ છે કે અહીંના લોકો, ઇતિહાસકારો, રાજકારણીઓ કે આગેવાન નાગરિકોએ પણ શહેરનો જન્મદિવસ શોધવા માટે પ્રયત્નો કર્યા નથી. કોઈપણ વ્યક્તિ કે શહેરના જન્મદિવસની ઉજવણી એ માત્ર એક રસમ નથી હોતી. પરંતુ આગામી વર્ષની પ્રગતિ માટે પ્રેરણા પણ પૂરી પાડતી હોય છે. સુરત કદાચ દુનિયાનું એક માત્ર શહેર છે કે, જેણે ક્યારેય પોતાની વર્ષગાંઠ ઉજવી નથી.

**શહેરના કેટલાક પ્રબુદ્ધ નાગરિકો અને રાજકારણીઓ હવે પ્રયત્નશીલ બન્યા છે આ માટે મહાનગરપાલિકાએ પણ આગેવાની લઈને એક કમિટિ બનાવી છે જેમાં વિખ્યાત સાહિત્યકાર ભગવતીકુમાર શર્મા તથા ખ્યાતનામ ઇતિહાસકારો અને શહેરના આગેવાન નાગરિકોનો સમાવેશ કરાયો છે. આ સમિતિ સુરત શહેરનો જન્મદિવસ નક્કી કરશે. આ સમિતિએ પણ સાંયોગિક પુરાવાના આધારે જ તારીખ નક્કી કરવી પડશે**

આ અંગે શહેરના કેટલાક પ્રબુદ્ધ નાગરિકો અને રાજકારણીઓ હવે પ્રયત્નશીલ બન્યા છે. આ માટે મહાનગરપાલિકાએ પણ આગેવાની લઈને એક કમિટિ બનાવી છે, જેમાં વિખ્યાત સાહિત્યકાર ભગવતીકુમાર શર્મા તથા ખ્યાતનામ ઇતિહાસકારો અને શહેરના આગેવાન નાગરિકોનો સમાવેશ કરાયો છે. આ સમિતિ સુરત શહેરનો જન્મદિવસ નક્કી કરશે. આ સમિતિએ પણ સાંયોગિક પુરાવાના આધારે જ તારીખ નક્કી કરવી પડશે. સુરત શહેર પણ ઉત્સવ પ્રિય છે અને ઉજવણી માટે બહાનાં જ શોધતું હોય છે જો સુરતની જન્મતારીખ શોધાઈ જશે તો સુરતીઓને ઉજવણીની વધુ એક તક મળશે. હાલમાં શહેરમાં આ માટેની ઝુંબેશ ચાલી રહી છે. ઘણા બધા લોકો તેમાં જોડાયા છે. ડિસે. ૨૦૧૭માં ચૂંટણી પણ આવી રહી છે. સુરત શહેરને તેની જન્મતારીખથી વિશેષ કોઈ ભેટ હોઈ શકે નહીં. આ માટે રાજકીય ઇચ્છાશક્તિ પણ હોવી જોઈએ. સુરતની નેતાગીરી આટલી વસ્તુ સમજીને આગેવાની લે તો આ કામ એટલું અઘરું નથી. અમદાવાદ શહેરને હેરિટેજનો દરજ્જો આપવામાં જે રીતે નાગરિકોની સાથે રાજકીય નેતાઓ પણ જોડાયા હતા તેને ધ્યાનમાં લેતાં સુરતમાં પણ તેનું જ પુનરાવર્તન થવું જોઈએ. હેરિટેજ ડોઝિયર બનાવવા જે રીતે નિષ્ણાતોની મદદ લેવાઈ હતી તે રીતે સુરત માટે પણ બહારના તજજ્ઞોની પણ મદદ લઈ શકાય.

સુરતના ઇતિહાસકાર સંજય ચોક્સી જણાવે છે કે, કંઈ કેટલાય શહેરોનો જન્મદિવસ ઉજવાયાની વાતો સાંભળીએ કે વાંચીએ છીએ ત્યારે સૌ પહેલો પ્રશ્ન એ થતો હતો કે, આપણા સુરતનો જન્મદિવસ ક્યારે ? એ દિશામાં કેટલાક સંદર્ભો શોધવાના પ્રયત્નો કર્યા અને કેટલાંક પુસ્તકોમાં છપાયેલી દસ્તાવેજી નોંધ મળી, જેના દ્વારા સુરતની પ્રાચીનતા જાણવા મળી અને કેટલીક તારીખોના ઉલ્લેખો પણ મળ્યા.

'સોળમી સદીના સુરત' પર સુરતના ઇતિહાસકાર ડૉ. મોહન મેઘાણીએ પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. તેમના સંશોધન મહાનિબંધમાં તેમણે કેટલાંય પુસ્તકો, દસ્તાવેજી નોંધો, હસ્તપ્રતો, તામ્રપત્રો અને શિલાલેખોના આધારભૂત પુરાવા રજૂ કર્યા છે, તે મુજબ સુરત શહેર માટે 'સૂર્યપુર' અને 'સુરત' નામોના ઉલ્લેખ પંદરમી સદીના મધ્યભાગથી માંડીને ૧૯મી સદીના અંત સુધીના આધારોમાં જોવા મળે છે. આ બંને નામોનો ઉલ્લેખ મુખ્યત્વે જૈન ધાતુપ્રતિમા પરના લેખો, સંસ્કૃત કાવ્યગ્રંથો તેમજ અર્ધસાપ્તાહિક એવા જૂની ગુજરાત હિંદી ભાષામાં લખાયેલાં કાવ્યોમાં થયેલો છે. સૂર્યપુર શબ્દપ્રયોગ સૌપ્રથમ વિક્રમ સંવત ૧૫૧૩, ઈ.સ. ૧૪૫૭ના ધાતુપ્રતિમાના લેખમાં જોવા મળે છે, ત્યારપછી અનુક્રમે વિ.સં. ૧૫૧૯, ઈ.સ. ૧૪૬૩, વિ.સં. ૧૫૩૯, ઈ.સ. ૧૪૮૩ના લેખોમાં જોવા મળે છે. સોળમી સદીના અંતમાં લખાયેલા હેમવિજયકૃત 'વિજયપ્રશસ્તિ' કાવ્યમાં એક કરતાં વધારે વખત 'સૂર્યપુર'ના ઉલ્લેખો જોવા મળે છે. વિનયવિજય ઉપાધ્યાયે સંસ્કૃત ભાષામાં રચેલા ખંડકાવ્ય 'ઈન્દ્રદૂતમ્'માં 'સૂર્યપુર'ને બદલે 'સૂર્યદ્રંગ (સૂર્યનું નગર) અને 'તરણિનગર' જેવા શબ્દોનો પ્રયોગ કર્યો છે. ૧૭મી અને ૧૯મી સદી દરમિયાન સુરતમાં

લખાયેલા અથવા લિપિબદ્ધ થયેલા કેટલાક જૈન કાવ્યગ્રંથોમાં 'સૂર્ય' અથવા 'સૂર્યપુર' શબ્દની સાથે 'બંદર' શબ્દપ્રયોગ પણ જોવા મળે છે. ઈ.સ. ૧૬૩૮થી ૧૭૦૮ સુધીની આવી કેટલીક કૃતિઓમાં 'સૂર્યપુર બંદિર', 'સૂર્યપુર બિંદર', 'સૂર્યબંદિર' જેવા શબ્દપ્રયોગો થયા છે.

સૂરત બંદરમાં સૂરત અને બંદર એમ બંને શબ્દો અરબી ભાષાના છે. સુરત સાથે કેટલીક દંતકથાઓ પણ જોડાયેલી છે. તેનો પણ અભ્યાસ કરી શકાય. કવિ પદ્મનાભે ૧૪૫૬માં કાહનડદે પ્રબંધ સુરત નામનો સૌપ્રથમ સાહિત્યિક ઉલ્લેખ કર્યો હતો, જ્યારે મિદ્આતે સિકંદરીમાં જણાવ્યા પ્રમાણે ઈ.સ. ૧૪૧૦માં મસ્તીખાન સુરત- રાંદેરનો હાકિમ હતો. આ સિવાય પણ એ પહેલાના સમયના સુરતના કેટલાક ઉલ્લેખો જોવા મળે છે. અનેક વિદ્વાનો અને ઈતિહાસકારોએ સુરતની પ્રાચીનતા વિશે અનેકવિધ મંતવ્યો રજૂ કર્યા છે અને તેનો સારાંશ લઈ હવે આગળ જઈને એક ચોક્કસ નિર્ણય પર અવશ્ય પહોંચી શકીશું.

સુરતનો ઈતિહાસ ભવ્ય છે. સુરતની એમટીબી આર્ટ્સ કૉલેજ પ્રોફેસર ડૉ. મુકેશ પટેલે સુરતના સમાજ સુધારકો અંગે વિસ્તૃત આલેખન કર્યું છે. તેમના શોધ નિબંધમાં જણાવ્યું છે કે ૧૮મી સદીથી સુરતમાં સમાજ સુધારણાની પ્રવૃત્તિ શરૂ થઈ હતી. આવો ભવ્ય ઈતિહાસ ધરાવતું શહેર જન્મ તારીખથી વંચિત રહી જાય તે સ્વભાવિક છે કે કોઈને પસંદ પડે નહીં.

**પ્રત્યેક જ્ઞાતિ કુરિવાજોથી ડૂબેલી હતી. બાળલગ્નો, બાળહત્યા, વિધવાવિવાહ નિષેધ, નાની ઉંમરે લગ્ન, સતિપ્રથા અને જાતિભેદ જેવી અનેક પ્રથાઓથી સમાજો ઘેરાયલા હતા. ૧૯મી સદીમાં ક્રાંતિકારી વિચારો ધરાવતા દુર્ગારામ મહેતાજી, દાદોબા પાંડુરંગ, દિનમણિશંકર શાસ્ત્રી, દલપતરામ માસ્તર, દામોદરદાસ એમ પાંચ દદ્દાઓ પછી ત્રણ નન્ના નર્મદાશંકર, નવલરામ, નંદશંકરની ત્રિપુટીએ સામાજિક પરિવર્તનમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ કરી**

૧૯મી સદીના પૂર્વાર્ધમાં ઈ.સ. ૧૮૨૮માં ખુદ કંપની સરકારે સુરત અને આજુબાજુના વિસ્તારની વિવિધ જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓની માહિતી એ.એ. બોરોડેઈલ દ્વારા ભેગી કરી અને સુરતમાં ૨૦૭ અને તેમાં પણ બ્રાહ્મણોની ૪૯ જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ હતી. પ્રત્યેક જ્ઞાતિ કુરિવાજોથી ડૂબેલી હતી. બાળલગ્નો, બાળહત્યા, વિધવાવિવાહ નિષેધ, નાની ઉંમરે લગ્ન, સતિપ્રથા અને જાતિભેદ જેવી અનેક પ્રથાઓથી સમાજો ઘેરાયેલા હતા. ૧૯મી સદીમાં ક્રાંતિકારી વિચારો ધરાવતા દુર્ગારામ મહેતાજી, દાદોબા પાંડુરંગ, દિનમણિશંકર શાસ્ત્રી, દલપતરામ માસ્તર, દામોદરદાસ એમ પાંચ દદ્દાઓ પછી ત્રણ નન્ના નર્મદાશંકર, નવલરામ, નંદશંકરની ત્રિપુટીએ સામાજિક પરિવર્તનમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ કરી. ગુજરાતમાં સુરતમાં સમાજ સુધારાની શરૂઆત દુર્ગારામ મંછારામ દવેએ કરી હતી. વર્ષ ૧૮૪૪માં તેમણે માનવધર્મ સભાની સ્થાપના કરી હતી.

મહિપતરામ રૂપરામ નિલકંઠ નાગર જ્ઞાતિના આ સુધારાવાદીએ સૌથી વધુ હેરાન થવું પડ્યું હતું. તેઓ ઈંગ્લેન્ડ ગયા ત્યારબાદ જ્ઞાતિએ બહિષ્કાર કર્યો હતો. વર્ષ ૧૮૬૧માં શરૂ થયેલો વિવાદ વર્ષ ૧૮૭૨માં પૂરો થયો. ગુજરાતમાં પ્રાર્થના સમાજની રચનામાં તેમનું મહત્ત્વનું પ્રદાન છે. નર્મદાશંકર લાલશંકર દવેએ જેના નામ પરથી આજે સુરતમાં યુનિવર્સિટી છે તે વીર નર્મદ સમાજ સુધારકોના સૈન્યનો મુખ્ય સેનાપતિ હતો. નર્મદ પોતાને સમાજની બદીઓ સામે લડવાનું શૂરાતન પ્રગટાવનાર કડખેદ તરીકે ઓળખાવતો. નર્મદ રૂઢિચુસ્ત સમાજ અને દંભી ધર્મગુરુઓ સામે લડતા લડતા ખુવાર થઈ ગયા હતા. વિધવા વિવાહ કરનાર તે પ્રથમ હતો. વર્ષ ૧૮૬૦માં તેમણે તત્ત્વશોધક સભા સ્થાપી સુધારાવાદી પ્રવૃત્તિ શરૂ કરી. જદુનાથજી મહારાજને નર્મદનો શાસ્ત્રાર્થનો કિસ્સો બહુ ચર્ચિત છે. ત્યારબાદ તો મહારાજ લાયબલ કેસ પણ થયો. લોકોને સમાજના અનિષ્ટનું ભાન કરાવવા દાંડિયો સામયિક પણ બહાર પાડ્યું હતું.

નંદશંકર તુળજાશંકર મહેતાએ દુર્ગારામ મહેતાજીના સાથમાં ભૂવા, જાદુગરો, તાંત્રિકોને જાહેરમાં ખોટા પાડવા ચોરે ને ચૌટે ભાષણો આપવા જતા હતા. ૧૮૫૦થી ૧૮૭૦ના બે દાયકામાં સમાજ સુધારાની જબરદસ્ત ઝુંબેશ ચલાવી હતી. વહેમખંડન અને સમાજ સુધારાના લેખો તેઓ વર્તમાનપત્રમાં લખતા હતા.

નવલરામ લક્ષ્મીશંકર પંડ્યાએ દુર્ગારામ, કવિ નર્મદ વગેરેને કારણે નવલરામ પણ સમાજ સુધારામાં જોડાયા. નર્મદનો મહારાજ લાયબલ કેસ ચાલતો હતો ત્યારે સુધારાવાદી શેઠિયાઓએ આ કેસ બાબતે ઉત્તમ કવિતા લખી મોકલનારને ૨૫૦નું ઈનામ જાહેર કર્યું હતું. નવલરામે ૨૫૦ પંક્તિનું કાવ્ય લખી મોકલી આપ્યું. તેઓ સમાજ સુધારા માટે લખતા રહ્યા.

સુરત શહેરના નામ માટે પણ ઘણું બધું લખાયું છે. ઈતિહાસકાર ડોક્ટર મોહન મેઘાણીએ તેમના પુસ્તકમાં જણાવ્યું છે કે તાપી તટે વસેલા 'સૂરત' કે 'સુરત'ના ગામ નામને લઈને આદ્યપર્યંત ચર્ચાઓ થતી રહી છે. ઈતિહાસ લેખનમાં એક સિદ્ધાંત તો સર્વસ્વીકૃત છે કે કોઈ પણ સત્ય આંત્યિક સત્ય હોતું નથી અને નવા સંદર્ભો પ્રકાશમાં આવતાં અનુમાનો કે ધારણાઓ બદલાતા રહે છે. મેં આ લેખમાં વિવિધ સમયે પ્રચલિત નામોના પરિપેક્ષમાં તપાસ રજૂ કરી છે. જોકે, આનાથી સત્યાન્વેષણ પણ થઈ શકે છે.

વર્તમાન નગર સૂરત ગામ નામ તરીકે સૂર્યપુરનો સૌ પ્રથમ ઉલ્લેખ વિ.સ. ૧૫૧૩ (ઈ.સ. ૧૪૫૭)માં ઢળાયેલી અને પ્રતિષ્ઠિત કરાયેલી જૈન ધાતુપ્રતિમા ઉપર ઉત્કીર્ણ લેખમાં મળે છે. ત્યાર પછીના ઈ.સ. ૧૪૬૩ અને ૧૪૮૩ના વર્ષના લેખોમાં પણ 'સૂર્યપુર' નામનો ઉલ્લેખ મળે છે. સૂર્યપુર પંદરમી સદીના ઉત્તરાર્ધમાં જૈનોએ નવું ગામનામ સૂર્યપુર પ્રચલિત કર્યું, પરંતુ ગામનું મૂળ નામ 'સૂરત' કે સ્ત્રીલિંગે 'સૂરતિ' તો ચૌદમી-પંદરમી સદીઓ દરમિયાન પ્રચલિત રહ્યું જ હતું. સં. ૧૫૩૪ (ઈ.સ. ૧૪૭૮)ના એક ધાતુપ્રતિમાલેખમાં પણ ગામનામ 'સૂરત' જણાવ્યું છે. પારસી દસ્તાવેજોમાં અગત્યનું સ્થાન ધરાવતી ઈ.સ. ૧૪૭૮ અને ૧૪૮૦માં ઈરાનથી લવાયેલી રેવાયતોમાં પણ સૂરતના પારસી ધર્મગુરુઓને સંબોધન કરાયેલું છે. ક્યાંય સૂર્યપુર નામોલ્લેખ નથી. આ સંદર્ભો ધ્યાનમાં લેતાં એવા નિર્ણય પર આવી શકાય કે ગામનામ 'સૂરત' ચૌદમી-પંદરમી સદીઓ દરમિયાન પ્રચલિત રહ્યું હતું. જો કે, પંદરમી સદીના ઉત્તરાર્ધમાં કેટલાક જૈન કુટુંબોએ સૂરતના સ્થાને 'સૂર્યપુર' પ્રયોજ્યું હતું. વિદ્વાનો દ્વારા એક એવી પણ ધારણા રજૂ કરાઈ છે કે આરબોએ ૧૨૨૫માં રાંદેર પર સત્તા સ્થાપ્યા પછી વેપારી પ્રવૃત્તિના સંદર્ભે સૂરતના સંપર્કમાં આવ્યા હશે. ત્યારે સૂરત શબ્દનું એકત્વ કુરાનના અધ્યાય 'સૂરત' સાથે જણાતાં તેમણે સૂરત નામ અપનાવી લીધું હશે. જોકે જૈનોને સૂરત નામ મુસ્લિમ લાગતાં તેઓએ સ્વીકાર્યું નહીં હોય. જૈન વિદ્વાનોએ તેને સાંસ્કૃતિક નામ આપીને સૂર્યપુર કર્યું હશે. ઐતિહાસિક ઉલ્લેખોને ધ્યાનમાં લીધા વગર કેટલાક વિદ્વાનોએ સૂરત શબ્દની વ્યુત્પત્તિ મૂળ શબ્દ સૂર્યપુરમાંથી થઈ છે, એવો મત રજૂ કર્યો છે. ઈ.સ. ૧૪૫૭માં સૌપ્રથમ વાર સૂર્યપુર નામ પ્રચલિત થયું પરંતુ તે પહેલાં 'સૂરત' 'સૂરતિ' નામ પ્રચલિત હતું. તેથી સુરતનું શબ્દમૂળ સૂર્યપુર શી રીતે હોઈ શકે ? પ્રખર ભાષા શાસ્ત્રી કેશવરામ શાસ્ત્રીએ 'સૂર્યપુત્રી' ઉપરથી 'સૂરતી' વ્યુત્પન્ન થયું છે. એવો તર્કસંગત મત રજૂ કર્યો છે તેમના કહેવા પ્રમાણે તાપી નદીના કિનારાઓ પર નજીકમાં તેમ થોડા વધુ અંતરે પણ કોઈ જૂનું નગર નથી એટલે આજના ભૂભાગ પર કોઈ નગરી હોય એ વિશે તો શંકાને અવકાશ નથી. માત્ર નામ શું હતું તે જાણવામાં આવ્યું નથી. તાપી એ સૂર્યપુત્રી છે તેના ઉત્તરકાંઠે તો સૂર્યપત્ની રત્ના ઉપરથી વ્યુત્પન્ન રાંદેર (રત્નેઅર) - રન્નેર - રાનેર - રાંદેર) નગર છે જ. તો દક્ષિણકાંઠે પણ સૂર્ય કે સૂર સાથે સંબંધ ધરાવતી નગરી હોઈ શકે.

**વર્તમાન નગર સૂરત ગામનામ તરીકે સૂર્યપુરનો સૌ પ્રથમ ઉલ્લેખ વિ.સ. ૧૫૧૩ (ઈ.સ. ૧૪૫૭)માં ઢળાયેલી અને પ્રતિષ્ઠિત કરાયેલી જૈન ધાતુપ્રતિમા ઉપર ઉત્કીર્ણ લેખમાં મળે છે. ત્યાર પછીના ઈ.સ. ૧૪૬૩ અને ૧૪૮૩ના વર્ષના લેખોમાં પણ 'સૂર્યપુર' નામનો ઉલ્લેખ મળે છે. સૂર્યપુર પંદરમી સદીના ઉત્તરાર્ધમાં જૈનોએ નવું ગામનામ સૂર્યપુર પ્રચલિત કર્યું, પરંતુ ગામનું મૂળ નામ 'સૂરત' કે સ્ત્રીલિંગ 'સૂરતિ' તો ચૌદમી-પંદરમી સદીઓ દરમિયાન પ્રચલિત રહ્યું જ હતું**

૫૫-૬૦ લાખની વસતિથી ધમધમતું આ શહેર કાપડ અને હીરાને કારણે પણ પ્રખ્યાત છે અંદાજે ૧૨ લાખ લોકો હીરા વ્યવસાય સાથે અને ૧૩ લાખ લોકો કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા છે. હીરા માર્કેટનું વાર્ષિક ટર્ન ઓવર ૧૦,૦૦૦ કરોડથી વધુનું મનાય છે. તો કાપડ માર્કેટનું ટર્નઓવર ૧૦૦૦ કરોડથી ઉપરનું ગણાય છે. મહાપાલિકાનું બજેટ જ ૬૦૦૦ કરોડને પાર કરી ગયું છે. જન્મતારીખ વિનાના આ શહેરમાં ૨૮ લાખ વાહનો છે. હવે વધુ એક બિરુદ તેને મળ્યું છે. ફ્લાઈ ઓવર સિટી તરીકે પણ તેની ગણના થવા માંડી છે. શહેરમાં ૧૦૧થી વધુ બ્રીજ આવેલા છે.

આટલી ચર્ચા કર્યા બાદ હવે તો સ્પષ્ટ થઈ જાય કે, આટલા ભવ્ય શહેરને જન્મતારીખ હોવી જ જોઈએ. સાહિત્યકાર ભગવતીકુમાર શર્માના મતે સુરતની પણ હોવી જોઈએ. તાપીની જન્મતિથિના આધારે સુરતની પણ જન્મતિથિ નક્કી કરી શકાય. અમદાવાદ 'જબ કુત્તે પે સસ્સા આયા તબ, બાદશાહને નગર બસાયા' જ્યારે સુરત માટે ઘણી શોધખોળ આવશ્યક છે.

તેવી જ રીતે વિખ્યાત પારસી નાટ્યકાર યઝદી કરંજિયા કહે છે કે, દરેકની હોઈ તો સુરતની પણ જન્મતિથિ હોવી જોઈએ. સાહિત્યના પુસ્તકો વાંચીને તારીખ શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો શોધવા પર પણ તિથિ નહીં મળે તો તાપીના જન્મદિનના આધારે સુરતની જન્મતિથિ નક્કી કરી શકાય. તો ડૉ. મુકુલ ચોક્સીના મતે સુરતની જન્મતિથિ તો હશે જ, પરંતુ તે આપણને ધ્યાનમાં ન આવી હોઈ. સુરતનું નામ પડ્યું હોય ત્યારે જન્મતિથિ હશે અને આ નામ ક્યારે પડ્યું તે સાહિત્યકારોએ શોધવું રહ્યું. સુરતની જન્મતિથિ સારી અને મહત્ત્વની વાત છે.

*એચ-૫/૪૧, નિધિ એપાર્ટમેન્ટ,*
*પ્રગતિનગર, નારણપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૬૩*
*મો - ૯૮૨૫૪૬૪૪૮૧*

(પૃષ્ઠ ૧-૧૦૪નું ચાલુ)

નગરશેઠ શાંતિદાસ ઝવેરી દ્વારા નિર્મિત ચિંતામણિ દેરાસરને ખંડિત કર્યું હતું. આ ઘટનાને કારણે બાદશાહ શાહજહાંએ ઔરંગઝેબને દિલ્હી પરત બોલાવી લીધો હતો. ૧૬૫૪માં શાહજાદા મુરાદબક્ષ સૂબો થયો. ૧૬૫૮માં બાદશાહ ઔરંગઝેબે દિલ્હીની ગાદી સંભાળી. એમના પછી દિલ્હીના બાદશાહ નબળા થતા ગયા. તેથી ૧૭૨૦માં ગુજરાતમાં-અમદાવાદમાં જોધપુરના મહારાજ અજિતસિંહના અનોપસિંહ ભંડારીએ વહીવટ સંભાળ્યો. ૧૭૫૩માં અમદાવાદ મરાઠા હકૂમતમાં આવ્યું. મરાઠારાજ વખતે અમદાવાદમાં પેશ્વા અને ગાયકવાડ વચ્ચે ભાગીદારી પેઢી જેવું શાસન રહ્યું. અંગ્રેજો વચ્ચે પડ્યા અને અંતે ઈસ્ટ ઈન્ડિયા કંપની વતી જહૉન એન્ડ્રુઝ ડનલોપે અમદાવાદનો કબજો લીધો. છઠ્ઠી જૂન, ૧૮૧૮થી ભદ્રના કિલ્લા ઉપર બ્રિટિશ સામ્રાજ્યનો 'યુનિયન જેક' ધ્વજ ફરકતો શરૂ થયો.

અંગ્રેજ શાસન શરૂ થતાં, પ્રથમ કામ કાયદો- વ્યવસ્થાનું કર્યું. શહેરમાં વિકાસનો દોર શરૂ થયો. જિલ્લા કલેક્ટર મિ. બોરડેલે ૧૮૩૧માં શહેરના પ્રતિષ્ઠિત નાગરિકોને ભેગા કરી 'ટાઉન વૉલ ફન્ડ કમિટી'ની રચના કરી. તે કમિટીએ શહેરના તૂટેલા કોટનું સમારકામ કરાવ્યું. તેમાંથી સ્વયંભૂ અમદાવાદ સુધરાઈ (મ્યુનિસાલિટી)નો જન્મ થયો.

૧૮૪૮માં અંગ્રેજ અમલદાર એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સે 'કવિ દલપતરામની સાથે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના કરી. શિક્ષણ અને પ્રકાશન પ્રવૃત્તિઓ શરૂ કરી. ૧૮૪૯માં અંગ્રેજ સરકારે રૂપિયા ૮૦૦૦ના ખર્ચે લંડનથી 'ટાવર ક્લૉક' મંગાવીને ભદ્રના કિલ્લા ઉપર લગાવાયુ. નગરજનોની સુખાકારી અને આરોગ્ય સેવા અર્થે ૧૮૫૮માં ઘીકાંટા રોડ ઉપર સિવિલ હોસ્પિટલ શરૂ કરી. ૧૮૬૧માં શેઠ રણછોડલાલ છોટાલાલે શહેરમાં પ્રથમ કાપડની મિલ શરૂ કરી. આગળ જતાં અમદાવાદે 'ભારતનું માન્ચેસ્ટર' તરીકે નામના મેળવી. ૧૮૬૩માં રેલવે શરૂ થઈ. રેલવે સ્ટેશનથી શહેરમાં પ્રવેશ માટે ૧૮૬૪માં પ્રેમદરવાજા અને ૧૮૬૮માં પાંચકૂવા દરવાજા બંધાવ્યા. ૧૮૮૯માં અંગ્રેજ અમલદાર સર બરો હલ્બર્ટ એલિયો લોખંડના બ્રિજનું નિર્માણ કર્યું. આપણે તેને 'એલિસબ્રિજ'થી ઓળખીએ છીએ.

૧૯૧૫માં બે પ્રકારનો પ્રકાશ શહેરમાં પથરાયો. પ્રથમ પ્રકાશ વીજળીના ગોળાથી આવ્યો. બીજો પ્રકાશ દક્ષિણ આફ્રિકાથી મોહનદાસ કરમચંદ ગાંધીના આગમનથી આવ્યો. અંગ્રેજ શાસનમાં વિવિધ સુવિધાઓની સાથે શહેરનો વિકાસ થયો, પણ નગરજનો મોટે ભાગે અજ્ઞાન હતા. તેમ છતાં તેમનામાં સ્વાતંત્ર્ય અંગે જાગૃતિ અને એકતા વધવા માંડી.

**સ્વાતંત્ર્ય સંગ્રામમાં અમદાવાદ :**

આઝાદીની લડતમાં અમદાવાદ અગ્રેસર રહ્યું. તેનું મુખ્ય કારણ મહાત્મા ગાંધીજીનું સબળ અને સક્ષમ નેતૃત્વ હતું. ગાંધીજીનો આશ્રમ ફક્ત ઘર નહોતું તે સત્યના પ્રયોગોની પ્રયોગશાળા હતી, આઝાદીના જંગનો રંગમંચ હતો, આઝાદીની લડતનું હેડક્વાર્ટર હતું. એમણે રાષ્ટ્રીય શિક્ષણ અને તાલીમ માટે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. એમનો સંદેશો લોકો સુધી પહોંચાડવા માટે 'નવજીવન' પ્રકાશનગૃહની (પ્રિન્ટ મીડિયા) શરૂ કર્યું. જ્યારે મિલ અને મજૂરો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ હતા, ત્યારે એમના આશીર્વાદથી દુનિયાનું પ્રથમ અનોખું ટ્રેડ યુનિયન- 'મજૂર મહાજન સંઘ' નો જન્મ થયો. મહાત્મા ગાંધીજીને સરદાર વલ્લભભાઈ પટેલ, મહાદેવભાઈ દેસાઈ, દાદા સાહેબ માવળંકર જેવા ઉમદા સાથી કાર્યકરો મળ્યા. મિલ માલિકો, શેઠિયા અને અસંખ્ય લોકો એમની સાથે જોડાયા.

૧૯૩૦માં મહાત્મા ગાંધીજીએ મીઠાના કાયદાના વિરોધ માટે કરેલી દાંડીકૂચથી આઝાદીની લડતને વેગ મળ્યો. દાંડીકૂચથી અમદાવાદ દુનિયાના નકશા ઉપર ઉપસી આવ્યું. એ પછી ૧૯૪૨ની લડત તીવ્ર બની. લોકનેતા જયપ્રકાશ નારાયણની નોંધ મુજબ બીજા શહેરોની સરખામણીમાં ભારતની આઝાદીની લડતમાં અમદાવાદે સૌથી વધારે માનવ યોગદાન આપ્યું હતું. અંતે ૧૫મી ઑગષ્ટ, ૧૯૪૭ના રોજ ભારત દેશ આઝાદ થયો. નગરજનોએ ભદ્રના કિલ્લા ઉપર રોશની કરી, આઝાદીનો ઉત્સવ ઉજવ્યો. એ પછીનો ઇતિહાસ આપણા સૌની નજર સમક્ષ છે. તેની ટૂંકી નોંધ લઈએ તો ગુજરાત મુંબઈ રાજ્યમાં સમાયું. ૧૯૫૬ના મહાગુજરાતના આંદોલનથી ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. અમદાવાદ ગુજરાત રાજ્યનું કામચલાઉ પાટનગર બન્યું. નવું પાટનગર ગાંધીનગર તૈયાર થતાં, ફેબ્રુઆરી, ૧૯૭૧માં વિધાનસભા અમદાવાદથી ગાંધીનગરમાં લઈ જવામાં આવી. આજે અમદાવાદનો વિકાસ ઔદ્યોગિક પાટનગર (ઈન્ડસ્ટ્રિયલ કેપિટલ) તરીકે જળવાઈ રહ્યો છે. ન વાદ, ન વિવાદ, ન સંવાદ, અમારા માટે એક મોટો વાદ એટલે અમદાવાદ ! અમદાવાદીઓનું અમદાવાદ !

*૮૫, શંકર સોસાયટી, વિભાગ-૨,*
*અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ - ૧૩.*
*મો. ૯૮૨૫૦૪૨૨૩૧*

# ધીરુભાઇ ઠાકર : જ્ઞાનમાર્ગના કર્મઠ ઉપાસક

*– વી એસ. ગઢવી*

ગુજરાતે કેટલાયે માનવરત્નોની ભેટ સમગ્ર દેશ તથા જગતને આપી છે. વિવિધ ક્ષેત્રમાં પ્રતિભા ધરાવતા આ ગુજરાતી મહાનુભાવોએ તેમના યોગદાનથી જગતને વધારે રળિયામણું બનાવ્યું છે. વેપાર – વાણિજયના ક્ષેત્રમાં સાગરખેડુ ગુજરાતીએ પોતાનું કૌવત દાખવ્યું છે. સત્ય તથા અહિંસાના માર્ગે પણ પરાધિનતાની બેડીઓ ફગાવી શકાય તેવી વાતનું પ્રતિપાદન ગુજરાતના પનોતા પુત્ર ગાંધીએ કર્યું તથા તે બાબત વિશ્વ સમક્ષ રજૂ કરી. આચાર્ય હેમચન્દ્રાચાર્ય જેવા સમર્થ વિદ્યા પુરુષ તથા ડૉ. વિક્રમ સારાભાઇ જેવા જ્વલંત વૈજ્ઞાનિક એ પણ ગુજરાતની જ અમૂલ્ય સોગાદ છે. ડૉ. પ્ર.ચુ.વૈદ્ય, સુંદરમ, ઉમાશંકર જોશી તેમજ ડોલરરાય માંકડ જેવા સર્જકો તથા શિક્ષણવિદોથી ગુજરાતની ધરા ગૌરવશાળી બની છે. આજ શ્રેણીમાં વિશ્વકોશના સર્જક ધીરુભાઇ ઠાકર એક તેજસ્વી તેમજ અહર્નિશ અભ્યાસુ તરીકે આપણી સામે પ્રેરણાના સ્રોત બની ઊભા છે. ૨૦૧૭-૧૮ નું વર્ષ એ ધીરુભાઇ ઠાકરની જન્મ શતાબ્દીનું વર્ષ છે. ધીરુભાઇના શાશ્વત યોગદાનની શતાબ્દી વંદના કરવાનો આ સુવર્ણયોગ છે. ગુજરાત કૃતજ્ઞતાથી પોતાના આ તપસ્વી સાધકને આ પ્રસંગે યાદ કરીને શતાબ્દી વંદના કરશે તે નિર્વિવાદ છે.

**ધીરુભાઇએ વિશ્વકોશનો આંબો વાવ્યો છે જેનાં મીઠાં ફળ આવનારી અનેક પેઢીઓને હંમેશા મળતા રહેશે. વિશ્વના અનેક વિષયોની જાણકારી એક જ સ્થળેથી પ્રાપ્ત કરવા માટે વિશ્વકોશના માધ્યમની ઉપયોગિતા બાબત ઠાકર સાહેબ સ્પષ્ટ હતા. વિશ્વકોશને ધીરુભાઇ ક્રાંતિનું વાહન કહેતા હતા. સ્વાભાવિક રીતે જ વિચારનું મૂળ જાણકારીમાં અથવા જ્ઞાનમાં રહેલું છે**

ધીરુભાઇએ વિશ્વકોશનો આંબો વાવ્યો છે જેનાં મીઠાં ફળ આવનારી અનેક પેઢીઓને હંમેશા મળતા રહેશે. વિશ્વના અનેક વિષયોની જાણકારી એક જ સ્થળેથી પ્રાપ્ત કરવા માટે વિશ્વકોશના માધ્યમની ઉપયોગિતા બાબત ઠાકર સાહેબ સ્પષ્ટ હતા. વિશ્વકોશને ધીરુભાઇ ક્રાંતિનું વાહન કહેતા હતા. સ્વાભાવિક રીતે જ વિચારનું મૂળ જાણકારીમાં અથવા જ્ઞાનમાં રહેલું છે. જ્ઞાન મેળવવાનો સ્ત્રોત એ માહિતી છે. વિશ્વકોશ અનેક વિષયોની સંગીન તેમજ અધિકૃત માહિતીનો સ્ત્રોત છે. કોશમાં માહિતી રજૂ કરનાર વ્યકિત પણ જે તે વિષયમાં નિષ્ણાત હોય છે. આથી આ પ્રકારની માહિતીની સંપૂર્ણ વિશ્વસનીયતા રહે છે. વિશ્વકોશના સંદર્ભમાં ધીરુભાઇએ કહેલી વાત વિસરી શકાય તેવી નથી. ધીરુભાઇ કહેતા કે, તેમણે જયારે વિશ્વકોશનું કામ શરૂ કર્યુ ત્યારે સામાન્ય લોકોને આ વિષય અંગેની જાણકારીનો અભાવ હતો. ધીરુભાઇ અનુભવના આધારે લખે છેઃ

''સમાજને વિચારનું બળ પૂરું પાડનાર વિશ્વકોશ છે. ગુજરાતમાં અમે વિશ્વકોશનું કામ શરૂ કર્યુ ત્યારે ઘણાં લોકોને શબ્દકોશ અને વિશ્વકોશ વચ્ચેના અંતરની ખબર ન હતી. આજે આ પ્રવૃત્તિની જાણ વિશ્વકોશના સંપર્ક પત્ર 'વિશ્વવિહાર' દ્વારા ગુજરાતને ખૂણે ખૂણે થઇ ગઇ છે. વિશ્વકોશનો ઉપયોગ વિદ્યાર્થી અને અધ્યાપક ઉપરાંત સામાન્ય જિજ્ઞાસુ વર્ગ પણ કરતો થઇ ગયો છે.''

વિશ્વકોશના સર્જનના ઇતિહાસની વાત વાગોળીએ તો એ બાબતની પ્રતીતિ થાય છે કે માત્ર અક્ષર જ્ઞાનના આધારે જ કોઇકના વ્યકિતત્વની મૂલવણી કરીએ તો તેમાં થાપ ખાઇ જવાની સંભાવના રહેલી છે. ઉત્તર ગુજરાતના કર્મયોગી તેમજ સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી સાકળચંદ પટેલ અક્ષરજ્ઞાનથી નહિ પરંતુ અંતરજ્ઞાનથી એ વાત સમજ્યા કે શ્રી ધીરુભાઇ ઠાકર જેવા સમર્પિત સારસ્વત વિશ્વકોશનું કામ ઉપાડે તો આંબાનું વૃક્ષ રોપવા જેવું ફળદાયી કાર્ય થઇ શકે. આથીજ તેમણે ઠાકર સાહેબને વિશ્વકોશની પ્રવૃત્તિ આર્થિક બાબતોની ચિંતા કર્યા સિવાય શરૂ કરવાનું કહ્યું. આવા શિવ સંકલ્પનું પરિણામ આજે નજર સામે છે. વિશ્વકોશનું વટવૃક્ષ ફૂલ્યું ફાલ્યું છે. ધીરુભાઇએ જીવનના લગભગ સાત દાયકાની સફર પૂરી કરી ત્યાર બાદ વિશ્વકોશની સ્થાપનાનું ઐતિહાસિક કાર્ય સંપન્ન કર્યું. કામ કરનારને ઉંમર – કાળ કે સંજોગોના બંધન નડી શકતા નથી. તે વાત આ ઘટનાથી સ્પષ્ટ થાય છે. વિશ્વકોશ જેવો જ્ઞાન ભંડાર ગુજરાતીઓને ઉપલબ્ધ થાય તેવો મહત્વાકાંક્ષી સંકલ્પ પૂ. મોટાનો પણ હતો. પૂજય મોટાના શિવ સંકલ્પની પૂર્તિ સાંકળચંદ – ધીરુભાઇના સાંન્નિધ્ય તેમજ નિર્ધારથી થવાનું વિધિ-નિર્માણ હશે તેથી કામ થયું અને ચોમેર ખ્યાતિને વર્યુ. જીવનના જે જે ક્ષેત્રોમાં ધીરુભાઇએ કામ કર્યુ ત્યાં એકજ સરખી નિષ્ઠાનું દર્શન થાય છે. આ બધી પ્રવૃત્તિઓની ધમાલ વચ્ચે પણ અવિરત સાહિત્ય સર્જનનો પ્રાવહ તેમની કલમે વહેતો રહેલો છે તે પણ એક નોંધપાત્ર

બાબત ગણાય. ભારત સરકારે તેમને પદ્મભૂષણના ખિતાબથી નવાજ્યા તે ઉચિત નિર્ણય ગણી શકાય. પરંતુ અનેક લોકોનો જે સ્નેહાદર ઠાકર સાહેબને મળ્યો છે તે સૌથી મોટો એવોર્ડ છે.

ધીરુભાઇ તેમના સુદીર્ઘ જીવનમાં કાળના અનેક પ્રવાહોના સંપર્કમાં આવ્યા. ગાંધી પ્રેરિત મહાન લડતના પણ તેઓ સાક્ષી તથા સહભાગી બન્યા. આ કાળમાં યૌવનનો જે અજંપો હતો તેના ધબકાર તેમણે ગુજરાત કોલેજના યુવાન અધ્યાપક તરીકે અનુભવ્યો. દેશનું વિભાજન થયું અને રાજકીય સમસ્યાઓ ઉપરાંત જે સામાજિક સમસ્યાઓના વમળો ઊભાં થયાં તેનું નિરીક્ષણ તથા અભ્યાસ તેમણે એક જાગૃત નાગરિક તરીકે સતત કર્યો. તત્કાલિન કાળના પ્રવાહો પારખીને તેના બધા અનુભવોના ભાથાનું નવનીત એ સર્જક ધીરુભાઇના શબ્દોમાં પ્રગટ થયું છે. સાંપ્રત પ્રવાહો સાથે સંપર્ક જાળવવાની તેમની જિજ્ઞાસુ વૃત્તિ આજીવન રહી હતી. જીવનના સાત- આઠ દાયકા પસાર થયા પછી પણ તેમને સામાજિક જીવન અને સાહિત્યને સબંધિત અનેક ઘટનાઓમાં સક્રિય રીતે સહભાગી થતાં અને દોરવણી આપતાં જોયા છે. વિશ્વકોશના નિર્માણનું પડકારરૂપ કાર્ય જીવનના ઉત્તરાર્ધમાં કરીને તેમણે એક દીવાદાંડીરૂપ કાર્ય કર્યું છે. દરેક જીવંત વ્યકિતની વિદાય ગમે તેટલી વસમી લાગે તો પણ નિશ્ચિત હોય છે. આ સંજોગોમાં વ્યકિતએ પોતે હાથ ધરેલા કાર્યો પૂરાં ન થાય અથવા કાળના પ્રવાહમાં ટકે નહિ તેવું બનવાનો પૂરો સંભવ છે. આથી જ વિશ્વકોશનું નિર્માણ કરીને ધીરુભાઇએ એક મજબૂત –ટકાઉ તથા હેતુપૂર્ણ સંસ્થાગત માળખું ઊભું કર્યું છે. જે ખૂબ નોંધપાત્ર બાબત છે. વિશ્વકોશના દરેક નવા ભાગના વિમોચન સાથે જ જાણે ધીરુભાઇની ચેતનામાં નવો સંચાર થતો હતો. પોતે વાવેલા બીજને પલ્લવિત વૃક્ષ તરીકે જોવાનું સદભાગ્ય ઓછા લોકોને પ્રાપ્ત થતું હોય છે. એ રીતે જોઇએ તો 'સવ્યસાચી' ધીરુભાઇ ખરા અર્થમાં બડભાગી હતા. જીવનનો ધર્મ કદાચ તેમણે સતત કર્તવ્ય પરાયણતામાં જોયો હશે તેમ લાગે છે.

ગીતાકારે પ્રબોધેલી ''કર્મણ્યેવાધિકારસ્તે, મા ફલેષુ કદાચન્'' એ વાત સાંભળવા તો અવારનવાર તથા અનેક પ્રસંગોએ મળે છે. આ વાત કરવી સહેલી છે પરંતુ વાસ્તવમાં તેને જીવી જાણવી મુશ્કેલ છે. આથી કેટલાક વિરલાઓ જે આ વાતને પોતાના જીવતર થકી ઉજાળે છે તેમના જીવન સમક્ષ સમાજ અહોભાવપૂર્વક નતમસ્તક થાય છે. નિરંતર કર્મની જ્યારે વાત કરીએ ત્યારે જેમની ચિર વિદાયને ચાર વર્ષ જેટલો સમયગાળો થયો છે તેવા શ્રી ધીરુભાઇ ઠાકરની સ્મૃતિ થવી સ્વાભાવિક છે. આપણી નજર સમક્ષ હજુ ગઇકાલ સુધી ઉન્નત તથા અર્થસભર જીવતર જીવી જનાર ઠાકર સાહેબ નવા ચિલા પાડીને ગયા. થાક તથા નિરાશાનો ઓછાયો પણ તેમના જીવનમાં પડ્યો હોય તેમ લાગતું નથી. વિશ્વકોશના આ જગનન્નાથના રથને ખેંચવા જેવું કપરું કામ નહિતર કેવી રીતે થયું હોત ? ઇન્દુલાલ યાજ્ઞિક જેવા ઝંઝાવાતી કર્મવીર જેના સર્જન સાથે સંકળાયેલા છે તેવી '' મોંઘેરી ગુજરાત '' ની એક અલગ રાજ્ય તરીકે ૧૯૬૦ માં રચના થઇ. ગુજરાતની સ્થાપના પછીના પાંચ દાયકામાં થયેલા ઐતિહાસિક કાર્યોની સૂચિ તૈયાર કરીએ તો તેમાં વિશ્વકોશની સ્થાપના અને તેના યોગદાનની વાત અચૂક આવે તેમ કહેવામાં સહેજપણ અતિશયોક્તિ નથી. એક હજાર પૃષ્ઠનો એક એવા પચીસ ગ્રંથોની વિપુલ સામગ્રી તૈયાર કરીને જગતના ચોકમાં મૂકવી તે ગુજરાત રાજ્યની સ્થાપના પછીના વર્ષોની એક અસામાન્ય તથા જ્વલંત ઘટના છે. વિશ્વના કોઇપણ ખૂણે વસનાર ગુર્જર આ યશસ્વી કાર્ય માટે ગૌરવનો ભાવ અનુભવી શકે છે. ઠાકર સાહેબે જાતે તો કાર્ય કર્યુ જ પરંતુ આ કામની અવિરત પ્રગતિ માટે મજબૂત ટીમવર્ક તથા સંસ્થાગત માળખું પણ ઊભું કર્યું. કામને પોષક તેવું સુયોગ્ય માળખું નિર્માણ કરવાની તેમની દીર્ઘદ્રષ્ટિને કારણે તેમની અનુપસ્થિતિમાં પણ આ કાર્ય નિરંતર ચાલતું રહેલું છે. કુમારપાળ દેસાઇ તથા કવિ ચન્દ્રકાન્ત શેઠ જેવા સમર્પિત લોકોએ ધીરુભાઇએ પ્રગટાવેલી જ્યોતને સક્રિય રહીને જાળવી છે અને તેમાં સતત દીવેલ પૂરવાનું યજ્ઞકાર્ય કરેલું છે. કર્મની દિશામાં તથા જ્ઞાનપ્રાપ્તિની દિશામાં ગતિ કરવાની પ્રેરણા ધીરુભાઇના જીવનમાંથી અનેક લોકોએ મેળવી. કવિ શ્રી વેણીભાઇ પુરોહિતના નીચેના શબ્દોમાં કર્મનો મહિમા સુંદર રીતે વ્યક્ત થયો છે. ધીરુભાઇ ઠાકર જેવા કર્મવીર તથા પ્રજ્ઞાવાન સાક્ષરના જીવનમાંથી પણ નીચેના અર્થસભર શબ્દોમાં વણેલો ભાવ સતત પ્રગટતો જોવા મળે છે.

*થાકે, ન થાકે છતાંયે*
*હો માનવી, ન લેજે વિસામો !*
*ને ઝૂઝજે એકલ બાંયે*
*હો માનવી, ન લેજે વિસામો .*
*ઝાંખા જગતમાં એકલો પ્રકાશજે,*
*આવે અંધાર તેને એકલો વિદારજે,*
*છો ને આ આયખું હણાયે*
*હો માનવી, ન લેજે વિસામો !*

માનવ માત્રને પોતાના વિશે તેમજ પોતાનો ઉછેર જ્યાં થયો છે તેવી આસપાસની દુનિયા વિશે હંમેશાં થોડાઘણાં અંશે કુતૂહુલનો ભાવ રહેતો હોય છે. આવી ઉત્સુકતા માનવમનમાં ધરબાઇને પડી છે તેના કારણે અનેક નવી શોધની ભેટ જગતને મળી છે. છેલ્લા થોડા વર્ષોમાં જે પરિવર્તન થયા છે તેના કારણે માહિતીના વિસ્ફોટના યુગમાં આપણે જીવતા હોઇએ તેવી અનુભૂતિ થયા કરે છે. સોશયલ મીડિયાનું હથિયાર થોડા સમયથી હાથવગું થયું છે. અનેક પ્રકારના સંદેશાઓની સતત

આપલે થયા કરે છે. આવી સ્થિતિ થવાના કારણે કેવા અને કેટલા લાભ કે ગેરલાભ થયા છે તે અલગ વિષય છે. પરંતુ માહિતી કે સંદેશ ઝડપી તથા સામાન્ય રીતે પરવડે તેવા ખર્ચે પહોંચાડવાનું નેટવર્ક ગોઠવાયું છે તે નજર સામેની હકીકત છે. આથી અર્વાચીન યુગમાં વિશ્વકોશ કે જ્ઞાનકોશ જેવા સાધનની વિશેષ આવશ્યકતા ઊભી થઇ છે. જો માહિતી પ્રમાણભૂત હોય તો અર્થપૂર્ણ તથા ઉપયોગી બની શકે. આથીજ જગતની શક્ય થાય ત્યાં સુધી તમામ વિદ્યાઓની માહિતી એક સાથે તથા પ્રમાણભૂત રીતે મળી રહે તે સમાજની એક અનિવાર્ય જરૂરિયાત બને છે. વિશ્વકોશ ખરા અર્થમાં વિશ્વવિદ્યાનો કોશ છે તેવું ધીરુભાઇનું અવલોકન યથાર્થ છે. લગભગ અઢીસો વર્ષ પહેલા ''એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'' ના પ્રકાશનથી માહિતીના અધિકૃત તથા વિશાળ જથ્થાનો સૂર્યોદય થયો. ઝડપથી બદલાતા જતા સમય – સ્થિતિના પ્રવાહમાં આ એક ખૂબજ ઉપકારક તેમજ આવકારદાયક કાર્ય થયું હતું. ભારતમાં શબ્દકોશની રચનાનો ઈતિહાસ પ્રમાણમાં જૂનો છે. પરંતુ વિશ્વકોશના નિર્માણની વાત એ શબ્દકોશ જેટલી જૂની નથી. આમછતાં આ દિશામાં અલગ અલગ લોકો કે શૈક્ષણિક સંસ્થાઓએ પ્રયાસ જરૂર કર્યા છે. પૂ. મોટા તરફથી સરદાર પટેલ યુનિવર્સિટી તેમજ ગુજરાત યુનિવર્સિટીને આ કાર્ય માટેનું અનુદાન પણ આપવામાં આવ્યું. કેટલુંક કામ આ રીતે થયું પણ ખરું. કાળની કોઇ શુભ ક્ષણે આ કામમાં સાકળચંદ પટેલ, ડૉ. પી. સી. વૈદ્ય તથા ''એક અને અનેરા'' ધીરુભાઇ મળ્યા અને વિશ્વકોશના ઉજળા કાર્યના મજબૂત પાયા નાંખવામાં આવ્યા. પૂ. મોટાના આશીર્વાદ અને પ્રોત્સાહન બન્ને મળ્યાં. તે વખતના ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ વૈદ્ય સાહેબે પ્રાધ્યાપક ધીરુભાઇની શક્તિને પારખીને આ કામ ધીરુભાઇ કરે તેવો આગ્રહ રાખ્યો. ધીરુભાઇ ૧૯૭૮માં મોડાસા કોલેજમાંથી નિવૃત્ત થઇને આવ્યા હતા. વિશ્વકોશના આ કાર્યમાં ઉત્તર ગુજરાતના કર્મઠ આગેવાન સાંકળચંદ પટેલનો સધિયારો ધીરુભાઇને મળ્યો તે ગુજરાતના ઉજળા શ્રેષ્ઠીઓના ઈતિહાસનું એક સુવર્ણ પ્રકરણ છે. વિશ્વકોશના ભૂમિકાખંડનું અર્પણ સાંકળચંદ પટેલને કરી આ કોઠાસૂઝવાળા આગેવાન તરફ આદર પ્રગટ કરવામાં આવ્યો. ગુજરાત સરકારે પણ વિના મૂલ્યે જમીન આપીને વિશ્વકોશભવનના નિર્માણ માટે પાયાની સવલત કરી આપી. વિશ્વકોશમાં પ્રગટ થતી માહિતીની પ્રમાણભૂતતા તેમજ અધ્યતનપણાને કારણે અનેક અભ્યાસુઓને જ્ઞાનનો આ વિશાળ જથ્થો ઉપલબ્ધ થયો છે. ગુજરાતી ભાષામાં અંતરીક્ષ વિજ્ઞાન, ટેકનોલોજી કે તબીબીશાસ્ત્ર જેવા વિષયોની માહિતી મળે અને પારિભાષિક શબ્દો મળી રહે તે નાનીસૂની વાત નથી. વિશ્વકોશ ઉપરાંત પણ અનેક મહત્ત્વનાં અને ઉપયોગી પ્રકાશનો એ વિશ્વકોશની નોંધપાત્ર સિદ્ધિ છે. કવિ શ્રી ચન્દ્રકાન્ત શેઠની ચીવટપૂર્વકની મૂંગી મહેનત તથા કાર્યનિષ્ઠાને કારણે થયેલા બાળ વિશ્વકોશના કામથી વિશ્વકોશની પ્રવૃત્તિને સુવર્ણકળશ ચડેલો છે.

સ્વસ્થતા તથા શાલીનતા જેમની પ્રકૃતિના અભિન્ન અંગ સમાન હતાં તેવા ધીરુભાઇ એટલાજ પ્રફુલ્લિત રહેનારા તથા આસપાસના લોકોને રાખનારા હતા. વિશ્વકોશનું નિર્માણ હોય કે મોડાસાની કોલેજને શિક્ષણના ઊજળા શિખર સુધી લઇ જવાના પ્રયાસ હોય – દરેક કાર્યમાં નિષ્ઠાના બળે ઠાકર સાહેબે સંસ્થાઓના નિર્માણનું કાર્ય કરેલું છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમણે વિશ્વકોશની ખેવના કરી. આ કાર્યમાં પ્રાણ પુરતા રહે તેવા નિષ્ઠાવાન લોકોના હાથમાં સંસ્થાની લગામ સોંપીને તેઓ ફાની દુનિયામાંથી પ્રયાણ કરી ગયા. ધીરુભાઇની સાધના પાછળના અનેક કારણોમાં એક મહત્ત્વનું કારણ તેમના ધર્મપત્ની ધનુબહેન હતાં તે વાતનું યથાર્થ દર્શન નીતિનભાઇ શુકલએ લખેલી સ્મૃતિઓ પરથી થાય છે. ધનુબહેન પોતે શારીરિક રીતે અસ્વસ્થ હોય તો પણ ધીરુભાઇને વિશ્વકોશના કામ માટે જવાનો આગ્રહ કરે. દાંપત્ય જીવનની આ વિરલ સાધના ગુજરાતને ફળી છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. ઋજુ પ્રકૃતિવાળા ધીરુભાઇ બધાને સાથે લઇને ચાલ્યા. ટીમવર્કના નિર્માણની તેમની હથરોટી સૌથી ભિન્ન તથા અસરકારક હતી. વિશ્વકોશની ઉપયોગિતા એટલી વ્યાપક છે કે તેના અભાવવાળું કોઈ પણ ગ્રંથાલય અપૂર્ણ રહેલું ગણાય. સુદીર્ઘ તેમજ ભર્યાભાદર્યા જીવનના સંધ્યાકાળે પણ પાબ્લો નેરુદાના પુસ્તકનો અનુવાદ 'સત્યની મુખોમુખ' નામે વર્ષ ૨૦૧૦ માં કર્યો. વિશ્વકોશપુરુષ સમાન ધીરુભાઇ જીવનની અંતિમ ક્ષણો સુધી કાર્યરત રહ્યા. ધીરુભાઇએ જેનો પ્રારંભ કરાવ્યો છે તે સરસ્વતી ઉપાસનાના માર્ગનો કોઇ આખરી મુકામ નથી. આ યાત્રા તો પેઢી દર પેઢી સુધી નિરંતર વહેતી રહેનારી છે. જ્ઞાનર્ષિ ધીરુભાઇનો જ્ઞાનયજ્ઞ સદાકાળ પ્રજવલિત રહેવા સર્જાયો છે. ધીરુભાઇની ઉજ્વળ જીવનયાત્રા તેમજ તેમની ઉપલબ્ધિઓ સદાકાળ જીવંત રહે તેવી છે. મકરંદી મિજાજમાં કહીએ તો ઠાકર સાહેબ કરી ગયા છે તે કમાલ ઝાંખી-પાંખી થાય તેવી નથી.

***અમે તો જઈશું અહીંથી***
***પણ આ અમે ઉડાડ્યો***
***ગુલાલ રહેશે,***
***ખબર નથી શું કરી ગયા***
***પણ કરી ગયા તે કમાલ રહેશે.***

---

*૧૧૫/૨, સેક્ટર-૨-એ,*
*ગાંધીનગર.*
*મો - ૯૯૭૮૪૦૬૧૩૦*

# ગીતા એક મહાજ્ઞાન

– ડૉ. અશોક નારાયણ

સાચું કહું તો આપણું ચિત્ત શરીરથી સુપેરે પરિચિત છે. શરીરની સુંદરતા માટે આપણે એટલી માવજત, એટલી કાળજી લઈએ છીએ કે આખા શરીરમાં ઉપરછલ્લું આ શરીરનું જ પલ્લું ભારે છે. શરીર ભારે છે એ વાત સાચી પણ જે હલકા શરીરનો સૌથી અગત્યનો ભાગ છે તે આત્મા (soul). જે દેખાય છે તે તો છે જ પણ નથી દેખાતો તે આ આત્મા સર્વોપરી છે. એના વિના શરીરની કોઈ વીણા કામ કરી શકે નહીં. આત્મા વગરનું શરીર જડ, અચેતન બની જાય. આપણને કાયાની માયા મોટીમસ લાગે પણ, આત્માની માયા જે અવિરત સમગ્ર શરીરને જ નહીં પણ માનો ને માણો તો સમગ્ર અસ્તિત્વમાં નવા જોમ ને શક્તિ પ્રેરનાર છે. તેના તરફ પૂરતું લક્ષ્ય એટલે મન લગાવવામાં આવે તો તેના સુખદ પરિણામો ભોગવવા મળે. પણ આપણું દુર્લક્ષ્ય, બેધ્યાનપણું શરીરના અણુએ અણુમાં આત્મિક આનંદ પ્રસરવા દેતો નથી. તે એક ચિંતાનો વિષય જ લેખાય. ભગવાને પવિત્ર ગીતામાં આત્મા વિશે કેટલી સુંદર અને ગહન વિચારસરણી દર્શાવી છે. અંતઃકરણપૂર્વક તેમાં દર્શાવેલ મૂળભૂત બાબતોને લક્ષ્યમાં લેવામાં આવે તો માનવજીવન ઉચ્ચ સ્તરે બિરાજમાન થઈને જ અટકે એમાં કોઈ શંકા નથી.

આત્માને છેદી શકાતો નથી. બાળી શકાતો નથી. શોષી શકાતો નથી કે ભીંજવી શકાતો નથી વળી તે કાયમી અને સર્વવ્યાપક છે તેમજ તેનો અંત છે જ નહીં. આપણે દરેક ભૌતિક પદાર્થ ફળ, ફૂલ વગેરે કાપી શકીએ છીએ. ચીરી શકીએ છીએ, ટુકડા કરી શકીએ છીએ પણ આપણો આત્મા એવું તત્ત્વ છે કે, જેને આપણે કાપી કે ચીરી શકતા નથી. વળી કોઈ પણ ચીજને કાપવા કે ચીરવા જોવી તો પડે ને... આત્માને કેવી રીતે જોઈએ? તેનો આકાર ન હોવાથી તેને પકડી પણ શકતા નથી, તેને શોષી પણ શકાતો નથી કેમ કે, આત્મા કોઈ પ્રવાહી સ્વરૂપનો થોડો છે તે શોષી શકાય.... આત્મા કાયમી છે, તેનો સમયગાળો કોઈ નિશ્ચિત નથી. દેહમાંથી આત્મા નીકળી જાય પછી દેહ નિશ્ચેતન પડી રહે. દાટીને કે બાળીને તેનો નિકાલ થાય. આ દેહ અનિત્ય પણ આત્મા તો નિત્ય છે સનાતન છે. આત્મા મરતો નથી તેનો અંત પણ થતો નથી. આમ જે જન્મે નહીં તે મરે કઈ રીતે ? આપણે સૌએ આત્માની સર્વવ્યાપકતાને સ્વીકારીને દેહના મરણ સંબંધી શોક કરવો જોઈએ નહીં. એટલે જ માનવીને કલ્યાણકારી પ્રવૃત્તિમાં સતત રમમાણ રહેવું જોઈએ. કલ્યાણકારી કાર્ય કરનાર કોઈ પણ દુર્ગતિને પામતો નથી. એટલું જ નહીં કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં પરોવાયેલા તે પુરુષોનો નાશ આ લોકમાં કે પરલોકમાં પણ થતો નથી. જો તમે તમારો નાશ ન થાય એવું ઈચ્છતા હો તો તમારે સદાય કલ્યાણકારી કાર્યો હૃદયમાં વસાવી તે તરફ પ્રયાણ કરવું જોઈએ. મને લાગે છે કે કલ્યાણકારી પ્રવૃત્તિઓના બે ભાગ પાડી શકાય. પહેલા ભાગમાં એવી પ્રવૃત્તિઓ સમાજના કે કોઈ ચોક્કસ વ્યક્તિના ભૌતિક કલ્યાણને જ ધ્યાનમાં રાખી કરવામાં આવે. જ્યારે બીજા ભાગમાં અભૌતિક એટલે કે લોકો અથવા તે વ્યક્તિઓના આત્મિક કલ્યાણને ધ્યાનમાં રાખીને કરવામાં આવે .... જેને હૈયે લોકોનું માત્ર અને માત્ર કલ્યાણ જ વસેલું હોય તેને ભગવાન પણ શું કામ કોઈ તકલીફ આપે ? કલ્યાણકારી કાર્યોથી જ આત્મ સંતોષ મળે અને તેનો આનંદ અવર્ણનીય જ હોવાનો... પછી અહીં દુર્ગતિની વાત જ ક્યાં ? હંમેશાં સારું થવાની ભાવના રાખનાર માણસને કોઈ તકલીફ કે વિટંબણા થતી જ નથી એ સાવ સ્પષ્ટ જ છે. આવો આપણે આપણા જીવનને લોક કલ્યાણના યજ્ઞમાં જોડી દઈએ.

ગીતા જ્ઞાન ગહન છે... તેને સમજવા માટે આત્મા રેડવો પડે. જીવને દુન્યવી માયાથી અલિપ્ત કરીને મનને તેમાં પરોવવું પડે. ખરેખર જો તેમ થાય તો ગીતા જ્ઞાન જેવું મિષ્ટ, મધુરું સર્વોચ્ચ જ્ઞાન સમગ્ર અસ્તિત્વને પુલકિત કરી દે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. સમગ્ર વિશ્વ માટે ગીતાજ્ઞાન એક અદ્ભુત, સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે... એનો રસાસ્વાદ માણનાર પોતાના જીવનને ધન્ય બનાવી દે એવી મહાશક્તિ તો ગીતાજ્ઞાનથી જ મળી શકે. અસ્તુ...

પ્લોટ નં. ૮૫૨, સેક્ટર-૮, ગાંધીનગર.



# આત્મજ્ઞાનથી ભરપુર સંતોનાં નિજાનંદી પદો....

*– કાકડિયા મનુસખ વી.*

**આ**પણી ભારતની સંસ્કૃતિ અતિ પ્રાચીન છે એમ, આધ્યાત્મિક સૃષ્ટિનો મહિમા અગાધ છે. અનંત બ્રહ્માંડનાં રહસ્યો મહાપુરુષની વાણીમાં પ્રગટ થયેલાં જણાય છે. આ પુણ્યભૂમિ પર અનેક ઋષિમુનિઓ, મુનિવરો, મહાયોગીઓ, મહાતત્ત્વવેતા પુરુષો, સંતો, મહાત્માઓ અને જીવનમુક્ત પુરુષોએ જન્મ ધારણ કરી પોતાની અનુભવ વાણીમાં સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિનું ગૂઢ રહસ્ય ખુલ્લું કર્યું છે. એના એકએક કણને અનુભવ જ્ઞાનથી અનુભવ્યો છે. આત્મ ઉદ્ધારક બોધનું નિરૂપણ સાથે સાથે કર્યું છે. જેમ ઉમરાના વૃક્ષની ડાળે ડાળે અને થડ પર અગણિત ફળો લાગેલાં હોય છે. જે ગણ્યામાં ન આવે, આ ફળો અનંત હોય છે. એવી જ રીતે મહાપુરુષોના અનુભવમાં દિવ્યદૃષ્ટિ દ્વારા આકાશ રૂપી બ્રહ્માંડમાં અનંત ગોળાઓ છે. જેનો તાગ, ભાળ, આપણા સંતોએ પોતાના પંડમાં મેળવીને, અનુભવીને સશરીરે કે સૂક્ષ્મ શરીર વડે જઈને પોતાની અનુભવ વાણીમાં સઘળું રહસ્ય જણાવ્યું છે. યોગમાર્ગમાં અને કૃપા ભક્તિમાર્ગમાં શક્ય છે. મહાન સંતો પંચ મહાભૂત(પંચતત્ત્વો) રૂપે થયા છે એમને માટે સે'જે સહેલું છે. સર્જન-વિસર્જન કરવામાં પોતે સમર્થ હોય છે. શ્રી રામતીર્થે જળતત્ત્વને સિદ્ધ કર્યું હતું. જળની પ્રચંડતા, વાવાઝોડું, વેગ કે ધસમસતાં પૂર એનું કશું જ બગાડી શકતાં નહિ. છતાં ! અંતમાં એમણે પોતાનો દેહ જળમાં જ છોડ્યો હતો.

**આ કળિકાળમાં મંત્રનો પ્રભાવ નષ્ટ થતો ગયો એના જાણકારો રહ્યા નહિ. સમય જતાં યંત્રયુગ શરૂ થયો. અવનવાં આધુનિક યંત્રોના જ સહારે, આધારે બ્રહ્માંડના રહસ્યને પામવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. વૈજ્ઞાનિકો સતત એમાં પ્રયત્નશીલ રહ્યા છે. હમણાં હમણાં બ્રહ્માંડની ઉત્પત્તિના કણને (અણુને) શોધીને (યંત્ર વડે) આખા જગતમાં દાવો કરીને ઢંઢેરો પીટ્યો છે. છતાં ! સંપૂર્ણ સત્ય તો નથી**

આ કળિકાળમાં મંત્રનો પ્રભાવ નષ્ટ થતો ગયો એના જાણકારો રહ્યા નહિ. સમય જતાં યંત્રયુગ શરૂ થયો. અવનવાં આધુનિક યંત્રોના જ સહારે, આધારે બ્રહ્માંડના રહસ્યને પામવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. વૈજ્ઞાનિકો સતત એમાં પ્રયત્નશીલ રહ્યા છે. હમણાં હમણાં બ્રહ્માંડની ઉત્પત્તિના કણને (અણુને) શોધીને (યંત્ર વડે) આખા જગતમાં દાવો કરીને ઢંઢેરો પીટ્યો છે. છતાં ! સંપૂર્ણ સત્ય તો નથી. આધ્યાત્મિકતામાં સાધક જ્યારે આત્માના શારીરિક પાંચકોષમય બની એક પછી એકરૂપે થતાં આગળ વધીને જ્યારે સાધક વિજ્ઞાનમય કોષમાં પ્રવેશે છે ત્યારે અવનવી શોધો કરી શકે છે. સાધક ત્યાં અટક્યા વગર આગળ આનંદમય કોષમાં પ્રવેશી જાય તો સમગ્ર બ્રહ્માંડના રહસ્યનો તાગ મેળવી શકે છે.જો સદ્‌ગુરુની કે હરિની પૂરણ કૃપા સાધક પર ઊતરે તો જ શક્ય બને છે. બાકી આમાં પ્રવેશવું ખૂબ જ અઘરું છે.

આમ તો મૂળપુરુષ અને પ્રકૃતિથી અને એના સંકલ્પથી "એક ઓમ બહુ શ્યામ" થકી જ બ્રહ્માંડ અને સૃષ્ટિનું સર્જન થયેલું છે. નાદબ્રહ્મ, વાણીબ્રહ્મથી જ સર્વેની ઉત્પત્તિ થયેલી છે. આ સમગ્ર બ્રહ્માંડનું રહસ્ય સંતોએ અનુભવવાણી દ્વારા શરીર પરના સાત્વિક લક્ષણો અને નિશાની સાથે બતાવ્યા છે. સંપૂર્ણ યોગસાધનાના રહસ્યો કહ્યાં છે. આ યોગ સાધના પ્રખર યોગપુરુષ કે અનુભવી મહાપુરુષના સાંનિધ્યમાં રહીને પામી શકાય છે. યોગમાર્ગમાં આઠ સિદ્ધિઓ છે જેના દ્વારા પણ સમગ્ર બ્રહ્માંડનો તાગ મેળવી શકાય છે. આપણા પુરાણોમાં, ગ્રંથોમાં અને આધ્યાત્મિક શાસ્ત્રોમાં વિગતવાર વર્ણન જોવા મળે છે. આ પંચતત્ત્વનું શરીર ત્યાગી કે વિસર્જન કરી બીજી જગ્યાએ શરીર ધારણ કરવાની શક્તિ આપણા યોગપુરુષો અને સંતોમાં હતી. શુદ્ધ સંકલ્પ દ્વારા જે જગ્યાએ જવું હોય ત્યાં જઈને મૂળ જગ્યાએ પાછા આવી શકાય છે.

સૌરાષ્ટ્ર ધરણીના નાના એવા ગામ સમઢિયાળામાં થઈ ગયેલા ભક્ત નારી કવિયિત્રીએ સમગ્ર બ્રહ્માંડનું રહસ્ય અને રચના પોતાના અનુભવ ભક્તિપદમાં વર્ણવ્યું છે.

*"ભાઈ રે ! ચૌદલોકથી વચન છે ન્યારું પાનબાઈ.*
*તમે તેની કરી લિયો ઓળખાણ રે;*
*ભાઈ રે ! વચનથકી ચૌદલોક રચાણાં,*
*વચનથકી ચંદા ને સૂર રે.*
*વચનથકી માયાને મેદની પાનબાઈ,*
*વચનથકી વરસે સાચાં નૂર રે;"*

*એક ખૂબ જ અતી જાણીતા ભક્તિપદમાં કહ્યું છે કે :*

*"વીજળીના ચમકારે મોતી પરોવવું પાનબાઈ,....*
*ભાઈ રે ! પિંડ બ્રહ્માંડથી પર છે ગુરુ પાનબાઈ,*
*તેનો દેખાડું હું તમને દેશ;*
*ગંગાસતી એમ બોલિયાં રે,*
*ત્યાં નહિ માયાનો જરીએ લેશ....*

શ્રી ચૈતન્ય મહાપ્રભુનું ગામ નવદ્વીપથી સૌ કોઈ પરિચિત છે જેમણે કૃષ્ણધૂનથી બંગાળને ઘેલું કર્યું હતું. એમના જીવનના અદ્ભુત અને અલૌકિક પ્રસંગો આજે પણ યાદ કરાય છે. ભક્તિભાવ અને પ્રેમાવતાર તરીકે ભક્તોના હૃદયમાં સ્થાન પામેલા છે. નવદ્વીપ પાસેનું કૃષ્ણનગર (બંગાળ) અને એની નજીકનું ધુરણીગામમાં મહાન યોગીરાજ શ્યામાચરણ લાહિરીનો જન્મ થયો હતો. પોતે ગૃહસ્થી હતા. એમનું જીવન અનેક રહસ્યોથી ભરપૂર હતું. એમને પગલાબાબુ અને બંગાળી બાબુથી સૌ કોઈ બોલાવતું હતું. એમના જ મુખથી બ્રહ્માંડની વાત કહી છે. કૂટસ્થરૂપી દૂરબીનના માધ્યમથી વિશ્વ બ્રહ્માંડનું સમગ્ર ચિત્ર કે દશ્ય યોગીઓને માટે બોધગમ્ય થઈ જાય છે. એ દશ્યમાન આકાશ નથી. બલ્કે આકાશનું આકાશ અર્થાત્ મહાકાશ છે. મહાકાશના દર્શનથી યોગીને ભૂત-ભવિષ્યનું જ્ઞાન થાય છે. એકવાર પોતાના અંગ્રેજ, મોટા સાહેબને (સરકારી નોકરીમાં જ્યારે હતાં) ઉદાસ અને ચિંતીત મુખે બેઠેલા જોયા, તેનું કારણ જાણ્યું. ત્યારબાદ એકાંતમાં ધ્યાનસ્થ થઈને બધું વિગતે જાણી લીધું. પોતે સૂક્ષ્મરૂપે શરીર ધરી છેક દરિયાપાર પરદેશમાં મદદ કરી, સહાય કરી. પોતાના સાહેબની પત્નીને મૃત્યુના મુખમાંથી સૂક્ષ્મદેહ ધારણ કરીને બચાવી રોગમુક્ત કર્યા. જે બચે એવી કોઈ શક્યતા હતી નહિ. મોટા સાહેબને વિગતવાર વાત જણાવી. કુશળ સમાચારની જાણ કરી. ટૂંક સમયમાં મેં જે આપને કહ્યું તે વિગતવાર પત્રમાં લખેલું જણાવશે. તમારા પત્ની ઈંગ્લેન્ડથી ભારતમાં કુશળપૂર્વક આવી પહોંચશે. આ બધી વાત જાણી એમના સાહેબ નવાઈ પામ્યા. આવી અલૌકિક યોગની વાત અંગ્રેજ અફસરના મગજમાં આવી નહિ. એક આશ્વાસનરૂપે માની થોડા શાંત થયા. જેમ છે એમ સત્ય માન્યું નહિ. થોડા સમય પછી ઉપર મુજબની ઘટના યથાર્થરૂપે ઘટી, એમના પત્ની ભારત આવ્યાં. સૌ સાથે મળવાનું થયું ત્યારે શ્યામાચરણ લાહિરીને જોઈને તેઓ અભિરત થયા. પોતાના પતિને કહ્યું કે, આ એજ મહાપુરુષ છે કે તેઓ મારા પલંગ પાસે આવીને મારા મસ્તકપર હાથ મૂકીને મને મૃત્યુના મુખમાંથી ઉગારી મહારોગથી મુક્ત કરી હતી. જ્યારે વાત પોતાની પત્નીના મુખે બરાબર સત્ય સ્વરૂપમાં જાણી ત્યારે એ અંગ્રેજ અફસરે લાહિરી મહાશયના પગમાં પડી જઈને માફી માંગી. એમનો ખૂબ ખૂબ હૃદયથી આભાર માન્યો.

આવા તો અનેક મહાપુરુષો, યોગપુરુષો અને સંતો થઈ ગયા. સૌનું વર્ણન કરવું અહીં અશક્ય છે. આ બ્રહ્માંડના રહસ્યોને ગામડાગામના સાવ અભણ સાદા સીધા ભોળા ગામડિયા ભક્તોએ સાદી સરળ ભાષામાં અનેક જુદા જુદા મધુર રાગોનાં પદોની રચના કરી જગત સામે મૂક્યા છે. દોહા, ચોપાઈ, રાગડો, રામકમેટ, બિહાગ, કાલિંગડો, સારંગ, સોરઠ, કાફી, ખમાયચી, સોહાણી, બીયાવલ, લલિત, ભૈરવી, હલારી, મેવાડો, ધનાશ્રી, ગરબી, પ્રભાતી, રામગરી, ધોળ, સવૈયા, કવિત, દેશાખ, સિંધુડો, ભીલડી, માલકોષ, રાગબદ્ધ, કડવાબદ્ધ, દેશીઢાળના પદો, છંદ, આશાવરી, આશાગોડી, લાવણી, ચંદ્રાવલા, માલિની, શાર્દૂલ, મનહર, કુંડળિયા, હરિગીત, મદનમલ્લિકા, સુગીતિકા, ચર્ચરી, ઝિલણિયા, ગરબા, પ્રભાતિયાં અને પ્રેમલક્ષણાનાં અદ્ભૂત પદોને રાગોમાં ઢાળીને લોકજીભે ગાતા કર્યા છે. આ પદોમાં સમગ્ર બ્રહ્માંડના રહસ્યને સમાવી લીધું છે. ભક્તિભાવને અનેક રાગરાગિણીના પદોમાં ઢાળી સંસારી લોકોને ચેતવ્યા છે. "જન્મે છે એનું મૃત્યુ નક્કી છે." જે સનાતન સત્ય છે. ભક્તિરસની અનુભૂતિ સ્વયં માણીએ ત્યારે જ ખરું બ્રહ્માંડનું રહસ્ય પદોમાં જાણવા મળશે. પ્રભુના ચરણોમાં સમર્પણ થઈ જઈને અઢળક શુદ્ધપ્રેમ રાખીને જે પદો પરાવાણી રૂપે કાવ્ય રૂપે આવ્યા છે. પ્રગટ્યા છે. એમાં સંપૂર્ણ આત્મનિવેદન તથા સર્વોત્તમભાવ પ્રગટ થયો હોય છે. આવા મહાન આત્મા આ જગતમાં જન્મે ગૃહસ્થી જીવનને દિપાવી ઉમદા રીતે પ્રભુમય જીવન જીવીને પરમાર્થ કાર્ય કરતાં કરતાં પોતે તરે છે અને બીજાને તારે છે. સંસારી સુખ તો એક છળ છે. વિષયવાસનાથી ઘેરાયેલું છે. મૃગજળ સમાન છે. જે ક્યારેય તૃષ્ણાને તૃપ્ત કરતું નથી. (તરસ છીપાવતું નથી)

**દોહા, ચોપાઈ, રાગડો, રામકમેટ, બિહાગ, કાલિંગડો, સારંગ, સોરઠ, કાફી, ખમાયચી, સોહાણી, બીયાવલ, લલિત, ભૈરવી, હલારી, મેવાડો, ધનાશ્રી, ગરબી, પ્રભાતી, રામગરી, ધોળ, સવૈયા, કવિત, દેશાખ, સિંધુડો, ભીલડી, માલકોષ, રાગબદ્ધ, કડવાબદ્ધ, દેશીઢાળના પદો, છંદ, આશાવરી, આશાગોડી, લાવણી, ચંદ્રાવલા, માલિની, શાર્દૂલ, મનહર, કુંડળિયા, હરિગીત, મદનમલ્લિકા, સુગીતિકા, ચર્ચરી, ઝિલણિયા, ગરબા, પ્રભાતિયાં અને પ્રેમલક્ષણાનાં અદ્ભૂત પદોને રાગોમાં ઢાળીને લોકજીભે ગાતા કર્યા છે**

જેણે બ્રહ્મસુખ માણ્યું છે તે સંસારી સુખની સામે સ્વપ્નમાંય નહિ જોવે. સંસાર ભોગવવા છતાં ઉપરામતાથી રે'વું એ ભક્ત માટે પડકાર રૂપ છે. આવા વિરલ ભક્તો આ યુગમાં ક્યાં જોવા મળે છે ? ભક્તિના પદોમાં યથાર્થ તત્ત્વજ્ઞાન, બ્રહ્માંડનું રહસ્ય, આ ક્ષણભંગુર દેહ વિષે જે એની મહત્તા યોગ માટે કહી છે તે બીજે જોવા નહિ મળે, શરીરના અમુક ચોક્કસ ભાગો અને સ્થાનોને યોગશક્તિના કેન્દ્રો દર્શાવ્યાં છે. મૂળાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા અને સહસ્ત્રારચક્ર. આ ચક્રોનું ભેદન અને પાંચતત્ત્વોની જેને રહસ્યતા હાથ આવી ગઈ એને માટે બ્રહ્માંડના એકએક કણનો

અનુભવ થયા વગર રહેતો નથી. આવા મહાન ભક્તો સંતોએ રચેલા બાર મહિનાઓનો થોડો અહીં નિજાનંદમય રસાસ્વાદ માણવાનો પ્રયત્ન કરીયે. એક વર્ષમાં આવતી ત્રણ ઋતુઓ- ઉનાળો, ચોમાસું અને શિયાળો. નક્ષત્રો, સૂર્ય-ચંદ્રનો પ્રભાવ, રાત્રી-દિવસના પ્રહરો, નવગ્રહોની થતી અસરો, દેવો-દેવીઓ એના મૂળ સ્થાનો, બારમાસમાં આવતાં આપણા ઉત્સવો, જેની ગૂંથણી લોકજીવનને આધારે હોય છે. જે જીવનમાં નવા રંગો ભરી દે છે. સાથેસાથે આધ્યાત્મિકતાનો અગાધ સંદેશો આપી જાય છે. જેમની ઉપર સમર્થ સદ્ગુરુ છે તેની તો વાત ખૂબ ન્યારી નિરાળી છે. સંતો એ જુદા જુદા રાગોમાં મહિનાઓની રચનાઓ કરી એમાં જીવનદર્શન કરાવ્યું છે. યોગક્રિયાની રીતો, આસનો (મુખ્ય ચોર્યાસી (૮૪) આસનો છે.) જેનું રહસ્ય, પંચતત્ત્વોનું નિરૂપણ, પંચકોષનું રહસ્ય, અષ્ટાંગ યોગ અને ભક્તિયોગમાં માધુર્યભક્તિ, પ્રેમભક્તિને લગતાં ભાવોની ગૂંથણી કરેલી હોય છે. એમાં અષ્ટ સાત્ત્વિક ભાવોનું તથા નવધાભક્તિનું યથાર્થ વર્ણન જોવામાં આવે છે. આવા પદોમાં જુદા જુદા રૂપકો ભક્તોએ દર્શાવ્યાં હોય છે. ચોવીસ અવતારમાં બે મુખ્ય અવતાર રામ અને કૃષ્ણનું વધારે રસભર્યું વર્ણન જોવા મળે છે.

નર્મદા નદી કાંઠે વસેલું ચાંદોદ જેમનું ગામ છે અને મોસાળગામ ડભોઈ. જેમની ગરબીઓ ગુજરાતના ઘરોઘરમાં ગુંજે છે, ગવાય છે. એવા કૃષ્ણ ભક્ત શ્રી દયારામે પોતાના ''વ્હાલાજીના મહિના'' પદમાં ભક્તિભાવનું અદ્ભુત વર્ણન કર્યું છે. ભક્તને પોતાના ભગવાન વિના, પ્રિયતમાને પોતાના પ્રીતમ વિના હૈયામાં જે તડપન અનુભવાય છે. રાધાને જેમ કૃષ્ણનો વિરહ થાય છે એની મનની સ્થિતિ દરેક મહિનામાં કેવી હોય છે ? એનો ભાવ બદલાતો રહે છે એ ભક્ત કવિએ અદ્ભુત વર્ણવ્યું છે. પ્રકૃતિના સૌંદર્યને પ્રેમભાવમાં ગૂથી, સરખાવીને સુંદર વર્ણન કર્યું છે.

**જેમની ગરબીઓ ગુજરાતના ઘરોઘરમાં ગુંજે છે, ગવાય છે. એવા કૃષ્ણ ભક્ત શ્રી દયારામે પોતાના ''વ્હાલાજીના મહિના'' પદમાં ભક્તિભાવનું અદ્ભુત વર્ણન કર્યું છે. ભક્તને પોતાના ભગવાન વિના, પ્રિયતમાને પોતાના પ્રીતમ વિના હૈયામાં જે તડપન અનુભવાય છે. રાધાને જેમ કૃષ્ણનો વિરહ થાય છે એની મનની સ્થિતિ દરેક મહિનામાં કેવી હોય છે ? એનો ભાવ બદલાતો રહે છે**

અહીં દરેક મહિનાને લેવા શક્ય નથી. એથી અમુક ખાસ મહિનાનો જ નિજાનંદ ભાવથી માણશું.

*''ચૈત્રે ચંદ્ર ચંદ્રિકા ફૂલી રે,*
*વૃંદાવનમાં, વેલ વૃક્ષલત્તા રહી ઝૂલી રે,*
*જમુનાજીમાં માહરે જોવાનું સુખ ગયું ડુલી રે.*
*પ્રિતમ પાખે. સખી મુને....''*
*''વૈશાખ વ્રજ સૂનું સહુ લાગે રે,*
*વ્હાલમ વિના; મુને વ્રેહના બાણ*
*ઉર વાગે રે; કોને કહું,*
*માહરૂ એ દુઃખ કોઈથી ન ભાગે રે.*
*કૃષ્ણ વિના.... સખી મુને...''*

એકબાજુ દિવસનો તડકો ખમાતો નથી. રાત્રે ચંદ્રની ચાંદની ફૂલ બહારમાં ખીલી છે પણ કૃષ્ણ નથી, પિયુ નથી. આમ બધી બાજુની અકળામણમાં અને વાલાના વિરહમાં જાય છે. ત્યાં વૈશાખ આવી પહોંચ્યો. સૂર્યનારાયણ ખૂબ તપ્યા છે. ધરણી ધગધગી ગઈ છે. કોઈ પ્રકારનું હૈયામાં ચેન નથી. વ્રજ સાવ સૂનું લાગે છે. હું એકલી જ બહાવરી બનીને પિયુ માટે ફરું છું. પિયુ વિના મારા તનબદનમાં વિરહ અગન પ્રગટી છે. મારી મુશ્કેલી હું કોને જણાવું ? મારા હૈયાની વેદના કોઈથી દૂર થઈ શકે એમ નથી. એનો ઉપાય પ્રીતમ શ્રીકૃષ્ણ પાસે છે. જો તેઓ આવીને મળે તો જ ચંદ્રની ચાંદની જેવી શીતળતા મારા અંગમાં નખશીખ પ્રસરે અને મને પરમ શાંતિ મળે.

આણંદ અને કરમસદ પાસેનું ગામ સંદેસર એમાં થઈ ગયેલા ભક્ત કવિ પ્રીતમદાસે અનેક ભક્તિભાવનાં પદો રચ્યાં છે. મહિનાનાં અનેક પદો લોકજીભે કંઠસ્થ થઈને ગુંજી રહ્યાં છે. શૃંગારના પદો એમનાં અદ્ભુત છે. એમની ભક્તિપદની રચનાની તોલે કોઈ આવી શકે તેમ નથી. ગાંધીજીનું પ્રિય ભજન...

*''હરિનો મારગ છે શૂરાનો, નહિ*
*કાયરનું કામ જો ને;*
*પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતી*
*લેવું નામ જો ને.''*

પ્રીતમદાસની ભાષા માધુર્ય ભક્તિતત્ત્વના મર્મ સાથે ઊંડાણમાં ખેંચી જાય છે. આપણાપણું અહીં ભૂલી જવાય છે. અષાઢ મહિના માટે ભક્ત કવિ કહે છે કે :

*''અષાઢે અમરિત તણા વરસ્યા વરસાદ,*
*હરિહરિ સઘળે થઈ રહ્યું; થાવર જંગમ જાત;*
*ચિત્ત ચાતક રંગે રહે, બોલે મન મોર,*
*જ્યાં ત્યાં ચૈતન્ય બ્રહ્મના, ઊગતા અંકુર;*
*સુખસાગર સહેજે ઊછળ્યો, સરિતા શુભ સાર.''*

ભક્ત કવિ પ્રકૃતિ અને મૂળપુરુષની સર્જનતા અને નજાકત સાથે કેટલા નજીક છે.

મહિનાપદમાં અદ્ભુત વર્ણન કર્યું છે. વૈશાખની અકળામણ, તપેલી ધરણી અષાઢે બારેમેહ ખાંગા થતાં વરસાદની અમૃતધારાથી તૃપ્ત થઈ એની માટીની મીઠી મીઠી માદકતાવાળી સુગંધ ચારે તરફ ફેલાવે છે. વરસાદની હેલીથી સચરાચરમાં આપોઆપ ચેતનવંતાના અંકુરો પ્રગટે છે. પશુપક્ષીઓ મધુર

ગાન કરે છે. ધરણીમાં પડેલા બીજો લીલી કૂંપળો સાથે ફૂલેફાલે છે. વૃક્ષો ઘેઘુરરૂપ લીલપત્તાથી ધારણ કરે છે. જેમ પોતાનો પિયુ મળતાં જ પ્રિયતમા વીંટળાય વળે છે. વેલીઓ વૃક્ષોને વીંટળાય વળે છે. ધરણી પર ચારો તરફ ઉલ્લાસ છવાય જાય છે. નદી-ઝરણાં-નાળાં અને સરિતા જળપ્રવાહથી પૂરબહારમાં વહેવા લાગે છે. આમ ચારો તરફની સૃષ્ટિ અને જીવપ્રાણીમાત્ર સુખના સાગરમાં હિલોળે છે જ્યારે પ્રિયતમાની અધીરાઈ શાંત થઈ ભીતરના બધા જ સંતાપ દૂર કરી જેમ સાગરને સરિતા મળી શાંત થઈ સમાય જાય છે, એકરૂપ થઈ જાય છે તેમ પિયુના હૈયા પર માથું ટેકવી હર્ષના આંસુ સાથે વીંટળાય વળે છે. સાધક જ્યારે વૈરાગ્યના વિરહતાપમાં તપતો હોય, ચારો તરફથી નિરાશાથી ઘેરાયેલો હોય, ચિત્ત પોતાના ઈશની યાદનું રટણ કરતું હોય, આંખથી ચોધાર આંસુ વહેતાં હોય, પ્રાણ આકુળવ્યાકુળ થતાં હોય, જ્યારે વિરહની પરાકાષ્ઠાએ ચિત્ત તદાકાર થઈને તડપન અનુભવતું હોય ત્યારે પોતાના પ્રભુ, ઈશ, ઠાકર સામે આવીને ઊભા રહી પોતાના ભક્તને બાહુમાં લે છે ત્યારે જીવન - શિવની ઐક્યતાના નિજાનંદની વાત શું કરવી. પિયુનું મિલન પ્રિયતમા સાથે થતાં જે નખશિખ અખંડાનંદ પ્રગટે છે એનું વર્ણન શું કરવું? આવું ઘણું બધું મહિનાપદો અને ભક્તિનાં પદોમાં ભરેલું છે. ભક્ત કવિની લેખીનીના આપણે શું વખાણ કરીએ. પરાવાણીના ઉપાસકો અને પરાવાણીમાં પ્રગટતાં ભક્તિભાવનાં પદોનું વર્ણન સામાન્ય વ્યક્તિથી થઈ શકે નહિ. જયદેવ સ્વામીનું ગીતગોવિંદ જો કૃષ્ણ લખી જતાં હોય તો એનું વર્ણન સામાન્ય કવિ શું કરી શકે. જે આપણી કલ્પના બહારનું છે.

બીજા એક પદમાં કહે છે કે :

*"આવ્યો માસ અષાઢ અમૃત વરસે રે,*
*તું અનુભવ આંખ ઉઘાડ, આતમ દરસે રે,*
*એક સન્મુખ સભર ભર્યો સાગર મોટો રે,*
*તે મધ્યે જીવ કર્યો જુગ પરપોટો રે...."*

ત્રીજા એકપદમાં કહે છે કે :

*"અષાઢ માસે પુનરપિ નાવે તેહ રે, આ અવસરમાં,*
*જેને નિરભે નારાયણ શું સ્નેહ રે. આ અવસરમાં.*

વિરહના એકપદમાં શામળિયાની ફરિયાદ રાધાજી પોતાની સૈયરને કહે છે કે :

*"માસ અષાઢો આવ્યો નાવ્યા નાથજી,*
*કઠણ થયા કંઈ નટવર નંદકુમાર જો;*
*કુણ ભાગ્ય કહીએ રે મધુપુર ભામિની,*
*કુબજાએ પૂજી સાચા મનથી ગોરય જો.*
*શામળિયો ના આવ્યો....."*

ચોથા એક પદમાં પણ સખીને ઉદ્દેશીને ફરિયાદ કરે છે કે :

*"સખી આવ્યો અષાઢો માસ રે,*
*અતિ ગાજે ગગન આકાશ રે,*
*મારો પ્રાણ પ્રભુજી પાસ,*
*સાહેલી શામળિયો શેં ન આવ્યો રે...."*

આવા સુંદર પ્રેમમાધુર્ય પ્રેમભક્તિનાં અદ્‌ભુત પદોના મહિનાનો મહિમા ભક્ત કવિ શ્રી પ્રીતમદાસે કહ્યો છે. દરેક ભક્તની એક આગવી શૈલી હોય છે. તેમજ અધિકાર ભેદે પણ થોડું જુદું પડે, બધા જ પૂરણ કક્ષાના ના હોય, જુદી જુદી ભૂમિકામાં પોતાનું સ્થાન હોય. એ મુજબ એની વાણી હોય, પદ કવિતા હોય. સૌથી મોટી વાત ભાવની છે. ભક્ત કવિ છોટમની વાણી આધ્યાત્મિક જગતમાં અતિ લોકપ્રિય છે. યોગમાર્ગનું ઊંડાણ એમનાં પદોમાં વધારે જોવા મળે છે. અનંત બ્રહ્માંડનું રહસ્ય પોતાનાં પદોમાં મધુર રીતે વર્ણવ્યું છે. કારતક મહિનાનાં પદમાં તેઓ કહે છે કે :

*"કારતકે કાયામાં કોણ છે રે, જોને શોધીને સાંખ્ય;*
*દિવ્ય દૃષ્ટિએ દરસશે, આપે જો ગુરુ આંખ્ય... હો મન.*
*બીજ બિંદુમાંહિ બાંધીઓ રે, સૌ સૃષ્ટિનો સંચ;*
*ધન્ય ધન્ય કરતાર તું, પ્રીછે કોઈ પ્રપંચ ... હો મન.*
*બીજમાં રચના વૃક્ષની રે, વૃક્ષથી બીજ થાય;*
*બિંદુથી ઉત્તમ તનુ બને, તનુમાં તે રચાય... હો મન.*
*અદ્‌ભૂત ખેલ એવો કર્યો રે, કળી જાણે ન કોય;*
*છોટમ શ્રુતિ ગુરુગમ મળે, સમજે જમ સોય... હો મન.*

કારતક મહિનો એટલે આનંદનો ઉત્સવ. આ ઉત્સવના આનંદમાં નવું વર્ષ આવી જાય છે. ધરણીમાં પાકેલું ધાન્ય ઘરમાં આવે છે એટલે એનો આનંદ. જૂનું ભૂલી નવું અપનાવી લેવાનો અનેરો આનંદ. આ આનંદ ક્યાંથી પ્રગટે છે ? આ કાયા કોણે ઘડી છે ? બનાવી છે ? હે ! જીવ તું શોધી કાઢ. કપિલ મુનિએ રચેલું સાંખ્યદર્શન જે છ વૈદિક દર્શનોમાંનું એક છે તે તપાસી જો તો તને મુક્તિ મળશે. સમર્થ સંત કે સદ્‌ગુરુ જ તારી આંખ ઉઘાડી શકશે. તને દિવ્યદૃષ્ટિ આપશે. આ સૃષ્ટિનું રહસ્ય આપોઆપ સમજાય જશે. તારી કાયામાં બિરાજમાન ઈશની તને ઓળખ થશે. જેમ બીજમાં આખા વૃક્ષનું નિર્માણ છે તેમ જ પુરુષબીજથી આખી કાયાનું સર્જન થાય છે. આ બધી જ કરામત ઈશ્વરની છે. સર્જનહારની છે એ ઘટના શું બને છે ? તે તું સદ્‌ગુરુ પાસેથી યથાર્થ જાણી લે. હે ! જીવ આ કાયાનું તું કલ્યાણ કરી લે.

બીજા એક મહિના પદમાં રાગ-ગરબીમાં ઉપાસના વિશે કહે છે કે :

*"કારતકે કર્મ રૂડાં કરીએ, ધ્યાન એક શંકરનું ધરીએ,*
*દુષ્ટના સંગ થકી ડરીએ, સદા એક શંકરને ભજીએ....*

હે ! જીવ તું જન્મીને જન્મદાતાને, સર્જનહારને ભૂલી ગયો છે. આ ધરા પર આવીને સારા કર્મ કરજે જેથી તારો

જન્મ સફળ થાય. આ અસારસંસાર તો મોહ ઉપજાવે એવો છે એમાંથી બચવા તું હરદમ ભક્તિના દાતા ભોળાનાથનું નામ મુખેથી લીધા કર, જેથી તારો બેડો પાર થાય અને તને દુષ્ટજનો, દુરિજનો, પાપીઓ, દુરાચારીઓનો સંગ ન થાય. દુર્ગુણોથી ભરેલા હોય એવાથી છેટા રહેવામાં જ સાર છે. આપણને લાભ છે. બસ ફક્ત શંકરનું ધ્યાન ધરી એના શિવત્ત્વને પામીજા. હરદમ ઊઠતાં, બેસતાં, સૂતાં ઈશને યાદ કર્યા કર જેથી તારું જીવન ધન્ય બની જાય.

ભાણફોજ... એક એકથી ચડિયાતા ભક્ત કવિઓ થઈ ગયા. આ સંપ્રદાયમાં સંત રવિસાહેબનું નામ ખૂબ આદરથી લેવાય છે.એમણે માગશર મહિના માટે કહ્યું છે કે :

*"માગશરે મોહ તે મટી ગયો, ભરમકરમ થયાં દૂર,*
*હું નહિ તું નહિ તે નહિ, રામ રહ્યા ભરપૂર...*
*વ્યાપક વ્યત્રિક વિશ્વમાં, સોહં સાચું મૂળ,*
*આદ્ય અંતને મધ્ય નહિ,વર્જીત સૂક્ષ્મ સ્થુળ.... "*
*"સદ્‌ગુરુ સંત સ્વરૂપ છે, કોઈ નહિ આકાર;*
*ભણ્યા ગણ્યા ને ભૂલા પડ્યા, પંડિત ન લહે પાર...*

(આ ભક્તિપદ ઘણું મોટું છે.)

ભગવાન પોતે શ્રીમુખે કહે છે કે બારે મહિનામાં મારું સ્વરૂપ પૂર્ણ હોય તો તે માગશર છે. ભક્ત પોતાના ઈષ્ટના દર્શન પામી એની હયાતી હૈયામાં જાણી મારો તો ભ્રમ અને કર્મ છે, તે દૂર થયાં. સઘળું સહેલું થયું, સરળ થયું. પિયુનું મિલન થતાં બધું જ શમી જાય છે. તેમ ઈશ્વરદર્શન થતાં અજ્ઞાનતા દૂર થાય છે.જીવ-શિવ એક થાય છે એ ઐક્યતામાં હું તું તે રહેતા નથી. સઘળું એકરસ થઈ જાય છે. સચરાચરમાં બધું રામ રૂપે દેખાય છે. સઘળે વ્યાપક રૂપે વિશ્વમાં પોતાનું જ મૂળરૂપ ભાસે છે. આદ્ય, અંત અને મધ્ય અને સ્થુળ-સૂક્ષ્મમાં એકાકારે બધું જ સરખું ભાસે છે. કંઈપણ ત્યાગવાનું મન થતું નથી. બધું જ હરિમય દીસે છે. સદ્‌ગુરુ સંત સગુણ સ્વરૂપે હયાત છે. છતાં કોઈ જ આકારે ભાસતું નથી. એમનો દેહ નિર્ગુણ નિરાકાર રૂપે રસમય લાગે છે. જેમ સમુદ્રમાં જળ ભરપૂર છે. સરિતાનું જળ એમાં ભળ્યું હોવા છતાં સઘળે જળ જ જળ દેખાય છે. એમ મને આનંદરૂપે, નિજાનંદ રૂપે, આત્માનંદ રૂપે, ચિદાનંદરૂપે સઘળું દષ્ટિગોચર થાય છે, પછી એ આનંદની વાત શી કરવી ?

**ભગવાન પોતે શ્રીમુખે કહે છે કે બારે મહિનામાં મારું સ્વરૂપ પૂર્ણ હોય તો તે માગસર છે. ભક્ત પોતાના ઈષ્ટના દર્શન પામી એની હયાતી હૈયામાં જાણી મારો તો ભ્રમ અને કર્મ છે, તે દૂર થયાં. સઘળું સહેલું થયું, સરળ થયું. પિયુનું મિલન થતાં બધું જ શમી જાય છે. તેમ ઈશ્વરદર્શન થતાં અજ્ઞાનતા દૂર થાય છે.જીવ-શિવ એક થાય છે એ ઐક્યતામાં હું તું તે રહેતા નથી. સઘળું એકરસ થઈ જાય છે. સચરાચરમાં બધું રામ રૂપે દેખાય છે**

બીજા એક બારમાસી પદ-રાગ-કાફીમાં માગશર મહિના માટે ખૂબ નિજાનંદથી મહિમા કહે છે કે :

*"માઘ ત્રિવેણી નહાતાં, નાઠા રોગને સદ્‌ગુરુજી;*
*એહ લોક પરલોકના ભોગ મારા ગુરુજી,*
*નિજાનંદ શું નિશ્ચે વાધ્યો રંગ રે. સદ્‌ગુરુજી,*
*પૂર્વ થકી પશ્ચિમ વાળી ગંગ મારા ગુરુજી..."*

મૂળપુરુષ જે તખતપર ગાજી રહ્યા છે. સાચું નૂર સઘળે ફેલાયેલું છે. પરમ જ્યોતિ સ્વરૂપે સદ્‌ગુરુજીની હૈયામાં હયાતી છે. એમની નિર્મળ નીરરૂપી અમરવાણીનું એકચિત્તે પાન કરતાં આઠે પહોર નિજાનંદની હેલી છવાય છે. બસ એમની જ હયાતીના સૂરો કર્ણપટ પર તૂહી તૂહીના ગાજે છે. એ અખંડાનંદનું વર્ણન આ જીભે કેમ કરવું ?

ભાણ-ફોજમાં મોરાર સાહેબનું અનોખું સ્થાન છે. મોરાર સાહેબના ભજનો ખૂબ જ પ્રચલિત છે. મોરાર સાહેબ બારમાસી મહિનામાં (રાગ-સંદેશાનો) મહામહિના માટે પોતાના એકપદમાં કહે છે કે :

*"મહામાસે રે મન મળવા કરે,*
*અંગ આલીંગન લેવાને અકલાયજો,*
*નેણાને સાહેરે નિરખવા નાથને,*
*ચિત્ત અમારું ચરણ કમલને ચહાયજો...."*

મારા અંતરયામી પ્રભુ ક્યારે આવશે. મારા તે મળવાના કોડ ક્યારે પૂરા કરશે ? મારું મન અધીરું થયું છે. મારા અંગમાં પ્રેમજવર વ્યાપ્યો છે. પિયુની સાથે વીંટળાય વળવાને માટે તો મન અકળાય છે, આતુર છે. મારું ચિત્ત એમના ચરણકમળને ઈચ્છે છે. મારા નયનો એમને ધરાય ધરાયને નીરખવા માંગે છે. પ્રભુ આપ મુજપર દયા કરો. હે ! નાથ આપ વગર હું પલભર રહી જ કેમ શકું ? આપ મારી ઈચ્છાને જાણી આપના શ્રીચરણોમાં સ્થાન આપો. હું સમગ્ર જગતના ભોગ ઈચ્છતો નથી. એ ભોગ મારે શું કામના ? આપના ચરણો જ મારા માટે સર્વસ્વ છે. હું તો એને જ ખૂબ હૃદયથી ચાહું છું. આગળ ફાગણ મહિના માટે કહે છે કે :

*"ફાગણે ફાગ કેની સંગે ખેલીયે,*
*વાલા વિના કાંઈ વાલો ન લાગે વસંત જો;*
*ચોળીને ચીર રે ચીત્તા જેમ પરજળે,*
*તન આભૂષણ તારુંણી તાપ તપંતજો..."*

રૂડો ફાગણ ફાગ રમવાનો આવ્યો છે. કેસૂડો કેવો મોર્યો છે ? અરે! ચારે તરફ વસંતનાં વધામણાં છે પણ ! પિયુ વગર બધું જ નક્કામું છે. હોળી ઉત્સવ મનાવવો છે પણ કોની હારે રમવી ? આ બધું મારે કોને કહેવું ? પ્રકૃતિ સદાબહાર ખીલી

છે. વસંતે મહોરવામાં, ખીલવામાં માજા મૂકી છે. પણ વાલા વગર બધું નક્કામું છે. મેં પહેરેલી ચોળીનો રંગ અગ્નિ જેવો લાગે છે. જેમ મડદા માટે કાષ્ઠની ચિત્તા ગોઠવી હોય અને એ ભડભડ બળતી હોય એવી અગ્નિ જેવી વાલા વગર લાગે છે. પિયુ માટે યુવાનીને જાળવી મેં સોળે શૃંગાર કર્યો પણ પ્રીતમ આવે તો રૂડું લાગે. એક તો વાલાની ગેરહાજરી સાલે છે એની તડપનની આગ ભીતર પ્રગટેલી છે અને ઉપરથી મારા અંગને, ચિત્તને ચીર અને આભૂષણો બાળે છે. કોઈ ઉપાય બતાવો ? અરે ! કોઈ પિયુને મેળવી આપો. એ ક્યારે આવશે ? આમ આ ભક્તિપદમાં પ્રેમ ઉત્સુકતાનો વિરહિણીનો ભાવ ભક્તે દર્શાવ્યો છે.

સદ્‌ગુરુની ભક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે આરૂઢ દાસી ભાવે પોતાના મહિના પદનો મહિમા કંઈક જુદી જ રીતે વ્યક્ત કરે છે.

હૈયાના ભાવને ઠાલવતાં હર્ષથી કહે છે કે :

*"વાલાના વધામણા કરીયે રે...*
*શ્રાવણે શ્યામ જનમસુખ અતિ રે,*
*મારી ગઈ બ્રહ્માની મતિ રે;*
*શુદ્ધભાવે ગોપીની અમરગતિ, બેની,*
*વાલાના ..."*

મારા ઘરે વાલો (પિયુ) પધાર્યો છે, હે ! સખી, હે ! બેની એનાં વધામણાં, એનું સ્વાગત ચાલ કરીયે, શ્રાવણ માસ એટલે વરસાદની ચારે તરફ અમૃતની હેલી ઉપર હેલી. ધરા તૃપ્ત થઈને નવપલ્વ સજીધજીને લીલીછમ થઈ ગઈ હોય છે. ચારે બાજુ હરિયાળી છવાયેલ હોય છે. સૌનાં હૈયામાં આનંદની લહેરો ઊઠતી હોય છે. એવા સમયે જન્માષ્ટમીનો ઉત્સવ વાલાની યાદ અપાવી જાય છે. જન્માષ્ટમી એટલે કૃષ્ણ જન્મ વધાય. કૃષ્ણના જન્મથી ભક્તો આનંદમાં નાચી ઊઠે છે. કૃષ્ણ જન્મ પછી પંજરી તથા પેંડાનો ભોગ ધરાવવામાં આવે છે. ત્યારબાદ પ્રભુને શૃંગાર ધરાવે છે, લાડ લડાવે છે. વિવિધ શૃ ંગારવાળા હિંડોળે ઝુલાવે છે. વિવિધ પકવાન, માખણ, મિસરી અને અનેક ફળો બાળકૃષ્ણને, લાલાને ધરે છે. પ્રભુની જન્મ વધાઈમાં આબાલવૃદ્ધના હૈયામાં હરખનો પાર નથી. જ્યારે પ્રભુએ વ્રજમાં લીલા કરી હતી ત્યારે જગતના સર્જનહાર બ્રહ્માજી પણ થાપ ખાય ગયા હતા. તેઓ પણ કૃષ્ણને જેમ છે તેમ ઓળખી શક્યા ન હતા. એમની મતિ મારી ગઈ હતી એ વખતે, બાળકૃષ્ણના સખા અને નાના વાછરું બ્રહ્માજીએ ચોરી લીધા હતા. ઘણા સમય પછી નજર કરી ત્યારે પોતે જેને જેને હરી લાવ્યા હતા એમને બાળકૃષ્ણ પાસે જોયા.

**મારા ઘરે વાલો (પિયુ) પધાર્યો છે, હે ! સખી, હે ! બહેની એનાં વધામણાં, એનું સ્વાગત ચાલ કરીયે, શ્રાવણ માસ એટલે વરસાદની ચારે તરફ અમૃતની હેલી ઉપર હેલી. ધરા તૃપ્ત થઈને નવપલ્વ સજીધજીને લીલીછમ થઈ ગઈ હોય છે. ચારે બાજુ હરિયાળી છવાયેલ હોય છે. સૌનાં હૈયામાં આનંદની લહેરો ઊઠતી હોય છે. એવા સમયે જન્માષ્ટમીનો ઉત્સવ વાલાની યાદ અપાવી જાય છે**

કૃષ્ણને યથાર્થરૂપે તો ગોપીઓ જ જાણી શકી છે. જે કૃષ્ણાકારે થઈને ભાગવતમાં સ્થાન પામી. ગોપીઓને પ્રેમદાન આપી પરાભક્તિની સર્વોત્તમ, શ્રેષ્ઠ ટોચ પર કાયમ માટે સ્થાપી દીધી. ભક્તિમાં એમનું આગવું અને અનુપમ સ્થાન છે. ગોપીઓ નવધાભક્તિથી પર દશમભક્તિ (કાંતભક્તિ) પામીને કૃષ્ણ-રાસલીલાની ભાગીદાર બની એથી બીજું શું રૂડું હોય શકે? મહિનાપદની આ તો વિશેષતા છે. બીજા એક ભાદરવા મહિના માટે દાસી કહે છે કે :

*"ભાદરવે ઉત્સવો આવે એકમેક રે,*
*વરાહવામન રાધાષ્ટમી અનેક રે ;*
*ઋષીપાંચમે પાળો પિતૃટેક બેની,*
*વાલાના વધામણા ..."*

ભાદરવે વરસાદનાં સરવડાં આવે જ્યાં પણ વરસે ત્યાં ઢગલો(મુશળધાર) થાય. આવા વખતે અનેક ધાર્મિક તહેવારો આવે છે. ભાદરવો એટલે પિતૃ મહિનો કહેવાય. શ્રાધ્ધમાસ વર્ષમાં એક વખત આવે. એનો મહિમા અગાધ છે. એમાં ઋષિપાંચમનું મહત્ત્વ વધારે છે. પિતૃ પાછળ દાન, બ્રાહ્મણને ભોજનસીધુ, દાનદક્ષિણા અને જળ રેડવાનું મહાત્મ્ય વધારે છે. ચોવીસ અવતારમાંના વરાહ, અને વામન અવતારના ઉત્સવો આવે છે. સાથે સાથે રાધા આઠમ પણ આવે છે. માટે હે ! સખી, આવા શુભ અવસર પર વાલાના વધામણા કરીયે.

મહિના માહાત્મ્યમાં અનેક ભક્તોએ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન ઠાંસી ઠાંસીને યથાર્થ રીતે અનુભવ કરીને પોતાના ભક્તિપદોમાં મર્મ સાથે જણાવ્યું છે. આપણા સંતોએ જીવનની રે'ણી કરણીના આધારે જ પદોની રચના કરી છે. મહિના, તિથિ, વાર, કક્કો, એકથી સો અંક, ઋતુઓ અને અનેક રાગરાગિણીમાં ભક્તિના પદો જનસમાજને બોધરૂપે આપ્યાં છે. જેનો ઉપકાર ક્યારેય પણ ભુલાય એમ નથી. જગતના જીવોનું કલ્યાણ કરવું એ જ એમનો મોટો પરમાર્થ હોય છે. જે માનવ માટે સૌથી હિતકર્તા હોય છે. સંતોએ સમાજને આત્મજ્ઞાન આપ્યું છે એના બદલામાં પોતે કશું જ મેળવ્યું કે માગ્યું નથી. સામેનાના દુર્ગુણો લઈને સદ્‌ગુણો આપવા એજ એમનું પરમાર્થનું મહાન કાર્ય હોય છે.

*એ-૧૪, હરિઓમનગર સોસાયટી,*
*રમેશનગર પાસે, ઈન્ડિયા કોલોની,*
*ઠક્કરબાપાનગર રોડ, અમદાવાદ-૩૮૨૩૫૦*
*મો : ૯૯૭૮૮૦૩૦૧૪*

# સીતાજીની શોધ - રામસેવક હનુમાન

*– શિવશંકર ડી. દવે*

**વા**લ્મીકિના 'રામ' માનષી રૂપ છે. શરીર ધારી માનવરૂપ છે. સંત શ્રી તુલસીદાસના 'શ્રીરામ' સાક્ષાત્ નારાયણ-વિષ્ણુ અવતાર છે. બંનેનું પોતાનું સૌંદર્ય અને આગવું રસમાધુર્ય છે. બંનેનો આશય 'રામરસ' પિવડાવી સમાજને આદર્શ માનવ બનાવવાનો છે.

ઋષ્યમૂક પર્વત પર બેઠેલા સુગ્રીવની નજર પમ્પા સરોવર તરફ જાય છે. શ્રી રામ, લક્ષ્મણને આવતાં જુએ છે. સુગ્રીવ તેના ભાઈ વાલીથી ભયભીત છે. એટલે હનુમાનજીને બોલાવી તપાસ કરવા મોકલે છે. હનુમાનજી વાનર રૂપ છોડીને "ભિક્ષુ સામાન્ય તપસ્વી સ્વરૂપ" ધારણ કરે છે અને શ્રી રામ લક્ષ્મણ પાસે જઈને વાતચીત કરે છે. પોતાનો પરિચય આપતાં જણાવે છે કે, અહીં સુગ્રીવ નામનો શ્રેષ્ઠ વાનર રહે છે એના ભાઈ વાલીએ તેને ઘેરથી કાઢી મૂક્યો છે. આથી તે દુઃખી છે. "સંજ્ઞા વાનરમુખ્યાનામ્", હનુમાન નામ વાનર સુગ્રીવના કહેવાથી હું આવ્યો છું અને "મારું નામ હનુમાન છે." હું પણ વાનર જાતિનો છું. (વા.રા. કિષ્કિન્ધાકાંડ-સર્ગ-૩, શ્લોક - ૨૧)


શ્રી રામ-લક્ષ્મણ હનુમાન સાથેની વાતચીતથી પ્રસન્ન થઈ સુગ્રીવ પાસે જાય છે. માનસમાં સંત શ્રી તુલસીદાસે આ પ્રસંગ સુંદર રીતે વર્ણવ્યો છે જેમાં હનુમાનજી કહે છે કે :-

*"જગ કારન તારન ભવ ભંજન ધરની ભાર*
*કી તુમ્હ અખિલ ભુવનપતિ લીન્હ મનુજ અવતાર"*

મનને હરનારા આપના સુંદર કોમળ અંગો છે. આપ બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર ત્રણ દેવોમાંના કોઈ છો કે બન્ને નર-નારાયણ છો ? (તુલસીકૃત રામાયણ ક્રિષ્કિ-કાંડ દોહા-૧)

સમગ્ર વિગતો રામ લક્ષ્મણ પાસેથી જાણી, સુગ્રીવની વિગતો આપી શ્રીરામ અને લક્ષ્મણને સુગ્રીવ પાસે લાવ્યા.

સુગ્રીવ સાથે મિત્રતા - દઢ પ્રીતિ જોડી સુગ્રીવે જણાવ્યું કે, "હું એક વાર મંત્રીઓ સાથે બેઠો હતો તે સમયે સીતાજીને વિલાપ કરતાં આકાશ માર્ગે જતાં જોયા છે અને



સીતાજીએ "રામ-રામ" પોકારી વસ્ત્ર નાખ્યું તે શ્રીરામને બતાવ્યું. સુગ્રીવે શ્રી રામને ધીરજ આપી સીતાજીની શોધમાં બધી જ સેવા કરીશ તેવું વચન આપ્યું." (ક્રિ.-કાંડ ચો. ૭.૮)

શ્રી રામને વાલીનો દોષ જણાતાં, વાલીનો વધ કર્યો તેના પુત્ર અંગદને યોદ્ધો બનાવ્યો. વર્ષાઋતુ પૂરી થતાં સુગ્રીવને બોલાવ્યો. સુગ્રીવે બધી સેનાને સમજાવી કહ્યું કે, આ રામનું કાર્ય છે તમે ચારે બાજુ જઈ સીતાની શોધ લઈ એક મહિનામાં પાછા આવો." સુગ્રીવે તે પછી અંગદ, નલ, હનુમાન આદિ મુખ્ય યોદ્ધાઓને બોલાવ્યા. તેમને દક્ષિણ દિશામાં જવા આજ્ઞા આપી. યોદ્ધાઓ પણ ચાલ્યા.

સર્વની પાછળ પવનપુત્ર હનુમાને મસ્તક નમાવ્યું.

***પાછેં પવન તનય સિરુ નાવા, જાની કાજ પ્રભુ નિકટ બોલાવા.***
***પરસા સીસ સરોરુહ પાની, કર મુદ્રિકા દિન્હી જન જાની***

શ્રી રામે પોતાના હસ્તકમળથી તેમના મસ્તકનો સ્પર્શ કરી, પોતાના હાથની વીંટી ઉતારીને આપી. (તુ.રા.ક્રિષ્કિ.કાંડ ચો. ૯.૧૦)

તે સીતાજીને આપવા જણાવ્યું, "સીતાજીને સમજાવવા અને મારું બળ તથા વિરહ (પ્રેમ) કહીને જ પાછા આવજો." શ્રી રામનો હનુમાનજી પરનો અતૂટ વિશ્વાસ અહીં દેખાય છે.

**અધ્યાત્મ રામાયણમાં પણ શ્રી રામે મુદ્રિકા આપ્યાનું જણાવેલું છે.**

જાંબવાન, અંગદ, હનુમાનજી સીતાની શોધ માટે સમુદ્ર કિનારે જાય છે ત્યારે ગૃધરાજ સંપાતિ જણાવે છે કે "સો યોજન સમુદ્રની પાર લંકાપુરીમાં રાક્ષસ રાજ રાવણ રહે છે. ત્યાં અશોકવાટિકામાં સીતાજીને છુપાવીને રાખ્યાં છે." સમુદ્ર કેવી રીતે ઓળંગવો તે પ્રશ્ન મોટો થયો. આવા સમયે જાંબવાને હનુમાનજીનાં બુદ્ધિ, બળ, તેજ, પરાક્રમનું વર્ણન કર્યું. હનુમાનની જન્મ કથા કરી તુલસીદાસનું વર્ણવે છે કે :-

*"રામકાજ લગિ તવ અવતારા,*
*સુનતહિં ભયઉ પર્વતાકારા*
*કનક બરન તેજ બિરાજા,*
*માનહું અફર ગિરન્હ કર રાજા."*

જાંબવાન કહે છે કે "હે હનુમાન, તમે બળવાન છો,

વાયુદેવના પુત્ર છો, બુદ્ધિ, વિવેક અને જ્ઞાનના ભંડાર છો, રામના કાર્ય માટે તમારો અવતાર થયો છે. હનુમાન પર્વતાકાર થયા. સોના જેવો વર્ણ થયો. હનુમાન કહે છે કે : "વાનરો, હું સમુદ્ર ઓળંગીને લંકાને ભસ્મ કરી દઈશ. જાંબવાન કહે છે કે "હનુમાનજી તમે જાનકીજીને જીવતાં-જાગતાં જોઈને જ ખબર લઈને પાછા આવો."

જાંબવાનના વચનો સાંભળી હનુમાનજી પ્રસન્ન થયા અને રઘુનાથજીને હૃદયમાં ધરી સમુદ્ર તટે આવ્યા. સમુદ્ર પાસે એક સુંદર પર્વત જોઈને હનુમાનજી તેના પર ચઢી ગયા.

સમુદ્રના કહેવાથી મૈનાક પર્વત હનુમાનજીને પ્રણામ કરી, પર્વત પર આરામ કરવા કહ્યું. હનુમાને તેને હાથથી સ્પર્શ કર્યો.

*"રામ કાજુ કીન્હે બિનુ મોહિ કહા બિશ્રામ"*

હે ભાઈ, શ્રીરામનું કામ કર્યા વિના વિસામો કેવો ? (તુલસી રા. સુંદરકાંડ દોહા.(૧))

પવનપુત્ર હનુમાનને જતાં જોઈ "સુરસા" નામે રાક્ષસી સામે આવી. સુરસાએ મોઢુ વધાર્યું. હનુમાનજી તેના મુખમાં પેસી, પાછા બહાર આવી ગયા.

સુરસા ઓળખી ગઈ. કહે છે કે "તમે બળ, બુદ્ધિના ભંડાર છો." આગળ વધતાં બીજી રાક્ષસી આવી જે પડછાયાને જોઈને જીવ-જંતુ મારી ખાતી. હનુમાનજી સામે આ રીતે કરતાં તેને મારી સમુદ્રની પાર ગયા 'ત્રિકૂટ' પર્વત પર ઉતરી આવ્યા. ઘણો જ વિચાર કરી લંકામાં પ્રવેશ કરવા રાત્રે નાનકડું રૂપ ધરીને પ્રવેશ કર્યો. લંકાની અધિષ્ઠાત્રી લંકિનીએ તેમને રોક્યા. તેને ધક્કો લગાવી - મારી ત્યારે લંકિનીકહે છે કે : 'આજે હું ધન્ય છું. બ્રહ્માએ મને વરદાન આપેલું. હવે રાક્ષસકુળનો નાશ થશે. આપને જોઈને હું ધન્ય થઈ. મરતાં મરતાં જણાવે છે કે ;

*"તાત સ્વર્ગ અપબર્ગ સુખ, ધરિએ તુલાએક અંગ,*
*તુલ ન તાહિ સકલ મિલિ, જો સુખ લવ સત સંગ"*

"હે તાત્, સ્વર્ગ તથા મોક્ષના સર્વ સુખોને ત્રાજવાના એક પલ્લામાં રખાય તો પણ તે સત્સંગના સુખથી બરાબર થઈ શક્તું નથી. "સત્સંગનું પલ્લુ વધી જશે. નમી જશે. લંકા નરેશની નગરીની અધિષ્ઠાત્રી ઘણી જ વિદ્વાન છે."

આ ચોપાઈ સર્વ લોકોને સાચું માર્ગદર્શન આપે છે. જીવનનો વિકાસ સત્સંગીઓથી જ થાય છે. રાવણ આ સમજયો નહીં.

હનુમાનજીએ નગરમાં પ્રવેશ કર્યો. રાવણના મહેલમાં ગયા. તુલસીદાસ કહે છે કે ભવ્ય, અદ્ભૂત મહેલોનું વર્ણન કરી શકાય તેમ નથી. એક મહેલમાં રાવણને સુતેલો જુએ છે પરંતુ સીતાજી જોયા નહીં.

શ્રી હનુમાનજીને લંકા પ્રવેશ પહેલાં ઘણી મુશ્કેલીઓ આવી. ધ્યેય સિદ્ધિમાં પણ મુશ્કેલીઓ આવે. (૧) પ્રથમ પર્વત 'આરામ' કરવાની વિનંતી કહી. હનુમાનજીએ રામકાર્યની સિદ્ધિ પહેલાં વિશ્રામ કેવો ? તેમ કહી તે વાત ટાળી. જો આરામ લીધો હોત તો ત્યાંથી જ વિલાસ, આળસ, શરૂ થઈ જાત.

**શ્રી હનુમાનજીને લંકા પ્રવેશ પહેલાં ઘણી મુશ્કેલીઓ આવી. ધ્યેય સિદ્ધિમાં પણ મુશ્કેલીઓ આવે. (૧) પ્રથમ પર્વત 'આરામ' કરવાની વિનંતી કહી. હનુમાનજીએ રામકાર્યની સિદ્ધિ પહેલાં વિશ્રામ કેવો ? તેમ કહી તે વાત ટાળી. જો આરામ લીધો હોત તો ત્યાંથી જ વિલાસ, આળસ, શરૂ થઈ જાત. (૨) ત્રણ રાક્ષસીઓ મળી એક જમીન પર હતી, એક આકાશ માર્ગની રક્ષા, ત્રીજી લંકા રાજ્યની અધિષ્ઠાત્રી હતી.**

(૨) ત્રણ રાક્ષસીઓ મળી એક જમીન પર હતી, એક આકાશ માર્ગની રક્ષા, ત્રીજી લંકા-રાજ્યની અધિષ્ઠાત્રી હતી. હનુમાન ત્રણેને સામનો કરી આગળ વધ્યા. શ્રી રામ સ્વામી છે, હનુમાન સેવક છે. અહીં સ્વામી અને સેવકનો સંબંધ વર્ણવાયો છે. (માસ્ટર એન્ડ સરવન્ટસ) હનુમાન આદર્શ કર્મચારી છે. કામની સિદ્ધિ કરી બતાવી.શ્રી રામે પણ તેમની પૂરી કદર કરી છે.

(૩) લંકામાં "સીતા" ની શોધ માટે આવ્યા છે. મહેલોમાં સીતા દેખાતાં નથી, પણ પ્રથમ દર્શન "રાવણ"ના થાય છે. ધ્યેયથી વિચલિત થવાતું નથી. હતાશા, નિરાશા છોડી હનુમાન આગળ વધે છે. ધ્યેય સિદ્ધ કરવા માટે અહીં સૌને તુલસીદાસજી હનુમાનના પાત્ર દ્વારા શીખ-માર્ગદર્શન આપે છે.

આગળ જાય છે. "રામ અંકિત" ધનુષ બાણના નિશાનીવાળું મકાન જોયું. રામભક્ત વિભિષણનો પરિચય થયો. હનુમાન આનંદિત થયા. હનુમાન જણાવે છે કે,

*"સાધુ તે હોઈ, ન કારજ હાની"*

(તુલસી રામાયણ સુંદર કાંડ, ચો. - ૩૪)

સજ્જન દ્વારા કાર્યની હાનિ થતી જ નથી. પણ લાભ જ થાય છે. આપણે સૌ જીવનમાં યાદ રાખીએ, વિભિષણ કહે છે કે : આ (રાક્ષસોની) લંકા નગરીમાં મારો વાસ મુશ્કેલ છે.

*"જિભ દસનન્હિ, મહુ જીભ બિચારી"*

(સુંદર કાંડ - ચો. ૧.૦૨)

જેમ દાંતની વચ્ચે (બત્રીસ દાંત) એક જીભ રહે છે તેમ હું રહું છું. ક્યારે કચડી નાખે તે કહેવાય નહીં ! અહીં નોંધવું રહ્યું કે જીભ એક અપશબ્દ બોલે તો બત્રીસ દાંત તૂટી જાય. જીભ ઉપર દાંતનો આધાર છે. વિભિષણ પોતે રાક્ષસ જાતિનો હોવાથી રામકૃપા થશે કે નહીં તેવો પ્રશ્ન પૂછે છે. હનુમાન જણાવે છે કે હું વાનર જ્ઞાતિનો છું. પ્રભુના સેવક ઉપર પ્રીતિ રાખે છે.

*"કરહિં સદા સેવક પર પ્રીતિ"*

(સુંદર કાંડ ચો. ૫, ૬)

વિભિષણે સીતાજીના દર્શન માટેની સર્વ યુક્તિઓ બતાવી. "અશોકવાટિકા" ના સ્થળની વિગતો જણાવી, જ્યાં સીતાજીને રાવણે રાખ્યાં છે.

હનુમાન અશોકવાટિકામાં નાનું રૂપ ધરીને વૃક્ષનાં પાંદડામાં સમાઈને બેસી જાય છે. સીતાજીની અવસ્થા, રીતભાત, રૂપ, ગુણ, પ્રભુભજન જોઈને તે સીતાજી છે તેમ જાણી લીધું. હવે મળવું કઈ રીતે તે વિચાર છે.

આવા સમયે રાવણ ત્યાં આવે છે. સીતાજીને ઘણી રીતે વશ કરવા સમજાવ્યા. સીતાજી શ્રી રામના બાણનો ખ્યાલ આપે છે અને ધુત્કારે છે. રાવણ જણાવે છે કે; એક મહિનામાં જો મારું કહ્યું નહીં માને તો તલવારથી મારી નાખીશ. (અહીં હનુમાને રાવણને જોયો.) સીતાજીની શું દશા છે તે નજરે નિહાળી, ઘણા જ દુઃખી થયા. દુઃખો આવે છે ત્યારે માણસ કે રાક્ષસો સૌ કોઈ ભાંગી પડે છે અને મૃત્યુ કે આપઘાત કરવાનો વિચાર કરે છે. સીતાજી નારી છે, રાક્ષસોની વચ્ચે છે. રામનો વિરહ છે, રાવણ હરી લાવ્યો તે પછી કોઈ સમાચાર રામના મળ્યા નથી. અહીં દુઃખોની પરાકાષ્ઠાએ પહોંચી ગયા. સીતા શરીર છોડી દઉં, હવે દુઃખ વિરહ સહી શકાતો નથી. ચિતા એક માત્ર આશરો દેખાય છે એમ વિચારે છે. ત્રિજટા-એક રાક્ષસી પણ પ્રભુભક્ત સન્નારીને ચિતા તૈયાર કરવાનું કહે છે. ત્રિજટા સીતાના ચરણોમાં પડી પોતાને ઘેર ગઈ.

આ પ્રસંગ પણ હનુમાને જાતે જોયો. શ્રી રામના સમાચાર અને યાદગીરી માટેની વીંટી ક્યારે આપવી તે વિચાર્યું. આ જ સમય બરાબર છે તેમ વિચારી, રામ કથાનું વર્ણન કરવા લાગી ગયા.

**અશોકવાટિકાના વૃક્ષોનાં ફળ ખાધાં, વૃક્ષો ઉખેડી નાખ્યાં. યોદ્ધાઓને મારવા લાગ્યા. આ સમાચાર લંકા નરેશ રાવણને પહોંચ્યા. સૈન્ય મોકલેલ સેનાના યોદ્ધાઓને પણ મારી નાખ્યા. રાવણનો પુત્ર કુમાર અક્ષયકુમાર આવ્યો. તેને પણ મારી નાખ્યો. રાવણ વધુ ખિજાયો. બળવાન પુત્ર મેઘનાદને મોકલ્યો. યુદ્ધમાં મેઘનાદે હનુમાનજી મુર્છિત અવસ્થામાં હોઈ, નાગપાશથી બાંધી દીધા. હનુમાનજીને રાવણની સભામાં લાવ્યા. રાવણ તેની વિગતો પૂછતાં જણાવે છે કે "હું શ્રી રામનો દૂત છું. ભૂખ લાગવાથી વાટિકામાંથી ફળ ખાધાં.**

સીતાજી વિરહમાં છે, સ્વપ્ન કે ભ્રાન્તિ છે તેવું વિચારે છે બોલે છે :

***સ દૃશ્યતાં મહાભાગઃ પ્રિયવાદી મમાગ્રતઃ ।***

જેમણે મારા કાનોને અમૃત સમાન પ્રિય લાગનારા વચન સંભળાવ્યા તે પ્રિયભાષી મહાભાગ મારી સામે પ્રગટ થાય.

(અધ્યાત્મ રામાયણ ૫-૩-૧૮)

બુદ્ધિમત્તાં વરિષ્ઠ- શ્રી હનુમાનજી સીતાજીની સમક્ષ હાજર થવાની તક-સમય જોઈને જ બેઠા હતા. સીતાજીના વચનો સાંભળી - (મને લાગે છે કે સીતાજીની આજ્ઞાની રાહ જોઈને બેઠા હશે ?) સીતા આજ્ઞા થતાં રામ સેવક હનુમાનજી પ્રગટ થયા. સીતાજી પાસે ગયા, સીતાજીને કહે છે કે - "હું મન, વચન કર્મથી કૃપા સાગર શ્રી રામચંદ્રજીનો દાસ છું. સીતાજી ખુશ થયાં. સીતાજી પ્રભુરામની કુશળતા પૂછે છે. રામકૃપાળુ હોવા છતાં મારી સાથે આવા નિષ્ઠુર-દયા વગરના કેમ થયા ?"

હનુમાનજી વિનયયુક્ત વચનો બોલે છે કહે છે કે "પ્રભુ રામ, નાનાભાઈ સહિત કુશળ છે. છતાં આપનાં દુઃખે દુઃખી છે. રામચંદ્રજીનો આપના તરફનો પ્રેમ આપનાથી બમણો છે."

રામજીનો સંદેશ સીતાજીને આપે છે. રામના શબ્દો વર્ણવે છે.

*"તત્ત્વપ્રેમ કર મમ અરુ મોરા ।*
*જાનત પ્રિયા એક એકુ મનુ મોરા"(સું-૬)*

હે, પ્રિય મારા અને તારા પ્રેમનું તત્ત્વ એક મારું મન જ જાણે છે.

હનુમાને તેમના આશીર્વાદ લીધા સાથે અશોક વાટિકાના ફળ ખાવાની અનુમતિ-આજ્ઞા પણ લીધી. (આ છે સેવક ધર્મ-રામ ભક્ત હનુમાનજીનો)

અશોકવાટિકાના વૃક્ષોનાં ફળ ખાધાં, વૃક્ષો ઉખેડી

નાખ્યાં. યોદ્ધાઓને મારવા લાગ્યા. આ સમાચાર લંકા નરેશ રાવણને પહોંચ્યા. સૈન્ય મોકલેલ સેનાના યોદ્ધાઓને પણ મારી નાખ્યા. રાવણનો પુત્ર કુમાર અક્ષયકુમાર આવ્યો. તેને પણ મારી નાખ્યો. રાવણ વધુ ખિજાયો. બળવાન પુત્ર મેઘનાદને મોકલ્યો. યુદ્ધમાં મેઘનાદે હનુમાનજી મુર્છિત અવસ્થામાં હોઈ, નાગપાશથી બાંધી દીધા. હનુમાનજીને રાવણની સભામાં લાવ્યા. રાવણ તેની વિગતો પૂછતાં જણાવે છે કે "હું શ્રી રામનો દૂત છું. ભૂખ લાગવાથી વાટિકામાંથી ફળ ખાધાં. હું પ્રભુ કાર્ય કરવા આવ્યો હોઈ, મને લાજ કે શરમ નથી હે રાવણ, "તું અભિમાન છોડી, સીતાજીને પાછાં સોંપી દે" રાવણનું અપમાન થતાં રાક્ષસોને હનુમાનને મારી નાખવા આજ્ઞા કરી. આવા સમયે રાવણનો નાનો ભાઈ વિભિષણ સભામાં આવ્યો અને હનુમાનને બીજી કોઈ શિક્ષા કરવા બતાવ્યું. રાવણને હનુમાનજીના અંગભંગ કરવા જણાવ્યું. તેમના પુંછડા ઉપર તેલ, તેલવાળું કપડું બાંધી અગ્નિ લગાડવા કહ્યું."

**અશોકવાટિકાના વૃક્ષોનાં ફળ ખાધાં, વૃક્ષો ઉખેડી નાખ્યાં. યોદ્ધાઓને મારવા લાગ્યા. આ સમાચાર લંકા નરેશ રાવણને પહોંચ્યા. સૈન્ય મોકલેલ સેનાના યોદ્ધાઓને પણ મારી નાખ્યા. રાવણનો પુત્ર કુમાર અક્ષયકુમાર આવ્યો. તેને પણ મારી નાખ્યો. રાવણ વધુ ખિજાયો. બળવાન પુત્ર મેઘનાદને મોકલ્યો. યુદ્ધમાં મેઘનાદે હનુમાનજી મુર્છિત અવસ્થામાં હોઈ, નાગપાશથી બાંધી દીધા. હનુમાનજીને રાવણની સભામાં લાવ્યા.**

હનુમાનજીને ગમતું હતું તે જ થયું. હનુમાનજીએ દોડીને સમગ્ર લંકા સળગાવી. વિભિષણનું ઘર બચી ગયું. નગરવાસી રાક્ષસો બૂમાબૂમ કરવા લાગ્યા. સર્વત્ર હાહાકાર વર્તાઈ ગયો. હનુમાનજી સમુદ્રમાં કુદી પડ્યા. અગ્નિ શાન્ત થયો.

હનુમાનજી સીતાજી પાસે આવી વિદાય માગે છે. હનુમાન કહે છે કે આપ મને કોઈ ચિન્હરૂપનિશાની આપો.

*"ચુડામની ઉતારી તબ દયઉ,*
*હરષ સમેત પવન સુત લયઉ."*

(સુંદરકાંડ ચોપાઈ ૧-૨)

સીતાજી પોતાની વ્યથા જણાવે છે અને હનુમાન સાથે સંદેશો મોકલે છે :-

*માસ દિવસ મહું નાથુ ન આવા*
*તૌ પુનિ મોહિ જીઅત નહીં પાવા*

(સુંદરકાંડ)

જો એક મહિનામાં નાથ, નહીં આવો તો મને જીવતી નહિ પામો" હનુમાન સીતાજીને સાંત્વના આપી વંદન કરી શ્રી રામ પાસે જવા નીકળ્યા.

હનુમાનજીને જોતાં સૌ વાનરો ખુશ થયા. મધુવનમાં મધ અને ફળ ખાધાં.

સમસ્ત વાનરો હનુમાનજી સાથે કિષ્કિન્ધા પહોંચ્યા. સુગ્રીવ આવ્યા. બધા શ્રી રામ પાસે આવ્યા. જાબંવાને હનુમાનજીના કાર્યને બિરદાવ્યું. હનુમાનજીએ શ્રીરામના ચરણોમાં વંદન કર્યાં.

સર્વ સમાચાર આપી સીતાજીએ આપેલ "ચુડામણી" રામને આપી. સર્વ સમાચાર સાંભળી શ્રી રામ ઘણા ખુશ થયા.

રામે હનુમાનને હૃદય સરસા ચાંપ્યા.

દોહા :

*સુનિ પ્રભુ બચની બિલોકી, મુખ ગાત હર્ષિ હનુમંત*
*ચરન પરે કે પ્રેમાકુલ, ત્રાહિ ત્રાહિ ભગવંત.*

(સુંદરકાંડ - દોહા- ૩૨)

પ્રભુનાં વચનો સાંભળી હનુમાનજી હર્ષિત થયા અને બોલ્યા, "હે ભગવાન, રક્ષા કરો, રક્ષા કરો." એમ બોલતાં ચરણોમાં પડ્યા. હનુમાન કહે છે, હે રામજી! આ બધો પ્રતાપ તમારો છે. હનુમાને શ્રી રામ પાસે તેમની અત્યંત સુખ આપનારી ભક્તિ માગી. રામે આપી. હનુમાનજીએ સેવકની પૂરી ફરજ બજાવી. શ્રી રામે સ્વામી તરીકેની ફરજ બજાવી. સૌને ફરજ (ડ્યુટી) બજાવવા સંકેત કર્યો છે.

*પ્લોટ નં. ૪૩૬-બી-૨, ગીતાંજલી પાર્ક,*
*સેક્ટર-૮-બી, ગાંધીનગર*
*મો. ૯૪૨૭૬૦૦૩૧૬*

# મૌર્યકાળનું ઘાતક શસ્ત્ર : વિષકન્યાઓ

– ડૉ. ટીના દોશી

**'એ**નું એટલું બધું અવર્ણનીય રૂપ હતું કે નવાઈ પામી જવાય. જો સ્ત્રી હોય તો એ આ પૃથ્વીની ન હોય. કોઈ આકાશમાંથી એ ઊતરી આવી હોય તો આ રૂપ હોઈ શકે. એ રૂપનારીના ચહેરા ઉપર એટલી બધી મોહક રમણીયતા છવાઈ ગઈ હતી કે માણસની એક વખત ત્યાં ગયેલી દૃષ્ટિ, પછી પાછી જ ન ફરી શકે. એ દૃષ્ટિ મોકલનારું મન મૂર્છામાં પડી ગયું હોય તેમ માણસની દૃષ્ટિ ગઈ તે ગઈ. એ ગઈ તે પાછી વળી શકે જ નહીં. એટલી બધી અવશતા એ રૂપ જોતાં વ્યાપી જાય. એ સ્ત્રીના રમણીય લાલિત્યમાં બીજી એક નવીન વસ્તુ હતી તે એની કાંતિ. એનું રૂપલાલિત્ય પણ ગૌણ થઈ જાય- એવી એના ચહેરાની કાંતિ હતી. જાણે એ કાંતિ, પ્રકાશમાં ઝબકાર મારતી જણાતી હતી. સેંકડો વિષધરોની તેજસ્વી, નીલી, ભયંકર પ્રકાશિત આંખો, જાણે ત્યાં બેઠી હોય તેમ એના ચહેરામાંથી કાંતિ, કાંતિ, કાંતિ ઝબકારા મારતી આવી રહી હતી. તેજ લખલખી રહ્યું હતું !'

ના... આ નિરૂપણ કોઈ સૌંદર્ય સમ્રાજ્ઞીનું નથી. આ તો વિષકન્યાનું વર્ણન છે. આ પ્રકારની વિષકન્યાનો સૌ પ્રથમ ઉલ્લેખ મૌર્યકાળમાં થયો છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વિષકન્યાનો પ્રયોગ થયાનો ઉલ્લેખ છે. વિષકન્યા એટલે વિષરૂપા કે વિષમયી કન્યા. મહાકવિ વિશાખદત્તે રચેલા 'મુદ્રારાક્ષસમ્'ની ટિપ્પણીમાં ડૉ. વિજય પંડ્યાએ નોંધ્યું છે કે, સુંદર કન્યાને થોડું થોડું વિષ આપવામાં આવતું જેથી તેની સાથે શારીરિક સંપર્ક કરનારને ઘાતક નીવડે. આવી કન્યા તે વિષકન્યા.

**આ નિરૂપણ કોઈ સૌંદર્ય સમ્રાજ્ઞીનું નથી. આ તો વિષકન્યાનું વર્ણન છે. આ પ્રકારની વિષકન્યાનો સૌ પ્રથમ ઉલ્લેખ મૌર્યકાળમાં થયો છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વિષકન્યાનો પ્રયોગ થયાનો ઉલ્લેખ છે. વિષકન્યા એટલે વિષરૂપા કે વિષમયી કન્યા. મહાકવિ વિશાખદત્તે રચેલા 'મુદ્રારાક્ષસમ્'ની ટિપ્પણીમાં ડો. વિજય પંડ્યાએ નોંધ્યું છે કે, સુંદર કન્યાને થોડું થોડું વિષ આપવામાં આવતું.**

આ પ્રકારની વિષકન્યાનો ઉછેર જેવી તેવી વસ્તુ ન હતી. વિષકન્યા કાંઈ બેચાર દિવસમાં તૈયાર થતી ન હતી. એને તૈયાર કરતાં તો વર્ષોનાં વર્ષો વીતી જતાં. વિષકન્યા તૈયાર કરવાની એ પ્રક્રિયા અંગે 'મહાઅમાત્ય ચાણક્ય'માં મૌર્યકાળનો અધિકૃત ઈતિહાસ લખનાર ધૂમકેતુએ નોંધ્યું છે કે, 'જન્મથી જ જ્યારે માતાના દૂધ સાથે અતિશય અલ્પ પ્રમાણમાં ભયંકર શૌકિલકેય ઝેર-સોમલનું પાન કરવામાં આવે, ત્યારે વિષકન્યાઓ તૈયાર થતી. વય સાથે એ પ્રમાણ વધતું જતું. બરાબર તૈયાર કરવા માટે એને વિષધરના કાતિલ ઝેરની પણ દોસ્તી કરવી પડતી. અમૃત સાગર સમા એના મોહક સ્મિતમાં ઝેરબિંદુ ત્યાંથી આવતાં હળાહળ ઝેરમાંથી ઊભી થયેલી વિષકન્યા એ વર્ષોની મહેનતનો પરિપાક હતો.'

આ વર્ષો દરમિયાન વિષકન્યાને તાલીમ આપવા જે સામગ્રીનો ઉપયોગ થતો તેમાં ઝેરી પુષ્પોની હવાનો સમાવેશ પણ થતો. તે અંગે 'ચંદ્રગુપ્ત મૌર્ય'માં ધૂમકેતુએ આ શબ્દો ટાંક્યા છે. :

'રંગરંગીન પણ કાળા ભમ્મર ધતુરાના મહા ઝેરી પુષ્પોની હવા, ઘણી વખત વિષકન્યાને આપવામાં આવતી. ને એનું વિષ-આશુ તત્કાળ અસર કરનારું થઈ જતું. વિષકન્યાને નિત્ય નિત્ય અપાતી આવી પુષ્પોની મત્ત સુગંધ ભરી ઝેરી હવા, એ એના શબ્દોની હવાને પણ એ જ સુગંધી, અને એ જ ઝેર આપી દેતી! એવી સુંદરી બોલે તો એ શબ્દો જાણે સુગંધ સુગંધ ભર્યા આવે. પણ એ શબ્દો એટલી ઝેરી હવા ફેલાવે કે દૃષ્ટિવિષ નાગિણી માફક, એવી વિષકન્યા શબ્દવિષ બની રહે. શબ્દ બોલે, ને ઝેરી હવા વહે. એ શબ્દ લાગે અત્યંત મધુર. પોતાની અનોખી મધુરતા ભરીને કંઠમાંથી આવે, ને જાણે શરીરને સ્પર્શીને એને નિદ્રા હીંચોળે હીંચોળે. શું એ શબ્દની અમૃતકુંભ સમી મીઠાશ હોય ? સાંભળનાર એ શબ્દ-સ્વર ફરી ફરીને સાંભળવા ઈચ્છે. પણ હસતી, રમાડતી, સ્મિત કરતી, કેવળ મધુર શબ્દોના વિષથી જ એવી વિષાંગના, મૃત્યુ ઊભું કરી દે !'

એક એવી જ વિષકન્યા મહાઅમાત્ય ચાણક્યે જોઈ. તાલીમની તમામ પ્રક્રિયામાંથી પસાર થઈ ચૂકેલી એ વિષકન્યાને, ધૂમકેતુએ, ચાણક્યની નજરે, આ શબ્દોમાં

આલેખી છે.

એ સ્ત્રી પોતાની હથેળીમાં એક નીલો મણિ ધારી રહી હતી. એને એ જોઈ રહી હતી. એની હથેળીમાં મણિ ઉપર દીપકનો પ્રકાશ પડતો હતો. એક અજબ દૃશ્ય ખડું થતું હતું. આચાર્ય એ જોઈ રહ્યા. એ નીલમણિમાંથી આછો સુંદર નીલો તેજપ્રવાહ એની હથેળીમાં વહી રહેલો જણાતો હતો ! નંગ ઘણું અમૂલ્ય જણાયું. એની શોભા ખરેખર અવર્ણનીય હતી. એમ જ લાગે કે પ્રકાશનું એક નાનું સુંદર ઝરણું, જાણે એ રૂપભરી હથેળીમાં થઈને વહી રહ્યું છે પણ કોણ જાણે કેમ, આચાર્યને એ નીલા તેજમાં નીલા ઝેરનો પ્રવાહ જાણે વહી રહેલો જણાતો હતો ! જેમ પેલા નીલમાંથી નીલો આકર્ષક પણ ભયંકર જણાતો તેજપ્રવાહ વહી રહ્યો હતો, બરાબર એવો જ પ્રવાહ, એના ચહેરામાંથી નીકળી રહેલો લાગે ! ઘડીભર તો એમ જ થાય કે જાણે, એ સ્ત્રીને દેહ નથી. કેવળ એના દેહનું નીલું કાચ સુંદર તેજ વહી રહ્યું છે, ને એ તેજમાંથી જ એની રૂપભરી દેહ પ્રગટી છે!'

જેવો દેહ એવું ઝેરીલું સ્મિત પણ હતું એ વિષકન્યાનુ. એ સ્મિતમાં એવી કાતિલ, ભયંકર, મોહક આકર્ષતા હતી, કે એના પ્રમાણમાં એની બીજી બધી મોહિની, જાણે કાંઈ હિસાબની જ રહેતી ન હતી. એ સ્મિત અનોખું જ હતું. એ સ્મિતમાં એક ખૂબી હતી. એ સ્થિર હતું. જાણે કે એ મનતરંગમાંથી જન્મ્યું ન હોય - પણ આ સ્ત્રીની સાથે જન્મ્યું હોય ! એ સ્મિત લઈને જ એ આ પૃથ્વી ઉપર આવી હોય, એટલું બધું એ ત્યાં સ્થિર, આકર્ષક, મોહક રીતે બેઠું હતું. અને એ મીઠા, મોહક, મૌનભર્યા મધુર સ્મિતમાં, એ બે જરાક જ રમ્ય વળાંક લેતાં એના ઓષ્ઠમાં- હજારો વિષધરોનું કાતિલ ઝેર બેઠું હતું. પણ જોનારને તો લાગે કે એક અમૃતબિંદુ પ્રગટેલું છે, પણ એવું અમૃતબિંદુ હતું કે એમાં હલાહલના મહાસાગરો સમાઈ ગયા હતા. એનું એ સ્થિર થઈ ગયેલું સ્મિત સ્પષ્ટપણે દર્શાવે છે કે, કોઈ સ્ત્રીનું સ્મિત નથી. ભયંકર નાગણીઓના કાળકૂટ ઝેરમાંથી એણે મંથન કરી કરીને આ સ્મિત મેળવ્યું હોય, તો જ એ એવું હોય !

આ વિષકન્યાને વૈશાલી નગરીના પંડિત આર્યમિશ્રે મગધના મહામંત્રી શકરાલના કહેવાથી તૈયાર કરી હતી. વિષકન્યાનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરીને, મગધપતિ નંદરાજને હણવા માટે. આ યોજના પાર પાડવા માટે એક ઉત્સવની આડમાં, વિષકન્યાને વૈશાલીની નર્તિકાના રૂપમાં મગધ લવાઈ. પણ યોજના અમલમાં મૂકી શકાય એ પહેલાં, નંદરાજને અત્યંત વફાદાર એવો મગધનો મંત્રી રાક્ષસ વિષકન્યા વિશે જાણી ગયો. અને અનાયાસ જ વિષકન્યા રાક્ષસની સામે આવીને ઊભી રહી ગઈ. એ વખતે એનો અવાજ સાંભળીને રાક્ષસે કેવી અનુભૂતિ કરી તેનું વર્ણન ધૂમકેતુએ આ શબ્દોમાં કર્યું છે :

રાક્ષસ અમાત્ય એના અક્ષરે અક્ષરમાંથી ઊઠતા, અવશ બનાવી દે તેવા સ્વરભારને સાંભળી રહ્યો. એ ત્યાં ઊભી હતી. સીધા પાતળા સોટાની જેમ, કોઈ તેજસ્વી ડંખીલી નાગિણી જાણે પૂંછડીથી સામે આવીને સીધી ઊભી રહી ગઈ હોય એવી એ જણાતી હતી. એની આસપાસની હવામાં પણ જાણે માણસને ખેંચી લેવાની શક્તિ હોય તેમ હવાના કણકણમાંથી પણ એના વિલાસભર્યા અવાજભારનો હજી પડઘો ઊઠતો હતો. એ નારીના મોંમાંથી આવતો શબ્દેશબ્દ, એટલો મોહક બનીને આવી રહ્યો હતો, એના અક્ષરે અક્ષરમાં વહેંચાતો સ્વરભાર એટલો આકર્ષક હતો કે જાણે એ એટલે દૂર ઊભી ઊભી માત્ર શબ્દો વડે, માણસને પ્રેમમાં દીવાનો બનાવી દે, તેવો પ્યાલો આપી દેવાની શક્તિ ધરાવતી હતી. એ ખરેખર મોહિની હતી અને એથી પણ કાંઈક વધુ હતી. એના શબ્દો એટલા બધા કોમળ બનીને આવી રહ્યા હતા કે, જાણે રાક્ષસના અંગેઅંગને નારીદેહનો સ્પર્શ આપતાં હોય તેમ સ્પર્શીને ચાલ્યા ગયા ! શબ્દો સ્પર્શ કરી રહ્યા હતા ! રાક્ષસને ભ્રમ થયો કે એટલે દૂરથી પણ આ નારી પોતાને આલિંગી શકે છે કે શું ?

**આ સ્ત્રી, વિષકન્યા નામનું ભયંકર શસ્ત્ર હતી એ રાક્ષસને સમજાઈ ગયું. રાક્ષસે એ વિષકન્યાને બંધનાગારમાં ધકેલી દીધી. અને એ જ વિષકન્યા થકી ચંદ્રગુપ્ત મૌર્યને હણવાનું કાવતરું કર્યું. ચંદ્રગુપ્તના રાજ્યાભિષેકના પ્રસંગે યોજાયેલા ઉત્સવની ઓથ લઈને રાક્ષસે પોતાની યોજના અમલમાં મૂકી. એ યોજના અનુસાર વૈશાલીની વિખ્યાત નર્તિકા આંદોલિકાના રૂપમાં એક સોનેરી શિબિકામાં આવી પહોંચી**

આ સ્ત્રી, વિષકન્યા નામનું ભયંકર શસ્ત્ર હતી એ રાક્ષસને સમજાઈ ગયું. રાક્ષસે એ વિષકન્યાને બંધનાગારમાં ધકેલી દીધી. અને એ જ વિષકન્યા થકી ચંદ્રગુપ્ત મૌર્યને હણવાનું કાવતરું કર્યું. ચંદ્રગુપ્તના રાજ્યાભિષેકના પ્રસંગે યોજાયેલા ઉત્સવની ઓથ લઈને રાક્ષસે પોતાની યોજના અમલમાં મૂકી. એ યોજના અનુસાર વૈશાલીની વિખ્યાત

નર્તિકા આંદોલિકાના રૂપમાં એક સોનેરી શિબિકામાં આવી પહોંચી. તેને લઈને આવેલાઓએ કહ્યું : 'નર્તિકા આંદોલિકા શિબિકામાંથી નીચે નહીં ઊતરે. કારણ કે એમની એક પ્રતિજ્ઞા છે. એ પ્રતિજ્ઞા એમની પણ નથી. એમને તો એ પ્રતિજ્ઞા સપ્તવંશવારસાથી મળતી આવી છે. એમના નૃત્યવંશનો એક કુલાચાર છે. એ નૃત્ય પહેલું હંમેશાં મુખ્ય પ્રધાન પુરુષને બતાવે છે. ત્યાર પછી જ એ રાજસભા-પ્રવેશ કરે. આ એમનો કુલાચાર છે. એટલે એમનું પહેલું નૃત્ય મહારાજ જોઈ શકશે. પછી સભાજનો.!'

રાક્ષસની યોજના પ્રમાણે જ ષડયંત્ર આગળ વધી રહ્યું હતું. પ્રતિજ્ઞાના નામે આંદોલિકાને ચંદ્રગુપ્તના મહાલયમાં લઈ જવામાં આવી. તેના અવગુંઠનમાંથી પણ એનું અદ્‌ભુત મનોહારી રૂપ છાનું રહેતું ન હતું. એના ચરણ જ્યાં પડતાં હતા, ત્યાં પૃથ્વી રૂપાળી બની જતી હતી. એને જોતાવેંત ચાણક્ય ઓળખી ગયો કે આ તો પેલી ભયંકર વિષકન્યા છે !

ચાણક્યને પળવારમાં ખ્યાલ આવી ગયો કે આ તો રાક્ષસ મંત્રીનું જ કાવતરું. જરૂર એણે ચંદ્રગુપ્તને હણવા માટે આ વિષકન્યા મોકલી છે ! ચાણક્યે રાક્ષસની ચાલ ઊંધી વાળી દીધી. ચંદ્રગુપ્તને મહેલમાંથી બહાર મોકલી દીધો અને એના ખંડમાં પર્વતક મલયકેતુને ગોઠવી દીધો. આ અદલબદલથી અજાણ એવી વિષકન્યા ચંદ્રગુપ્તના ખંડમાં મલયકેતુ સમક્ષ આવીને ઊભી.

**ચાણક્યને પળવારમાં ખ્યાલ આવી ગયો કે આ તો રાક્ષસ મંત્રીનું જ કાવતરું. જરૂર એણે ચંદ્રગુપ્તને હણવા માટે આ વિષકન્યા મોકલી છે ! ચાણક્યે રાક્ષસની ચાલ ઊંધી વાળી દીધી. ચંદ્રગુપ્તને મહેલમાંથી બહાર મોકલી દીધો અને એના ખંડમાં પર્વતક મલયકેતુને ગોઠવી દીધો. આ અદલબદલથી અજાણ એવી વિષકન્યા ચંદ્રગુપ્તના ખંડમાં મલયકેતુ સમક્ષ આવીને ઊભી**

એનું એટલું તો કાતિલ રૂપ ત્યાં રેલાઈ રહ્યું હતું કે, મલયકેતુ પોતે જે જુએ છે તે સત્ય છે કે ભ્રમણા છે, એ કાંઈ જાણે સમજી જ ન શક્તો હોય તેમ, કેવળ એના તરફ જોઈ જ રહ્યો હતો ! જાણે ત્યાં ચારે તરફ એનું રૂપ અને રૂપ ઢોળાઈ રહ્યું હોય તેમ, આખો પ્રધાનખંડ એમાં નાહી રહ્યો હતો. અને મલયકેતુ અવશપણે એમાં તણાતો હતો.

સેંકડો દીપકો ત્યાં જલી રહ્યા હતા. પણ એ બધા દીપકો આ નારીના રૂપરાશિ પાસે ઝાંખા પડી જતા હતા. એની આંખમાંથી વીજળીનો પ્રવાહ વહેતો હતો. એના અંગઅંગમાંથી લાવણ્યની સરિતા જાણે ચાલી રહી હતી. કોઈ એને કોઈ વાતની ના ન પાડી શકે, એટલું બધું આકર્ષણ એની આંખમાં બેઠું હતું. ચારે તરફના કૃત્રિમ રચાયેલા સુંદર જળપ્રવાહો, રંગપ્રવાહો , હંસયુગલ, તેમના સુંદર કલરવો-પ્રધાનખંડની તમામે તમામ રમણીયતા આ એક નારી આંહી ઊભી રહેતાં, જાણે અર્થહીન બની જતાં હતાં.

મહારાજ મલયકેતુ હજી પણ સમજ્યા ન હતા કે આ નારી છે, અપ્સરા છે કે સ્વર્ગની કોઈ અંગના છે કે શું? ભયંકર, મોહક, આકર્ષક, એક સ્મિત વેરતી આંદોલિકા ત્યાં ઊભી હતી. તે બે પગલાં સામે ચાલી અને તરત એના ચરણમાંનાં નુપૂરની સોનેરી કિંકિણીઓ નૃત્ય કરી રહી.

અને બીજે દિવસે સમાચાર પ્રસરી ગયા કે રાક્ષસ મંત્રીએ પર્વતરાજ મલયકેતુને વિષકન્યા દ્વારા હણી નાંખ્યો. વિશાખદત્તે પણ મુદ્રારાક્ષસમ્‌માં રાક્ષસે પર્વતક મલયકેતુને વિષકન્યાથી હણ્યાનું નોંધ્યું છે. જોકે રાક્ષસ એ બાબતનો સતત ઈનકાર કરતો રહ્યો, પણ પોતે ચંદ્રગુપ્તના મૃત્યુ માટે વિષકન્યા તૈયાર કરી હોવાનું એ કહી શકે એમ નહોતો. એ વિષકન્યા અંગે 'પ્રાચીન ભારતમાં ગુપ્તચર સેવાઓ'માં ડૉ. સત્યદેવ ત્રિવેદીએ નોંધ્યું છે કે, 'મુદ્રાક્ષસમ્ નાટકની વિષકન્યા પ્રાણઘાતક પ્રબળ વિષનું નિયમિત નિરંતર સેવન કરીને તૈયાર થયેલી વિષકન્યા હતી. વિશાખદત્તના નિરૂપણ પ્રમાણે આવી વિષકન્યા ઘાતક નાગની જેમ એક જ વાર વિષની અસર કરી શકે. એકવાર એ વિષ પ્રથમ વારના આલિંગનમાં વપરાઈ જાય પછી તેની ભયંકરતા રહેતી નથી. '

એટલે જ, આ એક જ પ્રકારની વિષકન્યા ઉપલબ્ધ હોવાનું દુઃખ વ્યક્ત કરતાં નંદરાજના અમાત્ય રાક્ષસે કહેલું કે, 'હંમેશાં આમ જ બને છે. ભાગ્ય સદૈવ ક્રૂર ચંદ્રગુપ્તને જ ફળે છે. તેથી નિશ્ચિત રીતે હત્યા કરવા હું વિષકન્યા મોકલું છું અને તે હથિયાર તેના એક હરીફની હત્યા કરવા માટે વપરાય છે. જે અડધું સામ્રાજ્ય પડાવી લેવા સમર્થ થયો હતો. મારાં બધાં જ શસ્ત્રો, વિષ કે વ્યૂહો બધું ચંદ્રગુપ્ત સામે નિષ્ફળ જાય છે અને મારા મિત્રો તથા સેવકો સામે જ તેનો ઉપયોગ થાય છે જેથી હું ગમે તે ષડયંત્રણા કરું તેનાથી તેને અણધાર્યો લાભ પ્રાપ્ત થાય છે. જે વિષકન્યા દ્વારા હું ચંદ્રગુપ્તની હત્યા કરવા

ઈચ્છતો હતો તેણે પર્વતેશ્વર મલયકેતુની હત્યા કરી, કારણ ચાણક્ય તેના પ્રાણ લેવા તરસ્યો હતો.'

ચાણક્યની એ રાજનીતિ હતી. જે વિષકન્યાથી રાક્ષસ ચંદ્રગુપ્તને હણવા માગતો હતો, તે જ વિષકન્યાથી ચાણક્યે મલયકેતુ નામનો કાંટો દૂર કર્યો. ચાણક્ય આ કાર્ય એટલા માટે કરી શક્યો કે એ પોતે વિષકન્યા અંગે ખાસ્સું જ્ઞાન ધરાવતો. એ વિષકન્યાના વિષને કઈ રીતે નષ્ટ કરવું એની રીત પણ જાણતો. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં એ અંગે જણાવે છે કે, 'શ્લેષ્માન્તક-માલકાંકણી-ઘોડાવજ, કપિત્થ, દંતી-નેપાળો, દંતશઠ-લાંબા લીંબુ, ગોબી, શિરીષ-સરસડો, કાળી પાટલ, બલા, સ્યોનાક, પુનર્નવા, મદિરા અને વાયવરણ વૃક્ષની ત્વચા લઈને આ સર્વનો કાઢો-ઉકાળો બનાવવો. ત્યારબાદ ચંદન અને શિયાળવીનું રક્ત મેળવીને તેનાથી તેજન ઉદક બનાવી લેવું.

આ ઉપાય માત્ર એવી વિષકન્યાઓ માટે કારગત નીવડતો જેના ગુપ્ત અંગમાં વિષ લગાડ્યું હોય. વિષની અસર નષ્ટ થવાથી તે વિષકન્યા નામનું શસ્ત્ર નકામું થઈ જતું. પરંતુ વિષકન્યાઓ અન્ય પ્રકારની પણ હતી. આ બીજા પ્રકારની વિષકન્યા ગુપ્તચર તરીકે કામ કરતી. તે જુદી જુદી રીતે વિષનો પ્રયોગ કરીને શત્રુ રાજાને તથા તેના સૈન્યને મોતને ઘાટ ઉતારતી. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં કહે છે કે, 'સામાન્ય લોકો માટે પ્રતિબંધિત હોય તેવા સ્થાનમાં સૂતેલા શત્રુ રાજા પર ગુપ્તચર સ્ત્રીઓએ સર્પ, વિષ તથા ઝેરી ધુમાડાનો ગુપ્ત રીતે પ્રયોગ કરીને તેને મારી નાખવો.'

**બીજા પ્રકારની વિષકન્યા ગુપ્તચર તરીકે કામ કરતી. તે જુદી જુદી રીતે વિષનો પ્રયોગ કરીને શત્રુ રાજાને તથા તેના સૈન્યને મોતને ઘાટ ઉતારતી. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં કહે છે કે, 'સામાન્ય લોકો માટે પ્રતિબંધિત હોય તેવા સ્થાનમાં સૂતેલા શત્રુ રાજા પર ગુપ્તચર સ્ત્રીઓએ સર્પ, વિષ તથા ઝેરી ધુમાડાનો ગુપ્ત રીતે પ્રયોગ કરીને તેને મારી નાખવો'**

શત્રુ રાજાની જેમ જ તેના સૈન્યનો ખાત્મો બોલાવવા માટે પણ વિષપ્રયોગ કરવાનું સૂચન અર્થશાસ્ત્રમાં કરાયું છે. એ વિશે કૌટિલ્ય કહે છે કે, 'ગુપ્તચર સ્ત્રીઓ તથા બાળકોએ, મદિરા, દૂધ, દહીં, ઘી, તેલ અને અન્ય સામગ્રી તેના વેચનારાઓ પાસેથી પોતાનાં ઝેરથી લેપાયેલાં પાત્રોમાં લઈ લેવી. પછી તે તે સામગ્રીના ભાવ ઘટાડવાની અને ઓછા ભાવે જ તે વસ્તુઓ વેચાતી આપવા માટે વેપારીઓ પાસે માંગણી કરવી. વેપારીઓ કિંમત ઘટાડવાનો ઈનકાર કરે ત્યારે નારાજ થવાનો દેખાવ કરીને તે સ્ત્રીઓ અને બાળકોએ પોતાનાં પાત્રોમાં લીધેલા પદાર્થો તે વેપારીઓનાં પાત્રોમાં પાછા ઠાલવી દેવા. આથી તે વેપારીઓની સામગ્રી વિષયુક્ત થઈ જશે. શત્રુના સૈનિકો તે પદાર્થો વેપારીઓ પાસેથી ખરીદીને ખાશે ત્યારે તેઓ મરણ પામશે.'

આ પ્રકારની જુદી જુદી કાર્યપદ્ધતિનો આધાર લઈને ડૉ. સત્યદેવ ત્રિવેદીએ વિષકન્યાને ચાર ભાગમાં વિભાજિત કરી છે, જે આ પ્રમાણે છે :

એક એવી સુંદરી, જેનું શરીર ધીરે ધીરે ખવડાવવામાં આવેલા વિષની માત્રાથી પૂરેપૂરી રીતે રોમે રોમ વિષમય થઈ ગયેલું હોય અને જે તેની સાથે સંપર્કમાં આવનાર કોઈપણ વ્યક્તિ ઉપર પોતાના વિષનો પ્રભાવ પાડવા સમર્થ હોય, એક એવી સ્ત્રી જે છદ્મવેશથી કોઈપણ વ્યક્તિનું હૃદય જીતી શકે અને પછી તેના ભોજન અથવા પીણામાં વિષ ભેળવી શકે, એવી કન્યા જે એક કે બીજી રીતે એટલી હદે વિષમય થઈ ગઈ હોય અથવા એવી ઘાતક બીમારીથી પીડાતી હોય કે જે કોઈ તેની સાથે સંપર્કમાં આવે તેના પ્રત્યે આ વિષ અથવા તેના ઘાતક રોગનું સંવાહન કરી શકે અને અંતે એવી વિષકન્યા જેનો જન્મ અશુભ ગ્રહોની કુંડળીમાં થયો હોય તથા તેની સાથે સંપર્ક કરનાર પુરુષનું તરત મૃત્યુ થાય.

અહીં સુધી વાંચ્યા, સાંભળ્યા પછી એટલું જરૂર કહી શકાય કે, વિષકન્યાનાં રૂપ અને પ્રકાર ભલે અનેક હોય, તેનો સંગ કરનારનો અંત તો નિશ્ચિતપણે એક જ હતો : મૃત્યુ !

*૧૦૩, નેહદીપ એવન્યુ, પ્રિયદર્શિની ટાવર પાસે*
*જજીસ બંગલો, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫*
*મો. ૦૯૮૯૮૦૭૦૨૦૫*

